દિગમ્બરોનો એક મત છે. એટલે ભગવાન વાસુપૂજ્ય વગેરે પાંચ તીર્થંકરોને ખાસ બ્રહ્મચારી કે ખાસ વિવાહિત માનવાથી અમુક સાંપ્રદાયિક માન્યતાનું પોષણ થાય છે એ વાત પણ અહીં નથી. છતાંય આપણે જોઈએ છીએ તેમ ત્રણ તીર્થંકરોના વિવાહ માટે બન્ને સંપ્રદાયોમાં મતભેદ છે. તે આ પ્રમાણે છે:

૧–શ્વેતામ્બરો ભ. મલ્લિનાથ અને ભ. નેમનાથને બાળબ્રહ્મચારી માને છે. અને તે સિવાયના બાવીશ તીર્થંકરોને વિવાહિત યાને ગૃહસ્થી માને છે.

૨–દિગમ્બરો ભ. વાસુપૂજ્ય, ભ. મલ્લિનાથ, ભ. નેમનાથ, ભ. પાર્શ્વનાથ અને ભ. મહાવીરસ્વામી એ પાંચ તીર્થંકરોને બ્રહ્મચારી માને છે અને તે સિવાયના ઓગણીશ તીર્થંકરોને વિવાહિત યાને ગૃહસ્થી માને છે.

ઉપરના પરિપત્રમાં ચાર તીર્થંકરો માટે કંઈ ન સૂચવતાં માત્ર "ભ. મહાવીરસ્વામી પણ બ્રહ્મચારી છે," એ વાત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે એટલે અત્રે માત્ર તે પૂરતો જ વિચાર કરવો યોગ્ય ધાર્યો છે.

શ્વેતામ્બરો માને છે કે—વર્ધમાન કુમાર રાજા સમરવીરની પુત્રી **યશોદાને** પરણ્યા હતા. તેનાથી તેમને **પ્રિયદર્શના** નામની પુત્રી થઈ હતી. વર્ધમાનકુમારે તેણીનું લગ્ન પોતાના જ ભાણેજ **જમાલી** સાથે કર્યું હતું અને તેણીને **શેષવતી** નામે પુત્રી થઈ હતી.

જમાલી કુમારે પણ ભ. મહાવીરસ્વામી પાસે દીક્ષા લીધી, પરન્તુ પછી વિચાર-ભેદ ઊઠવાથી તેઓથી અલગ પડી પોતાનો નવો સંપ્રદાય ચલાવ્યો હતો. જમાલી કુમાર ઐતિહાસિક વ્યક્તિ છે અને ૯ નિહ્નવો (સત્યને છુપાવનારા) પૈકીના પહેલા નિહ્નવ છે.

દિગમ્બરો માને છે કે—વર્ધમાન કુમાર યાને ભ. મહાવીર પરણ્યા જ નથી, તો પછી યશોદા, પ્રિયદર્શના, જમાલી અને શેષવતીના હોવાની તો વાત જ શી કરવી.

શ્વેતામ્બર અને દિગમ્બરોનો આ માન્યતાભેદ છે. તેનાં કારણો તપાસીએ તો આ મતભેદ હોવો જ જોઈએ, એમ માનવું એ કંઈ વિશેષ પડતું નથી. કારણો નીચે પ્રમાણે છે:

૧. દિગમ્બરો સ્ત્રીમોક્ષના વિરોધમાં સ્ત્રીમુક્તિ અને સ્ત્રીચારિત્ર ઇત્યાદિની મના કરે છે અને તેના જ અનુસન્ધાનમાં માને છે કે–તીર્થંકરોને પુત્રો થાય, કિન્તુ પુત્રી ન જ થાય. તીર્થંકરો ભલેને ચક્રવર્તી થાય અને સોળ હજાર રાણીઓને પરણે પણ તેમાંની કોઈ રાણી પુત્રીને તો જન્મ ન જ આપે. આ સિદ્ધાંત અટલ છે, અફર છે. તીર્થંકરને કદાચ પુત્રી થાય તો તે આશ્ચર્ય રૂપ જ મનાય.

હવે જો પ્રિયદર્શનાનું અસ્તિત્વ માનીએ તો આ દિગમ્બરીય નિયમનો વિરોધ આવે છે. માટે દિગમ્બરો વર્ધમાન કુમારના વિવાહની જ મના કરે છે.

૨. દિગમ્બર મત એ પણ ૯ નિહ્નવો પૈકીનો એક નિહ્નવ સંપ્રદાય છે. આ વસ્તુને ભૂંસી નાખવા માટે દિગમ્બર આચાર્યોએ નિહ્નવોનો ઇતિહાસ જ ઉડાડી દીધો છે. આ સ્થિતિમાં તેઓ "જમાલી"નું અસ્તિત્વ સ્વીકારે જ શાના? પોતાને સનાતન ઠરાવવા માટે નિહ્નવોના ઇતિહાસનો વિનાશ એ જ તેઓને માટે શ્રેયસ્કર વસ્તુ હતી—છે.

૩. દિગમ્બર સાહિત્યની રચના અર્વાચીન છે. શ્વેતામ્બર સાહિત્યમાંથી મન માની વસ્તુઓ લઈ તે સાહિત્ય ઊભું કરેલ છે. આ દશામાં દિગમ્બરીય સાહિત્ય પૂરી ઐતિહાસિક વસ્તુને રજુ ન કરે એ પણ બનવા જોગ છે.



વર્ષ ૧૧ : અંક ૧૨] અમદાવાદ : ૧૫-૯-૪૬ [ક્રમાંક ૧૩૨

વિષય-દર્શન

શ્રી સંઘને વિનતી : મદદ : અગિયારમા વર્ષનું વિષય-દર્શન : બે જિન પ્રતિમા [illegible]

લવાજમ

બહારગામના ગ્રાહક ભાઈઓનું લવાજમ આ અંકે પૂર્ણ થાય છે એટલે જેમનું લવાજમ આ અંકે પૂરું થતું હોય તેમણે લવાજમના બે રૂપિયા મોકલી આપવા, અને જેમને લવાજમ ન મોકલવું હોય તેમણે પત્ર લખીને તરત ખબર આપવી. લવાજમની રકમ અથવા પત્ર નહીં મળે તો આગામી અંક વી. પી. થી રવાના કરવામાં આવશે, તે સ્વીકારી લેવા વિનંતી છે.

અમદાવાદના જે ગ્રાહકભાઈઓ પાસે એક અથવા વધુ લવાજમ બાકી છે તેમને પોતાના લવાજમની રકમ ફેરિયાને આપી દેવા કે સમિતિની ઑફિસે પહોંચાડી દેવા વિનંતી છે.

—વ્ય.

શ્રીસંઘને વિનંતી

શ્રી પર્યુષણા મહાપર્વની આરાધના નિમિત્તે, સમિતિને સારી સહાયતા મોકલી આપવાની તે તે ગામ-શહેરોના શ્રીસંઘો અને સદ્‌ગૃહસ્થોને, અને આ રીતે સમિતિને સહાયતા કરવાની પ્રેરણા કરવા માટે પૂજ્ય આચાર્ય મહારાજ આદિ સર્વ પૂજ્ય મુનિવરોને અમે વિનંતી કરીએ છીએ. વ્ય.

ચાલુ તથા પર્યુષણા મહાપર્વ નિમિત્તે નીચે મુજબ મદદ મળી છે

૪૫૦) શેઠ શ્રી જમનાભાઈ ભગુભાઈ અમદાવાદ (સં. ૨૦૦૧ તથા ૨૦૦૨ ની મદદના)
૧૦૧) શેઠ શ્રી મૂળચંદ બુલાખીદાસ, ખંભાત.
૧૦૦) શેઠ શ્રી ચીમનલાલ લાલભાઈ, અમદાવાદ.
૧૦૦) શ્રી જૈન વિદ્યાશાળા, અમદાવાદ.
૧૦૦) પૂ. મુ. મ શ્રી. દર્શનવિજયજીના સદુપદેશથી જૈન સંઘ સમસ્ત, શિનગર.
૫૧) પૂ. પં મ. શ્રી. કીર્તિમુનિજીના સદુપદેશથી વીરનો ઉપાશ્રય, અમદાવાદ.
૨૯) શેઠ શ્રી ભોગીલાલ ચીમનલાલ, અમદાવાદ.
૨૫) પૂ. આ. મ. શ્રી. વિજયભુવનતિલકસૂરિના સદુપદેશથી શ્રી જૈનસંઘ, ઉમેટા.
૨૫) પૂ. ઉ. શ્રી ઉમેદવિજયજીના સદુપદેશથી માયલા કોટ જૈન ઉપાશ્રય, વેરાવળ.
૨૫) શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી. વઢવાણ કેમ્પ.
૨૨) શેઠ શ્રી સકરચંદ મણીલાલ, અમદાવાદ (૨૦૦૧-૨૦૦૨ની મદદના)
૨૨) શેઠ શ્રી પુરુસોતમદાસ ચીમનલાલ. અમદાવાદ. ,,
૨૨) શેઠ શ્રી શાંતિલાલ પરસોતમદાસ અમદાવાદ. ,,
૨૦) પૂ. મુ. મ. શ્રી જયંતવિજયજીના સદુપદેશથી જૈન સંઘ, રાનપુરા.
૧૫) પૂ. આ. મ. શ્રી વિજયઉમંગસૂરિજીના સદુપદેશથી જૈન સંઘ, દેહગામ.
૧૫) પૂ. આ. મ. શ્રી વિજયભક્તિસૂરિજીના સદુપદેશથી શેઠ મૂ. બુ.નો ઉપાશ્રય, ખંભાત.
૧૫) પૂ. મુ. મ. શ્રી. ૠદ્ધિચંદ્રજીના સદુપદેશથી શ્રી પાર્શ્વચંદ્રગચ્છનો ઉપાશ્રય, અમદાવાદ.
૧૫) શેઠ નગીનદાસ કરમચંદ સંઘવીનો મંડપ, પાટણ.
૧૫) પૂ. પં. મ. શ્રી. ભાનુવિજયજીના સદુપદેશથી જૈન ઉપાશ્રય, દેવબાગ.
૧૧) શેઠ ડાહ્યાભાઈ મલુકચંદ, અમદાવાદ.
૧૧) પૂ. આ. મ. શ્રી. વિજયકુમુદસૂરિજીના સદુપદેશથી જૈન પાઠશાળા, ખેરવા.
૧૧) શેઠ લાલભાઈ હીરાચંદ, મુંબઈ.
૧૦) પૂ. મુ. મ. શ્રી. નરેન્દ્રસાગરજીના સદુપદેશથી આંબલી પોળનો ઉપાશ્રય, જ્ઞાનખાતું.
૧૦) પૂ. પં. મ. શ્રી લલિતવિજયજીના સદુપદેશથી જૈન સંઘ, સમી.
૧૦) પૂ. ઉ. શ્રી દયાવિજયજીના સદુપદેશથી શ્રી સાગરનો ઉપાશ્રય, રાધનપુર.
૫) પૂ. આ. મ. શ્રી. વિજયહિમાચલસૂરિજીના સદુપદેશથી જૈન સંઘ, ધાણેરાવ.
૫) પૂ. પં. મ. શ્રી. નયવિજયજીના સદુપદેશથી જૈન સંઘ, આંતરોલી.

॥ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

जेशिंगभाईकी वाडी : घीकांटारोड : अमदावाद (गुजरात)

वर्ष ११	વિક્રમ સં. ૨૦૦૨ : વીરનિ. સં. ૨૪૭૧ : ઈ સ. ૧૯૪૫	क्रमांक
अंक १२	ભાદરવા વદિ : રવિવાર :	१३२

કવિવર શ્રીલાવણ્યસમયવિરચિત

ચોવીસ જિન-સ્તુતિ

સં૦–પૂજ્ય મુનિમહારાજ શ્રી માનતુંગવિજયજી

વિહાર દરમ્યાન સંખલપુરમાંથી એક હસ્તલિખિત પાના ઉપરથી ઉતારેલ કવિવર શ્રીલાવણ્યસમયજીકૃત ચોવીસ જિનસ્તુતિ અહીં આપવામાં આવી છે. કવિ શ્રીલાવણ્યસમયજીની કવિતાની પ્રાસાદિકતા અને રોચકતા માટે વધુ લખવાની જરૂર નથી.

ચોવીસ જિન-સ્તુતિ

કનક તિલક ભાલે, હાર હૈયે નિહાલે, **ઋષભ** પાય પખાલે, પાપના પંકટાલે;
અરચી નવર માલે, કુટરી ફૂલમાલે, નરભવ અજુઆલે, રાગ ને રોષ ટાલે. ૧

અજિત કુણે ન જીત્યો, જેહને માન વીત્યો, અનવી વર વદીતો. માનીએ માન વીત્યો;
લહેતે સુખ ન ચિત્યો, પૂજ રે માનવી ત્યે', જો જનમન ચિત્યો. મૂકીયે માનવી ત્યો. ૨

સમવસરણે બઈઠા, ચિત્ત મોરે પઈઠા, અસુખ અતિ અરિઠા, ઉપડચા તે અરિઠા;
સુપરિકર ગરીઠા, સુખ પામ્યા જ છઠા, ભવભય મુઝ નીઠા, **સંભવ** સ્વામી દીઠા. ૩

લહકે શિર ધ્વજાનો, જ્ઞાન કેરો ખજાનો, જિનવર નહિ નાનો, સ્વામી સાચો પ્રજાનો;
જગે જસ વરવાનો, વિશ્વમાંહે ન છાનો, સુત સમરથ માનો, **માત સિદ્ધારથાનો.** ૪

વિષમ વિષય વામી, કેવલજ્ઞાન પામી, દુરગતિ દુઃખ દામી, જે હુઓ સિદ્ધિગામી;
હૃદય ધરી તે ધામી, પૂરવે પુન્ય કામી, સકલ **સુમતિ** સ્વામી, સેવિયે શિશ નામી. ૫

મ કર અરથ માહરો, લોભના લોઢ વારો, ભવિક ભવ મહારો, પિંડ પાપે મ ભારો:
નરયગતિ નિવારો, ચિત્ત ચિંતા ન ધારો, **પદમ પ્રભુ** જુહારો, સાંભલો બોલ સારો. ૬

કિય શિવપુર વાસો, સ્વામી લીલા વિલાસો, જયતિ જગ **સુપાસો,** જેહને દેવ દાસો;
વલિય કર્મ ખાસો, રાગ નાઠો નિરાસો, ગુરુગુણગણવાસો, રાગ છે દોષ નાસો. ૭

મદ મદન કુમાયા, ક્રોધ જોધા નમાયા, ભવ ભમર ભમાયા, રોગ સોગા ગમાયા;
સકલ ગુણ સમાયા, લખમણા જાસ માયા, પ્રણમે સુજિન પાયા, **ચંદ ચંદ્રાપ્રભાયા.** ૮

સુવિધિ સુવિધ માંડી, પાપના પૂર છાંડી, મયણ મદન છાંડી, ચિત્ત ચોખું લગાડી;
કુગતિ મતિ વગાડી, મુકિતકન્યા રમાડી, સુણી ન સુણી નમાડી, દેખવાની રૂહાડી. ૯

કનક વરણી પીલા, જીણે જીત્યા પ્રમીલા, શિર ધરીય સુશીલા, દૂરે કીધા કુમીલા;
પ્રમહિત તપ શીલા, **શીતલ** સ્વામી લીલા, મ કરીશ વિઅહિલા, જેહને લીલ લીલા. ૧૦

ભવિક નર ભણીજે, સંતનો માર્ગ લીજે, અહનિશ જિન સમરીજે, સેવ **શ્રેયાંસ** કીજે;
વિવિધ સુખ વરીજે, પુન્ય પીયૂષ પીજે તિમ તમ થર ખીજે, લચ્છીનો લાહો લીજે. ૧૧

જસ મુખ અરવિંદો, ઉગીયો કે દિણંદો, કર અભિનવ ચંદો, પુન્ય માનો અમંદો;
નયણે અમીય બિંદો, જાસ સેવે સુરીંદો, પય નમય નરિંદો, **વાસુપૂજ્ય** જિણંદો. ૧૨

અસુખ અસુખ હણેવા, સૌખ્યના લક્ષ લેવા, ભવજલધિ તરેવા, પુન્યપોતુ (ભાતુ) ભરેવા;
સુગતિ વહુ વરેવા, દુર્ગતિ દાહ દેવા, **વિમલ** વિમલ સેવા, ચિત્ત ચિતા કરેવા. ૧૩

અકલ નવિ કલાયો, પાર કિણે ન પાયો, ત્રિભુવન ન સમાયો, જેહનો જ્ઞાન માયો;
જવ જિનવર જાયો, રોગનો અંત આયો, હૃદય કમલ ધાયો, તે **અનંતો** સુહાયો. ૧૪

ધરમ ધરમ ભાખે, મુકિત મારગ દાખે, જગ જિનવર ભાખે, પાપ જાયે પયાખે;
વરસ દિવસ પાખે, જે પ્રભુ ચિત્ત રાખે, પુરુષ અણીય આખે, સૌખ્ય તે ચંગ ચાખે. ૧૫

મયગલ ઘરબારી, નાર શૃંગાર ભારી, નયનકનક કયારી, કોડી કેતી વિચારી;
પ્રભુ તમ પરિહારી, જ્ઞાનચારિત્રધારી, ત્રિભુવન જયકારી, **શાંતિ** સેવો જુહારી, ૧૬

વર કનક ઘડાયા, હાર હીરે જડાયા, મુગટ શિર જડાયા, સુર તેજે નડાયા,
તિવડિ તડતડાયા, પાપ પૂઠે પડાયા, કુસુમ શિર પડાયા. **કુંથુ** પૂજિતરાયા. ૧૭

કરમ મરમ જાલી, પુન્યની નીક વાલી, રતિ અરતિ ટાળી, કેવલજ્ઞાન પાળી;
અખય સુખ રસાલી, સિદ્ધિ પામી સુહાલી, **અર** અરચીશું માળી, આપ રે ફૂલ ટાળી. ૧૮

સુણને સુણને હલી, પુન્યની પૂર ઘલી, ઘર તરુઅર વલિ, પૂત પૂતેહિ ભલી;
નિતુ નવ નવલી, ભૂરિ ભોગેહિ ફુલી, પ્રણુમય જિન **મલ્લિ**, ભાસે કલ્યાણવલ્લી. ૧૯

વિગતિ કરી કુલિંગા, પામીયા પુન્ય તંગા, નવિ લગવી જંગા, દુખ દોષા દુરંગા;
જખ હુઆ જિન સંગા, **સુવ્રત** સ્વામી ચંગા, કરતલે તુરંગા, આલસમાંહિ અંગા. ૨૦

નમિ નરય નિવારે, માન માયા વિડારે, ભવજલધિ અપારે, હેલ હેલાં ઉતારે;
ભગતિ જિન સુધારે, લોભ નાણે લગારે, જિન જુગતે જુહારે, તે સવે કાજ સારે. ૨૧

કુગતિ કુમતિ છોડી, પાપની પાલ ફોડી, ટલી સયલ ખોડી, મોહની વેલિ માડી;
જિન સવે બહુ જોડી, કો નવિ **નેમ** હોડી, પ્રણુમે સુરનર કોડી, નાથ બે હાથ જોડી. ૨૨

જલન જલ વિજોગા, નાગ સંગ્રામ સોગા, હરિ મયગલ મોગા, વાટ ચોરાશી રોગા;
સવિ ભયહર લોગા, પામીયા **પાસ** જોગા, ન રહે કહીં વિજોગા, પૂજતાં ભૂરિભોગા. ૨૩

કઠિન કર્મ મહેલી, કાઢીયા તેર ઠેલી, વિમલ વિનય વહેલી, ભાવ ભોલી ગહેલી;
નિસુણી હરખ હેલી, ભેટ પામે દુહેલી, રવિ ઉદય પહેલી, **વીર** વંદો વહેલી. ૨૪

સર્વ જિન-સ્તુતિ

દુરગતિ દુર દુકાલા, પુણ્ય પાણી સુકાલા, જસ ગુણ વર બાલા, રંગે ગાઈ રસાલા;
ભવિક નર ત્રિકાલા, ભાવે વંદું મયાલા, જય જિનવરમાલા, નાંઈ લચ્છી વિશાલા. ૨૫

આગમ-સ્તુતિ

અમીય રસ સમાણી, દેવદેવે વખાણી, વયણરયણ ખાણી, પાપવલ્લિ કૃપાણી;
સુણ સુણને પ્રાણી, પુણ્યચી પટરાણી, જગે જિનવર-વાણી, સેવિયે સાર જાણી. ૨૬

દેવી-સ્તુતિ

રમઝમ ઝમકારા, નેઉરીચા ઉદારા, કટિ તટિ ખલકારા, મેખલા હા અપારા;
કમલ રમલ સારા, દેહ લાવણ્ય ધારા, સરસતિ જયકારા, હોજો મે જ્ઞાન ધારા. ૨૭

કલશ

તપગચ્છ દિણયર લચ્છી સાયર, સોમદેવ સૂરીશ્વરો;
શ્રી સોમજસ ગણધાર સેવી, સમયરત્ન મુનીસરો;
માલિનિ છંદે એમ બધ, સ્તવ્યા જિન ઉલટ ભણે;
એમ લહે લાભ અનંત મુનિવર, લાવણ્યસમય સદા ભણે. ૨૮

આ સ્તુતિઓમાં પહેલાં ચોવીશ સ્તુતિમાંથી એક અને ૨૫--૨૬--૨૭ એ ત્રણ સ્તુતિ લેવાથી એક થોયજોડો બને, એવી રીતે ચોવીશ થોયજોડા બની શકે તેમ છે.

શલોકાનો સંચય

(લે.--પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા, એમ. એ.)

સંસ્કૃતમાં નીચે મુજબના છ અર્થવાળો 'શ્લોક' શબ્દ છે:—

(અ) પદ્ય, (આ) 'અનુષ્ટુભ્'માં રચાયેલું પદ્ય, (ઇ,) પ્રશંસા, (ઈ) પ્રશંસાનો વિષય, (ઉ) કીર્તિ અને (ઊ) કહેવત.

પાઇયમાં 'શ્લોક' માટે 'સિલોગ' અને 'સિલોઅ' એમ બે શબ્દો છે. એના પદ્ય, કીર્તિ અને કવિત્વ યાને કાવ્ય બનાવવાની કળા એમ ત્રણ અર્થ થાય છે.

સાર્થ ગૂજરાતી જોડણીકોશમાં 'શ્લોક' શબ્દ છે. એના ત્યાં ત્રણ અર્થો નીચે મુજબ નોંધાયેલા છે:

(૧) ચાર ચરણનું પદ, (૨) અનુષ્ટુભ છંદનું પદ, (૩) (સમાસને અંતે) કીર્તિ, યશ (ઉદા. પુણ્યશ્લોક).

ગુજરાતીમાં 'સલોકા' શબ્દ છે. એના (૧) સમસ્યા કે મહેણાંવાળી પ્રશ્નોત્તરરૂપ કવિતા અને (૨) વરકન્યાએ પરણતી વખતે સામસામાં બોલવાની લીટીઓ એમ બે અર્થો થાય છે. આમાંથી બીજો અર્થ અત્ર પ્રસ્તુત છે. એને માટે જૈન સાહિત્યમાં શલોકો, સલ્લોકો ઇત્યાદિ શબ્દ વપરાયા છે. એનું મૂળ તે સંસ્કૃત શબ્દ 'શ્લોક' છે, અને એના પ્રશંસા, પ્રશંસાનો વિષય અને કીર્તિ એ સિવાયના અર્થો "શલોકાના સંચય" સાથે બંધબેસતા નથી. વિશેષમાં પ્રશંસા ઉપરથી 'વર્ણન' જેવો અર્થ પણ અહીં નોંધવામાં આવનારા કેટલાક શલોકાને લાગુ પડતો જોવાય છે.

દરેક ધર્મની, સંપ્રદાયની અને કોમની કોઈ ને કોઈ વિશિષ્ટતા હોય છે. આ નિયમ અનુસાર જૈન ધર્માવલંબીઓની-જૈન કોમની પણ કેટલીક વિશિષ્ટતા છે અને એ રીતરિવાજમાં તેમ જ સાહિત્યમાં નજરે પડે છે. આવી એક મોટા ભાગની[1] વિશિષ્ટતા તે શલોકાની રચના અને એનો ઉપયોગ છે વહેલામાં વહેલા **વિક્રમના અરાઢમા સૈકામાં** શલોકા રચાયા છે એમ **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ** જોતાં જણાય છે. એમાં નીચે મુજબના છ શલોકાની નોંધ છે. એ હું રચનાક્રમે આપું છું:—

નામ	કર્તા	રચનાવર્ષ
(૧) આદિનાથ--શલોકો	વિનીતવિમલ	વિ. સં. ૧૭૪૯ પહેલાં
(૨) નેમિનાથ-શલોકો	ઉદયરત્ન	અરાઢમી સદી
(૩) શાલિભદ્ર-શલોકો	,,	વિ. સં. ૧૭૭૦
(૪) શંખેશ્વર-શલોકો	દેવવિજય	વિ. સં. ૧૭૮૪
(૫) ભરતબાહુબલિ-શલોકો	ઉદયરત્ન	વિ. સં. ૧૭૯૫
(૬) નેમિનાથ--શલોકો	મોતીમાલુ	વિ. સં. ૧૭૯૮

જૈન ગુર્જર કવિઓ (ભાગ ૩, ખંડ ૨)ના પૃ. ૧૭૭૭-૮મા શલોકાની પૃષ્ઠ પૂર્વક નોંધ છે. એમાં એના કર્તા અને રચનાવર્ષના ઉલ્લેખ ઉમેરી એ હું અહીં આપું છું, જેથી ઉપર જણાવેલા શલોકા સાથે એની ભિન્નતા કે અભિન્નતા જાણી શકાય.

નામ	પૃષ્ઠ	કર્તા	રચનાવર્ષ (વિક્રમ)
અષ્ટાપદ--શલોકો	૧૩૪૫	વિનીતવિમલ	અરાઢમી સદી
જંબૂસ્વામિ-શલોકો	૪૮	લબ્ધિવિજય	ઓગણીસમી સદી
નેમનાથનો શલોકો	૩૪૨	દેવચંદ શ્રાવક	૧૯૦૦
,, ,,	૧૩૪૮	વિનીતવિમલ	
,, ,,	૧૩૫૬	ઉદયરત્ન	અરાઢમી સદી
,, ,,	૧૪૫૦	મોતીમાલુ	૧૭૯૮ (દીવાળી)
નેમિરાજુલ-શલોકો	૧૪૦૪	કુશલવિનય	૧૭૫૯
પાર્શ્વનાથ- ,,	૩૩૩	જોરાવરમલ	૧૮૫૧
ભરતબાહુબલિ-,,	૧૩૫૬	ઉદયરત્ન	૧૭૯૫
વિજયલક્ષ્મીસૂરિ-,,	૧૪૪૫	જિનેન્દ્રસાગર	અરાઢમી સદી
વિમલમંત્રી-,,	૧૩૪૩	વિનીતવિમલ	અરાઢમી સદી
વિવેકવિલાસ-,,	૩૪૩	દેવચંદ શ્રાવક	૧૯૦૩

૧ આમ કહેવાનું કારણ એ છે કે વૈષ્ણવ વણિક જ્ઞાતિઓ પૈકી કોઈ કોઈમાં કેટલાંક વર્ષો પૂર્વે 'શલોકા' બોલાવવાનો રિવાજ હતો એમ વૃદ્ધો કહે છે, વિશેષમાં સ્વ. **મહીપતરામ રૂપરામે** રચેલા **વનરાજ ચાવડો** એ નામના પુસ્તક (આવૃત્તિ દસમી, પૃ. ૨૯૨) માં એવો ઉલ્લેખ છે કે "બ્રાહ્મણોમાં સલોકા ભણાતા નથી; શુદ્ર જ્ઞાતિમાં ભણાય છે; વાણિયાથી મોચી સુધી સર્વેમાં ભણે છે."

પૃ. ૨૮૯-૨૯૦માં વરે કહેલા સલોકાની નોંધ છે, અને પૃ. ૨૯૦-૨૯૨માં કન્યાએ કહેલા સલોકાની નોંધ છે. આમ અહીં બે જાતના સલોકા અપાયા છે.

શંખેશ્વર-શલોકો	૧૪૨૪	દેવવિજય	૧૭૮૪
શાલિભદ્ર-,,	૧૪૩૯	સિંહ (કનકપ્રિયના શિષ્ય)	૧૭૮૧

આ બધા શલોકામાં પૃ. ૧૫૩ ઉપર અપાયેલ **જુઠાતપસીનો શલોકો** અને પૃ. ૧૦૯૪માં અપાયેલ **લોંકાશાહનો શલોકો** નોંધવા રહી ગયા છે. એને ગણતરીમાં લેતાં એકંદર સોળ શલોકાને ભિન્ન ભિન્ન કૃતિ ગણી શકાય તેમ છે.

"સૂર્યપુરનો સુવર્ણયુગ" એ નામના પુસ્તકમાં પૃ. ૮૭-૧૦૫માં **લક્ષ્મીવિજયના** શિષ્ય **અમરવિજયે** વિ. સં. ૧૭૭૦માં રચેલો "સિદ્ધાચલનો સલોકો" છપાયેલો છે.

વિશેષમાં **બાલાભાઈ છગનલાલ** તરફથી ઈ. સ. ૧૯૦૫માં પ્રસિદ્ધ થયેલી **શ્રી જૈન સજ્ઝાયમાલા** (ભા. ૨) માં આ ઉપરાંત નીચે મુજબના પાંચ શલોકા છે.—

ક્રોધનો શલોકો (પૃ. ૬૯-૭૦)
માનનો ,, (પૃ. ૭૦)
માયાનો ,, (પૃ. ૭૦-૭૧)
લોભનો ,, (પૃ. ૭૧-૭૨)
શાલિભદ્રનો ,, (પૃ. ૪૮-૫૦)
આમ એકંદર એકવીસ શલોકા થયા.

જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય સંચય (પૃ. ૧૯૬-૨૦૨)માં **નયવિજયના** શિષ્ય **કુંવરવિજયકૃત** "શ્રીહીરવિજયસૂરિ-શલોકો" છપાયો છે. પણ એને કર્તાએ કોઈ સ્થળે 'સલોકો' એમ ઓળખાવેલ હોય એમ જણાતું નથી એટલે ખરી રીતે એ 'સલોકો' કેમ ગણાય એવો પ્રશ્ન ઊઠે છે. તેમ છતાં એને પણ 'શલોકો' ગણીએ તો કુલ્લે બાવીસ શલોકા થાય છે. આ બાવીસ શલોકાનો અકારાદિ ક્રમે હવે વિચાર કરીશું:—

[૧] આદિનાથ-શલોકો યાને અષ્ટાપદ-શલોકો

આ પંચાવન કડીનો શલોકો છે. એમાં આ અવસર્પિણીમાં થઈ ગયેલા ચોવીસ તીર્થંકરો પૈકી કોણ કયા અને કયા તીર્થમાં સિદ્ધ થયા તેનો ઉલ્લેખ છે. જેમ કે અષ્ટાપદ ઉપર **આદીશ્વર**, ચંપામાં **શ્રી વાસુપૂજ્ય**, ગિરનાર ગિરિ ઉપર **શ્રી નેમિનાથ**, પાવામાં **વીર** પ્રભુ અને બાકીના વીસ સમેતશિખર ઉપર સિદ્ધ થયા. આ શલોકાની પહેલી ત્રણ અને છેલ્લી બે કડીઓ જૈ. ગૂ. ક. (ભાગ ૩, ખંડ ૨, પૃ. ૧૩૪૫) પૂરી પાડે છે. એમાં આ કૃતિને કર્તાએ 'શલોકો' એવું નામ આપેલું નથી, છેલ્લી કડીમાં કર્તાએ પોતાનો પરિચય નીચે મુજબ આપ્યો છે:—

> **શ્રી વિજેરતનસૂરિ** ગછનાયક વારે, ચોસઠમેં પાટ શ્રીપૂજ્ય ત્યારે;
> કહે **વનીતવિમલ** કર જોડી, એ ભણતાં આવે સંપત દોડી."

આ શલોકાને પૃ. ૧૩૪૫માં **અષ્ટાપદ-શલોકો** કહ્યો છે. એ નામ કે આદિનાથ-શલોકો એ નામ પણ કેવી રીતે સમુચિત છે તે સમજાતું નથી. હું તો એનો વિષય જોતાં એને નિર્વાણતીર્થ-શલોકો એવું નામ આપવા લલચાઉં છું.

[૨] ક્રોધનો—શલોકો

શ્રી જૈન સજ્ઝાયમાળા (ભા. ૨) માં આ કૃતિ છપાયેલી છે. એમાં અગ્યાર કડી છે. એની પહેલી કડી નીચે મુજબ છે:—

"ક્રોધતણો હું કહું સલોકો, એક મને કરી સાંભળજો લોકો ॥
ક્રોધે મરીને નરકે તે જાય, ક્રોધે મરીને તિર્યંચ થાય ॥૧॥

અંતમાં કે કોઈ સ્થળે આ કૃતિના કર્તાનું નામ જોવામાં નથી. એ બનવાજોગ છે કે નામવિનાના અને આના પછી અપાયેલા માન માયા અને લોભને અંગેના શલોકા પણ આ જ કર્તાની કૃતિઓ હોય.

[૩] જંબૂસ્વામી–શલોકો

હીરવિજયસૂરિના સંતાનીય **અમરવિજય**ના શિષ્ય **લબ્ધિવિજય**ની આ કૃતિ છે. એ શ્રમણ ભગવાન **મહાવીરસ્વામી**ના પાંચમા ગણધર **સુધર્મસ્વામી**ના શિષ્ય **જંબૂસ્વામી**ને ઉદ્દેશીને હોવી જોઈએ એમ એના નામ ઉપરથી જણાય છે. **લબ્ધિવિજયે** શીલાંગરયસ વત્સરદશકમાં એટલે વિ. સ. ૧૮૧૦મા **હરિબલમચ્છીરાસ** રચ્યો છે. એ ઉપરથી આ શલોકાના રચનાસમય વિષે અનુમાન થઈ શકે.

[૪] જુઠા તપાસીનો શલોકો

જૈ. ગૂ. ક. (ભા. ૩, ખં. ૧, પૃ. ૧૫૩-૪)માં આની પહેલી ત્રણ કડીઓ અને છેલ્લી ત્રણ કડીઓ ઉપરાંત **જુઠા તપાસીનો** પરિચય અપાયેલ છે. એમાં કહ્યું છે કે એના દેહસંસ્કાર માટે હિન્દુ મુસલમાન વચ્ચે ઝઘડો થયો. હિન્દુઓ અગ્નિદાહની તરફેણમાં હતા તો મુસ્લિમો દફનક્રિયાની તરફેણમાં હતા.

આ શલોકો વિ. સં. ૧૮૩૬મા વઢવાણમા અકાણુ કડામા રચાયો છે. એના કર્તા શ્રાવક વસ્તો છે.

[૫]–[૮] નેમિનાથ–શલોકો

આ નામની ચાર કૃતિઓ છે. એ દરેકના ચરિત્રનાયક **નેમિનાથ** છે–કે જેમની સગાઈ સતી **રાજીમતી** સાથે થઈ હતી.

શાન્તિવિમલના શિષ્ય **વિનીતવિમલે** ત્રણ શલોકા રચ્યા છે (૧) **આદિનાથ શલોકો**, (૨) **નેમિનાથ શલોકો** અને (૩) **વિમલમંત્રી–શલોકો** પહેલો આપણે વિચારી ગયા. બીજા શલોકાની શરૂઆતની બે કડી અને અંતની નવ લીટી જૈ. ગૂ. ક. (ભા. ૩, ખં. ૨, પૃ. ૧૩૭૪–૫)માં અપાયેલી છે. એ ઉપરથી આ શલોકો પાસેઠ કડીનો હોય એમ લાગે છે.

શિવરત્નના શિષ્ય **ઉદયરત્ને** અનેક રાસ રચ્યા છે. એમાંનો **જંબૂસ્વામી–રાસ** વિ. સં. ૧૭૪૯મા અને **હરિવંશ–રાશ** વિ. સં. ૧૭૯૯મા રચાયેલ છે. આ ઉપરથી એમણે જે **નેમિનાથ–શલોકો** અને **ભરત–બાહુબલિ–શલોકો** રચ્યા છે તેના રચનાસમયનો કંઈક ખ્યાલ આવી શકશે.

નેમિનાથનો શ(સ)લોકો એ સત્તાવન કડીની કૃતિ છે. એની બીજી કડીમાં "**નેમજી** કેરો કહેશું સલોકો" એવો ઉલ્લેખ છે. અંતમાં કર્તાનું નામ છે. આ સંપૂર્ણ શલોકો **શ્રી જૈન સજ્ઝાયમાળા** (ભા. ૨, પૃ. ૭૯–૮૨)માં છપાયેલો છે.

મોતીમાલુએ વિ. સં. ૧૭૯૮ના દીવાળીના ટાણે અમદાવાદના પ્રેમાપુરામાં **નેમિનાથ–શલોકો** રચ્યો છે. જૈ. ગૂ. ક. (ભા. ૩, ખં. ૨, પૃ. ૧૪૭૦–૧)માં એની પહેલી અને છેલ્લી બબ્બે કડીઓ અપાયેલી છે. એ ઉપરથી આ કૃતિ તોત્તેર કડીની હોય એમ લાગે છે. શરૂઆતની બીજી કડીમાં "કહસ્યુ સલોકો સુત્ર સંભાલ" એવો ઉલ્લેખ છે.

'વીશા શ્રીમાલી' શ્રાવક દેવચંદે ઉર્ફે સુરશશિએ ગાંગડમાં વિ. સં. ૧૯૦૦માં **નેમિનાથ--શલોકો** રચ્યો છે. એની પહેલી બે લીટી અને છેલ્લા આઠ લીટી જૈ. ગૂ. ક. (ભા. ૩, ખં. ૧, પૃ. ૩૪૨--૩)માં અપાયેલી છે. આ ઉપરથી આમાં બ્યાસી કડી હોય એમ લાગે છે. વિશેષમાં ૩૪૩મા પૃષ્ઠમાં સૂચવ્યા મુજબ આ કૃતિ સંપૂર્ણતયા **ભીમસિંહ માણેકે શલોકાસંગ્રહ**માં છપાવી છે, પણ મને એ મળી શકેલ નથી. આ **શલોકા સંગ્રહ**માં દેવચંદકૃત વિવેકવિલાસ--શલોકો પણ છપાયેલો છે.

[૯] નેમિ--રાજુલ--શલોકો

વિષયની દૃષ્ટિએ આ શલોકો ઉપલી ચાર કૃતિઓથી અભિન્ન છે. આ શલોકો વિ. સં. ૧૭૫૯માં **કુશલવિજયે** રચ્યો છે. એ સિવાય આ સંબંધમાં મને કશી વિશેષ માહિતી નથી.

રાજુલ એ **રાજીમતી**નું ગુજરાતી નામાંતર છે. સંસ્કૃત કે પાઇય સાહિત્યમાં આવું નામ હોવાનું જાણ્યામાં નથી.

[૧૦] પાર્શ્વનાથ--શલોકો

વિ. સં. ૧૮૫૧માં **જોરાવરમલે** આ શલોકો રચ્યો છે. એ ઉપરાંત મને આ કૃતિ વિષે વિશેષ ખબર નથી.

[૧૧] ભરત--બાહુબલિ--શલોકો

આદિમ તીર્થંકર **ઋષભદેવજી**ના બે પુત્રોને ઉદ્દેશીને આ શલોકો **ઉદયરત્ને** રચ્યો છે. એ કેટલી કડીનો છે એ હકીકત જાણવી બાકી રહે છે. આની રચના વિ. સં. ૧૭૯૫–માં થયેલી છે એમ **જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ** (પૃ. ૬૬૭, કંડિકા ૯૮૦) ગત નીચેની પંક્તિઓ ઉપરથી જણાય છે.

"લાંબા લહેકાથી ગવાતા 'શલોકા'ની રચના પણ આ શતકમાં પ્રથમ થઈ જણાય છે દા. ત. ૧૭૪૯ પહેલા વિનીતવિમલકૃત આદિનાથ શલોકો, ઉદયરત્નકૃત નેમિનાથ શલોકો, શાલિભદ્ર શલોકો (૧૭૭૦) અને ભરતબાહુબલિનો શલોકો સં. ૧૭૯૫, દેવવિજયનો શત્રુંજય શલોકો ૧૭૮૪, મોમામાલજીકૃત નેમિ શલોકો સં. ૧૭૯૮."

[૧૨] માન--શલોકો

આ સાત કડીની કૃતિ છે. "શ્રી જૈન સજ્ઝાયમાળા" (ભા. ૨)માં એ છપાયેલી છે. ત્યાં એનો 'સલોકા' તરીકે નિર્દેશ છે. બાકી કૃતિમાં તો કોઈ સ્થળે એવો ઉલ્લેખ નથી. ક્રોધનો શલોકો રચનારે આ કૃતિ રચી હશે એવી સંભાવના છે.

[૧૩] માયા–શલોકો

આ શલોકો પણ સાત કડીનો છે અને એ ઉપર્યુક્ત પુસ્તકમાં છપાયો છે. કર્તાએ કોઈ સ્થળે એનો શલોકા તરીકે નિર્દેશ કર્યો નથી, પણ છપાયેલ પુસ્તકમાં તેમ હોવાથી મેં આ પ્રમાણે નોંધ લીધી છે.

[૧૪] લોંકાશા--શલોકો

આ એક ઐતિહાસિક શલોકો છે. એમાં ચોવીસ કડી છે. એની પહેલી, ૧૧મી, ૧૭મી, ૨૦મી, ૨૧મી અને ૨૪મી કડીઓ જૈ. ગૂ. ક. (ભા. ૩, ખં. ૨, પૃ. ૧૦૯૪) માં અપાયેલી છે. આ સમગ્ર કૃતિ મુંબઈ સમાચારના તા. ૧૮–૭–૩૬ના અંકમાં

'શ્રીમાન્ લોંકાશાહ' એ નામથી પૃ. ૨૩૮થી ૨૪૦માં છપાયેલી છે. એ કેશવજી (લોં)ની કૃતિ છે. એની આદ્ય કડીમાં "ગુરૂ પ્રણમી કરઈ સિલોકો" એવો ઉલ્લેખ છે. આ સત્તરમી સદીની કૃતિ છે

[૧૫] લોભ--શલોકો

આ છવ્વીસ કડીની કૃતિ છે. "શ્રી જૈન સજ્ઝાયમાળા" (ભા. ૨)માં એ છપાયેલી છે. એમાં કોઈ સ્થળે કર્તાનું નામ નથી તેમ જ એનો શલોકા તરીકે નિર્દેશ છે. પ્રકાશકે એને 'સલોકો' કહ્યા છે એ ઉપરથી મેં એની આમ નોંધ લીધી છે.

[૧૬] વિજયક્ષમાસૂરિ--શલોકો

અરાઢમી સદીના જશવંતસાગરના શિષ્ય જિનેન્દ્રસાગરે આ શલોકો રચ્યો છે. જૈ. ગૂ. ક. (ભા. ૩, ખં ૨, પૃ. ૧૪૮૫--૬)માં આની પહેલી એક કડી અને છેલ્લી બે કડીઓ તેમ જ 'ટુંક સાર' અપાયેલ છે. આ ઉપરથી આ બાસઠ કડીની કૃતિ હોય એમ જણાય છે. એની ૬૨મી કડી નીચે મુજબ છે:—

"જસવંતસાગર પંડિતરાયા, જિણંદસાગરેં ગુરૂગુણ ગાયા
એહ 'સલોકો' જે નર ભણિસ્યે, લખમિ તસ ઘરેં લીલ જ કરસ્યૈ."

[૧૭] વિમલમંત્રી--શલોકો

જૈ. ગૂ. ક. (ભા. ૩, ખં. ૨, પૃ. ૧૩૯૩-૪)મા આની આદ્ય બે કડીઓ તેમ જ અંતિમ ત્રણ કડીઓ અપાયેલી છે એ ઉપરથી આ ૧૧૧ (એકસો અગીઆર) કડીની કૃતિ હોય એમ લાગે છે. એની રચના વિનીતવિમલને હાથે થયેલી છે, કે જેમણે બીજા બે શલોકા રચ્યા છે. આ શલોકો સુપ્રસિદ્ધ વિમલ મંત્રીને અંગેનો છે.

[૧૮] વિવેકવિલાસ--શલોકો યાને કાયાનગરીનો શલોકો

આની પહેલી એક કડી અને છેલ્લી ચાર કડીઓ જૈ. ગૂ. ક. (ભા. ૩, ખં. ૧, પૃ. ૩૪૩) માં અપાયેલી છે. એ ઉપરથી એ બાણુ કડીની કૃતિ હોય એમ જણાય છે. વિશેષમાં એની પહેલી કડીમાં "કાયાનગરીનો કહુ શલોકો" એવો ઉલ્લેખ છે એ ઉપરથી મેં એનું બીજું નામ સૂચવ્યુ છે. એમાં શરીરની શુચિતા વિષે વિચાર કરાયો હશે એમ લાગે છે એ શલોકાસંગ્રહમાં પ્રસિદ્ધ થયેલ છે, પણ મારા જોવામાં એ આવેલ નથી. વિ. સં. ૧૯૦૩માં આ 'શલોકો' દેવચંદ શ્રાવકે રચ્યો છે.

[૧૯] શંખેશ્વર--શલોકો

દીપવિજયના શિષ્ય દેવવિજયે વિ. સં. ૧૭૮૪માં આ શલોકો રચ્યો છે. પહેલી ચાર લીટી અને છેલ્લી ત્રણ લીટી જૈ. ગૂ. ક. (ભા. ૩, ખં. ૨, પૃ ૧૪૨૪)માં અપાયેલી છે. એની બીજી કડીના પૂર્વાર્ધમાં "પાસ શંખેશ્વર શલોકો કહોઈ" એવો ઉલ્લેખ છે. એ ઉપરથી આ શંખેશ્વર પાર્શ્વનાથને અંગેનો શલોકો છે એ વાત જાણી શકાય છે.

[૨૦-૨૧] શાલિભદ્ર--શલોકો

આ નામની બે કૃતિ છે. તેમાંની એક તે જૈ. ગૂ. ક. (ભા. ૩, ખં ૨, પૃ. ૧૪૩૯)માં ઉલ્લેખાયેલી અને વિ. સં. ૧૭૮૧માં કનકપ્રિયના શિષ્ય સિંહે રચેલી કૃતિ છે. એમાં ૧૪૭ ગાથા છે અને એ રત્નસાગરમાં પ્રકાશિત છે, પણ મારા જોવામાં એ આવેલ નથી. શલોકાના નામ ઉપરથી એમ લાગે છે કે એ શાલિભદ્રને અંગે રચાયેલ છે.

બીજી કૃતિના લેખક અને તેમ નહિ હોય તો સંશોધક ઋષિ ખોડાજી છે. એમાં

"સરસતિ માતા તમ પાયે લાગુ, કહેવા 'સલોકો' વરદાન માગું,
શાળિભદ્રનો કહું રે સલોકો, એક મને કરિ સાંભળજો લોકો.૧"

આ ઉપરથી આ શાળિભદ્રને ઉદ્દેશીને રચાયેલો 'સલોકો' છે એ વાત સ્પષ્ટ થાય છે. અંતિમ કડી નીચે પ્રમાણે છે:—

"એહ 'સલોકો' સુણે ને ગાય, તેહનાં પાતક દુર પલાય
એહ 'સલોકો' શોધી શુદ્ધ કીધો, ઋષિ ખોડાજીનો મનોરથ સીધ્યો. ૪૨"

આમ આ કડીમાં આ કૃતિને સલોકા તરીકે ઓળખાવાઈ છે. આ કૃતિ સંપૂર્ણ-તયા "શ્રી જૈન સજ્ઝાયમાળા" (ભા. ૨)માં છપાયેલી છે.

[૨૨] સિદ્ધાચળ-શલોકો

આ **અમરવિજય**ની કૃતિ છે. એમાં ૧૪૧ કડી છે, એની છેલ્લી કડીમાં "સલોકો સારો સિદ્ધાચલ કેરો" એવી પંક્તિ છે. એ ઉપરથી મેં આ નામ યોજ્યું છે. એની બીજી કડી "સંઘવી પ્રેમજીનો કહું રે સલોકો" એ પ્રમાણે શરૂ થાય છે. એ ઉપરથી આને આપણે "સંઘવીનો શલોકો" એ નામે પણ ઓળખાવી શકીએ. આ સંઘવીએ સુરતથી સિદ્ધાચળનો સંઘ કાઢ્યો હતો અને એનું વર્ણન આ શલોકામાં છે. આ શલોકો છપાયેલો છે એ વાત આપણે પહેલાં નોંધી ગયા છીએ.

આ પ્રમાણે બાવીસ શલોકા વિષે અંગુલીનિર્દેશ પૂરો થવા આવે છે એટલે એમાંથી ફલિત થતા કેટલાક મુદ્દાઓ હું રજૂ કરું છું.—

(૧) વિવેકવિલાસ-શલોકો તેમજ ક્રોધ, માન, માયા અને લોભને લગતો એકેક શલોકો એ કોઈ વ્યક્તિને ઉદ્દેશીને નથી, જ્યારે બીજા બધા શલોકા પૌરાણિક કે ઐતિહાસિક વ્યક્તિઓ સાથે સંબદ્ધ છે.

(૨) જૈન તીર્થંકરો પૈકી પહેલા, બાવીસમા અને તેવીસમા તીર્થંકરોને લગતા શલોકા છે. તેમાં બાવીસમા તીર્થંકરને અંગે પાંચ કૃતિઓ છે અને તેવીસમાને અંગે બે કૃતિઓ છે.

(૩) જંબૂસ્વામી-શલોકો, જુદા તપાસીનો શલોકો, પાર્શ્વનાથ-શલોકો, લોંકશાહ-શલોકો, વિજયક્ષમાસૂરિ-શલોકો, વિમલમંત્રી-શલોકો, શંખેશ્વર-શલોકો, અને શાલિભદ્ર-શલોકો એ નામની બે કૃતિઓ તેમ જ સિદ્ધાચલ-શલોકો એમ દસ કૃતિઓ ઐતિહાસિક વ્યક્તિઓ સાથે સંબંધ ધરાવે છે.

(૪) **વિમલમંત્રીનો શલોકો સૌથી મોટો હોય એમ લાગે છે.**

(૫) **વિક્રમની અરાઢમી સદીની પૂર્વે કોઈ શલોકો રચાયેલો હોય તો તે હજી સુધી ઉપલબ્ધ થયો નથી.**

(૬) **શલોકા રચનારામાં મુનિવર્ગનો મુખ્ય ફાળો છે**

(૭) **અહીં અપાયેલા બાવીસે શલોકામાંથી મોટો ભાગ અપ્રસિદ્ધ હોય એમ જણાય છે. જો તેમ હોય તો આ બધા શલોકા સમીક્ષાત્મક પદ્ધતિએ પ્રકાશિત થવા જોઈએ. કોઈ વિદ્યારસિક વ્યક્તિ કે સંસ્થા આ દિશામાં સત્વર પગલાં ભરે એ અભિલાષા પૂર્વક વિરમું છું.**

ગોપીપુરા, સુરત, તા. ૨૫-૪-૪૬

જૈન દર્શન

લેખક—**શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસી**

આજના વાતાવરણમાં વાચનની અભિરુચિ વધી છે, છતાં ધાર્મિક જ્ઞાન મેળવવાની વૃત્તિ કે એ સંબંધી જાણવાની ઇચ્છા બહુ ઓછા પ્રમાણમાં દેખાય છે. જે શિક્ષણ-પ્રણાલી પ્રચલિત છે એને અંગે વિદ્યાર્થીના મગજ પર બીજા અભ્યાસનો બોજો વધુ રહે છે એ જેમ એક કારણ છે, તેમ બીજા કારણ તરીકે આપણાં ધાર્મિક પુસ્તકોની રચના જૂની પદ્ધતિની હોઈ, જલદી સમજી ન શકાય તેવી છે એને પણ લેખી શકાય. જો કે ધીમે ધીમે ચાલુ કામને અનુરૂપ પુસ્તકો, તત્ત્વજ્ઞાન ઉપર અજવાળું પાડવામાં સહાય કરી શકે એવાં, જુદી જુદી વ્યક્તિઓ તરફથી પ્રગટ થતાં રહ્યાં છે અને એથી લાભ પણ થયો છે. એ દૃષ્ટિથી પૂજ્ય આચાર્ય મહારાજ સદ્ગત શ્રી વિજયધર્મસૂરિજીકૃત 'જૈન તત્ત્વજ્ઞાનમ્' નામા સંસ્કૃત પુસ્તકનો ભાવાર્થ જેમ બને તેમ ટૂંકાણમાં રજુ કરવામાં આવે છે, જે ઉગતી પ્રજામાં જ્ઞાનરુચિ જન્માવશે એવી આશા છે.

પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજ નીચે પ્રમાણે છ દર્શન ગણાવે છેઃ બૌદ્ધ, નૈયાયિક, સાંખ્ય, વૈશેષિક, જૈમિની અને જૈન. એમાંના છેલ્લા 'જૈનદર્શન' પરત્વે અહીં સંક્ષિપ્ત દિગ્દર્શન કરવાનું છે.

'જૈન દર્શન'ના પ્રકાશક રાગદ્વેષાદિ આંતરિક રિપુઓને જીતનાર એવા 'જિન' છે. અર્હન્, સ્યાદ્વાદી, તીર્થંકર એવા 'જિન'નાં બીજા પણ નામો છે એ પ્રકારના ગુણનિષ્પન્ન નામોને લઈ જૈન દર્શન 'અર્હત્પ્રવચન' સ્યાદ્વાદમત' કે 'અનેકાંતદર્શન' તરીકે પણ ઓળખાય છે.

આ દર્શનમાં નવ પદાર્થ યાને નવ તત્ત્વો મુખ્યપણે દર્શાવવામાં આવ્યાં છે. એનાં નામ--જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ છે. એમાં પણ મુખ્યતા જીવ-અજીવ રૂપ બે તત્ત્વને વરે છે. ચેતના લક્ષણવાળો જીવ કહેવાય છે. ચૈતન્ય એટલે જ્ઞાનોપયોગ. સારીયે સૃષ્ટિમાં જ્યાં જ્યાં ચેતનપણું દેખાય છે ત્યાં ત્યાં જીવોનો સદ્ભાવ છે. ચેતના રહિત જે જે છે એ સર્વ જડ યાને અજીવ કહેવાય છે.

જ્યાં સુધી અનાદિ કાળથી જીવ કર્મનાં આવરણોથી ઢંકાયેલો છે ત્યાં સુધી એની સ્થિતિ વાદળાંથી આવૃત્ત થયેલા સૂર્ય જેવી છે. વાદળાં ખસી જતાં જેમ સૂર્ય પોતાની સર્વ કળાએ પ્રકાશી ઊઠે છે તેમ જીવ સર્વ પ્રકારનાં કર્મોથી મુક્ત થતાં પોતાના જ્ઞાન દર્શન આદિ મૂળ ગુણો દ્વારા સકળ વિશ્વનો જ્ઞાતા-દૃષ્ટા બની જ્યાંથી પુનઃ અવતાર લેવાનો નથી, અગર તો ફરીથી સંસારમાં આવી જન્મ ધારણ કરવાપણું નથી, એવા સિદ્ધિ સ્થાનમાં કાયમનો નિવાસ કરે છે.

આ રીતે જીવોના સર્વ પ્રથમ બે ભેદ થાય છેઃ મુક્ત જીવો અને સંસારી જીવો.

મુક્ત જીવો સંબંધમાં ઉપર સામાન્ય ઇશારો કર્યો, વધુ વિગત અંત ભાગે વિચારીશું.

સંસારી જીવો કે જે કર્મોથી ઘેરાયેલા છે એના મુખ્ય બે ભેદ છેઃ ૧. સ્થાવર અને ૨. ત્રસ. સ્થાવર પૃથ્વી, જળ, તેજ, વાયુ અને વનસ્પતિરૂપ પાંચ છે. ત્રસ બિ, તિ, ચઉ અને પંચ-ઇંદ્રિય યુક્ત ચાર પ્રકારે છે. ઘર્ષણ-છેદન આદિથી જેમનો સ્વભાવ અચેતન થવાનો છે છતાં જેઓમાં નિમ્ન ઉદાહરણથી ચેતનત્વની પ્રતીતિ સહજ થઈ શકે છે એવા

પૃથ્વી આદિ પાંચ પ્રકારમાં માત્ર સ્પર્શ ઇંદ્રિય હોવાથી તેઓ એકેન્દ્રિય તરીકે ઓળખાય છે. એમાં પાછા બે ભેદ પડે છે. સૂક્ષ્મ તથા બાદર બાદર=સ્થૂલ. સૂક્ષ્મ એકેંદ્રિય જીવો સકલ લોકમાં વ્યાપેલા છે. બાદર એકેંદ્રિય જીવો અમુક નિયત સ્થાનમાં જ હોય છે. પૃથ્વીકાયમાં પર્વત, પરવાળા વગેરેનો સમાવેશ થાય છે, જેમાં હાનિવૃદ્ધિ થતી નજરે જોવાય છે, એ જીવત્વની નિશાની છે. જળ તરીકે દરિયાના પાણીનો ઘૂઘવાટ, કુવામાં આવતી નવી સેરો જીવપણું સિદ્ધ કરે છે. તેજ યાને અગ્નિના જીવોમાં સામગ્રીના સદ્‌ભાવે વૃદ્ધિ, અભાવે ક્ષીણતા થતી જોઈ શકાય છે, એ જીવદશાની નિશાની છે. વાયુના હલન-ચલનથી એના જીવત્વ અંગે શંકા ધરવાપણું નથી રહેતું. એ જીવોના ઉત્પાત અંગે ઉદ્‌ભવતા વા, વંટોળ કે મોટાં તોફાનો એ તો અનુભવનો વિષય છે. આજના વિજ્ઞાનયુગમાં શ્રી. જગદીશચંદ્ર બોઝની અને ત્યાર પછીની શોધોથી વનસ્પતિમાં જીવ છે એ વાત પુરવાર કરવાનું બાકી રહેતું જ નથી. સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારતાં પૃથ્વી આદિ પાંચે કાય યાને સમૂહમાં જીવત્વ રહેલું છે એ સહજ સમજાય છે.

એકેંદ્રિયની દૃષ્ટિએ જેઓ ઓછા ક્ષેત્રમાં જોવાય છે અને પચેંદ્રિયની દૃષ્ટિથી જેમનામાં ઇંદ્રિયની વિકલતા યાને ઓછાશ છે તે જીવો વિકલેંદ્રિય કહેવાય છે. ત્રસના ચાર પ્રકારમાં તેઓ ગણાય છે, તે નીચે મુજબ-બે ઇંદ્રિય સ્પર્શ રસના યુક્ત, શંખ કોડા પોરા ચંદનગવી. ત્રિઇંદ્રિય સ્પર્શ રસના ઘ્રાણ યુક્ત. કુંથુ-માકડ-ઇન્દ્રગોપાદિ. ચોઇંદ્રિય -ઉપરની ત્રણ સાથે ચોથી ચક્ષુ મેળવતાં ચાર ઇંદ્રિયવાળા જીવોમાં ભમરા, માખો, વીંછી, પ્રમુખ જાણવા. સ્પર્શ રસના નાક નેત્ર અને કાન રૂપ પાંચ ઇંદ્રિયવાળા જીવો પચેંદ્રિય કહેવાય છે અને તેમના ચાર પ્રકાર છે—

૧ તિર્યંચ, ૨ મનુષ્ય, ૩ નારકી, ૪ દેવતા. માછલાં, મગર, હાથી, સારસ, હંસ, આદિનો સમાવેશ તિર્યંચમાં થાય છે. બીજા પ્રકારમાં સમાઈ જતાં મનુષ્યો તો આપણી નજર સામે છે. માનવલોકના હેઠળના ભાગમાં વસનારા તે નારકાના જીવો છે અને મુખ્યતયા એ માનવલોકના ઉપરના ભાગે વસનારા દેવો એ ચોથા પ્રકારમાં છે. ભવનપતિ આદિ દેવો અધોલોકમાં પણ વસે છે. આ રીતે સામાન્ય જ્ઞાન સંસારી જીવો સંબંધમાં થયું ગણાય. જીવોની ઉત્પત્તિની દૃષ્ટિએ આ ત્રણ શબ્દો ખાસ જાણવા જેવા છે—૧ ઉપપાતજા, ૨. ગર્ભજ ૩. સંમૂર્છિમ. દેવ તથા નારકીના જીવો અનુક્રમે શય્યા તેમ જ વજ્રકુંડીમાં ઉપજતાં હોવાથી ઉપપાતજા કહેવાય છે.

ગર્ભમાં ઉત્પન્ન થાય તે ગર્ભજ. મનુષ્ય અને તિર્યંચ યોનિમાં એ રીતે જીવો ઉત્પન્ન થાય છે. સમૂર્છિમની ઉત્પત્તિમાં ગર્ભજની માફક પુરુષ અને સ્ત્રી જાતિના સંયોગની જરૂર રહેતી નથી. મનુષ્યના શ્લેષ્મ-મૂત્ર આદિ ચૌદ સ્થાનકે અંતર્મુહૂર્તના આયુષ્ય વાળા જે જીવો ઉત્પન્ન થાય છે તે સંમૂર્છિમ મનુષ્ય કહેવાયછે. તિર્યંચ યોનિમાં પણ સમૂર્છિમ જીવો ઉત્પન્ન થાય છે. પણ તેમનું આયુષ્ય અંતર્મુહૂર્તનું જ હોય એવો નિયમ નથી. વિકલેંદ્રિય જીવો સમૂર્છિમ જ હોય છે.

દેવયોનિમાં દેવ અને દેવી એમ બે જાતિ હોય છે, નારકયોનિમાં સર્વ નપુંસક જ હોય છે. તિર્યંચ અને મનુષ્યમાં પુરુષ, સ્ત્રી અને નપુંસક એમ ત્રણ પ્રકાર છે; પણ સંમૂર્છિમ જીવો તો નપુંસક જ હોય છે.

જીવોનાં શરીર પાંચ પ્રકારનાં કહ્યાં છે—૧ ઔદારિક, ૨ વૈક્રિય, ૩ આહારક, ૪ તૈજસ અને ૫ કાર્મણ. આપણી ચક્ષુ સામે જે શરીર દૃષ્ટિગોચર થાય છે એ ચામડાના દેહને ઔદારિક તરીકે ઓળખાય છે. વૈક્રિય શરીર જાત જાતના ફેરફારો થઈ શકે તેવું હોય છે. આહારક શરીરની ઉત્પત્તિ વિદ્યાના બળથી કરી શકાય છે. તૈજસ શરીર દ્વારા જ ભક્ષણ કરાતો આહાર પચાવાય છે અને કાર્મણ શરીર તો આત્મા સાથે દૂધ ને પાણી માફક જે કર્મસમૂહ મળ્યો છે તે સમૂહનું નામ છે. આહારક તથા તૈજસ કાર્મણ મળી ત્રણ શરીરો સર્વ તિર્યંચ મનુષ્યોને હોય છે. દેવ, નારકમાં ઔદારિકના બદલે વૈક્રિય શરીર હોય છે. વિશેષતા એટલી છે કે મનુષ્ય લબ્ધિના બળે વૈક્રિય શરીર રચી શકે છે. આહારક રચવાની શક્તિ તો જ્ઞાનબળથી સકલ પદાર્થના જ્ઞાતા એવા ચૌદપૂર્વીમાં જ હોય છે અને એ મહાત્માઓ કોઈ સૂક્ષ્મ પદાર્થ અંગેની શંકાના નિવારણ અર્થે સર્વજ્ઞ પ્રભુ પાસે જવામાં કરે છે. પરભવ જતાં જીવને પણ તૈજસ કાર્મણ રૂપ શરીર યુગલ હોય છે જ. એના બળવડે જ જીવ ભવાંતરમાં ગતિ કરે છે.

આ રીતે આપણે જીવ સંબંધી સામાન્ય માહિતી મેળવી.

જીવ કહો કે આત્મા કહો એમાં કંઈ ફેર નથી. ઉભય સમાન અર્થવાચી શબ્દો છે. જો કે વ્યુત્પત્તિના આધારે અર્થકરણમાં એને જુદી રીતે ઘટાવાય છે. આત્માની વ્યાખ્યા બાંધતા કહેવામાં આવ્યું છે કે—'જે કર્મનો કર્તા છે, તેમ જ એના ફળનો ભોક્તા છે, જુદી જુદી ગતિમાં સંક્રમણ કરે છે અને કર્મસમૂહનો સદંતર નાશ કરતાં નિર્વાણ પામે છે અર્થાત્ સંપૂર્ણપણે આત્મસાક્ષાત્કાર કરે છે યાને પોતાના મૂળ ગુણમાં સ્થિત થાય છે તેનું નામ 'આત્મા' છે.

જેઓ 'જીવ' પદાર્થમાં માનતા જ ન હોય એમને માટે બંધ-મોક્ષ આદિ અન્ય તત્ત્વની વાતો નકામી છે. જગતની વિચિત્રતા જે નજરે ચઢે છે-રાય-રંક, ગરીબ-તવંગર, સુખી-દુ:ખી, બળવાન-નિર્બળ, તંદુરસ્ત-રોગી આદિ જે જોડલાં દેખાય છે એ પાછળ બારીકાઈથી વિચારણા કરવામાં આવે તો સહજ સમજાય તેમ છે, કે એ વિલક્ષણતા કોઈ અન્ય ચીજને આભારી છે.

એ અન્ય ચીજનું નામ જ 'કર્મ' છે. આ કર્મનો યોગ જીવને ક્યારે થયો એ કલ્પી શકાય તેમ નથી. ખાણમાં પેદા થતાં સુવર્ણ સાથે માટી આદિના મિશ્રણની માફક જીવ સાથેનો કર્મનો મેળાપ અનાદિ છે. આ જોડાણ સરિતાના પ્રવાહ સમુ છે. એમાં જુદાં જુદાં નિમિત્ત મળતાં વૃદ્ધિ-ક્ષય થતો રહે છે. અને પૂર્ણ ઉપચાર કરવાથી જેમ સોનું સર્વથા કચરા વિહૂણું થઈ શુદ્ધ બને છે તેમ જીવ પણ કાયમને માટે કર્મ રહિત બની જાય છે. આત્માની એ નિર્મળ દશાનું નામ જ સિદ્ધઅવસ્થા.

બીજ જે સંપૂર્ણપણે બળી ગયું હોય છે એને ફરીથી ઉગાડવાનો પ્રયત્ન કરાય તો તે નકામો જાય છે, કેમ કે એમાં ઊગવાની શક્તિ નથી, એ રીતે કર્મબીજનો જડમૂળથી નાશ કરાય તો ભવભ્રમણ રહેતું જ નથી. એ કર્મનો સમાવેશ બીજા 'અજીવ' તત્ત્વમાં થાય છે.

(ચાલુ)

ઉપાધ્યાય શ્રીવિનયવિજયજીવિરચિત

'ઇન્દુદૂત'

[એક જૈન ખંડકાવ્યનો ટૂંક પરિચય]

લેખકઃ—પૂજ્ય મુનિ મહારાજ શ્રી ધુરંધરવિજયજી

ખંડકાવ્યનું સ્વરૂપ ને તેની ઉપાદેયતા

'ઇન્દુદૂત' એ એક ખંડકાવ્ય છે. ખંડકાવ્ય એટલે મહાકાવ્યના એક અંગનું વિસ્તારપૂર્વકનું વર્ણન. મહાકાવ્યમાં શૃંગાર, વીર અને શાન્તમાંથી કોઈ પણ એક રસ પ્રધાન; ને પ્રસંગે પ્રસંગે વિવિધ રસોનું પોષણ; એક મુખ્ય નાયક; દેશ–નગર–નીતિ–ઋતુ વગેરેનું વર્ણન; આઠથી વધારે સર્ગો; કોઈ એક સર્ગમાં જુદા જુદા છન્દો; યમક-ખડ્ગ-બન્ધ-ચક્રબન્ધ-ધનુર્બન્ધ વગેરે બન્ધો; શરૂઆતથી સમાપ્તિ સુધી એક સરખો રસ જળવાઈ રહે, વિરસપણું ન ઉપજે ઇત્યાદિ હોય છે જ્યારે ખંડકાવ્યમાં તેમાંના કોઈ પણ એક ભાગનું વિશદ વર્ણન હોય છે. આદિથી અન્ત સુધી પ્રાયઃ એક જ છન્દ હોય છે. કોઈ કોઈ સ્થળે અન્તમાં બે ચાર સૂક્તો જુદા છન્દમાં હોય છે. મહાકાવ્ય મોટી નવલકથા સરખું છે તો ખંડકાવ્ય નવલિકા–ટૂંકી વાર્તા સમાન છે.

મહાકાવ્યથી ભિન્ન ભિન્ન વિષયોની સમજ જે એક સાથે પડે છે તે તેમાંના એક એક વિષયની વિશદ સમજ ખંડકાવ્યથી પડે છે. અર્થાત્ મહાકાવ્યના કોઈ પણ એક અંગને વિસ્તારથી જાણવા માટે ખંડકાવ્ય જ વિશેષ ઉપાદેય છે.

દૂતકાવ્યનું સ્વરૂપ

ખંડકાવ્યો અનેક પ્રકારનાં હોય છે, છતાં સૌથી વિશેષે મળી આવતાં ખંડકાવ્યો દૂતકાવ્યો જ છે. સેંકડોની સંખ્યામાં દૂતકાવ્યો રચાયાં છે. દૂત—સંદેશવાહક, ખબર-સમાચાર લઈ જનાર. જુદે જુદે સ્થળે રહેલા સંસારી આત્માઓને અરસપરસ સમાચારની લેવડદેવડ કરવાના પ્રયોજનો ગણનાતીત હોય છે. તેવા અસંખ્ય પ્રયોજનો વશ લખાતા લેખોને મુખ્યત્વે સાત વિભાગમાં વહેંચી શકાય છે. ૧. વ્યાપારલેખ, ૨. મદન–કામદેવ–લેખ, ૩. સ્નેહલેખ, ૪. રોષલેખ, ૫, શોકલેખ, ૬ આનન્દલેખ અને ૭ ધર્મલેખ—એમ સાત પ્રકારે સન્દેશ મોકલવામાં આવતા લેખો છે તેમાં—

(૧) **વ્યાપારલેખ**—વ્યવહારિયાઓ-વ્યાપારીઓ વસ્તુના ક્રય વિક્રયને અંગે–માલની લેણાદેણી માટે જે પત્રવ્યવહાર કરે છે–સન્દેશ પાઠવે છે તે વ્યાપારલેખ કહેવાય છે. આજ પણ વ્યાપાર માટે પત્રવ્યવહાર મોટા પ્રમાણમાં ચાલે છે.

(૨) **મદન–કામદેવલેખ**—વિષય રાગથી વિહ્વલ બનેલાં નાયક–નાયિકા વગેરે કામિઓ જે એક બીજા ઉપર લેખ મોકલાવે તે અનંગ લેખ કહેવાય છે. નાયક કે નાયિકા સામા પક્ષ ઉપર દૂતીદ્વારા જે સન્દેશ પાઠવે છે તેનો પણ આમાં જ સમાવેશ થાય છે. કાવ્યોમાં આવા અનંગ–મદન–લેખોનું અનેક સ્થળે ચિત્રણ આવે છે. કોઈ કોઈ સ્થળે વન ઉપવનમાં વિહરતા વિલાસીઓ પ્રણયીજન ઉપર કમળના પત્ર પર કે અન્ય કોઈ વૃક્ષના સુકોમળ પાંદડા પર લાકડાની સળીથી, નખથી કે છેવટ કંઈ પણ સાધન ન હોય

તો આંગળીમાંથી રક્ત—લોહી કાઢીને તેથી પ્રણય-સન્દેશ જણાવે છે. મદનલેખનો એક સુમનોરમ પ્રસંગ કવિ કાલિદાસે 'અભિજ્ઞાનશાકુન્તલ'માં ત્રીજા અંકમાં નિરૂપ્યો છે.

(૩) **સ્નેહલેખ**—સ્વજન સમ્બન્ધીઓ એક બીજા ઉપર જે કુશલ સમાચાર જણાવે છે, તે સ્નેહલેખ કહેવાય છે. વ્યવહારમાં ઘણા એવા કાગળપત્રો લખાય છે.

(૪) **રોષલેખ**—આ લેખ મોટે ભાગે રાજાઓ લખે છે. એક રાજા બીજા રાજાને પોતાની સત્તા મનાવવા માટે દૂત મોકલે છે, લેખ લખે છે. તેમાં પોતાનાં પ્રાબલ્ય—શક્તિ સત્તામદ ભભૂકતાં હોય છે, અને સામા ઉપર તિરસ્કાર કાંઇક કાંઇક બતાવેલ હોય છે. છેવટ આજ્ઞા ન સ્વીકારે તો યુદ્ધનું આહ્વાન—આમંત્રણ હોય છે. રાજકથામાં રસ લેતા લોકોને આ લેખ સુવિદિત છે.

(૫) **શોકલેખ**—આ લેખ પોતાના પરિચિતોને નિજદુઃખની હકીકત જણાવવા માટે લખાય છે. પોતે કે પોતાના સ્વજનો માંદા હોય, અન્ય કાઇ આપત્ હોય તે સર્વ આ લેખમાં આવે છે. મરણના સમાચાર (કપડાં ઉતારીને વાંચજો જેવા) કાળી શાહીથી આ લેખ જણાવે છે.

(૬) **આનન્દલેખ**—આ લેખમાં હર્ષ—આનન્દના ખબર આપવામાં આવે છે. વિવાહ—સીમન્ત-પુત્રજન્મ વગેરે સમાચારો કુંકુમ છાંટેલા છાંટા લાલ સ્યાહીથી આ લેખમાં જણાવવામાં આવે છે

(૭) **ધર્મલેખ**—ધાર્મિક પ્રસંગો એક બીજાને જણાવવા માટે આ લેખ લખવામાં આવે છે. મુનિઓને પૂર્વ જ્ઞાનનું અધ્યયન કરાવવા માટે શ્રી શ્રવણ સંઘે ચતુર્દશ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીજી ઉપર સન્દેશ મોકલ્યો હતો તે ધર્મલેખ. 'અમો વાદિ કુમુદચંદ્ર સાથે વાદ માટે ત્યાં આવીએ છીએ વગેરે' સન્દેશ શ્રી વાદિ દેવસૂરિજી મહારાજે પાટણના શ્રીસંઘ ઉપર મોકલ્યો હતો તે પણ ધર્મલેખ. એ સિવાય મુનિઓને જ્યાં ચતુર્માસ રહેવાનું હોય, શ્રીસંઘને જે મુનિઓને રાખવાના હોય તે સંઘ-સંત મુનિવરો પોતાના ગુરુમહારાજ ઉપર—ગચ્છનાયક ઉપર પત્ર લખે આજ્ઞા મેળવે; શ્રી પર્યુષણા પર્વની આરાધના, સાંવત્સરિક્ષમાપના, વગેરેના સન્દેશા એક બીજા ઉપર મોકલાવે; અન્ય પણ શાસનપ્રભાવનાનાં કાર્યોના સમાચાર અરસપરસ જણાવે; કેટલાએ ધાર્મિક વ્યવહાર આદિના પ્રશ્નોના ખુલાસા મેળવે વગેરે સર્વ ધર્મલેખો કહેવાય છે.

આ સાતે પ્રકારના લેખોનું ટૂંક સ્વરૂપ ઉપાધ્યાયજી શ્રીવિનયવિજયજી મહારાજે 'આનન્દલેખ'માં ટૂંકમાં જણાવ્યું છે. તે આ પ્રમાણે—

स सप्तधा लेख उदीरितो ह पृथक्पृथक्कार्यकलापदर्शी ।
व्यापारलेखः १ कुसुमेषुलेखः २, स्नेहस्य लेखः ३, स्फुटरोषलेखः ४ ॥
शोक ५ प्रमोद ६ प्रभवौ च लेखौ, यो धर्मलेखः ७ स च सप्तधा स्यात् ।
तत्रादिमो यो व्यवहारिलोकैः संलिख्यते कामिजनैर्द्वितीयः ॥
भवेत् तृतीयः स्वजनैर्मिथो य—स्तुर्यो विपक्षक्षितिनायकाभ्याम् ।
स पञ्चमो यः स्वजनार्तिशंसी, षष्ठो विवाहादिषु लिख्यते यः ॥
अयं पुनः सप्तम एव लेखो, लेखेषु सर्वेष्वपि सार्वभौमः ।
पदे पदे पुण्यफलोदयेन, यतः परेह च धर्मसिद्धिः ॥

स्वस्तीति बीजं जिनवर्णनं च, मूलं पुरीवर्णनमेव शाखाः ।
पुष्पाण्युवन्ता गुरुवर्णनं च, फलं लसल्लेखसुरद्रुमेऽस्मिन् ॥
लेखो हि प्रायः पिशुनेभ्यो रक्षणार्थः सज्जनेभ्यश्च दर्शनीयः ।

દૂતકાવ્ય લખવાની પ્રણાલિ કાળજૂની છે. મહાકવિ કાલિદાસ પૂર્વનાં પણ દૂતકાવ્યો ઉપલબ્ધ થાય છે. તો પણ દૂતકાવ્યો લખવાનો વિશેષ પ્રચાર મહાકવિ કાલિદાસ પછી થયો છે. મહાકવિ કાલિદાસનું 'મેઘદૂત' આજ પણ દૂતકાવ્યોમાં પ્રથમ સ્થાન અનુભવે છે. મેઘદૂતની પાદપૂર્તિરૂપે પણ અનેક કાવ્યો રચાયાં છે.

આ 'ઇન્દુદૂત' એક ધર્મલેખ છે તેની રચના મેઘદૂતને મળતી છે. આગળ ઉપર તેનું સામ્ય બતાવવામાં આવશે.

દૂતકાવ્યોમાં દૂત તરીકેની પસંદગી મોટે ભાગે ગગનવિહારિઓની કરવામાં આવે છે. ઘણુંખરું પક્ષિઓ, પવન, ભાનુ, ચન્દ્ર, મેઘ વગેરે હોય છે. મન–ચિત્ત પણ દૂત કરાય છે. વસ્તુસ્થિત્યા જે શીઘ્રે જઈ શકે તે દૂત કરાય છે.

'ઇન્દુદૂત'નું રચનાબીજ

જિનવર–ગણધર ભગવંતોના વિરહે અર્હત્ સામ્રાજ્યના સમ્રાટ્ આચાર્ય મહારાજાઓ છે. શાસનનું સુકાન સૂરિ ભગવંતોના હાથમાં છે. નાયકની કૃપાદૃષ્ટિ ઉપર અનુયાયીના વિકાસનો આધાર છે. વિનીત અનુયાયિઓ ઉપર નાયકોની કૃપા સહજ રહે છે. અઢારમી સદીના પૂર્ણપ્રતાપી પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયપ્રભસૂરિજી મહારાજની કૃપા સમ્પાદન કરવા 'ઇન્દુદૂત' રચાયેલ છે.

પ્રસંગ એમ હતો કે તપાગચ્છની પાટે પૂજ્ય શ્રી વિજયહીરસૂરિજી મહારાજ પછી પૂજ્ય શ્રી વિજયસેનસૂરિજી મહારાજ આવ્યા. ત્યાર બાદ તપાગચ્છમાં કેટલાએક અરસ-પરસના વિરોધોને અંગે બે શાખા પડી· મૂળ ચાલી આવતી શાખામાં પૂ. વિજયસેન-સૂરિજી મહારાજની પાટે પૂજ્ય શ્રી વિજયદેવસૂરિજી મહારાજ પધાર્યા, ને જુદી પડેલી શાખામાં શ્રી વિજયતિલકસૂરિજી મ. ને તેમની પાટે શ્રી વિજયાનંદસૂરિજી મ. થયા. આ બન્ને શાખાઓ અનુક્રમે દેવસૂરગચ્છ અને આણસૂરગચ્છ નામે પ્રસિદ્ધ થઈ.

કેટલીયે આન્તરિક ખટપટોને કારણે તે સમયે મુનિઓ આ શાખામાંથી તે શાખામાં ને તે શાખામાંથી આ શાખામાં જતા આવતા હતા.

આ 'ઇન્દુદૂત' કાવ્યના કર્તા પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી વિનયવિજયજી મહારાજ મૂળ તો દેવસૂરગચ્છમાં જ હતા, પણ થોડો કાળ આણસૂરગચ્છમાં પણ રહ્યા હતા ને પુનઃ દેવસૂરગચ્છમાં આવી ગયા હતા.

અહીં પૂ. વિજયદેવસૂરિજી મ. ની પાટે પૂ. શ્રી વિજયસિંહસૂરિજી મહારાજ સ્થાપન થયા હતા. પરંતુ પૂ. દેવસૂરિજી મ. ની હયાતીમાં જ તેઓશ્રી કાળ કરી ગયા, એટલે પૂ. શ્રી વિજયપ્રભસૂરિજી મ. પાટે આવ્યા. પૂ. વિજયપ્રભસૂરિજી મ. પટ્ટ પર આવ્યા, એ કેટલા-એકને પ્રથમ તો પસંદ ન હતું, પણ પાછળથી તેમનું વર્ચસ્વ–પ્રતાપ જોઈ સર્વે તેમના શાસન નીચે આવ્યા હતા.

પૂ. વિનયવિજયજી મહારાજે આ 'ઇન્દુદૂત' કાવ્યદ્વારા આચાર્ય મ. પ્રત્યેની પોતાની પૂર્ણ ભક્તિ વ્યક્ત કરી છે. કાવ્યકલા માટેના અન્ય પ્રયોજનો તો 'ઇન્દુદૂત'ની રચનામાં છે જ.

'ઇન્દુદૂત'ના રચયિતા

આ કાવ્યકા કર્તા ઉપાધ્યાયજી શ્રી વિનયવિજયજી મહારાજ છે. ન્યાય, વ્યાકરણ, સાહિત્ય ને આગમ એમ ચારે પ્રકારની વિદ્યામાં તેઓશ્રી પ્રવીણ હતા. તે તે વિષયના તેઓશ્રીએ અનેક ગ્રન્થો ગૂંથ્યા છે. તેમની કવિત્વશક્તિ રોચક ને ગંભીર હતી. તેમણે અનેક દૂતકાવ્યો લખ્યાં છે, જેમાં 'ઇન્દુદૂત' મુખ્ય છે. સંસ્કૃત, પ્રાકૃત ને ગુજરાતી એમ ત્રણે ભાષામાં સુન્દર પદ્યરચના તેઓશ્રીને હસ્તગત હતી. જયદેવ કવિના ગીતગોવિન્દને મળતું શાન્તરસના અસ્ખલિત પ્રવાહને વહેવરાવતું 'શાન્તસુધારસ' કાવ્ય તે તેમની અપૂર્વ કાવ્ય કૃતિ છે. તેમની કૃતિઓ મોટે ભાગે લોકભોગ્ય છે. આજ પણ જનતા તેમની કૃતિઓનું રસપૂર્વક પઠન--પાઠળ અને વાચન કરે છે.

શ્રેષ્ઠી તેજપાલ અને સતી રાજશ્રીના તેઓ પુત્ર હતા. તેમણે બાલ્યવયમાં દીક્ષા ગ્રહણ કરી હતી. મહોપાધ્યાય શ્રી કીર્તિવિજયજી મહારાજ તેમના ગુરુ હતા. તે સમયના મહાતાર્કિક શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજી મહારાજને તેમના પ્રત્યે સ્નેહભાવ હતો એટલું જ નહીં પણ પૂજ્યભાવ પણ હતો. ગ્રન્થલેખનમાં એક બીજાનો પૂર્ણ સહકાર રહેતો ધર્મ-પરીક્ષા જેવો, શાસ્ત્રીય ગંભીર વિષયોને આગમ ને યુક્તિથી વિશદ કરતો, એક મહાગ્રન્થ ઉપાધ્યાયજી મહારાજે રચ્યો છે. તેમાં તેમણે પૂર્ણ મદદ કરી હતી, જે માટે ઉપાધ્યાયજી મહારાજ પોતે જ તે ગ્રન્થની પ્રશસ્તિમાં જણાવે છે:

> महोपाध्यायश्रीविनयविजयैश्चारुमतिभिः
> प्रचक्रे साहाय्यं तदिह घटनासौष्ठवमभूत् ॥
> प्रसर्पत्कस्तूरीपरिमलविशेषाद् भवति हि,
> प्रसिद्धः शृंगारस्त्रिभुवनजनानन्दजननः ॥१॥

એ સિવાય તેમની 'શ્રી શ્રીપાલરાસ' નામની કૃતિ અધૂરી હતી તે ઉપાધ્યાયજી મહારાજે પૂર્ણ કરી હતી, તે હકીકત પ્રસિદ્ધ જ છે. રાસની પ્રશસ્તિમાં ઉપાધ્યાયજી મહારાજે પોતે તેમને માટે જે લખેલ છે તે તે બન્ને વચ્ચેના સમ્બન્ધને સમજવા માટે ને તેમના ગૌરવને માટે પૂરતું છે—

> "સૂરિ હીરગુરુની કીરતિ, કીર્તિ-વિજય ઉવજ્ઝાયાજી,
> શિષ્ય તાસ શ્રી વિનયવિજયવર, વાચકગુણ સોહાયાજી;
> વિદ્યા વિનય વિવેક વિચક્ષણ, લક્ષણ લક્ષિત દેહાજી,
> સૌભાગી ગીતારથ સારથ, સંગત સખર સનેહાજી."

× × ×

> તાસ વિશ્વાસભાજન તસ પૂરણ, પ્રેમ પવિત્ર કહાયાજી,
> શ્રી નયવિજયવિબુધ પયસેવક, સુજસવિજય ઉવજ્ઝાયાજી;
> ભાગ થાકતો પૂરણ કીધો, તાસ વચન સંકેતેજી,
> તેણે વળી સમકિત દૃષ્ટિ નર, તેહ તણે હિત હેતેજી."

પૂ. શ્રી વિનયવિજયજી મહારાજનો ચારિત્રપર્યાય ઓછામાં ઓછો ૫૦ વર્ષનો હતો, તે તેમના બનાવેલ ગ્રન્થોના સંવતો ઉપરથી જાણી શકાય છે, ને તેથી તેમનું આયુષ્ય આશરે પોણોસો વર્ષ ઉપરનું હોવુ જોઈએ એમ લાગે છે.

તેમનો વિહાર મોટે ભાગે ગુજરાત--મારવાડ ને માળવામાં હતો. આ 'ઇન્દુદૂત' કાવ્ય લખ્યું ત્યારે તેઓશ્રી મારવાડમાં આવેલા જોધપુર નગરમાં ચતુર્માસ હતા.

"ઇન્દુદૂત"નો પરિચય

પ્રથમ શ્લોકમાં મંગલ અને પ્રતિજ્ઞા કરી પછી છ શ્લોકમાં જોધપુર નગરનું સુન્દર વર્ણન કરેલ છે. આઠમા શ્લોકમાં પોતે ત્યાં ચતુર્માસ રહ્યા છે ને ભાદ્રશુક્લા પૂર્ણિમાને દિવસે ચન્દ્રમાને દેખે છે. ૯મા શ્લોકથી ૩૦મા શ્લોક સુધી ૨૨ શ્લોકમાં ચન્દ્રમાનું સ્વાગત,કુશલપ્રશ્ન,દૂરદૂરથી આવેલાને વિશ્રામ ે ાનું કથન,તેનું ને તેના પરિવારનું પરોપકાર--પરાયણ વર્ણન વિશદ રીતે કરેલ છે. ૩૧મા શ્લોકમાં ગન્તવ્ય સ્થળનો નિર્દેશ કરેલ છે. ૩૨માથી ૮૫મા શ્લોક સુધી માર્ગવર્ણન છે. જોધપુરથી સુરત સુધીના માર્ગનું આ વર્ણન ભૌગોલિક દૃષ્ટિએ ઘણું મહત્ત્વનું છે. આજે પણ એ માર્ગે અવરજવર કરાય છે. માર્ગમાં સુવર્ણગિરિ, જાલોર, સિરોહી આબુ, અચલગઢ, સિદ્ધપુર, અમદાવાદ, વડોદરા ને ભરૂચ થઈને સુરત જવાનું સૂચવ્યું છે ને ઉપર જણાવેલ સર્વ સ્થળોનો સુન્દર પરિચય કરાવ્યો છે. જે ઐતિહાસિક દૃષ્ટિએ ઉપયોગી છે. આમાં સ્થળે સ્થળે કાવ્યછટા તરવરે છે.

ત્યારબાદ સુરતના સીમાપ્રદેશનું વર્ણન ૮૫મા શ્લોકથી શરૂ થાય છે. ૯૩મા શ્લોક સુધી તે છે. ૯૪મા શ્લોકમાં સુરતના કિલ્લાનું વર્ણન છે. ૯૫મા શ્લોકમાં ગોપી નામના સરોવરનું વર્ણન છે. ૯૬માથી ૧૦૦મા સુધી પાંચ શ્લોકમાં સુરતનું સુન્દર વર્ણન છે.

પછીથી સાત શ્લોકમા ગોપીપુરના ઉપાશ્રયનું, તેમાં વ્યાખ્યાનશાળા--સિંહાસન-પાદપીઠ વગેરેનું વર્ણન છે. ત્યારબાદ ૧૪ શ્લોકમાં પૂજ્ય શ્રી વિજયપ્રભસૂરિજી મહારાજનું ભક્તિપૂર્ણ વર્ણન છે. પછીથી પાંચ શ્લોકમાં તે પૂજ્યશ્રીનાં દર્શન કરી પાપપંક પ્રક્ષાલન કરવા તે પૂજ્યશ્રીના ગુણગાન શ્રવણ કરવા, અને એકાન્ત સમય જોઈને સન્દેશ જણાવવા ચન્દ્રમાને સૂચન કરેલ છે. છેવટના પાંચ શ્લોકમાં વિજ્ઞપ્તિ છે.

'મેઘદૂત'ને 'ઇન્દુદૂત'નું સામ્ય

એક તો 'મેઘદૂત' અને 'ઇન્દુદૂત' એ બન્ને એક જ છન્દમાં છે--બન્નેમાં મન્દાક્રાન્તા છન્દ છે. 'મેઘદૂત'ની માફક 'ઇન્દુદૂત'માં પણ પ્રસંગે અર્થાન્તરન્યાસોની સુન્દર ઘટના કરવામાં આવી છે. કેટલેક સ્થળે ભાવસામ્ય સુન્દર યોજાયેલ છે, જેમ કે—

आषाढस्य प्रथमदिवसे मेघमाश्लिष्टसानुं
वप्रक्रीडापरिणतगजप्रेक्षणीयं ददर्श ॥२॥ (मेघदूत)
साधु. सैष प्रहरविगमे भाद्राकारजन्याः
प्राचीशैलोपरिपरिगतं शीतरश्मिं ददर्श ॥८॥ (इन्दुदूत)
प्रीतः प्रीतिप्रमुखवचनं स्वागतं व्याजहार ॥४॥ (मेघदूत)
...कान्तं तमिति रजने. स्वागतं व्याजहार ॥९॥ (इन्दुदूत)
याञ्चामोघा वरमधिगुणे नाधमे लब्धकामा ॥६॥ (मेघदूत)
याञ्चाभंगे भवति लघुता नैव सा किन्त्वमुष्य ॥२७॥ (इन्दुदूत)

ઇત્યાદિ. માર્ગવર્ણન, માર્ગમાં આવતાં સ્થળોનો સુન્દર પરિચય તે સર્વ 'મેઘદૂત' સરખો જ છે.

એ સર્વ છતાં કલ્પના ને યોજના ગ્રન્થકારની સ્વતંત્ર છે. મેઘદૂત શૃંગારિક છે ને આ ભક્તિપૂર્ણ છે. છતાં વાંચતા 'મેઘદૂત'થી જરી પણ અલ્પ આનન્દ થતો નથી એ કવિની વર્ણન કરવાની ખૂબી છે.

'ઇન્દુદૂત'નું પ્રકાશન

આ 'ઇન્દુદૂત' સૌથી પ્રથમ નિર્ણયસાગર પ્રેસમાં મુદ્રિત કરાવીને પાંડુરંગ જાવજીએ કાવ્યમાલાના ૧૪મા ગુચ્છમાં પ્રકાશિત કરેલ છે. તે ઘણું જ અશુદ્ધ છપાયેલ છે. સંપાદક જૈનધર્મથી વિશેષ પરિચિત નહીં હોવાને કારણે ગ્રન્થકર્તાનું નામ પણ જાણી શકેલ નથી ને તે જ કારણે કાવ્યની નીચે એક ટિપ્પણ કરેલ છે કે—

एतद्ग्रन्थकर्तुर्नाम ग्रन्थवर्णनेन तु स्फुटं नोपलभ्यते पुस्तकमप्यस्याष्ट पत्रात्मकमेकं प्रायोऽशुद्धमुपलब्धम् ।

બીજું આત્માનન્દ સભા તરફથી પ્રસિદ્ધ થયેલ 'વિજ્ઞપ્તિત્રિવેણી'ની પ્રસ્તાવનામાં આ કાવ્યનો સુન્દર પરિચય આપવામાં આવ્યો છે.

ને ત્રીજું જૈન સાહિત્યવર્ધક સભા તરફથી ટૂંક સમયમાં પ્રકાશ કામની ટીકા સાથે સારા રૂપમાં પ્રકટ થનાર છે.

તેનો આસ્વાદ અને મહત્ત્વ તો તે કાવ્ય જોવાથી જ ખબર પડે. રસિકો તેને વાંચે, વિચારે ને કાવ્યકર્તાની જેમ ગુરુભક્તિ કેળવે એ જ અભિલાષા.

રામનગર સાબરમતી, સં. ૨૦૦૨ના ભાદ્રપદ શુક્લ નવમી, ગુરુવાર.

મૃગાપુત્રનો વૈરાગ્ય

લેખક—**પૂજ્ય મુનિમહારાજ શ્રીસુશીલવિજયજી**

૧ જન્મ, લગ્ન અને જાતિસ્મરણ જ્ઞાન

સ્વર્ગ સમ ભાસતું, નંદનવન સમ ઉદ્યાનોથી દીપતું, રાજમહેલો અને હવેલીઓથી શોભતું, વળી દેવાલયો અને ધર્મસ્થાનકોથી ગૌરવવંતુ અને ધન ધાન્યાદિકથી ભરપૂર એવું સુગ્રીવ નામનું પ્રસિદ્ધ નગર હતું. ત્યાં પ્રજાપ્રિય જૈનધર્મી બળભદ્ર નામે બળવાન રાજા રાજ્ય કરતો હતો. તેને શિલાદિ ગુણોથી અલંકૃત જૈનધર્મપરાયણા મૃગાવતી નામે પટ્ટરાણી હતી. મૃગાવતીએ એક પુત્રરત્નને જન્મ આપ્યો. રાજાએ પુત્રજન્મોત્સવ ઉજવી પુત્રનું નામ બળશ્રી પાડ્યું, પણ લોકમાં એ મૃગાપુત્ર તરીકે પ્રસિદ્ધિ પામ્યો. બીજના ચંદ્રની જેમ વૃદ્ધિ પામતો મૃગાપુત્ર કુમાર અવસ્થાને પામ્યો. અને વિદ્યા અને પુરુષની બહોંતેર કળા વગેરેમાં પ્રવીણ બન્યો. યુવાઅવસ્થા પ્રાપ્ત થતાં મૃગાપુત્રને બત્રીશ રાજકન્યાઓ સાથે પાણીગ્રહણ કરાવ્યું. દોગુંદક દેવની જેમ રાજમહેલમાં ભોગ વિલાસો ભોગવતો, નાટક-ચેટક નીરખતો, બત્રીશ રાજકુમારીઓનો ભરથાર મૃગાપુત્ર ધર્મનું આરાધાન કરતો વર્ષો વીતાવી રહ્યો છે.

એક સમયે નારીઓથી પરિવરેલો મૃગાપુત્ર રાજમહેલના ઝરૂખામાં બેસીને નગરનું નિરીક્ષણ કરી રહ્યો છે. ગ્રીષ્મઋતુના મધ્યાહ્નના સૂર્યે ભૂતલને ધખાધખતું કરી મૂક્યું છે. ભલભલાને પણ પગ મૂકતાં ફરફોલા ઊઠે એવી ભૂમિ તપી રહી છે. આવા સમયે પણ જંગમ કલ્પતરૂ સમા ષડ્જીવનિકાયના રક્ષક એક મુનિવર ઉઘાડા પગે અને ઉઘાડા માથે રાજમાર્ગ પર થઈને પસાર થઈ રહ્યા છે. તેમના દેહપર સૂર્યનાં કિરણો પ્રસ્વેદનાં બિન્દુઓને ટપકાવી રહ્યાં છે, અને બન્ને ચરણ દાઝી રહ્યા છે. ઉઘાડું મસ્તક ધખધખી રહ્યું છે. છતાં મુનિવર સમભાવે એ પરિસહ સહી રહ્યા છે. જાણે જૈની દીક્ષાનો સાક્ષાત અવતાર જ ન હોય! અને આવા સદ્ગુણના ભંડાર સમા મુનિવર પર દૃષ્ટિ પડતાં જ મૃગાપુત્રે હાથ જોડી મસ્તક નમાવી ભાવથી નમસ્કાર કર્યા. અને મુનિવરના દર્શન થતાં જ મૃગાપુત્રનો આત્મા હર્ષિત થયો, એટલું જ નહિ પણ આવું રૂપ મેં પૂર્વે ક્યાંઈક દીઠું છે, આવા મુનિને મેં ક્યાંઈક નિહાળ્યા છે, એમ તેનું હૃદય વિશેષ પ્રફુલ્લિત થવા લાગ્યું. આમ ઊહાપોહ થતાં મૃગાપુત્રને મૂર્છા આવતાં, પૂર્વ ભવને જણાવનારું જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. અને તે દ્વારા તેમણે પોતાનો પૂર્વ ભવ નિહાળ્યો; અહો! પૂર્વભવે મેં ચારિત્ર પાળ્યું હતું અને તે ચારિત્રના પ્રભાવથી હું દેવલોકમાં ઉત્પન્ન થયો હતો. અને ત્યાંથી ચ્યવીને અહીંયાં હું આવ્યો છું. બસ! હવે તો એ ચારિત્રમાર્ગમાં પ્રયાણ કરી મુક્તિનાં શાશ્વતાં સુખ મેળવું તો જ ખરો. હવે મારે આ સંસારના કાલ્પનિક સુખો ન જોઈએ, હવે તો માતાપિતાની અનુમતિ લઈ ચારિત્રના પુનિત પંથે પ્રયાણ કરી આત્મકલ્યાણ સાધી મુક્તિપુરીમાં પહોંચું એ જ આંતરિક અભિલાષા છે. આ રીતે મનમાં સંકલ્પ કરી મૃગાપુત્ર જ્યાં જનક–જનેતા છત્યા આવી પહોંચ્યો, અને બોલ્યો—

૨ પ્રવ્રજ્યા માટે માતા--પિતાને વિનંતિ

[૧] હે માતાપિતા! મને મારા પૂર્વ ભવનુ જાતિસ્મરણ જ્ઞાન દ્વારા દર્શન થયું છે. મે પૂર્વ ભવમાં પંચ મહાવ્રત પાળ્યાં છે. નરકગતિ અને તિર્યંચ ગતિનાં દુઃખો જે મેં ભોગવ્યાં છે તે પણ સાભરી આવ્યા છે. તેથી મારું મન સંસારથી ઉદ્વિગ્ન થયું છે, પ્રવ્રજ્યાના પંથે પ્રયાણ કરવાની મારી અભિલાષા છે. માત્ર આપની અનુમતિની જ રાહ છે.

[૨] હે માતા પિતા! મેં પૂર્વે કિંપાક વૃક્ષના ફળ પેઠે પ્રથમ ભોગવતાં મીઠા અને પરિણામે કટુ વિપાકવાળા અત્યંત દુઃખદાયક એવા ભોગો ભોગવ્યા છે.

[૩] હે માતાપિતા! આ દેહની ઉત્પત્તિ અશુચિમાથી જ થયેલી છે. આ દેહમાં આત્મા અલ્પ કાળ પર્યંત જ રહેવાનો છે. વળી આ દેહ જન્મ જરા તથા મૃત્યુ રૂપ દુઃખનું, અને રોગોનું ભાજન–ઘર છે. તેથી પાણીના પરપોટાની માફક ક્ષણભંગુર એવા આ દેહમાં લેશમાત્ર પણ હું રતિ પામતો નથી.

[૪] હે માતપિતા! મારે પણ પરવશપણે એક સમયે આ નગર, વાડી, ઘર, પુત્ર, સ્ત્રી, બહેન, ભાઈ, માતા, પિતા, સ્વજન, કુંટુંબી પરિવાર વગેરે તજી પરભવમાં અવશ્ય જવું પડશે, એટલું જ નહીં કિન્તુ આ દેહનો પણ ત્યાગ કરી જવું પડશે. જે માણસ સાથે ભાતું લીધા સિવાય ગ્રામાંતરે જાય છે, તે ક્ષુધા તૃષાથી પીડાઈને દુઃખી થાય છે. એ રીતે જે મનુષ્ય ધર્મક્રિયા કર્યા સિવાય અર્થાત્ પુણ્ય રૂપી ભાતું સાથે લીધા

વિના પરભવમાં જાય છે, તે વ્યાધિ અને રોગથી પીડાઈને દુઃખી થાય છે. માટે આ જન્મમાં ધર્મ કરીને પુણ્ય રૂપી ભાતું સાથે લઈને પરભવમાં જવું સારું છે.

[૫] હે માતાપિતા! કોઈનું ઘર બળવા માંડ્યું હોય ત્યારે ઘરધણી પોતાની આજીવિકા અર્થે, બળતા ઘરમાંથી જેમ સારભૂત વસ્તુને બહાર કાઢે છે અને અસારભૂત વસ્તુને છોડી દે છે, તેમ જન્મ જરા અને મરણથી બળતા એવા આ સંસારમાં આપની અનુમતિ મેળવી, મારા આત્માને તારીશ અર્થાત્ સંયમ સ્વીકારી આત્માનું કલ્યાણ કરીશ, માટે કૃપા કરી મને પ્રવ્રજ્યાના પુનિત પંથે પ્રયાણ કરવાની અનુમતિ આપો!

૩ માતાપિતાની સમજાવટ

આ પ્રમાણે પુત્રનું વૈરાગ્યવાહી કથન સાંભળી માતાપિતા મોહવશાત્ પુત્રને સંસારમાં રાખવા ચારિત્રની દુષ્કરતા સમજાવતાં કહે છે—

[૧] હે પુત્ર! તું દીક્ષા લેવાની વાત કરે છે, પણ સાધુધર્મ અતિ દુષ્કર છે. સાધુને તો સંયમને ઉપકારક એવા અનેક મૂળ અને ઉત્તર ગુણ ધારણ કરવા પડે છે, અને વિશ્વના સકળ પ્રાણી પર સમભાવ રાખવો પડે છે, શત્રુ અને મિત્રને એક સરખા ગણવા પડે છે. અને જીવન પર્યંત પ્રથમ પ્રાણાતિપાતવિરમણ મહાવ્રત પાળવું પડે છે, જે દુષ્કર છે.

[૨] હે પુત્ર! સાધુપણામા સદા અસત્યને તિલાંજલી દેવી પડશે, હિતકારક સત્ય વચન બોલવું પડશે, અને ક્રિયામાં સદા સાવધ રહેવું પડશે. તે પણ દુષ્કર છે.

[૩] હે પુત્ર! દાંત ખોતરવા માટે સળી માત્ર જોઈતી હશે તો તે પણ માલિકની રજા સિવાય લેવાય નહિં, અનવદ્ય (એટલે દોષ વિનાના અર્થાત્ અચિત્ત તથા પ્રાસુક) તેમ જ એષણીય એવા આહાર માગી ગ્રહણ કરવા પડશે. તે પણ કલિષ્ટ છે.

[૪] હે પુત્ર! અબ્રહ્મચર્યની વિરતિ કરવી, જીવન પર્યંત મહાદુર્ધર બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરવું અને કામભોગ સમ્બન્ધી સુખથી સદા નિવૃત થવુ એ અત્યંત દુષ્કર છે.

[૫] હે પુત્ર! ધન, ધાન્ય, દ્વિપદ અને ચતુષ્પદાદિ પ્રેષ્ય પ્રકારના આરંભનો પરિત્યાગ અને નિર્મમત્વ પાળવું અતિ દુષ્કર છે.

[૬] હે પુત્ર! ચારે પ્રકારના આહારના ત્યાગરૂપ રાત્રિભોજનનો ત્યાગ જિન્દગી પર્યંત કરવો એ અતિ દુષ્કર છે.

[૭] હે પુત્ર! ભુખ, તૃષા, તાઢ, તાપ, ડાંસ તથા મચ્છરથી થતી વેદના સહન કરવી, આક્રોશ (એટલે દુર્વચન) સહવાં, દુઃખકારક ઉપાશ્રયમાં રહેવું, ડાભના સંથારામાં સૂવું અને મેલનો પરિસહ સહન કરવો, આ બધું કિલષ્ટતમ છે.

[૮] હે પુત્ર! કોઈ તાડના કરે, કોઈ તર્જના કરે, કોઈ બંધન કરે તે તથા ગૃહસ્થને ઘેર ભિક્ષા માટે ફરવું વગેરે પરિસહ સહવા તે અત્યંત દુષ્કર છે.

[૯] હે પુત્ર! તું શરીરે અતિ સુકુમાળ છો, તું સંયમ પંથે જવા ઉદ્યમવંત થયો છે, પણ શ્રમણપણું પાળવાને તું સમર્થ નહીં થાય.

[૧૦] હે પુત્ર! જેમ ગંગાના પ્રવાહની સામે તરવું અથવા હાથ વડે સમુદ્ર તરવો દુષ્કર છે, તેમ ગુણોના મહાસાગર સમો સંયમસમુદ્ર તરવો અત્યંત દુષ્કર છે.

[૧૧] હે પુત્ર! જેમ રેતીના કોળિયા ખાવા દુષ્કર છે, તથા તરવારની ધાર પર ચાલવું દુષ્કર છે, તેમ ચારિત્ર તપ પાળવો પણ મહાદુષ્કર છે.

[૧૨] હે પુત્ર ! જેમ મેરુ પર્વત ત્રાજવાથી તોળવો દુષ્કળ છે તેમ નિશ્ચળ નિઃશંક એવું શ્રમણપણું પાળવું દુષ્કળ છે.

[૧૩] માટે હે પુત્ર ! પંચેન્દ્રિયનાં વિષય સુખને ભોગવ, પછી ભુક્તભોગી થઈને સુખેથી સંયમને સ્વીકારજે. હમણાં તો ભોગવિલાસ ભોગવવાનો સમય છે, ત્યાગ કરવાનો નથી.

૪ મૃગાપુત્રની મક્કમતા

માતાપિતાનું કથન સાંભળી મૃગાપુત્રે તેમને સમજાવતા કહ્યું.

[૧] હે માતાપિતા ! આપે જે સંયમની દુષ્કરતા દેખાડી, તે એમ જ છે. પરંતુ જે વ્યક્તિ આ લોકમાં નિસ્પૃહી અને તૃષ્ણા તથા મમતાથી રહિત થાય છે, અને જે સાચે સાચો વૈરાગી છે, તેને ચારિત્ર પાળવું લેશ પણ દુષ્કર નથી. હું પણ નિસ્પૃહી છું, સાચે સાચો વૈરાગ્યવાન છું, સંસારના કોઈ પણ પદાર્થ પ્રત્યે હવે મને પ્રેમ નથી. વળી આ ચારિત્રનાં કષ્ટો કરતાં ભયંકર કષ્ટો આ જીવે નરકાદિકમાં અનંતી વાર ભોગવ્યાં છે

[૨] હે માતાપિતા ! આ મનુષ્યલોકમાંની ઉષ્ણ વેદના કરતાં અનંતગુણી ઉષ્ણ વેદના અશાતા રૂપ નરકમાં આ જીવે ભોગવી છે. નરકની કુંભીમાં પગ ઊંચા અને માથું નીચે એ રીતે ઊંધે મસ્તકે રહી, અગ્નિથી ધખધખતી લોઢાની કઢાઈમાં આ જીવ અનંતી વાર પકાયો છે. વળી દાવાનળ સળગવાથી જેમ મારવાડની ધૂળ ધખધખે, તેના કરતાં અનંતગુણી ધખધખતી નરકની કલંબ વાળુકા નદીની રેતીમાં આ જીવ અનંતી વાર દાઝ્યો છે.

[૩] હે માતાપિતા ! પરમાધામીથી વૃક્ષની ડાળીએ પગ ઊંચા અને માથું નીચું એ રીતે ઊંધે મસ્તકે સખ્ત બંધાયેલો, અને નીચે રહેલ કુંભીમાં લટકતો એવો આ જીવ કરવતથી લાકડું વહેરાય તેમ પૂર્વે અનંતી વાર વહેરાણો છે. ઘણા તીક્ષ્ણ એવા કાંટાથી ભરેલા શીમળાના વૃક્ષે પરમાધામીએ બાંધીને આ જીવને ઘસ્યો છે.

[૪] હે માતાપિતા ! નરકમાં પાપકર્મોના ઉદયથી આ જીવ અળશીના પુષ્પો જેવી શ્યામવર્ણી તરવાર, ભાલા, ત્રિશૂળ અને અન્ય અનેક હથિયારો વડે છેદાયો, ભેદાયો અને ચૂરેચૂરા થયો. વળી નરકમાં ડાંસના જેવી તીક્ષ્ણ અને લોઢાના જેવી મજબૂત ચાંચવાળા ઢંક અને ગીધ પક્ષીઓએ બળાત્કારે આ જીવનાં આંખો અને નાક અનંતી વાર ખેંચી કાઢ્યાં. આવી ઉગ્ર વેદનાથી અત્યંત વિલાપ કરતાંય છૂટકારો થયો નહીં. નરકમાં જ્યારે તૃષા લાગતી ત્યારે વૈતરણી નદીમાં જઈ પાણી પીતાં ક્ષુરધારાથી (અસ્ત્રાની ધારથી) આ જીવનું ગળું છેદાઈ ગયું. જ્યારે હું નરકમાં તાપથી અત્યંત તપ્યો, ત્યારે છાયા માટે અસિપત્ર વૃક્ષના વનમાં ગયો, ત્યાં પણ તલવારની ધારા જેવાં પાંદડાંથી હું છેદાયો.

[૫] હે માતાપિતા ! નરકમાં પરવશ પડેલો એવો હું, મૃગની માફક છેતરાઈને બંધન અને ગૂંચવણવાળાં જાળવડે પાશમાં બંધાયો અને પરમાધામીએ મને ઘણી વાર બાળ્યો. વળી કુહાડા અને ફરશી વડે સુથાર જેમ વૃક્ષને કાપે છે તેમ નરકમાં હું ફડાયો, છેદાયો. લુહાર જેમ લોઢું ટીપે તેમ નરકમાં પરમાધામીઓ વડે હું અનંતી વાર મરાયો, કૂટાયો, ભેદાયો, તેમ જ ચૂરેચૂરા કરાયો. હે માતાપિતા ! આ રીતે નરકમાં અત્યંત ભયંકર અને અતિદુસ્સહ એવી વેદનાઓ આ જીવે સહન કરી છે.

[૬] હે માતાપિતા! સ્થાવર (પૃથ્વી, અપ્, તેઉ, વાઉ અને વનસ્પતિકાય) અને ત્રસ (બેઇન્દ્રી, તેઇન્દ્રી, ચઉરીન્દ્રી, અને પંચેન્દ્રી) ના ભવમા ટાઢ, તાપ, ભૂખ, અને તૃષાદિક અશાતા વેદનીય સહન કરી છે, આંખ મીંચીને ઉઘાડીએ એટલી વાર પણ શાતાવેદની એટલે સુખ ભોગવ્યું નથી.

[૭] માટે હે માતાપિતા! આવા આવાં ઉત્કટ દુઃખો આગળ દીક્ષાનાં દુઃખો શા હિસાબમાં છે? આત્મા જ્યાં પ્રબળ થયો કે તેને તો તે (સંયમના) દુઃખ સુખરૂપે ભાસે છે. અને જ્યાં સુધી સંયમના કષ્ટો નહીં સહીએ ત્યાં સુધી અજરામર પદ દૂર જ છે. તીર્થંકરો, ચક્રવર્તીઓ, મહર્ષીઓ અને મહાપુરુષોએ પણ અપાર સંયમનાં કષ્ટો સહન કર્યાં ત્યારે જ ભવનો અંત કરી શક્યા અને પ્રાંતે પરમ પદને પામી શક્યા. માટે હું પુનઃ પુનઃ આપને નમ્રપણે કહું છું કે આપ આપના પુત્રનું કલ્યાણ ઇચ્છતા હો, આપના પુત્રને પરમ પદનો ભાગી બનાવવો હોય, આપના પુત્રનાં જન્મ જરા મરણાદિ બંધનો દૂર કરાવવાં હોય, તો પ્રવ્રજ્યાના પુનિત પંથે વિચરવા સુખ પૂર્વક અનુમતિ-આજ્ઞા આપશો.

પુત્રના આવા વૈરાગ્યવાહી વચનોએ માતાપિતાના હૃદય પર સચોટ અસર કરી.

૫ માતાપિતાની ફરી સમજાવટ

એટલે માતાપિતાએ મૃગાપુત્રને કહ્યું કે, ભલે તું સંયમના પુનિત પંથે પ્રયાણ કર, પણ તું સુકુમાર પ્રકૃતિનો માનવી છો, બચપણથી પાળેલો છો, બત્રીશ રાજકુમારીનો ભરથાર છો, રાજ્યની ઋદ્ધિ સિદ્ધિને ભોગવનારો છો, ભોગોનો સમ્રાટ છો, સુખ સાહ્યબીથી પરિવરેલો છો. અને અત્યારે તું નીરાગી હોવાથી આ સર્વને તિલાંજલી દઈ દે, પણ કદાચ દીક્ષામાં તું રોગથી ઘેરાઈ જઈશ, તો તારી ત્યાં સારસંભાળ કોણ કરશે? ઔષધાદિ કોણ આપશે? તારી ખબર કોણ લેશે? અહીં તો હજારો નોકરો-ચાકરો ખમા-ખમા કરે છે, વૈદ્યો હાજરા હજૂર છે. ઓષધો તૈયાર છે. ત્યાં તો આમનું કંઈ પણ નથી. શરીરનો ભરોસો નથી કે ક્યારે રોગથી ઘેરાય. માટે હે પુત્ર! દીક્ષામાં તો કદાચ ઔષધાદિ મળે તો પણ તેનો ઉપયોગ કરાતો નથી તથા દીક્ષાનો માર્ગ કઠિન છે.

૬ મૃગાપુત્રનો વિજય, સંયમનો સ્વીકાર અને પાલન

માતાપિતાનું કથન સાંભળી મૃગાપુત્ર કહ્યું કે, હે માતાપિતા! આપે જે કહ્યું તે સત્ય છે. પણ હું આપને પૂછું છું કે અરણ્યમાં રહેનાં હરણિયાં તથા અન્ય પક્ષિઓને જ્યારે રોગ ઉત્પન્ન થાય છે, ત્યારે તેમના રોગની ચિકિત્સા કોણ કરે છે? કયો વૈદ્ય તેમની સારસંભાળ લે છે? જેમ મૃગ સ્વેચ્છાએ એકલો અરણ્યમાં ભ્રમણ કરે છે, તેમ હું પણ સત્તર પ્રકારનાં સંયમ અને બાર પ્રકારનાં તપ વડે વીતરાગ પ્રભુએ પ્રરૂપેલા ધર્મનું પાલન કરીશ.

અને હે માતાપિતા! સંયમના એ પુનિત પંથે પ્રયાણ કરવામાં અને જીવન પર્યન્ત સંયમ પાળવામાં ઉદ્યમવંત થયેલો એવો હું આધિ-વ્યાધિ-ઉપાધિને દૂર કરી, રાજ્યની ઋદ્ધિ-સિદ્ધિ-વૈભવાદિ અને ભોગવિલાસોનો ત્યાગ કરી, મુનિપણું સ્વીકારી, મૃગ જેમ ઉંચી ઉંચી ફલાંગો મારે છે, તેમ હું પણ સાધુપણાની ઉચ્ચ શ્રેણીએ ચઢી ઉચ્ચ દશાને [illegible]

સમભાવે સહી લઈશ પણ ઔષધાદિ લઈશ નહીં. વળી જેમ મૃગ વનમાં નવનવાં સ્થળે પરિભ્રમણ કરે છે, તેમ હું પણ મુનિઅવસ્થામાં અનિયતપણે ભિન્ન ભિન્ન સ્થળે વિહાર કરીશ. શારીરિક રોગના અભાવે બેતાળીશ દોષે રહિત ફાસુક આહારપાણીની ગવેષણામાં નવા નવા સ્થળે જઈ આહાર પાણી ગ્રહણ કરીશ, અને છેવટે નિરાહારી થઈ આત્માને ઉચ્ચતમ સંયમરસથી તરબોળ કરી, સકળ કર્મોનો ક્ષય કરી, મુક્તિસ્થાનને પ્રાપ્ત કરીશ.

જ્યારે માતાપિતાએ અંતિમ દલીલ રજુ કરી ત્યારે પુત્રે ઉપરોક્ત કથનથી રહસ્ય ભરેલો પ્રત્યુત્તર આપી માતા--પિતાનાં મન હરી લીધાં, એટલું જ નહીં કિન્તુ સંયમના પુનિત પંથે પ્રયાણ કરવાની અનુમતિ પણ મેળવી લીધી. અને માતાપિતાને પણ પુત્ર પ્રત્યે કહેવું પડ્યું ' હે પુત્ર! જેમ તમને સુખ ઉપજે તેમ કરો, તેમાં અમારી અનુમતિ છે.'

એ રીતે મૃગાપુત્રે દીક્ષા માટે માતાપિતાની અનુમતિ લઈને સાંસારિક અનેક પ્રકારના મમત્વને, જેમ સર્પ કાંચળીનો ત્યાગ કરે તેમ, સર્વથા ત્યાગી દીધું.

વળી તે મૃગાપુત્ર, કોઈ ડાહ્યો પુરૂષ લૂગડા ઉપર લાગેલી ધૂળને ખંખેરી નાખે તેમ, રાજવૈભવની સર્વ ઋદ્ધિ--સિદ્ધિ, માતા પિતા પુત્ર સ્ત્રી મિત્ર વગેરે સ્વજન કુટુંબ પરિવારાદિ એ સર્વનો ત્યાગ કરી, સંસારની મોહજાળને છોડી, ભોગવિલાસોને તિલાંજલી દઈ, કર્મકંટકને ચૂરવા, ચોરાશી લાખ જીવાયોનિના ફેરા મટાડવા, અને મુક્ત--મંદિરમાં બિરાજમાન થવા, સંયમના પુનિત પંથે ચાલી નીકળ્યા.

આજથી મૃગાપુત્ર મુનિપણામાં સાવધાન રહી સંયમનું સમ્યક્ પ્રકારે પરિપાલન કરવા કટિબદ્ધ થયા, અને સિંહની જેમ સંયમનું પાલન કરવા ઉદ્યમવંત બન્યા. જે કંચન-વર્ણી કાયા રાજપોષાક અને આભૂષણોથી દીપતી હતી તે કાયા અત્યારે મુનિવેષથી શોભી રહી છે. જે મસ્તક કાળા ભમ્મર સુંવાળા વાળથી શોભતું હતું અને મુકુટાદિકથી દીપતું હતું તે મસ્તક અત્યારે મુંડ થઈને આરિસા સદૃશ ભાસી રહ્યું છે. જે હાથમાં તીક્ષ્ણ ખડ્ગાદિ ઉછળતાં હતાં તે હાથમાં અત્યારે રજોહરણ અને મુહપત્તિ દીપી રહ્યા છે. જે પગ મખમલી ગાલીચા ઉપર પડતા તે પગ અત્યારે જમીન પર પગલાં પાડી રહ્યા છે. જે છત્રપલંગ પર પોઢતા હતા તે અત્યારે જમીન પર સંથારા પર સૂઈ રહ્યા છે. જે સોનાના થાળમાં રસવંતી બત્રીસ પ્રકારની રસોઈ જમતા હતા તે અત્યારે કાષ્ઠ પાત્રમાં નીરસ આહારાદિ લઈ રહ્યા છે. જે રાજરમણીઓ સાથે ભોગવિલાસો ભોગવતા હતા તે અત્યારે વ્રતી બની વિરતી વનીતાની સાથે આનંદ કલ્લોલ કરી રહ્યા છે. જે રાજવૈભવનો ભાર વહન કરતા હતા તે અત્યારે સંયમનો ભાર રૂડી રીતે વહન કરી રહ્યા છે. આમ પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ અને બાહ્યાભ્યંતર તપ એ સર્વને વિષે મૃગાપુત્ર મુનિ વિશેષ ઉદ્યમવંત થયા. અનુક્રમે મૃગાપુત્ર મુનિ વસ્ત્ર પાત્રાદિ પર મમત્વભાવ રહિત, અહંકાર રહિત, બાહ્યાભ્યંતર સંયોગ રહિત, ઋદ્ધિગારવ રસગારવ અને શાતાગારવ રહિત, તથા ત્રસ જીવ અને સ્થાવર જીવ પર રાગદ્વેષ રહિત થયા. એટલે સર્વ પર સમદૃષ્ટિ વાળા થયા. વળી તે લાભ અને અલાભમાં, સુખ અથવા દુઃખમાં, જીવવામાં અથવા મરવામાં, નિંદા અથવા પ્રશંસામાં, માન અથવા અપમાનમાં સમચિત્તવાળા થયા. વળી તે મુનિ ક્રોધ, માન, માયા અને લોભરૂપ ચાર કષાયથી; મન, વચન અને કાયાના દુષ્ટ વ્યાપારરૂપ ત્રણ દંડથી; માયા-શલ્ય, નિયાણશલ્ય અને મિથ્યાત્વશલ્ય એ ત્રણ શલ્યથી; આ લોકભય, પરલોકભય, આદાન-

ભય, અકસ્માતભય, મરણભય, અપયશભય અને આજીવિકાભય એ સાત ભયથી; હાસ્યથી, શોકથી, નિયાણાથી, અને રાગદ્વેષરૂપ બંધનથી રહિત થયા, અને સર્વજ્ઞપ્રણીત સિદ્ધાંતમાં શુભ ધ્યાન યોગથી ઉપયોગવંત થયા.

૭ માસસંલેખણા અને મોક્ષગમન—

એ રીતે મૃગાપુત્ર મુનિરાજ મતિ-શ્રુતજ્ઞાનાદિક વડે, યથાખ્યાતચારિત્ર વડે, શુદ્ધ શ્રદ્ધારૂપ દર્શન વડે, બાર પ્રકારનાં બાહ્યાભ્યંતર તપ વડે, પંચમહાવ્રતની પચીશ ભાવના વડે અથવા અનિત્યાદિક બાર ભાવના વડે, પોતાના આત્માને સમ્યગ્ રીતે ભાવતા અનેક વર્ષો પર્યંત સામાન્ય પર્યાય પાળી, પ્રાંતે એક માસની સંલેખણા કરી, સકલ કર્મનો ક્ષય કરી, ભવ ભ્રમણ દૂર કરી, ચાર ગતિનું ગમનાગમન નિવારી, મોક્ષ નગરમાં સિધાવ્યા.

ઉપસંહાર

હે મહાનુભાવ વાચકો ! મૃગાપુત્ર ઋષિવરનું આવું વૈરાગ્યવાહી જીવન વાંચી, સાંભળી, હૃદયમાં ઉતારી જેમ મૃગાપુત્ર સાંસારિક ભોગવિલાસોથી નિવૃત્ત થયા તેમ તમે પણ નિવૃત્ત થાઓ ! મહાપ્રભાવક મહાયશસ્વી એવા મૃગાપુત્રનો માતાપિતા પ્રત્યે સંસારની અસારતા સૂચવતો સચોટ સદુપદેશ, તેમનું તપથી પ્રધાન એવું ઉત્તમ ચરિત્ર સાંભળી સુખની પ્રાપ્તિના કારણરૂપ તથા મોક્ષના ગુણને લાવનારી એટલે અનંતજ્ઞાન અનંતદર્શન અનંતચારિત્ર અને અનંતવીર્ય વગેરે ગુણોને પ્રાપ્ત કરાવનારી એવી ધર્મરથની ધૂંસરીને ધારણ કરો !

જેમનું આદર્શમય જીવન અનેક જીવોને ઉપકારક થઈ પડે તેવું છે, એવા મૃગાપુત્ર મુનિપુંગવને અમારા કોટી કોટી વંદન હો !

ચ્છ અને ત્થ ની ભૂલવાળી થયેલ એક કલ્પિત નિર્ણયની સમીક્ષા

[ભ. મહાવીરસ્વામીએ વિવાહ કર્યો હતો; ભ. મલ્લિનાથ સ્ત્રીતીર્થંકર હતા.]

લેખક—પૂજ્ય **મુનિમહારાજ શ્રી દર્શનવિજયજી** (ત્રિપુટી)

[ક્રમાંક ૧૨૮–૧૨૯ના પૃ. ૨૩૫થી ચાલુ : આ અંકે પૂર્ણ]

૩—કુમાર શબ્દના અર્થો

એ નક્કર વાત છે કે રાજાઓના સબંધમાં વપરાયેલો "કુમાર" શબ્દ 'રાજકુમાર'નો જ સૂચક છે. છતાંય શ્વે૦ જૈનાચાર્યો, દિગમ્બર જૈનાચાર્યો અને શબ્દસાક્ષરો કુમારનો શુ અર્થ બતાવે છે તેને પણ સાથોસાથ જોઈ જઈએ.

૧—શબ્દ કોષોમાં "કુમાર"ના અર્થો નીચે મુજબ મળે છે.

(१) युवराजः कुमारो भर्तृदारकः । (અભિધાનચિંતામણિ કાં૦૨-શ્લો૦ ૨૪૬)

(२) युवराजस्तु कुमारो भर्तृदारकः । (અમરકોષ વ૦ ૭, શ્લો૦ ૧૨)

(३) कुमारवासे—कुमाराणामराजभावेन वासे । (અભિધાન રાજેન્દ્ર પૃ. ૫૮૮)

(४) कुमारी। વનસ્પતિ વિશેષ, કુંઆરપાઠું

(५) दिक्कुमारी—દિશાઓમાં રહેનારી દેવીઓ.

(६) कोमार तनु तिगिच्छा, रसायणं विसमदखार तंतं च ।
सालंकियं च सल्लं, तिगंच्छदोसे तु अट्ठविहो ॥३३॥

(મૂલાચાર પરિ૦ ૬, દિ. આ. વસુનન્દી શ્રમણકૃત ટીકા)

(७) १. पांच वर्षकी अवस्थाका बालक, २. पुत्र—बेटा, ३. युवराज, ४. कार्तिकेय, ५. सिन्धुनद, ६. तोता, सुग्गा, ७. खरासोना, ८. सनक सनन्दन सनत् और सुजात आदि कई ऋषि, जो सदा बालक ही रहते है, ९. युवावस्था या उससे पहिलेकी अवस्थावाला पुरुष, १०. एक ग्रह, जिसका असर बालकों पर होता है ।

संक्षिप्त हिंदी शब्दसागर पृ० २४४.

(८) वहां आज भी 'कुमार' उस व्यक्तिकी संज्ञा है, जिसके पिता या बडे भाई जीवित है। उनकी मौजूदगीमें, वह चाहे निनसौसाठ वर्षका बूढा ही क्यों न बन जावे और उसके पांच सात संतान भी हो जावे फिर भी वह 'कुमार' ही कहलाता रहेगा, राजपुताने के सारे क्षत्रियवंश और वैश्योंके सम्पूर्ण कुल, इस बातकी राजघोषणा कर रहे हैं, और 'कुमार' शब्द तो घरके बडे बूढे पुरुषोंकी जीवित अवस्थामें संतान शब्दके अर्थका वाचक है। 'विवाहित' और 'अविवाहित' आदि अर्थोंसे इसका सम्बन्ध ही क्या ? भारतके सभी क्षत्रिय नरेशों तथा शेठ शाहुकारोंके घरोंमें, घरमें बाप या बडे भाईओंकी मौजूदगीमें छोटे पुत्रोंको आज 'कुमार साहब' 'कुंवरसाहब' या 'कंवरसाहब' कहकर पुकारते हैं। —કલ્પિત કથા સમીક્ષા-પ્રત્યુત્તર, પૃ૦ ૧૦૬.

(૯) મારવાડ અને રજપૂતાનામાં આજે પણ જમાઈને માટે મોટે ભાગે 'કુંવર સાહેબ' શબ્દ જ વપરાય છે.

આ પ્રમાણે કુમાર શબ્દના અનેક અર્થો થાય છે. દરેક સ્થાને રાજકુમાર યુવરાજ અર્થમાં પણ તેનો ખાસ પ્રયોગ કરવામાં આવે છે.

૨—શ્વેતામ્બર માન્ય જૈન આગમોમાં કુમાર શબ્દ યુવરાજ અર્થમાં વપરાયો છે, જે વસ્તુ આપણે આ. નિ. ગા. ૨૨૧, ૨૨૨ અને તેની ટીકામાં ઉપર દર્શાવી ગયા છીએ. આ. નિ. ગા. ૨૨૬માં પણ પાંચ તીર્થંકરોને पढमवए पव्वइया નાની વયમાં દીક્ષા લેનાર તરીકે બતાવ્યા છે. આ શબ્દ પ્રયોગ પણ 'કુમાર શબ્દ'ના પ્રતિધ્વનિ રૂપે જ છે.

૩—દિગમ્બર શાસ્ત્રોમાં પણ 'કુમાર'નો અર્થ રાજકુમાર કર્યો છે, એટલું જ નહીં એ પાંચે તીર્થંકરોને કુમારનો પ્રયોગ આપી, રાજકુમાર તરીકે જ જાહેર કર્યા છે. જેમકે:—

वासुपूज्यस्तथामल्लिर्नेमिः पार्श्वोथ सन्मतिः ।
कुमाराः पंच निष्क्रान्ताः पृथिवीपतयः परे ॥१॥

माने—वासुपूज्य मल्लिनाथ नेमनाथ पार्श्वनाथ और महावीरस्वामी ये पांच तीर्थंकर राजा बने विना ही मुनि बने, और शेष उन्नीस तीर्थंकर पृथ्वीपति माने राजा बनकर बादमें मुनि बने। પં૦ ચંપાલાલજી કૃત ચર્ચાસાગર. ચર્ચા ૯૩, પૃ૦૯૨.

(२) तिहुअणपहाणसामिं, कुमारकाले वि तवियतवचरणं।
वसुपुज्जसुयं मल्लिं, चरमतियं३ संथुवे णिच्चं॥
—સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા તથા ચર્ચા–૯૩

(३) भुक्त्वा कुमारकाले, त्रिंशद्वर्षाण्यनन्तगुणराशिः।
अमरोपनीतभोगान्, सहसाभिनिबोधितोऽन्येद्युः॥७॥

अर्थ—अनन्त गुणोंकी राशि ऐसे उन भगवान् महावीरस्वामीने कुमारकाल के तीस वर्ष तक देवोंके द्वारा प्राप्त हुए गंध पुष्पमाला वस्त्राभूषण आदि भोगोपभोगका उपभोग किया। तिस वर्षके अनन्तर ही किसी एक दिन वे विरक्त हुए, उसी समय लोकांतिक देवोंने आकर उनकी प्रशंसा और स्तुति की।

(આ૦ પૂજ્યપાદકૃત નિર્વાણભકિત, શ્લો૦ ૭; દિ૦ દશભકત્યાદિસંગ્રહ પૃ. ૧૨૩)

સાફ વાત છે કે દિગમ્બર શાસ્ત્રો પણ ભગવાન વાસુપૂજ્ય સ્વામી વગેરે પાંચ તીર્થંકરોને કુમાર શબ્દથી બ્રહ્મચારી નહીં કિન્તુ રાજકુમાર યાને યુવરાજ તરીકે જ ઓળખાવે છે, છતાંય તે પાંચે તીર્થંકરોને માત્ર 'કુમાર' શબ્દના આધારે બ્રહ્મચારી માની લેવાય, એ કેટલી અજ્ઞાનતા છે? અસ્તુ

૪—ભ. મહાવીરસ્વામી વગેરેનો વિવાહ.

તીર્થંકરો પરણે કે ન પરણે એ બાબત અંગે શ્વેતામ્બર દિગંબરોમાં કંઈ મતભેદ નથી. પરન્તુ અમુક તીર્થંકરો અને પરિપત્રના ઉલ્લેખ મુજબ તો ખાસ કરીને મહાવીરસ્વામીએ વિવાહ કર્યો હતો કે નહી, એ વાતનો મતભેદ છે. તો તે પણ તપાસી લઈએ.

જે યુગમાં સામાન્ય માબાપો પણ પોતાના બાળકને નાની ઉંમરમાં પરણાવી દેતા હોય તે યુગમાં રાજા–રાણી પોતાના રાજકુમારને ત્રીશ ત્રીશ કે તેથી વધુ વર્ષો સુધી વગર પરણ્યો રહેવા દે આ વાત જ ગળે ઊતરે તેવી નથી. એટલે માતાપિતા, કુટુંબ, મિત્રો અને પ્રજા તો તેમને પરણાવવાને તૈયાર જ હોય. છતાંય જો રાજકુમાર પરણવા ન ઇચ્છે તો તેણે ઘણી યુકિતઓ અને બળો અજમાવીને રસ્તો કાઢવો પડે છે. વર્તમાનકાળના ચોવીશ તીર્થંકરોમાં બે તીર્થંકરોએ આવા ઉપાયો યોજી પોતાના વિવાહની સખ્ત મના કરી છે; જે વસ્તુ તીર્થંકરોના ચરિત્ર ગ્રંથોમાં સુંદર રીતે વર્ણવેલ મળે છે. તે સિવાયના બાવીશ તીર્થંકરો માટે આવી કંઈ ઘટના બન્યાનું વર્ણન મળતું નથી એટલે તે બાવીશ તીર્થંકરો રાજા હો કે રાજકુમાર હો પણ તેઓ અવિવાહિત રહ્યા હોય અને તેઓનાં માતાપિતા વગેરેએ તેમ ચલાવી લીધું હોય એ વસ્તુ જ માનવા જેવી નથી.

વળી તીર્થંકર વિવાહિત પણ હોય અને અવિવાહિત પણ હોય એ બાબતમાં શ્વેતામ્બર

આવાં આવાં કારણોથી દિગમ્બરો ભગવાન મહાવીરસ્વામીના વિવાહની મના કરે છે.

ડૉ. પિટર્સન સાહેબ તો ભ. મહાવીરસ્વામીના વિવાહના વિષયમાં પુરાવા સાથે જાહેર કરે છે કે–દિગમ્બરીય પુરાણમાં પણ ભ. મહાવીરસ્વામીનો વિવાહ જણાવેલ છે.

(ચોથો રીપોર્ટ પૃ. ૧૬૮, હરિવંશપુરાણ વગેરે.)

ઉક્ત પરિપત્રમાં દિગમ્બરોના મતે ભ. મહાવીરસ્વામી બ્રહ્મચારી હોવાનું જણાવ્યું છે તે સાચું હોય કે જૂઠું હોય, પરન્તુ સાથોસાથ આવશ્યક નિર્યુક્તિના આધારે ભ. મહાવીરસ્વામીને બ્રહ્મચારી ઠરાવવા લખ્યું છે, તે તો તદ્દન પાયા વિનાની જ કલ્પના છે, જે વસ્તુ આપણે પહેલા મુદ્દામાં બતાવી ગયા છીએ.

૫—ભ. મલ્લિનાથ તીર્થંકરી હતા.

તે પરિપત્રમાં ભ. મલ્લિનાથજી પુરુષ હોવાનું સિદ્ધ કરવા કોશિશ કરી છે. એટલે આ પાંચમા મુદ્દાનો પણ ઉકેલ કરી લઈએ.

જૈન સાહિત્ય સ્ત્રીને પુરુષની સમકક્ષામાં સ્થાપે છે; સ્ત્રી જાતિને જિનપૂજા, જિનદીક્ષા અને મોક્ષની અધિકારિણી માને છે; અને આશ્ચર્ય ઘટનારૂપે સ્ત્રીને તીર્થંકર પદની અધિકારીણી પણ માને છે. ૧૯મા તીર્થંકર "શ્રી મલ્લિનાથ" તે સ્ત્રી તીર્થંકર છે, એમ શ્વેતામ્બર સાહિત્ય સપ્રમાણ માને છે. દિગમ્બરો નગ્નતાના એકાન્ત આગ્રહને કારણે વસ્ત્રપાત્ર ધારીને મુક્તિના અનધિકારી માને છે. અને સ્ત્રીજાતિને તો, તે સર્વથા નગ્ન રહી શકે તેમ જ નથી એટલે તીર્થંકરની પુત્રીપણે જન્મ, જિનપૂજા, ક્ષાયિક સમ્યક્ત્વ, જિનદીક્ષા અને મુક્તિની સર્વથા અનધિકારિણી માને છે.

એ ભૂલવું ન જોઈએ કે દિગમ્બર વિદ્વાનો મનસ્વીપણે જ ઉપર મુજબ માને છે. બાકી દિગમ્બર શાસ્ત્રો તો સ્ત્રીજાતિને ક્ષાયિક સમ્યક્ત્વ, જિનપૂજા, જિનદીક્ષા અને મુક્તિની બરાબર અધિકારિણી માને છે દિગમ્બર ગ્રંથોના થોડાંએક પ્રમાણો વાંચકોની જાણ માટે નીચે ટાંકું છું.—

વરાંગચરિત્ર સર્ગ ૧૫, ૨૦, કથાકોશ--ગૌતમચરિત્ર અધિકાર ૩. વગેરેમાં સ્ત્રીઓએ કરેલ જિનેન્દ્રપૂજા, અભિષેક આદિનું વર્ણન છે.

વરાંગચરિત્ર સર્ગ ૩૦; આદિપુરાણ પર્વ ૨૪, ૪૭; ઉત્તરપુરાણ પર્વ ૬૮, ૭૧, ૭૪, ૭૬; હરિવંશપુરાણ પર્વ ૫૬, ૬૩, ૬૪, ૧૨, ૧૦ ઇત્યાદિ; સ્ત્રીમુક્તિ પ્રકરણ શ્લોક ૨૮ થી ૪૬; સમાધિશતક; ગોમ્મટસાર કર્મકાંડ ગા. ૩૦૦, ૩૦૧, ૩૫૪, ૩૮૮, જીવકાંડ ગા ૭૧૪, ૭૨૩; સાગારધર્મામૃત અ૦ ૮ શ્લો૦ ૩૯; મૂલાચાર અ૦૪; નીતિસાર; છેદપીંડ; ષટ્ખંડાગમ ધવલાટીકા સૂત્ર--૪૯, ૧૨૬, ૧૩૪, ૧૪૪ થી ૧૪૮, ૧૫૬ થી ૧૬૧ વગેરેમાં સ્ત્રીઓની જિનદીક્ષા અને સ્ત્રીમુક્તિનાં સ્પષ્ટ વિધાનો છે.

ષટ્ખંડાગમમાં તો એક સમયે કેટલી સ્ત્રી ક્ષપક બને—મુક્તિ જાય, ઇત્યાદિ સંખ્યાનો પણ નિર્દેષ છે.

દિગમ્બર સિદ્ધાંતોના આટલા આટલા પુરાવાઓ છતાં જે દિગમ્બર સમાજ સ્ત્રીઓને જિનપૂજા, જિનદીક્ષા કે મુક્તિની અધિકારિણી જ ન માને તે દિગમ્બર સમાજ સ્ત્રી તીર્થંકરી કે મલ્લિનાથ તીર્થંકરી હોવાનું તો માને જ શાનો?

મલ્લિનાથ સ્ત્રી તીર્થંકર છે. છતાં તેઓને સ્ત્રી અને પુરુષ બન્ને રીતે સંબોધવામાં આવે છે.

સમજી શકાય તેવી વાત છે કે--તેવીશ તીર્થંકરો પુરુષ છે અને માત્ર ભ. મલ્લિનાથ એક જ સ્ત્રી છે. તો સામાન્ય વર્ણનની સરળતાને ખાતર તેમને પુરુષરૂપે સંબોધે તો તે કંઈ ગેરવાજબી નથી. વ્યાકરણ અને વ્યવહાર જાતિભેદના વિચિત્ર પ્રયોગોને પણ ટેકો આપે છે: જેમકે—

लिंगव्यभिचारस्तावदुच्यते । स्त्रीलिंगे पुल्लिंगाभिधानं तारका स्वातिरिति ।

' स्वातितारा ' यहां स्त्रीलिंगका पुल्लिंगमें प्रयोग किया गया है ॥

दिगम्बरीय षट्खंडागम, धवलशास्त्र, पृष्ठ ६४.

कलत्रं गृहिणी गृहं (शब्दकोश)

शुभ : पुण्यस्य, अशुभ : पापस्य । શરૂના ગુણસ્થાનોમા અશુભ યોગના સમયે બધી પુણ્ય--પાપ પ્રકૃતિઓનો બંધ થાય છે. તેમ જ છઠ્ઠા આદિ ગુણસ્થાનોમાં શુભ યોગના સમયે પણ બધી પુણ્ય--પાપ પ્રકૃતિઓનો બંધ થાય છે. છતાં અનુભાગબંધની અપેક્ષાએ **प्राधान्येन व्यपदेशा भवन्ति** એ ન્યાયે આ સૂત્રની અર્થ--વ્યવસ્થા કરવામાં આવે છે.

—તત્ત્વાર્થસૂત્ર, અધ્યાય ૬.

સ્ત્રીસભા જેમા પુરુષોની હાજરી હોય છે. છતાંય સ્ત્રીપ્રધાન સભા તે સ્ત્રીસભા.

પંચાંગુલી: અંગૂઠો તે નર જાતિ છે છતાંય આંગળીઓ જ હોવાથી આ શબ્દ--પ્રયોગ પણ વાજબી મનાય છે.

આ તો ભાષાશાસ્ત્ર અને વ્યવહારની વાત થઈ. ધર્મશાસ્ત્ર પણ નૈગમ નયથી લોકવ્યવહારને જ અનુસરે છે.

ખરી રીતે તો તીર્થંકર ભગવાનને ત્રણ વેદમાંથી કોઈ વેદ જ હોતો નથી.

દિગમ્બર આચાર્ય કુંદકુંદના બોધપ્રાભૃતની ગા. ૩૩ના **वेए** પદની ટીકામાં દિ. આ. શ્રુતસાગરજી સાફ જણાવે છે કે—

वेए—स्त्रीपुंनपुंसकवेदत्रयमध्येऽर्हतः कोपि वेदो नास्ति (पृ. १०१)

કેવી સાદી અને સીધી વાત છે ! ભલે કે ભૂત સત્તાથી તેઓ પુરુષ, સ્ત્રી કે નપુંસક હોય, પણ હવે તો તેઓ અવેદિ જ છે આ સ્થિતિમાં અવેદી હોવાના કારણે ભ. મલ્લિનાથને પુરુષરૂપે પણ સંબોધવામાં આવે તો તે ખોટું નથી જ.

અવેદી દશા પ્રાપ્ત થતાં એકલો શુદ્ધ આત્મા જ રહે છે અને આત્મા કે જીવની નરજાતિ છે તો પછી જૈનાચાર્યો ભ. મલ્લિનાથને માટે—**कर्मद्रुन्मूलने हस्तिमल्लं मल्लिं** જેવા પુરુષપ્રયોગો વાપરે તો તે ભૂલ નથી જ. અસ્તુ. શ્વેતામ્બરો માને છે કે ભ. મલ્લિનાથ સ્ત્રી તીર્થંકર છે. હવે આપણે પરિપત્ર તરફ નજર દોડાવીએ.

પરિપત્રમાં ભ૦ મલ્લિનાથને પુરુષ હોવનાં બે કારણો કલ્પ્યાં છે:

(१) भगवान मल्लिनाथ पुरुष थे, तब ही उनका नाम पुल्लिंगरूप 'मल्लि' लिखा है,

(२) यदि मल्लिनाथ स्त्री होते तो उन्हें 'पाणिग्रहणरहित' लिखा होता ।

આ બન્ને પૈકીનું પહેલું કારણ આ. નિ. ગા. ૨૨૧–૨૨૨માં બંધ બેસે તેવું નથી, કેમ કે તેમાં વપરાયેલ વચનપ્રયોગો પરથી ખાસ લિંગભેદ પાડી શકાય તેમ નથી.

છતાંય આપણે ઉપર જોઈ ગયા છીએ તેમ ભ૦ મલ્લિનાથ માટે પુરુષલિંગનો પ્રયોગ કરવામાં આવે તો તે પણ સાપેક્ષ હોઈ ને વાજબી છે.

પરિપત્રમા બતાવેલ બીજું કારણ તો અસત્યમૂલક છે જ. આપણે પહેલા મુદ્દામાં જ જણાવી ગયા છીએ કે આ. નિ. ની ઉક્ત ગાથાઓમાં નથી સ્ત્રીપાણિગ્રહણની વાત કે નથી પુરુષપાણિગ્રહણની વાત. પછી આવી કલ્પનાઓનો અર્થ જ શો છે? તે ગાથાઓમાં પાંચ તીર્થંકરોને માત્ર રાજ્યની ઇચ્છા રહિત બતાવ્યા છે, રાજ્ય અને સ્ત્રી રહિત બતાવ્યા નથી. એટલે પરિપત્રનું બીજું કારણ તો ભ્રમમૂલક છે, અસત્ય છે.

એટલે આવશ્યક નિર્યુક્તિ ગાથા ૨૨૨ના **णयइत्थिअ** પદના આધારે ભ૦ મલ્લિનાથને પુરુષ ઠરાવવા મથવું એ સાવ થોથી કલ્પના જ છે વાસ્તવમા ભગવાન મલ્લિનાથ તે સ્ત્રી તીર્થંકર છે, અને તે પણ એક આશ્ચર્યકારી ઘટના રૂપે જ બન્યું છે.

મને વિશ્વાસ છે કે દિગમ્બર વિદ્વાનો પોતાના શાસ્ત્રોને અનુસાર યદિ સ્ત્રીમુક્તિ માનવને ઉદાર બનશે તો તેઓ સ્ત્રી તીર્થંકરી માનવાની એકાંત મનાઈ નહીં જ કરે.

૬—પરિપત્ર દાતાની મનોભાવના

શ્રીમાન્ લોંકાશાહે વિ સં. ૧૫૨૮મા લોંકામત સ્થાપ્યો તેમાંથી સ્થાનક માર્ગ પ્રવર્ત્યો. આ સંપ્રદાયમાં શરૂથી અત્યાર સુધી સંસ્કૃત ભાષાને સ્થાન મળ્યું નથી—વ્યાકરણને આવકાર મળ્યો નથી. અજમેરમાં સ્થાનકમાર્ગી મુનિસમ્મેલન મળ્યું ત્યાર પછી તેના સાધુઓએ સંસ્કૃત પ્રાકૃત તરફ ધ્યાન આપ્યું અને બ્રાહ્મણ પંડિતો મારફત **समुत्थान** જેવાં કલ્પિત સૂત્રો અને સૂત્રોપર કલ્પિત ટીકાઓ બનાવવાનું આરંભી દીધું છે તાજી જ વાત છે કે સ્થાનકમાર્ગી સાધુ ઘાસીલાલજી કે જેઓ પહેલા કરાંચી તરફ હતા અને હાલ પ્રાયઃ કાઠિયાવાડમાં વિચરે છે તેમણે સાથે ૪ પંડિતો રાખ્યા છે અને ઝડપથી નવી નવી ટીકાઓ તૈયાર કરાવી રહ્યા છે એટલે તે સમાજમાં સંસ્કૃત માટે મોટે ભાગે આવી દશા પ્રવર્તે છે.

શ્રી કાનજી સ્વામી તે સંપ્રદાયના સાધુ છે. તેઓ કદાચ સંસ્કૃત પ્રાકૃતના વિદ્વાન તો હશે. એમાં શંકા કરવાનું કંઈ કારણ નથી. કેમ કે તેઓ તે સંપ્રદાયમાં કાઠિયાવાડના કોહીનૂર તરીકે પ્રસિદ્ધ હતા. હવે માત્ર પ્રશ્ન એ છે કે તેઓએ શું આવશ્યક નિર્યુક્તિ ગાથા ૨૨૧, ૨૨૨ વગેરેના ઉપર દર્શાવેલ સંસ્કૃત ટીકાપાઠો જોયા નહીં હોય?

તે વિષયના પૂરા પાઠો જોયા વિના આવા પરિપત્રો ફેલાવવા એ તો કોઈ પણ સજ્જનને શોભે તેવી વસ્તુ નથી. અને તે તે વિષયના સાચા પાઠો જાણ્યા પછી આવા જૂઠા પરિપત્રો ફેલાવવા એ તો દુર્જનને પણ શોભે તેવી વસ્તુ નથી.

તો પછી સોનગઢઆશ્રમના સંચાલકો આવા છૂપા પરિપત્રો કેમ આપે છે?

ખૂબી તો એ છે કે આવો જૂઠો પ્રચાર પોતાના નામે નહીં કિન્તુ પં. અજિતકુમાર વગેરેના નામે જ કરવામાં આવે છે. આનું કારણ શું? એનો કોઈ ખુલાસો કરશે ખરા કે?

આવા આવા પરિપત્રોના પ્રચારમાં તેમની મનોભાવના શી છે? તે તો તેઓ જ જાણે, અથવા જ્ઞાની જાણે. પરન્તુ આપણને તો એ એક વાત જાણવાની જરૂર મળે છે કે તેઓ પોતાના વિચારોના ફેલાવા માટે આવા આવા ઉપાયો યોજે છે.

આ સમ્પૂર્ણ લેખનું પરિશીલન કર્યા પછી વાચકો સમજી શક્યા હશે કે પરિપત્રનાં જાહેર કરેલ ટિપ્પણુ તે માત્ર ટિપ્પણુ જ છે, તે મૂળ, નિર્યુક્તિ કે ટીકાની વસ્તુ નથી. અને તે ટિપ્પણુ પણુ પાઠને સંગત પણુ નથી. એટલે કોરી ભ્રમણા રૂપે જ છે.

દિગમ્બર વિદ્વાનો આવશ્યક નિર્યુક્તિને આગળ ધરી પાંચ તીર્થંકરોને બ્રહ્મચારી અને ભ૦ મલ્લિનાથને પુરુષ હોવાનું ફેલાવે છે તે તદ્દન જૂઠો પ્રચાર છે. તે માટે અર્વાચીન દિગમ્બર પંડિતોની જે માન્યતા છે તે પણુ પાયા વિનાની છે. ન માલૂમ આવા આશ્રમના સંચાલકો કયા હિસાબે એવી થોથી વાતોની વકીલાત કરવા નીકળી પડ્યા હશે? આમ કરીને તો તેઓએ પોતાની પંડિતાઈનું પ્રદર્શન જ કરાવ્યું છે.

ઉપસંહાર

અંતે પરિપત્રના પ્રચારકોને હું હિતભાવે જણાવું છું કે તેઓએ પોતાના પ્રચાર માટે યોજેલા આ ઉપાયો પ્રશસ્ય કોટિના નથી. તેઓ આવી અસત્ય વાતો પર ઇમારત ન ચણે અને વાસ્તવિક રીતે સત્યના પક્ષપાતી બની રહે, એ જ તેઓના માટે હિતાવહ છે.

વાચકોને પણ મારી સૂચના છે કે આવી વાડાબંધીઓ સંહારક તત્ત્વોથી જ ઓત--પ્રોત હોય છે. તેઓ સુધારાના નામે દેશ અને ધર્મને છિન્નભિન્ન કરી નાખે છે. માટે સમજુ મનુષ્યોએ આવી વાડા વાડીથી સદંતર અલગ જ રહેવું જોઈએ. નવા નવા સંપ્રદાયના નિયામકો કેવા કેવા પાસાઓ ફેંકે છે, તે સમજી લેવું જોઈએ. જેમને બુદ્ધિ, વિચારશક્તિ, વિવેકદૃષ્ટિ અને સ્વહિતકામના છે તેમણે આવાઓથી સાવચેત રહેવું જોઈએ. ઇતિશમ્

निर्भ्रान्त तत्त्वालोक

[दान–शील–तप–भावनादिधर्मविशिष्टव्याख्यानरूपो निबन्धः]

प्रणेता–पूज्य मुनिमहाराज श्रीवल्लभविजयजी

[क्रमाङ्क–१२६ से शुरू गतांक से क्रमशः इस अंकमें सम्पूर्ण]

मनुष्य जीवनका सार रूप यह धर्म सम्यग्ज्ञान सम्यग्दर्शन और सम्यक्चारित्र स्वरूप या श्रुत और चारित्ररूप है, इस बातको हम पहले कह चुके हैं। धर्मका क्षेत्र अति विस्तृत है धर्मकी जितनी भी प्रशंसा की जाय थोडी है, धर्मके महत्त्वका पूरी तरह वर्णन करनेवाले तो केवल सर्वज्ञ भगवान ही है। फिर भी मैंने अपनी अल्प बुद्धिके अनुसार धर्मका जो लक्षणपूर्वक वर्णन किया है वह पूरे धर्मके महत्त्वके वर्णनके सामने नगण्य है, बहुत कम है। धर्मके विशेष महत्त्वको नहीं समझते हुए कितने लोगोंने धर्मकी उत्सूत्र प्ररूपणा की है और धर्मविरुद्ध भाषण किये हैं, जैसे–तेरहपन्थ मत के आद्यप्रवर्तक ज्ञानभिक्षु भिक्षुस्वामीजीने अपनी 'अनुकम्पा ढाल' नाम की पुस्तकमें लिखा है कि—

'कोई मात पितारी सेवा करे दिनरात, वले मनमाना भोजन त्यांने खवाय।
वले कांवड कान्धे लिया फिरे त्यारी, वले वेहूं टंकोरा स्नान करावे तांई।
ओ उपकार संसार तणो छे, संसार तणो उपकार करे छे,
तिणरे निश्चय संसार वधे ते जाण''॥ [ढाल ११ पृ. ५२]

अर्थात् कोई दिनरात मातापिताकी सेवा करे, उन्हें मन मानो वस्तु खिलावे, कावड़में बिठाकर उनको कन्धे पर लिये फिरे, दोनों समय उन्हें स्नान करावे तो ये सब संसार बढानेवाले उपकार हैं अर्थात् मातापिता गुरुजन आदिकी सेवा करना पाप है, यह है जंगमयुगप्रधान कहे जानेवाले भट्टनायक तेरह पंथमतके जन्मदाताका सैद्धान्तिक विचार, मगर मेरे ख्यालसे इनकी ये उक्तियां मिथ्यात्वसूचक और दुर्बोधतापूर्ण है, क्योंकि विश्वके सभी सभ्यसमाज इसी बातको स्वीकार करती है और मुझे भी प्रसंगवश उपदेशमें कहना पड़ता है कि—

" माता मित्रं पिता चेति स्वभावात्त्रितयं हितम् ।
कार्यकारणतश्चान्ये भवन्ति हितबुद्धयः ॥ "

अर्थात् माता, पिता और मित्र ये तीनों स्वभाव से ही हित हैं और इनके अतिरिक्त तो कार्य—कारण के वश मे ही हित होते हैं । यहां माता पिता और मित्रको स्वाभाविक हित बुद्धि कहा है यानी माता पिताकी सेवा सुश्रूषा मित्रके साथ मैत्रीय—आचरण हित है—कल्याणकारक है धर्मरूप है। वास्तवमें माता पिता गुरुजनकी सेवा परम कर्त्तव्य है, और माता, पिता गुरुजनकी सेवा नहीं करनेवाले—उनकी निन्दा करनेवाले कृतघ्न हैं, पापी है और साक्षात् नरपशु हैं।

तत्त्वदर्शी आचारनिष्ठ अनेक ऋषियोंने तो अपने धर्मग्रन्थोंमें यथास्थान साक्षात् उपास्य देव माता पिता और गुरुको ही कहा है, जैसे—

पिता स्वर्गः पिता धर्मः पिता हि परमं तपः ।
पितरि प्रीतिमापन्ने प्रियन्ते सर्वे देवताः ॥

अर्थात् निरतिशय सुखदायक होनेसे पिता ही स्वर्ग है, पिता ही धर्म है और पिता ही तप है; पिताके प्रसन्न होने पर सभी देव प्रसन्न होते हैं।

माता कितनी पूजनीय है इस बातको संक्षिप्त रूपमें एक कवि कहते हैं कि—

" जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी "

अर्थात् जननी—जन्मदेनेवाली (माता), जन्मभूमिसे और स्वर्गसे भी कहीं अधिक बड़ी है। यहां माताको जन्मभूमिसे और स्वर्गसे भी बहुत बड़ी कहा है। जन्मभूमि कितनी पूजनीया है यह सभी इतिहासप्रेमी जानते है और आज भी अपनी जन्मभूमिकी स्वतंत्रताके लिये ही जवाहर जैसे भारतके लाल, राजेन्द्र जैसे भारतके रत्न, और गांधी जैसे भारतभूमिकी विभूति सब कुछ करने को सहने को तैयार हैं तथा कितने ही मातृभूमि भक्त मातृभूमिकी सतत निश्चल सेवामें अपने प्राणोंको समर्पण कर अपने नामको अमर बना गये तथा अनेकों बना रहे है। यह है मातृभूमिकी वन्दनीयता का एक सामान्य दृष्टान्त, मगर जननी मातृभूमि से भी अधिक पूजनीय है, क्योंकि किसी भूमि पर या पराधीन जन्मभूमि पर अधिकार करना मनुष्य का एक पुरुषार्थ है. किन्तु उस पुरुषार्थकारी

स्वतंत्रताधिकारी की भी जन्मदात्री होनेसे मातृभूमि से बड़ी अधिक रूपेण पूजनीया माता अवश्य है। इसी तरह स्वर्ग से भी अधिक सुखदेनेवाली होने के नाते या जन्म देनेके कारण स्वर्गसे भी अधिक बड़ी पूजनीया माता है यह सुतरां सिद्ध है।

इसी तरह गुरु भी परम उपास्य देव है, गुरुका अर्थ है अज्ञानरूपी अंधकारनाशक ज्ञानरूपी प्रकाशदायक। वास्तवमें सांसारिक महादुःखसे छुटकारेका मार्ग बतलानेवाले सच्चे गुरु ही हैं। बिना गुरुकी कृपासे अज्ञान दूर नहीं होता। गुरु सच्चे सेवाके पवित्र स्थान हैं। सारांश यह निकला कि माता, पिता, गुरु, साधुजनोंकी सेवा अवश्य करने योग्य है। मगर—

धर्मं विश्वा(स)न मन्यन्ते यं तमेव सुदुर्धियः।
पापानि खलु मन्यन्ते तेषां दुष्ट्यमीक्ष्यताम् ॥
दुर्बोधहतबुद्धीनां सुक्तीनां खण्डनेऽपि हा !।
भवतीह त्रपा चित्ते किं कुर्याँ विवशस्ततः ॥
पित्रोः सेवाऽपि पुत्रस्य भवबन्धनकारिणी।
यत्र तत्र कथङ्कारं भवेद्धर्मविवेचना ॥

दुनिया जिस बातको धर्म मानती है, बहुतसे मूढ लोग उसी धार्मिक बातको पाप मानते हैं। इनकी पण्डिताई को बुद्धिमान् लोगोंको छोड़ देनी चाहिये। वस्तुतत्त्व के देखने में असमर्थ—दुर्बुद्धिवालोंकी उक्तियों के खण्डन करनेमें भी विद्वानों के हृदय में कभी कभी लज्जा हो जाती है, क्योंकि उनका अपलाप ही बुद्धिहीन मदोन्मत्त के जैसा रहता है। लेकिन क्या किया जाय? धर्मकी स्वरूप रक्षा के लिये, भगवान् वीतराग की आज्ञा के संस्थापन के लिये, विवश होकर कुछ जैसा तैसा भी कहना पड़ता है। जिसके सैद्धान्तिक विचार में मातापिता की सेवा भी भवबन्धन करनेवाली है अर्थात् पाप है, उसमें धर्मकी विवेचना किस प्रकार की जाय, मातापिताकी सेवाको पाप बतानेवाले विवेकहीन हैं—उत्सूत्रभाषी हैं।

भिक्खुजी के ही समान भ्रमविध्वंसनकार श्रीजीतमलजीने भी मातापिताकी सेवामें अनर्गल ही प्रलाप किया है। क्यों न करें? या वैसा लिखना उनको योग्य ही है, क्योंकि दुनियामें 'पुत्रः पित्र्यनुरूपकः' या "यथागुरुस्तथा शिष्यः" यह परम्परासे प्रसिद्ध है, अतः जीतमलजीको भी मातापिताकी सेवाको पाप बतलाना कोई उतना विशेष नहीं। आप महाशयने अपने 'भ्रमविध्वंसन' के पृष्ठ ४७ और ४८ पर मातापिताकी सेवाको पाप सिद्ध करने के लिये यथाशक्ति अपनी बुद्धि का पूर्ण परिचय दिया है, यहां तक कि अपने कपोलकल्पित मतकी स्थापना के लिये और भिक्खुजीकी अनुकम्पाढालकी स्थापना के लिये 'उववाई सूत्र' के अर्थका भी अनर्थ कर दिया है। अब हम 'उववाई सूत्र' के उस पाठको पाठकोंके सामने उपस्थित करते हैं, जिसके वास्तविक अभिप्रायको नहीं समझकर इनकी ऐसी विरुद्ध प्ररूपणा है, वह पाठ यह है कि—

"से जे इमे गामागारनगर जाव सन्निवेसेसु मणुआ भवंति, पगइभद्दआ पगइउवसन्ता पगइतणुकोहमानमायालोभा मिउमद्दवसंपन्ना अल्लीणा विणीया अम्मापिओउ सस्सुसगा अम्मापत्ताण अणतिक्कमणिज्जवयणा अप्पिच्छा अप्पारंभा अप्पपरिग्गहा अप्पेणं आरंभेणं अप्पेणं आरंभसमारंभेणं वित्तिकप्पेमाणा बहुइं वासाई आउयं पालयंति पालिता कालमासे कालं किच्चा अणुत्तरेसु वाणमंतरेसु देवत्ताए उववत्तारो भवंति तं चेव सव्वं णवरं ठिति चोद्दसवाससहस्साइं ॥" —(उववाई सूत्र, प्रश्न ७)

इसका सारांश यह है कि गांव नगर आदि सन्निवेशोंमें रहनेवाले जो आदमी प्रकृति (स्वभाव) से ही भद्रक (परोपकारी) हैं, स्वभाव से ही उपशान्त है और स्वभाव से ही क्रोध मान माया और लोभ को प्रतनु (अल्प) किये हुये है, अहंकार रहित होकर गुरुके आश्रयमें रहते है, विनीत हैं, मातापिताकी बातको पालते है, मातापिता की सेवा शुश्रूषा करते हैं, अल्पारंभी अल्पपरिग्रही हैं, और अल्प आरंभ समारंभ से अपनी जीविकाको चलाते है, वे अनेक वर्षोंतक अपनी आयुको पूरी करके कालके समय में मृत्युको पाकर वाणव्यंतर नामके देवलोकमें देवता होते है, वहां वे चौदह हजार वर्षतक रहते हैं, शेष पूर्ववत् है। यह ऊपर के पाठ का अर्थ है।

अब यहां उपर्युक्त पाठके भावार्थ से साफ साफ प्रगट होता है कि मातापिता और गुरुजनोंकी सेवा में पाप नहीं हैं बल्कि पुण्य है, क्योंकि क्रोध मान माया लोभ ये नरककी निशानी है, मगर अल्प क्रोध, मान, माया लोभ के होते हुये भी विनीत होकर जो मातापिता और गुरुजनोंकी सेवा करता है वह चौदह हजार वर्ष तक देवलोक (स्वर्ग) में रहता है अतः इस सूत्र से माता पिता की सेवा को पुण्य होने में और भी पुष्टि ही हुई। आश्चर्य तो इस बातका है कि भ्रमविध्वंसनकारने भिक्खुजीको विरुद्ध प्ररूपणाकी पुष्टि के लिये या अपने कपोलकल्पित कुमतकी स्थापना के लिये उववाई सूत्रको लिखकर उसके अर्थ का अनर्थ किया है। अथवा यों कहिये कि उपर्युक्त उववाई सूत्र के आशय को भ्रमविध्वंसनकारने भ्रमयुक्त हो कर अच्छी तरह नहीं समझा। इसी लिये तो मातापिता गुरु साधु सन्तोंकी सेवामें पाप बतला रहे हैं। इस लिये मिथ्यात्वयुक्त विवेकहीनोंके वचनोंको सज्जन पुरुष छोड़ देते हैं। विवेकहीन स्वार्थान्धों का वचन धर्महीन है और भवसागर में डुबोनेवाला है। मातापिताकी सेवा निःशंक होकर करनी चाहिये इसीमें बुद्धिमत्ता है, मनुष्यत्व है और धर्म है।

सम्यग्ज्ञानदर्शनचारित्र धर्म है या श्रुत और चारित्र धर्म है अर्थात् मोक्ष साधक है, अर्थात् तिपाईरूप मोक्ष के सम्यग्ज्ञानदर्शनचारित्र तीनों पाये हैं, अथवा यों कहिये कि गाड़ीरूप मोक्ष के श्रुत और चारित्र ये दोनों पहिये हैं। धर्मकी विशद व्याख्याओं औरभी

अर्थ में उस श्रुत चारित्र धर्म को पूर्ण करने में प्रथम अनेक लौकिक धर्म को भी स्वीकार करना ही पड़ता है, क्योंकि किसी वृक्षके पूर्ण विकास के लिये प्रथम उसका जड़का मजबूत होना अत्यन्त आवश्यक है। लौकिक धर्म लोगोंके आचरणोंको सुधारनेवाला है इसी लिये स्थानांगसूत्र के दशमें स्थान में दश प्रकार के धर्म बतलाये हैं, जैसे—

"गामधम्मे, नगरधम्मे, रट्ठधम्मे, पाषण्डधम्मे, कुलधम्मे, गणधम्मे, संघधम्मे, सुयधम्मे, चरित्तधम्मे, अत्थिकायधम्मे।" —[स्थानाङ्गसूत्र, स्थान १०]

अर्थात् ग्रामधर्म, नगरधर्म, राष्ट्रधर्म, पाखण्डधर्म, कुलधर्म, गणधर्म, संघधर्म, श्रुतधर्म, चारित्रधर्म, अस्तिकायधर्म ये दश प्रकारके धर्म कहे गये हैं। इन प्रत्येक धर्मोंकी विशद विवेचना पृथक् पृथक् शास्त्रकारोंने की है। कहने का तात्पर्य्य यह है कि धर्मका क्षेत्र बहुत विशाल है, धर्मकी व्याख्या अत्यन्त विशद है, किन्तु धर्म के विशेष व्याख्यान को–विशेष महत्त्वको अपने संकुचित हृदयसे नहीं समझ कर बहुत लोग शास्त्रअनुमादित माता पिता गुरुजनादि की सेवा को धर्म नहीं मानते, ऐसे व्यक्ति उत्सूत्रभाषी हैं और शास्त्र के रहस्योंको नहीं जानते है। अतः बुद्धिमानों को चाहिये कि मातापिताकी सेवामें पाप कहने वालोंके उत्सूत्र भाषणको किसी तरह भी ध्यानमें नहीं लावें, इसीमें सर्वथा भलाई, सुखशान्ति और आनन्दमंगल है अर्थात् शास्त्रानुमोदित आगमप्रमाणपूर्ण सम्यग्ज्ञान दर्शन चारित्र धर्म है, श्रुत चारित्र धर्म है, और दान, शील, तप, भावना, परोपकार, जीवदया, कृतज्ञता, माता–पिता–गुरुजन–साधु सन्त आदिकी सेवा धर्म का ही अंग है अर्थात् धर्म है। इस धर्मके पालन करने में निःसन्देह सुख है, शान्ति है और कल्याण है।

इस तरह धर्मके सुविस्तीर्ण अभिप्राय को, धर्म के गंभीर अर्थको और धर्मके सूक्ष्मतम तत्त्वोंको नहीं समझने के कारण कितने लोग शास्त्रसे विरुद्ध धर्मकी प्ररूपणा करते हैं, धर्मके वास्तविक अर्थका अनर्थ करते हैं, कल्पतरुकल्प धर्मवृक्ष पर कुठाराघात करते हैं जैसे–भ्रमकार जीतमलजीने भ्रम० के पृष्ठ ४८ पर लिखा है कि "अठे दश धर्म दश स्थविर कह्या, पिण सावद्य निरवद्य ओलखाणा, अने दश दान कह्या ते पिण सावद्य निरवद्य पिछाणणा। धर्म अने स्थविर कह्या छे पिण लौकिक लोकोत्तर दोनुं छे जिम जम्बूद्वीपपन्नत्ति में तीन तीर्थ कह्या मागध वरदाम प्रभास पिण आदरवा योग्य नहीं तिम सावद्य धर्म स्थविर दान पिण आदरवा योग्य नहीं सावद्य छाड़वा योग्य छे."

आपके इस अपलाप का असली अभिप्राय यह है कि श्रुत और चारित्र धर्म के अर्थात् आपकी राय में संवर और निर्जरा धर्म के अलावा ग्रामादिक आठों धर्म सावद्य हैं यानी ग्रामादिक आठों धर्म को आप पाप बतला रहे हैं, मगर श्रीमानजी को यह नहीं सूझा कि ग्रामादि धर्म के बिना श्रुत–चारित्र धर्म का पालन कैसे हो सकेगा और न यही समझ पाये कि श्रुत चारित्र के अतिरिक्त यदि आठों धर्म पाप हैं तो त्रिकालदर्शी ने पृथक् पृथक् नाम-

निर्देश क्यो किया ? और न स्थानाङ्ग सूत्र के स्थान ५ का ही देखनेके लिये आपने कष्ट किया। सूत्रपाठ यह है:— " धम्मं चरमाणस्स पंचणिस्सा ठाणा पण्णत्ता तंजहा—छकाये, गणे, राया, गिहवती शरीरं।" —[स्थानाङ्ग स्नान ५]

अर्थात् श्रत और चारित्र पालन करनेवाले व्यक्ति के ५ पांच सहायक होते हैं, जैसे—छः काया, गण, राजा, गृहपति और शरीर।

वास्तव में बिना ग्रामधर्म के, बिना नगरधर्म के, बिना राष्ट्रधर्म के और बिना संघधर्म के श्रुत चारित्र धम का पालन अत्यन्त कठिन और असंभव—सा है और यह बात एकदम प्रत्यक्ष है, जैसे, मान लिजिए कि कोई सच्चा साधु है वह अपने श्रुत चारित्र का पालन करता है, सच्चे धर्म का उपदेश करता है और जब वह संयोग वश ऐसे स्थानमें आ जाय जहां का ग्रामधर्म ठीक न हो, या राष्ट्रधर्म ठीक न हो या नगरधर्म अच्छा न हो अर्थात् साधु के धर्म के प्रतिकूल ग्रामादि धर्म हो तो वहां किसी तरह भी श्रुत चारित्र का पालन कठिन है। इसी तरह कोई नामधारी साधु है मगर श्रुत चारित्र से कोसों दूर है और वहांका ग्रामधर्म, राष्ट्रधर्म अच्छा है तो वहां अवश्य साधु की खबर ली जा सकती है और चाहें तो साधु अच्छे बन सकते हैं या उन्हें उचित दण्ड मिल सकता है। अतः श्रत चारित्र के अलावा आठों धर्मों को पाप कहना अविवेकता का परिणाम है। धर्म ही की तरह दश विध स्थावरों की भी इन्होंने विरुद्ध प्ररूपणा की है। वास्तव में ये धर्म और थेरे (स्थविर) के जैसे नाम है वैसे गुण है। पाप तो पाप कहलाता है मगर जिसमें धर्म है वह पाप नहीं है अर्थात् धर्म है। मातापिता की सेवा धर्म है। ग्रामादि धर्म मोक्ष में सहायक होने से धर्म है, धर्म की व्याख्या यह है—

> धर्मः शर्मसदास्पदं विजयते धर्मं मुनिः संश्रितो
> धर्मेणाभिहताः सुदुष्कृतिचयाः धर्माय यत्नं कुरु।
> धर्मान्नास्ति परं शुभास्पदमलं धर्मस्य नित्यं जयो
> धर्मे सर्वमतिः सदा प्रभवतात् भो धर्म! दिव्यं दिश॥

॥ ॐ शान्ति ॥ (समाप्त)

दो और 'फागु' काव्य

लेखक : श्रो. अगरचंदजी नाहटा

'श्री जैन सत्य प्रकाश' के क्रमांक १२६, १२७ में 'फागु' काव्योंके सम्बन्धमें दो लेख प्रकाशित हुए हैं। जिस समय ये लेख प्रकाशित हुए थे, मैं सिलहटमें था अत. विशेष प्रकाश नहीं डाल सका। अब कुछ नवीन जानकारी दी जा रही है—

पूर्व लेखमें जिन काव्यों का परिचय दिया गया है उनमें से निम्नोक्त ५ काव्य हमारे संग्रहकी सं १४९३ की लिखित खरतरगच्छीय स्वाध्याय पुस्तिकामें हैं—
१ स्थूलीभद्र फाग, गा. २७। २ नेमिनाथ फाग, गा. १५, समधर।
३ भरतेश्वर चक्रवर्ती फाग[१] गा. २०। ४ " गा ४५,[२] राजशेखरसूरि।
५ जीरावलि पार्श्वफाग, गा. ३०, मेरुनंदन, सं १४३२।

इसके अतिरिक्त १ पुरुषोत्तम पांच पांडव फाग गा. २४ इस प्रतिमें और है एवं जेसलमेर भंडारकी अन्य एक प्रतिमें २ जिनचंद्रसूरि (जिनप्रबोधसूरि पट्टधर) फागु गा २५ का मध्य त्रुटित (गा. ६ से १०) काव्य और मिला है। इन दोनोंका आदि-अंत नीचे दिया जाता है। नं. २ की पूर्ण प्रति किसी सज्जनको उपलब्ध हो तो हमें सूचित करनेका अनुरोध है।

१ पांच पांडव फागु[३]—

आदि— पंडु नरेसर निय कुमरु, परिणाविय आणंदु।
हत्थिणाउरि पुरि आविय्यउ, साथि करिउ गोविंदु ॥१॥

अंत— जाइव पांडव कुमर हवे, ते गुणहि समिद्धा।
उत्तिम धरम पवित्त गुत्त, तिहु भुवण प्रसिद्धा।
राजकरंतउ धरहु जगत्र रिखि तोरथ वंदउ।
जसु वित्थारह रिद्धिवृद्धि, पावहु चिरु नंदउ ॥२४॥

२ जिनचंद्रसूरि फागु—

आदि— अरे पणमवि सामिउ संतिजु, सिव वाउलि उरि हारु।
अरे अणहिलवाडा मंडणउ, सव्वह तिहुयण सारु।
अरे जिणप्रबोहसूरि पाटहि सिरि संजमसिरि-कंतु।
अरे गाइवउ जिणचंदसूरिगुरु, कमल देवि कउ पुत्तु ॥१॥

अंत— सिरि जिणचंदसूरि फागिहि, गायहि जे अति भावि।
ते वाउल अरु पुहसला, विलसहि सिव सुर साथि ॥२५॥

विशेष - १—पूर्वोक्त लेखमें लब्धिरचित नेमिनाथ फागुका उल्लेख है। लब्धिका पूरा नाम लब्धिकल्लोल है। उनकी और भी अनेक रचनाओंमें संक्षिप्त नाम लब्धि आया है। २—अठारहवीं शताब्दी के पूर्वार्ध (ख. राजहर्षरचित) के पीछेका कोई फागु काव्य नहीं मिलता। १९ वीं शताब्दी में इनके स्थान पर छोटे छोटे होरीके पदोंका प्रचार हुआ।

१ इसी प्रकार पद्मरचित नेमिनाथ फागु (गा. १४) भी हमारे संग्रहकी अन्य प्रतिमें है।

२ प्राचीन गुर्जर काव्य संग्रहके अनुसार इसकी पद्य संख्या २५ है, पर हमारी प्रतिमें ४-४ पंक्तियोंवाली १८ गाथाओंको ३६ मान कर २७+१८ गाथाओंका अंक ४५ दिया है।

३ जैन गुर्जर कविओ भा. १, पृ ४२२ में हमारे संग्रहका उक्त प्रतिसे उसका उद्धरण किया है, पर एक तो वहां फागुके बदले रास लिख दिया है, जब कि प्रतिमें फागु लिखा है एवं इसके अंतिम 'चिरनंदउ' पाठको 'वीरनंदउ' पढकर उसका कर्ता वीरनंदन लिख दिया है, जो ठीक नहीं प्रतीत होता।

'શ્રી જૈન સત્ય પ્રકાશ'નું

અગિયારમા વર્ષનું વિષય-દર્શન

પ્રતિકાર

સંપાદકીય

ઇતિહાસ, શિલ્પ, સ્થાપત્ય

સાહિત્ય.

ચરિત્ર, કથા, વર્ણન, ઉપદેશ, પ્રકીર્ણ

તત્ત્વજ્ઞાન

સ્તુતિ, સ્તોત્ર, સ્તવન આદિ

બે જિનપ્રતિમાજી પ્રગટ્યાં

થરાદ તાલુકાના લાલપરા ગામના કોળી મેહા પરબતના ખેતરમાંથી. હળ હાંકતાં શ્રાવણ શુદિ ૧૦ ને બુધવારના રોજ સાંજના છ વાગતાં બે જિનપ્રતિમાજી પ્રગટ થયાં હતાં તેમાં ૧ આશરે ૨।। ફુટ ઊંચાં શ્રી આદીશ્વર (અથવા વિમળ નાથ) પ્રભુનાં છે. એનું લંછન સાફ દેખાતું નથી. અને બીજાં આશરે ૧।–૧।। ફૂટ ઊંચાં શ્રી શાંતિનાથ પ્રભુનાં છે. અને તેના ઉપર આ પ્રમાણે લેખ વંચાય છે–

संवत् १५१०. वर्षे असाड सुद ९ सोमवार श्रीमाली ज्ञातीय...श्री शान्तिनाथजी बिम्बं कारितं प्रतिष्ठितं श्री नागेन्द्रगच्छे श्री पद्मानंदसूरि श्री विजयप्रभसूरि ।

પહેલા પ્રતિમાજી ઉપરનો લેખ બરાબર ઉકલતો નથી

અત્યારે આ પ્રતિમાજી એટા ગામમાં પરોણા દાખલ રાખવામાં આવ્યાં છે એટામાં દેરાસર નથી, ફક્ત શ્રાવકના બે જ ઘરો છે.

પ્રતિમાજી ભવ્ય અને કળાના નમૂના રૂપ છે.

સુધારો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ના ગયા અંકમાં છપાયેલ પં. લાલચંદ્ર ભ. ગાંધીના 'ભૌગોલિક કોષમાં જણાતી ગંભીર ભૂલ' શીર્ષક લેખના પૃ. ૨૯૯ની છેલ્લેથી બીજી લીટીમાં 'ભસી' છપાયું છે તેના બદલે 'ભરડી' સુધારીને વાંચવું.

કાળધર્મ.

અમદાવાદમાં શ્રાવણ વદિ ૪ ના રોજ, પૂ. આ. મ. શ્રી. વિજયપ્રતાપસૂરિજી મ. ના શિષ્ય પૂ. મુ. મ. શ્રી. ધનંજયવિજયજી મ. કાળધર્મ પામ્યા.

ગોધરામાં ભાદરવા શુદિ ૫ ના રોજ, પૂ. આ. મ. શ્રી. વિજયનેમિસુરીશ્વરજી મ.ના શિષ્ય પૂ. મુ. મ. શ્રી. ભક્તિવિજયજી કાળધર્મ પામ્યા.

દરેકે વસાવવા યોગ્ય

શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

(૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

(૨) દીપોત્સવી અંક

ભગવાન મહાવીરસ્વામી પછીના ૧૦૦૦ વર્ષ પછીના સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક: મૂલ્ય સવા રૂપિયો.

(૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ-વિશેષાંક

સમ્રાટ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંક: મૂલ્ય દોઢ રૂપિયો.

શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩—જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક: મૂલ્ય ચાર આના

[૨] ક્રમાંક ૪૫—ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના

કાચી તથા પાકી ફાઈલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, ચોથા, પાંચમા, આઠમા, દસમા વર્ષની કાચી તથા પાકી ફાઈલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા

ભગવાન મહાવીરસ્વામીનું ત્રિરંગી ચિત્ર

ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઈએ દોરેલું સુંદર ચિત્ર. ૧૦"x૧૪"ની સાઈઝ, સોનેરી બોર્ડર. મૂલ્ય આઠ આના (ટપાલ ખર્ચના દોઢ આનો).

લખો—

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.

લવાજમ—વાર્ષિક બે રૂપિયા : છૂટક ચાલુ અંક—ત્રણ આના

મુદ્રક:—મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય—અમદાવાદ. પ્રકાશક:—ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ-અમદાવાદ.

श्री जैन सत्य प्रकाश

તંત્રી
ચીમનલાલ ગોકળદાસ શાહ

વર્ષ ૧૧ : અંક ૧૦-૧૧] અમદાવાદ : ૧૫-૮-૪૬ [ક્રમાંક ૧૩૦-૧૩૧

વિષય-દર્શન

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : છૂટક ચાલુ અંક-ત્રણ આના

પર્વાધિરાજ આવે છે : આપણે જાગીએ તો સારું !

દેવોનેય દુર્લભ વ્રત-નિયમ અને તપશ્ચર્યાના આરાધનનો અપૂર્વ અવસર–પર્વાધિરાજ પર્યુષણા પર્વ આવે છે. માનવીને બાહ્ય વ્યવસાયો અને દોડાદોડીથી અળગો બનાવી આત્માભિમુખ બનાવીને આત્માની આરસીને સ્વચ્છાતિસ્વચ્છ બનાવવાનો પ્રેરક અને પ્રાણવાન સંદેશો આપનાર આ પર્વ સમગ્ર પર્વોમાં શ્રેષ્ઠ હોઈ પર્વાધિરાજ પદને સર્વથા લાયક છે. અને માનવી માનવી વચ્ચે તેમ જ માનવી અને સંસારના સમગ્ર પ્રાણી-સમુદાય વચ્ચે, સાંસારિક નિત્ય જીવનનો નિર્વાહ કરતાં જાણ્યે અજાણ્યે, કષાયથી પ્રેરાઈને કે ભવિતવ્યતાના બળે વિધિના લેખે કરીને, કોઈ ને કોઈ પ્રકારનો ખટરાગ ઊભો થવો અનિવાર્ય છે. આત્મસ્વભાવનું દર્શન કરાવી, આત્માને માટે દુશ્મન રૂપ એ ખટરાગને દિલમાંથી દૂર કરી વિશ્વબંધુત્વનો સાચો અને સરળ માર્ગ દર્શાવતા આ પર્વાધિરાજ પર્યુષણા પર્વનો, જગતના કોઈ ધર્મમાર્ગમાં, જોટો જડે એમ નથી. જાણે દિલના મેળાને સાફ કરવાની કોઈ અજબ જડી–બુટ્ટી ન હોય એવું ખમત–ખામણાનું આ પર્વ સાચે જ અપૂર્વ છે. એ પર્વનું આરાધન કરનારમાં ન હોય દ્વેષ કે ન હોય ઈર્ષ્યા, ન હોય માન કે ન હોય કલહ; એ તો સદાકાળ સહુ આત્માઓ સાથે આત્મિક મૈત્રીના સમતારસમાં ઝીલવાનો અપૂર્વ આનંદ જ માણ્યા કરે.

આવી અપૂર્વ સામગ્રી આપણી પાસે હોવા છતાં, છેવટે આપણે પામર સંસારી માનવીઓ છીએ, એટલે કોઈ કોઈ વાર દિલની મલિનતા આપણામાં ઊભરાઈ આવે તો એથી નિરાશ થવાની જરૂર ન હોય; જરૂર છે માત્ર સાચો રાહ પિછાનવાની અને એ રાહ ઉપર આગે કદમ કરવાની દિલની તમન્નાની! એ તમન્ના હશે તો એક દિવસ જરૂર આપણે આપણી આખરી મંજિલ પર પહોંચવાના.

અને અત્યારના દેશ કાળનું અવલોકન કરતાં, એક બીજાનાં દિલોને નિર્મળ બનાવી સુખદુઃખમાં ખભેખભો મિલાવી, એકદિલ અને એકબોલવાળા સમાજ તરીકે આપણું વર્ચસ્વ ટકાવી રાખવાની જરૂર, આજ કરતાં કદાચ કોઈ કાળે વધુ ઉગ્ર ન હતી. આજે તો જાણે મહાપ્રલયકારી ઝંઝાવાત શરૂ થયો હોય એમ લાગે છે હજુ વર્ષ દિવસ પહેલાં જ તળાજામાં પ્રભુમૂર્તિના ખંડનનું ભીષણ તાંડવ રચાઈ ગયું. હજુ ગઈ કાલે જ જૈનપુરી–રાજનગરમાં આપણા મંદિર ઉપર આક્રમણ થયું અને આપણા પંચમહાવ્રતધારી મુનિવર ઉપર છરીથી હુમલો થયો, અને ગુજરાતના બોરુગામમાં જૈન સાધ્વીજી મહારાજ ઉપર ઠાકરડા કોમના માણસોએ હાથ ઉપાડયો. આ પ્રસંગો આપણને જાગ્રત થવાનો ભયંકર ભેરીનાદ ગજવી રહ્યા છે. વખત એવો આવ્યો છે જ્યારે સ્વાર્થી, બલહીન કે સંપ વગરની પ્રજાનો પ્રજા તરીકેનો અવાજ નેસ્તનાબુદ થઈ જશે; અને એકદિલવાળી અને કર્તવ્યપરાયણ એવી મૂઠીભર લાગતા માનવીઓની બનેલી પ્રજા પણ પોતાનું અસ્તિત્વ કાયમ કરી શકશે. આપણા ગૌરવભર્યા ભૂતકાળની જેમ આપણે ઉન્નત અને વર્ચસ્વવાળી જૈન પ્રજા તરીકે જીવવા માગીએ છીએ કે નહીં એનો ફેંસલો કરવાની ઘડી આવી ગઈ છે. આપણે આ ઘડીને બરાબર પિછાનીએ; આપણા આગેવાનો–આપણા પૂજ્ય ગુરુવર્યો આ કટોકટીભરી પળને બરાબર પિછાને અને આવતા પર્વાધિરાજની પાવક જ્વાળામાં આપણા અંદર અંદરના મતભેદો કે મનભેદોના મળને સર્વથા બાળી–જલાવીને આપણે સહુ એકદિલ અને એકબોલવાળી સંપીલી અને બળશાળી જૈન પ્રજા તરીકે આપણું અસ્તિત્વ ટકાવી રાખીએ, અને અમર જૈન સંસ્કૃતિના લાયક વારસદાર તરીકે આપણી જાતને પુરવાર કરીએ.

ર. દી. દે.

॥ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

जेशिंगभाईकी वाडी : घीकांटारोड : अमदावाद (गुजरात)

वर्ष ११	વિક્રમ સં. ૨૦૦૨ : વીરનિ. સં. ૨૪૭૨ : ઈ સ. ૧૯૪૬	क्रमांक
अंक १०-११	અષાડ-શ્રાવણ વદિ ૩ : ગુરુવાર : જુલાઈ ઓગસ્ટ ૪૬	१२०-१

॥ श्रीविघ्नहरस्तोत्रम् ॥

कर्ता—पू. आचार्य महाराज श्रीविजयपद्मसूरिजी

[आर्याच्छंदः]

वंदिय वीरजिणिंदं, गुरुवरसिरिणेमिसूरिचरणकयं ॥
सिरिविग्घहरत्थुत्तं, पणेमि पुज्जप्पसायाओ ॥१॥
तिहुयणविक्खायमहं, अचिंतमाहप्पमणहसिद्धियरं ॥
सिरिसिद्धचक्कमणिसं, थुणंतु भव्वा ! अविग्घट्ठं ॥२॥
सिरिसिद्धचक्क ! भंते ! तुह निच्चलबुद्धिविहियसरणस्स ॥
महकल्लाणं होही, नियमा बहुमाणकलियस्स ॥३॥
तं विण्णवेमि हरिसा, भवे भवे साहणा मिलउ तुज्झं ॥
अनियाणा विहिजोगा, निहिलिट्ठपयाणकप्पयरू ॥४॥
सिरिथंभणपास ! सया, तुह नामं रोगविग्घनासयरं ॥
संपत्तिकरी पूया, समाहिबोहिप्पयं सरणं ॥५॥
निम्मलचारित्तयरं, तुह वयणंभोयदंसणं हिअयं ॥
पणिवाओ दुक्खहरो, सवणं घणकम्मणिज्जरणं ॥६॥
तेसिं जम्मं सहलं, अच्चंति पमोयपुण्णचित्ता जे ॥
सुमरंति पलोएंति, त्थुणंति वंदंति पइदियहं ॥७॥
पवरघुलेवानयरे, विहियनिवासं पणट्ठभवपासं ॥
नासियकम्मविलासं, नाभिसुयं पुअणिज्जपयं ॥८॥
भवजलहिजाणवत्तं, महप्पहावण्णियं पसण्णमुहं ॥
भविरक्खमहागोवं, सुभावणालद्धमुत्तिपयं ॥९॥
सुमरंताण जणाणं, पूअंताणं थवं कुणंताणं ॥
पासंताणमणुदिणं, मंगलमाला हविज्ज परा ॥१०॥
विग्घाइमसुहकम्मो—दएण तब्बंधओ मलिणभावो ॥
तव्विलओ जिणथवणा—सुहभावविसिट्ठसामत्था ॥११॥

चिंतामणिदिट्ठंता, समिट्ठसंपायणं सभावाओ ॥
जिणसासणम्मि भावो, पहाणभावेण निद्दिट्ठो ॥१२॥

सिरिसिद्धचक्कथंभण—केसरियातित्थनाहतितयमिणं ॥
विग्घहरं सिद्धियरं, हरेउ विग्घाइ सव्वेसिं ॥१३॥

सुणइ पढेइ सया जे, सुई तिहा भव्व विग्घहरथुत्तं ॥
अंसाओऽवि न विग्घं, तेसिं कल्लाणसंपत्ती ॥१४॥

नहसुण्णजुगक्खिमिए, वरिसे सिरिनेमिनाहजम्मदिणे ॥
सिरिसूरिमंतसरणं, किच्चा सव्वोवसग्गहरं ॥१५॥

पवरम्मि थंभतित्थे, अहुणा खंभायनामसुपसिद्धे ॥
भव्वजिणालयकलिए, पवरायरियाइजम्मथले ॥१६॥

तवगच्छंबरदिणयर—जुगवरसिरिनेमिसूरिसीसेणं ॥
पउमेणायरिएणं, सुहयं सिरिविग्घहरथुत्तं ॥१७॥

चउविहसंघहियत्थं, रइयं लच्छीप्पहस्स पढणट्ठ ॥
भव्वा पढिय पमोया, लहइ परमनिव्वुइसुहाइं ॥१८॥

त्रैलोक्यप्रकाश में "सुर्लाब"

(लेखक—डा. बनारसीदासजी जैन, लाहौर)

लाहौर से इसी वर्ष हेमप्रभसूरि का त्रैलोक्यप्रकाश प्रकाशित हुआ है।[१] इसके संपादककी प्रेरणासे मैंने इसका प्राक्कथन लिखा है। श्लोक नं. ७ का संपादन मुझे संतोषप्रद नहीं जान पड़ा[२]। जब मैंने फुटनोटमें दिये हुए पाठान्तरों पर विचार किया तो मुझे निश्चय हो गया कि यहां तुला तु के स्थान में श्रुलाव, शुर्लाव या सुर्लाब होना चाहिये था। विदित हो कि 'सुर्लाब' शब्द उस्तुर्लाब का रूपान्तर है[३]। उस्तुर्लाब एक ज्योतिष-यन्त्र है जिसका प्रयोग यवनों में विशेष रूप से होता था। यह घडियाल के आकारका पीतलका मोटा और गोल टुकड़ा होता है। इसके किनारों पर अंश, कला आदिके निशान लगे होते हैं। इसे लटकाकर इसके द्वारा आकाश में ग्रहों आदिका स्थान निश्चित किया जाता है।

---

१. संपादक—रामस्वरूप शर्मा; प्रकाशक—कुशल अस्ट्रोलाजिकल रिसर्च इन्स्टिट्यूट; माडल टाउन, लाहौर।

२. तुला तु मुख्ययन्त्राणि तिष्ठन्ति किल ताजिके।
षड्वर्गशुद्धिमाख्यान्ति लग्ननिश्चयमिच्छताम् ॥७॥

फुट नोटमें तुला तु के पाठान्तर—श्रभाव A, शुलाव A¹ श्वभाव B, शुभावे Bh श्रीमूलराज जैन ने जून सन् १९४४ में जैन सत्य प्रकाश (क्रमांक १०५) में त्रैलोक्य प्रकाश पर एक नोट छापा था। इस पाठ में उन्होंने भी भूल की है।

३. उस्तुर्लाब, सुर्लाब=An astrolabe. F.Steingass. Persian-English Dictionary London 1930.

'વિવાહલઉ' સાહિત્યનું રેખાદર્શન

(લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

જૈન સાહિત્ય એની વિવિધતા અને વિપુલતા માટે વિશેષતઃ વિખ્યાત છે. એની આ વિવિધતા વિષયો પૂરતી જ નથી, પણ ભાષાઓ સાથે પણ એ સંબદ્ધ છે. ભારતીય તેમજ અભારતીય અને તેમાં પણ પ્રાચીન અને અર્વાચીન અનેક ભાષાઓમાં જૈન સાહિત્ય આજે ઉપલબ્ધ છે. એનું મુખ્ય કારણ તે જૈન મુનિવરોના દ્વિવિધ વિહારના ક્ષેત્રની અપરિમિતતા છે, અને એ સમુચિત છે, કેમકે અમુક જ ભાગમાં વિહરવું કે સાહિત્યક્ષેત્રના અમુક જ અંગને સ્પર્શવું એવી સંકુચિત મનોવૃત્તિ, ઉદાર, ભાવનાશીલ, વિચારક અને સર્જનાત્મક જૈન પ્રકૃતિ સાથે કોઈ રીતે સંગત થઈ શકે તેમ નથી. આથી તો જૈન લેખકોએ–ખાસ કરીને મુનિવરોએ અનેક દિશામાં પહેલ કર્યાનું માન મેળવ્યું છે. ઉદાહરણાર્થે હું અહીં પ્રાયઃ ગુજરાતી સાહિત્યને અનુલક્ષીને અલ્પ નિર્દેશ કરીશ.

(૧) ઉપલબ્ધ 'રાસ' સાહિત્યમાં **ભરતેશ્વરબાહુબલિરાસ** સૌથી પ્રાચીન છે. એની રચના **શાલિભદ્ર**ને હાથે વિક્રમસંવત્ ૧૨૪૧ માં થયેલી છે.

(૨) વિ. સ ૧૩૩૦માં આશાપલ્લીમાં રચાયેલી **આરાધના** નામની કૃતિ ગુજરાતી ગદ્યાત્મક કૃતિઓમાં પહેલી ગણાય છે, આ **પ્રાચીન ગૂજરાતી કાવ્યસંગ્રહ** (પૃ ૮૬)માં તેમ જ **પ્રાચીન ગુજરાતી ગદ્યસન્દર્ભ** (પૃ ૨૧૮)માં છપાયેલી છે.

(૩) વિ. સં. ૧૪૧૧માં દિવાળીના દિવસે **પડાવશ્યક** ઉપર બાલાવબોધ રચનારા **તરુણપ્રભસૂરિ**નો લગભગ પ્રથમ ગુજરાતી ગદ્યકાર તરીકે નિર્દેશ કરાય છે. **આપણા કવિઓ** (પૃ ૩૫૦)માં કહ્યું છે કે "નૂનું વ્યવસ્થિત ગદ્ય અનેક કથાઓ દ્વારા તરુણ–પ્રભાચાર્યે મધ્ય ગૂજ. ની ૧લી ભૂમિકામાં રચી આપ્યુ છે."

(૪) ગુજરાતીમાં ગદ્ય–પદ્ય એમ ઉભય પ્રકારની સાહિત્યપ્રવૃત્તિ કરનારા જે ગણ્યા-ગાંઠા સર્જકો થયા છે એમાં **સોમસુન્દરસૂરિ** લગભગ પહેલા છે.[1] એમનો જન્મ વિ. સં. ૧૪૩૦માં થયો હતો અને દેહવિલય વિ. સ. ૧૪૯૯માં થયો હતો.

(૫–૬) ગુજરાતી સાહિત્યમાં પ્રથમ ઋતુકાવ્ય તેમ જ પ્રથમ બારમાસી કાવ્ય એ જૈન મુનિ **વિનયચન્દ્ર**ની કૃતિ નામે **નેમિનાથચતુષ્પદિકા** છે. એ મુનિનો સમય વિક્રમની ચૌદમી શતાબ્દીનો પૂર્વાર્ધ છે.

(૭) 'ખરતર' ગચ્છના **જિનપદ્મસૂરિ**એ રચેલું **સિરિથૂલિભદ્દફાગુ** 'ફાગુ' કાવ્યોમાં[2] આદ્ય સ્થાન ભોગવે છે. એ સૂરિ વિ. સં. ૧૪૮૦માં સ્વર્ગે સંચર્યા.

(૮) સૌથી પ્રથમ પ્રાકૃતિક વર્ણનો ગુજરાતીમાં રજુ કરનાર કોઈ હોય તો તે **વિનયપ્રભ** છે એમ વિદ્વાનો કહે. એમણે આ વર્ણનો વિ. સં. ૧૪૧૨માં રચેલા **ગૌતમસ્વામીરાસ**માં આપ્યાં છે.

(૯) વાણુજ્યમૂલક અને રૂપકગ્રન્થિરૂપ વિશિષ્ટતાથી વિભૂષિત આદ્ય ગુજરાતી કાવ્ય તે **પ્રબોધચિન્તામણિ** યાને **ત્રિભુવનદીપકપ્રબન્ધ** છે. એના કર્તા **જયશેખરસૂરિ** છે અને એનો રચનાસમય વિ. સં. ૧૪૬૨ છે.

---

૧ જુઓ **આપણા કવિઓ** (ભા. ૧, પૃ. ૩૩૧)

૨ આ કાવ્યો વિષે મેં "જૈન સત્ય પ્રકાશ" (વ. ૧૧, અં. ૬) માં કેટલોક નિર્દેશ કર્યો છે.

(१०) ઉપર્યુક્ત **જયશેખરના** શિષ્ય **માણિક્યસુન્દરે** વિ. સં. ૧૪૭૮માં રચેલ **પૃથ્વીચન્દ્રચરિત્ર** યાને **વાગ્વિલાસ** ગુજરાતીમાં રચાયેલી પહેલી સવિસ્તર ગદ્યાત્મક ધર્મકથા છે. આનો ગદ્ય કાદમ્બરી તરીકે **આપણા કવિઓ** (પૃ. ૩૭૦)માં ઉલ્લેખ છે. આ ચરિત્ર પ્રા. ગૂ. કા. સં. માં તેમ જ પ્રા. ગૂ. ગદ્ય સંદર્ભમાં છપાયેલું છે.

(૧૧) વિ. સ. ૧૪૫૦માં **કુલમંડનસૂરિએ મુગ્ધાવબોધ ઔક્તિક** રચ્યું છે. એ તે સમયની ગુજરાતી ભાષા ઉપર પુષ્કળ પ્રકાશ પાડે છે. આ ઔક્તિકરૂપ સંસ્કૃત વ્યાકરણની, ગુજરાતી માધ્યમ દ્વારા, રચના કરાઈ છે. આ વ્યાકરણ મધ્યકાલીન ગુજરાતીના સીમા પ્રાંત તરીકે દીપે છે. જુઓ **આપણા કવિઓ** (પૃ. ૩૫૬-૭). કોઈ **સંગ્રામસિંહે** આની પહેલાં **બાલશિક્ષા** નામનું ઔક્તિક રચ્યું છે. અને એની નકલ વિ. સં. ૧૩૩૬ જેટલી જૂની મળે છે. ૧૪મા શતકના ઉત્તરાર્ધમાં કે ૧૫મીના પૂર્વાર્ધમાં કોઈ ભટ્ટારક **સોમપ્રભ**સૂરિએ ઔક્તિક રચ્યું છે. એ વિષેનો લેખ સ્વ. **દલાલે** લખ્યો છે (જુઓ પાંચથી સાહિત્ય પરિષદ્ રિપોર્ટ). વિશેષમાં આ લેખમાં **દેવભદ્રના** શિષ્ય **તિલકે ઉક્તિસંગ્રહ** રચ્યાનો ઉલ્લેખ છે. એમાં પણ સંસ્કૃત વ્યાકરણ ગુજરાતી માધ્યમથી સમજાવાયું છે.

(૧૨) 'અપભ્રંશ' ભાષાનું વ્યાકરણ રચનારા તરીકે 'કલિકાલસર્વજ્ઞ' **હેમચન્દ્રસૂરિનું** નામ જાણીતું છે. આની પહેલાંનું કોઈ વ્યાકરણ આ ભાષાને અંગે રચાયેલું હોય તો તે અત્યાર સુધી તો મળ્યું નથી.

વિવાહલઉ—સુરતમાં 'વિવાહ' શબ્દ 'સગાઈ' એ અર્થમાં વપરાય છે. આવો અર્થ સંસ્કૃત કે પાઇય ભાષામાં નથી. ત્યાં તો એનો અર્થ 'લગ્ન' થાય છે. આ અર્થમાં જૂની ગુજરાતી ભાષામાં વિવાહલઉ, વિવાહલો, વીવાહલઉ ઇત્યાદી શબ્દો વપરાયા છે. અહીં હું 'વિવાહલઉ' સાહિત્ય તરીકે જે કૃતિઓ વિષે થોડાક ઉલ્લેખ કરવા ઇચ્છું છું તેમાં કેટલીયેમાં દીક્ષાસુન્દરીને-દીક્ષાશ્રીને પરણવાને મુમુક્ષુ જાય છે એવો ભાવ રહેલો છે. આના સમર્થનાર્થે **જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય** (પૃ.૨૨૬)માંથી **આપણા કવિઓ** (ભા. ૧, પૃ. ૧૯૦) માં ગુજરાતી છાયા સહિત અપાયેલી નીચે મુજબની પંક્તિઓ હું રજુ કરું છું –

"ઇણિ પરિ અંબકુ વરકુમરો પરિણઇ સંજમનારિ"
"પરિણુવા દિક્ખસિરી વેઉ નયરિ પેમેણ પત્તઉ"
"પરિણઇ સંજમસિરિ કુમર વજ્જહિ નંદિય ભૂરા"

'વિવાહલઉ' સાહિત્યરૂપ કૃતિઓમાં જેમ દીક્ષાને કામિની કલ્પી તેની સાથેનાં લગ્નની વાત થઈ છે તેમ મુક્તિને મહિલા માનીને—અરે કેટલીક વાર તો એને 'પણ્યાંગના' ગણીને મુક્ત થનારનાં—સિદ્ધિ પામનારના લગ્ન થયાનો ઉલ્લેખ કરાયો છે. વિશેષમાં આ ઉલ્લેખ કંઈ આજકાલનો નથી.

કૃતિઓ—એક સમય એવો હતો જ્યારે ભંડારોમા પાઇય કૃતિઓ તરફ દુર્લક્ષ્ય સેવાતું હતું. સંસ્કૃત ગ્રંથો જ મળે તો એ નોંધવાની વૃત્તિ હતી. આવે સમયે "સું સા પૈસા ચાર" તરીકે વગોવાયેલી ગુજરાતી ભાષામાં રચાયેલી કૃતિઓની તો કોણ દરકાર કરે? સમય જતાં વિદ્વાનોનું લક્ષ્ય પાઇય સાહિત્ય તરફ ખેંચાયું અને આજે તો 'ગુજરાતી'

સાહિત્યને પણ યોગ્ય ન્યાય અપાવા લાગ્યો છે. તેમ છતાં આજે એ સાહિત્ય હજી પૂર્ણ સ્વરૂપમાં જાણુમાં આવ્યું નથી એટલે 'વિવાહલઉ' સાહિત્યની જેટલી કૃતિઓ મારા જાણવામાં આવી છે તે હું અહીં નોંધુ છું અને એમાં ઉમેરો સૂચવવા વિશેષજ્ઞોને વિનવું છું. આ કૃતિઓ અકારાદિક્રમે નીચે મુજબ છેઃ—

નામ	કર્તા	રચનાવર્ષ (વૈક્રમીય)
૧ આદિનાથવિવાહલો	ની'બો	૧૬૭૫ પહેલાં
૨ આદીશ્વરવિવાહલો	ઋષભદાસ	સત્તરમી સદી
૩ આર્દ્રકુમારવિવાહલુ	સેવક	સોળમી સદી
૪ ઋષભદેવવિવાહલુધવલ	,,	૧૫૯૦ પહેલાં
૫ કીર્તિરત્નસૂરિવિવાહલઉ	કલ્યાણચન્દ્ર	?
૬ ગુણરત્નસૂરિવિવાહલઉ	પદ્મમન્દિર	?
૭ જમ્બૂઅન્તરગરાસવિવાહલો	સહજસુન્દર	૧૫૭૨
૮ જમ્બૂસ્વામીવિવાહલુ	હીરાનન્દસૂરિ	૧૪૯૫
૯ જિનચન્દ્રસૂરિવિવાહ	સહજજ્ઞાન	?
૧૦ જિનેશ્વરસૂરિવિવાહલો	સોમમૂર્તિ	૧૩૩૧ની આસપાસ
૧૧ જિનોદયસૂરિવિવાહલઉ	મેરુનન્દન	૧૪૩૨ પછી
૧૨ નેમવિવાહ	કેવળદાસ અમીચંદ	૧૯૨૯
૧૩ નેમનાથધવલવિવાહલુ	બ્રહ્મ વિનયદેવસૂરિ	૧૬૧૫ પહેલાં
૧૪ નેમિનાથવિવાહલો	ઋષભવિજય	૧૮૮૬
૧૫ ,,	મહિમસુન્દર	૧૬૬૫
૧૬ ,, (નેમિનાથવિવાહગરબો)	વીરવિજય	૧૮૬૦
૧૭ પાર્શ્વનાથવીવાહલુ	પેથો	૧૫૮૧ પહેલાં
૧૮ વેણીવત્સરાજવીવાહલુ	ડાંમરા (દામોદર)	૧૬૦૭ પહેલાં
૧૯ શાન્તિનાથવિવાહલોધવલ	બ્રહ્મ વિનયદેવસૂરિ	૧૭મી સદી
૨૦ શાન્તિનાથવીવાહલુધવલપ્રબન્ધ	આણન્દપ્રમોદ	૧૫૯૧
૨૧ સુપાર્શ્વજિનવિવાહલો	બ્રહ્મ વિનયદેવ	૧૬૩૨
૨૨ સુમતિસાધુસૂરિવિવાહલો	લાવણ્યસમય	સોળમી સદી

આ કૃતિઓનો ક્રમશ વિચાર કરીએ તે પૂર્વે ત્રણ વાત નોંધી લઈશું.

(૧) **વેણીવત્સરાજવીવહાલુ** એ જ એક અજૈન કૃતિ છે. એની હાથપોથી વિ.સં. ૧૬૦૭માં લખાયેલી મળે છે. એટલે આ કૃતિ ઓછામાં ઓછાં ચારસો વર્ષ જેટલી પ્રાચીન છે. એનો આદિમ અને અંતિમ ભાગ **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખં ૨, પૃ. ૨૧૨૪-૫) માં અપાયેલ છે.

(૨) ઉપર્યુક્ત તમામ કૃતિઓમાં વિ. સ. ૧૩૩૧ પછી થોડાંક વર્ષોમાં **સોમમૂર્તિ**ને હાથે રચાયેલ **જિનેશ્વરસૂરિવિવાહલો** સૌથી પ્રાચીન છે. એના કરતાં કોઈ જૂની કૃતિ—જૈન કે અજૈનને હાથે રચાયેલી કૃતિ—અત્યાર સુધી તો મળી નથી. એવી રીતે

સૌથી અર્વાચીન જૈન કૃતિ તે **નેમવિવાહ** છે. એના રચનાર **કેવળદાસે** એ કૃતિ અમદાવાદના નગરશેઠ સ્વ. **પ્રેમાભાઈ હીમાભાઈને** અર્પણ કરી છે. એ અમદાવાદના "ગુજરાત યુનીયન પ્રેસ" મા વિ. સ. ૧૯૩૦માં છપાઈ છે.

(૩) આ તમામ કૃતિઓ પદ્યાત્મક છે.

[૧] આદિનાથવિવાહલો કર્તા નીંબો

આ કૃતિમાં ૨૪૫ ગાથા છે. એનો ગ્રંથાગ્ર ૪૦૦ શ્લોક જેટલો છે. એ **આદિનાથને** અંગેની કૃતિ છે. જૈ. ગૂ. ક (ભા. ૩, ખં. ૧, પૃ. ૯૭૧)માં આની નોંધ કરાયેલી છે. એ ઉપરથી આની એક હાથપોથી શ્રાવિકા **ચપા**ના પઠનાર્થે વિ. સં. ૧૬૭૫માં લખાયાનું આપણે જાણી શકીએ છીએ.

[૨] આદીશ્વરવિવાહલો : કર્તા ઋષભદાસ

આનો વિષય ઉપલી કૃતિથી ભિન્ન નથી. એના કર્તા ખંભાતના શ્રાવક છે. એમણે અનેક રાસ રચ્યા છે. તેમા **ઋષભદેવનો રાસ** વિ. સં. ૧૬૬૨માં અને **હીરવિજયસૂરિરાસ** વિ. સ. ૧૬૮૫મા રચાયેલ છે. એ ઉપરથી આપણે પ્રસ્તુત કૃતિને સત્તરમી સદીની કૃતિ ગણીએ તો તે ખોટું નથી.

[૩] આર્દ્રકુમારવિવાહલુ : કર્તા સેવક

આ ૪૬ ગાથાની કૃતિ છે. એ **આર્દ્રકુમારને** અનુલક્ષીને રચાયેલી છે. આ **આર્દ્રકુમાર** તે બેબિલોનનો ઈ. સ. પૂર્વે ૬૦૪માં સમ્રાટ્ બનનાર **નેબુચદનેઝારનો** પુત્ર થાય છે એમ કેટલાક માને છે. વિશેષમાં પ્રભાસપાટણના એક તામ્રપત્ર ઉપરથી ડૉ. **પ્રાણનાથ** એમ કહે છે કે આ **નેબુચદનેઝારે નેમિનાથના** મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

અંચળ--વિધિ ગચ્છના **ગુણનિધાન**સૂરિના પ્રસાદથી વિ. સં. ૧૫૯૦માં **આદિનાથદેવરાસધવલ** તેમ જ એ પૂર્વે **ઋષભદેવવિવાહલુધવલબંધ** રચનારા **સેવકે** આ આર્દ્રકુમારવિવાહલુ રચેલ છે. એમણે **સીમંધરસ્વામિશોભાતરંગ** નામની કૃતિ પણ રચી છે.

[૪] ઋષભદેવવિવાહલુધવલ કર્તા સેવક

પહેલી બે કૃતિનો વિષય એ જ આનો વિષય છે. **આદિનાથનુ** બીજું નામ **ઋષભદેવ** છે. આ ધવલ એક મહાકાય કૃતિ છે. એમા ચુમ્માલીસ ઢાલ છે. એની રચના ઉપર્યુક્ત **સેવકને** હાથે વિ. સં. ૧૫૯૦ પૂર્વે થયેલી છે એમ એની વિ. સં. ૧૫૯૦ની હાથપોથી ઉપરથી જાણી શકાય છે.

જૈ. ગૂ. ક. (ભા. ૩, ખં. ૧. પૃ. ૫૮૨–૩) માં આ કૃતિની શરૂઆતની ચાર લીટીઓ અને અંતની સોળ લીટીઓ "ઢાલ ઘોડીની, રાગ ગોડી" એવા ઉલ્લેખ પૂર્વક ઉદ્ધૃત કરાયેલી છે. વિશેષમાં પૃ. ૫૮૩–૪ માં આની સોળ હાથપોથીઓ નોંધાયેલી છે. આ કૃતિ કોઈ સ્થળેથી પ્રસિદ્ધ થયેલી જણાતી નથી. જો તેમ જ હોય તો એ સત્વર પ્રકાશિત થવી ઘટે. એની છેલ્લી લીટીઓ હુ અહીં રજૂ કરું છું:—

"એહ ધવલ ગાઈ જિન આરાહઈ જેહ નરનારી સદા
તે મગતિં જાઈ સખીય થાઈ બોલઈ સેવક ઇમ સદા."

અહીં વપરાયેલ 'ધવલ' શબ્દ ધવલગીતોની નોંધ **આપણા કવિઓ** (પૃ. ૨૨૯) માં તેનું સ્મરણ કરાવે છે.

[૫] કીર્તિરત્નસૂરિવિવાહલઉ : કર્તા કલ્યાણચન્દ્ર

" **જૈન સત્ય પ્રકાશ** " (વ. ૧૧, અં. ૪) માં "અન્યત્ર અપ્રાપ્ય ગ્રંથોકી સૂચી" નામના લેખમાં જે ત્રણ વિવાહલઉ નોંધાયેલા છે તે પૈકી આ એક છે અને એના ચરિત્રનાયક **કીર્તિરત્નસૂરિ** છે. બાકીના બે વિવાહલઉ તે **ગુણરત્નસૂરિવિવાહલઉ** અને **જિનચન્દ્રસૂરિવિવાહ** છે. પ્રસ્તુત કૃતિમાં ચોપ્પન ગાથા છે. એના કર્તા **કલ્યાણચન્દ્ર** તે કોણ તે જાણવું બાકી રહે છે. **દેવચન્દ્ર**ના શિષ્ય **કલ્યાણચન્દ્રે** વિ. સં. ૧૬૪૯માં **ચિત્રસેનપદ્માવતીરાસ** રચ્યો છે એઓ જ શું આ **કલ્યાણચન્દ્ર** છે ?

[૬] ગુણરત્નસૂરિ વિવાહલઉ . કર્તા પદ્મમન્દિર

આ ઓગણપચાસ ગાથાની કૃતિ કે એના કર્તા વિષે મને કશી વિશેષ માહિતી નથી, સિવાય કે એ કેવળ નોંધાયેલી છે.

ધર્મઘોષસૂરિએ જે **ઋષિમણ્ડલપ્રકરણ** રચ્યું છે એના ઉપર વિ. સં. ૧૫૫૩માં **પદ્મમન્દિરગણિ**એ સંસ્કૃતમાં ટીકા રચી છે. શું આ ગણિ તે પ્રસ્તુત વિવાહલઉના કર્તા છે ?

[૭] જમ્બૂઅન્તરંગરાસવિવાહલો: કર્તા સહજસુન્દર

જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ (પૃ. ૫૩૦, કંડિકા ૭૮૩) માં આ કૃતિ વિ. સં. ૧૫૭૨ માં રચાયાનો ઉલ્લેખ છે.

[૮] જમ્બૂસ્વામીવિવાહલઉ · કર્તા હીરાનન્દસૂરિ

આ કૃતિની રચના સાચોરમા વિ. સં ૧૪૯૫માં થયેલી છે અને એના રચનાર 'પીપલ' ગચ્છના **વીરપ્રભસૂરિ**ના શિષ્ય થાય છે એ હકીકત આ કૃતિની છેલ્લી કડીઓ ઉપરથી જાણી શકાય છે. જૈ. ગૂ. ક. (ભા. ૩, ખં. ૧, પૃ. ૪૨૮-૯) મા આદ્ય ત્રણ કડીઓ તેમ જ અંતિમ ચાર (૫૨ થી ૫૫) કડીઓ અપાયેલી છે. આની ઉપાન્ત્ય કડીમાં "રચીઉ હીરાણંદિ જંબૂઅસામિવીવાહલુ એ" એવો ઉલ્લેખ છે. આ તેમ જ ઉપલી કૃતિના ચરિત્રનાયક મહાવીરસ્વામીના પ્રશિષ્ય થાય છે.

હીરાનન્દસૂરિએ વિ. સં. ૧૪૮૫માં **વિદ્યાવિલાસપવાડો** રચ્યો છે અને તે આજે વર્ષો થયાં ગાયકવાડ પૌર્વાત્ય ગ્રન્થમાળામાં સંપાદિત થવાની વાત સંભળાયા કરે. આ સૂરિએ **દશાર્ણભદ્રરાસ** અને કલિકાળ રચેલ છે.

[૯] જિનચન્દ્રસૂરિવિવાહ · કર્તા સહજજ્ઞાન

આ કૃતિની નોંધ "જૈન સત્ય પ્રકાશ" (વ. ૧૧, અં. ૪) માં છે એ ઉપરાંત આ વિષે મને વિશેષ માહિતી નથી.

[૧૦] જિનેશ્વરસૂરિવિવાહલો · કર્તા સોમમૂર્તિ

આ ૩૩ કડીનું કાવ્ય છે. એની રચના વિ. સં. ૧૩૩૧ પછી થોડેક વર્ષે **સોમમૂર્તિ**ને હાથે થયેલી છે. **જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય** (પૃ. ૨૨૪-૨૨૭)માં આ સમગ્ર કૃતિ છપાયેલી છે. વિશેષમાં એમાં (પૃ. ૧૧૪માં) આનો સાર

પણ અપાયેલો છે. **આપણા કવિઓ** (પૃ. ૧૯૧) માં આ કૃતિને અંગે નીચે મુજબ ઉલ્લેખ છે:—

"આમાં ચોપાયા અને દોહરા ઉપરાંત ઝૂલણા અને વસ્તુ છંદ ધ્યાન ખેંચે છે... શુદ્ધ ઝૂલણા છંદ સૌથી પ્રથમ મને આ સં. ૧૪૩૧ લગભગના કાવ્યમાં જણાયો છે."

[૧૧] જિનોદયસૂરિવિવાહલઉ : કર્તા મેરુનન્દન

જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય (પૃ. ૨૩૩–૨૩૭)માં આકૃતિ છપાયેલી છે.

ઐતિહાસિક જૈન કાવ્યસંગ્રહ (પૃ. ૩૯૮–૩૯૯) માં પણ આ પ્રસિદ્ધ થયેલું છે. એની રચના વિ. સં. ૧૪૩૨ની પછી થોડેક વર્ષે થયેલી છે. એ હિસાબે પ્રાચીનતાની દૃષ્ટિએ એનો ક્રમાંક બીજો છે. **જિનોદયસૂરિ** એ **મેરુનન્દનના** ગુરુ થાય છે અને એમને ઉદ્દેશીને આ કૃતિ રચાઈ છે,

[૧૨] નેમવિવાહ : કર્તા કેવળચંદ

આ સૌથી અર્વાચીન કૃતિ છે. એ તેતાલીસ ઢાલમાં **કેવળચંદે** રચી છે. આની પહેલી બે કડી અને છેલ્લી સાત કડી જૈન ગૂ. ક. (ભા. ૩, ખં. ૧, પૃ. ૩૭૬)માં અપાયેલી છે. આ તેમ જ એની પછીની ચાર કૃતિઓ **નેમિનાથને** અંગેની છે.

[૧૩] નેમિનાથધવલવિવાહલુ : કર્તા બ્રહ્મ વિનયદેવસૂરિ

આ કૃતિ ચુમ્માલીસ ઢાલમાં રચાયેલી છે. જૈ. ગૂ. ક. (ભા. ૩, ખં. ૧, પૃ. ૬૦૬)માં એની વિ. સં. ૧૬૧૫માં લખાયેલી હાથપોથીની નોંધ છે એટલે આ કૃતિ મોડામાં મોડી આ વર્ષમાં રચાઈ હશે. એના કર્તાએ વિ. સં. ૧૬૩૨માં **સુપાર્શ્વજિનવિવાહલો** અને એ સત્તરમી સદીમાં **શાન્તિનાથવિવાહલોધવલ** રચેલ છે.

[૧૪] નેમિનાથવિવાહલો : કર્તા ઋષભવિજય

આ કૃતિમાં સત્તર ઢાલ છે. એની પહેલી કડી અને છેલ્લી પાંચ કડીઓ "દેશી" એવા ઉલ્લેખપૂર્વક જૈ. ગૂ. ક. (ભા. ૩, ખં. ૧, પૃ. ૨૯૨) માં અપાયેલી છે. એ ઉપરથી **ઋષભવિજય** તે **વિજયાનન્દસૂરિના** વંશજ **રામવિજયના** શિષ્ય થાય છે અને આ કૃતિ વિ. સં. ૧૮૮૬માં રચાઈ છે એ બાબત જાણી શકાય છે.

[૧૫] નેમિનાથવિવાહલો : કર્તા મહિમસુન્દર

'ખરતર' ગચ્છના **સાધુકીર્તિના** શિષ્ય **મહિમસુન્દરે** આ કૃતિ વિ. સં. ૧૬૬૫માં રચી છે.

[૧૬] નેમિનાથવિવાહલો : કર્તા વીરવિજય

આ કૃતિની પહેલી ઢાલની બે કડી અને છેલ્લી–બાવીસમી ઢાલની છ કડી જૈ. ગૂ. ક. (ભા. ૩, ખં, ૧, પૃ. ૨૧૪–૫)માં છપાયેલી છે. આ કૃતિની બાવીસ ઢાલ છે. આની છેલ્લી ઢાલમાં "તસ શિષ્યે ગરભિ દેશિમાંહે લાલ, ગાયો નેમવિવાહ ઉછાહેં લાલ" એ પંક્તિમાં સૂચવ્યા મુજબ આ કૃતિને **નેમિનાથવિવાહગરબો** પણ કહેવામાં આવે છે. **શુભવિજયના** શિષ્ય **વીરવિજયે** આ કૃતિ વિ. સં. ૧૮૬૦માં (નભ–ભોજન–ગજ–ચન્દ્ર) રચી છે.

"શ્રી નેમીસર ભગવાનનો વિવાહલો" એ નામથી આ કૃતિ શિલાલેખમાં છપાઈ છે.

[૧૭] **પાર્શ્વનાથ વીવાહલુ · કર્તા પેથો**

આ કૃતિ ૨૦૬ ગાથાની છે. જૈ. ગૂ. ક. (ભા. ૩, ખં. ૧, પૃ. ૪૮૪)માં આની વિ. સં. ૧૫૮૧ની એક હાથપોથી નોંધાયેલી છે એટલે એનાથી મોડી આ કૃતિ રચાઈ નથી એમ બે ધડક કહી શકાય. ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથને–જેમનો ઐતિહાસિક પુરુષ તરીકે સૌ કોઈ સ્વીકાર કરે છે તેમને ઉદ્દેશીને આ કૃતિ રચાયેલી છે.

[૧૮] **વેણીવત્સરાજ વીવાહલુ · કર્તા ડાંમર (દામોદર)**

આ કૃતિનો આદિમ અને અન્તિમ ભાગ જૈ. ગૂ. ક. (ભા. ૩, ખં. ૨, પૃ. ૨૧૨૪ —૫)માં અપાયેલો છે. અહીં નોંધાયેલી તમામ કૃતિઓમાં આ એક જ અજૈન કૃતિ છે. એ **દામોદર** બ્રાહ્મણે રચી છે. એની વિ. સં. ૧૬૦૭ની એક હાથપોથી અને બીજી વિ. સં. ૧૬૨૭ની હાથપોથી પૃ. ૨૧૨૫ માં નોંધાયેલી છે. આવી અજૈન પ્રાચીન કૃતિઓ બીજી કઈ કઈ છે તેની તપાસ કરવી બાકી રહે છે.

[૧૯] **શાન્તિનાથવિવાહલોધવલ કર્તા બ્રહ્મ વિનયદેવસૂરિ**

સોળમાં તીર્થંકર **શાન્તિનાથનો** વિવાહ એ આ તેમ જ વીસમી કૃતિનો વિષય છે. જૈ. ગૂ. ક. (ભા. ૩. ખં. ૧, પૃ. ૬૧૧) માં આની પહેલી અને છેલ્લી ચચ્ચાર લીટીઓ અપાયેલી છે. એની રચના ઉત્તરજ્ઝયણની વૃત્તિ વગેરેને આધારે કરાયેલી છે એવો અંતમાં ઉલ્લેખ છે. વિશેષમા એમાં કર્તાએ પોતાને માટે 'બ્રહ્મ' એનો નિર્દેશ કર્યો છે. ' સોલમ જિનવરનું ધવલ રચિસુ હઉં સારુ " એમ કર્તાએ પ્રારંભમાં નિવેદન કર્યું છે.

[૨૦] **શાન્તિનાથવીવાહલુધવલપ્રબન્ધ · કર્તા આણન્દપ્રમોદ**

હર્ષપ્રમોદના શિષ્ય **આણન્દપ્રમોદે** આ કૃતિ વિ.સં.૧૫૯૧માં રચી છે. એમાં એકંદર ત્રેસઠ ઢાલ છે. શરૂઆતની છ લીટીઓ અને ૬૩મી ઢાલની અરાઢ લીટીઓ જૈ. ગૂ. ક. (ભા. ૩, ખં. ૧, પૃ. ૬૦૨— ૩)માં અપાયેલી છે. વિશેષમાં પૃ. ૬૦૩--૪માં 'નવરસરંગસાગર નામા ધવલપ્રબંધ શાતિનાથ વીવાહલુ' ' એવો ઉલ્લેખ છે.

[૨૧] **સુપાર્શ્વજિન વિવાહલો બ્રહ્મ વિનયદેવસૂરિ**

આ કૃતિનો ગ્રન્થાગ્ર ૫૮૧ શ્લોક જેટલો છે. એની પહેલી બે કડી અને છેલ્લી સાત કડી જૈ. ગૂ. ક. (ભા. ૩, ખં. ૧, પૃ. ૬૦૮—૯)માં અપાયેલી છે. છેલ્લી કડીનો પૂર્વાર્ધ નીચે મુજબ છે:–

" એહ રચ્યઉ વિવાહલઉ એ નાંદઉ જાં જિણધર્મ ભ૦ "

આ કૃતિની રચના ' યુગલ–ભુવન–રસ–ચન્દ્રમા ' એ વર્ષમાં એટલે કે વિ. સં. ૧૬૩૨માં થયેલી છે. આ અઠ્ઠાવન કડીની કૃતિ હોય એમ લાગે છે. એની પંચાવનમી કડીમાં ' વિનયદેવસૂરિ ' એમ કર્તાએ પોતાનું નામ સૂચવ્યું છે. આ કૃતિ સાતમા તીર્થંકર **સુપાર્શ્વનાથ** સબંધી છે.

[૨૨] **સુમતિસાધુસૂરિવિવાહલો · કર્તા લાવણ્યસમય**

વિ. સં. ૧૫૬૮માં **વિમલપ્રબન્ધ**, વિ. સં. ૧૫૭૫માં **કરસંવાદ અને** વિ. સં. ૧૫૮૫માં **અન્તરિક્ષ પાર્શ્વનાથ સ્તવન** રચનાર **લાવણ્યસમયની** આ કૃતિ છે.

આ પ્રમાણે સમય અને સાધન અનુસાર મેં 'વિવાહલઉ' સાહિત્ય વિષે સંક્ષિપ્ત નોંધ લખી છે. એટલે અંતમાં આ કૃતિઓને અંગે કેટલીક બાબતો હું તારવણી રૂપે રજૂ કરી આ લેખ પૂર્ણ કરીશ.—

(૧) ચોથી, તેરમી અને વીસમી એ કૃતિઓ ઘણી મોટી ગણાય.

(૨) જૈન કૃતિઓ પૈકી ૧, ૨ અને ૪ એ કૃતિઓ ઋષભદેવને અંગેની, ૧૨–૧૬ નેમિનાથને અંગેની, ૧૭મી પાર્શ્વનાથને અંગેની, ૧૯મી અને ૨૦ મી શાન્તિનાથને અંગેની અને ૨૧મી સુપાર્શ્વનાથને અંગેનાં છે. આમ બાર કૃતિઓ તીર્થંકરોને ઉદ્દેશીને છે. આ પૈકી સત્તરમી સિવાયની કૃતિઓને પૌરાણિક ગણીએ તો બાકીની અગ્યાર ઐતિહાસિક ગણાય. વિશેષમાં આર્દ્રકુમાર અને જમ્બૂસ્વામી એ તો લગભગ મહાવીરસ્વામીના સમયના ગણાય. એ સિવાયના મુનિઓ (જેમનો અહીં નીર્દેશ કરાયો છે.) એમની વચ્ચે ઓછામાં ઓછું એક હજાર વર્ષનું અંતર છે.

(૩) બહુ થોડી કૃતિઓ પ્રસિદ્ધ થયેલી છે.

(૪) ચૌદમા સૈકાની પહેલાંની કોઈ કૃતિ મળી નથી. એ સૈકાની એક જ કૃતિ મળી છે. પંદરમા સૈકાની બે કૃતિ છે આઠમી અને અગ્યારમી. ત્રીજી, ચોથી, સાતમી, સત્તરમી અને વીસમી કૃતિઓ સોળમા સૈકાની છે. સત્તરમી સદીની કૃતિઓ તે બીજી, તેરમી, પંદરમી, અરાઢમી, ઓગણીસમી અને એકવીસમી એમ છ કૃતિઓ છે આ કૃતિઓ જૂની ગુજરાતી ભાષાના અભ્યાસીને ઉપયોગી થાય તેમ છે એટલે એ તો એક સંગ્રહરૂપ સત્વર પ્રસિદ્ધ થવી ઘટે.

તા. ૯–૪–૪૬ સુરત

ફાગુકાવ્યો વિષેની પં લાલચંદભાઈની સૂચના વિષે કંઈક જ્ઞાતવ્ય

લેખક—વૈદ્ય ચીમનલાલ લલ્લુભાઈ ઝવેરી, મહુધા.

"શ્રી જૈન સત્ય પ્રકાશ" વર્ષ ૧૧, અંક ૭, પૃ. ૨૧૪, પેરા ૬માં ઉદયરત્ન વાચકને સંઘાડા બહાર કરવા માટેની દંતકથામાં વજૂદ નહીં હોવાનું જણાવી, ઉદાહરણરૂપે બીજાં પણ નવરસાત્મક કાવ્યો મળી આવતાં હોવાથી, પં. લાલચંદભાઈએ એમ માનવું અયુક્ત જણાવ્યું છે.

આ વિષે એ જણાવવું અગત્યનું છે કે એ નોંધાયેલી દંતકથા ઘણે ભાગે સ્વ. શ્રી. મોહનલાલભાઈ દ. દેસાઈને જે સ્થળેથી સાંપડી છે તે જ સ્થળેથી અમને પણ સાંપડી છે. એ સ્થળ બીજું નહીં પણ ખેડામાં બે વર્ષ પહેલાં અવસાન પામેલા યતિ ભાગ્યરત્નજી જ છે. એ વાતને સાચી માનવી કે કેમ એ એક વિચારવા જેવી વાત છે. અમને પૂરો સંભવ છે કે એ વાત સંદતર જૂઠી તો નથી જ; એમાં કેટલું તથ્ય સમાયેલું છે તે વિચારકોને વિચારવાનું રહે છે. અને અમને ખાતરી છે કે ઉદયરત્નજીએ રચેલાં સ્તવન, સજઝાય, છંદ, પદ, રાસ, પ્રબંધોનો સામટો અભ્યાસ અને નિરીક્ષણ કરનારને એ વાતનો અન્યોક્તિમાં કવિનો બળાપો જરૂર મળી આવવાનો સંભવ છે. આવું નિરીક્ષણ કરનારા શોધકો આપણી જૈન કોમમાં ક્વચિત જ મળે છે, પરન્તુ એ વસ્તુ પણ અગત્યની અને

જરૂરી છે એ તો નિઃસંદેહ છે. 'જૈન ગુર્જર કવિઓ' ભા. ૨ માં તેમને સંઘાડા બહારના નિમિત્તરૂપે નવરસાત્મક સ્થૂલિભદ્રફાગ જણાવ્યો છે, પરન્તુ ભાગ્યરત્નજીને મોઢેથી અમે સાંભળેલી વાતમાં એવું તો નથી. પણ પિંગળકાવ્યાનુશાસનના અભ્યાસ પછી તેમની વિદ્વત્તા, ચાતુર્ય અને બોલવાની છટા વિલક્ષણતાભરી ખીલી આવવાથી તેઓ પોતાથી આગળ વધી જશે અને શ્રાવકો પણ તેમના ભક્ત થઈ જશે તો પોતાનો કોઈ ભાવ પૂછશે: નહી એવા વિચારથી, તેમના ગુરુભાઈ અને સમુદાયના યતિઓ કોઈને કોઈ બહાનું તેમના ગૌરવને ઝાંખપ લગાવે તેવું શોધતા હતા. એટલામાં કવિ ઉદયરત્નજી ઉછરતા કવિ હોવાથી અને વિલક્ષણ જગતના વિલક્ષણ વિચારોથી અપરિચિત હોવાથી, પોતાની વૈરાગ્યભાવના મજબૂત હોવા છતાં, કોઈ સુંદર કવિતા તેમણે કેવળ શૃંગારથી ભરેલી લખી પોતાના યતિસમાજને વિનોદની ખાતર બતાવી. એ હથિયારનો જ યતિસમાજે ગચ્છાચાર્ય પાસે દુરૂપયોગ કરી સમજાવ્યું કે ઉદયરત્નજી વૈરાગ્યવિહીન અને આચારહીન છે. આચાર્યશ્રીએ પણ લાંબો વિચાર ન કરતાં, પતિત ભાવ તરીકે તેમને ગચ્છબહાર કર્યા અને એને માટે અમુક મુદ્દત નક્કી કરી, જે મુદ્દત દરમિયાન ચારિત્રની સુધારણાથી ફરી તેમને ગચ્છમાં લેવાનું ઠરાવ્યુ.

આમ લાચાર થયેલા કવિ ઉદયરત્નજી કેટલોક વખત બહાર ગયા, ફર્યા અને સફળ ઉપદેશ તરીકેની અને પવિત્ર ચારિત્રના ધારક તરીકેની કીર્તિ મેળવી ફરી ખેડામાં આવી ગચ્છાચાર્ય પાસે નવરસાત્મક 'સ્થૂલિભદ્રરાસ' અને વૈરાગ્યભાવપૂર્ણ 'ભુવનભાનુ કેવલી રાસ' ધર્યો. તે ઉપરથી આચાર્યે તેમની કવિશક્તિ અને વૈરાગ્ય નિશ્ચલ જોઈ તેમને ગચ્છમાં લીધા અને અમુક શિષ્યો આપી સ્વક્ષેત્રાદેશપટ્ટકના ખેડા ગામનો અર્ધ શ્રાવક સમુદાય અને તેમને માટે આગવો ઉપાશ્રય આપ્યો, તે આજે પણ ખેડામાં ભાવસારવાડાનું દેરાસર, ઉપાશ્રય અને ભાવસાર શ્રાવક ઉપરાંત અર્ધપોરવાડ શ્રાવકો તે જ ઉપાશ્રયના ભક્તો ગણાય છે. તેમની શિષ્યસંતતિમાં યતિઓ અને જ્ઞાનભંડાર હતો. તે કેટલોક અવ્યવસ્થાથી ચુંથાઈ ગયો અને કેટલોક યતિ ભાવરત્નજીને કબજે થયો છે. સંભવ છે કે તેમના અવસાન પછી તે ખેડાની સુમતિરત્નસૂરિ લાયબ્રેરીમાં રાખવામાં આવ્યો હશે.

ઉપર આપેલી નોંધ પ્રમાણે 'સ્થૂલિભદ્ર રાસો' તેમની બહિષ્કૃતિનું નિમત્ત નહોતો. એ વાતમાં કવિને સમાજની ઇર્ષાનો થયેલો કડવો અનુભવ. જો કવિની તમામ કૃત્તિઓ તપાસવાનો અમને સુયોગ્ય પ્રાપ્ત થશે તો તે સવિસ્તર સમાજ સામે મૂકાશુ. કવિ ઉદયરત્નજીને જ આમ બન્યું છે એવુ કાંઈ નથી, એ વાતનું સ્પષ્ટીકરણ કવિ નયસુંદર ગણિએ પોતાના 'રૂપકુંવર-રાસ'માં કટાક્ષભરી રીત સ્પષ્ટ જ લખ્યું છે. જુઓ તેમનાજ શબ્દો.—

> કવિત કવિત કરી સહુકો કહે, કવિત ભાવ તો વિરલા લહે;
> સોઈ કવિત જેણે દુશ્મિન દહે, પંડિતજન પરખી ગહગહે, ૩૭ (સં ૧૬૩૭)

જુઓ બીજો કટાક્ષ નલદમયંતી રાસમાં—

> પુણ્યશ્લોક નલનૃપકીર્તન, સુણતાં ગણતાં વાધે ધન:
> દૂર હોય કલિકાલકલંક, વશ થાએ અરિ જે હુએ વંક; દા. ૨/૧ (સં. ૧૬૬૫)

આ બન્ને રાસના રચનાકાળમાં ૨૮ વર્ષનું અંતર છે. રૂપકુંવર રાસ લખતાં જ કવિ જાણે છે કે મારા વિરોધિઓ આ રાસની કવિતા જોઈ મારા પ્રત્યે જરૂર બળી ઊઠશે. પણ તેની દરકાર ન કરતાં કવિ પોતે પોતાના કૃતનિશ્ચય પાર પાડી રાસ પૂર્ણ કરે છે.

એનું પરિણામ એમણે ધાર્યા મુજબ જ આવે છે, અને પોતાને માથે અછાજતાં કલંકોનો વરસાદ વરસે છે. કવિ એ કલંકોને નલદમયંતી કવિતા વડે ધોઈ નાખી આના વાંચવા સાંભળવાથી પોતાને ધન્યવાદ મળવાની આશા રાખે છે અને તેમના વિરોધિ દુશ્મનો ટાઢા પડી તેમને શરણ લાવવા ઇચ્છા કરે છે.

આ વાત શું ઉદયરત્નજીની વાતને અસંભવિત માનવા દોરી શકે છે ખરી ?

જો કે કવિ ઋષભદાસે છલકાનો શૃંગાર વર્ણવવાનો પ્રયત્ન કર્યાનો દાખલો નથી, તોપણ અજ્ઞાન સમાજે તેમને પણ છોડયા નથી, જેથી એ વિષે ઋષભદાસે હીરસૂરિરાસમાં સ્પષ્ટ શબ્દોમાં બળાપો કર્યો છે.

આજે પણ 'રૂપકુંવર રાસ'નો વિલાસાનંદનો વિષય કેટલોક શ્રાવકસમુદાય વાંચે તો તરત જ તેઓ એવો શબ્દ બોલી ઉઠશે કે શું સાધુઓ આવું લખી શકે ? તેથી અજ્ઞાન સમાજથી થરથર ધ્રૂજતા જૈન કવિઓએ સુડાબહોંતેરી લખતાં પણ પ્રથમ આ વાત કહી છે, અને રચનાનો હેતુ માત્ર બુદ્ધિની કેળવણી અને વિનોદ બતાવ્યાં છે. આમ બધા કવિઓમાં બનતું આવ્યું છે તો ઉદયરત્નજી માટે બને તેમાં આશ્ચર્ય શું ? નમૂના તરીકે ઋષભદાસનાં પણ વાકયો જુઓ.—

રાસ જોડી હુઓ બહુ જન તારૂ, ૧૨
એક કહે ખરો જબાપો, દે ઉપદેશ ચેતે કાંઈ આપો ? ૧૩
અંગારમર્દક આચારજ હુઓ, અન્ય તારી પોતે બુડતા જુઓ. ૧૪
નંદષેણ ગણિકા ઘરિ જ્યારે, આપ બુડે અને અન્યને તારે; ૧૫
ઋષભ કહે ભલુ પુછયું પરમ, બિંદુઆ જેટલો સાધીએ ધરમ, ૧૬
આણંદ શંખને પુષ્કલી જોય, બરાબરી તસ કુણે નવી હોય; ૧૭
ઉદયન બાહડ જાવડ સાય, તેહના પગની રજ ન થવાય; ૧૮
વીર મારગ લહી કાંઈ પુણ્ય કીજે, ઉગતે સૂરે જિનનામ સાહી લીજે; ૧૯

અંતે પોતાના નિત્ય ધર્માચરણ અને ભાવનાઓ વર્ણવી શું કહે છે તે જુઓ—

એક પાલું હુ જૈન આચારો, કહેતા સુખ તો હોય અપારો. ૩૮
પણ મુજ મન તણો એહ પ્રણામો. કોએક સુણિ કરે આતમકામો. ૩૯
પુણ્યવિભાગ હુઈ તવ જ્યારે, , ઇસ્યું ઋષભ કવિ આપ વિચારે. ૪૦
પરઉપગાર કાજે કહિ વાત, મનતણો પણ સંદેહ જાત. ૪૧

કવિ કહે છે કે હીરસૂરિજીનો રાસ વાંચી ઘણા માણસો તરશે, ત્યારે તેમના ઉપર એક જણે ટીકા કરી કે પારકાને ઉપદેશ આપો છો, પણ તમે શું કરો છો ? પોતે ડૂબનારા અને પારકાને તારનારા તો બહુયે થયા છે. કવિ કહે છે કે ભાઈ તમે સારું જ પૂછયું, પણ મોટાઓના પગની રજ તો મારાથી ન થવાય. સુકૃતાનુમોદનાની તો શાસ્ત્રોએ આજ્ઞા આપી છે, તેથી મારાથી જે બને છે તે આ છે. અને એ બધુ જાણીને કદાચ કોઈ ને શુભ ભાવનાનું નિમત્ત થાય તો તેના પુણ્યનો ભાગ મને મળે. આ કહીને પણ કવિ એક અપવાદથી ભયભીત થાય છે કે આ તો બધુ તમે બહુ મોટા ધર્મી છો એવું દેખાડવા કહેતા હશો. એ આક્ષેપ સામે બચાવ કરવા કવિ કહે છે કે મારા મનનો સંશય ટાળવા અને કોઈની પુણ્યભાવના થાય તો મને પણ લાભ મળે તો સ્વપરના ઉપકારનું નિમિત્ત બને.

આ બધુ આપણને કવિઓ કેટલી સંકડામણ ભોગવી ચૂકયા છે એ શું સ્પષ્ટ નથી કહેતું ?

ભૌગોલિક કોષમાં જણાતી ગંભીર ભૂલ

(લે. પં. લાલચંદ્ર ભગવાન ગાંધી, પ્રાચ્ય વિદ્યા મંદિર-વડોદરા)

ભૌગોલિક કોષ (પ્રાચીન અને મધ્યકાલીન) એ નામનું (પૃ. ૯૬ અપૂર્ણ) પુસ્તક, અમદાવાદ ગુ. વ. સોસાઈટી તરફથી તેના હીરકમહોત્સવગ્રંથમાળાના નં ૧૬ તરીકે સં. ૧૯૯૧માં પ્રગટ થયેલ છે, જેનાપર લેખક તરીકે ડાહ્યાભાઈ પીતામ્બરદાસ દેરાસરી, બેરિસ્ટર-એટ—લૉ. નું નામ છપાયેલ છે. ત્યાં આ. સે. ના નિવેદનમાં જણાવ્યું છે કે "શ્રીયુત નંદલાલ ડેના મૂળ અંગ્રેજી પુસ્તક પરથી એની વસ્તુ લેવામાં આવેલી છે, અને તેમાં ઘટતે સ્થળે યોગ્ય સુધારા દાખલ કરી લેખકે તેની ઉપયોગિતામાં ઉમેરો કર્યો છે."

ઉપર્યુક્ત પુસ્તકના પૃ. ૫૩માં **कुण्डगाम** નો પરિચય કરાવતાં ભગવાન મહાવીર સંબંધમાં જે ઉલ્લેખ કર્યો છે તે ગંભીર ભૂલવાળો કોઈ ગેરસમજ ફેલાવે તેવો અનિચ્છનીય છે; તે સુધારવાની આવશ્યક્તા છે. તેના આધારભૂત શ્રીયુત નંદલાલ ડે. એમ. એ. બી. એલ. ના અંગ્રેજી પુસ્તક જિઓગ્રાફિકલ ડિક્ષનરી (The Geographical Dictionary of Ancient & Mediaeval India 1927.) ના પૃ. ૧૦૭ માં કુંડગામ સબંધમાં અંગ્રેજીમાં તો આવું કથન છે—

"Mahavira is said to have been conceived at first in the womb of the Brahmani Devananda, but Indra caused the embryo to be transferred to the womb of the Ksatriya Trisala who was also with child, through the agency of his deer-headed general Harineyameshi, who is no doubt the same as Naigamesha or goat-headed god of the Brahmanas."

(Ep. Ind. Vol. II. PP. 316, 317. Kalpa-Sutra in SBE. Vol XXII, p 227.)"

પરંતુ પૂર્વોક્ત પુસ્તકમાં તેનું ભાષાંતર વિચિત્ર રૂપમાં અર્થને બદલે અનર્થ કરનારૂં જે જોવા મળે છે, તે સખેદ અહિં દર્શાવું છું—

"**कुण्डगाम**× × કહેવાય છે કે મહાવીર પ્રથમ દેવનંદા નામની બ્રાહ્મણીના ગર્ભમાં રહ્યા હતા. પણ ઇન્દ્રે એ ગર્ભને કાઢીને ત્રિશલા નામની ક્ષત્રિયાણીના ગર્ભમાં મૂકયો હતો. તે વખત ત્રિશલાને હરણના જેવા માથાવાળા સેનાપતિ હરિણેયમેશીનો ગર્ભ રહ્યો હતો. આ હરિણેયમેશી અને બ્રાહ્મણોના બકરા જેવા માથાવાળો દેવ નૈગમેશ તે એક જ. (એ. ઈ. પુ. ૨, પા. ૩૧૬, ૩૧૭. સે. બુ. ઈ. માં છપાયલુ કલ્પસૂત્ર પુ. ૨૨ પા. ૨૨૭)"

—ભૌગોલિક કોષ (પ્રાચીન અને મધ્યકાલીન), પૃ. ૫૩

—તેમાં લેખકે વિચાર કર્યા વિના ગેરસમજથી કેવું વિચિત્ર ભાષાંતર કર્યું છે, અને બેહુદું ભસી નાખ્યું છે—તે સમજી શકાય તેમ છે. આપણા ભાષાન્તરકારો—સાક્ષરો એ વિચારી જોવા તસ્દી લેશે? જૈનોના કલ્પસૂત્રમાં મહાવીર-જન્મ સંબંધમાં જે ઉલ્લેખ

મળે છે, તે બહુ સુપ્રસિદ્ધ છે. ઋષભદત્ત બ્રાહ્મણને ત્યાં દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિએ ગર્ભરૂપે ઉત્પન્ન થયેલા ૮૨ દિવસના ભગવાન મહાવીરને, સિદ્ધાર્થ રાજાની પત્ની ત્રિશલા ક્ષત્રિયાણીની કુક્ષિમાં પરિવર્તન કરવાનું ઉચિત કર્તવ્ય જિન-ભક્ત ઇંદ્રે પોતાના એક સેવક દેવદ્વારા બજાવ્યું હતુ, જેને પ્રા. માં **हरिणेगमेसी**. સં. માં **हरिणैगमेषी** નામથી સૂચવવામાં આવ્યો છે, તેને પ્રા. **पायत्ताणिआहिवई= सं पदात्यनीकाधिपति**-દેવેન્દ્રના પાયદળ સેનાના અધિપતિ તરીકે ઓળખાવવામા આવ્યો છે કલ્પસૂત્રની કિરણાવલી વગેરે વ્યાખ્યાઓમાં '**हरे. इन्द्रस्य नैगममादेशमिच्छतीति हरि-नैगमेषी. केचित् तु हरे रिन्द्रस्य सम्बन्धी नैगमेषीनामा देव**' અર્થાત્-ઇંદ્રના આદેશને ઇચ્છનાર અથવા ઇંદ્રનો સંબંધી દેવ જણાવ્યો છે. ભગવતીસૂત્ર વગેરેમા તેને શક્રદૂત તરીકે પણ સૂચવ્યો છે. આચાર્ય શ્રીહેમચંદ્રે ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત (પર્વ ૮, સર્ગ ૭, શ્લો. ૧૧-૧૩) માં બીજા પ્રસંગમાં પણ નૈગમેષી દેવનો ઉલ્લેખ કર્યો છે ત્યાં પ્રદ્યુમ્ન જેવા પુત્રને ચાહતી સત્યભામાને પ્રસન્ન કરવા શ્રીકૃષ્ણે આ દેવનું આરાધન કર્યું હતું, આ દેવે પ્રકટ થઈ હાર આપ્યો હતો, એ હાર ધારણ કરી શ્રીકૃષ્ણનો સમાગમ કરનારી જાંબવતીને સુપુત્ર પ્રાપ્ત થયો હતો

કલ્પસૂત્રનાં કેટલાક સચિત્ર પુસ્તકોમાં તેને હરણના જેવા મસ્તકવાળો ચીતર્યો છે. ડૉ. બુહ્લરે મથુરાનાં જૈન સ્મારક અવશેષો (Specimens of Jain Sculptures from Mathura.) માં આ દેવના પ્રાચીન ઉત્કીર્ણ શિલ્પ સાથે, અન્યત્ર મળતા સમાન નામવાળા અને કાર્યવાળા નૈગમેશ, નેગમેય, મેષાનન-અજાનન છાગવક્ત્ર વગેરે નામ સંબંધમાં વિસ્તારથી ચર્ચા કરી છે.

ડૉ. વિન્ટરનિટ્ઝે રૉયલ એસિયાટિક સોસાયટીના જર્નલમા વૉ. ૨૭ પૃ. ૧૪૯-૧૫૫માં સન ૧૮૯૫મા 'નેજમેશ, નૈગમેશ અને નેમેસો' સબંધમા વિસ્તારથી વિવેકથી ચર્ચા કરતાં ઋગ્વેદ+ અને ગૃહ્યસૂત્રોમા આવેલા એ દેવ સંબંધી પ્રાર્થનાનાં સૂક્તો દર્શાવ્યાં છે. તેથી જણાય છે કે પ્રાચીન સમયમાં એ નામનાં દેવનું સ્મરણ ગર્ભાધાનાદિ-પ્રસંગમાં કરવામાં આવતું હતુ. સુપુત્રની પ્રાપ્તિ માટે રક્ષા માટે એ દેવનું આરાધન ઇષ્ટ મનાતું હતું.

+ '**नेजमेष ! परापत सुपुत्रः पुनरापत ।**
अस्यै मे पुत्रकामायै गर्भमाधेहि यः पुमान् ।

यथेयं पृथिवी मह्युत्ताना गर्भमादधे ।
एवं तं गर्भमाधेहि दशमे मास सूतवे ॥

विष्णोः श्रेष्ठेन रूपेणास्यां नार्यां गवीन्याम् ।
पुमांसं पुत्रमाधेहि दशमे मासि सूतवे ॥''

—ઋગ્વેદ, ખિલ ૩૦, ૧ (મેક્ષમુલર દ્વિતીયાવૃત્તિ વૉ. ૪, પૃ. ૫૪૦) વિ. વિ.

उपदेशतरङ्गिणी के कुछ शब्द

(लेखक—श्रीयुत मूलराजजी जैन, एम. ए., एल-एल. बी.)

उपदेशतरङ्गिणी[1] के कर्ता नन्दिरत्नगणि के शिष्य रत्नमन्दिर गणि हैं। इनका समय विक्रम की सोलहवीं शताब्दी है क्योंकि सं. १५१७ में इन्होंने "भोजप्रबन्ध" की रचना की।[2]

यद्यपि उपदेशतरङ्गिणी मूलतया संस्कृत भाषा में है तथापि इसमें प्राकृत, अपभ्रंश, गुजराती, हिंदी के अनेक पद्य उद्धृत किये गये हैं। गद्यभाग में भी बहुत से ऐसे शब्द हैं जो किसी कोष में नहीं मिलते। ये प्रचलित भाषाओंसे लिये गये प्रतीत होते हैं। यहां कुछ शब्दों पर विचार किया जायगा।

रत्नमन्दिर ने अपने समय के अथवा अपने से कुछ पूर्ववर्ती श्रावकों और तीर्थों का उल्लेख किया है। इससे यह पुस्तक न केवल भाषा की दृष्टिसे प्रत्युत इतिहास की दृष्टिसे भी महत्त्वशाली है।

१. खुन्द

एकदा स्तम्भपुरे केऽपि सितपटा झोटिङ्गभट्टेन मलिककबीरदीनपार्श्वे आकारिताः। निम्मङ्गनिरीहत्वेनाऽऽसनादिदानेऽपि भूमावुपविष्टाः। भट्टः कथयति—खुन्द ! सितपटाः कर्तारं न मानयन्ति। (उप० तरं० पृ० ४८)

खुंद— यह संस्कृत का शब्द नहीं। इसे झोटिङ्ग भट्ट (हिन्दू) अपने स्वामी मलिक कबीरदीन (मुसल्मान) को संबोधन करने में बोलता है। यह फारसी **खावंद**[3] का संक्षिप्त रूप है। खावंद भी खुदावंद[4] का रूपान्तर प्रतीत होता है। जिनप्रभसूरिकृत

---

१. शाह हर्षचंद भूरामाई द्वारा वीर सं. २४३७ में बनारस से प्रकाशित।

२. जातः श्रीगुरुसोमसुन्दरगुरुः श्रीमत्तपागच्छप-
स्तत्पादाम्बुजषट्पदा विजयते श्रीनन्दिरत्नो गणिः।
तच्छिष्योऽस्ति च रत्नमन्दिरगणिर्भोजप्रबन्धो नव-
स्तेनाऽसौ मुनिभूमिभूतशशभृत्संवत्सरे निर्मितः॥
(उप० तरं०, प्रस्तावना पृ. १)

३. खावंद—A master; superior. F. Steingass· Persian English Dictionary. London 1930.

४. खुदावंद—A king, prince; a lord, master, तत्रैव.

ऋषभस्तवन[५] में और विक्रमसिंहरचित पारसी भाषानुशासन[६] में फा० ष्वांद (ख्वांद) का अर्थ स्वामी किया है। ख्वांद और खुंद दोनों खावंद के संक्षिप्त या भ्रष्ट रूप हैं।

२. श्रीकरी

धारापद्रनगरे लघुकाश्मीराभिधाने पश्चिममण्डलीकबिरुदः श्रीश्रीमालज्ञातीयः सं० आभूः। यस्य यात्रायां सप्तशतदेवालयाः, एकसहस्रपञ्चशतदशोत्तर जिनबिम्बानि; ४ सहस्रशकटानि, पञ्चसहस्राणि तुरंगमाणां, २२ शतोष्ट्राः, ९० सुखासनानि, ९९ **श्रीकर्यः**, ७ प्रपाः, ४२ जलवाबलीवर्दाः.... (उप० तरं०, पृ० २४५)

द्विसहस्रश्वेताम्बर तपोधनाः, ११ शतदिगम्बराः, १९ शत**श्रीकर्यः**, ४ सहस्रतुरंगमाः, द्विसहस्रोष्ट्राः... (उप० तरं०, पृ० २४७)

यहां श्रीकरी डोली या पालकी जैसा कोई वाहन प्रतीत होता है। यह शब्द MW[७] में नहीं मिला। विक्रमसिंह के पारसी भाषानुशासन में 'छत्रु ताऊमी' का पर्याय 'सीकरी' दिया है[८] जो श्रीकरी का रूपान्तर दिखाई देता है। कदाचित् सीकरी देशी शब्द हो जिस को संस्कृत रूप देने के लिये श्रीकरी बना दिया।

उपदेशतरङ्गिणी में सीकरी शब्द भी आता है—वांकावीरपधारणहार **सीकरी**—घोरंधार (उप० तरं०, पृ० ५३), पर यहां सीकरी का अर्थ निश्चित नहीं हो सका।

३. जोत्कार

तत्प्रतिबोधनोपकारकरणार्थं दूरदेशान्तरस्थभागिनेयरूपं कृत्वा तद्गृहं गतः। मातुलान्या जोत्कारः कृतः। पृष्टं—मातुलः क्वास्ति। (उप० तरं०, पृ० २०१)

प्रसंग से स्पष्ट प्रतीत होता है कि यहां जोत्कार का अर्थ प्रणाम है। परंतु यह संस्कृत का शब्द नहीं प्रत्युत प्राकृत जोक्कार को संस्कृत रूप दिया गया है जिससे गु० जुहार शब्द बना है। इसकी व्युत्पत्ति पर विस्तृत विचार हो चुका है।[९] कदाचित् इसका संबन्ध हिंदी जी, जीउ, जू (सं० जीव) से हो—जैसे—रामजी, कृष्णजीउ, हरिजू। इस दशामें जोत्कार के ओ का समाधान हो जाता है। अथवा यह शब्द झुक—जूख—से बना हो क्योंकि प्रणाम भी झुकने को ही कहते हैं।

---

५. जैन साहित्य संशोधक, पूना, खंड ३, पृ. २१–५९।

६. ओरियेंटल कालेज मेगजीन, लाहौर। फर्वरी १९४६। पृ० २३, श्लो० २१

७. Monier Monier-Williams: Sanskrit-English Dictionary. Oxford, 1899.

८. फुटनोट ६; पृ. ५, श्लो० ३८।

९. जैन सत्य प्रकाश, व. ९, अं. ७, क्रमांक १०३, पृ. ३५१–४।

સમગ્ર આગમો લખાવનારા

બે સંઘવી ભાઇઓની પ્રશસ્તિ

સં૦-શ્રીયુત પં. અંબાલાલ પ્રેમચંદ શાહ, મુંબઇ

ભગવાન્ મહાવીરસ્વામી પછી લગભગ ૧૦૦૦ વર્ષે જૈન સિદ્ધાંતગ્રંથો વ્યવસ્થિત રીતે ગ્રંથારૂઢ થયા. ત્યાં સુધી જૈન શ્રમણો એ ગ્રંથોને મુખ્યતઃ કંઠાગ્ર રાખતા. પણ ઉપરાઉપરી પડતા દુષ્કાળો અને પરદેશીઓના આક્રમણથી થતી ઉથલપાથલો--રાજ્યક્રાંતિઓથી એ ગ્રંથોને સ્મરણમાં રાખવાનું અને પરિષદ્રૂપે એકત્ર મળવું કે ગણ-સમુદાયમાંથી વિખૂટા પડતાં ધાર્યા મુજબ એકઠા થવું દુષ્કર બનવા લાગ્યું. આથી સિદ્ધાંતગ્રંથોનું શૃંખલાબદ્ધ યથાસ્થિત સ્મરણ પણ વિસરાવા લાગ્યું, ત્યારે શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે તત્કાલીન પરિસ્થિતિને ધ્યાનમાં લઈ વલભીપુરમાં શ્રમણસંઘને એકઠો કર્યો અને સિદ્ધાંતગ્રંથો લખવાની પરિપાટી શરૂ કરી. એ પછી તો લેખનકળાનો પ્રવાહ સહસ્રમુખે વિસ્તાર પામ્યો. આમ જે લેખનકળાનો નવો પુણ્ય-ઉદ્યોગ ફાલ્યો ફૂલ્યો તેમાં લેખનકળાનાં સાધનો, લેખકો, સંશોધકો, લખાવનારા દાનવીરો અને એને માટેનાં મોટા મોટા ભાંડાગારો પણ ભિન્ન ભિન્ન નગર અને ગામોમાં વધવા લાગ્યાં. યદ્યપિ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના સમયમાં લખાયેલા ગ્રંથોમાંનો એક પણ ગ્રંથ કોઈ પણ ભંડારમાંથી આપણને પ્રાપ્ત થઈ શક્યો નથી, પણ તેની પરંપરાપ્રાપ્ત નકલો આજે આપણને ઉપલબ્ધ થાય છે.

લેખનપરંપરાનો વ્યવસાય તાડપત્ર ઉપરથી કાગળ ઉપર આવ્યો અને છાપખાનાંઓ થયાં ત્યાં સુધી ઉત્તરોત્તર વધતો જ ગયો. આજે જુદાં જુદાં નગરોના જ્ઞાનભંડારોમાં હજારો પ્રતિઓ એને જ પરિણામે સંગ્રહાઈ રહી છે. કેટલાક ભંડારો તો મુસ્લીમ આક્રમણમાં નષ્ટભ્રષ્ટ બન્યા અને તેમાં આપણાં મહામૂલાં રત્નો સમા કેટલાયે ગ્રંથો, જેમાંના કટલાકનાં નામો આપણને કેટલીક ટિપ્પણીઓમાંથી મળે છે, તે ભસ્મસાત્ થઈ ગયા, છતાં આજે જે ગ્રંથો સચવાઈ રહ્યા છે તે ભારતીય ઇતિહાસના ઉજ્જવળ સીમાચિહ્નો રૂપે ભાત પાડી રહ્યા છે; એટલું જ નહિ એની સાધન-સામગ્રી બની રહ્યા છે. અને જૈન સંસ્કૃતિની તો જીવનોપયોગી જ્ઞાનવિજ્ઞાનની સાધનસંપત્તિ એમાં જ સંગ્રહયેલી પડી છે.

આ ગ્રંથલેખનની આંતર વ્યવસ્થા જેમ જૈન શ્રમણોએ કરવા માંડી તેમ બાહ્ય વ્યવસ્થાને દાનવીર શ્રાવકોએ પૈસા આપી સમૃદ્ધ બનાવી. આ આંતર અને બાહ્ય વ્યવસ્થા કરનાઓનાં નામો જાણવાનું એકમાત્ર સાધન એ ગ્રંથોની અંતે કેટલીક ગદ્ય-પદ્ય પ્રશસ્તિ-નોંધોમાં મળી આવે છે. આવી એક વિસ્તૃત પ્રશસ્તિ નીચે આપવામાં આવે છે; જેમાં **ખીમસિંહ** અને **સહસા** નામના બે સંઘવી ભાઈઓએ સં. ૧૫૩૮માં સમગ્ર આગમગ્રંથો લખાવ્યાની નોંધ તેમ જ તેમણે કરેલાં બીજાં સુકૃતોની સૂચિ પણ જાણવા મળે છે. અને તે લખાતા ગ્રંથોની આંતર વ્યવસ્થા કરનારા શ્રી સોમજય મુનિ અને વિજયમંદિર ગણિનાં નામો પણ એમાં જોડાયેલાં મળી આવે છે. આ પ્રશસ્તિ અમદાવાદના 'ડેલા' ના ભંડારમાં **व्यवहारसूत्रटीका** અને **व्यवहारचूर्णि**ના અંતે આપેલી જોવાય છે.

॥ प्रशस्ति ॥

अस्ति स्वस्तिपदं श्रीगूर्जरमण्डलमखण्डलक्ष्मीकम् ।
तत्राणहिल्लपाटकपुरं पुरन्दरपुरमिवाऽऽढ्यम् ॥ १ ॥

आसीत तत्र निवासी पुण्याभ्यासी च जिनमतोद्वासी ।
प्राग्वाटबृहच्छाखामुकुटश्रीः श्रेष्ठिछाडाकः ॥ २ ॥

काबाह्वयस्तत्तनुभूरनुभूतागण्यपुण्यनैपुण्यः ।
पत्नी फदूरदूषितमतिगतिर्यातभक्तिभृत् तस्य ॥ ३ ॥

अनयोस्तनयौ सनयौचित्यादिमादरौ विदुरौ ।
सदयौ सादा–राजडनामानौ प्रथितमहिमानौ ॥ ४ ॥

ललतूर्ललना सादाभिधस्य देवाह्वयश्च तनुजन्मा ।
गोमनिरतिदानमतिर्युवतिः श्रीराजडस्य पुनः ॥ ५ ॥

सत्कुलकमलविकाशन–जिनशासनगगनभासनदिनेशौ ।
श्रीभीमसिंह–सहसासंघाधिपपुङ्गवौ जयतः ॥ ६ ॥

धन्याधस्य धनाईगृहिणी स्पृहणीयगुणगणा प्रगुणा ।
पुत्रौ देना–नोनासंज्ञौ विज्ञौ स्फुरत्प्रज्ञौ ॥ ७ ॥

वारू सारूप्यधरा प्रियाः प्रियाऽन्यस्य धीर (रे) यौ ।
तनयौ समधर–ईसरसंज्ञौ दुहिता मन्दाईश्च ॥ ८ ॥

अथ कनकाईलालीवइवूजीवाणारितन क्रमात् वध्वः ।
पुत्राश्च सोनपालाऽमीपालौ पूनपाल–हेमराज–धरणाख्यौ (ख्याः) ॥ ९ ॥

पूरोजीसूबीसू इत्यभिधानाः प्रधानधीनिधयः ।
अनयोश्च विश्वसाराः स्वसारः एता गुणोपेताः ॥ १० ॥

पितृविहितातुच्छोत्सवमभङ्गवैराग्यरङ्गसंगेन ।
पूरी पुनरङ्गीकृतदीक्षा श्रीसाधुलब्धिरिति नाम्नी ॥ ११ ॥

यौ सारपरीवारौ धर्माधारौ सदाचारौ ।
सविशुद्धव्यवहारौ सविचारौ भृशमुदारौ च ॥ १२ ॥

जयचन्द्रमुनीन्द्रैः स्थापितवन्तौ प्रवर्त्तनीपदवीम् ।
तां श्रीसंघदुकूलादि–कमडिदानादिमहपूर्वम् ॥ १३ ॥


श्रीमच्चम्पकनेरपावकगिरौ प्रात्तुङ्गशृङ्गेऽर्हत् (त)–
श्चैत्यं तत्र च बिम्बमार्हतमतिप्रौढं प्रतिष्ठां तथा ।
तस्योच्चैर्मुनिदृग्–शर–क्षिति (१५२७) मिति (ते) वर्षे सहर्षोत्सवं
पौषस्यासितपञ्चमीसुदिवसे यौ कारयाञ्चक्रतुः ॥ १४ ॥

सोत्कर्षं शिखि-शम्भु-नेत्रविषय-क्ष्मा(१५३३)संख्यवर्षे सदा-
प्यन्नावारितदानमानविधिभिः श्रीसंघसम्माननैः ।
सुक्षेत्रार्थनिवेशनैर्जिनमतं प्रोद्भासयन्तौ च यौ
श्रीशत्रुंजय-रैवतादिषु महायात्रोत्सवं चक्रतुः ॥ १५ ॥
तौ श्रीधर्मधुरन्धरौ विधुरतां संप्रापयन्तौ सदा
सत्रागारविधानदीनजनताऽऽधारप्रदानैः कलिम् ।
श्रीसाधर्मिकभक्तियुक्तिसुकृतामक्तिप्रसक्तौ निजं
नाम क्ष्मावधिनैकपुण्यकरणैः संस्थापयन्तौ ध्रुवम् ॥१६॥
सम्यग्दर्शनमोदकान्जनमनो नासदृशं मोदकां-
श्चक्राणौ प्रचुरांस्तथा गुरुतरान् सदरूप्यटङ्कोदरान् ।
कुर्वाणौ प्रतिमाप्रतिष्ठितिपदप्रौढप्रवेशोत्सवा-
स्तीर्थोद्धारपरोपकारगुरुसत्कारप्रकारादिव ॥ १७ ॥
साधु परिधापयन्तौ गच्छमतुच्छं विशेषवेषगणैः ।
सममखिलमवनिमण्डलमपि यशसा वाससा सहसा ॥ १८ ॥
प्राप्तप्रौढितपोगणप्रगुणिताऽत्यौन्नत्यनित्यश्रिया
श्रीसूरीश्वरसोमसुन्दरगुरुप्रष्ठाः प्रतिष्ठास्पदम् ।
सूरिश्रीमुनिसुन्दराह्वगणभृत् श्रीचन्द्रगच्छोर्मिभृ-
च्चन्द्रश्रीजयचन्द्रसूरिगुरवस्तत्पट्टविद्योतनः (नाः) ॥१९॥
तत्पट्टे गुरुरत्नशेखरवरस्तेषां च पट्टेऽधुना
लक्ष्मीसागरसूरयो विजयिनः सौभाग्यभाग्यान्विताः ।
श्रीमान् (मत्) सोमजयाह्वयाश्च गणभृत्कोटीषु कोटीरता-
भाजस्तत्परिवारसारमपरेऽनूचानपादा इह ॥ २० ॥
तेषां धर्म्मरसोर्मिनिर्मितगिरं श्रुत्वा सकर्णावुभौ
चित्कोशे द्रविणैर्जिनोक्तसमयांस्तैर्लेखयन्ताविमाम् ।
वर्षेऽलीलिषतां वसु-त्रि-शर-भू (१५३८) संख्ये प्रति प्रीतिदां
श्रीसंघाधिपभीमसिंह-सहसासंज्ञौ [व] दान्याविह ॥ २१ ॥
एतांस्तु नव्यलिखितान् श्रीमत्सूरीन्द्रसोमजयगुरवः ।
शोधनविधिना ग्रन्थान् समान् समीचीनतां निन्युः ॥२२॥
एतल्लेखनविषयोपक्रममसमं व्यधुर्धुतालस्याः ।
चित्कोशसर्वचिन्ता विविधा विजयमन्दिरगणीन्द्राः ॥२३॥

श्रीखीमसिंह-सहसासंघपतिभ्यामुदारचरिताभ्याम् ।
लेखित एप विशेषाक्षरै रशेषोऽपि जिनसमयः ॥ २४ ॥
प्रतिदिनमर्वाहतमनसा मुनिजननिवहेन वाच्यमान इह ।
विबुधैश्च शोध्यमान सर्वजनानन्दकृन्नन्यात् ॥ २५ ॥
॥ इति प्रशस्तिकाव्यानि ॥

सं. १५३८ वर्षे पत्तनवास्तव्य सं. खीमसिंह–सं. सहमाभ्यां पु० समधर–देवदत्त–नोता, ईसरसुत हेमराज–सोनपाल–धरणा–अमीपाल–पूनपाल–आसपालप्रमुख-कुटुम्बयुताभ्यां लिखितमिदं पुस्तकम् । आचन्द्रार्कं नन्दतात् । शुभं भवतु । विश्वनाथ-लिखितम् । लेखक-पाठकयोः शुभं भवतु । कल्याणमस्तु ।

वंशवृक्ष



ભાવાર્થ

ગૂર્જર મંડલમાં અણહિલપુર પાટણ નામે નગર છે. ત્યાં પુન્યશાળી જિનમતાનુયાયી પ્રાગ્વાટ બૃહત્ શાખામાં શિરોમણિ છાડાક નામે શ્રેષ્ઠી વસતો હતો. તેને કાબા નામે પુત્ર હતો. તેને સરળ હૃદયા ને સાધુભક્ત રુદૂ નામે પત્ની હતી. તેમને સાદા અને રાજડ નામે બુદ્ધિશાળી પુત્રો હતા. તેમાં સાદાની પત્નીનું નામ લલતૂ હતું. તેનાથી દેવા નામે પુત્ર થયો અને રાજડને દાનશીલા ગોમતી નામે પત્ની હતી. તેમને ખીમસિંહ અને સહસા નામે સંઘવીઓમાં શિરોમણિ બે પુત્રો હતા. ખીમસિંહને ધનાઈ નામે ગુણશાલિની ૧ હતી. તેમને દેતા અને નોતા નામે બુદ્ધિશાળી પુત્રો હતા. સહસાને વારૂ નામે પત્ની

હતી અને તેને સમધર અને ઇસિર નામે બે પુત્રો અને મલ્હાઈ નામે પુત્રી હતી. દેતાને કનકાઈ, નોતાને લાલી, સમધરને વડધૂ અને ઇસિરને જીવિણી નામે પત્નીઓ હતી. દેતાને સોનપાલ અને અમીપાલ નામે પુત્રો હતા. અને નોતાને પૂનપાળ, સમધરને હેમરાજ અને ઇસિરને ધરણા નામે પુત્રો હતા. સોનપાલ અને અમીપાલને પૂરી, જાસૂ, બાસૂ નામે બહેનો હતી. (૧-૧૦) પિતાએ મોટો ઉત્સવ કરવાથી જેનો વૈરાગ્યરંગ અભંગ છે તે પૂરી નામે પુત્રીએ દીક્ષા લઈ સાધુલબ્ધિ નામ ધારણ કર્યું. શ્રેષ્ઠ પરિવાર વાળા, ધર્મના આધાર, સદાચારી, વિચારશીલ અને અતિ ઉદાર તે ખીમસિંહ અને સહસા નામના બંને ભાઈઓએ સંઘને દુકૂલ-રેશમી વસ્ત્ર અને કાંબળીના દાનપૂર્વક મોટો ઉત્સવ કરી શ્રી જયચંદ્ર મુનીન્દ્ર દ્વારા પ્રવર્ત્તની પદવીમાં સ્થાપિત કરી. (૧૧-૧૩)

ચાંપાનેર—પાવાગઢના ઉત્તુંગ શિખર પર અરિહંત ભગવાનનું ચૈત્ય અને તેમાં તેમણે ભગવાનની અત્યંત પ્રૌઢ પ્રતિમાની પ્રતિષ્ઠા મોટા ઉત્સપૂર્વક સંવત્ ૧૫૨૭ ના પોષ વદિ પાંચમના દિવસે કરાવી. (૧૪) સંવત્ ૧૫૩૩માં સારા ક્ષેત્રોમાં માનપૂર્વક મોટી સત્રશાળાઓ ખોલાવી જિનમતને શોભાવતા તે બંને ભાઈઓએ શત્રુંજય અને રૈવત-ગિરનારની મોટી યાત્રાઓનો ઉત્સવ કર્યો. (૧૫)

તે બંને ધર્મધુરંધર બંધુઓ સત્રાગારો બનાવીને તેમ જ ગરીબ મનુષ્યોને આધાર આપવા વડે કલિને પણ વિધુર બનાવતા હતા. તેમણે સાધર્મિકભક્તિ અને પુણ્યકાર્યમાં ચિત્ત લગાડીને અનેક પુણ્યકાર્યો કરવાથી પૃથ્વી રહે ત્યાં સુધી પોતાનું નામ ધ્રુવ-અમર કર્યું. તેમણે મનુષ્યોના મનને રુચે તેવા ઘણા, અત્યંત મોટા અને રૂપાના ટંકા યુક્ત લાડવાઓ સરખા સમ્યગ્દર્શનરૂપ લાડવાઓ બનાવ્યા, અને તીર્થોદ્ધાર, પરોપકાર અને ગુરુમહારાજના સત્કાર પ્રકાર વડે જાણે પ્રતિમાઓની પ્રતિષ્ઠા, પદવીપ્રદાન અને પ્રવેશોત્સવો પણ કરાવ્યા. વિશિષ્ટ પ્રકારના વેષ-વસ્ત્ર સમૂહ વડે શ્રેષ્ઠ ગચ્છને સારી રીતે આચ્છાદિત કરતા તે બંનેએ વસ્ત્રની સાથે જ સમગ્ર પૃથ્વીમંડળને યશવડે જલદીથી જ વ્યાપ્ત કરી દીધી. (૧૬-૧૮)

પ્રૌઢતાને પ્રાપ્ત કરનારા તપાગણમાં ઉન્નતિ અને નિત્ય લક્ષ્મીને વધારનારા શ્રેષ્ઠ ગુરુ શ્રી સોમસુંદરસૂરિ જેઓ પ્રતિષ્ઠાના સ્થાન રૂપ છે તેમના ગણધર સમા મુનિસુંદરસૂરિ અને ચંદ્રગચ્છરૂપ સમુદ્રમાં ચંદ્ર સમા શ્રી જયચંદ્રસૂરિ ગુરુ તેમની પાટને શોભાવે છે. તેમના ગુરુ શ્રી રત્નશેખરસૂરિ અને હાલ તેમની પાટે સૌભાગ્યશાળી શ્રી લક્ષ્મીસાગરસૂરિ જય પામે છે. તેમના ગણધરોમા પણ શ્રેષ્ઠ સોમજય ગુરુ છે. તેમને પણ મોટો પરિવાર છે અને બીજા પણ શ્રેષ્ઠ સાધુઓ અહીં છે. (૧૯-૨૦)

તે ગુરુઓની ધર્મરસથી રસાયેલી વાણી સાંભળીને આ બંને ભાઈઓએ ચિત્કોશ-જ્ઞાનભંડાર માટે શ્રીજિનેશ્વર પ્રભુના સિદ્ધાંતોને પૈસા આપી લખાવવા માંડ્યા. સંવત્ ૧૫૩૮માં દાનવીર સંઘવી શ્રી ખીમસિંહ અને સહસાએ અહલાદ ઉપજાવે તેવી પ્રતિઓ લખાવી. ૨૧ આ નવીન લખાયેલા ગ્રંથોને શ્રી સોમજય ગુરુએ સંશોધનવડે શુદ્ધ બનાવ્યા. આ લેખન વિષયની શરૂઆત શ્રી વિજયમંદિરગણિએ આલસ છોડીને કરી અને ચિત્કોશની સમગ્ર ચિંતા તેમણે જ રાખી. (૨૨-૨૩)

ઉદારચરિત સંઘપતિ શ્રી ખીમસિંહ અને સહસાએ જિનેશ્વર ભગવાનના સમગ્ર સિદ્ધાંતગ્રંથો વિશિષ્ટ અક્ષરોથી લખાવ્યા. પ્રતિદિન સાવધાન ચિત્તથી મુનિગણ વડે વંચાતો અને વિદ્વાનોથી શોધાતો (આ સિદ્ધાંત) સર્વ મનુષ્યને આનંદ કરનાર થાઓ !

निर्भ्रान्त तत्त्वालोक

[दान-शील-तप-भावनादिधार्मिक विशिष्टव्याख्यानरूपो निबन्धः]

प्रणेता-पूज्य मुनिमहाराज श्रीवल्लभविजयजी.

[क्रमांक-१२७ से क्रमशः]

काक (कौआ) में गहेरा कालापन है और हंस में स्वभाव से ही उजलापन है, दोनों की गंभीरता में बहुत कुछ अंतर है और दोनोंकी बोलीमें बडा भारी अन्तर है, फिर भी जहां यह विचार किया जाय कि कौन काक है और कौन हंस है, हे मित्र, उस देशको नमस्कार है।

पहेले कहा जा चुका है कि धर्म सर्वोत्कृष्ट मंगल है अर्थात् मोक्षसाधक है और वह अहिंसारूप है, संयमरूप है और तपःस्वरूप है; यह दशवैकालिक सूत्र में कहा गया है, इसी तरह भगवानने धर्मके विशेष लक्षणको उत्तराध्ययन सूत्र में भी कहा है कि— ज्ञान, दर्शन, चारित्र और तप ये मोक्ष के मार्ग है, अर्थात् धर्म है। उत्तराध्ययनका मूल पाठ इस तरह है—

नाणं च दंसणं चेव चरित्तं च तवो तहा।
एसमग्गुति पन्नत्तो जिणेहिं वरदंसिहिं ॥

—उत्तराध्ययन सूत्र, अ० २८, गा. २

यहां ज्ञान, दर्शन, चारित्र और तप को मोक्षमार्ग कहा है अर्थात् धर्म कहा है। धर्मका यह लक्षण भी पूर्वोक्त ज्ञान, दर्शन, चारित्र अथवा श्रुत और चारित्र के अनुकूल ही है, क्योंकि तप चारित्र का ही भेद है, किन्तु कर्मोंके क्षय करने में तप का स्थान सब से ऊंचा है, अर्थात् प्रधान है यह जताने के लिए ही इस गाथामें चारित्र से पृथक् तप को कहा है। टीकाकारने भी इसी तरह लिखा है कि—

इह च चारित्रभेदत्वेऽपि तपसः पृथगुपादानं अस्यैव क्षपणं प्रति असाधारणहेतुत्वमुपदर्शयितुम् ॥

अतः सिद्ध हुआ कि सम्यग्ज्ञान, सम्यग्दर्शन और सम्यक्चारित्र ही वीतरागकी आज्ञा (धर्म) है अथवा संक्षेप से ये ही श्रुत और चारित्र के नामसे कहे जाते हैं, इससे भिन्न अल्पज्ञकल्पित संवर-निर्जरा रूप लक्षण व्यभिचरित होनेसे वास्तविक लक्षण नहीं है।

धर्मका विषय अति गहन है, शास्त्रकारोंने अपने अपने यथाबुद्धिबलोदयसे धर्मका लक्षण अनेक प्रकारसे किया है, किन्तु धर्मके सभी लक्षणोंका समन्वय सम्यग्दर्शनज्ञानचारित्र में हो जाता है। यह दूसरी बात है कि किसीने धर्म के लक्षण में विशेष कुशलता दर्शाने के लिये लघुता ग्रहण की और किसीने शब्दाडम्बर को ही पसन्द किया; किन्तु धर्मके वास्तविक

लक्षण के लक्ष्य में आकर जिस किसी कलाकुशल विद्वानने जो कुछ अल्प या अधिकरूपसे धर्मका लक्षण किया है वे सभी लक्षण सम्यग्दर्शन सम्यग्ज्ञान और सम्यक्चारित्ररूप धर्मके लक्षणों में घटित हो जाते हैं। धर्मप्रेमी जिज्ञासु पाठकों के मनोविनोदार्थ यहां भिन्न भिन्न शास्त्रकारोंके कहे हुए धर्मलक्षण का भी कुछ दिग्दर्शन कराया जाता है।

शब्दको प्रधान मानने वाले वैयाकरणलोग धृञ्=धारणार्थक धातु से "धर्म" शब्दकी सिद्धिको बतलाते हैं। अर्थात् वैयाकरणोंके मत में धृञ्=धातु धारण अर्थ में है, उस धृञ्-धातु से 'उणादि' मन् प्रत्यय करनेसे 'धर्म' शब्द बनता है। फिर 'धरति लोकान् ध्रियते वा लोकैरितिधर्मः' अर्थात् जो लोगोंको धारण करता है अथवा जो लोगोंके द्वारा धारण किया जाता है उसे धर्म कहते है। इस तरह वैयाकरणलोग धर्म शब्दकी व्युत्पत्ति करके धर्मका लक्षण करते है। वैयाकरणोंके अनुगामी कोशकारोंने भी धृञ् धातु के प्रसिद्ध अनेक अर्थको ग्रहण करके धर्मके पर्याय अपने अपने निबन्धों में लिखे है, जैसे—अमरकोशमें लिखा है। कि—

"धर्मः पुण्ययमन्यायस्वभावाचारसोमपाः"—(अमरसिंह)

अर्थात् पुण्य, यम, न्याय, स्वभाव, आचार और सोमप ये छः पर्याय धर्म के हैं, ये सभी पर्याय धर्म के विशिष्ट अर्थ के द्योतक हैं। पुण्य, यम, न्याय, स्वभाव और आचार ये पांचों तो अत्यन्त प्रसिद्ध हैं और सोमपका भी नाम धर्म ही है, क्योंकि अमृतको उत्पन्न करनेवाला सोम कहलाता है, सोमका अधिकतर प्रयोग चन्द्रमा में ही किया जाता है। चन्द्रमा में अमृतका भाग अधिक है, चन्द्रकिरणोंसे जीवनदायिनी औषधियोंकी पुष्टि होती है, इसी लिये चन्द्रमा का नाम अमृतदीधिति अमृतकिरण सुधादीधिति औषधीश आदि हैं। उन्हीं नामों में चन्द्रमाका सोम नाम भी सार्थक है और उस सोम (अमृतोत्पादक) जैसी वस्तुका जो पालन या रक्षण करता है उसका नाम सोमप है, इसी लिये धर्मका नाम सोमप भी रखा गया है, इसी तरह विश्व और मेदिनी कोश में भी धर्मका पर्याय लिखा हुआ है, जैसे—

"धर्मोऽस्त्री पुण्य आचारे स्वभावोपमयोः क्रतौ।
अहिंसोपनिषन्न्याये ना धनुर्यमसोमपे ॥

अर्थात् पुण्य, आचार, स्वभाव, उपमा, क्रतु, अहिंसा, उपनिषद्, न्याय, धनुः, यम और सोमप ये ११ धर्मके पर्याय हैं, वैयाकरण और कोशकारों की उक्तियोंका पर्यालोचन करनेसे भी सम्यग् ज्ञान दर्शन चारित्र ही धर्मका लक्षण होता है।

दर्शनशास्त्रकारोंने भी यथामति भिन्न भिन्न भाषाशैलीसे धर्मका लक्षण किया है, किन्तु सभी दार्शनिकों के यथाकथित धर्मलक्षण सम्यग्दृष्टिज्ञानचारित्रके अन्तर्गत हो जाते हैं। जैसे—कर्मप्रधानवादी मीमांसकों ने 'नोदनालक्षणो धर्मः' ऐसा धर्म का लक्षण किया है,

इन के अभिप्राय में 'नुद' धातु प्रेरणा अर्थ में हैं, उससे नोदना शब्दकी सिद्धि होती है अतः प्रेरणालक्षणात्मक ही धर्म है यह मीमांसकों का मन्तव्य है। इस प्रेरणालक्षणात्मक धर्म के उपर जैमिनि का सुन्दर लम्बाचौडा 'पूर्वमीमांसासूत्र' है, मीमासाशास्त्र के अधिक जिज्ञासुको 'शाबरभाष्यसहित' जैमिनीयसूत्र (पूर्वमीमांसा) देखना चाहिये। हां तो मीमांसाशास्त्रकारों की राय में भी प्रेरणालक्षणात्मक ही धर्म है, किन्तु मीमांसा के 'नोदनालक्षणो धर्मः' इस प्रथम सूत्र के आदिम तीन अक्षरों के ही गंभीर अर्थपर विचार करें तो कहना पडेगा कि मीमांसा के धर्मलक्षण भी सम्यग्ज्ञान-दर्शन-चारित्र रूप धर्मलक्षण के अन्तर्गत है। क्योंकि विना सम्यग्ज्ञान सम्यग्दर्शन और सम्यक्चारित्रके प्रेरणा सार्थक नहीं हो सकती अथवा यों कहिये कि विना सम्यग्ज्ञान दर्शनचारित्र के सच्ची प्रेरणा का अभाव ही रहता है अतः मीमांसकों के प्रतिपादित धर्म का लक्षण भी सम्यग्ज्ञानदर्शनचारित्ररूप धर्म के लक्षण के अन्तर्गत ही है।

तर्कवादी न्यायशास्त्रकारों ने विशेष रूप से हितकारक क्रियाकलाप को धर्म कहा है, किन्तु कोई भी क्रियाकलाप विशेषरूप से हितकारक नहीं हो सकता है जब उसका अच्छी तरह जान लिया जाय, देख लिया और अच्छी तरह किया जाय। अतः तर्कवादियोंके द्वारा निरूपित 'विहितक्रियाजन्यो धर्मः' अथवा 'ज्ञान विहित क्रियाजन्यो धर्मः' यह धर्म का लक्षण भी सम्यग्ज्ञानदर्शनचारित्र रूप धर्मलक्षण के अन्तर्गत ही हो जाता है। इसी तरह कोई कोई आत्मानुकूल अर्थ (प्रयोजन)को ही धर्म मानते है। इनके मन्तव्य में आत्मा के अनुकूल जितने प्रयोजन हैं वे सभी धर्म है। धर्ममर्म और कवियोंने भी इस बातकी पुष्टि की है जैसे—

"श्रूयतां धर्मसर्वस्वं श्रुत्वा चैवावधार्यताम्।
आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्"॥

अर्थात् धर्मका सर्वस्व (सबकुछ, लक्षण या स्वरूप) को सुनो और सुनकर हृदय में रक्खो, धर्म का सर्वस्व क्या है उसको पद्यके उत्तरार्ध से उत्तर करते हैं कि अपनी प्रतिकूल (विपरीत) जो बात हो वह दूसरों के लिये नहीं आचरण करनी चाहिये यानी अपनी (आत्मा की) अनुकूल बात को ही दूसरों के लिये भी आचरण करनी चाहिये, यही धर्म है अर्थात् आत्मानुकूलसिद्धि अर्थ (प्रयोजन) ही धर्म है, यही धर्म का सर्वस्व है, धर्म का स्वरूप है। यह उपर्युक्त श्लोकका सारांश है। अब आत्मानुकूल प्रयोजन ही धर्म जिन धर्मशास्त्रकारों के मत में है उनका भी धर्मलक्षण का सिद्धान्त सम्यग्ज्ञानदर्शनचारित्ररूप धर्मलक्षणके अन्तर्गत हो जाता है, क्योंकि— विना सम्यग् ज्ञान सम्यग् दर्शन और सम्यक् चारित्रके कोई भी प्रयोजन आत्मा के अनुकूल नहीं हो सकता है। अतः इससे भी यही सिद्ध हुआ सम्यग्ज्ञानदर्शनचारित्ररूप ही धर्म है। इसी तरह अन्य दर्शनकारों के यथाकथित धर्मलक्षण सम्यग्ज्ञान सम्यग्दर्शन और सम्यक्चारित्र के ही अन्तर्गत हो जाते है, तुलना और समन्वय करनेके लिये बुद्धि में क्षमता प्रतिभा

गंभीरता और निःपक्षपातता भी चाहिये। अतः सिद्ध हो गया कि सम्यग्ज्ञान, सम्यग्दर्शन और सम्यक्चारित्र सर्वोत्कृष्ट धर्म–लक्षण है।

धर्म की व्याख्या अत्यन्त विशाल, गंभीर और बडे बडे प्रसिद्ध शास्त्रोंमें वर्णित है।

धर्म की प्रतिकूलता से लोगों का भाग्य भी प्रतिकूल हो जाता है और धर्म की अनुकूलता से प्रतिकूलता भी अनुकूलता में परिणत हो जाती है। संक्षेप में यों कहें कि विश्वकी समस्त वस्तु धर्मके आधार पर स्थिर है तो भी कुछ अत्युक्ति नहीं होगी।

कितने लोगोंने तो धर्मकी अनेक रीतिसे व्याख्या करते करते धर्मके महत्त्वको पार न पाकर अन्त में 'विश्वं धर्मे प्रतिष्ठितम्' अर्थात् 'जो कुछ है सब धर्म में ही प्रतिष्ठित है' ऐसा कहा है। और दूसरे विवेकशाली विद्वानोंने माता पिता स्त्री पुत्र मित्र आदि से भी धर्म की अधिकता दिखलाई जैसे—

धर्मो विशिष्टः पितृमातृपत्नीसुहृत्सुतस्वामिसहोदरेभ्यः।
सनातनोऽयं सह याति मृत्यौ दुःखापहोऽमी पुनरीदृशाश्च ॥
धर्मो महामङ्गलमङ्गभाजां धर्मो जनन्युद्दलिताखिलार्त्तिः।
धर्मः पिता पुरितचिन्तितार्थो धर्मः सुहृद्वर्धितनित्यहर्षः ॥

सारांश यह कि पिता माता पत्नी मित्र स्वामी और भाई से भी धर्म अधिक है, क्योंकि धर्म सनातन (सर्वदा रहनेवाला) है और ये मातापिता आदिक अस्थिर है, धर्म मृत्यु के पश्चात भी साथ जाता है और ये मातापितादिक यहाँ रह जाते है। धर्म दुःख को वास्तविकरूप से नाश करनेवाला है। शरीरधारियों (खासकर मानवशरीरधारियों) के लिये धर्म महामंगल है अर्थात् शाश्वत सुख को देनेवाला यानी मोक्षका मार्ग है। धर्म ही समस्त पीडाको दूर करनेवाली माता है तथा धर्म ही अभिलषित अर्थ को पूरा करनेवाला पिता है एवं धर्म ही हृदयको आनन्द देनेवाला मित्र है। इसी तरह कोई दूसरे कवि कहते हैं कि—

"व्यसनशतगतानां क्लेशरोगातुराणां
मरणभयहतानां दुःखशोकार्दितानाम्।
जगति बहुविधानां व्याकुलानां जनानां
शरणमशरणानां नित्यमेको हि धर्मः" ॥

अनेक व्यसनों (विषय–वासना)से युक्त, क्लेश और रोग से आतुर, मरण के भय से हत, दुःख और शोक से पीडित एवं अनेक प्रकार से व्याकुल तथा जिन्हें कहीं शरण नहीं है ऐसे अशरण जनोंके लिए असार संसारमें नित्यशरण एक धर्म ही है।

इसी प्रकार काव्यकला-कुशल एक तीसरे कविका अभिलाप सुनिये:—

तावच्चन्द्रबलं ततो ग्रहबलं ताराबलं भूबलं
तावत्सिद्ध्यति वाञ्छितार्थमखिलं तावज्जनः सज्जनः ।
मुद्रामण्डलतन्त्रमंत्रमहिमा तावत्कृतं पौरुषं
यावत्पुण्यमिदं सदा विजयते पुण्यक्षये क्षीयते ॥

इसका भावार्थ यह है कि चन्द्रमा का बल, ग्रहोंका बल, ताराओ (नक्षत्रों)का बल और भू (पृथिवी)का बल तब तक रहता है एवं सभी इप्सित वस्तुकी सिद्धि तब तक होती है, और तभी तक लोग सज्जन कहे जाते हैं और तभी तक सभी मुद्राओं को तत्रों की तथा मंत्रों की महिमा रहती है एवं तभी तक पुरुषार्थ रहता है और तभी तक मनुष्य सब जगह विजय को पाता है जब तक पुण्य (धर्म) रहता है और धर्मके नाश होने से सभी बल सभी ऐश्वर्य सभी सम्पत्तियां नष्ट हो जाती हैं।

इसी तरह चौथे कवि भी धर्मके महत्त्वका वर्णन करते हुए बतलाते है—

"कुलं विश्वश्लाघ्यं वपुरपगदं जातिरमला
सुरूपं सौभाग्यं ललितललनाभोग्यकमला ।
चिरायुस्तारुण्यं बलमविकलं स्थानमतुलं
यदन्यच्च श्रेयो भवति भविनां धर्मत इदम्" ॥

अर्थात् संसार में प्रशंसा के लायक कुल, नीरोग शरीर, उत्तम जाति, सुन्दर रूपरंग तथा सौभाग्य एवं सुन्दर स्त्री तथा भोगनेलायक सम्पत्ति, दीर्घायु, युवावस्था अविकल (पूर्ण) बल और प्रभूत स्थान ये सभी चीजें तथा अन्य भी जो सुखशान्तिकारक श्रेय (माङ्गलिक) पदार्थ है वे सभी पदार्थ भावुक धर्मप्रेमियों को धर्म से ही होते हैं अर्थात् धर्मनिष्ठ आदमी को सांसारिक और पारलौकिक सभी उत्तमोत्तम सुख प्राप्त होते हैं।

इसी प्रकार एक पांचवें कवि कहते हैं कि—

"तोयेनेव सरः श्रियेव विभुता सेनेव सुस्वामिना
जीवेनेव कलेवरं जलधरश्रेणीव वृष्टिश्रिया ।
प्रासादास्त्रिदशार्चयेव सरसत्वेनेव काव्यं प्रिया
प्रेम्णेव प्रतिभासते न रहितो धर्मेण मर्त्यः क्वचित्" ॥

अर्थात् जैसे नदी जल के विना नहीं शोभती, लक्ष्मी के विना प्रभुता नहीं शोभती, अच्छे राजा के विना सेना नहीं शोभती, जीव के विना देह नहीं शोभता, वर्षा के विना मेघ—घटा नहीं शोभती, देवपूजा के विना मन्दिर नहीं शोभता, रस के बिना काव्य नहीं शोभता, और प्रेम के विना स्त्री नहीं शोभती है उसी तरह धर्म के विना मनुष्य कहीं भी किसी तरह भी नहीं शोभता है, अर्थात् मनुष्यों के सर्वथा शोभाका स्थान धर्म ही है और धर्म ही मनुष्यजीवन का सार है।

(क्रमशः)

અષ્ટકર્મ-સ્તવન

સં. પૂજ્ય મુનિ મહારાજ શ્રી. જયંતવિજયજી

(દૂહા)

પ્રવર રૂપ પરમાત્મા, ચિદાનંદ ભગવાન;
પ્રણમું પરમ પ્રમોદસું, જિમ હોય નિર્મળ જ્ઞાન ॥ ૧ ॥
અશ્વસેનનૃપકુલતિલો, વામા માત મલ્હાર;
રાણી પ્રભાવતિ વલ્લહો, નીલવરણ તનુ સાર ॥ ૨ ॥
જન્મ પુરી વણારસી, નવ કર ઉંચી કાય;
ધરણેંદ્ર ને પદ્માવતી, સેવે નિશદિન પાય ॥ ૩ ॥
વાંછિત પૂરણ સુરતરૂ, શ્રી શંખેશ્વર પાસ;
શરણાગત સેવકતણી, સાંભળીએ અરદાસ ॥ ૪ ॥
આઠ કર્મ હેલાં કરી, તેં જીત્યા જિનરાજ,
તિમ છોડવી મુજને જિન લહું શિવપુરરાજ ॥ ૫ ॥

(ઢાલ ૧—કપૂર હોય અતિ ઉજલો રે—એ દેશી)

નાણાદંસણાવરણીયની રે, મોહની આઉખું નામ;
ગોત્ર અંતરાય એ આઠને રે, જીત પ્રભુ ગુણધામ રે,
ભવિકા સેવો શંખેશ્વર પાસ, જિમ છુટો કરમના પાસ રે ॥ ભ૦ ॥
ઇહ ભવ લિલ વિલાસ રે, ભ૦, પરભવ અવિચલ વાસ રે ॥ ભ૦ ॥ ૬ ॥
અનાદિ અનંત સંસારમેં રે, ભમ્યો અનંતો કાલ;
આઠ કર્મે કરી હું સદા રે, બંધાણો મિથ્યા જાલ રે ॥ ભ૦ ॥ ૭ ॥
જ્ઞાનાવરણી થિતિ સાગરૂ રે, કોડા કોડી ત્રીસ અપાર;
પાટા સરિખો જિન કહે રે, મત્યાદિક પાંચ અપાર રે ॥ ભ૦ ॥ ૮ ॥
દર્શનાવરણી નવ વિધ રે, પંચ નિદ્રા દરસન ચ્યાર;
થિતિ ત્રીસ કોડાકોડની રે, દષ્ટાંતે જિમ પ્રતિહાર રે ॥ ભ૦ ॥ ૯ ॥
સાતા અસાતા દ્વિવિધ વેદની રે, ત્રીજું કહે ત્રીસ કોડાકોડી;
મધુલીપી ખડગધાર સમું રે, પ્રભુ મુજને એહથી છોડ રે ॥ ભ૦ ॥ ૧૦ ॥
પચવીશ કષાય ત્રણ મોહની રે, સિત્તેર કોડાકોડીની થીતિ;
અડવીસે ભેદે મોહની રે, મદિરા સમ ધરો ચિત્ત રે ॥ભ૦ ॥ ૧૧ ॥
આયુ કરમ ચાર ભેદથી રે, દેવાદિક ગતિ જેહ;
તેતીસ સાગર થિતિ જાણવી રે, હિંડે સરીખું કરમ એહ રે ॥ભ૦॥ ૧૨ ॥
એકસો ને ત્રણ ભેદથી રે, નામ કરમ જિનવાણ;
ચિતારા સરિખું સહી રે, વીશ કોડાકોડી થીતિ જાણ રે ॥ભ૦॥ ૧૩ ॥
ઉંચ નીચ હોય ભેદથી રે, ગોત્ર કરમ કુંભાર સમાન;
વીસ કોડાકોડી સાગરૂ રે, ઉત્કૃષ્ટી થિતિ માન રે ॥ ભ૦ ॥ ૧૪ ॥

દાન લાભ વીર્ય ભોગસું રે, ઉપભોગથી અંતરાય;
સાગર થિતિ ત્રીસ કોડાકોડની રે, ભંડારી સરિખું કહાય રે ॥ભ૦॥ ૧૫ ॥
બાર મુહૂર્ત જઘન્યથી રે, વેદની થીતી હોય;
અઠાર મુહૂર્ત થીત જાણવી રે, નામ કરમ વલી ગોય રે ॥ભ૦॥ ૧૬ ॥
નાણ દંસણાવરણી મોહની રે, આઊખો ને અંતરાય;
જઘન્ય થકી એ પાંચને રે, અંતર્મુહૂર્ત હોય રે ॥ ભ૦ ॥ ૧૭ ॥
ઘાતી કરમ નાણ દંસણા-વરણ મોહની ને અંતરાય;
નામ આયુ ગોત્ર વેદની રે, ચાર અઘાતી કેવાય રે ॥ ભ૦ ॥ ૧૮ ॥

(ઢાલ ૨-પ્રથમ ગોવાળ૦-એ દેશી)

જીણે કરીને જીવડો જી, બાંધે અડ વિધ કર્મ;
બંધહેતુ તે જિન કહે જી, છાંડી લહે શિવ સર્મ રે,
જીવડા તે બંધ હેતુ નીવાર. (આંકણી)
સત્તાવન ભેદિ તજો જી, જીમ ન પડો સંસાર રે ॥ જીવડા૦ ॥ ૧૯ ॥
પાંચ મિથ્યાત્વ બાર અવિરતી જી, જીમ પંચ વિષય કષાય;
જોગ પન્નરસું મેલતાં જી, સત્તાવન્ન બંધ હેતુ થાય રે ॥ જી૦ ॥ ૨૦ ॥
અભિગ્રહને અણુભિગ્રહિ જી, સંશય ત્રીજું ધાર;
અનાભોગ આભિનિવેશક જી, એ પાંચ મિથ્યાત્વ વિચાર રે ॥જી૦ ॥૨૧॥
ભુ જલ જલણ વાયુ વનસ્પતિ જી, વલી છઠ્ઠી ત્રસકાય;
છએ કાયના વધ થકી જી, ભેદષટ્ક એ થાય રે ॥ જી૦ ॥ ૨૨ ॥
કાન ચક્ષુ ને નાસીકા જી, જીહ ફરસેંદ્રિય સાર;
પણ ઇંદ્રિ મન અણુસંવરે જી, અવિરતિ બાર પ્રકાર રે ॥ જી૦ ॥ ૨૩ ॥
ક્રોધ માન માયા લોભ ચારના જી, પ્રત્યેકે ભેદ ચાર;
સંજલનો પ્રત્યાખ્યાનીયો જી, અપ્રત્યાખ્યાનીઓ ત્રીજો પ્રકાર રે ॥જી૦॥૨૪
અનંતાનુબંધીયો મેલતાં જી, એ સોલ ભેદ કષાય;
જેહના ઉદયથી પ્રાંણીયા જી, નરગ નિગોદે જાય રે॥ જી૦ ॥ ૨૫ ॥
પખપ ચોમાસ વરીસની જી, જાવજીવની થિત્તિ;
દેવ માણુસ તિરિ નારકી જી, ચારઇનિ ઉદઈ ગત્તી રે ॥ જી૦ ॥ ૨૬ ॥
સંજલણો યથા ખ્યાતને જી, બીજો સરવ વિરત્તિ;
દેશ વિરતિ ત્રિજો હણે જી, અનંતાનુબંધી સમકિત્ત રે ॥ જી૦ ॥૨૭॥
હાસ્ય રતિ અરતિ ભય શોગથી જી, દુરગંછા સું છ થાય;
પુરૂષ સ્ત્રી નપું વેદથી જી, એ નવ નોકષાય રે ॥ જી૦ ॥ ૨૮ ॥
સત્ય અસત્ય સત્યામૃષા જી, અસત્યામૃષા મન જોગ;
ઈણ પરે ચ્યારે જાંણવા જી, વચનતણા વલી યોગ રે ॥ જી૦ ॥૨૯॥
ઉદારિક ઓદારિક મિશ્રથી જી, ક્રિય વૈક્રીય મિશ્ર યોગ;
આહારક આહારક મિશ્રથી જી, કાર્મણ પન્નર યોગ રે ॥જી૦॥૩૦॥

બંધ હેતુ એ આદરે જી, કરમ બાંધે બહુ જીવ;
જન્મ જરા મરણે કરી જી, પાડે બહુલી રીવ રે ॥ જી૦ ॥ ૩૧ ॥
ઈમ કરમ બંધી ભારી થયો જી, તુંબડિ દ્દષ્ટાંતિ સાર;
આઠ જાલી માટી લેપથી જી, બૂડે વાર મઝાર રે ॥ જી૦ ॥ ૩૨ ॥
નિબડ બંધ હેતુ જીવને જી, જાણિ સરિખો ધાર;
આઠ કરમ રૂપ લેપથી જી, બૂડે તે ભવ વાર રે ॥ જી૦ ॥ ૩૩ ॥
સ્થિતી પરિપાકી પ્રાંણીયા જી, લઘુતા પામે સાર;
ઊરધ ગામી તવ થયો જી, બૂડે તે ભવ વાર રે ॥ જી૦ ॥ ૩૪ ॥

(ઢાલ ૩-નાયક મોહ નચાવીયો-એ દેશી)

ભગતવત્સલ વીતરાગ જી, સુણજો વિનતી મુઝ રે;
આઠ કરમ રહિત હુઈ, નામ જપે જે તુજ્જ રે ॥ ભ૦ ॥ ૩૫ ॥
અનાદિ સાત સંબંધથી, ભવિકને કરમ તે હોઇ રે;
કંચનોપલ દ્દષ્ટાંતસું, શુકલ ધ્યાનાનલિ જુદાં સોય રે ॥ ભ૦ ॥ ૩૬ ॥
જિમ બહુ કાલનાં ખાણીમાં, કંચન માટી સંયોગ રે;
જુદાં થાય જેમ અગ્નિથી, તેમ જીવ કરમનો યોગ રે ॥ ભ૦ ॥૩૭॥
યથાપ્રવૃત્તિ કરણે કરી, ઇમ પામે સંસારનો પાર રે;
પલ્યોપલ દ્દષ્ટાંતથી, માર્ગાભિમુખ થયો સાર રે ॥ ભ૦ ॥ ૩૮ ॥
કૌટંબિક નર કોઈ મોટા, ધાન્યના પાલા માંહી રે;
થોડુ થોડુ ધાન્ય જ ઘાલીએ, ઘણુ ઘણુ કાઢે ત્યાંહી રે ॥ ભ૦ ॥ ૩૯ ॥
કેત્તે દિન પાલો ઠાલો, તેહ અનુક્રમે થાવે રે;
ઘણા કાળ સંચ્યાં તે કરમ, અનાભોગપણે ખપાવે રે ॥ ભ૦ ॥ ૪૦ ॥
આયુ વરજી સાત કરમની, સ્થિતિ એક કોડાકોડિ ઉણી રે; *
પલ્યોપમ અસંખ્યાતે ભાગે, ગ્રંથી પાસે આવે પ્રાણી રે ॥ભ૦ ॥૪૧॥
કરમજનિત જે જીવનો, રાગદ્વેષ પરિણામો રે;
દુરભેદ કર્કશ ગ્રંથિ તે, ભેદિ અપૂરવકરણે તામો રે ॥ ભ૦ ॥ ૪૨ ॥
વિર્યોલ્લાસ વિશેષથી, ઇમ અનિવૃત્તિકરણ અનંત રે;
ઉપસમ સમકિત અનુક્રમે, પામે સુખ અનંત રે ॥ ભ૦ ॥ ૪૩ ॥
દેવ અરિહંત સુસાધુજી ગુરૂ, કેવલી ભાખિત ધર્મ્મ રે;
એ તત્ત્વ પામતો થકો, હું પામ્યો વંછીત શર્મ્મ રે ॥ ભ૦ ॥ ૪૪ ॥
માર્ગાનુશારી સંવેગ પખ્ખી, દેશવિરતી સર્વવિરતી રે;
ભવસ્થિતિ પરિપાક પામી, અનુક્રમે તે મુગતિ રે ॥ ભ૦ ॥ ૪૫ ॥
પુણ્યપ્રકૃતિના ઉદય થકી, પામ્યો પાસ જિણેસર દેવો રે;
હવે પ્રભુ દેજો પ્રેમે કરી, ભવોભવ તાહરી સેવો રે ॥ ભ૦ ॥ ૪૬ ॥
બારેજા પુરમાં રહીને, તવન રચ્યું ચોમાસો રે;
ભણે ગણે જે નિતુ સાંભલે, તેહ ઘરિ મંગલમાલો રે ॥ ભ૦ ॥ ૪૭ ॥

(કળશ)

ઈમિ પાસ જિનવર વિશ્વ સુખકર કરતમહર દિનકરો,
સંવત સંયમ ઉદધિવસુઈ × સ્તવ્યો પાસ શંખેશ્વરો;
વિજયમાનસૂરીસ રાજે ગુણવિજય કોવિદ વરો,
તસ સીસ હરખે માન જંપે, સકળ સંઘ મંગલ કરો ॥ ૪૮ ॥

ઈતિ અષ્ટકર્મ સ્તવન સંપૂર્ણ

कविचक्रवर्ती श्रीपालरचित शतार्थी

लेखक—श्रीयुत अगरचंदजी नाहटा

जैन जातियोंमें पोरवाड जातिके लिये ' प्रज्ञाप्रकर्ष प्राग्वाटे ' की प्रसिद्धि सोलह आने सत्य है। पर वर्तमानमें इस जातिवालोंके शिक्षणकी कमीके कारण उनका अपने अतीत गौरवको प्रकाशित करनेकी ओर लक्ष्य नहीं गया। स्व. मुनि हिमांशुविजयजीका पोरवाड जातिके इतिहासके प्रकाशनका विचार सुना था, पर असमयमें ही उनका स्वर्गवास होजाने से वह मनोरथ सफल न हो सका। 'पूर्वकालीन ओसवाल ग्रन्थकार[१]' शीर्षक लेख लिखने के समय प्राग्वाट एवं श्रीमाल जातिके ग्रन्थकारोंके सम्बन्धमें फिर कभी प्रकाश डालनेकी मनोभावना मैंने व्यक्त की थी, पर उसके लिखनेका सुअवसर अभी प्राप्त नहीं हो सका। उस सुयोगकी प्रतीक्षामें हूं। आज तो उस जातिके कविचक्रवर्ती श्रीपालकी एक महत्त्वपूर्ण कृति जो कि अद्यावधि साहित्यसंसारमें सर्वथा अज्ञात है, उसका परिचय इस लेख द्वारा कराया जा रहा है। यह कृति है 'शतार्थी' जिसमें एक श्लोकके १०० अर्थ करके कविने अपनी विद्वत्प्रतिभाका सफल परिचय दिया है। यद्यपि इस कृतिका नामनिर्देश मैंने अपने 'जैन अनेकार्थ साहित्य'[२] लेखमें किया था, पर उस समय इसके रचयिता कविचक्रवर्ती श्रीपाल ही हैं इसका निर्णय नहीं होनेके कारण अज्ञातकर्तृक रूपमें ही उसका उल्लेख किया गया था। पीछेसे अपने संग्रहके लिए इस अलभ्य ग्रन्थकी प्रतिलिपी करानेके विचारसे प्रतिको रतनगढ जाकर लाने एवं भलीभांति अवलोकन करने पर उक्त निर्णय हो सका। जिस पुस्तकालयकी यह प्रति है उसके सूचीपत्रमें इसका नाम 'सत्यार्थी' लिखा था अतः नया नाम देख उस प्रतिको देखनेकी जिज्ञासा उत्पन्न हुई और वास्तविक नाम 'शतार्थी' ज्ञात

× મૂળ ગુટકામાં ૧૭૧૭ લખ્યું છે. પણ ઉદધિથી સાતનો અંક પણ લેવાય છે; એ રીતે ૧૭૭૭ થાય. આ સ્તવન પાટણનિવાસી ભોજક શ્રી ગિરધરભાઈ હેમચંદના પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોમાંના એક ગુટકામાંથી ઉતાર્યું છે.

१. प्र० 'ओसवाल नवयुवक' वर्ष ८, अंक ७–८ एवं 'ओसवाल' वर्ष ६, अंक ६।

२. प्र० 'जैन सिद्धान्त भास्कर' वर्ष ८, अंक १।

कर बड़ी प्रसन्नता हुई । आज तो कविचक्रवर्ती श्रीपालकी एक नवीन कृतिके रूपमें इसका परिचय कराते और भी अधिक प्रसन्नताका अनुभव होता है ।

कविपरिचय—आबू तीर्थकी विमलवसहीके शोभितकी[3] मूर्तिके लेखानुसार श्रीपालके पिताका नाम लक्ष्मण था। ये पाटणमें रहते थे। वहांके नृपति गूर्जरेश्वर सिद्धराज जयसिंहके आप बालमित्र थे। सिद्धराज जयसिंह आपको हमेशा 'भ्राता' से संबोधन करते थे। और आपकी लोकोत्तर प्रतिभासे प्रसन्न होकर नृपतिने इन्हें कविराज या कविचक्रवर्ती का पद देकर सम्मानित किया था। सं. ११८१ में सिद्धराज जयसिंहकी सभामें श्वे. देवसूरिजीका दि. कुमुदचंद्रजीसे शास्त्रार्थ हुआ था। इस वादमें भी कविराज श्रीपालने प्रमुख भाग लिया था। कविराजके चर्मचक्षु न थे पर प्रज्ञाकी प्रकर्षतासे आप प्रज्ञाचक्षु थे। आपके रचित १ चतुर्विंशतिजिनस्तुति गा. २९ यमकमय और २ वडनगर प्राकार प्रशस्ति पद्य २९ ही उपलब्ध हैं। इनके अतिरिक्त आपके रचित सहस्रलिंग या दुर्लभ सरोवरकी प्रशस्तिके दो पद्य 'प्रबन्धचिंतामणि' में मिलते हैं। नाभेय-नेमि संधान काव्यका आपने संशोधन किया था। अद्यावधि आपकी लघु रचनायें ही ज्ञात थीं, पर आज आपकी एक बड़ी एवं महत्त्व-पूर्ण रचनाका परिचय दे रहा हूं। आपके पुत्र सिद्धपाल एवं पौत्र विजयपाल भी कवि थे, जिनके विषयमें श्रीमान् जिनविजयजी लिखित 'द्रौपदी स्वयंवर' की प्रस्तावना पढनी चाहिये।

शतार्थीवृत्ति-परिचय

भूभारोद्धरणो रसातलगमः स्वर्गेयशोभावनः
सारथ्योगपरः प्रभावसविता सत्यागवेष्टोदितः ।
व्यापन्नो र ... सिद्धराजवसुधामद्व्यक्षरामेवलो
सन्नागः सहरीरसाहितमहोगज्याय साधूत्तः ॥ १ ॥

श्रीसिद्धराजेन कृतप्रसादमाज्ञापितः संभृतकौतुकेन ।
यो निर्ममे वृत्तमिदं शतार्थमर्थं वाक्यं कविराजनामा ॥ २ ॥

अनेकार्थतया क्वापि शब्दानां क्वापि भग्नतः ।
क्वापि तात्पर्यभेदेन वृत्तस्यास्य शतार्थता ॥ ३ ॥

तत्र अर्थानामनुक्रमो यथा—सिद्धराज १, स्वर्ग २, शिव ३, ब्रह्मा ४, विष्णु ५, भवानिपति ६, कार्तिकेय ७, गणपति ८, इन्द्र ९, वैश्वानर १०, धर्मराज ११, नैर्ऋत १२,

---

३. श्रीमान् जिनविजयजीने, लेख अपूर्ण मिलनेसे इस मूर्तिको श्रीपालकी होनेका संभव लिखा है, पर मुनि जयन्तविजयजीने अपने 'अर्बुद-प्राचीन-जैन-लेखसंदोह' पूर्णमें लेख प्रकाशित कर इसे शोभितकी बतलाई है।

वरुण १३, उपवन १४, धनद १५, वसिष्ठ १६, नारद १७, कल्पद्रुम १८, गंधर्व १९, दिव्यभ्रमर २०, देवाश्व २१, गुरुड २२, हरसमर २३, जिनेन्द्र २४, बुद्ध २५, परमात्मा २६, सांख्यपुरुष २७, देव २८, लोकायतपुरुष २९, गगनमार्ग ३०, आदित्य ३१, सोम ३२, अंगारक ३३, बुद्ध ३४, बृहस्पति ३५, शनैश्चर ३७, वरुण ३८, रैवंत ३९, मेघ ४०, धर्म ४१, अर्क ४२, कामदेव ४३, मेरु ४४, कैलास ४५, हिमालय ४६, मंदराद्रि ४७, भूभार ४८, समुद्र ४९, परशुराम ५०, दाशरथी ५१, बलभद्र ५२, हनुमान ५३, पथिपार्थिव ५४, युधिष्ठिर ५५, भीमसेन ५६, अर्जुन ५७, कर्णवर ५८, रस ५९, रससिद्धि ६०, रसोत्सव ६१, अवधूतयोगी ६२, पाशुपतमुनि ६३, ब्राह्मण ६४, कवि ६५, अमात्य ६६, नौदंडाध्यक्षविज्ञप्तिका ६७, दूतवाक्य ६८, वर्चरक ६९, वीरपुरुष ७०, नृपराज ७१, नृपतुरंग ७२, वृषभ ७३, करभ ७४, जलाशय ७५, दर्दुर ७६, आराम ७७, सिंह ७८, सद्वृक्ष ७९, सार्थवाह ८०, सायंत्रिक ८१, सत्पुरुष ८२, वेश्यापति ८३, शरत्समय ८४, सिद्धाधिपयुद्ध ८५, प्रतिपक्ष ८६, वरणायुध ८७, चोर ८८, जार ८९, दुर्जन ९०, शबर ९१, रसातलंगम ९२, कमगाधिप ९३, महावराह ९४, शेष ९५, वासुकि ९६, कनकचूला ९७, बलिदैत्य ९८, दिग्गज ९९, सारस्वतमंत्र १००. अर्थः ॥ देव भवानेव सकलमंगलनिधानं प्रथममुपवर्ण्यते । सिद्धराज ।

अंत–सारस्वतमंत्रस्मरणमेव अंतमंगलं कविः प्रोवाच । अत्र च त्रिभुवनव्यापिशक्तिविभवो सिद्धराजस × × क्रमेण त्रैलोक्यवर्णनं । इति प्रबंधार्थकृतसंबंधः ।

बालव्युत्पत्तये कृत्वा शतार्थं वृत्तमुज्ज्वलम् ।
कविराजस्वयं तस्य.................ग सूचयः ॥ १ ॥
अनेकार्थत्रयीं दृष्ट्वा ज्ञातव्या करणत्रयः ।
औचित्यवित्पुगणज्ञः शतार्थता व्यकरोत् कविः ॥ २ ॥
एकाहनिष्पन्नमाहात्म्यं प्रबंधं श्रीमा (पा?)ल...।
कविचक्रवर्ती प्रबंधमेनं विदधे ॥छा॥ इति शतार्थवृत्तिः समाप्ता॥छा॥*

प्रतिपरिचय–पत्र ४०, प्रतिपृष्ठ पंक्ति १७, प्रतिपंक्ति अक्षर ५५ से ६४ । अंतके २–३ पत्र चिपके खोलनेसे कुछ अक्षर नष्ट । १७ वीं शताब्दी । प्रति नं ९४१ । वैद्य लायब्रेरी रतनगढ ।*

---

* આ **શતાર્થવૃત્તિ—પરિચય**માં શરૂઆતના શ્લોકમાં, ૧૦૦ નામોના અનુક્રમમાં અને પાછળના શ્લોકમાં કેટલાક શબ્દો એવા સંદિગ્ધ અને અશુદ્ધ છે, જે મૂળ હસ્તલિખિત પ્રત જોયા વગર સુધારી ન શકાય તેથી શ્રીયુત નાહટાજીની નકલ મુજબ જેમના તેમ રહેવા દીધા છે.
—તંત્રી

શ્રીસંઘને વિજ્ઞપ્તિ

પર્વાધિરાજ પ્રસંગે સમિતિને જરૂર યાદ રાખજો !

પર્વાધિરાજ પર્યુષણા પર્વ આવી રહ્યા છે. પૂજ્ય મુનિવરોનાં ઉપદેશ અને પ્રેરણાથી દાનવીર સખી ગૃહસ્થો અનેક શુભ પ્રવૃત્તિઓમાં પોતાના ધનનો સદ્વ્યય કરશે.

આવા શુભ પ્રસંગે સમિતિને અને આ માસિકને યાદ કરવાનું અમે સૌને વિનવીએ છીએ. અને ૧૨ વર્ષ પહેલાં રાજનગરના આંગણે ભરાયેલ અપૂર્વ મુનિસમ્મેલનના સંભારણા રૂપ આ સમિતિને અને આ માસિકને વધુ ને વધુ સમૃદ્ધ અને શક્તિશાળી બનાવવાની અમે ચતુર્વિધ શ્રીસંઘને પ્રાર્થના કરીએ છીએ

પૂજ્ય આચાર્ય મહારાજ આદિ સર્વ મુનિસમુદાય આ અવસરે આ માસિક અને સમિતિ માટે અવશ્ય ઉપદેશ અને પ્રેરણા આપવાની કૃપા કરે એવી અમારી તે પૂજ્યો પ્રત્યે પ્રાર્થના છે. વ્યવસ્થાપક.

અનિવાર્ય સંયોગો

અમદાવાદ શહેરમાં કોમી હુલ્લડ ફાટી નીકળવાના કારણે, લગભગ એક મહિના સુધી શહેરની પ્રવૃત્તિ લગભગ થંભી ગયા જેવી થઈ ગઈ હતી. તેથી માસિકનો ગયા–જુલાઇ–મહિનાનો અંક વખતસર પ્રગટ થઇ શકયો ન હતો, એટલે હવે જુલાઈ–ઓગસ્ટનો સંયુક્ત અંક અમારે આજે વાચકો સમક્ષ રજુ કરવો પડે છે, એ માટે અમે વાચકોની ક્ષમા માગીએ છીએ.

–તંત્રી

પ્રભુ–પ્રતિમા પ્રગટ થયાં

ગૂજરાતમાં ચાણસ્મા તાલુકાના સેધા ગામના એક વોંકળામાંથી શ્રી નેમિનાથ પ્રભુની પ્રાચીન પ્રતિમાજી પ્રગટ થયાના સમાચાર મળ્યા છે.

હરેકે વસાવવા યોગ્ય
શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

(૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક
ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

(૨) દીપોત્સવી અંક
ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીના સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક: મૂલ્ય સવા રૂપિયો.

(૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ-વિશેષાંક
સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંક: મૂલ્ય દોઢ રૂપિયો.

શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩-જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક: મૂલ્ય ચાર આના

[૨] ક્રમાંક ૪૫-ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના.

કાચી તથા પાકી ફાઇલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, ચોથા, પાંચમા, આઠમા, દસમા વર્ષની કાચી તથા પાકી ફાઇલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા.

ભગવાન મહાવીરસ્વામીનું ત્રિરંગી ચિત્ર

ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઈએ દોરેલું સુંદર ચિત્ર. ૧૦"x૧૪"ની સાઇઝ, સોનેરી બોર્ડર. મૂલ્ય ચાર આના (ટપાલ ખર્ચનો દોઢ આનો).

—લખો—

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.

મુદ્રક:-મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય-અમદાવાદ. પ્રકાશક:-ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ-અમદાવાદ.



વર્ષ ૧૧ : અંક ૮-૯] અમદાવાદ : ૧૫-૬-૪૬ [ક્રમાંક ૧૨૮-૧૨૯

વિષય-દર્શન

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : છૂટક ચાલુ અંક-ત્રણ આના

વિ. સંવત ૧૮૨૭ ના એક પત્ર*

સં. પૂજ્ય મુનિમહારાજ શ્રી જયંતવિજયજી

અહી નીચે આપવામાં આવે છે તે એક પ્રાચીન અને ધર્મભાવનાથી ભરેલા, સં. ૧૮૨૭ની સાલમાં લખાયેલ પત્રની નકલ પાટણ (ગૂજરાત)ના ઠે. વાગોળ પાડાના રહીશ વીશા પોરવાડ શા વાડીલાલ ઉજમચંદનાં વિધવા પત્ની બાઈ હરકોરબેન પાસેથી જિનગુણ-ગાયક ભાઈ અમૃતલાલ મોહનલાલ અને ગિરધરલાલ હેમચંદે વેચાણ લીધેલ હ. લિ. પુસ્તકોમાંના એક પુસ્તકમાંથી લેવામાં આવેલ છે. ૧૭૫ વર્ષ પહેલાં લખાયેલ આ પત્ર તે કાળમાં પ્રવર્તતી ધર્મભાવનાના પ્રતીકરૂપ હોવાથી ઉપયોગી સમજી અહી આપવામાં આવે છે.

સ્વસ્તિ શ્રી આદિજિનં પ્રણમ્યં શ્રી સૂરેતબિંદરે સથાને પૂજારાધે પૂજ જિનમાર્ગ રૂચી, પંચાંગી પ્રમાણ, કોઈ રીતે શ્રદ્ધાવંત, આતમતત્વધર્મ કોઇ રીતે સાંભલવાના રસીક, યથાર્થ ભાવના ભલા ખીય (?) નેકઓપમાયોગ્ય, પૂજ્ય, સાશ્રી ૫. ગુલાબચંદ દુર્લભદાસજી ચરણાન્ શ્રીરાધનપુર થકી લિખતં વારીયા શાંતિદાસ લાધાના પ્રણામ વાંચજો જત ઇહાં પુન્યોદય માફક સુખશાતા છે. તમારા સુખશાતાના સમાચાર લખવા, જીમ જીવને સનમુખ મિલ્યા જેટલો હરખ ઉપજે. અપરંચ બીજું કાગલ કોઇ તુમારો આવ્યો નથી. અમો પિણ પ્રમાદે કરી લિખાણો નથી. બીજુ જિનધર્મ પરમ આધાર છે. સંસારમા ધર્મ ઉપરાંત બીજી વસ્તુ કસી છે નહી આતમા અસંખ્યાત પ્રદેસી ગ્નાન દર્શન ચારિત્ર એ રત્નત્રયી ધર્મ અનંતી રૂદ્ધિનો ધણી છે. અકેક પ્રદેશ અનતા ગુણ મૂલમાં અવ્યાબાધ પ્રમાણે રહ્યા છે, એહવું આત્માનુ સ્વરૂપ છે. તે આત્મા અનાદિ કાલનો અસુધ્ધિ પ્રણીતે કરીને પરભાવનો ભોગી થઇને આઠે કર્મે અવરાણો પડયો છે તે હવે કોઇ અનંતા પુણ્યોદય થકી દશે દ્દષ્ટાંતે દોહીલો રત્નચિંતામણ સરીખો પામીને આત્માને હેત કરવું, આતમાર્થી જીવ હોય તે રૂડા પ્રસસ્થ શુભ કારણ જોડીવાં કારણ રૂપે રાખી સુદ્ધ ઉપયોગે કાર્ય માની અનૂષ્ટાંન ૩ વિષયા ગરલા અનંતા ॥૩॥ છાંડીને અનૂષ્ટાંન ॥૨॥ તદહેતુ અમૃતા આદરીને આતમ તત્વ ધર્મરત્નત્રયાના સાધનતા કરસે, તે મનખો ભવ સફલ કરસે. ફરી ફરીને મનીખો ભવ જિનશાસનની શ્રદ્ધા પામવી ખરે દુર્લભ છે. દિન દિન વિષયકષાય રાગદ્વેષ પાતલાપાડવાજી, તમો તો કોઇ રીતે રૂડા જીવ છો, સર્વે આત્માર્થી જીવને હેત કરવુંજી. પંચમ કાલમાં જિનઆગમ જિનથાપના પરમ આધાર છે. જિનઆગમ સર્વ પદાર્થનો ઓલખાવણહાર છે, તે માટે જિનાગમ જિનથા-પનાનાં ઘણાં બહુમાન કરવાં, ઘણા રત્ન મોતીએ વધાવવાં. એહવા આગમ ઉપ ગારી છે. ગુણગ્રાહી થવાના પ્રણામ ઘણાં રાખવા. એક ગુણની અનુમોદના કરો તે અનંતા ગુણની અનુમોદના કરી, એક ગુણ દુખયો તેને અનંતા ગુણ દુખયા. તે આશાતના ગુણની કરવી નહી ગુણગ્રાહી થાવું પુદ્દગલની ધસગુમે થોડું પ્રવર્તવું પ્રસસ્થ કારણ જોડવાં, અપ્રસસ્થ કારણ થકી ઓસરવૂં. સંસારમે રહ્યા તે અપસસ્થ કારણ મિલે તે પણ ઓસરે તે પ્રમાણે પ્રવર્તવું, ઓદાસ રહેવું,

---

* વાડીલાલ ઉજમચંદના પિતા પાટણથી ધંધાના અંગે સુરત રહેતા હતા તેથી પાટણમાં તેમની સુરતીની અટક કહેવાતી હતી. માટે આ પત્ર તેઓ સુરત રહેતા હશે ત્યારે હાથ આવેલ હશે તેમ માનવુ છે.

॥ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

जेशींगभाईकी वाडी : घीकांटारोड : अमदावाद (गुजरात)

वर्ष ११	વિક્રમ સં. ૨૦૦૨ : વીરનિ. સં. ૨૪૭૨ : ઈ. સ. ૧૯૪૬	क्रमांक
अंक ८–९	વૈશાખ-જેઠ વદિ ૧ : શનિવાર : ૧૫ મી મે-જૂન	१२८–१२९

કલ્પસૂત્ર અને કાલકાચાર્યકથાનક લખાવનાર

શ્રાવક સિંહરાજની પ્રશસ્તિ

સં. પં. અંબાલાલ પ્રેમચંદ શાહ, મુંબઈ.

ડેલાના ભંડારની પ્રત નં ૧ ડા ૪૭૯ની પ્રતમાં નીચે મુજબ પ્રશસ્તિ છે.—

इति श्रीकालिकाचार्य कथानकं समाप्तं ॥

श्रीश्रीवंशे मुक्तामणिरिव विरराज **वृद्धशाखायाम्** ।
लषमादेवीदयितो लक्षेशो **लषमसो**नामा ॥ १ ॥

तत्पुत्रः सुपवित्रो निचित्रचरित्रैश्च चित्रकृच्चित्तः ।
वाछिगनामा विमलो **देवी**पतिराबभासिभ्यः ॥ २ ॥

तत्कुलकमलाकेलीकमलं विमलाशयः कलाकुशलः ।
राजलदेवीभर्त्ता शुशुभे श्री**रत्नसिंहा**ख्यः ॥ ३ ॥

तस्य कुलस्याभरणं शरणकलकीर्तिगुणसमूहानाम् ।
नांईपतिरतिचतुरो **वीरो** हि पराङ्गनावीरः ॥ ४ ॥

तस्य सुतानां त्रितयं समस्ति संपूर्णभुवनविख्यातम् ।
तत्त्वत्रितयागारं त्रिवर्गसंसाधने निरतम् ॥ ५ ॥

प्रथमस्तेषु प्रथमो धर्मिषु धीरेषु दानशौण्डेषु ।
कीकाङ्गजेन सहितो **नगराजः** पार्वतीनाथः ॥ ६ ॥

पुनरिह तृतीयसंख्योऽसंख्यगुणालीनिवास आभाति ।
हेमाईप्राणपति**गोधा**ख्यो गेयगुणकलितः ॥ ७ ॥

अथ द्वितीयो भुवि **सिंहराजः** कलिद्वीपप्रोद्भटसिंहराजः ।
दानादिसंतोषितसत्समाजः संशोभते प्रीणितवीरराजः ॥ ८ ॥

सुश्राविका तस्य समस्त्यमाना धर्मक्रियासाधनसावधाना ।
मोहेन मुक्ता मटकीति नाम्नी गङ्गातरङ्गोज्वलशीलधाम्नी ॥ ९ ॥
तयोः सुतः सर्वगुणैरुपेतः प्रज्ञाक्षमाजीवदयानिकेतः ।
इन्द्राणिकामानसवल्लभेशः श्रीहंसराजोऽस्ति कलानिवेशः ॥ १० ॥
तस्यापि सुतत्रितयी समस्ति संप्रत्यनेकधा विबुधाः ।
जासलदेवीदयितो जसराजो जयति जगतीह ॥ ११ ॥
तस्माच्च हेमराजस्ततोऽपि दक्षोऽस्ति शान्तिदासाऽऽह्वयः ।
इत्यादिसकलपरिकरवृतः शुभति (शोभते) सिंहराजेभ्यः ॥ १२ ॥
श्रीकल्पपुस्तकमसावलीलिखद् विपुलविभवदानेन ।
श्रीभावसागरगुरोर्वचनामृताद्भुतं पी[त्वा] ॥ १३ ॥
श्रीकीर्त्तिमेरुसूरीश्वरेभ्य उपकारितं च तेनैव ।
श्रीस्तम्भतीर्थनगरे वर्षे व्योमाङ्गतिथिसंख्ये (१५६०) ॥ १४ ॥
यावच्चन्द्रदिनेशावुदयिते गगनमण्डले विपुले ।
मुनिभिर्वाच्यमानं तावदिदं पुस्तकं जयतु ॥ १५ ॥

इति श्रीकल्पप्रशस्तिः ॥ टं० ६९ लागा

पत्र ७ । (९६ थी १०२)


ભાવાર્થ

શ્રીનગરની વૃદ્ધ શાખામાં મુક્તામણિ જેવા લખમા દેવીના પતિ લખમસી નામે લક્ષાધિપતિ હતો. તેનો પુત્ર વાછિગ નામે હતો તે પવિત્ર અને વિચિત્ર ચરિત્રથી ચિત્તમાં આશ્ચર્ય કરાવે તેવા હતા. તેને દેવી નામે પત્ની હતી. તેના કુળમાં લક્ષ્મીની ક્રીડાના કમળસ્વરૂપ, શુભાશયવાળો અને બધી કળાઓમાં નિપુણ રત્નસિંહ નામે પુત્ર થયો. તેને રાજલદેવી નામે પત્ની હતી. તે કુળમા શણગારરૂપ, કીર્તિ અને ગુણસમૂહના શરણરૂપ વીર નામે અત્યંત ચતુર અને ચરિત્રશીલ પુત્ર થયો. તેને નાઈ નામે પત્ની હતી. તેમને ત્રણ પુત્રો થયા. તે સમગ્ર ભુવનમા વિખ્યાત, ત્રણ તત્ત્વના આધારરૂપ અને ત્રણ વર્ગ સાધવામાં ઉદ્યમશીલ હતા. તેમાં પ્રથમ નગરાજ નામે ધર્મી, ધીર અને દાનીપુરુષોમાં શ્રેષ્ઠ હતો. તેને પાર્વતી નામે પત્ની અને કાકા નામે પુત્ર હતો. ત્રીજો પુત્ર જે અનેક ગુણોનો આધાર હતો અને જેની કીર્તિ ગવાતી હતી, તેનુ નામ ગોધા હતું. તેની પત્નીનું નામ હેમાઈ હતું. બીજો પુત્ર સિંહરાજ નામે હતો. તે કલિરૂપ હાથીને મારે ઉદ્‌ભટ સિંહરાજ હતો. તેણે દાનથી સંતોને સંતોષ્યા હતા અને વીર રાજાઓને પણ ખુશી કર્યા હતા. તેને સરળ હૃદયી અને ધર્મક્રિયામાં સદા તત્પર મટકી નામે પત્ની હતી; જેનુ ચારિત્ર્ય ગંગાના ઉજ્જ્વળ તરંગ જેવુ નિર્મળ હતું. તેમને અનેક ગુણોવાળો, પ્રજ્ઞા, ક્ષમા અને જીવદયાનું ઘર જાણે હોય તેવો કળા કુશળ હંસરાજ નામે પુત્ર હતો. તેની પત્ની ઇન્દ્રાણિકા નામે હતી. તેને પણ ત્રણ પુત્રો થયા, તેમાં જાસલદેવીનો પતિ જસરાજ નામે હતો. બીજો

હેમરાજ અને ત્રીજો શાંતિદાસ નામે હતો. આ બધા પરિવારથી યુક્ત ધનાઢ્ય સિંહરાજ શોભતો હતો. તેણે વિપુલ લક્ષ્મીના દાનથી સ્તંભતીર્થ (ખંભાત) માં સં. ૧૫૬૦ માં શ્રી કીર્તિમેરુસૂરીશ્વરથી ઉપકાર કરાયેલા શ્રીભાવસાગર ગુરુના વચનામૃત પીને કલ્પસૂત્ર નામનું આગમ પુસ્તક લખાવ્યું.

આ પુસ્તક ગગનમંડળમાં સૂર્ય ચંદ્ર ઊગે ત્યાં સુધી મુનિઓ દ્વારા વંચાતું જય પામો !

વંશવૃક્ષ



અજ્ઞાત કવિ-રચિત

જંબુસ્વામી-ફાગ*

સંપાદક—પ્રો. ભોગીલાલ જ. સાંડેસરા, એમ. એ.

[પ્રસ્તુત જંબુસ્વામી ફાગ પંદરમા સૈકામાં, સંવત ૧૪૩૦મા રચાયેલું પ્રાચીન ગુજરાતી ભાષાનુ જૈન કાવ્ય છે. આનાથી પણ પ્રાચીન સમયમાં સવત ૧૨૬૬માં અપભ્રંશમાં "જંબુચરિત્ર" લખાયેલુ છે, તથા આ કાવ્ય રચાયા પછી સંવત ૧૪૯૫માં જંબુસ્વામી-વિવાહલો રચાયેલો છે. અપભ્રંશમાં બીજાં કેટલાંક કાવ્યો જંબુસ્વામી વિષેનાં છે, તેમ પછીના સૈકાઓમાં જંબુસ્વામી વિષે જે સંખ્યાબંધ કાવ્યો લખાયેલાં છે તેમનો અહીં નામનિર્દેશ કરવાની જરૂર નથી. આ કાવ્યની હ. લિ. પ્રત પ્ર૦ શ્રી કાન્તિવિજયજી મ૦ની છે—સંપાદક]

વંદિવિ વીર કૃપાનિધિ, જ્ઞાનિધિ દાન અપાર,
પામીય સુગુરુ આએસુ, ગાઈસુ જંબુકુમાર;
મગધ દેશ મુખભૂષણુ, દૂષણુ રહિત નિવાસુ,
નયર રાજગૃહ રાજએ, ગાજએ જગિ જસવાસુ. ૧

સોહઈ નહિં સુગુણાયર, સાયર ભરીય ગંભીરુ,
રિસહદત્ત વિવહારીયુ, ધારીય નીજ મનિ ધીરુ;
તાસ ઘરણી ગુણધારણી, ધારણી નામ પ્રસિદ્ધ,
અમીયવેલિ જિન માહેર, સુન્દરી સીલિ સમિદ્ધ. ૨

જંબુકુમરુ તસુ નંદન, નંદન તરુ સમુ છાયુ,
કાયકંત બહુ ભાસુરુ, વાસરનાઉ જિમ રાઉ;

---

*સં. ૧૪૩૦મા કોઈ અજ્ઞાત જૈન કવિએ રચેલા આ ફાગુ કાવ્યનો ટૂંક પરિચય આપતાં પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા 'શ્રી જૈન સત્ય પ્રકાશ' માસિકના માર્ચ ૧૯૪૬ના અંકમાં પ્રસિદ્ધ થયેલા 'આપણાં ફાગુ કાવ્યો એ નામના પોતાના લેખ (પૃ. ૧૭૩)માં જણાવે છે: "આ વેગવત અને સુન્દર કાવ્ય શ્રી. ભોગીલાલ સાંડેસરાએ સંપાદિત કર્યું છે અને એ 'ગુજરાતી'ના ઈ. સ. ૧૯૩૨ના દીપોત્સવી અંક (પૃ. ૪૨)મા છપાયું છે. એમાંથી કેટલીક કડીઓ આપણા કવિઓ (પૃ. ૨૧૬-૨૧૭)માં અપાયેલી છે ઉપર્યુક્ત અંક આજે સુલભ નથી, તો એ ફરીથી પ્રસિદ્ધ થવુ ઘટે.' આ સૂચનને અનુસરીને પ્રસ્તુત 'જંબુસ્વામી ફાગ'નુ પુનર્મુદ્રણ અહીં કર્યું છે. એ ફાગ જે સ્વરૂપે 'ગુજરાતી'ના દીપોત્સવી અંકમાં છપાયો છે તે જ સ્વરૂપે, માત્ર મુદ્રણદોષો સુધારીને અહીં આપ્યો છે. જૂની ગુજરાતીના એક સુન્દર કાવ્યનું આ પુનઃપ્રકાશન આ વિષયના અભ્યાસીઓને કંઈક ઉપયોગી થઈ પડશે એવી આશા છે.

નિરુવમ રૂવિ પુરંદરુ, સુંદર સોહગ સારુ,
કદલિદલાવલિકોમલુ, નિમ્મલ જસ આધારુ. ૩

સસિમંડલ ગંગાજલ ઉજ્જલ, ગુણિ સંજુત્તુ;
લાવનસિરિ લીલાવન, જોવનવય સંપુત્તુ;
ઇણિ અવસરિ ગહગહતઉ, પહુત્તઉ માસવસંતુ,
દક્ષિણવાય વિકાસીય, વાસીય વનિ વિહરંતુ. ૪

રમલિ કતૂહલ કલીઉ. મિલીઉ નિજ પરિવારિ,
જંબુકુમરુ બહુ તરિવરિ, ગિરિવરિ જિઉ વૈભારિ;
કામીય કેલિકિ પરિમલિ, રમલિ કરઈ બહુ ભંગિ,
રમઇ રસાલિ તરુણીય, કરણીય નવનવ રંગિ. ૫

પંથીયજન મન દમણુઉ, દમણઉ દેખિ અનંગુ,
રંગ પરઈ મન મરૂઉ, મરૂઉ પલ્લવ ચંગુ;
કામ કુસુમ તણુ કંપક ચંપક વન બહકંતિ,
કામાવજયધજ જમણીય, કદલીય લહલહકંતિ. ૬

પરિમલ કેલિઅ માલીય, જિમ જાતિય વિહસંતિ,
મહૂયર તિમતિમ રુણઝુણ, રુણઝુણકાર કરંતિ;
વનિ એવત્રીય વેઉલ, બેઉ લહઇં બહુમાન,
વઉલાસરિ વાત ખેલઈ, મેલ્હઈ માનિની માન. ૭

વાલઉ સુરભિ સુઆલઉ, આલઉ મયણુ નરિંદ,
પાડલ પરિમલ નિકસીય, વિહસીય નય મુચકુંદ;
જિમજિમ દાડિમિ પાચઇ, માચઈ તિમ રિતુરાઉ,
રાયણિ ડાલિ લહલહતીય, વહતીય ફુલસમવાઉ. ૮

ફુલભરિ ભરિય બીજઉરીય, મઉરીય મંજરી ચંગ,
નારિંગી ફલ ભાત નમતીય, ગમતીય મનિહિ સુરંગ;
કુસુમ તણઈ ભરિ સોહઇ, મોહઈ મન જંબીર.
કુવલયદલ બહુ વિકસઈ, નિવસઇ વનિ કણવીર. ૯

કમલ સરોવર વાસઈ, વાસઈ હંસ ગંભીરુ,
મયગુરાય પહરાઉત, રાઉત ફિર અતિ ધીરુ;
ફુલદલભારિ મનોહર, મોહ રચઇ સહકાર,
મંજરિ મઉર બહકઇ, ટહકઇ કોકિલ સાર. ૧૦

ધણિવનિ ખેલીય વલિઉ, મિલીઉ સોહમ સામિ,
અમીય સમાણીય વાણીય, નિસુણિય સુહપરિણામિ;
સપરિવાર ઘરિ આવઇ, ભાવઇ નવિ સંસાર,
જણણીય માડ મનાવીય, તઉ વીવાહ કુમાર. ૧૧

ઘરિ ઘરિ ગૂડીય લહકઇ, ઝલકઇ તોરણ બારિ,
રંગિ, તરંગિ ગાયઇ, માયઇ હરખિ ન નારી;
કન્યા અભિનવ જોવન, સોવનવન્ન સમાણા,
માગીય રૂવિ તિલુત્તમ, ઉત્તમવંસ પહાણા. ૧૨

આઠઇ દિસિ મનરંજન, અંજન ભૂસહીય નારિ,
આઠઈ ગુણ સંપન્નીય, ઉપનિ સંસારી;
સિરવરિ વેણીય લહકઈ, બહકઈ ચંપકમાલા,
રતિપતિ ઘણું સમાણઉ. જાણઉ ભાણુ વિસાલા ૧૩

ભુમહિય રંગ કુસુમસરિ, અણીઆલિ તારાગુમાલ,
ત્રિભુવન જય ઉલ્લાસહિં, લાસિહિ કીય સમકાલ;
લાડીય પંકયલોયણી, જોયણી જગમન મોહ,
કન્નજૂયલ રયલવણિમ, નિરૂવમ સારણિ સોહ. ૧૪

ગરુડચંચુ સમ સરલઉ, તરલઉ નાસાવંસુ,
અહરબિંબ પરવાલિય, લાલીય રાગ વિસેસુ;
વિમલ કપોલ તિ દીપઇ, જીપઇ દિણયર કંતિ,
દંતપંક્તિ દાડિમકલિ, મિલીય રહીય એકંતિ. ૧૫

કોઇલિ–મોર મરાલીય રાખીય, વિનિજીય જેણ,
કંઠુ તિરેહઉ છાજઇ, ગાજઇ કારણિ તેણ;
અતિ સરલિય ભૂયજૂયલીય, કુંચલીય કમલસમાણ,
પાણિજૂયલ નહ કિરણિહિં. અરુણિહિં રાગ નિહાણ. ૧૬

મનમથિ ઠવીય પયોહર, મોહરસાવલિ તુંગ,
લવણિમ ભરીય અંકુરીય, પૂરીય રાગિ નિતંબ;
ત્રિભુવન મોહણી તિવલીય, ત્રિવલિ જિસી મૃગનાભી,
કામકેલી ઘર દીવલી, છલીય રસાલીય નાભી. ૧૭

કીરતિથંભ સમાણીય, આણીય મકુર સમાન,
મયણરાય આરોપિય, લોપિય જગજણ માન;

ચલણુતિ કમલ હરાવઈ, નાવઇ કુણિ ઉપમાનિ,
કન્યા એઉ સલુણિય, કુણિય નવિ ગુણી માનિ. ૧૮

હંસવસહ ગયગયણીય, રમણીય નયણ મિલંતિ,
જંબુકુમર નવરંગિહિં, અંહિં સિણગારંતિ;
સિરિ ખૂંપ સિખરાઉલ, વાસ ઉંચ એક ચારુ,
કુંડલ મુકુટ મનોહર, સોહ રચંતિ અપારુ. ૧૯

અંગદ બાહુ અલકઈ, લહકઇ મોતીય હાર,
પહિરિય અંગ સુરંગીય, અંગીય જાદર સાર;
કુમર રથિહિં આરોહીય, સોહિય નવ સિણગારિ,
કુતિગ અતિહિ ઉતાવલી, મિલીય સયલ પુરનારી ૨૦

ઈણિ રૂવિહિં અચ્ચરિયઉ, સહીય મહીય અમરિંદ,
જંબુકુમર વર ચાલઇ, આલઈ મનિ આણંદ;
મહુર ગુહિર સરિ ગોરય, ઘોરીય ધવલ નિનાદ,
તૂરતિ વલિ જય બંદીય, જય જય મંગલ સાદ. ૨૧

સિરહિ છત્ર ચામર ઢલઇ, મિલઈ તિ લોક અનેકિ,
બહિનડી લૂણ ઉતારઇ, વારઇ અસુહ વિવેકિ;
જંબુકુમરુ ઈણિ ઉચ્છવિ, સુચ્છવિ આઠઇ નારિ,
સુજનિ માંડ પરણાવિઉ, આવિઉ નિય ઘરબારિ. ૨૨

વાસભવનિ નિહું પઈઠઉ, બઈઠઉ ગઉખ મઝારિ,
આઠ નારી આગલ રહી, સહીય સહિત સિણગારિ;
કેસર, કુમકુમ ઊગટિ, ઉલટિ કરિ સુવિસાલ,
સિરિ સંથઈ ઉદ્યોતીય, મોતીય તિલક ઝમાલ. ૨૩

નયણિ તુલીય જમણાજલ, કાજલ સામલ રેહ,
કરઇ કડક્ખ તરંગિહિં, રંગિહિં સુરહ સિણેહ;
અગર, કપુર, કસ્તૂરીય, પૂરીય રહ કપોલિ,
નયણ કમલિ સસિનિરમલ, રમલિ રચી તંબોલિ. ૨૪

કાનિહિં કંતિહિં મંડલ, કુંડલ લહલહકંતિ,
નવ સિણગાર મંડોહર, મણોહર ઝલઝલકંતિ;
ઉરરિ કંચૂઉ તડક્કઇ, લહકઇ નવસર હાર,
કણયવન્ન કરિ ચૂડઉ, રૂડઉ, તસ ઝલકાર. ૨૫

પહિરણિ ચીર પટુલીય, વઉલીય મૂલ વિચારિ,
ચૂનડલી નવરંગીય, અંગીય ઓઢણિ સાર;
ચરણિ પવર અંતેઉર, નેઉર રણઝણકાર,
અહિનવ અલતઉ નિરતઉ, પરતઉ રંગ અપાર. ૨૬

ઇણિ સણગારિ ન રાચઇ, સાચઇ મનિ અણુરત્ત,
નિસુણઉ નારીકથાનક, થાનક ચલઇ ન ચિત્ત;
મૃગનયણી પ્રતિબોધઇ, રોધઇ નિજ મનિ કામ,
ચરડરાઉ અહ આહિનવુ, પ્રભવુ પઇઉ તામ. ૨૭

પાંચસઇ સિઉં બૂઝઇ, સૂઝઇ થિર વયરાગી,
નીય માયપિય સિરસઉ, સરસઉ સંજમ માગિ;
કન્યા આઠઇ આપણિ, પણિ પ્રભવઉ પિય સાથિ,
પામીય ચરણુ નિરવમ, સોહમગણહર હાથિ. ૨૮

કલીય મહાબલ કેવલુ, કેવલ સિરિ આભરામિ,
સિવમહિમા મહમહતઉ, પહૂતઉ જંબુસામિ;
જિણુ જગમાહિ વિદીતઉ, જીતઉ રતિ ભરતાર,
સોઇ નયણુ આણંદઉ, નંદઉ જંબુકુમાર. ૨૯

ફાગુ વસંતિ જિ ખેલઇ, ખેલઇ સુગુણ નિધાન,
વિજયવંત તે છાજઇ, રાજઇ તિલક સમાન;
ચઉદહ તીસ સંવચછરિ, ગુરુછરિ માનિ વિમત્તુ.
જંબુય ગુણ અનુરાગિહિં ફાગિહિં કહીય ચરિત્તુ. ૩૦

શ્રીજંબુસ્વામીફાગ: સમાપ્ત: । પં૦ સાધુરત્નગણિના લિખિત: । પરીક્ષ૦ પદમા પઠનાર્થં । શુભં ભૂયાત્ ।

अनुवाद की आवश्यकता

(लेखक—डा. बनारसीदासजी जैन, लाहौर)

पाश्चात्य विद्वानों ने जैनधर्म और साहित्य पर अनेक महत्त्वपूर्ण ग्रन्थ, लेख आदि लिखे हैं। इनमें से अधिकांश अंग्रेजी मे हैं, शेष जर्मन, फ्रेंच आदि में। अब अंग्रेजी जाननेवालों की संख्या तो भारत में दिनोंदिन बढ रही है, परंतु जर्मन, फ्रेंच आदि जानने वालों की संख्या बहुत अल्प है। अत: यदि जर्मन फ्रेंच आदि के उपयोगी ग्रन्थों का अनुवाद हो जाय तो प्रवचन की बड़ी सेवा होगी। यहां पर एक ऐसे ही ग्रन्थ का उल्लेख किया जाता है। उस का नाम है—

Uebersicht ueber die Avasyaka—Literatur अर्थात् आवश्यक—साहित्य का निरीक्षण। इस के रचयिता हैं प्रो. अर्नेस्ट लोयमन (Ernst Leumann)। प्रोफेसर साहब ने बरसों के परिश्रम से इसे रचा था, परंतु इसका प्रकाशन उनकी मृत्यु के पश्चात् सन् १९३४ में हुआ।[1] इसके है तो कुल ५६+४+४ पृष्ठ, पर वे १७"×११" साइज के हैं। यह ग्रन्थ बड़े गहरे और लंबे अनुशीलन का फल है।[2]

ग्रन्थ की विषय सूची—

१. संपादक (प्रो. वाल्टर शूब्रिंग) का प्राक्कथन।
२. शुद्धिपत्र
३. शब्दसूची
४. भूमिका
५. हस्तलिखित जैन ग्रन्थों की सूची।
६. ग्रन्थरचना का इतिहास तथा न्यूनताएं।
७. आवश्यक और उसका मूल रूप।
८. आवश्यक संबन्धी परंपरागत विचार।
९. आवश्यक की व्याख्याएं।
१०. दिगम्बर संप्रदाय में आवश्यक निर्युक्ति का मूल रूप।
११. मूल निर्युक्ति।

---

१. प्रकाशक—Friederichsen De Gruyter & Co. M. B. H., Hamburg, 1934.

२. प्रो. लौयमानने सन् १८९४ में आवश्यक—साहित्य पर एक लेख भी लिखा था, जो इंटर नैशनल ओरियंटल काङ्ग्रेस में पढा गया था। इसका उल्लेख "जैन साहित्य संशोधक" खण्ड २ पृ० ८१—९१ (जुलाई १९२१) में हुआ है। प्रो. हीरालाल रसिकदास कापडियाने जैन-ग्रन्थ सूची (Descriptive catalogue of Jaina Manuscripts) भाग ३ पृ. ३७१—८ पर इस ग्रन्थ का उल्लेख किया है।

१२. श्वेताम्बर संप्रदाय की आवश्यक निर्युक्ति।
भद्रबाहु द्वारा निर्युक्ति-संकलन।
भद्रबाहु की निर्युक्ति का आधार और पूर्वगामी कृतियां।

१३. दो भद्रबाहु।[३]

१४. आवश्यक-निर्युक्ति की चार वाचनाएं।[४]

१५. जिनभद्र का विशेषावश्यक भाष्य।
जिनभद्र का सत्ता-काल और सत्ता-स्थान।

१६. विशेषावश्यक भाष्य का मूल रूप। उस पर शीलाङ्काचार्य और हेमचन्द्र की टीकाएं।

१७. आवश्यक-निर्युक्ति, मूल भाष्य और हेमचन्द्र की टीका का परस्पर समन्वय।

१८. आवश्यक-निर्युक्ति और विशेषावश्यक भाष्य का श्लोकवार समन्वय।

१९. विशेषावश्यक भाष्य में वैदिक और दार्शनिक उल्लेख। जैसे-गणधरवाद में उपनिषद् वाक्य।

२०. मनोविज्ञान और गणित संबन्धी उल्लेख।

२१. काल और आकाश (Time and Space) विषयक विचार।

२२. विशेषावश्यक भाष्य की पूर्ण विषयसूची।

२३. भाष्य पर जिनभद्र की स्वोपज्ञ टीका।

२४. जिनभद्र के अन्य ग्रन्थ।

विषय-सूचि से इस ग्रन्थ की महत्ता का अनुमान हो सकता है। जिन-प्रवचन के भक्त आचार्य, यति, संघ, और श्रावकों का ध्यान इसकी ओर आकर्षित किया जाता है कि वे इस अत्यन्त उपयोगी ग्रन्थ का अनुवाद कराके साहित्यिक चातकों की प्यास बुझावें और स्वयं अपने लिये पुण्योपार्जन करें। इसके अनुवाद से पता लगेगा कि पाश्चात्य विद्वानों ने जैन साहित्य का कैसी सूक्ष्म दृष्टि से अनुशीलन किया है। यदि इसके या अन्य ग्रन्थों के अनुवाद कराने में किसी प्रकार के परामर्श की जरूरत हो तो-मूलराज जैन, मन्त्री, जैन विद्या भवन, ६ नेहरु स्ट्रीट, कृष्णनगर, लाहौर को लिखें।

---

३. दो भद्रबाहु होने के विषय में देखिये श्री आत्मानंद जन्म शताब्दि स्मारक ग्रन्थ, भाग १ गुजराती पृ. २०-२६।

४. प्रो. कापडिया की जैन-ग्रन्थ-सूची पृ० ३७३।

ચ્છ અને ત્થ ની ભૂલવણીથી થયેલ એક કલ્પિત નિર્ણયની સમીક્ષા

[ભ. મહાવીર સ્વામીએ વિવાહ કર્યો હતો; ભ. મલ્લિનાથ સ્ત્રીતીર્થંકર હતા.]

લેખક–પૂજ્ય **મુનિ મહારાજ શ્રી દર્શનવિજયજી** (ત્રિપુટી)

ઉપક્રમ

અજમેરમાં સ્થાનકમાર્ગી સાધુઓનું સમ્મેલન મળ્યું, ત્યાર પછી એ સંપ્રદાયના સાધુઓમાં કોઈ અજબ ક્રાંતિઓ થયાના સમાચાર મળ્યા જ કરે છે. કોઈએ મુહપત્તિ છોડી છે તો કોઈએ 'પરિચય માટે છે' એવા ખુલાસા સાથે પોતાની છબીઓ પડાવી છે; કોઈએ જૈન સૂત્રો પર મનઘડંત ટીકાઓ કરાવી છે તો કોઈએ 'સમુત્થાન સૂત્ર' જેવા નવા ઉત્સૂત્રો જ ઊભાં કર્યાં છે, કોઈએ "રઘુપતિ રાઘવ રાજા રામ" ની ધૂન જમાવી જગતના રાહત કાર્યમાં ઝંપલાવ્યું છે તો કોઈએ અન્નક્ષેત્ર ખોલી મઠ જમાવ્યો છે; કોઈએ સ્થાનકમાર્ગી સંપ્રદાય પર કોરટે કેસ માંડ્યો છે, તો કોઈએ ગૃહસ્થાશ્રમને જ અપનાવ્યો છે.

ક્રાંતિ એ મોંઘામૂલી વસ્તુ છે, પરન્તુ એની પાછળ ધ્યેયનું પરાવર્તન, અહંભાવ, માન કે એવું કોઈ ઝેરીલું તત્ત્વ આવે છે ત્યારે તે ક્રાંતિકારને ઉન્નતિને બદલે અવનતિને માર્ગે ઘસડી જાય છે. જૈન સંઘના છેલ્લા બે હજાર વર્ષનો ઇતિહાસ તપાસો, તો માલુમ પડશે કે–ક્રાન્તિની વાતો કરનારાઓ મોટે ભાગે સંઘને લાભને બદલે નુકસાની કરનારા નિવડ્યા છે, અને આપણે 'પાંચમા આરામાં એવું જ બનવાનું છે' એમ કહી તે બાબતમાં સંતોષ માની બેઠા છીએ.

સ્થાનકમાર્ગી સંપ્રદાયમાં 'કાઠિયાવાડના કોહીનુર' તરીકે પંકાયેલા કાનજી સ્વામીએ પણ એ જ મન્થનકાળમાં એક ક્રાન્તિતત્ત્વને જન્મ આપ્યો છે. તેઓ તે સંપ્રદાયમાં વિદ્વાન ગણાય છે; બહુશ્રુત અને વિચારક મનાય છે. તેઓએ સ્થાનકમાર્ગી સંપ્રદાયનું નિશાન–મુહપત્તિ તોડી, જિનપ્રતિમાની શાસ્ત્રીયતા અને વાસ્તવિકતા સ્વીકારી સોનગઢ–કાઠિયાવાડમાં એક આશ્રમ સ્થાપ્યો છે. કાનજી સ્વામી અને વ. રામજીભાઈ તે આશ્રમના પ્રાણભૂત–મુખ્ય સંચાલકો છે. ગુજરાત અને કાઠિયાવાડ એ આશ્રમની સામે કુતૂહલભાવે મીટ માંડી રહ્યું છે. આ આશ્રમમાં સ્થાનકમાર્ગી, શ્વેતામ્બર અને દિગમ્બર એ ત્રણે ફિરકાઓને આકર્ષવા માટે યોગ્ય સાધનો રાખ્યાં છે. પરન્તુ આશ્રમનું આંતરિક ધ્યેય તો વિક્રમની સત્તરમી શતાબ્દીમાં પં. બનારસીદાસે ચલાવેલ દિગમ્બરી તેરાપંથી મત પ્રત્યે ઝુકાવ એ જ છે. કાનજી સ્વામી દિગમ્બર બ્રહ્મચારી બની દિગમ્બરી માન્યતા પ્રમાણે છટ્ઠાને બદલે પાંચમે કે ચોથે ગુણઠાણે પોતે હોવાનું જાહેર કરવા તૈયાર નથી અને પોતે નગ્ન બની શકે તેમ પણ નથી. અને એમ ન થાય ત્યાં સુધી દિગમ્બર સંપ્રદાય પણ તેમને અપનાવવા તૈયાર નથી. આથી જ તેઓ જૈન જનતાને આ આશ્રમદ્વારા એક નવા રાહમાં દોરી જવા તૈયાર થયા છે. આ આશ્રમ શું છે? તેનું સંચાલન કેવું છે? તે સેવા કરે છે કે કુસેવા? ઇત્યાદિ વાતો માટે અમારે અહીં કંઈ કહેવાનું નથી. કિન્તુ તેના નિયામકો પોતાના વિચારોના ફેલાવા માટે જે ઉપાયો લ્યે છે તે કેવા પ્રકારના છે, માત્ર એટલું સ્પષ્ટ કરવા માટે જ આ લેખ લખેલ છે.

વિચારોનો પ્રચાર : વિચિત્ર પરિપત્ર

ગત ચોમાસાની વાત છે. એક જૈન ગૃહસ્થ આ આશ્રમની મુલાકાતે ગયા અને થોડાએક દિવસ સ્થિરતા કરી ત્યાં રહ્યા. કાઠિયાવાડનો અતિથિસત્કાર આ આશ્રમમાં પૂર્ણ કળાએ ખીલેલો છે અને ધર્મના નામથી ભડકનારાઓને આ આશ્રમ એક રીતે આશીર્વાદ રૂપ છે એમ તેમને પહેલી નજરે જ જોવા જાણવા મળ્યું. સાથે સાથે જૈનોમાં ત્રણ ફિરકાઓ છે, હવે આ ચોથો ફિરકો નીકળે તે ઠીક નથી એમ પણ તેઓને લાગ્યા વિના રહ્યું નહીં. તેઓ ત્યાંથી જ્યારે નિકળ્યા ત્યારે આશ્રમના સંચાલકોએ તેમના હાથમાં એક પરિપત્ર મૂક્યો, જે અક્ષરશઃ આ પ્રમાણે છે.—

દિગમ્બર જૈન સિદ્ધાંત દર્પણ, પાનુ ૨૩૨, અજીતકુમારનો લેખ—

४. आवश्यक निर्युक्ति नामक श्वेतांबरीय ग्रंथमें ५ बालब्रह्मचारी तीर्थंकरोंके विषयमें लिखा है कि—

वीरं अरिट्ठनेमिं, पासं मल्लिं च वासुपुज्जं च ।
एए मुत्तूण जिणे, अवसेसा आसि रायाणा ॥ २२१ ॥
रायकुलेसु वि जाया विसुद्धवंसेसु खत्तियकुलेसु ।
ण य इत्थिआभिसेया कुमारवासम्मि पव्वइया ॥

इसके 'ण य इत्थिआभिसेआ' इस पदको टिप्पणीमें लिखा है कि—

" स्त्रीपाणिग्रहणराज्याभिषेकोभयरहिता इत्यर्थः "

अर्थात्–महावीर अरिष्टनेमि पार्श्व मल्लि और वासुपूज्य ये पांच तीर्थंकर वैसे हुए हैं कि न इनका स्त्रीपाणिग्रहण हुआ और न राज्याभिषेक। ये क्षत्रिय राजकुलोत्पन्न थे और कुमारावस्थामें ही प्रव्रजित हो गये थे।

—जैन साहित्य और इतिहास पृष्ठ ५७२

आवश्यक निर्युक्तिके इस उल्लेखसे **यह बात** सिद्ध होती **है कि भगवान् मल्लिनाथ पुरुष थे** तब ही उनका नाम पुरुषलिंग रूप 'मल्लि' **लिखा है तथा उन्हें अन्य** चार तीर्थंकरो के **समान 'स्त्री–पाणिग्रहण रहित' यानी स्त्रीके साथ विवाह न** करनेवाला **बतलाया है। यदि मल्लिनाथ स्त्री होते तो उन्हें 'पुरुषपाणिग्रहणरहित'** लिखा होता।

तथा–दूसरी बात इससे यह सिद्ध हुई कि भगवान् महावीर भी ब्रह्मचारी थे जैसा कि दिगम्बर ग्रन्थों में बतलाया गया है।

આ પત્રમાંના નીચેના મુદ્દાઓ વિચારણા માગે છે—

૧. આવશ્યકનિર્યુક્તિની ગાથાઓ.
૨. ટિપ્પણી (ફુટનોટ) નો પાઠ.
૩. કુમારનો અર્થ, શ્વેતામ્બર શાસ્ત્ર, દિગમ્બર શાસ્ત્ર અને શબ્દકોશનું પ્રમાણ.
૪. ભ૦ મહાવીર સ્વામી વગેરેના વિવાહ.

૫. ભ. મલ્લિનાથ તીર્થંકરી હતાં.

૬. પરિપત્રદાતાની મનોભાવના.

ઉપર મુજબ મુદ્દાઓ વિચારણીય છે એટલે આપણે તેનો જ ક્રમશઃ વિચાર કરીએ.

૧ આવશ્યક નિર્યુક્તિની ગાથાઓ

પ્રથમ પહેલા મુદ્દાનો વિચાર કરવાનો છે, કેમકે ઉક્ત પરિપત્ર તેના આધારે જ ઘડાયો છે.

ચૌદ પૂર્વધારી શ્રી ભદ્રબાહુ સ્વામીએ અર્થસંકલના માટે આવશ્યકસૂત્ર આદિ દશ આગમો ઉપર નિર્યુક્તિઓ રચી છે, જેમાં આવશ્યકનિર્યુક્તિનું પ્રમાણ બહુ મોટું છે. તેઓએ આવશ્યકનિર્યુક્તિમાં સામાયિકની પૂર્વે ભ. મહાવીર સ્વામીનું ચરિત્ર અને ૨૪ તીર્થંકરોના જીવનની ક્રમવાર મુખ્ય મુખ્ય નોંધો આપી છે. જેમાં પ્રસંગપ્રાપ્ત **रज्जाइच्चाओ वि पत्तेयं (मलय० गा० २३५)** નામના દ્વારને સ્પષ્ટ કરવા માટે ઉપરના પરિપત્રમાં દર્શાવેલ ગાથાઓ આપી છે, જે નીચે મુજબ છે—

वीरं अरिट्ठनेमिं, पासं मल्लिं च वासुपुज्जं च ।
एए मुत्तूण जिणे, अवसेसा आसि रायाणो ॥ २२१ ॥
रायकुलेसुऽवि जाया, विसुद्धवंसेसु खत्तिअकुलेसु ।
न य इत्थिआभिसेआ, कुमारवासम्मि पव्वइया ॥ २२२ ॥
संती कुंथू अ अरो, अरिहंता चेव चक्कवट्टीअ ।
अवसेसा तित्थयरा, मंडलिया आसि रायाणो ॥ २२३ ॥

અર્થ—ભગવાન્ મહાવીર, નેમનાથ, પાર્શ્વનાથ, મલ્લિનાથ અને વાસુપૂજ્યને છોડીને બાકીના ૧૯ તીર્થંકરો રાજા હતા (૨૨૧). પાંચે તીર્થંકરો રાજકુળમાં પવિત્ર વંશમાં તેમ જ ક્ષત્રિય કુળમાં જન્મ્યા હતા, તેમ છતાં પણ રાજ્યાભિષેકને ઇચ્છયા વગર જ રાજકુમારપણે દીક્ષિત થયા (૨૨૨). શાન્તિનાથ, કુંથુનાથ અને અરનાથ એ ત્રણ તીર્થંકરો ચક્રવર્તી હતા, અને શેષ ૧૬ તીર્થંકરો માંડલિક રાજાઓ હતા (૨૨૩).

આ મૂળ ગાથાઓ છે. ચૂર્ણીકારે તેની ઉપર કંઈ વિવરણ લખ્યું નથી. પરંતુ વૃત્તિકાર જૈનાચાર્યોએ તેની ઉપર કંઈ ને કંઈ પોતાનું વક્તવ્ય આપ્યું છે, જે તેઓના શબ્દોમાં નીચે મુજબ છે.—

१ आ० हरिभद्रसूरिकृत वृत्ति—

एताः तिस्रोऽपि निगदसिद्धा एव, परित्यागद्वारानुपातिता तु राज्यं चोक्तलक्षणं विहाय प्रव्रजिता इत्येवं भावनीया॥ २२१, २२२, २२३ ॥ गतं परित्यागद्वारं। (पृष्ठ १३६)

२–आ० मलयगिरिकृत वृत्ति—

वीरं—महावीरमरिष्टनेमिं पार्श्वनाथं मल्लिं वासुपूज्यं च, एतान्—सर्वसंख्यया पंच जिनान् —तीर्थकृतो मुक्त्वा, अवशेषास्तीर्थकृतः—ऋषभस्वामिप्रभृतय आसन राजानः ॥ एते हि महावीर प्रभृतयः पंच तीर्थकृतो राजकुलेष्वपि विशुद्धवंशेषु क्षत्रियकुलेषु, राजकुलं हि किंचिदक्षत्रिय

कुलमपि भवति यथा नंदराजकुलं, अत उक्तं क्षत्रियकुलेषु जाता अपि, न इप्सिताऽभिषेका—अभिलषितराज्याभिषेकाः, किन्तु कुमारवास एव प्रव्रजिताः—प्रव्रज्यां प्रतिपेदिरे ॥ येपि च राजान—ऋषभस्वामिप्रभृतयस्तेष्वपि शान्तिः कुंथुः अर एते त्रयोऽर्हन्तश्चक्रवर्त्तिनोऽभवन्, अवशेषाः पुनस्तीर्थकरा आसन् राजानो—माण्डलिकाः—स्वस्वमण्डलमात्राधिपतयः ॥ परित्याग-द्वारानुपातिता तु गाथात्रयस्यैवं परिभावनीया "उक्तलक्षणं राज्यं परित्यज्य भगवन्तः प्रव्रजिता" इति ॥ २४३, २४४, २४५. ॥ गतं परित्यागद्वारं (पृष्ठ २०४)

३–आ० माणेकशेखरसूरिकृत दीपिका—

श्रीवीराद्या विशुद्धवंशेषु निर्दोषेषु राजकुलेष्वपि जाता न चेप्सितराज्याभिषेकाः, क्षत्रिय-वंशं विनापि राजकुलानि स्युरित्याह—क्षत्रियकुलेष्वपि ॥ २२१, २२२ ॥ माण्डलिकाः देशाधिपाः ॥ २२३ ॥ त्यागद्वारं । २ ॥ (पृष्ठ—६३)

આ ટીકાઓનો સાર એ છે કે–ભગવાન મહાવીર સ્વામી, ભ. અરિષ્ટનેમિ, ભ. પાર્શ્વનાથ, ભ. મલ્લિનાથ અને ભ. વાસુપૂજ્ય સ્વામી એ પાંચ તીર્થંકરો સિવાયના ભ. ઋષભદેવ વગેરે ઓગણીસ તીર્થંકરો રાજાઓ હતા. ભગવાન મહાવીર સ્વામી વગેરે પાંચે તીર્થંકરો રાજકુળમાં જ જન્મ્યા હતા, અને તે પણ નંદરાજા વગેરેની જેમ અક્ષત્રિય કુળમાં નહીં કિન્તુ વિશુદ્ધ વંશમાં અને ક્ષત્રિય કુળમાં જ ઉત્પન્ન થયા હતા. એમ રાજ-કુળમાં ક્ષત્રિય કુળમાં ઉત્પન્ન થવા છતાંય (અર્થાત્ ધારે તો રાજા થઈ શકે એવા સંયોગો હોવા છતાં પણ) તેઓએ રાજ્યની સ્પૃહા રાખ્યા વગર જ દીક્ષા લીધી છે. ભગવાન ઋષભદેવ વગેરે ઓગણીસ તીર્થંકરો રાજા હતા. તેઓ પૈકીના ભ. શાન્તિનાથ, ભ. કુંથુનાથ અને ભ. અરનાથ એ ત્રણ તીર્થંકરો તો ચક્રવર્તી હતા, અને બાકીના સોળ તીર્થંકરો માંડલિકો એટલે જુદા જુદા દેશના અધિપતિઓ હતા.

અર્થાત્ પાંચ તીર્થંકરો કુમારપણું છોડી, ત્રણ તીર્થંકરો ચક્રવર્તીની ઋદ્ધિ છોડી અને સોળ તીર્થંકરો જુદા જુદા દેશનું રાજ્ય છોડી સાધુ બન્યા છે.

रज्जाइच्चाओના સ્પષ્ટીકરણ માટે આ ત્રણ ગાથાઓ છે. જેનો **પરમાર્થ એ છે** કે–તીર્થંકર ભગવંતોએ ઉપર દર્શાવ્યા મુજબ રાજ્યપાટ છોડીને દીક્ષા સ્વીકારી.

એ પ્રમાણે પરિત્યાગદ્વાર જાણવું.

વિવેકી વાચક સમજી શકે તેમ છે કે–આ ગાથાઓ અને તેના વિવરણમાં નથી કોઈના પાણિગ્રહણની વાત, કે નથી તે પરિપત્રમાં ઉપજાવી કાઢેલ અનુમાનને પોષણ આપનારું સીધું કે આડકતરું સૂચન. અસ્તુ.

૨ ટિપ્પણી (ફુટનોટ)નો પાઠ.

એ નિઃશંક બીના છે કે આવશ્યકનિર્યુક્તિની પ્રસ્તુત ગાથાઓ અને તેના વિવરણમાં તો તીર્થંકરોના વિવાહનો ઉલ્લેખ જ નથી. પરન્તુ તેની ટિપ્પણી આપણને પાણિગ્રહણની વાત તરફ દોરી જાય છે એટલે તે ટિપ્પણીનો પાઠ પણ કાળજીભરી વિચારણા માગી લ્યે છે. માટે હવે આપણે એ બીજા મુદ્દાને તપાસીએ.

પ્રાચીન લિપીઓનો અભ્યાસી જાણે છે કે પ્રાચીન જૈન લિપીમાં **च्छ** અને **त्थ** વચ્ચે માત્ર એક નાનકડી લીંટીનો જ ફરક છે. એ ફરક ધ્યાનમાં ન રહે તો **च्छ** ને બદલે **त्थ** અને **त्थ** ને બદલે **च्छ** બની જાય છે. લહિયાની ભૂલથી કે વાચકની અજ્ઞાનતાથી આ **च्छ** અને **त्थ** માં ઘણી ગડબડ થાય છે. સારામાં સારો વિદ્વાન પણ આ ભૂલભૂલામણીમાં ગુંચવાઈ જાય છે. ઉક્ત ટિપ્પણીપાઠમાં પણ કાંઈ એવું જ બનેલ છે.

શ્રી આગમોદય સમિતિએ પહેલ પહેલાં પાંત્રિસેક વર્ષ પૂર્વે આ. શ્રી હરિભદ્રસૂરિની ટીકાવાળું આવશ્યક નિર્યુક્તિનું પ્રકાશન કર્યું છે તેમાં ૨૨૨ મી ગાથાનું ત્રીજું ચરણ—**न य इत्थिआभिसेया** એમ છપાયેલ છે અને તેની નીચે સંશોધક—**स्त्रीपाणिग्रहण-राज्याभिषेकोभयरहिता इत्यर्थ** એવી ટિપ્પણી આપી છે.

ત્યારપછી એ જ સમિતિએ બીજી પણ ત્રણ સટીક-નિર્યુક્તિઓ પ્રકાશિત કરી છે. જેમાં તે ગાથાનું ચરણ—**न य इच्छियाभिसेआ** એમ છપાયેલ છે અને તેની નીચે કોઈ ટિપ્પણી નથી.

સ્પષ્ટ વાત છે કે—લેખનદોષવાળી પ્રતિઓ પર વિશ્વાસ રાખવાથી, વાચકની ભૂલથી કે સંશોધકના પ્રમાદથી પ્રથમ પ્રકાશનમાં **इत्थिआ** શબ્દ દાખલ થયો છે અને તેના જ સમર્થન માટે સંશોધકને ઉક્ત ટિપ્પણી લખવી પડી છે. આ. શ્રી હરિભદ્રસૂરિજીએ સરળ હોવાના કારણે તે ગાથાઓનું કંઈ વિવરણ જ કર્યું નથી એટલે આવી ભૂલ થાય તે સહજ વાત છે. પરન્તુ પછીના પ્રકાશનોમાં વૃત્તિઓ દ્વારા પ્રકાશ પડવાથી એ ભૂલનો સુધારો થયો છે, અને સંશોધકે પણ પછી દરેક સ્થાને **इच्छिय** શબ્દ જ કાયમ રાખ્યો છે.

પ્રાસંગિક વસ્તુવર્ણન અને ટીકાકારોના કથન પ્રમાણે ત્યાં **इच्छिय** શબ્દ જ બરાબર છે. અને વ્યાકરણની રીત તપાસીએ તો પણ ત્યાં **इच्छिय०** શબ્દપ્રયોગ જ સાચો છે કેમકે—**न य इत्थिआभिसेआ न च कोकामिपंका** એમ ચરણ રાખીએ તો તેમાં **न** અને **इत्थिआ** ની વચ્ચે **च** પડ્યો છે એટલે **नञ्** સમાસ થતો નથી, અશુદ્ધ પ્રયોગ બને છે અને સાચો અર્થ પણ નીકળતો નથી. વળી **क** પણ નકામો હોવાનું માનવું પડે છે. એમ વ્યાકરણની રીતિએ પણ **इत्थिआ** અનેક રીતે ભૂલભરેલો સાબીત થાય છે. એ પણ નક્કર વાત છે કે-પૂર્વધરની રચના આવી આવી ખામીવાળી ન જ હોય.

इच्छिय શબ્દ જ પૂર્વોક્ત દરેક ભૂલોને સુધારી લ્યે છે અને ત્યાં પ્રસંગ પ્રાપ્ત વસ્તુનું વિશદ વર્ણન કરનારી એક શુદ્ધ ગાથા બની જાય છે.

સારાંશ એ છે કે—**इत्थिआ०** એ પાઠ ખોટો છે તેના ઉપરની એ ટિપ્પણી પણ નકામી છે અને તેના આધારે ઉક્ત પરિપત્રમાં દર્શાવેલ અનુમાન પણ સર્વથા ભૂલભરેલું છે.

(અપૂર્ણ)

राजगच्छ पट्टावली

लेखक—श्रीयुत भंवरलालजी नाहटा

जैनधर्म के इतिहास को जानने के लिये पट्टावलियां महत्त्वपूर्ण साधन है। यह साहित्य विविध प्रकार की सामग्री से ओतप्रोत है। भिन्न २ गच्छों का इतिहास उन सब को एकत्र कर प्रकाशित करने से सुगमता से संकलित किया जा सकता है। पुरातत्त्वाचार्य

श्री जिनविजयजी और मुनि दर्शनविजयजीने इस प्रकार का प्रशंसनीय प्रयत्न किया है। सिंघी जैन ग्रंथमाला से और भी दो ग्रंथ निकट भविष्य में प्रकाशित होने वाले हैं जिनसे विविध गच्छों के इतिहास में नवीन प्रकाश पडेगा। मुनि विनयसागरजी के पास राजगच्छ पट्टावली की एक प्रति है जिसके अधिकाश भाग में औपदेशिक प्रासंगिक और भिन्न २ गच्छ के प्रभावक आचार्यों के गुणानुवाद और अंत में इस गच्छ के आचार्यों का वृत्तान्त दिया है। यहां केवल राजगच्छ के आचार्यों का परिचय दिया जाता है।

नन्नसूरि—आप पहले तलवाड देश के राजा थे। एक बार शिकार में मारी हुई सगर्भा हरिणी के बालक को तड़पते हुए देखकर वैराग्य प्राप्त हुआ और आरण्यक साधु के पास दीक्षित हो गए। उनके अन्वय में अजितयशोवादिसूरि आदि सात आचार्य वादियों को जीतनेवाले एवं न्याय व्याकरण ग्रन्थों के रचयिता हुए। इनसे राजगच्छ प्रसिद्ध हुआ।

धनेश्वरसूरि—आप छत्तीस लक्ष कान्यकुब्ज देश के स्वामी कर्दमराज के पुत्र धनेश्वरकुमार थे। एक बार शिकार में आठ पैरों वाले सरभ (अष्टापद ?) को देख कर वृक्ष पर स्थित हो कुमार ने भाले से प्रहार किया। सरभने क्रुद्ध हो कर स्वविनगोधमिश्रित मट्टी शुण्डादण्ड से कुमार के ऊपर उछाली जिससे कुमार के शरीर में फोड़े ही फोड़े हो गए। अनुचरों के साथ घर आने पर नाना प्रकार के उपचार किये गए परन्तु शान्ति न होने से राजर्षि अभयदेवसूरि के चरण प्रक्षालित जल छिडका गया। राजकुमार एकदम स्वस्थ होने के साथ ही वैराग्यवासित हो गया और उन्हीं गुरुदेव के पास संयमधर्म स्वीकार कर लिया। ये राजकुमार धनेश्वरसूरि हुए। एक बार चैत्र नामक स्थान में सर्प के डसे हुए ब्राह्मणकुमार को जीवित करके १८००० ब्राह्मण कुटुंबों को प्रतिबोधित किया। महावीर प्रभु के मन्दिर का निर्माण हुआ। इन्होंने १८ आचार्य बनाए जिनकी १८ शाखाएं हुई।

शीलभद्रसूरि—आप राज गच्छ के शृंगार थे। १२ वर्ष की उमर से आजीवन छः विगयों का त्याग किया। ये अक्षीण लब्धिधारी प्रभावक थे।

धर्मघोषसूरि—आप शीलभद्रसूरि के शिष्य थे, सं. ११७६ में आचार्य पदारूढ हुए। अम्बिका देवी की सहायता से ४ राजाओं को प्रतिबोध दिया। और दो बार वादि गुणचन्द्र को शास्त्रार्थ में परास्त किया।

इन सूरि महाराज ने अल्हण नरेश की सभा में सांख्य ग्रंथ की व्याख्या की; महाराजा आनल के यहां वादि के गर्व को चूर किया; जैनों की अवज्ञा करने में आसक्त विग्रहराज को जैनधर्म में सुदृढ किया। इनके उपदेश से शाकंभरीश्वर वीसलदेवने अजमेर में श्री शान्तिनाथ प्रभु का जिनालय बनवा कर प्रतिष्ठामहोत्सव किया। राजमाता सूहवदेवीने सूहवपुर में पार्श्वनाथ भगवान का मन्दिर बनवाया। इन्होंने श्री फलवर्द्धि पार्श्वनाथ

आदि १०५ मन्दिरों की प्रतिष्ठा की थी और ब्राह्मण क्षत्रिय व माहेश्वरी वैश्यों को प्रतिबोध दे कर ओसवालों में १०५ गोत्र स्थापित किए। इसी प्रकार श्रीमालों में ३५ गोत्र किये। इन धर्मघोषसूरि से राजगच्छ की धर्मघोष शाखा प्रसिद्ध हुई।

सागरचन्द्रसूरि—इनके उपदेश से राजा कल्हण जैन धर्मानुरागी हुए। आप के पट्टधर श्री मलयचंद्रसूरि विद्या, कला, चमत्कार के लिये प्रख्यात थे।

चित्रवाल शाखा में भद्रेश्वरसूरि ने गिरनार तीर्थ के मुख्य प्रासाद की प्रतिष्ठा की। दण्डनायक सज्जन को उपदिष्ट कर मन्दिरों का जीर्णोद्धार करवाया। वीर गणि से चैत्र गच्छ की कम्बोइया शाखा हुई। इन वीर गणिने तप व वालीनाह क्षेत्रपाल के सान्निध्य से अष्टापद तीर्थ की यात्रा की। अतः इनकी परम्परा अष्टापदशाखा नाम से प्रसिद्ध हुई।

पट्टावली श्लोकों एवं अंतिम सूची के अनुसार परम्पराक्रम इस प्रकार है:—

१ नन्नसूरि, २ अजितयशोवादि, ३ सर्व्वदेवसूरि, ४ प्रद्युम्नसूरि, ५ अभयदेवसूरि, ६ चत्रगच्छ धनेश्वरसूरि, ७ अजितसिंहसूरि, ८ वर्द्धमानसूरि, ९ शीलभद्रसूरि.

१ धर्मसूरि, २ रत्नसिंहसूरि, ३ देवेन्द्रसूरि, ४ रत्नप्रभसूरि, ५ आणंदसूरि, ६ अमरप्रभसूरि, ७ ज्ञानचन्द्रसूरि, ८ मुनिशेखरसूरि, ९ सागरचन्द्रसूरि, १० मलयचन्द्रसूरि, ११ पद्मशेखरसूरि, १२ पद्मानंदसूरि, १३ नन्दिवर्द्धनसूरि, १४ नयचन्द्रसूरि.

प्रस्तुत पट्टावली की प्रति १७ वीं शती की लिखी हुई है। अतः इसके बाद के आचार्यों के नाम अन्य साधनों से संग्रह किये जा सकते है पर अभी हमारे पास वे साधन न होने से ऐसा कर सकना अशक्य है।

धर्मघोषसूरि के गुणानुवाद में कई अन्य स्तुति आदि भी प्राप्त होते हैं। वास्तव में ये प्रभावक आचार्य थे। इनकी परम्परा काफी विस्तृत हुई थी। कई वर्ष पूर्व हमने नागौर के गुरांसा (महात्मा) के पास और श्रीहरिसागरसूरिजी के पास इस गच्छ के आचार्यों की विस्तृत नामावली देखी थी। इसकी प्रतिलिपी हमारे संग्रह में भी है।

नागपुरी लुंका गच्छ की पट्टावली से ज्ञात होता है कि उन्होंने अपना प्राचीन संबन्ध इसी धर्मघोष गच्छ से मिलाया है। ऐतहासिक दृष्टि से यह कहां तक ठीक है विचार किया जाना आवश्यक है। उक्त पट्टावली के अनुसार ओसवाल जाति के सुराणा गोत्र के प्रतिबोधक आप ही थे।

साधनाभाव से हम इस गच्छ के आचार्यों का विस्तृत वर्णन, उनके रचित ग्रन्थ, प्रतिष्ठित प्रतिमालेखों के सम्बन्ध में प्रकाश डालने की इच्छा रहते हुए भी ऐसा न कर सके। अन्य विद्वानों से अनुरोध है कि वे इस गच्छ के सम्बन्ध में अधिकाधिक ज्ञातव्य प्रकाशित करें।

આરાધક ભાવના

લેખક—પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયપદ્મસૂરિજી

અવિચ્છિન્ન પ્રભાવશાલિ, ત્રિકાલાબાધિત, પરમારાધ્ય શ્રી જૈનેન્દ્રશાસન અને તેની યથાર્થ આરાધનાને અનુકૂલ સાધન સામગ્રી આસન્નસિદ્ધિક ભવ્ય જીવોને જ મળી શકે છે. પ્રબલ પુણ્યોદયે તે બંને મળ્યા છતાં પ્રમાદી આત્માઓ વિષય કષાયાદિ ભાવ શત્રુઓના પંજામાં સપડાઈને તેનો યથાર્થ લાભ લઈ શકતા નથી. આ કારણથી પોતાનાં મન, વચન કાયાના અનિયમિત વ્યાપારને જરૂર નિયમિત કરવો જોઈએ, વચન અને કાયાના વ્યાપારમાં નિશ્ચયે મનોવ્યાપારની મુખ્યતા છે એટલે વાચિક અને કાયિક પ્રવૃત્તિ સ્વતંત્રપણે થતી નથી, પણ મનોભાવનાને અનુસારે જ થાય છે. માટે જ કહ્યું છે. **मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः** એટલે અશુભ વિચારથી કર્મ બંધાય, ને શુભ વિચારથી મોક્ષનાં સુખ મળે. આ મુખ્ય વસ્તુને યથાર્થ સમજવા માટે પ્રાચીન મહર્ષિ ભગવંતોએ તંદુલિયા મત્સ્ય, પ્રસન્નચંદ્ર રાજર્ષિ વગેરેનાં દૃષ્ટાંતો જણાવ્યાં છે. તેમાં તંદુલિયા મત્સ્યની બીના તથા પ્રસન્નચંદ્ર રાજર્ષિની બીના ટૂંકામાં આ પ્રમાણે જાણવી. સમુદ્રમાં રહેલા મોટાં માછલાંની આંખની પાંપણમાં એક મત્સ્ય ઉત્પન્ન થાય છે. તેનું પ્રમાણ (ચોખાના દાણા) જેવડું હોય છે, તેથી તે તંદુલિયો મત્સ્ય કહેવાય છે. જ્યારે મોટા માછલાનું મોઢું ખુલ્લું હોય, ત્યારે તેમાં બીજાં નાનાં માછલાંઓ પેસે છે ને નીકળે છે. આ બનાવ જોઈને તંદુલિયો મત્સ્ય વિચારે છે કે—આ મોટું માછલું આટલા બધાં નાનાં માછલાંને કેમ ખાઈ જતો નથી, તેને એમ ને એમ શા માટે નીકળવા દે છે? એવડું મોટું શરીર જો મારું હોય ને મારા મોઢામાં આ બધાં નાનાં માછલાં આવે તો હું બધાંને જરૂર ખાઈ જાઉં; એકને પણ જીવતો ન રહેવા દઉં. આ ખરાબ ભાવનાથી, તે તંદુલિયો મત્સ્ય વચનથી અને કાયાથી હિંસા નથી કરતો, છતાં પણ અંતર્મુહૂર્તમાં મરણ પામી સાતમી નરકમાં જાય છે, એ અશુભ ભાવનાનું પરિણામ જાણવું. તથા કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેલા પ્રસન્નચંદ્ર રાજર્ષિ, જ્યારે યુદ્ધ કરવાની અશુભ ભાવનાવાળા હતા, ત્યારે પ્રભુ શ્રી મહાવીર દેવે રાજા શ્રેણિકને જણાવ્યું કે હે રાજન્! તે રાજર્ષિ હાલ જો કાળધર્મ પામે તો સાતમી નરકે જાય તે પછી થોડા જ વખતે તે રાજર્ષિ—મસ્તક ઉપર હાથ મૂકતાં પોતાની ભૂલ સુધારી શુભ ભાવના ભાવવા લાગ્યા. અનુક્રમે ઘાતિ કર્મનો નાશ થવાથી તેમને કેવલજ્ઞાન પ્રકટ થયું. ત્યારે પ્રભુ શ્રી મહાવીરદેવે રાજા શ્રેણિકને જણાવ્યું કે—તે જ રાજર્ષિને હાલ કેવલજ્ઞાન પ્રકટ થયું, ને નિમિત્તે આકાશમાં વાજિંત્ર વાગે છે. અશુભ અને શુભ ભાવનાનું પરિણામ સમજવા માટે આ દૃષ્ટાંત જાણવું. નિમિત્તવાસિ આત્મા—જેવા જેવા નિમિત્તને પામે, તે પ્રમાણે તેની ભાવનામાં ફેરફાર થાય છે.

આ મુદ્દાથી ઉત્તમ ભાવને ટકાવનારાં આલંબનોની જરૂર સેવના કરવી જોઈએ. અજ્ઞાન દશાથી ઘેરાયેલો આત્મા અજ્ઞાનને દૂર કરી શુભ આલંબન સેવી નિર્મલ ભાવનાના યોગે દુષ્કર્મનો નાશ કરી માનવ જિંદગીના મુખ્ય સાધ્યને પરમ ઉલ્લાસથી સાધી શકે, આ જ ઇરાદાથી પૂર્વધર ભગવંતોએ શ્રી પંચસૂત્ર, ચઉશરણ, આઉર પચ્ચક્ખાણાદિની રચના કરી છે. દરરોજ આપણો આત્મા શુભ ભાવનામય બની, સ્વકર્તવ્ય પરાયણ રહે, આ જ ઇરાદાથી તે ગ્રંથોમાંથી ઉદ્ધરીને આરાધક ભાવના જણાવું છું તે ટૂંકામાં આ પ્રમાણે જાણવી.

૧-હે જીવ ! દશ દષ્ટાંતે દુર્લભ મનુષ્યભવ પામીને, રાગદ્વેષનાં કારણો તજીને આત્મદષ્ટિને સતેજ કરનારાં સાધનો સેવજે. વિષય કષાય માનવ જીવનને બરબાદ કરનારા છે, તેથી તેનો વિશ્વાસ કરતો નહિ. વૈરાગ્ય-સમતાભાવને પોષનારાં કારણોની સેવના તરફ વધુ લક્ષ્ય રાખજે !

૨-પરમ ઉલ્લાસથી જિનધર્મની આરાધના કરવામાં જે રાતદિન ગયાં, તે જ સફલ ગણવાં. સ્ત્રી, કુટુંબ, દોલત વગેરેમાંનું એક પણ પરભવ જતાં જીવની સાથે આવતું નથી. હું એકલો જ આવ્યો છું, ને એકલો જ જવાનો છું.

૩-કરોડો રત્નોની કિંમત કરતાં પણ માનવ જીવનના એક ક્ષણની કિંમત વધારે માનજે. કારણ કે આપણે કોઈને કહીએ કે, તું મને મારો ગયેલો સમય પાછો લાવી આપે, તો હું તેના બદલામાં તને કરોડો કીમતી રત્નો આપું, તો સામો માણસ શું ગયેલો સમય પાછો લાવી આપશે ? અર્થાત્ કોઇની પણ તાકાત નથી કે ગયેલો સમય પાછો લાવી આપે. માટે જ પ્રભુ શ્રી મહાવીરદેવે ફરમાવ્યું કે-જે એક વાર માનવજિંદગી પ્રમાદી થઈને હારી ગયા, તો ફરીથી મળવી સહેલ નથી. કારણ કે કર્મોની ગતિ વિચિત્ર છે. માટે ક્ષણ વાર પણ પ્રમાદ કરશો નહિ.

૪-ઈંદ્રપણું, ચક્રવર્તિપણું વગેરે પદાર્થો મળવા સહેલ છે, પણ અવિચ્છિન્ન પ્રભાવશાલિ શ્રી જિનેશ્વરદેવે ભાખેલ ધર્મ મળવો મહાદુર્લભ છે. કદાચ દાસપણામાં પણ શ્રી જિનધર્મ મળતો હોય, તો તે દાસપણાને હું વધાવી લઉં, પણ શ્રી જિનધર્મની આરાધના વિનાનું ચક્રિપણું વગેરે સારી સ્થિતિ મળતી હોય તો તેને હું સ્વપ્ને પણ ચાહું નહિ.

૫-દોષદષ્ટિનો ત્યાગ કરું છું ને ગુણદષ્ટિને સ્વીકારું છું.

૬-સુખના સમયમાં પુણ્યાઈ ખાલી થતી જાય છે, એમ સમજીને હે જીવ, સેવાના અવસરે અભિમાની થઈશ નહિ, પણ ચેતતો રહેજે, ને મળેલ પદાર્થનો સદુપયોગ કરજે. તેમજ દુઃખના સમયમાં ગભરાવું નહિ. કારણ કે-પાપનો કચરો ખાલી થતો જાય છે, તેથી તે વખતે આનંદ માનજે ને સમતાભાવે દુઃખ સહન કરજે. કાયમ દુઃખ ને કાયમ સાંસારિક સુખ રહેતું નથી. એ તો સમુદ્રનાં મોજાં જેવા જાણજે.

૭-શ્રી ગુરુ મહારાજ એ વૈદ્ય, શ્રી અરિહંત પ્રભુના સ્વરૂપનો યથાર્થ વિચારણા એ ઔષધ અને તમામ જીવોને પોતાની જેવા ગણીને તે સર્વની ઉપર દયાભાવ રાખવો; એ પથ્યભોજન, આ ત્રણ સાધનોની નિર્નિદાન વિધિપૂર્વક યથાર્થ સેવના કરવાથી ભાવરોગનો નાશ કરી શકાય છે. તેથી હે પ્રભો ! હું જ્યાંસુધી મુક્તિપદ ન પામું, આ ભવથી માંડીને ત્યાં સુધીના વચલા ભવોમાં એ ત્રણ સાધનોનાં સેવના અને ભવોભવ મળજો. કર્મની પીડા એ ભાવરોગ કહેવાય.

૮-હે પ્રભો ! મેં આપના શાસનની સેવના કરીને જે પુણ્યાનુબંધિ પુણ્ય-કર્મ નિર્જરાદિ સ્વરૂપ લાભ મેળવ્યો હોય તેના ફલ સ્વરૂપે બંને હાથ જોડી મસ્તકે લગાડી હું એ જ માગું છું કે-આપના પસાયથી આ જિનશાસનની સેવા કરવાનો શુભ અવસર ભવોભવ મળજો.

૯-૧ જૈન શાસ્ત્રનો અભ્યાસ, ૨ જિનેશ્વરદેવની ભક્તિ, ૩ આર્ય પુરુષોની સોબત, ૪ સદાચારી મહાપુરુષોના ગુણગાન, ૫ કોઇની પણ નિંદા કરવી કે સાંભળવી નહિ,

૬ હિત-મિત-પ્રિય વેણુ બોલવા, ૭ આત્મતત્ત્વની વિચારણા કરવી—આ સાત વાનાં હે પ્રભો ! તમારા પસાયથી મને ભવોભવ મળજો !

૧૦—આત્મતત્ત્વની વિચારણા સંક્ષેપે આ રીતે કરવી. હું એકલો જ છું ને મારું અહીં કોઈ નથી, તેમ જ હું પણ કોઈનો નથી. હું લક્ષાધિપતિ શેઠિયો છું, હું આ મિલકતનો માલિક છું, આ સ્ત્રી ધન પુત્ર વગેરે મારા છે, વગેરે પ્રકારની માન્યતા તદ્દન ખોટી છે, એ કેવલ મોહનો જ ઉછાળો છે. આવા મોહના જ પ્રતાપે મારા જીવે અનંતીવાર નરકાદિની વિડંબના ભોગવી છે. માટે હું હવે તેનો વિશ્વાસ નહિ કરું. સ્ત્રી વગેરે પદાર્થો, મારા નથી અને હું તેમનો નથી. આવી ભાવનાના શુભ સંસ્કારથી નિર્મોહ દશા પામી શકાય છે. શુદ્ધ શાશ્વત આત્મદ્રવ્ય સ્વરૂપ હું છું, હું જ્ઞાનાદિ ગુણવાળો છું, જ્ઞાનાદિ ગુણો એ જ મારી વસ્તુ છે, બાકીની વસ્તુ પર છે એટલે મારી નથી. જે મારું છે, તે મારી પાસે જ છે, હવે હું પુદ્ગલરમણતા ઘટાડીને નિજગુણરમણતા ગુણને વધારીશ. જૈનેન્દ્રાગમમાં આત્માના ત્રણ ભેદો જણાવ્યા છે: ૧ બાહ્યાત્મા, ૨ અંતરાત્મા, ૩ પરમાત્મા. જ્યાં સુધી મારો આત્મા બાહ્ય દૃષ્ટિ છે, એટલે મારા જ્ઞાનાદિ ગુણોથી ભિન્ન એવા સ્ત્રી, ધન, શરીરાદિના મોહને લઈને અનેક પ્રકારના આરંભ સમારંભાદિ કરે, અસત્ય બોલે, માયા પ્રપંચ કરે, પંચેન્દ્રિયાદિ જીવોનો વધ કરે, સદારાદિ અનુચિત પ્રકારે જીવનનિર્વાહ કરે–કરાવે, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહાદિ કર્મબંધનાં કારણો આનંદથી સેવે, વિષય કષાયને સેવે, ત્યાંસુધી તે બહિરાત્મા કહેવાય. સત્સંગ, જિનવચન શ્રવણ, મૈત્રી વગેરે ચાર અને અનિત્ય ભાવનાદિ બાર ભાવના, સુપાત્રદાનાદિ, શીલ તપશ્ચર્યા વગેરે સાધનો સેવવાથી બહિરાત્મદશા દૂર કરી શકાય, ને અંતરાત્મદશા પામી શકાય. જેઓ મન, વચન, કાયાથી નિર્દોષ પ્રવૃત્તિ કરે, એટલે આર્ત્તરૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી મનથી સદ્વિચાર કરે, કોઈનું પણ અનિષ્ટ ચિંતવે નહિ અને વિચારે કે—તમામ જગતના જીવોનું કલ્યાણ થાવ, સર્વ જીવો પરહિત કરનારા થાઓ, તમામ દોષ નાશ પામે, સર્વ સુખી થાવ, બધાનું કલ્યાણ થાવ, સર્વ જૈનેન્દ્ર શાસનની આરાધના કરીને મુક્તિના અવ્યાબાધ સુખ પામે, તમામ જીવો ભવોભવ જિનેન્દ્ર શાસન પામે, મારે કોઈની સાથે વેરઝેર છે જ નહિ, ને હવે હું તેવા કારણોને સેવીશ નહિ—આવી શુભ ભાવનાથી હિત, મિત, પ્રિય, બોલનારા, સર્વસંયમ દેશસંયમાદિની પરમ ઉલ્લાસથી સાત્ત્વિકી આરાધના કરનારા જીવો—અંતરાત્મા કહેવાય, અને ઘાતિ કર્મનો નાશ કરી અરિહંતપણાને પામેલા સયોગિ અયોગિ કેવલી વગેરે પરમાત્મા કહેવાય—ઇત્યાદિ આ રીતે આત્મતત્ત્વની વિચારણા કરતાં શ્રી ભરત ચક્રવર્તી, કુર્માપુત્ર, જંબુસ્વામી વગેરે ઘણા ભવ્ય જીવો સિદ્ધપદને પામ્યા, પામે છે, અને ભવિષ્યમાં પામશે પણ ખરા.

૧૧—હે જીવ, વિચારી લે કે—તેં આજ સુધીમાં પરભવને લાયક જરૂરી ભાતું કેટલું તૈયાર કર્યું ? ને કેટલું કરવાનું બાકી છે ? કારણ કે, તે કામ અહીં જ થઈ શકશે.

૧૨—હે જીવ, તું હાલ વિભાવદશામાં વર્તે છે કે સ્વભાવ દશામાં વર્તે છે ? જો તું વિભાવ દશામાં વર્તતો હોય તો જરૂર ત્યાંથી ખસીને જલદી સ્વભાવ દશામાં આવી જા. સ્વચિંતા તજીને પરચિંતા કરવામાં આત્મહિત છે જ નહિ.

૧૩—જે પદાર્થો જન્મતાં સાથે આવ્યા નથી, પરભવમાં જતા પણ સાથે આવશે નહિ, ને આત્મહિત બગાડનારા છે, તેવા, સ્ત્રી, ધન, શરીરાદિની જે મોહગર્ભિત વિચારણા વિભાવદશાની વિચારણા કહેવાય અને પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોની જે વિચારણા તે સ્વભાવદશાની વિચારણા કહેવાય.

૧૪—હે જીવ ! તેં પરમોપકારિ શ્રી આચાર્ય ભગવંત વગેરે મહાપુરુષોના સમાગમથી તથા તેમનો પરભવમાં પણ પરમ કલ્યાણ કરનાર ઉપદેશ સાંભળી મનન કરી અત્યાર સુધીમાં શક્તિ પ્રમાણે દાનાદિ ધર્મ સાધ્યો, ઉપધાન, દેશ વિરતિ, વગેરેની જે સાધના કરી તેની તું અનુમોદના કરજે, અને પ્રતિદિન તેની નિર્મલ આરાધના વધારે પ્રમાણમાં થાય, તે તરફ જરૂર લક્ષ્ય રાખજે, ને એમ માનજે કે—હજુ પણ તારે (સર્વ વિરતિની આરાધના વગેરે) અમુક કાર્યો કરવાના બાકી છે. જો પ્રબલ પુણ્યોદયે તેવો અવસર મળે ને તેવી આરાધના થાય, તો જ માનવ જિંદગીની ખરી સાર્થકતા કહી શકાય. જ્યાંસુધી હું તેવાં કર્યો કરવાને લાયક ન બનું, ત્યાસુધી મારે માનવું જોઇએ કે—હજુ તેવા પ્રકારનો વિશિષ્ટ કર્મનો—ક્ષયોપશમ અને પુણ્યોદય થયો નથી. હું જે દિવસે જે ઘડીએ તેવાં કાર્યો કરવા ભાગ્યશાલી થઇશ, તે જ દિવસ અને તે જ—ઘડી હું સફલ માનીશ.

૧૫—હાલ જો તું શ્રાવકપણાની આરાધના કરતો હોય તો સંયમધારી મહાપુરુષોને જોઈને મનમા એમ વિચારજે કે; હે જીવ ! તું આવી સમતામૃતથી ભરેલી મુનિતાને ક્યારે પામીશ? યાદ રાખજે કે; નિર્દોષ સંયમ જીવનના પ્રતાપે જ સાચી શાંતિ અને સાચું સુખ મળે છે.

૧૬—જે જન્મ્યો તે મરવાનો જરૂર, પણ જેઓ વ્રતાદિની સાધના કરે છે, સાધુ, સાધ્વી આદિ સાત ક્ષેત્રોને પોષે છે, જૈન સિદ્ધાંતાદિ ભણે ને સાંભળે, ભણાવે, સંભળાવે, ભણતા, ભણાવતા, સાંભળતા, સંભળાવતા ભવ્ય જીવોને સહાય કરે, વિષય કષાયના પ્રસંગથી તદ્દન અલગ રહે, અનિત્યતાદિ સોળ ભાવના ભાવે, ખમતખામણાં કરે કરાવે, પરમ ઉલ્લાસથી જૈનેન્દ્રાગમો લખાવી ગુરૂ મહારાજને વહોરાવે, વગેરે પ્રકારે સાત્ત્વિકભાવે શ્રી જિનધર્મની આરાધના કરનારા ભવ્ય જીવો અંત સમયે સમાધિપૂર્વક હસતાં હસતાં મરણ પામે છે; તેમને મરણનો ભય હોતો જ નથી. કારણ કે તેઓ અહીં જે સ્થિતિમાં છે, તેથી સારામાં સારી સ્થિતિને પરભવમાં પામે છે. આત્મા મરે જ નહિ. દેહાદિથી આત્મા છૂટો પડે, એ જ મરણ કહેવાય છે.

૧૭—હે જીવ ! ક્ષણ વારમાં શું બનાવ બનશે તેની તને ખબર નથી તેમ જ તારા ઉદયમાં આવનારા કર્મની પણ ખબર પડતી નથી; માટે હંમેશાં ચેતતો રહેજે ને ભવિષ્યમાં મોડા કરવા ધારેલાં કાર્યો જલદી કરી લેજે.

૧૮—મારા દેવ અરિહંત છે, કંચન કામિનીના ત્યાગી વિશિષ્ટ મહાવ્રતાદિ સદ્ગુણોના ધારક શ્રી આચાર્ય ભગવંત વગેરે ગુરૂ છે અને શ્રી જિનેશ્વરદેવે કહેલ ત્રિપુટીશુદ્ધ ધર્મ છે. અત્યાર સુધીમા સમ્યગ્દર્શન—જ્ઞાન—ચારિત્રની આરાધના કરતાં મન, વચન, કાયાથી કોઈ પણ દોષ (અતિચાર) લાગ્યો હોય, તેની આત્મસાક્ષીએ નિંદા કરૂં છું, ને ગુરૂસાક્ષીએ ગર્હા કરૂં છું. જે દોષની શુદ્ધિને માટે ગુરૂ મહારાજની આજ્ઞા પ્રમાણે પ્રાયશ્ચિત્તાદિ કરવાની

જરૂરિયાત જણાતી હોય, તો તે દોષની શુદ્ધિને અંગે પ્રાયશ્ચિત્તાદિ કરીને આત્મશુદ્ધિ કરવા ચાહું છું.

૧૯–સંસારની રખડપટ્ટી ટાળવાનો ઉપાય–પૂર્વધર ભગવંતે શ્રી પંચસૂત્રના પહેલા પાપપ્રતિઘાતબીજાધાન નામના સૂત્રમાં ફરમાવ્યો છે તે આ પ્રમાણેઃ દરરોજ એમ વિચારવું કે આ જીવ અનાદિ છે, અને તેને સંસારની રખડપટ્ટી પણ અનાદિ કાલની છે. અનાદિ કર્મસંયોગથી જ સંસારમાં રખડપટ્ટી કરવી પડે છે. આ સંસાર દુઃખરૂપ છે, તેમાં એક દુઃખ ખસે ત્યાં બીજું દુઃખ આવીને ઊભું જ રહે, માટે તે દુઃખરૂપ ફલવાળો કહ્યો છે. ૧ શ્રી અરિહંત શરણાદિ ચાર શરણને અંગીકાર કરવા, ૨ સુકૃતની અનુમોદના, ૩ અને દુષ્કૃતની ગર્હા આ ત્રણ સાધનોની ભાવના વારંવાર કરવાથી ભવ્યત્વાદિ સામગ્રી મળી શકે, તેની આરાધનાથી પાપ કર્મનો નાશ થાય. તેથી જ્ઞાનપૂર્વક નિર્નિદાન શ્રી જિનધર્મની આરાધના કરી શકાય. ને તેથી સંસારમાં રખડવાનું બંધ થઈ જાય; આ રીતે સંસારની રખડપટ્ટી ટાળી શકાય.

૨૦–મનથી અયોગ્ય વિચાર કરતાં, વચનથી અયોગ્ય વેણુ બોલતાં, અને કાયાથી અનુચિત પ્રવૃત્તિ કરતાં જે પાપ બંધાયું હોય, તે સંબંધી મિથ્યા દુષ્કૃત દઉં છું.

૨૧–મેં કોઈનું અનિષ્ટ ચિંતવ્યું હોય, કોઈને ખરાબ વેણુ કહ્યા હોય, કાયાથી કોઈને તાડનાદિ કર્યું હોય, તે સંબંધી હું ખમાવું છું. અને જેઓ મારા ગુન્હેગાર હોય, તેઓ મને ખમાવે એમ હું ચાહું છું; કારણ કે ખમવું અને ખમાવવું એ શ્રી જિનશાસનની અવિચ્છિન્ન મર્યાદા છે. જે ભવ્ય જીવો ખમે, અને ખમાવે, તેઓ જ આરાધક કોટીના જાણવા; અને જેઓ ન ખમે, ન ખમાવે, તે જીવો વિરાધક જાણવા. પાપ કરવું એ દુષ્કર નથી, પણ નિર્મલ ભાવથી પ્રાયશ્ચિત્ત કરી ખમાવી આત્મશુદ્ધિ કરવી એ જ બહુ દુષ્કર છે.

૨૨–ભૂત ભવિષ્ય વર્તમાન કાલના સર્વ તીર્થંકરાદિને, બધા જૈનતીર્થોને, અને ત્યાં રહેલી તમામ જિનપ્રતિમાને હું ભાવથી વાંદું છું.

૨૩–આ રાત્રિમાં કદાચ મરણ થાય તો મારે સ્વાધીન લક્ષ્મી વગેરે તમામ પદાર્થોને વોસિરાવું છું.

૨૪–મેં પ્રાણાતિપાતાદિ અઢારે પાપસ્થાનકોમાંથી કોઈ પણ પાપસ્થાનક સેવ્યું હોય, સેવરાવ્યું હોય, સેવનારની અનુમોદના કરી હોય, તે સંબંધી મિચ્છામિદુક્કડં દઉં છું.

૨૫–ચોરાશી લાખ જીવયોનિમાંના કોઈ પણ જીવને હણ્યો હોય, હણાવ્યો હોય હણનારને સારો માન્યો હોય, તે સંબંધી મિથ્યાદુષ્કૃત દઉં છું.

૨૬–શ્રી અરિહંત, સિદ્ધ, સાધુ, જિન ધર્મ મહામંગલિક છે, લોકમાં ઉત્તમ છે–હું તે ચારેના શરણને અંગીકાર કરું છું.

૨૭–તમામ વિચારો દૂર કરી શ્રી સિદ્ધચક્ર ભગવંતના સ્વરૂપને વિચારતાં વિચારતાં અલ્પ નિદ્રા લેવી. વચમાં નિદ્રા ઊડી જાય તો નિર્મોહ દશાની ચિંતવના કરવી. શ્રી મલ્લિનાથ–નેમિનાથ–જંબૂસ્વામી-સ્થૂલિભદ્રાદિની જીવનઘટના વિચારવી. એ પ્રમાણે શ્રી-પંચસૂત્રાદિ અનેક ગ્રંથોના આધારે બહુ જ ટૂંકમાં આરાધક ભાવના અહીં જણાવી છે. ભવ્ય જીવો તેને વારંવાર વિચારી મનન કરી મન, વચન, કાયાની એકતા સાધી સમતા-મય મોક્ષમાર્ગની સાધના કરી મુક્તિના અવ્યાબાધ સુખ પામે એ જ ભાવના.

મોંઘા વાત્સલ્યનાં મોંઘાં મૂલ્ય

[આર્યરક્ષિતનું ઋણવિમોચન]

લેખક—પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રી સિદ્ધિમુનિજી

સુરસાલ અને કલદ્રુપ અવન્તિદેશમાં દશપુર નામનું નગર હતું. એ નગરના વિશિષ્ટ વિભાગરૂપ બ્રહ્મપુરીના એક વિશાલ ગૃહમાં સોમદેવ નામનો બ્રાહ્મણ જ્ઞાતિનો કુલીન વિદ્વાન વસતો હતો. તે વેદ અને વેદાંતનો પારંગત તથા ક્રિયાનિષ્ઠ હોઈ શાન્ત, સરલ ને સહિષ્ણુ હતો. દશપુરના રાજા ઔદ્રાયણનો તે રાજપુરોહિત હતો. પુરોહિતના પદ પર આવ્યા બાદ એણે અલ્પ સમયમાં જ ભારે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. તેની સૌમ્ય મન્ત્રણાથી ઔદ્રાયણનું રાજ્ય સુરથ, સુખી અને સંપન્ન બન્યું હતું. ન્યાયનિષ્ઠ એ પુરોહિતની પ્રેરણાથી બ્રાહ્મણધર્મ અને શ્રમણધર્મ બન્ને અમુકાંશે આધ્યાત્મિક વિભિન્નતા ધરાવતાં છતાંયે વ્યવહારના ક્ષેત્રમાં તેઓ સમભાવથી વર્તતા હતા. આ પુરોહિતની સ્ત્રીનું નામ હતું રુદ્રસોમા.

રુદ્રસોમા પણ પોતાના પતિ સોમદેવના સમાન જ સર્વોચ્ચ કુલ—જાતિમાં જન્મેલી હતી. તેના પિયરમાં જૈનધર્મનો પરિચય હોવાથી તે જૈન સંસ્કારથી ઘડાયેલી હતી. અતિશય શ્રદ્ધાની સાથે તે જૈન ક્રિયાનો આદર કરતી હતી. જૈનદર્શનવાદને માટે તેને યોગ્ય પણ અત્યન્ત અભિમાન હતું. દયા અને ઔદાર્યથી તેનું હૃદય કોમળ અને મહાન બનેલું હતું. કર્મના સિદ્ધાન્તની શ્રદ્ધા તેના હૈયામાં ભારોભાર ભરેલી હતી. વિનીતતા એ એનું જીવન હતું અને પાતિવ્રત્ય એ એનો શણગાર હતો. સોમદેવની સહચારિણી થયા બાદ એ પતિના જીવનમાં બધીય રીતે ઓતપ્રોત થઈ ગઈ હતી, અને તે પણ અલ્પ સમયમાં જ. સોમદેવ અને રુદ્રસોમા એ બન્ને પતિ—પત્ની મહાનુભાવ અને ઉદાર હોવાથી તેમને તેમના પારલૌકિક પ્રશ્નમાં કદીય ધાર્મિકભેદજન્ય બાધા આવી ન હતી અને આવવાનો સંભવ પણ ન હતો.

રુદ્રસોમા અત્યન્ત રૂપવતી, લાવણ્યવતી અને સર્વાંગ શોભાવતી હતી. તેના નયનમાં સ્થિર સ્નેહની સ્નિગ્ધતા અને મુખમાં અનુકૂલ વચનામૃતની મીઠાશ હતી. કુટુમ્બમાં સૌ કોઈથી એનાં પગલા પનોતા મનાતાં હતાં. કોઈને એ સરસ્વતી સરખી તો કોઈને લક્ષ્મીશી તો વળી કોઈને એ પુનીત પાર્વતી જેવી લાગતી. એ સન્નારીએ સાર્વદિક વિનીતતાથી, સુશીલતાથી અને સદ્ભક્તિભાવથી પોતાના પતિને અને સર્વ સ્વજનોને જીતી લીધાં હતાં, કહો કે એ સર્વ સ્વયમેવ જિતાઈ ગયાં હતાં.

સોમદેવ ને રુદ્રસોમા પરસ્પર પ્રેમાળ અને પવિત્ર હતાં. એઓ સદાગ્રહી અને સ્વમાનશીલ હોવા સાથે સત્યપ્રિય અને પરમતસહિષ્ણુ હતાં. એમનાં વર્તન ભવ્ય અને દિવ્ય હતાં. આ સર્વથી એમનો ગૃહસંસાર સુખી અને પ્રશંસનીય બન્યો હતો. એમના એ ઉમદા ગૃહસંસારના સ્વાભાવિક ફળ તરીકે એમને આર્યરક્ષિત અને ફલ્ગુરક્ષિત નામે બે પુત્રો અને અમુક પુત્રીઓની પ્રાપ્તિ થઈ હતી. રુદ્રસોમાનું માતૃપદ આદરપાત્ર અને ગૌરવવંતું બન્યું હતું.

બુદ્ધિના ભંડાર આર્યરક્ષિતને ઉપનયનનો સંસ્કાર થયા પછી એણે વેદાધ્યયનનો આરંભ કર્યો, અને પિતાની પાસેની સર્વ વિદ્યા શીખી લીધી. પણ જાણે એ આટલા અભ્યાસથી

તૃપ્ત ન થયો હોય તેમ એ વિશેષ વિદ્યાની પ્રાપ્તિ માટે તે સમયમાં સર્વવિદ્યાના ધામ સમા પાટલીપુત્ર નગરમાં ગયો. ત્યાં મીમાંસાદિ ચાર વિદ્યા અને વેદ ઉપનિષદાદિનું તેણે અધ્યયન કર્યું. લૌકિક બધીય વિદ્યાઓનો વેત્તા તે હવે પોતાના નગર આવવાને પાછો ફર્યો. એનું પ્રયાણ અતિશીઘ્ર હતું. જ્યારે તે દશપુરના પાદરમાં આવ્યો ત્યારે લગભગ સંધ્યાનો સમય થવા આવ્યો હતો. તેથી તેણે તે રાત્રિ નગરની બહાર જ નિર્ગમન કરવાનો વિચાર કર્યો, અને પોતાના આગમનના સમાચાર પોતાના પિતાને પહોંચાડી દીધા. પિતાએ આ સમાચાર ઔદાયણ રાજાને જણાવ્યા અને નગરમાં પણ તેની જાહેરાત થઈ ચૂકી. રાત્રિ વ્યતીત થઈ, નગર શણગારાઈ ચૂક્યું અને જોતજોતામાં સામૈયાની સર્વસામગ્રી તૈયાર થઈ ગઈ. નગરના પૂર્વદિશાના દરવાજા તરફની પ્રવૃત્તિ અત્યારે અભૂતપૂર્વ હતી. મન્ત્રીઓ, શેઠશાહુકારો, નાગરિકોના મોટા સમૂહ સાથે દશપુરનો રાજા અને સોમદેવના સર્વ સંબંધીઓ આર્યરક્ષિતનું સ્વાગત કરવા તેની સામે ગયા. અને તેને હાથી પર બેસાડી આડંબર સહ પુરપ્રવેશ કરાવ્યો. પુરપ્રવેશ કરતાં તેને નિરખતાં લોકોના નયનો ધરાતાં ન હતા. અત્યારે આ આખુય નગર એ મહાપંડિતના ગુણગાનથી ગાજી ઊઠયું હતુ. નગરના મુખ્ય મુખ્ય વિભાગોમાં થઈ જ્યારે તે બ્રહ્મપુરીના વિભાગમાં આવી પહોંચ્યો ત્યારે ત્યાં માનવમેદિની સમાતી ન હતી. લાજાથી વધાવાતો અનુક્રમે તે પોતાના વિશાલગૃહની બાહ્યશાળાની આગળ આવી પહોંચ્યો. ત્યાં સૌભાગ્યવતીઓના સ્વસ્તિકાદિ માંગલ્યોપચાર થયા બાદ તેણે અશોકપલ્લવાદિથી શણગારેલી બાહ્યશાલામાં પ્રવેશ કર્યો સભા યથાયોગ્ય રીતે વ્યવસ્થિત થયા બાદ શ્રોત્રિયગણે આશીર્વાદના મન્ત્રો ઉચ્ચાર્યા અને બ્રહ્મવિદ્યાર્થીઓએ વાગ્દેવતાની શ્લોક પ્રશસ્તિઓ ગાઈ સંભળાવી. આ પછી રાજાએ, નગરશ્રેષ્ઠીએ અને ધનાઢ્ય નાગરિકોએ ચતુર્દશવિદ્યાવિશારદ આર્યરક્ષિતને ઘણા જ આદર સત્કારપૂર્વક પુષ્કળ ધન વસ્ત્રાદિથી સત્કાર્યો. આજ પહેલાં આવો આદર–સત્કાર ભાગ્યે જ કોઈ વિદ્વાનને મળ્યો હશે આર્યરક્ષિતના ચરણે યથાયોગ્ય ભેટણાં ધરી માનવસમુદાય ધીરે ધીરે ઓસરાવા લાગ્યો. ત્યારે પણ એનાં સ્વજન, સંબંધી, મિત્ર અને આડોશીપાડોશીઓનો મોટો સમૂહ તેને ઘેરીને ઊભો હતો. સમૂહમાં એનાં પૂજનીય વડીલો પણ હતાં. ઔચિત્યાનુસાર એ સર્વને એણે પ્રણામાદિથી સત્કાર્યા અને પછી સભાને વિસર્જન કરતો તે ત્યાંથી ઊઠયો. બ્રહ્મયુવતિઓનાં પ્રશંસાત્મક ગીતો અને કુલવૃદ્ધાઓનાં આશીર્વાદાત્મક ઓવારણાંને ઝીલતો એ ત્યાંથી ગૃહાંગણમાં આવ્યો. એને એવી શ્રદ્ધા હતી કે, મારી વાત્સલ્યભરી માતા મને આતુર નયનોથી નિરખવા અને મારા પ્રણામને ઝીલી અંતરનો ઊંડો આશીર્વાદ દેવા અત્યારે જરૂર અહીં કૌટુમ્બિક સ્ત્રીઓની વચ્ચે આવીને ઊભી હશે. પણ દશપુરની જનતા અને રાજાથી પૂજાયેલા એણે આ વખતે અહીં, પોતાના માટે જગતમાં સૌથી વિશેષ પૂજનીય એવી પોતાની જનેતાને ન જોઈ. ઊભેલાં સ્ત્રીજન પ્રત્યે યોગ્યતાથી વર્તતો તે માતાનાં દર્શન કરવા ત્યાંથી સીધો ઘરની અંદર ગયો. સમતાના સરવરિયામાં ઝીલતી માતાને એણે ત્યાં જોઈ અને પ્રેમભક્તિથી પોતાનું મસ્તક તેના ચરણમાં નમાવી દીધું.

'શરદાં શતં જીવ'–ગંભીર માતાએ આશીર્વાદ ઉચ્ચાર્યા. આ પછી તેણે ક્ષેમકુશળના સમાચાર પણ હૃદયના ઊંડાણમાં છૂપું વાત્સલ્ય હોતાં છતાંય એક પાડોશણની જેમ ગંભીર ભાવે જ પૂછી લીધા. આર્યરક્ષિતને માતાની આ ગંભીરતા અસહ્ય થઈ પડી.

આર્યરક્ષિતે વિચાર્યું: પ્રાણ સમા મારા વિયોગને સહન કરવો એ મારી માતાને લેશ પણ પાલવે તેમ ન હતું, છતાં તેણીએ મારા હિતની ખાતર ધૈર્યને ધારણ કરી એ વિયોગને સહી લીધો. મારા પ્રવાસના આટલા લાંબા સમય સુધી તેણે નિદ્રામાં પણ સ્વપ્ન વશ બની સતત મારું નામ સ્મર્યા જ કર્યું હશે. તેના સુતવિરહના દુઃખનો ખ્યાલ કરતાં પણ ગમે તે ઓછા પરિચિત સજ્જનનું હૈયુંય કમ્પી ઊઠે. આમ છતાં આજે મારી વિદ્યાનો પ્રભાવ, રાજાદિ તરફથી કરાયેલો ગૌરવમહિમા અને તેથી પ્રાપ્ત થયેલી અતુલ લક્ષ્મી વગેરેથી પણ મારી માતાનો મારા તરફનો પ્રેમસાગર ઉછાળા મારતો નથી થઈ શક્યો; અત્યારે તેનામાં હોવો જોઈએ તેવો કાંઈ પ્રેમજન્ય સંભ્રમ નથી, તેમ તે આ અવસરે જેવી જોઈએ તેવી આનંદિત પણ જણાતી નથી. ત્યારે તેને પુરપ્રવેશથી લઈ અત્યાર સુધી જે કાંઈ સુંદરતામાં પરિણમ્યું હતું તે સુંદર ન લાગ્યું. માતાની મીઠાશની પાછળ જ સારા જગતની મીઠાશ રહેલી છે એવી તેની સમજે તેને અત્યારે મુંઝવી નાખ્યો. એની અગાધ બુદ્ધિ માતાની આ અનવસર ગંભીરતા અને ઉદાસીનતા કયા કારણને લઈને હશે એ સમજી લેવાને વધારે વિચાર કરવા સ્તંભી નહિ. તેણે માતાને જ પ્રશ્ન કર્યો:

"પૂજ્ય માતા, તારા આ બાલકને તારી શી આજ્ઞા છે? માતાના લહાવની લહરીઓ અને હર્ષના ઉછાળા સદાય બાલક મનાતા તેના પુત્રના ઉદય અને સમુન્નતિના ચંદ્રને જ સવિશેષ અવલંબે છે. ધન, મહત્તા કે અન્ય કાંઈ પણ તેવું ન નિરખતાં કેવળ 'આવતાં'ને જ નિરખતી માતા પુત્રને નિરખતાં જ આનંદથી ઉભરાઈ જાય છે. સ્વજન-સંબંધી, આડોશી-પાડોશી, પરિચિત-અપરિચિત સૌ કોઈ આજે હર્ષના હેલે ચડયાં છે, ત્યારે તું શા માટે શાન્ત ને સ્થિર છે? તારી આ ગંભીરતા ને ઉદાસીનતાની ઓથે રહેલી ઇચ્છાને આજ્ઞારૂપે ઉઠાવવા તારા આ પુત્રનું આજ્ઞાંકિત મસ્તક સદાય નમેલું જ છે, ને હશે. માતા! તું ગમે તે ઇચ્છી શકે છે, ગમે તે બોલી શકે છે અને તારા આ આજ્ઞાંકિત પુત્રને તું ગમે તે ફરમાવી શકે છે. તારા કલ્યાણપ્રદ હાથનો આશીર્વાદ દઈ માતા! તું મને મારું જે કાંઈ કર્તવ્ય હોય તે જણાવી દે. માતા! તું સ્પષ્ટ કર, તારો શો મનોરથ છે!" હમણાં જ પુષ્કળ લક્ષ્મી ને માનમહત્તાને વરેલા વિદ્વાન મહાનુભાવ આર્યરક્ષિતે જાણે પોતાની સંસ્કારી વિનીતતાને માતાના ચરણકમલ નીચે પાથરી દીધી.

રુદ્રસોમાએ પુત્રની વિનીતતાના વાસા પર પોતાનું હાથ-હૈયું પંપાળ્યું. એની ઉદાસીનતાની ભૂમિમાંથી એના મનોરથતરૂનો અવંધ્ય ફણગો ફૂટતો એણે જોયો. એના અંતરમાં પરમ તોષજન્ય શાન્તિ પ્રગટી હતી, પણ હજી તે ગંભીર તો પૂર્વના જેવી જ હતી, કેમકે પોતે કરવા ધારેલા કર્તવ્ય-સૂચનની ગંભીરતાનો એને પૂરેપૂરો ખ્યાલ હતો. પણ પ્રૌઢાવસ્થાની લગભગ મધ્યમાં વર્તતી અતિ સ્થિર એવી એ વિચારવંતી ને વિવેકવંતી આર્ય નારી હતી. 'સિદ્ધાન્ત જેટલો સુંદર અને આદર્શ જેટલો ઉમદા, તેટલો જ તેનો ઉપદેશ જોખમી અને સાધના દુષ્કર'-એ રહસ્યને તે સમજતી હતી. લગભગ બાવીશ વર્ષની વયે પહોંચી ચૂકેલા પોતાના વિદ્વાન યુવાન પુત્રને આજ્ઞા કરવાનો પોતાનો અધિકાર કેટલો મર્યાદિત છે એ તેની બુદ્ધિની બહાર ન હતું. પગમાં પડેલી વિનીતતા સ્વયમેવ ફરમાન ઉઠાવે અને વિનીતતાનો લાભ લઈ યથેચ્છ ફરમાન કરવું, એ બે વચ્ચેનો ભેદ તે બરાબર સમજતી હતી. અંતર સ્પષ્ટ કરતાં પોતાને અને પોતાનાં વહાલાં સ્વજનને કેટલો

કેટલો મહાન ત્યાગ કરવાનું આવી પડશે તેથી એ સર્વથા સુજ્ઞાત હતી. વ્યવહારકુશલ એ રુદ્રસોમા સમજતી હતી કે, ' **प्राप्ते तु षोडशे वर्षे** ' પિતાને પણ પુત્ર પ્રતિ મિત્ર બનવાનું સુભાષિત છે. માતા તો સંતાનોને સદાય સોડમાં જ સંતાડી રાખે છે અને 'ભાઈ, બહેન'ના મીઠા સંબોધનથી તેમને સંસારના સમ વિષમ રાહ દર્શાવી કર્તવ્યની સૂચના કરે છે. અત્યારે આપણે રુદ્રસોમાને એક વાત્સલ્યભરી અને પરમહિતૈષિણી માતા તરીકે એવી જ રીતે સૂચન કરતી અને સલાહ આપતી અહીં જોઈ શકીશું.

" બેટા ! તારી કુલીનતા પિતૃઆજ્ઞાને ઉઠાવી કુલાચારને યોગ્ય વિદ્યાનું પરિશીલન કરે એમાં હસ્તપ્રક્ષેપ કરવાનો મને અધિકાર હોય જ નહિ. અને મેં એમાં કદિ હસ્તપ્રક્ષેપ કર્યો પણ નથી. પણ સિદ્ધાન્ત અને આદર્શની બાબતમાં મારું હૃદય જે તેને સત્ય લાગે તે પ્રમાણે વર્તતું હોય તો તેને હું અટકાવી શકું નહિ. એ હૃદયને તેના નિશ્ચિત સત્યનો આગ્રહ હોવો જ જોઈએ. મારા જીવનમાં એ સત્યના આગ્રહની આડે આવતું સર્વ કાંઈ સહન કરવાને હું સદા તૈયાર જ હતી, પણ સૌભાગ્યવશ એની આડે આજ સુધી કોઈ આવ્યું નથી. આ માટે તારા પિતાની અને તારા કુલની હું ઓછી ઉપકૃત નથી. ઓ ! મારા વિદ્વાન પુત્ર ! તારા પિતાની જેમ હું પણ વાગ્દેવતાની પ્રશંસક અને યથાશક્ય પૂજારણ છું. પણ એ વાગ્દેવતા હૃદયની દયાળુ અને અને સર્વરીતે સમન્વયશીલા હોવાની મારી માન્યતા છે. **'अहिंसा परमो धर्मः' 'मा हिंस्यात् सर्वभूतानि'** એ ઔત્સર્ગિક સુશ્રુતિના અનુચિત અપવાદના નામે વિશાળ વિભાગમાં પશુઓનાં બલિદાનથી વિનશ્વર સ્વલ્પ લાભો બતાવનારી વિદ્યાનો મહિમા કે ગૌરવ અનાર્ય ઉર જ કરી શકે. રાક્ષસીનું રૂપ ધરનારી વાગ્-દેવતાનો આદર કરવામાં મારું આર્ય હૃદય સંકુચિત બને. અને ભાઈ ! તારા બાહ્ય વૈભાવ ને માનમહત્તાને નિરખતા છતાંય મારું એ હૃદય અનુલ્લસિત કે ઉદાસીન રહે તો તે માટે હું નિરુપાય છું. જગતકારુણ્યના અને વિશ્વબંધુત્વના ભાવથી ઉછાળા મારતા તથા સર્વ દર્શનવાદની નદીઓને પોતાના વિશાળ પેટાળમાં યોગ્ય રીતે સમન્વય સાધતા એવા ' 'દૃષ્ટિવાદ'ના મહાસાગરને પાર કરી મારો પુત્ર આવ્યો હોત તો જરૂર હું, મારા જીવનની સવિશેષ સફળતા માની, હર્ષોલ્લાસથી સમાતી ન હોત. પણ એવાં સદ્‌ભાગ્ય ભવિતવ્યતાને આધીન હોય છે. છતાં તારું આ લોકનુ જ નહિ પણ ઉભય લોકનું હિત ચાહનારી હું-તારી માતા-પશુરક્તને રેલાવનારી અધૂરી વિદ્યાના કરતાં કોઈ વિશિષ્ટ દૃષ્ટિવાદની વિદ્યાથી તને અલંકૃત થયેલો જોવાની હોંશ રાખું તો તે સ્વાભાવિક છે. પુત્રને માટે પુણ્યાનુબંધી પુણ્યથી સ્વર્ગાપવર્ગની પ્રાપ્તિના મનોરથ સેવનારી માતા હિંસાદિ પાપથી થનારો તેનો અધઃપાત ન જ સાંખી શકે." પોતાના પુત્રને દૃષ્ટિવાદની વિદ્યાથી વિભૂષિત થયેલો જોવાના મનોરથ સેવતી રુદ્રસોમા કોઈ ગર્ભિત વિચારથી આટલું બોલી અટકી જાય છે. તેને પોતાનું હૃદય વધારે સ્પષ્ટ કરવાની જરૂર જણાતી નથી. પણ વણસ્પષ્ટકર્યુંય માતૃ-હૃદય આર્ય હૃદયો ઉકેલી શકે છે. આર્યરક્ષિત એ હૈયાને કેવી રીતે ઉકેલે છે તે જોઈએ.

" માતા ! પુત્રના કલ્યાણાર્થે કરાતો તારો ત્યાગ મહાન છે. આટલો લાંબા કાળનો વિરહ સહન કર્યા બાદ હજી દૃષ્ટિવાદની વિદ્યાથી અલંકૃત થયેલો મને જોવા એ વિરહને લંબાવવા તારું ધૈર્ય કામ કરી રહ્યું છે. આર્ય નારીઓ પિતાના, પતિના ને પુત્રના હિતકલ્યાણાર્થે શું

શું નથી સમજતી ! મારી પઠિત વિદ્યાઓથી તું ન સંતોષાતી હોય કે ન આનંદથી ઉભરાતી હોય તો એ વિદ્યાઓનો મારા માટે કાંઈ પણ અર્થ નથી. તું દૃષ્ટિવાદ શીખવાની વાત કરી રહી છે. એ વિદ્યાનું નામ આજ સુધી મેં કદી સાંભળ્યું નથી, પણ માતા ! તું બોલી જા કે, એ વિદ્યા હું ક્યાંથી મેળવી શકું ? એ વિદ્યા દેનારા પરમગુરુ કોણ છે ? " આર્ય રક્ષિતે માતાના મોંઘા વાત્સલ્યના મૂલ્ય મૂલવાની પ્રબળ આતુરતાથી કહ્યું અને પ્રત્યુત્તર મેળવવાની ઇચ્છાએ એ તેના સંતોષ ને પ્રસન્નતાને પામેલા પણ શ્રદ્ધાથી સુદૃઢ અને કર્તવ્યની દુષ્કરતાથી ગંભીર બનેલા એવા મુખ તરફ જોઈ રહ્યો. દૃષ્ટિવાદના વિદ્યાભ્યાસની પાછળ પોતાના વડીલ પુત્રનો, પોતાનો, પોતાના પતિનો અને આખાય કુટુમ્બનો ઉદ્ધાર તથા પરમ મહોદય સંભવિત છે એ વાતથી વિદુષી રુદ્રસોમા જ્ઞાત હતી કે અજ્ઞાત હતી એ નાજુક પ્રશ્નને અહીં સ્પર્શ કરવાની આવશ્યકતા નથી. પણ આર્યરક્ષિત તો એથી અજ્ઞાત જ હતો. દૃષ્ટિવાદની સાથે પરમ ત્યાગ સંકળાયેલો છે એ એને અત્યારે અંધારામાં જ રહેલું છે. અત્યારે તેનું કાર્ય એક જ હતું અને તે માતાના મનોરથની પૂર્તિ. એ કાર્ય કરતાં અન્ય કોઈ લાભાલાભ કે સુખદુઃખના પ્રશ્નનો વિચાર કરવાની પણ તેને અત્યારે આવશ્યકતા જણાતી નથી. '**मनस्वी कार्यार्थी न गणयति दुःखं वा न च सुखम्.**' રુદ્રસોમા પણ આ જ સુભાષિતને અમલમાં મૂકતી ઓવારણાં લેતી એ બોલી:—

" પુત્ર ! આજે હું ધન્ય છું. તારા જેવા પુત્રને પામી મારી કૂખ શરમાતી નથી. કેમકે મારા સૂચનને અનુસરવાનો અને મને સંતોષ કરવાનો તું મહાન મનોરથ સેવી રહ્યો છે. એ દૃષ્ટિવાદના અધ્યાપક લોકોત્તર મહાન ગુરુ શ્રી તોસલિપુત્રાચાર્ય આપણા જ ઇક્ષુવાટમાં આશ્રય મેળવીને રહેલા છે. હંસની જેમ તેમના ચરણકમલનો આશ્રય કરવાથી તેઓ તને દૃષ્ટિવાદ પઢાવશે." આમાનું અંતિમ વાક્ય બોલતાં બોલતાં એ પરમાર્હત મહાત્મના બ્રાહ્મણીની આંખમાંથી એક અશ્રુબિન્દુ સરી પડ્યું; એ અશ્રુ મનોરથપૂર્તિના હર્ષનું હશે કે ભાવી આવી પડનારા પુત્રવિરહના શોકનું હશે ? સાવચેતીથી કે બીન સાવચેતીથી સરી પડેલા એ અશ્રુબિન્દુને આર્યરક્ષિતે નિરખ્યું હશે કે નહિ એ આપણે જાણતા નથી કે એ જાણવાની જરૂર પણ નથી. પણ તેણે માતાના સૂચનનો સ્વીકાર આવી રીતે કર્યો:—

" માતા ! આવતી કાલે પ્રભાતે હું તારા મનોરથને અનુકૂલ પ્રવૃત્તિ આદરીશ. " આ શબ્દો ઉચ્ચારીને દૃઢપ્રતિજ્ઞ એ મહાનુભાવ એક વાર ફરીથી માના ચરણમાં મસ્તક નમાવી તેના મોંઘેરા આશીર્વાદ ઝીલતો ત્યાંથી ઊઠ્યો અને તેણે આવશ્યક કાર્યોને આટોપી લીધાં. તેની-આજની રાત્રિ દૃષ્ટિવાદ સંબંધી વિચાર કરતાં કરતાં જ સૂતી, આજની રાત્રિનાં એનાં સમણાં પણ દૃષ્ટિવાદનાં સુસમણાં જ હતાં.

રાત્રિ વ્યતીત થઈ; જાણે આર્યરક્ષિતના પુણ્યનો પ્હો ફાટી ઉજ્જ્વલ ભાવિનું પ્રભાત પ્રગટ્યું. સમયામ માતા રુદ્રસોમાને પૂછીને તે પૂર્વોક્ત ઇક્ષુવાટ તરફ જવા નીકળ્યો. એના પિતાના મિત્ર એને સામે મળ્યા. પિતૃસમ વત્સલ એ પિતૃમિત્રના હસ્તમાં શેલડીના નવ આખા સાંઠા અને એક સાંઠાનો ખંડ હતો. આર્યરક્ષિતને એ પ્રથમ પરમ શકુન હતું. પોતાને ભેટ કરવાને માટે લવાતા આ શુભ શકુનરૂપ શેલડીના સાંઠાઓના દર્શનથી એ વિદ્વાન મહાશયે નિશ્ચય કરી લીધો કે, હું દૃષ્ટિવાદના નવ અધ્યયન કે એવું જે કાંઈ નવ

વિભાગરૂપ હશે તે અને દશમાનું થોડુંક કાંઈક ભણી લઈશ. 'હું શરીર ચિન્તાને માટે જઈ રહ્યો છું' એવા કથનપૂર્વક એણે પિતૃમિત્રને સૂચના કરી કે, તમે આ શેલડીના સાંઠાઓ મારાં માતુશ્રીને સમર્પજો અને કહેજો કે તમારા પુત્રને મારું જ પ્રથમ દર્શન થયું હતું. આ પછી આર્યરક્ષિત ઇક્ષુવાટમા ચાલ્યો ગયો. અને તે પિતૃમિત્ર મહાબ્રાહ્મણે આર્યરક્ષિતને ત્યાં જઈ શેલડીના સાંઠા સમર્પવા પૂર્વક આર્યરક્ષિતની માતાને જણાવ્યું કે, તમારા પુત્રને અત્યારે બહાર નીકળતાં મારું જ પ્રથમ દર્શન થયું હતું. આ સાંભળતાં રુદ્રસોમાને ખાતરી થઈ કે, પોતાનો પુત્ર દષ્ટિવાદનાં નવ પૂર્વ અને દશમા પૂર્વનો કાંઈક ખંડ શીખી લેશે. આથી તેણીને પરમ આત્મસંતોષ અને આનંદાનુભવ થયો. પણ આ બધું એને અંતરમાં જ સમાવી કેવલ મૌનનો જ આશ્રય લેવાનો હતો. કેવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય છે એ તરફ સવિશેષ ધ્યાન આપતી તે પોતાના ઉચિત કાર્યમાં પ્રવૃત્ત થઈ ગઈ. આ પછી સોમદેવ પુરોહિતના ગૃહને આશ્રયી બનેલી બાબતોનો ખ્યાલ આપણને જૈન ઇતિહાસકારો કાંઈ પણ આપતા નથી. સંસારના અનુભવીઓને જ એ મોહનું વાતાવરણ ઉકેલવા દો. પણ એ વાતાવરણ ઉત્પન્ન થયા પહેલાંનો સ્વલ્પ સમય, ચાલો, આપણે તોસલીપુત્રાચાર્યના ઉપાશ્રયની પાસે જ પસાર કરીએ.

આર્યરક્ષિત ઇક્ષુવાટમા સ્થિત ઉપાશ્રયના દ્વારે ગયો અને એણે સ્થિર બુદ્ધિએ બહાર ઊભા જ વિચાર કર્યો કે, સર્વથા અજાણ્યો એવો હું આ આચાર્યના પ્રતિશ્રયમાં કેવી રીતે પ્રવેશી શકું ? એમના પ્રતિ આદરવા યોગ્ય એવા કોઈ પણ જાતના ઉચિતને હું જાણતો નથી. જાણીતા જને પણ વગર ઉચિતે રાજાઓની જેમ ગુરુઓની પાસે એકદમ સમીપમા જઈ શકાય નહિ તો પછી હું તો સર્વથા અજાણ્યો અને ઉચિતથી અવિદિત છું. મારી માતાએ મને શ્રમણોનો ઉપાસક બનીને દષ્ટિવાદ શીખવાનું કહ્યું છે. પણ એ શ્રમણોપાસકનું પ્રાથમિક ઉચિત જાણ્યા સિવાય હું કઈ રીતે શ્રમણોના સંસર્ગમાં આવી શકું ! માટે હું અહીં કંઈક સ્થિરતા કરું અને પ્રાભાતિક વંદનના માટે આવતા શ્રમણોપાસકોમાંથી કોઈની સાથે ઉપાશ્રયના અંદર પ્રવેશ કરું. બુદ્ધિપૂર્વકના વિવેકે આર્યરક્ષિતને અહીં દ્વાર આગળ જ અટકાવી રાખ્યો છે, અને ત્યાં રહ્યો છતો તે માલકોશાદિ રાગોથી સ્વાધ્યાય કરતા શ્રમણોના શમરસભર્યા સ્વરને શ્રવણોમા રેડતો હરણાની જેમ એકતાન બની ગયો છે.

આ સમયે ઢડ્ઢર નામનો શ્રમણોપાસક સાધુઓને વંદન કરવાને માટે ત્યા આવ્યો અને તેણે ત્રણ 'નિસ્સહી' કરી ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો. આ પછી 'ઇરિયાવહી' પ્રતિક્રમી તેણે વિધિપૂર્વક આચાર્યાદિ સર્વ સાધુઓને વન્દન કર્યું અને તે આસન પ્રમાર્જી આચાર્યની આગળ બેઠો. ઢડ્ઢરની પાછળ ઉપાશ્રયમા પ્રવેશેલા આર્યરક્ષિતે એ શ્રાવકનો આચરેલો સર્વ સમાચાર બરાબર અવધારી લીધો અને મહાબુદ્ધિશાળી એણે એ શ્રાવકની જેમ જ પાઠ ઉચ્ચારવા પૂર્વક અભિનય કરી આચાર્યાદિને વાંદ્યા. એણે ત્યા ઉપવિષ્ટ ઢડ્ઢર શ્રાવકને વંદન ન કર્યું, કેમકે એ આમ્નાયથી તે અપરિચિત હોઇ અજ્ઞાત હતો. આથી જ તોસલિપુત્રાચાર્યે જાણી લીધું કે—આ કોઈ નવીન શ્રાવક છે. એમણે ત્યા ઉપવિષ્ટ આર્યરક્ષિતને 'ધર્મલાભ' રૂપ આશીર્વાદ દઈ પૂછ્યું કે, "મહાનુભાવ ! તમને ધર્મની પ્રાપ્તિ ક્યાથી થઈ ?"

"આ શ્રમણોપાસકથી મને હમણાં સમાચરિત ધર્મની પ્રાપ્તિ થઈ છે, બીજા કોઈથી નહિ," આર્યરક્ષિતે યથાતથ્ય નિરૂપણ કર્યું.

તોસલિપુત્રાચાર્યે સમીપમાંના સાધુઓ તરફ નજર નાખતાં તેઓએ સ્પષ્ટ કહ્યું કે:—

"ભગવન્! રુદ્રસોમા શ્રાવિકાનો આ વેદવિદ્યાપારંગત વિદ્વાન પુત્ર છે. ચૌદ વિદ્યા સ્થાનના ઉપાધ્યાય એવા એમને રાજાએ હાથીની અંબાડીએ બેસાડી ઘણા જ આડંબર-પૂર્વક આ નગરમાં પ્રવેશ કરાવ્યો હતો. તેઓ પ્રથમ ગુણસ્થાનમા રહેલાઓના અગ્રેસર છે. આશ્ચર્યની વાત છે કે, શ્રાવકનો આચાર તેમનાથી સમાચરાય છે કેમ!"

"હાલમા હું નિશ્ચયથી શ્રાવક છું. જીવોને શું નવીન ભાવપરિણામ ન જાગે? પ્રભો! નિર્વિવેકી એવા મેં અત્યારસુધી હિંસાનાં ઉપદેશક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો, કે જેથી હું નરકાદિ દુર્ગતિનું ભાજન બનુ. ભગવન્! હવે મને આપ પ્રસાદ કરી દષ્ટિવાદનો અભ્યાસ કરાવો," આર્યરક્ષિતે પોતાની ભાવુકતાને યોગ્ય પ્રાર્થના કરી.

"મહાનુભાવ! જો તારી ઇચ્છા દષ્ટિવાદનો અભ્યાસ કરવાની હોય તો તું દીક્ષાનો અંગીકાર કર અને એટલે પછી તને ક્રમશઃ દષ્ટિવાદનો અભ્યાસ કરાવવામાં આવશે," શાન્ત અને યોગ્ય સમજીને આચાર્યે આર્યરક્ષિતને આવી રીતે માર્ગનિદર્શન કર્યું.

આર્યરક્ષિતને કોઈ પણ રીતે પોતાનું કાર્ય સિદ્ધ કરવું જ હતુ. એ જાણતો હતો કે, કોઇ પણ વિદ્યા તેના આમ્નાયગત વિધિ વગર યોગ્ય રીતે હસ્તગત થઈ સિદ્ધ—સફળ થતી નથી. માતાના અને હવે તો મારા પણ મનોરથ પૂરવા ખાતર મારે ચારિત્ર અંગીકાર કરવું જોઈએ એવી ભાવનાથી તેણે ઉતાવળ કરતાં કહ્યું:—

"તો આપ મને અત્યારે જ પ્રવ્રજ્યા આપી દો. મારા માટે સર્વ મનોરથ પૂરનારી એ દુષ્કર નથી. પણ મારા—બાલકના પર કૃપા કરીને આપે આ સ્થળને છોડી વિહારનું કષ્ટ ઉઠાવવુ પડશે, કેમકે રાજા અને નગરના લોકો મને અહીં દીક્ષિતાવસ્થામાં રહેલો જોઈ અત્યન્ત અનુરાગથી તેઓ મારી પ્રવ્રજ્યાને છોડાવી પણ દે."

શ્રીતોસલિપુત્રાચાર્યે વિચાર્યું કે—આર્યરક્ષિતનું કહેવું બરાબર છે. અજ્ઞાત દુનિયાનો ઉંધમાત શું ન કરે? મોહમાં પડેલાં સ્વજનો પણ ભાગ્યે જ દીક્ષિતના હિતનો વિચાર કરે છે. આ વિદ્વાન બ્રાહ્મણ કુલીન છે, વિનમ્ર છે, સંયમભારસહ અને શાસનપ્રધાન પુરુષ બનવાને યોગ્ય છે. એનું અપહરણ કરીને પણ શાસનની સેવા બજાવવાની આ એક મહાન તક છે. પુખ્ત વયનાંને તેનાં વડીલોની સમ્મતિ મેળવવાની તક આપવી જોઈએ; પણ એમાં એકાંત નથી. સંજોગો અને શાસનના મહાન લાભો વિચારવા જોઈએ. જેનું પરિણામ સુંદર છે એ કાર્ય કદી પણ અસુંદર હોઈ શકે જ નહિ. વિશ્વકલ્યાણના સવાલ આગળ બધી-ય વાતો નિરર્થક અને અવ્યવહારુ છે. આ ભવ્ય મહાનુભાવની અંતઃકરણ પ્રવૃત્તિને પ્રમાણ માની આદર આપવામા સર્વનું શ્રેય જ થશે." જ્ઞાનોપયોગ અને તેના સહચારી ઉપરોક્ત વિચારના અંતે શ્રીતોસલિપુત્રાચાર્ય દશપુર નગરની એ સુપ્રસિદ્ધ ઇક્ષુવાટિકાથી તરત જ વિહાર કરી ગયા. તેઓએ પોતાની સાથે આર્યરક્ષિતને પણ દેશાન્તર કરાવ્યું. ભગવાન શ્રી મહાવીરના શાસનમાં શિષ્ય બનાવવાની ખાતર આવી રીતે અપહરણ કરવાનો વ્યવહાર આ પહેલી વાર જ થયો. પ્રવ્રજ્યાના પંથે જવા ઇચ્છનાર, આજ્ઞા મેળવવા યોગ્ય જનોની આજ્ઞા મેળવવાનો પ્રયત્ન કરે, અને જૈનાચાર્ય જો તે પ્રવ્રજ્યાર્હ હોય તો તેને દીક્ષિત

કરે, પણ તેની નિષ્ફેટિકા–અપહરણ કરવાનું ઉત્સર્ગમાં ન હતું. તે આ વખતે મિથ્યાત્વ બહુલ અને જૈન પ્રવ્રજ્યા વિરોધી દ્રવ્યક્ષેત્રાદિના કારણે વ્યવહૃત થયું. મહાવીર નિર્વાણ સં. ૫૪૪ માં મતાન્તરે મ. નિ. ૫૭૧ માં આર્યરક્ષિતને દીક્ષિત કરવામાં આવ્યા.

દીક્ષિત થયા બાદ શ્રમણ શ્રીઆર્યરક્ષિતે પોતાના ગુરુ તોસિપુત્રાચાર્ય પાસે યોગતપોવિધાનાદિપૂર્વક અગિયાર અંગ વગેરેનો અભ્યાસ એક બારાખડીની માફક, અર્થાત્ અતિ શીઘ્રતાથી કરી લીધો. ગુરુમહારાજ પાસે દૃષ્ટિવાદનું પણ જેટલું જ્ઞાન હતુ તેટલું તેમણે મેળવી લીધું. આ પછી દૃષ્ટિવાદના વિશેષ અભ્યાસની ખાતર તેઓએ ગુરુવર્યની આજ્ઞા લઈ દશ પૂર્વધર શ્રીવજ્રસ્વામીજીની પાસે જવા વિહાર કર્યો. તેમણે ઉજ્જયિનીમાં યુગપ્રધાન શ્રી ભદ્રગુપ્તાચાર્યને અંતિમ નિર્યામણા કરાવી અને તે પછી શ્રી વજ્રર્ષિના પાસે જઈ પોતાને દૃષ્ટિવાદનો અભ્યાસ કરાવવા તેમને વીનવ્યા. શ્રીભદ્રગુપ્તાચાર્યની સૂચના મુજબ ભિન્ન ઉપાશ્રયમાં રહી અભ્યાસ કરાવવાનું શ્રીવજ્રસ્વામીજીએ સ્વીકાર કરતા શ્રીઆર્યરક્ષિતે તેમની પાસે સંપૂર્ણ નવ પૂર્વનુ અધ્યયન કરી અને દશમા પૂર્વના અભ્યાસની શરૂઆત કરી.

આ દશપુર નગરમા આર્યરક્ષિતની માતા રુદ્રસોમાના સ્થિતિ વર્ષોના પુત્રવિરહથી શોકઘેરી બની ગઈ હતી તેની આંખો પોતાના પુત્રનુ મુનિમહત્ત્વ, જ્ઞાનગૌરવ અને આધ્યાત્મિક ઉન્નતિ નિરખવા તલસી રહી હતી. પોતાના પુત્રરૂપ સૂર્યનો પ્રકાશ પોતાના અને પોતાના પતિ ઉપર જ નહિ પણ પોતાના પિયર અને શ્વશુર કુલના સર્વ સ્વજનો ઉપર પણ પથરાયેલો જોવા તે સતત ભાવના ભાવી રહી હતી. રત્નગર્ભા એ માતાએ પતિ સોમદેવની સંમતિ મેળવી પોતાના દ્વિતીય પુત્ર ફલ્ગુરક્ષિતને શ્રી આર્યરક્ષિતજીના પાસે મોકલ્યો. એણીએ મીઠો અને અનુકૂલ પણ ઉપાલંભભર્યો સંદેશો કહાવ્યો કેઃ—

"ઓ મારા કુલદીપક પુત્ર! અમે ઘણાય સદેશા કહાવ્યા છતાં તુ ગયો તે ફરી આવ્યો જ નહિ. શુ અમોને સર્વથા વિસરી ગયો? તે મોહને મૂકી દીધો, પણ તેની સાથે અમારી વત્સલતા બુદ્ધિને પણ શું અવગણી? અપૂર્વ વૈરાગ્યવતા છતા પણ શ્રીવર્ધમાને અભિગ્રહ કરીને ભક્તિપૂર્વક માતા પર કરુણ્ય દાખવ્યું હતું. સ્નેહબુદ્ધિ ન હોય તો પણ મારા પર ઉપકાર કરવાની ખાતર તું જલદી આવી જા. તું જે માર્ગે ગયો છે તે માર્ગે હું પણ મારા પગલાં માંડીશ. મારી પાછળ તારા પિતા, ભાઈ, બહેન, બનેવી વગેરે ઘણુંય સ્વજનો તારા જ પથે પળશે. જરૂર એક વાર તું આવી જા અને અમને કૃતાર્થ કર."

ફલ્ગુરક્ષિતે શ્રી આર્યરક્ષિતજીની પાસે પહોંચી માતાએ કહાવેલા સર્વ સંદેશા તેમને સંભળાવ્યો અને પોતાના તરફથી પણ કહ્યું કેઃ—

"વડીલ ભાઈ! કુટુમ્બને જોવા ઉત્કંઠા જ ન થાય એટલા બધા કઠિન હૈયાના તમે કેમ બની શક્યા? શોકના કાદવમાં ખૂચી ગયેલા બાંધવોનો ઉદ્ધાર કરવો એ અત્યારે તમારા માટે યુક્ત છે. વળી તમે જાણો છો કે, હું કોઈ પણ રીતે તમારો વિયોગ સહન કરી શકું તેમ નથી. આજ આવે કાલ આવે એવી આશાએ ને આશાએ દિનદિન ગણતાં

આમાંયે દુઃખનાં વર્ષો કેવાં વીત્યાં હશે એની કલ્પના તો કરો." **માતૃદેવો ભવ, પિતૃદેવો ભવ** " એવાં સૂત્રો શું સાવ વિસારે જ મેલ્યાં ? ઓ ભાઈ! તમારા વિશ્વબંધુત્વમાં શું અમને સ્થાન નથી? તમને વિશેષજ્ઞને હું વિશેષ શું જણાવું ? સૌ કોઈ તમારી દોરવણી માગી રહ્યાં છે. માટે દશપુર ચાલો અને સંબંધીઓને પ્રતિબોધિત-પ્રવ્રજિત કરો."

માતાના સંદેશાથી અને સંદેશો લઈ આવેલા ફલ્ગુરક્ષિત લઘુ ભ્રાતાનાં વચનોથી આર્યરક્ષિત મુનિજીને દશપુર જવાની મનોવૃત્તિ થઈ. તેમણે શ્રી વજ્રસ્વામીજીની પાસે આ વિષેની આજ્ઞા માગી, ત્યાં જવાનો પોતાનો ખાસ અભિપ્રાય અને આગ્રહ પણ જણાવ્યો. પરન્તુ દશમા પૂર્વનું જ્ઞાન સંપૂર્ણતયા આપવાની ખાતર તેઓ શ્રી આર્યરક્ષિતજીને સુમધુર વચનોથી રોકતા જ રહ્યા. જ્ઞાનની લાલચે અને જ્ઞાનદાતાના આગ્રહે તેઓ ખસી ન શકતાં ફલ્ગુરક્ષિતને કહે છે કેઃ—મહાનુભાવ! કુટુમ્બમા સૌ કોઈ દીક્ષા લેવાની ઇચ્છા રાખે છે, અને તું મને છોડીને જવાની ના પાડે છે. જો તું મારા સિવાય રહી ન શકતો હોય તો પછી શા માટે દીક્ષા અંગીકાર ન કરે ? તું જ પહેલાં સર્વસત્ત્વ હિતકારી એવું ચારિત્ર અંગીકાર કર."

આર્યરક્ષિતજીનાં આ વચનો સાંભળી ફલ્ગુરક્ષિતે દીક્ષા લેવાની 'હા' ભણી એટલે તરત જ તેને પ્રવ્રજિત કરવામાં આવ્યો. ધન્ય છે એમની સાચી ને કલ્યાણકારિણી બાંધવતા ! આ પછી પણ ફલ્ગુરક્ષિતની પ્રેરણા ચાલુ જ હતી. 'કૌટુમ્બિક ઉદ્ધારને માટે દશપુર તરફ ચાલો ' એ તેનો શબ્દો વખતોવખત શ્રી આર્યરક્ષિતજીના કાને અથડાતા જ રહેતા. દશમા પૂર્વનો અભ્યાસ સાગર સમો વિસ્તૃત છે. તેમાંથી હજુ બિન્દુમાત્રનું જ પાન કરાવ્યું છે. એક તરફ દુષ્પ્રતિકાર માતાપિતાનાં આહ્વાન છે. બીજી તરફ મહાન ગુરુની જ્ઞાનાભ્યાસના માટે લોકોત્તર વાત્સલ્યભરી આજ્ઞા છે. કિંકર્તવ્યતાના સંકટ વચ્ચે તેણે જ્ઞાનાભ્યાસ ચાલુ જ રાખ્યો, પણ એ ભાગી ગયેલા ઉત્સાહની ભક્તિ તેમની દશપુર જવાની વારંવારની પૃચ્છાના કારણે વધુ વખત ટકી શકે એમ ન લાગતાં શ્રી વજ્રસ્વામીએ ઉપયોગ દીધો; શ્રુતહાનિના સમયને નિરખ્યો. એમણે આર્યરક્ષિતના જ્ઞાનભ્યાસના માટે વધુ આગ્રહ કરવો છોડી દીધો. આર્યરક્ષિત પણ પોતાની સ્થિતિનો વિચાર કરતાં એ કાળબળને સમજપૂર્વક આધીન થયા અને આજ્ઞા મેળવી ફલ્ગુરક્ષિત ભ્રાતામુનિની સાથે પોતાના દીક્ષાગુરુ તોસલિપુત્રાચાર્ય પાસે પાટલીપુત્ર ગયા. ગુરુએ તેમને ગણાધીશ આચાર્ય બનાવ્યા. આ પછી ગુરુ સ્વર્ગસ્થ થયા અને શ્રી આર્યરક્ષિતચાર્યે દશપુર તરફ વિહાર લંબાવ્યો.

શ્રી આર્યરક્ષિતાચાર્ય મુનિ ફલ્ગુરક્ષિતની સાથે દશપુરની ઇક્ષુવાટિકાના ઉપાશ્રયે પધાર્યા છે એ સમાચારથી આજે દશપુરમાં આનંદોત્સાહનું મોજું ફરી વળ્યું છે. મહા આડંબર ભર્યા સામૈયાથી દશપુરનો રાજા, દશપુરની સર્વ જનતા, એ શ્રમણોનાં સર્વ સ્વજન સંબંધીઓ વગેરે શ્રી આર્યરક્ષિનાદિને વંદન કરવા જાય છે. રુદ્રસોમા! આજે તારે સોનાનો સૂરજ સમુદિત થયો છે. તારી ભાવનાનો કલ્પતરું આજે સંપૂર્ણ મહોરીને ફળ્યો છે. તેના રસાસ્વાદનું પાન કરવાને તું ઉતાવળી ઉતાવળી પુણ્યપગલાં માંડતી પુત્રના દર્શનનાં પાન કરવા દષ્ટિને દોડાવી રહી છે. સ્વભાવથી સરલ પુત્રવત્સલ પિતા સોમદેવ! તું પણ તારું

સર્વસ્વ પુત્રોમાં જ માને છે અને સૌમ્ય-અતિસૌમ્ય વિવેકિની ગૃહદેવતા ગૃહિણીની સાથે એ સલુણા સામૈયામાં એક અગ્રેસર બની આગળ ધપે છે.

રુદ્રસોમાની વાટિકા એક મહાતીર્થ બની ગઈ, રાજા વગેરેએ એ મહાતીર્થના અત્યારના અધિષ્ઠાતા શ્રી આર્યરક્ષિતાચાર્યને વંદન કર્યું—સ્તવન કર્યા, યથાયોગ્ય સૌ કોઈએ તેમનાં પૂજન પણ કર્યાં. રુદ્રસોમા અને સોમદેવના અંતરની લાગણીઓ અમાપ હોઈ અવિવેચનીય હતી. સર્વે સ્વજનોનો આદર અનિર્વચનીય હતો.

પર્ષદાએ યથાયોગ્ય સ્થાન લીધા બાદ શ્રી આર્યરક્ષિતાચાર્યે ધર્મોપદેશ શરૂ કર્યો. ભગવાન શ્રી મહાવીરનાં મહામૂલાં વચનોનો તેમાં પ્રતિધ્વનિ હતો. સંસારના અનાદિ મોહના છેદનના તેમાં સચોટ અને સુસ્પષ્ટ સુસ્વરો હતા. પ્રવૃત્તિનિવૃત્તિનાં અવિવેક મિશ્રિત મૂળિયાંનું એમાં સમુન્મૂલન હતુ. એ ધર્મોપદેશ વેદવાદનો સદર્થપૂર્વક સમન્વય સાધી આર્હતી દૃષ્ટિવાદનાં પૂરકોથી તેની અધૂરાશનાં છિદ્રોને આચ્છાદતી હતી. ભિન્ન ભિન્ન નયગ્રાહી વિરોધાભાસોને સમજાવી પટાવી માલકોશાદિ રાગથી રંગાયેલી એ દેશના વિચાર, વાણી અને વર્તનની વ્યવસ્થિત સંકલિત દશાનુ સૂચન કરી તેનો ઉત્તરોત્તર ક્રમ દર્શાવતી હતી. વિનશ્વર સાંસારિક સંબંધોના કરતાં અવિનશ્વર આત્મસત્તાની એકતાનું મહત્ત્વ પરમાધિક હોવાનું એ ફરી ફરી સૂચન કરતી હતી. એ ધર્મોપદેશના અક્ષરે અક્ષરે આધ્યાત્મિક ભાવનાના ભાવ લખાયા હતા.

શ્રી આર્યરક્ષિતાચાર્યની આવી આવી નિવૃત્તિના મહાધ્યેય તરફ લઈ જતી દેશનાને શ્રવણ કરી દશપુરનો રાજા સમ્યક્ તત્ત્વનો જ્ઞાતા અને શ્રદ્ધાળુ બન્યો. સોમદેવનાં સ્વજનોમાં વિરક્ત ભાવનાનુ વાતાવરણ ફરી વળ્યું. પુત્રોને ગૃહસ્થાશ્રમમાં નિયોજી વાનપ્રસ્થની સ્થિતિમાં પ્રવેશવાની ઇચ્છાવાળા સોમદેવ રુદ્રસોમાની સંસારની જાળથી છૂટી થઈ પ્રવ્રજ્યા સ્વીકારની વૃત્તિને નિરખતાં તે તેની દીક્ષામાં સમ્મત થયો. પુત્રી, જનમાતા, અન્ય સંખ્યાબંધ સ્વજનો તથા નાગરિકો, ભ્રાતા ગોષ્ઠામાહિલ અને પોતાના પતિદેવ સોમદેવ વગેરે સમૂહની સાથે મહાભાગ્યશાળી રુદ્રસોમાએ શ્રી આર્યરક્ષિતાચાર્યની પાસે જૈની દીક્ષા અંગીકાર કરી. જૈનદર્શનના સર્વોપરી પદને પામેલા એક સુપુત્રે પોતાની માતાના મોંઘા લોકોત્તર વાત્સલ્યનાં મોઘાં લોકોત્તર મૂલ્ય મૂલવી પોતાનુ દુષ્પ્રતિકાર ઋણવિમોચન કર્યું. ધન્ય એ માતાને! ધન્ય એ પુત્રને! હજારો વાર નમસ્કાર હો એ બન્નેના પરમ પવિત્ર પાદારવિન્દોમાં!

[ટાઈટલના બીજા પાનાથી ચાલુ]

અનર્થદંડથી ઘણું ઓસરવુ, ક્રોધ માન માયા લોભનું કારણ મિલે ઇચ્છરોધા કરવો તે અભ્યંતર તપ છે. અપ્રસસ્થ જોગથી પ્રણામ સારા કરીને ઓસરવું તે અભ્યંતર તપ છે બાકી અર્થ અનેક ઘણા છે તે સર્વે કાગલ મધ્યે લિખ્યામે કેતલા આવે ? ભાઇજી, તમે, સા ઝવેર કુસલાણી તથા ગ્રહુ હમણે ટોલાવાલા જિનશાસનના રાગી થયા છો, તે સર્વેને એક વાર શ્રીસૂરત આવીને મલીએ એહવો મનોરથ થય છે પાંખ તથા લબધ હોય તો આવીઈ, તે તો હવે ગરદ-પણ અવસ્થા થઇ છેં, તિણે કરો અવરાય નહી મિલવાનો મનોરથ તો ઘણો રહે છે અમો જાણુતા હતા જે સંઘવી તારાચંદ ફતેચંદના સંઘ મધ્યે શ્રી સિદ્ધાચલક્ષેત્રે ભેલા થાસૂ, તે પિણ અંતરાય જોગે તમારૂ મિલવાનું કારણ બનૂ નથી હવે તો ભાઈજી, તમો દેવયાત્રા કરવાને શ્રી રાજનગર અવરાય તો મિલવો થાય. અમારૂ મન પિણ શ્રી સૂરેત તિમને મિલવાનો મન ઘણો રહે છે પિણ સ્યે અવરાય ?

સજન ફલજો ફલજો, વડ જિમ વસ્તર જોહ; માસાં વરસાં જો મિલ્યાં, રંગને હવે રહેજ્યોહ.
ઉદાસીનતા સરલતા, સમતા રસ ફલ ચાખ; પર કોથલીમાં મતી પડે, નિજગુણ નિજમાં રાખ.
ઠયહાઅગ્ર આપથી ઉપજે, ત્રણી આપ જ લાય; આપે આપ વિચારતા, આપ હી બુઝ જાય.
કંચન તજવા સયલ હે, ઔ પરનારીકા નેહ; પર નિંદા ને ઇરિખા, દુરલભ તજવો તેહ.
ગુરુ દીવો ગુરૂ દેવતા, ગુરુ વિન ઘોર અંધાર. જે પ્રાણી ભવજલ પડયાં, કિમ ઉતરસે પાર
પંડિત સરસી ગોઠડી, મુઝ મન ખરી સોહાય, આલજે બોલાવતા, માણુકા આપી જાય.
બલીહારી પંડીત તણી, જસ મુખ અમીય ઝરંત; તાસ વચન શ્રવણે સુણત, મન રતી અતી કરંત.
એક અક્ષર વકંડા, જો ગુરૂ તો સાદેય, અધારે અજુયાલહ, ફિરી ફીરી જોતી કરેય.
ચૂકે નહીં ચતૂર નર સાધે આતમ કાજ, ભવ સાયર તરવા ભણી, એસે ધરમ જિહાજ,
આતમસાર વિલોકણુ કરે, પુદગલને તે નવિ ચિત્ત ધરે, ઇણ વિધે સાધે સુધાત્મા, તે જીવ
હુવે પરમાત્મા.
આતમદ્રષ્ટે જે જિન જોવે જગલમા પિણ મંગલ હોવે; પુદગલદ્રષ્ટે જે જગધંધા, ડામા-
ડોલ કરે જયું અંધા.
મન મંજુસ ગુણ રતન હે ચપકર દીની તાલ, ગ્રાહક હોય તવ ખોલીએ, કુંચી વચન રસાલ.

બીજું સા શ્રી ભાઇદાસ, સા મોતીલાલ તથા જિનમાર્ગના રાગી જીવ હોય તે સર્વેને અમારા પ્રણામ કહેજો, તથા કહેજો જે જિનાગમ જિનથાપના પરમ આધાર છે. તેહની શ્રદ્ધા વિશેષ રાખજ્યો. સા પાનાચંદ વજાને કહેજો જે અમો શ્રી સૂરેત થકી અમદાવાદ આવ્યા તાર પછી તમારો કાગળ કોઇ આવ્યો નથી. તે કાગલ લિખ્યાનો આલસ કરો મા. અમો કાગલ તમને વિશેષે પહિલા લિખ્યા છે. ધર્મ સ્નેહ વીસરસો મા, અને દેવાધિદેવની યાત્રા કરતાં અમોને સંભારજો, અમો પિણ અવસરે સંભારીયે છે. શેઠ ભાઈદાસ નેમીદાસને પ્રણામ વંચાવજો શેઠ ગોડીદાસનો ક્ષયોપશમ કોઇ રીતે ઘણો સારો થયો છે. સં ॥ ૧૮૨૭ ના કારતી સુદ ૭ વાર સુક્રે પં. સાધુજીને અમારી વંદના કહેજો. તથા કહેજો જે ક્ષયોપસમ કર્યો છે તે દિન દિન વિશેષ કરજો, મુકાને અમારા પ્રણામ કહેજો, અમને સંભારે તેને અમારા ધર્મસનેહ કહેજો. અમ સરખો કા૰ જે જોઇયે તે વલતા કાગલ સં૰ કાગલ લિખ્યાનો આલસ કરસ્યાં મા

મુદ્રક:—મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય—અમદાવાદ. પ્રકાશક:—ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ—અમદાવાદ.



વર્ષ ૧૧ : અંક ૭] અમદાવાદ : ૧૫-૪-૪૬ [ક્રમાંક ૧૨૭

વિ ષ ય - દ ર્શ ન

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : છૂટક ચાલુ અંક-ત્રણ આના

તેરમી સદીની શિલ્પકળાનો નમૂનો અને

ગૂર્જરમંત્રી વસ્તુપાળ-તેજપાળ

લેખક:— શ્રીયુત વૈદ્ય ચીમનલાલ લલ્લુભાઈ ઝવેરી

જે શિલ્પકળાના નમૂનાનું આજ અમે અહીં પ્રકાશન કરીએ છીએ તે એક સુંદર કળાના નમૂના રૂપ હોવા છતાં ઉપાસકો તેને ભગવાન પાર્શ્વનાથની મૂર્તિ તરીકે પિછાને છે. આ ગર્ભાગારના દક્ષિણ ખૂણામાં બેસાડેલી નાની કરખા ભવ્ય મૂર્તિની સુંદરતા અને ગર્ભિત હેતુ તરફ આજ સુધીમાં કોઈનું ધ્યાન ખેંચાયું નથી એ પરમ શોચનીય છે. આ મૂર્તિ દોઢ ફુટ લાંબા એક ફુટ પહોળા અને પોણો ફુટ જાડા શ્વેત આરસમાંથી કોતરીને તૈયાર કરેલી છે પાબાજુમાં એક ઈંચની પટ્ટી મૂકી તેના ઉપર ત્રણ કમળો ઉપસાવેલાં છે, જેમાંનું મધ્ય કમળ સહસ્ર પાંખડીનું છે. એ કમલ ઉપર પદ્માસને પ્રભુની મૂર્તિ છે. જ્યારે બન્ને બાજુ ખડ્ગધારીહસ્તદ્વયવાળી મનુષ્યાકૃતિઓ છે. ભગવાન અને આ બન્ને નરો ઉપર સુંદર છત્રો ગોતરી મધ્યમાંથી આસોપાલવનાં ત્રણ ત્રણ પાંદડાંઓ કોતરેલાં છે.

ઉપર વર્ણવેલા આદર્શવાળી મૂર્તિ ક્યા ભગવાનની હોવી જોઈએ તેના નિશ્ચય માટે લાંછન વગેરેનું ચિહ્ન જોવામાં આવતું નથી, પરન્તુ ઘણું કરીને તો આ મૂર્તિ ભગવાન ઋષભદેવની હોવા સંભવ છે. કેમ કે આવો જ બીજો નમૂનો શત્રુંજય તીર્થમાં રાયણપાદુકા પાસેના વસ્તુપાળ સ્વર્ગારોહ ચૈત્ય વિના બીજે કોઈ ઠેકાણે જોવામાં આવતો નથી. આ બન્નેમાં ફેર માત્ર ભગવાનનાં આસનોનો છે. શત્રુંજય ઉપરની મૂર્તિ ખડ્ગાસનસ્થ છે જ્યારે આ મૂર્તિ પદ્માસનસ્થ છે. તેથી ચોક્કસ અનુમાન થાય છે કે આ મૂર્તિના વિધાતા પણ મંત્રી વસ્તુપાળ-તેજપાળ હોવા જોઈએ. શત્રુંજય ઉપરની મૂર્તિની આગુબાજુના સેવક પુરુષો નમિ વિનમિ હોવાની માન્યતા લાંબા વખતથી ચાલે છે તેથી આ મૂર્તિમાં પણ એવું જ અનુમાન બાંધતાં વિલંબ થાય તેવું નથી. પરન્તુ મારું માનવું એવું છે કે આ બન્ને મૂર્તિઓમાં જે પુરુષોની આકૃતિઓ ઉપજાવવામાં આવી છે તે મહામંત્રી વસ્તુપાળ-તેજપાલની કેમ ન હોય! ધન્ય છે આવા શિલ્પ સ્થાપત્યના સર્જકોને, કે જેઓએ આવું ભવ્ય સ્થાપત્ય સર્જાવ્યું.

શેઠશ્રી પ્રતાપસિંહ મોહોલાલભાઈના અવસાન અંગેનો સમિતિની વ્યવસ્થાપક કમિટિનો ઠરાવ.

"શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિની વ્યવસ્થાપક કમિટિના એક સભ્ય રા. રા. શેઠ શ્રી પ્રતાપસિંહ મોહોલાલભાઈના તા. ૨૮-૩-૪૧ ના રોજ થયેલ અત્યંત શોકજનક અને દુઃખદ અવસાન અંગે આ સમિતિ ઊંડા શોકની અને હાર્દિક દિલગીરીની લાગણી અનુભવે છે. સ્વર્ગસ્થ શેઠશ્રીએ જે કુનેહ, ધર્મપ્રેમ અને ઉત્સાહપૂર્વક નિઃસ્વાર્થપણે બાર વર્ષ સુધી સમિતિની વ્યવસ્થાનું કામ સંભાળ્યું છે તેને માટે સમિતિ પોતાના હાર્દિક આભારની લાગણી વ્યક્ત કરે છે. શેઠ શ્રી પ્રતાપસિંહભાઈના અવસાનથી ગૂજરાતભરમાં વિખ્યાત એમના કુટુંબને જ નહીં પણ જૈન સમાજને પણ એક બુદ્ધિશાળી, ધર્મની ધગશવાળા અને દુરંદેશી દૃષ્ટિવાળા આગેવાન સદ્‌ગૃહસ્થની મોટી ખોટ આવી પડી છે. સ્વર્ગસ્થ શેઠશ્રીના કુટુંબીજનો ઉપર જે અણધાર્યું અને આકરું સંકટ આવી પડ્યું છે તેમાં સમિતિ પોતાની સંપૂર્ણ સમવેદના અને સહાનુભૂતિ વ્યક્ત કરવા સાથે તેમના આત્માને શાંતિ ઇચ્છે છે."

॥ अर्हम् ॥

अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित

श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

जेशींगभाईकी वाडी : घीकांटारोड : अमदावाद (गुजरात)

वर्ष ११	વિક્રમ સં. ૨૦૦૨ : વીરનિ. સં. ૨૪૭૨ : ઈ. સ. ૧૯૪૬	क्रमांक
अंक ७.	ચૈત્ર શુદિ ૧૪ : સોમવાર : ૧૫ મી એપ્રીલ	१२७

મુનિરાજ શ્રી અમૃતવિજયજી વિરચિત

ત્રેસઠ શલાકા પુરુષ આયુષ્યાદિ

બત્રીસ સ્થાનક વિચારગર્ભિત સ્તવન

સંપાદક—પૂજ્ય મુનિમહારાજ શ્રી રમણિકવિજયજી

અમે પાટણથી વિહાર કરી રણુંજ આવ્યા. ત્યાં ઉપાશ્રયમાં લખેલાં છૂટાં પાનાંનું એક પોટકું હતું, તેમાંથી કેટલાંક સ્તવનાદિનાં છૂટાં પાનાં મળી આવ્યાં છે. તેમાં એક પાનું "ત્રેસઠ શલાકા પુરુષ—આયુષ્યાદિ બત્રીસ સ્થાનક વિચારગર્ભિત સ્તવન" મલી આવ્યું છે. તેના કર્તા શ્રી અમૃતવિજયજી મહારાજ છે, અને ખુદ કર્તાએ સ્વહસ્તે લખેલ છે. આ સ્તવન સં. ૧૮૩૦ માં રચેલું છે, અને એ પાનાની નીચે "સંવત ૧૮૩૦ ચૈતર સુદ ૩" એટલો ઉલ્લેખ પણ છે.

આજ જાતનાં બીજાં બે સ્તવનો જુદા જુદા કર્તાનાં મને પાછળથી મલી આવ્યાં છે; જેમાંના એકના કર્તા શ્રી દયાકુશલજી છે. એની ઢાલ ૬ ને ગાથા ૬૦ છે. રચનાસંવત ૧૬૮૨ છે. બીજા સ્તવનના કર્તા શ્રી આણંદવર્ધનજી છે, અને તે સળંગ ૧૫ ગાથામાં છે. એનો રચનાકાલ પણ ૧૭મી સદીનો જ છે. કારણ કે આ પાનું પં. રવિવર્ધન કે જે એક મહાન કલાધર લેખક છે, તેમના હાથે લખાયેલું છે અને એ સત્તરમી સદીમાં વિદ્યમાન હતા.

આ સ્તવનમાં પ્રવચનસારોદ્ધાર ને રત્નસંચય ગ્રન્થની સાક્ષી આપે છે. પ્રવચનસારોદ્ધારમાં આ વિષય દ્વાર ૩૬ ગાથા ૪૦૬ થી ૪૨૯ સુધીમાં છે. તેમ જ આવશ્યકસૂત્રમાં પણ આ વિષય આવે છે. વિશેષ જાણવા ઇચ્છનારે આવશ્યકસૂત્ર આદિ ગ્રન્થો જોવા.

આ સ્તવન કરતાં બીજાં બે સ્તવનો કે જેનો ઉલ્લેખ મેં ઉપર કર્યો છે, તે પ્રાચીન હોવા છતાં મારી પાસે આ સ્તવન પહેલું આવેલું હોઈ એને સૌ પહેલાં પ્રસિદ્ધ કરવામાં આવે છે, અને બીજાં બે જે પ્રાચીન છે તેમને આ પછી પ્રસિદ્ધ કરવામાં આવશે.

—સંપાદક.

દુહા—શાસનનાયક વીરજી, પદપંકજ પ્રણમેવી;
ત્રેસઠ સિલાકા પુરુષને, કહું સંબંધ સંખેવ ॥ ૧ ॥
જિન ચક્રી હરિ બલ વલી, પ્રતિહરિ અનુક્રમ એહનો;
વીસ ને વલી ચઉ બાર નવ, નવ નવ જહ સંખે ગેહ ॥ ૨ ॥
એ ત્રેસઠ અધિકારિયા, મોક્ષનગરના જાણ;
બત્રીસ ઘરમાંહિ હુઆ, પંક્તિ પંચ પ્રમાણ ॥ ૩ ॥
તેત્રીસ રેખા ઊર્ધ્વ કરી, તિમ ખટ ત્રીછી તાંણી;
ઇમ બત્રીસ ઘર સ્થાપના, કરીઈ ચતુર સુજાણ ॥ ૪ ॥
પ્રથમ પંક્તિ જિનની, અપર ચક્રી હરિ તનુમાન;
પાંચમી આયુની કહી, સુણીઈ થઈ સાવધાન ॥ ૫ ॥

ઢાલ ૧—(ભોલીડા રે હંસા રે વિષય ન રાચીઈ—એ દેશી)
પહેલી પંક્તિ રે બત્રીસ જેહની, ત્રીજી માંહિ રે તેહ;
જે જે ઘરમાં રે જિનની થાપના, તે તે લહીયે રે ગેહ
પહેલી પંક્તિ રે ઇણી પરિ જાણીઈ ॥ ૧ ॥
રૂષભાદિ દેઈ ધર્મ જિણંદ લગિ, થાપીજે ઘરમાંહિ;
વલી બે શાનિક છોડી ત્રણમાં, શાંતિ કુંથુ અર જાહિં. પહેલી. ॥ ૨ ॥
વલી પરિહરીયે રે ત્રિણ કોઠા પ્રતિ, અનુક્રમે તિમહિ જ હોય;
તેહમાં મલ્લિ સુવ્રત જિન થાપીયે, એક પદમાં નહિ કોય. પહેલી. ॥ ૩ ॥
આગલી બે ઘરમાં નમિ નેમજી, ઠવિયે દુગ પરિહાર;
પાસજીણંદજી રે વીર જગતપતી, જુગલ સદનમાં રે સાર. પહેલી. ॥ ૪ ॥
ચોવીસ જિનની રે ઇણીપરે થાપના જંત્રમાંહિ જયકાર;
થાપી અમૃત કહે એ વિવેકથી, કરવા ભવિ ઉપગાર. પહેલી. ॥ ૫ ॥

ઢાલ ૨—(જીરે જી સામી સદ્યા—એ દેશી)
ચક્કવરતની થાપના, બીજી પંક્તિ માંહિ;
ભરત સગર ચક્રી ઠવે, દોય ઘરમાં ઉછાંહિં. સમજો સુગુણા એ વાતને. ॥ ૧ ॥
તદનંતર ગૃહ તેરમાં, તહાં વલી પણ ધામ;
મઘવા સનતકુમારથી, શાંતિ કુંથુ અરનામ. સમજો૦ ॥ ૨ ॥
ષા (ખા) લી એક આગલિ ઠવો, ચક્રિ સુભૂમ નિકેત;
વલી વસતિ નહિ દોયમાં, પદ્મ ચક્રિ એક ચેત. સમજો૦ ॥ ૩ ॥
એક પદ મુકિ આગલિ, થાપીજે દોય ઠામ;
ચક્કવરત હરિષેણજી, જય ચક્રિ નામ. સમજો૦ ॥ ૪ ॥
એક તજો વલી એકમાં, ચક્રિ બ્રહ્મદત્ત;
દુગ હરિયે એ વિવેકથી, કહે અમૃત લહો તત્ત. સમજો૦ ॥ ૫ ॥

ઢાલ ૩—(મોતીડાની દેશી)
હવે ત્રીજી પંક્તિમાં વિચાર, હરિ બલ પ્રતિહરિનો અધિકાર;
દશ ઘર મુંકીને પદ પંચ, તેહમાં કેશવ પ્રમુખનો સંચ.
મોહના મનરંગી પ્યારા સમજો સુવિચારા. ॥ ૧ ॥
ત્રિપિષ્ટ અચલાશ્વ ગ્રીવ એ જાણો, દ્વિપિષ્ટ વિજય તારક ચિત આણો;
સ્વયંભૂ ને ભદ્ર મેરક ત્રણ કહીયે, પુરુષોત્તમ સુપ્રભ મધુ લહીયે. મોહના. ॥ ૨ ॥

સિંહ સુદર્શન નિશુંભ ધચાધ, ઠવણા પંચ ઘરમાં ઠાઈ;
પાંચ શુન્ય ઘર એકમાં હોય, પુંડરીક આનંદ બલિ પ્રતિ જોય. મોહના. ॥ ૩ ॥
વલી એક શુન્યને એકમાં રાખો, દત્તને નંદન પ્રહ્લાદ દાખો;
બે ઘરને તજી એકમાં ઠાય, લખમણુ રામ ને રાવણુ રાય. મોહના. ॥ ૪ ॥
શુન્ય હોય પદ એકમાં નિવેશ, કૃષ્ણુ બલિભદ્ર ને મગધેશ;
અનુક્રમે ત્રણુ પદ જે રહ્યાં બાકી, પૂરણુ ઠવિયે કરી મતિ પાકી. મોહના. ॥ ૫ ॥
હવે કહું ચોથી પાંચમી શ્રેણુ, ઘર બત્રીસમાંહિ સુગુણેણુ;
દૃહિને જીવીતનું પરમાણુ, જિન ચક્રિ હરિ અમૃત વાણિ. મોહના. ॥ ૬ ॥

ઢાલ ૪—(સુવિધિ જિણેસર પાય નમીને—એ દેશી । જગજીવન જગવાલહો—એ દેશી)

પહેલા ઘરમાં થાપીએ, જિન ઋષભ ભરતનો સંચ લાલ રે;
લાખ ચોરાસી પૂર્વનું, જીવીત તનુ ધનુ સય પંચ લાલ રે.
સુગુણુ સનેહિ સાંભલો તુમે મુકી ચિત ખલખંચ લાલ રે. ॥ ૧ ॥
બીજે અજિત જીણુંદજી, ચક્રવર્તિ સગરનું ઠાણુ લાલ રે;
આયુ બહોત્તરી પૂર્વલાખનું, સાઢા ચારસેં ધનુ તનુ જાણુ લાલ રે. સુગુણુ૰ ॥ ૨ ॥
સંભવનાથ સુહંકરૂ, થાપીજે ત્રીજે ગેહ લાલ રે;
જીવીત સાઠી લાખ પૂર્વનું ધરે, ચ્યારસેં ધનુષની દેહ લાલ રે. સુગુણુ૰ ॥ ૩ ॥
અભિનંદન મહારાજની, ચોથે ઘર ઠવણા ધારિ લાલ રે;
આયુ પચાસ લાખ પૂર્વનું, સાઢા ત્રણુ સય ધનુ તનુ સાર લાલ રે. સુગુણુ૰ ॥ ૪ ॥
સુખકર સુમતિ જિણેસરુ, પદ પંચમ માંહિ નિવાસ લાલ રે;
ચાલીસ લખ પૂરવ પછેં, સિદ્ધ ત્રણુ સય ધનુ તનુ ખાસ લાલ રે. સુગુણુ૰ ॥ ૫ ॥
છઠા ઘરમાંહિ લહો, શ્રીપદ્મપ્રભ જિનરાય લાલ રે;
ત્રીસ પૂરવ લખ આઉખું, ધનુ અઢીસય ઉંચી કાય લાલ રે. સુગુણુ૰ ॥ ૬ ॥
સ્વામી સુપાસજી સાતમા, ઠવો તહિં જ ઠામ પ્રધાન લાલ રે;
વીસ પૂરવ લખ આઉખું, બસેં ધનુષ દેહનું માન લાલ રે. સુગુણુ૰ ॥ ૭ ॥
ચંદ્રપ્રભુ જિનવર તણું, દશ લાખ પૂરવનું આય લાલ રે;
થાનકિ આઠમા આઠમું, તનુ દોઢસો ધનુષ સુહાય લાલ રે સુગુણુ૰ ॥ ૮ ॥
અનવમ સુવિધિ ગુણાપદ, અમૃત કહે વિસરામ લાલ રે;
જીવીત બે લખપૂર્વનું, સો ધનુ તનુ ગુણધામ લાલ રે. સુગુણુ૰ ॥ ૯ ॥

ઢાલ—૫—(મેઠ લે બાર ઘણો છે રાજિ—એ દેશી)

દશમા ઘરમાં શ્રી શીતલ જિનની, ઠવણા સાહિબ કેરી;
લાખ પૂરવ જીવીત જસ કાયા, નેઉ ધનુષ બાલેરી.
સમજો સુગુણ વિચારી રાજી વાત એ સમજિણુ મનમાં આણી ॥ ૧ ॥
એકાદશમે શ્રેયાંસ જિન, વલી વાસુદેવ તિપીઠ;
લાખ ચોરાશી વરસ જીવીત, તનુ એંસી ધનુષ સુપઇઠ. સમજો. ॥ ૨ ॥
વાસુપૂજ્યજી પદ બારમેં, વાસુદેવ દુપીઠ;
વરસ બહોત્તર લાખ જીવીત, તનુ સીત્તર ધનુષ ઉકિઠ. સમજો. ॥ ૩ ॥

વિમલનાથ ને હરિ સ્વયંભૂ, તેરસમે પદ આણો;
સાઠી લાખ સંવછર જીવીત, સાઠ ધનુષ તનુ જાણો. સમજો. ॥ ૪ ॥
જિન અનંત પુરુષોત્તમ કેશવ, ચઉદસમેં પદ વાસ;
ત્રીસ લાખ વરસનું આયુ, દેહ ધનુષ પંચાસ. સમજો. ॥ ૫ ॥
ધર્મનાથ ને સિંહ ગોવર્દ્ધન, રહ્યા પનરમેં ગેહ;
લાખ વરસ દસ આઉખું, જસ પણયાલીસ ધનુ દેહ. સમજો. ॥ ૬ ॥
ત્રીજા મઘવા ચક્રી કહીઈ, સોલસમેં થાપીજે;
પાંચ વરસ લખ જીવીત તનુ વધુ, શેષ બાયાલીસ લીજે. સમજો. ॥ ૭ ॥
સનતકુમાર ચક્રી ચોથા, સત્તરમેં પદ રાખો;
જીવીત ત્રણ લખ વરસ તનુ ધનુ, શેષ એકતાલીસ દાખો. સમજો. ॥ ૮ ॥

ઢાલ—૬–(સુરતી ચાલિ)

શાંતિ જિન પંચમ ચક્રી અઢારમેં પદ જગીશ,
લાખ વરસનું આઉખું દેહ ધનુષ ચાલીસ;
ઓગણીસમેં કુંથનાથની પાંત્રીસ ધનુષની કાય,
છઠા ચક્રી સહસ પંચાણું વરસનું જાય. ॥ ૧ ॥

સહસ ચોરાસી વરસને આઉખે અર અભિધાન,
ચક્રી સાતમા વીસમેં ત્રીસ ધનુષ તનુમાન;
પાંસઠ સહસ વરસનું જીવીત હરિ પુંડરીક,
એકવીસમેં ધર કાય ઓગણત્રીસ ધનુ નિરભીક. ॥ ૨ ॥

બાવીસમેં પદ આઠમા ચક્રી સુભૂમ ભૂમીશ,
શત સહસે સાઠ વરસનું દેહ ધનુષ અઠવીસ;
દત્તદામોદર સાતમો છપ્પન વરસ હજાર,
પાલી આયુ વીસમેં છવ્વીસ ધનુ તનુ સાર. ॥ ૩ ॥

સહસ પંચાવન વરસનું જીવીત મલ્લિકુમારી,
પચીસ ધનુષની કાયા ચોવીસમેં ધર ધારી;
સુવ્રતજિન વલી પદ્મ ચક્રી ચોવીસમે ગેહ,
જીવીત ત્રીસ સહસ વર્ષ વીસ ધનુનું દેહ. ॥ ૪ ॥

છવ્વીસમે ધર આઠમો હરિ લખમણ વરવીર,
બાર હજાર વરસહદ સોલ ધનુષનું શરીર;
નમી જિન હરિખેણ ચક્રીધરો સગવીસમેં ઠામ,
સહસ વરસ દસહદ તનુ પનર ધનુષ અભિરામ. ॥ ૫ ॥

જય નામ ચક્રીવર્તિનું સહસ વરસ ત્રણ આય,
બાર ધનુષની દેહડી અઠાવીસમેં ઠાય;
સહસ વરસનું આઉખું નેમિ ને કૃષ્ણનું હોય,
ઓગણત્રીસમાં ઘરમાં દેહ ધનુષ દશ જોય. ॥ ૬ ॥

ચક્રી બ્રહ્મદત્ત બારમો સાતસેં વરસ પ્રમાણ,
જીવીત ત્રીસમા ઘરમાં દેહ ધનુષ દશ જાણ;
પાસપ્રભુ અડત્રીસમેં પદ સો વરસેં સિદ્ધ,
કાયા જસ નવ હાથની જાણે જગત પ્રસિદ્ધ. ॥ ૭ ॥

વીર જિણંદનું આઉખુ બહોત્તર વરસનું માન,
બત્રીસમા ઘરમાંહિ સગ કર કંચનવાન;
કમ પંક્તિ પાયે મલી બત્રીસ ઘરમા થાય,
પુરુષ સિલાકા ત્રેસઠિ કહે અમૃત સમુદાય. ॥ ૮ ॥

ઢાલ—૩—(બલિહારી પ્રભુ તુમ તણી—એ દેશી.)

કણી પરિ પુરુષ સિલાકાએ હોઈ તિણકાલેં એહવા રે;
સિદ્ધનગરના સાહિબા, જસ સુરનરપતિ કરે સેવા રે.
ચતુર વિચારો ચિત્તમાં. ॥ ૧ ॥

ચોવીસ જિન શિવપુર વસ્યા, તિમ ચક્રી આઠ કહીજે રે;
મઘવા સનતકુમારના, ત્રીજે સુરલોક લહીજે રે. ચતુર૦ ॥ ૨ ॥

ચક્રી સુભૂમ બ્રહ્મદત્ત, જઈ નરકાવાસે વસિયા રે;
પિણ કારણ આગે કહી હો, એ શિવવહુ રસિયા રે. ચતુર૦ ॥ ૩ ॥

નિયાણાં નિરધારીને, કેશવ નવ નરકે જાયે રે;
બલદેવ શુભ પરિણામથી, ઉરધ ગતિ વરણ સહાયે રે. ચતુર૦ ॥ ૪ ॥

પ્રતિહરિ કેશવની પરિ, સહૂ નીચી ગતિના વાસી રે;
રત્નસંચયથી જાણજો, એ વાત પ્રસિદ્ધ પ્રકાસી રે. ચતુર૦ ॥ ૫ ॥

ક્ષાયિક સમકિતના ધણી, વાસુદેવ પ્રમુખ ગુણ ખાણી રે;
તિય ચઉ ભવ અધિકા નહિ, એ પંચ સંગ્રહની વાણી રે ચતુર૦ ॥ ૬ ॥

પુરુષોત્તમ એવા હુઆ, ઘર બત્રીસને અધિકારે રે;
પ્રવચનસારોદ્ધારમાં, પરગટ પણતીસમે દ્વારે રે. ચતુર૦ ॥ ૭ ॥

આગમ અગમ અથાહએ, કુણ પાર લહે ધીમંતા રે;
બહુશ્રુત સુગુરૂ વિવેકથી, અહો તત્ત્વ અમૃત વરસંતા રે. ચતુર૦ ॥ ૮ ॥

કલશ

જિન ચક્રી હરિ બલદેવ પ્રતિ હરિ કથા થાસે ગુણગુણી,
વર શિલાકા ત્રેસઠ થાપના અતેહ તણી;
૦ ૩ ૮ ૧
નભ રામ મદ હિમ માન વર્ષે વીનતી એ ઉર ધરી,
બુધ વિવેકથી કહે અમૃત, વિજય સંપદ અનુસરી ॥ ૧ ॥

સર્વે ગાથા ૫૪ સંવત ૧૮૩૦ ચઇતર સુદ ૩

યંત્ર–સ્થાપના

તીર્થંકર	ચક્રી	વાસુદેવ	દેહપ્રમાણ	આયુષ્ય
			ધનુષ	પૂર્વ લક્ષ
ઋષભદેવ	ભરત	૦	૫૦૦	૮૪
અજિતનાથ	સગર	૦	૪૫૦	૭૨
સંભવનાથ	૦	૦	૪૦૦	૬૦
અભિનન્દન	૦	૦	૩૫૦	૫૦
સુમતિનાથ	૦	૦	૩૦૦	૪૦
પદ્મપ્રભ	૦	૦	૨૫૦	૩૦
સુપાર્શ્વનાથ	૦	૦	૨૦૦	૨૦
ચંદ્રપ્રભ	૦	૦	૧૫૦	૧૦
સુવિધિનાથ	૦	૦	૧૦૦	૨
શીતલનાથ	૦	૦	૯૦	૧
				વર્ષ લક્ષ
શ્રેયાંસનાથ	૦	ત્રિપૃષ્ઠ	૮૦	૮૪
વાસુપૂજ્ય	૦	દ્વિપૃષ્ઠ	૭૦	૭૨
વિમલનાથ	૦	સ્વયમ્ભૂ	૬૦	૬૦
અનન્તનાથ	૦	પુરુષોત્તમ	૫૦	૩૦
ધર્મનાથ	૦	પુરુષસિંહ	૪૫	૧૦
૦	મઘવાન	૦	૪૨॥	૫
૦	સનતકુમાર	૦	૪૧॥	૩
શાન્તિનાથ	શાન્તિ	૦	૪૦	૧
કુંથુનાથ	કુંથુ	૦	૩૫	૯૫૦૦૦
અરનાથ	અર	૦	૩૦	૮૪૦૦૦
૦	૦	પુરુષપુંડરીક	૨૯	૬૫૦૦૦
૦	સુભૂમ	૦	૨૮	૬૦૦૦૦
૦	૦	દત્ત	૨૬	૫૬૦૦૦
મલ્લિનાથ	૦	૦	૨૫	૫૫૦૦૦
મુનિસુવ્રત	પદ્મ	૦	૨૦	૩૦૦૦૦
૦	૦	નારાયણ	૧૬	૧૨૦૦૦
નમિનાથ	હરિષેણ	૦	૧૫	૧૦૦૦૦
૦	જય	૦	૧૨	૩૦૦૦
નેમિનાથ	૦	કૃષ્ણ	૧૦	૧૦૦૦
૦	બ્રહ્મદત્ત	૦	૭	૭૦૦
પાર્શ્વનાથ	૦	૦	૯ હાથ	૧૦૦
મહાવીર	૦	૦	૭ હાથ	૭૨

આર્ય કાલકના સહાયક શક સાહિઓ

લેખક : પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રીસિદ્ધિમુનિજી

જૈનગ્રંથો—'નિશીથચૂર્ણિ' વગેરેમાં એવા અભિપ્રાયનો ઉલ્લેખ છે કે:—

"જૈનાચાર્ય [1]શ્રીકાલકસૂરિએ પોતાની સાધ્વી બહેન–સરસ્વતીને ઉજ્જયિનીના રાજા ગર્દભિલ્લના દુષ્ટ કબજામાંથી છોડાવવા બહુ બહુ પ્રયત્નો કર્યા, પણ જ્યારે તેમને તેમાં સાવ નિષ્ફળતા મળી ત્યારે તેઓ સ્વકાર્યસાધક કોઈ સમર્થ સહાય મેળવવા પારસકૂલ અથવા શકકુલમાં ચાલ્યા ગયા.[2] તેઓએ ત્યાં જઈ એક શક [3]સાહિનો આશ્રય લીધો અને તેને પોતાની નિમિત્તાદિ વિદ્યાના બળે અનુકૂલ કર્યો. આ પછી પસાર થતા સમય દરમિયાન સાહાણુસાહિ તરફથી આ સાહિ અને તે પ્રદેશના બીજા ૯૫ સાહિઓના માથે મરણાંત ભય આવી પડ્યો. એ ભયથી બચાવવા શ્રીકાલકાચાર્ય એ સર્વ સાહિઓને સિન્ધુના રસ્તે સૌરાષ્ટ્રમાં–સોરઠમાં લાવ્યા. આ વખતે વર્ષાઋતુ શરૂ થઈ ચૂકેલી હોવાથી તે સાહિઓ સૌરાષ્ટ્રમાં જ સત્તા સ્થાપીને રહ્યા. પણ વર્ષાકાલ પૂરો થતાં આચાર્યની સૂચનાનુસાર તેમણે અવન્તી પર ચડાઈ કરી ગર્દભિલ્લ રાજાને ઉજ્જયિનીના તખ્ત પરથી ઉખેડી નાખ્યો. આચાર્યે સરસ્વતી સાધ્વીને મુક્ત કરી અને શકસાહિઓ ઉજ્જયિનીના અધિપતિ થયા."

હાલના ઈરાનના અગ્નિકોણનો અને તેને લગતો બલુચીસ્તાનની દક્ષિણનો વિભાગ, કે જે ઓમાનના અખાત અને અરબી સમુદ્રની ઉત્તરમાં આવેલો ભૂ–પ્રદેશ છે, તે આ પારસકુલ કે શકકુલ હોવું જોઈએ. શ્રીકાલકાચાર્યના સમયે એટલે કે શ્રીમહાવીરનિર્વાણની પાંચમી સદીની શરૂઆતમાં ઈરાનની પૂર્વે આવેલા હાલમાં સી–સ્તાન તરીકે ઓળખાવાતા પ્રદેશની સીમા સાગરકિનારા સુધી લંબાતી હશે અને પારસકૂલનો પ્રદેશ એ સી–સ્તાનમાં જ સમાવિષ્ટ થતો હશે એમ લાગે છે. કારણ કે ત્યાં શકકુલના સાહિઓ ઈરાની સાહાણુસાહિની વડી સત્તાને આધીન રહી રાજ્ય કરતા હતા. અને એ સાહિઓ મોટી સંખ્યામાં હોઈ ઉત્તરમાં ઠેઠ હાલના સી–સ્તાનનો સમાવેશ કરતા વિશાળ પ્રદેશમાં રાજ્ય કરતા હશે.

---

૧ આ આચાર્ય મગધમાં આવેલા ધારાવાસ નગરના 'વયરસીંહ' રાજાના પુત્ર હતા. તેમની માતાનું નામ સુરસુન્દરી અને બહેનનું નામ સરસ્વતી હતું. તેમણે જૈનાચાર્ય ગુણાકરની પાસે દીક્ષા અંગીકાર કરી હતી. આ સમયે સરસ્વતીએ પણ સાધ્વીઓની પાસે ચારિત્ર અંગીકાર કર્યું હતું. સંભવ છે કે મ. નિ. ૩૯૩માં તેમને આચાર્યપદપ્રાપ્તિ થઈ હશે. અવિનીત શિષ્યોનો ત્યાગ કરી પ્રશિષ્ય સાગરશ્રમણની પાસે સુવર્ણભૂમિમાં જનાર; દત્તરાજાની આગળ યજ્ઞફલને કહેનાર; પ્રથમાનુયોગ, ગંડિકાનુયોગ, કાલકસંહિતા આદિના રચનાર जोइसनिमित्तबलीया આ જ આચાર્ય હતા. નિગોદવ્યાખ્યાતા, પ્રજ્ઞાપનાકાર, ચતુર્થીદિનસંવત્સરીપરિવર્તક યુગપ્રધાન શ્યામાચાર્ય–કાલકાચાર્યથી તેઓ ભિન્ન છે.

૨ શ્રીકાલકાચાર્યનું પારસકૂલમાં ગમન આશરે મ. નિ. ૪૦૫–૬ માં થયું હશે.

૩ સાહિ એટલે માંડલિક રાજા અને સાહાણુસાહિ એટલે એ માંડલિકોનો રાજા–રાજાધિરાજ–શહેનશાહ.

પારસકૂલમાં 'કુલ' શબ્દ હ્રસ્વ ઉકારવાળો પણ મળી આવે છે, પણ કિનારાવાચક દીર્ઘ ઊકારવાળો કૂલ શબ્દ જ વધારે બંધબેસતો છે. જ્યારે શકકુલમાંનો 'કુલ' શબ્દ સમૂહવાચક તરીકે કે કિનારા વાચક તરીકે 'કુલ' અને 'કૂલ' એમ બન્ને રીતે ઘટતો હોવાથી હ્રસ્વ કે દીર્ઘ ઉકારવાળો ગમે તેવો લખાયો મળી આવે તો તેમાં કાંઈ બાધ નથી.

પૂરતી સહાય મેળવવા માટે થયેલા શ્રીકાલકાચાર્યના આ ગમન સંબંધમાં ક્વચિત્ એવો પણ ઉલ્લેખ મળી આવે છે કેઃ—'તેઓ સિન્ધુજનપદમાં ગયા હતા." આનો અર્થ એ થઈ શકે કે, તેઓ પ્રથમ સિન્ધુજનપદમાં ગયા હતા અને પછી ત્યાંથી પારસકૂલમાં ગયા હતા.

આ સમયે સિન્ધમાં શક—વસાહત હોવાનું કહેવામાં આવે છે, અને એ વસાહતનો પ્રદેશ 'ઇન્ડો—સ્કુથિયા'—હિન્દી શકસ્થાન તરીકે ઓળખાવવામાં આવતો હતો. સિન્ધમાંની આ શક-વસાહત સિન્ધુનદીના દોઆબમાં હતી અને એની રાજધાની સિન્ધુનદીના કિનારા પર આવેલા મિનનગરમાં હતી એમ કહેવામાં આવે છે.

આ સિન્ધમાંની વસાહતના શકો સી–સ્તાનમાંથી કે તેની આજુબાજુના પ્રદેશમાંથી ગમે તે રસ્તે આવ્યા હશે.

એમ કહેવામાં આવે છે કે, [4]યુચી—યુઇશીઓ । દબાણને લઈ સીરદરિયા નદીના પ્રદેશમાં વસતા શકો દક્ષિણ બાજુ સરતા સરતા એક્સસ-આમુનદીને પાર કરી બેક્ટ્રિઆમાં થઈ સી–સ્તાનમાં આવ્યા અને ત્યાં વસવાટ કરીને રહ્યા. એ વસાહતી શકોમાંના જ શકોએ પાછળથી સિન્ધમાં આવીને વસાહત સ્થાપી.

પણ સંભવિત એ છે કે, યુચીઓના દબાણને લઈ સી સ્તાનમાં આવેલા એ શકોએ પોતાની જાતિના સી–સ્તાનમાં વસતા અતીવ જૂના શકો સાથે ત્યાં વસવા પ્રયત્નો કર્યા હતા, અને તેના અંગે એમને પાર્થિયનોની સાથે ભારે અથડાઅથડી થવા પામી હતી, જેમાં પાર્થિયન રાજા [5]ફ્રેટીસ અને અર્ટેબેનસ મરાયા હતા. એ અથડાઅથડીમાં શક સિવાય બીજી પણ જાતિઓ હોય તો ના નહિ, પણ શકો તો હતા જ. આ અથડામણના સમયે આગંતુક શકો સી–સ્તાનમાં અને તેની પૂર્વે આવેલા કામ્બોજના પ્રદેશમાં કાંઈક કાલ વસ્યા પણ ખરા. આ પછી જ્યારે પાર્થિયન રાજા મેથ્રોડેટસ બીજો ગાદીએ આવ્યો ત્યારે તેની બળવાન બનેલી સત્તાએ પોતાના મરાયેલા વડીલોનું વેર વાળવા આ નવીન શકો પર વધારે સખ્તાઈ કરવા માંડી. પરિણામે તેઓમાંનો । મોટો ભાગ કે જે સી–સ્તાનના પૂર્વપ્રદેશમાં વસી કાંઈક સ્થિર થવા પામ્યો હતો તે દક્ષિણ તરફ ઊતરી આવી અનુક્રમે સિન્ધમાં પ્રવેશી ત્યાં સત્તા જમાવીને સ્થિર થયો. લાગે છે કે, મેથ્રોડેટસની લાંબા કાળની બળવાન સત્તાએ તેમને ત્યાં પણ કેટલોક કાળ સર્વથા સ્વતન્ત્ર નહિ રહેવા દીધા હશે.

આ ઉપરના કથન કરતાંય વધારે સંભવિત કથન એ છે કે, સી–સ્તાન ને તેની આજુબાજુના શક–ક્ષહરાટો, કે જેઓ બેક્ટ્રિયન રાજા ડિમેટ્રિયસ અને સરદાર મિનેન્ડરની

---

૪ આ યુચી જાતિ અને તેના પરિભ્રમણ વિષે સંક્ષિપ્ત હકીકત આગળ આપવામાં આવશે.

૫ આરસેકવંશના આ ફ્રેટીસ બીજાનું મૃત્યુ ઈ. સ. પૂ. ૧૨૮માં અને તેના પછી આવનાર અર્ટેબેનસનું મૃત્યુ ઈ. સ. પૂર્વે ૧૨૩માં થયું. આ પછી મેથ્રોડેટસ બીજો ગાદી પર આવ્યો.

સાથે તેમની લશ્કરી કામગીરી બજાવતા હિન્દમાં આવ્યા હતા, તેમના આગેવાનો મિનેન્ડરના સ્વવતન કાબુલ તરફ ચાલ્યા ગયા બાદ સત્રપી–સુબેદારી ભોગવતા હિન્દમાં જ રહ્યા હતા. પાછળથી એમાંના ક્ષહરાટોએ રાજસ્થાનની–હાલના ચીતોડથી સાતેક માઈલ આવેલી–મધ્યમિકા નગરીમાંથી લગભગ સ્વતન્ત્ર જેવું શાસન કરવા માંડ્યું હતું અને શકોએ સિન્ધુના દોઆબમાં સિન્ધુના કિનારે વસેલા મિનનગરમાંથી ક્ષહરાટોની જેમ શાસન કરવા માંડ્યું હતું. સિન્ધમાં શાસન કરતા એ શકલોકો સિન્ધમાં જ વસાહતી બની સ્થિર થઈ ગયા. એમની વસાહત ઇન્ડો–સ્કુથિયા–હિન્દી શકસ્થાનના નામે પ્રસિદ્ધ થઈ. આ વખતે તેઓ બેક્ટ્રિયન સત્તાને તાબે હશે, પણ પાછળથી તેઓને પાર્થિયન સત્તા પણ સ્વીકારવી પડી હશે એવો સંભવ છે. પણ લાગે છે કે તે સર્વોપરી સત્તા નામની જ હશે.

આમ છતાં હીન્દી શકોએ કેવા સંજોગોમાં પોતાના પૂર્વ સ્થળને છોડી સિન્ધના નવા સ્થળમાં આવીને વસવાટ કરી એ અસ્પષ્ટ ને પ્રામાણિકપણે ન જાણવામાં આવે ત્યાં સુધી, એ ઇન્ડો–સ્કુથિયા ક્યારે ને કેવી રીતે ઊભું થયું એ ચોક્કસપણે તો કહી શકાય જ નહિ. શક પ્રજાનો ઇતિહાસ જ હજુ અંધારામાં છે. શકજાતિ, તેનું મૂળ વતન, તેની વસાહતો અને તેના અવરજવરના માર્ગો વગેરેના સંબંધમાં ઘણાય જાણીતા સંશોધકોએ પ્રયત્ન કર્યો છે, પણ તે અત્યાર સુધી અધૂરો ને અનિશ્ચિત રહ્યો હોવાથી તેમાંથી છૂટીછવાઈ હકીકતો સિવાય વિશ્વાસપાત્ર એવો કોઈ પણ જાતનો ઇતિહાસ મેળવી શકાય તેમ નથી.

સામાન્ય રીતે શક જાતિનાં સ્થિતિસ્થાન ત્રણ કલ્પવામાં આવ્યાં છે : પહેલું–હાલના ઇરાનની પૂર્વે અફ્ઘાનીસ્તાનની નૈઋત્ય ને બલુચીસ્તાનની વાયવ્યમાં હમન નામના સરોવરની અંદર પડનારી હેલમન્ડ નદીની ખીણોને લગતો હાલમાં કહેવાતો સી–સ્તાનનો પ્રદેશ. બીજું–એશિઆઈ રૂશિઆના નૈઋત્યમાં એરલ સરોવરની અંદર પડનારી સીરદરિયા નદીના બન્ને કિનારાની આજુબાજુનો પ્રદેશ. અને ત્રીજું—કાસ્પિયન સમુદ્રના ઉત્તરમાં, તેને જ લગતો એશિઆઈ રૂશિયાના એકદમ નૈઋત્યનો પ્રદેશ.

આ ત્રણે સ્થાનોમાં સી–સ્તાનને શકોનું હોમ–ઘર કહેવામાં આવ્યું છે. ઉત્તરમાંથી આવેલા શકોની સૌથી વહેલી વસાહતને લઈ, કે ત્યાં એક લાંબાકાળ સુધી શકજાતિ સ્થિરતાથી રહી તેને લઈ અથવા તો અન્ય ગમે તે કારણે સી–સ્તાન—શકસ્થાન કહેવામાં આવતું હશે, પણ સંશોધકોની દૃષ્ટિએ ખરી રીતે તેય સ્થાન બીજાં બે સ્થાનોની માફક મૂળ વતન નહિ પણ પાછળની વસાહતનું જ સ્થાન હતું. કહે છે કે, યૂરોપ અને એશિઆના ઉત્તર પ્રદેશમાં જ્યાં ત્યાં ભટકતી સિથીયન તરીકે ઓળખાતી આ જંગલી જાતને મૂળ વતન જેવું કાંઈ હતું જ નહિ !

આ વિષયમાં સ્ટ્રેબોના કથનને અનુસરી સર વિન્સેન્ટ સ્મીથ લખે છે કે:–"શકપ્રજા અને તેને મળતી જાતિઓ [૬]જાક્સર્ટસના પાડોશમાંથી આવી હતી અને તે ઇરાની શહેનશાહ ડેરિયસના રાજ્ય અમલે કાશગર અને યારકંદના પ્રદેશમાં પથારો કરીને પડી રહી હતી." [૭]મી. સ્મીથ ડેરિયસનો સમય ઈ. સ. પૂર્વે ૫૨૧ થી ૪૮૫ નોંધે છે.

૬ ઓક્ષસનદી કે જેનું નામ આમુનદી પણ છે.
૭ અર્લિ હીસ્ટરી ઓફ ઇંડિયાની ટીપ પરથી ભાષાન્તરિત.

એ સંશોધક વળી એમ પણ લખે છે કેઃ—" શક તથા તેમને મળતી ટોળીઓને (યુચીઓના) આ બેટાને પરિણામે દક્ષિણ તરફ ખસવાની ફરજ પડી અને પરિણામે તેઓ હિંદની ઉત્તરેથી ઘણું કરીને એક કરતાં વધારે માર્ગે હિંદમાં દાખલ થયા. આ જંગલીઓની ચઢાઈની રેલ પશ્ચિમ દિશામાં પણ ફેલાઈ અને ઇ. સ. પૂર્વે ૧૪૦ થી ૧૨૦ સુધીના સમયમાં તે પાર્થિયન રાજ્ય તથા બેક્ટ્રિઆ પર ઓચિંતી ધસી આવી."

"હેલમંદ નદીની ખીણ જે હાલનું સીસ્તાન છે તે શકસ્થાન અથવા શકલોકોના દેશ તરીકે જાણીતું હતું. શકલોકોએ ઘણું કરીને ત્યાં વહેલી વસાહત કરી હતી. પણ સંભવ છે કે ઇ. સ. પૂર્વેના બીજા સૈકામાં થયેલી ભરતી એ પ્રાંતમાં પહોંચી હોય."૮

આ ઉપરનાં ભાષાન્તરિત અવતરણોથી સમજાય છે કે, 'હિમવંત થેરાવલી' પ્રમાણે ઇ. સ. પૂર્વે ૪૬૭ માં૯ મહાવીરનિર્વાણ થયું તેથી પૂર્વે એ–શકલોકો એરલ સરોવરના અગ્નિકોણમાં સીરદરિયા નદીની ખીણોના પ્રદેશમાં વસતા હતા અને તેમાંનો વિભાગ ડેરિયસના સમયમાં ટિબેટની ઉત્તર ને પામીરના પૂર્વમાં આવેલા એશિઆઇ તુર્કસ્થાનનાં કાશ્ગર અને યારકંદ શહેરોના પ્રદેશમાં આવીને વસેલો જ હતો; પણ આ અવતરણોમાંથી એવી ચોક્કસ માહિતી મળતી નથી કે આ શકલોકો સીરદરિયા નદીની ખીણોના આજુબાજુના પ્રદેશમાં ક્યાંથી અને ક્યારે આવીને વસ્યા.

સીસ્તાનના પ્રદેશમાંથી ગએલી અને અન્યત્ર–સીરદરિયા નદી વગેરેના પ્રદેશમાં–વસાહત કરી રહેલી શકપ્રજા કાલાંતરે અન્ય પ્રજાઓના દબાણને લઈ પોતાના મૂળ વતન સીસ્તાન તરફ ખેંચાઈ હતી, કે તે કોઈ અન્ય પ્રદેશની જ મૂળ વતની હોઈ ભિન્ન ભિન્ન સ્થળે વસતી અનુક્રમે સીસ્તાનમાં આવીને વસી હતી, એનો નિર્ણય હજુ સુધી થઈ શક્યો નથી અને કલ્પિત અનુમાનોથી થઈ શકે પણ નહિ. આવી સ્થિતિમાં કોઈ પણ પ્રજાનું મૂળ વતન અમુક જ હતું કે નહિ, એમ અન્ય પૂરતા પ્રામાણિક ઇતિહાસ વિના ભાગ્યે જ કોઈ કહી શકે. હિન્દના આર્યોએ હિન્દમાંથી ગયેલા આર્યોને અને અન્ય અનાર્યદેશોના અનાર્યોને પોતાના દેશમાં તેઓ આવી વસ્યા ત્યારે પોતાનામાં તેમને સમાવી લીધા એવી સ્થિતિમાં આર્યોનું મૂળ વતન ભારત હતું જ નહિ. તેઓ મધ્ય એશિઆ, યૂરોપ કે કોકેસસ પર્વતના અમુક મેદાની પ્રદેશના મૂળ વતની હતા અને ત્યાંથી હિન્દમાં આવી વસ્યા છે, એમ માનવા–મનાવવા જેવાં હાસ્યાસ્પદ સંશોધન થતાં હોઈ, શકપ્રજાના મૂળ વતનનું સંશોધન પણ એવી જ ઢબથી જો કરવામાં આવે તો તે પણ હાસ્યાસ્પદ જ છે. શકપ્રજાને શીથીયન નામથી ઓળખાવી તેમને ભટકતી જંગલી જાતમાં ગણાવવી એમાં શોધકોના માનસિક તરંગો સિવાય બીજું કાંઈ પણ સત્ય નથી. શકપ્રજાના મૂળ વતનની વાત જવા દઈએ. હજુ સુધી તે પ્રજાને બીજી પ્રજાઓથી જુદી પાડી સ્પષ્ટપણે ઓળખવામાં જ કલ્પનાઓ ગુંચવાઈ ગઈ છે તે ક્યારે ઉકેલાય ત્યારે ખરી.

---

૮ હિંદુસ્તાનનો પ્રાચીન ઇતિહાસ (ગુ૦વ૦સો૦મુદ્રિત)

૯ જૈન કાલગણનાનો ચાલુ સંપ્રદાય ઇ. સ. પૂર્વે ૫૨૭માં વીરનિર્વાણ માને છે. તેની સાથે આ એક મહત્ત્વનું મતાંતર છે. આ લેખમાં એ મતાંતરનો જ આશ્રય લેવામાં આવ્યો છે.

યુચી, સૈ અને તાહિયાના શોધાયેલા ઇતિહાસ પરથી કેટલાકો એવું અનુમાન કરી રહ્યા છે કેઃ "સૈ" 'યુચી' અને 'તાહિયા' એ શબ્દો તથા તે શબ્દો પરથી દેશ કાળભેદે થઈ ગયેલા વિવિધ અપભ્રંશ શબ્દો, એ બધા શક જાતિને જ ઓળખાવનારા છે. અર્થાત્ તેઓ શકજાતિને યુચી વગેરે અન્ય જાતિઓનો સમાવેશ કરતી એક વ્યાપક જાતિ ગણે છે. પણ એમના કરાયેલા અધૂરા અનુમાનથી આ વિષયમાં જેવી જોઇએ તેવી સ્પષ્ટતા થતી નથી.

આ સ્થળે શકજાતિની વ્યાપકતા વિષેનો એક ઉલ્લેખ ટાંકીએ—પ્રાચીન ભારતીય સાહિત્યનો આધાર લઈ 'મૌર્યસામ્રાજ્યકા ઇતિહાસ'ના લેખક લખે છે કેઃ—"પ્રાચીન સાહિત્ય કે સાત દ્વીપોમેં એક દ્વીપકા નામ શકદ્વીપ હૈ. ઇસ શકદ્વીપમેં સંપૂર્ણ પશ્ચિમીય એશિયાકા ગ્રહણ હોતા હૈ. પ્રાચીન પર્શિયામેં એક પ્રાંતકા નામ સૈકી (sacae) ભી થા. શક શબ્દ ઇસ સૈકી પ્રદેશમેં રહેનેવાલોંકે લિયે પ્રયુક્ત હોતા થા. મનુ કે અનુસાર શકલોક; કાંબોજ, પહ્લવ, પારદ ઔર યવન ઇસ ઉપવિભાગોમેં વિભક્ત થે. ઇન્હીં શકલોકોં કે રાજા સાઇરસકો શકનૃપતિકે નામસે કહા ગયા હૈ."

આ ઉલ્લેખમાં કહેલા શકદ્વીપની અને પ્રાચીન પર્શિયાની સીમા–મર્યાદા ક્યાં સુધી હતી એ સમજવું મુશ્કેલ છે. કારણ કે એ દ્વીપનું દ્વીપ તરીકેનું સ્વરૂપ કેવી રીતે હતું તેનો જેવો જોઇએ તેવો ક્યાંય સ્પષ્ટ ઉલ્લેખ નથી. બાકી પર્શિયાનો પ્રાંત સૈકી હતો તે શકદેશ કહેવાતો હશે અને એના પ્રાંતો કાંબોજ, પહ્લવ, પારદ ને યવન હશે. અતિ પ્રાચીન કાળમાં એ સર્વ પ્રાંતોના લોકોની મુખ્ય જાત શક કહેવાતી હશે,[10] પણ કાળાંતરે એમ બની ગયું હશે કે, હેલમંડ નદીના વિભાગમાંના જ શકોને આશ્રયી શકજાતિનો

૧૦ વૈદિકકાલપૂર્વે કીકટમાં 'મગ' લોકો વસતા હતા. એ મગજાતિના વસવાટથી કીટકનું નામ મગધ પડયું અને પછી મગધના વસવાટથી મગલોકો મગંદ (માગધ) કહેવાયા. એમને ઉદ્દેશી ઋગ્વેદમાં કહેવાયું છે કેઃ—"આ મગંદ ઇન્દ્ર! તને પાયસ આપતા નથી તો તેમનું ધન (વસુ) લુંટીને તું અમોને આપ" (ઋ૦ ૩–૫૩–૧૪). આવા અર્થની પ્રાર્થના વિશ્વામિત્રના મુખથી આ શ્રુતિમાં કરાવાઈ છે. વળી યજુર્વેદમાં પણ માગધોનો ઉલ્લેખ પુરુષ-મેધમાં છે. આ મગલોકો શકોના ઉપાધ્યાય હતા એવી માન્યતા છે. શ્રીકૃષ્ણના પુત્ર શામ્બના કુષ્ટરોગને દૂર કરવા મગોને શાકદ્વીપથી લાવવામાં આવ્યા હતા એમ ભવિષ્ય-પુરાણ કહે છે. શકો શાકદ્વીપમાં વસતા હતા અને શામ્બના કાર્યના અંગે મગોને ત્યાંથી લાવ્યા એ પરથી ઉપરોક્ત માન્યતામાં વજુદ હોય એમ લાગે છે. બહુ પ્રાચીન જમાના-માં શાકદ્વીપમાં શક અને મગ આ બે જાતિ વસતી હશે અને પ્રાંતભેદથી તે બન્ને જાતિ વિશિષ્ટ નામોને ધારણ કરતી રહી હશે. છતાં ડેરિયસના બેહિસ્તાનના શિલાલેખથી સમજાય છે કે તેના સમયમાં શક અને મગુશ–મગ એ મૂળ સામાન્ય નામ પણ કાયમ રહ્યાં છે અને તેમની વિશેષ વસ્તીના યોગે તેમના પ્રાંતો શક અને મર્ગિયન નામે ઓળ-ખાયા છે. ડેરિયસ શત્રુદેશ તરીકે બેક્ટ્રિયાને નથી ગણતો પણ શકને ગણે છે તેથી તે પ્રાંત પાર્સ (પર્શિયા)ના પ્રદેશથી બેક્ટ્રિયા કરતાં નજીકમાં હોવો જોઇએ, નહિ કે ખીરદરિયાની પેલી પાર.

અને એ શકોના સ્થાનને આશ્રયી શકદેશનો વ્યવહાર શરૂ થયો હશે, જ્યારે કાબોજાદિ પ્રાંતોના શકો પ્રાન્તીય વિશેષ નામોથી ઓળખાતા થયા હશે. ક્ષહરાટ, પહ્લવાજ, પારદીયન, (પાર્થિયન) અને યવન (યોન–બૅક્ટ્રિયન) જાતિઓનાં નામ જે આજે ઇતિહાસના પાને લખાઈ રહ્યાં છે તે આ શકજાતિથી ભિન્ન નથી એમ હોય તો ના નહિ.

જૈન સૂત્રગ્રંથોમાં મ્લેચ્છ જાતિઓની નામાવલી આપતાં તેમાં ખરમુખ, ઉષ્ટ્ર, પહ્લવ, પારસ, યવન વગેરે નામો આપવામાં આવે છે અને તેમાં શક નામને અલગ લખવામાં આવે છે તે પરથી નક્કી થાય છે કે, 'પ્રજ્ઞાપના'કાર શ્રી શ્યામાચાર્ય અને તેમની પૂર્વેના તથા પછીના સમયમાં એ ખરમુખાદિ જાતિઓને શકથી વિભિન્ન ગણવાનો વ્યવહાર હશે. આમાં પારદજાતિનું નામ આપવામાં આવતું નથી તેથી લાગે છે કે તે જાતિનો પહ્લવમાં સમાવેશ થતો હશે અને તે બન્ને મળી પાર્થિયન જાતિ તરીકે ઓળખાતી થઈ હશે, જ્યારે પારદના [11]સુઈશીઓ–ઋષિકો 'પારસ' તરીકે ઓળખાવા લાગ્યા હશે, કે જે શકજાતિના હોવાનો સંભવ નથી. આ વિષયને સ્પષ્ટ કરવા યુચી–યુઈશી–ઋષિકો વિષેના થયેલા અર્વાચીન સંશોધનમાંથી કંઈક ઇશારો કરીએ તો તે અસ્થાને નથી.

યુચી જાતિનું મૂળ વતન વાયવ્ય ચીનમાંના કાનસુ પ્રાંતમાં હતું. ચીનાઈ દીવાલ બંધાયા બાદ 'હુંગનુ' નામથી પરિચિત ભટકતા તુર્કોની ટોળીની સાથે આ યુચીઓને એક મહાન સંઘર્ષણ થયું, તેમાં તેમને કાનસુ–પ્રાંતમાંની જમીન છોડી દઈ પશ્ચિમ તરફ ખસવાની ફરજ પડી. અહીંથી વધારે પશ્ચિમમાં ધકેલાયા તેઓ સિનકિયાંગ અને ઇલિ નદીના પ્રદેશમાં થઈ સીરદરિયા નદીના પ્રદેશમાં પહોંચ્યા. અહીં તેઓ થોડાંક વર્ષ સ્થિર રહ્યા એટલામાં હુયનું (હૂણ) જાતની મદદ લઈ વુ–સુન જાતિએ તેમને ત્યાંથી ખસવાની ફરજ પાડી. આ પછી તેઓ ઓક્ષસ નદીના ખીણોમાં થઈ દક્ષિણમાં બૅક્ટ્રિયા પર ઊતરી આવ્યા. અહીં ટા–હિયા નામની શાન્ત પ્રજા વસી રહી હતી તેમની સાથે શકો પણ ઉત્તરમાંથી આવીને વસેલા હતા એ સર્વને તાબે કરી આ આવનાર યુચીઓ ત્યાં સત્તા સ્થાપીને રહ્યા. ઓક્ષસની ઉત્તરે આવેલા સોગ્ડિયાનામાં અને તેની દક્ષિણે આવેલા બૅક્ટ્રિઆનામાં વસાહત કરી રહેલા આ યુચીઓએ સંગઠનદ્વારા બળવાન બની અંતે કડફીસીઝના સરદારી નીચે હિન્દુકુશના રસ્તે દક્ષિણ તરફ ઊતરી આવી હિન્દની વાયવ્ય સરહદના ઘાટોમાં થઈ હિન્દમાં પ્રવેશ કર્યો અને ત્યાં આર્સેકસ રાજા મેથ્રોડેટસ બીજાના સમયથી જામેલી પાર્થિયન સત્તાનો તેમણે નાશ કર્યો. કહે છે કે, યુચીઓએ ઈ. સ. પૂર્વે ૧૭૪ થી ૧૬૦ ના ગાળા વચ્ચે કાનસુપ્રાંતને છોડયો હતો અને આશરે

૧૧ આ યુઈશી–ઋષિકો શાકદ્વીપના રહેવાસી મગલોકો હશે એમ અનુમાન થાય છે. ઋષિક એ એમનું સન્માનાર્હ નામ હશે, જેમાંથી પાછળ યુઈશી વગેરે અપભ્રંશો થયા લાગે છે. વૈદિકોનાં મગોપર કરાયેલાં આક્ષેપવચનો પરથી નક્કી થાય છે કે તેઓ કોઈ ભિન્ન (સંભવ છે કે જૈન) સંસ્કૃતિના હતા. કુદરતનાં પૂજન અને એકેશ્વરવાદની માન્યતા તેમનામાં–અમુક પ્રદેશ અને અમુક વિભાગમાં–પાછળથી પ્રવેશવા પામી હોવી જોઈએ. આ જાતિ મગધમાંથી શાકદ્વીપમાં શું નહિ ગઈ હોય, એવો પણ પ્રશ્ન તેમના મગધમાંના અતીવ પ્રાચીન અસ્તિત્વને લઈ ઊઠી શકે તેમ છે.

ઈ. સ. ૫૦ ના સમય દરમિયાન કાબુલને જીતી પછી હિન્દમાં પ્રવેશ કર્યો હતો. એમના આ લાંબા ભ્રમણમાં કડફીસીઝ પહેલા સુધી તેમની શકોની સાથે કોઈ જાતની એકતા હોય એવો ઉલ્લેખ થયો નથી, વિરુદ્ધ, તેઓ તેમને જ્યાંત્યાંથી ખસેડનારા અને તાબામાં રાખનારા જ જણાયા છે. શકોની સાથે તેમને જો કાંઈ સંબંધ જેવું જણાયું હોય તો તે કડફીસીઝ બીજાનો સુબો ટક્ષમોતિક શક હતો તે પછી જ છે. પણ એ સંબંધ જાતિ તરીકેનો નહિ પણ સ્વામી-સેવક તરીકેનો હતો. આ સંબંધથી ઉત્પન્ન થયેલા ગોટાળા-માંથી જ શક અને યુચીની એકતાની ભ્રાન્તિ થઈ ગઈ હોય તો ના નહિ. બીજું યુચી જાતિના માટે 'ઋષિક' શબ્દ પણ વપરાય છે, એ પરથી તો અનુમાન થાય છે કે, આ જાતિ ભલેને આર્યદેશની ન હોય પણ શક જાતિ કરતાં કળાની દૃષ્ટિએ વિશેષ સંસ્કાર-વાળી હશે. સંભવ છે કે મહાવીરનિર્વાણથી પણ બહુ પૂર્વે આ ઋષિક જાતિ કાનસુ પ્રદેશથી લઈ યાવત્ પર્શિયા સુધીમાં હિંદની ઉત્તરના અને વાયવ્યના પહાડોના પેલી પાર કોઈ જગાએ જથ્થાબંધ તો કોઈ જગાએ છૂટીછવાઈ વસવાટ કરીને રહી હશે. અને જે જે પ્રદેશમાં વસતી હશે તે તે પ્રદેશના 'ઋષિક' તરીકે બહુધા ઓળખાતી હશે. એ જાતિનો જે સમૂહ પારદમાં વસેલો હશે તે પ્રથમ ઋષિક, પછી પારદ-ઋષિક અને અંતે લાંબાકાળે અપભ્રંશ થઈ પાર્સિક-પારસી-ફારસી શબ્દથી બોલાતો થયો હશે.

તાહિયા જાતિ કે જેના માટે કહેવામાં આવે છે કે, તે કાનસુ પ્રદેશમાં વસતી યુચી જાતિની પાડોશમાં રહેનારી હતી અને ત્યાંથી ખસતી ખસતી એશિયાઈ તુર્કસ્થાન અને ઇલિ નદીની વચ્ચેના ગમે તે એક કે અનેક માર્ગે ઠેઠ ઓક્ષસ નદીના ખીણોના દક્ષિણ પ્રદેશ-બેક્ટ્રિઆ સુધી પહોંચી હતી અને ત્યાં વસાહત કરીને રહી હતી, આ તાહિયા જાતને યુચીઓએ તાબે કરી તેમના પર તેમણે પોતાની સત્તા સ્થાપી હતી એ પૂર્વે કહેવાઈ ગયું છે. તાહિયા એ શકજાતિ છે એવી પણ કેટલાકોની માન્યતા છે, પણ એ બરાબર હોય એમ લાગતું નથી. એમ કહેવામાં આવે છે કે, તાહિયા અને તુખાર એક જ જાતિના માટે વપરાયેલા શબ્દો છે. આ 'તુખાર' એ શબ્દ 'તુષાર' શબ્દથી બહુ ભિન્ન નથી એટલે તુષાર શબ્દ તાહિયાનો પર્યાયાન્તર થયો. આમાંથી એ મતલબ નીકળે છે કે, તાહિયા એટલે તુષાર જાતિ તુષારાચલ-હિમાલયની સાથે સંબંધવાળી છે. પછી ભલેને એ વ્યાપારી શાન્ત પ્રજા પોતાના વ્યાપારને ખેડતી હિમાલય પર્વતના ઉત્તરમાં ને વાયવ્યમાં દૂર દૂર સુધી ફરી વળી હોય.

પણ આ બધાં અધૂરાં જ અનુમાનો છે; એ સંશોધકને કોઈ નિશ્ચય પર લઈ જતાં નથી. દેશ પરથી જાતિનું નામ પડે છે અને જાતિ પરથી દેશનું નામ પણ પડે છે. આ જાતિઓને નિર્વાહ, વ્યાપાર, ઉપદ્રવાદિ, સંસ્કૃતિપ્રચાર અને સત્તા વગેરે કારણોને લઈ વખતોવખત સ્થાનાન્તર કરવાં પડે છે, અને એવાં જ કારણોને લઈ ફરીથી પાછું તેમને મૂળ સ્થાનમ પણ આવવું પડે છે. લીપી, ભાષા, વેશ, રહનસહન વગેરે પણ દેશકાલના ભેદે ઉલટપાલટ થતાં જાય છે. વસાહત કરનારી જાતિઓ વસાહતી પ્રદેશના મૂળ વતનીઓનું કેટલું સ્વીકાર રહેવા દે ને કેટલું નાશ કરે, કેટલું આપે ને કેટલું અપનાવે એનો કાંઈ નિયમ નથી. આવી આવી અનેક પ્રકારની અચોક્કસ સ્થિતિમાં સંપૂર્ણ પ્રામાણિક સંશોધન ન થાય ત્યાં સુધી; શક-

દ્વીપ કર્યો ને શક દેશ કર્યો? શકોના વસવાટથી અમુક શકસ્થાન કહેવાયું કે શકસ્થાનમાં વસવાટ કરવાથી અમુક શકો કહેવાય? શકલોકો જંગલી અને ભટકતા હતા કે તેમના જમાનાની સાદી ને સરલ જીવનની રીતથી જીવતા બલવાન, બોલ્યું પાળનારા, વફાદાર, અવિશ્વાસઘાતી, સ્ત્રીમર્યાદારક્ષક વગેરે વગેરે ક્ષાત્ર-સ્વરૂપ હતા? ઉલ્લટ પાંચેક સદીઓમાં પૃથ્વીપર ભટકી રહેલા યુરોપીયન-ઇંગ્રેજ, ફ્રેન્ચ, ડચ, પોર્ટુગીઝ વગેરે પ્રજાઓના જેવા અનાર્ય હતા કે તેવી ઘણી ઘણી બાબતોમાં ઓછી અનાર્યતા ધરાવનારા અનાર્ય હતા! આવા આવા પ્રશ્નોનો નિવેડો કરવાનું અને શક જાતિના ઇતિહાસને ચોક્કસ કરવાનું કાર્ય સાચા સંશોધકોને માટે બાકી જ રહે છે. આ કાર્ય કોઇ પણ રીતે ઓછું મુશ્કેલ નથી. સ્વાર્થ ને સત્તાને માટે જ્યાં ત્યાં ઘૂસી ગયેલા; પણ જર્મનીમાંથી હમણાં ધકેલાઇ પેલેસ્ટાઇન વગેરેમાં અન્ય પ્રજાનાં સાથે અથડાઅથડી કરતા યાહુદીઓના સબંધમાં તેઓ ભટકતા જંગલી હતા કે નહિ, એ આજથી બે ચાર હજાર વર્ષ પછી અનેક રીતે પલટાયેલી દુનિયાના નષ્ટ થયેલા ઇતિહાસમાંથી શોધી કાઢવું સહેલું નથી. આવી મુશ્કેલ સ્થિતિમાં મહાવીર-નિર્વાણની પાંચમી સદીની શરૂઆતમાં સીસ્તાન, પારસકૂલ ને સિન્ધુના દોઆબમાં શકોનો વસવાટ હતો એટલી જૈનસાહિત્ય અને અન્ય સાહિત્ય પરથી જણાયેલી સામાન્ય આછી હકીકતોથી જ અહીં ચલાવી લેવું પડે છે.

સંભવિત છે કે, શ્રીકાલકાચાર્ય અવન્તીદેશમાંથી વિરાટના માર્ગે સિન્ધુજનપદમાં ગયા હશે. પણ ત્યાંના હીન્દી શકોથી જ પોતાનું કાર્ય સાધી શકાશે એમ તેમને ન લાગ્યું હોય ને વધારે બળના સંગઠનની અપેક્ષા જણાઈ હોય તેથી તેઓ ત્યાંથી પારસકુલમાં ગયા હશે. ત્યાં જઈ તેમણે ત્યાંના એક સાહિ-રાજાનો આશ્રય મેળવ્યો અને તેને જ્યોતિષ ને નિમિત્ત વિદ્યાના બળે અનુકૂલ કરી લીધો. આ વખતે પારસકૂલના અને તેની ઉત્તરપ્રદેશના ઉપવિભાગોમાં સંખ્યાબંધ શક સાહિરાજાઓ રાજ્ય કરી રહ્યા હતા. તેઓ સર્વે પાર્થિયન સાહાણુસાહિની સર્વોપરી સત્તાને આધીન હતા. સાહાણુસાહિ આર્સકસ વંશનો મેથ્રોડેટસ[૧૨] ત્રીજો હોય એમ લાગે છે. એણે કાલકાચાર્ય જે સાહિના આશ્રયે રહ્યા હતા તેના પર સીલબંધ ફરમાનની સાથે એક છૂરી મોકલી હતી. હેતુ એ હતો કે એ છૂરીથી સાહિ પોતાનો શિરચ્છેદ કરે. આ છુરી પરનો નંબર ૯૬ હતો તેથી સમજાતું હતું કે ૯૬ સાહિઓનો નાશ કરવા તેણે આ પ્રકારનાં ફરમાનો કાઢ્યાં હતાં. ઉપરોક્ત અનુલ્લંઘ

---

૧૨ આ ઇરાની શહેનશાહ મેથ્રોડેટસ ત્રીજો ઇ. સ. પૂર્વે ૬૦માં ગાદીએ આવ્યો હતો એમ મનાય છે. પણ સંભવ છે કે તે ઇ. સ. પૂર્વે ૬૦ કરતાં થોડાંક વર્ષ વહેલો ગાદીએ આવ્યો હોવો જોઇએ. શક-સાહિઓએ મ. નિ. ૪૦૬ નું ચોમાસું સૌરાષ્ટ્રમાં વીતાવ્યું હતું તે પછી તેઓ અવન્તિ પર ગયા હતા. આ પરથી એ નક્કી છે કે, મ. નિ. ૪૦૬ ની ગ્રીષ્મ ઋતુમાં તેમના પર તેમના રાજાધિરાજે કટારીથી શિરચ્છેદ કરી સ્વતઃ નાશ પામવાનું ફરમાન કાઢ્યું હતું. આ વર્ષ ઇ. સ. પૂર્વે ૬૧મું હતું. હવે મેથ્રોડેટસે ગાદીએ આવ્યા પછી બહુ વહેલામાં વહેલું ફરમાન કાઢ્યું હોય તો પણ તેનો સમય ઓછામાં ઓછો એકાદ વર્ષ જેટલો તો હોવો જોઇએ. એ દૃષ્ટિએ તેનો રાજ્યારંભ ઇ. સ. પૂર્વે ૬૨ હોવા સંભવ છે.

આજ્ઞાને વશ થઈ સાહિ પોતાનો શિરચ્છેદ કરે એ પહેલાં કાલકાચાર્યે તેને અન્ય સાહિઓને આત્મઘાત ન કરતાં પોતાની સાથે 'હિંદુગ'–હીન્દીદેશમાં આવવાની સલાહ આપી. એ સલાહમાં અવન્તિના રાજ્યલાભની પણ આશા અપાઈ હતી. આચાર્યની સલાહ સાહિઓએ સ્વીકારી લીધી. તેઓ સિન્ધુને પાર કરી પ્રથમ સૌરાષ્ટ્રને લગતા દરિયા કિનારે ઊતર્યા અને પછી અનુક્રમે સૌરાષ્ટ્રનો કબજો લઇ તેને છન્નુ વિભાગમાં વહેંચી નાખી ત્યાં સત્તા સ્થાપીને રહ્યા. કારણ કે ચોમાસુ બેસી ગયું હોવાથી આગળ અવન્તિ તરફ પ્રયાણ કરવું અશક્ય હતું.

સિન્ધુને પાર કરવાની બાબતમાં સિન્ધુ એટલે સાગર કે નદી એ વિષે આજકાલ મતાંતર છે; કારણ કે મળી આવતા જૈન સાહિત્યગત ઉલ્લેખોમાં ક્વચિત્ 'સિન્ધુનદી' એવી સ્પષ્ટતા છે; જ્યારે શકલોકોનું પારસકૂલથી ખસી જવું જે સંયોગોમાં થયું છે તેનો વિચાર કરીએ તો સહજ અનુમાન થાય છે કે, તેઓ પારસકૂલના કોઈ બંદરેથી વહાણો મારફતે સીધા આજના કાઠિયાવાડના પશ્ચિમ કિનારે ઊતર્યા હોય અને તેમણે સૌરાષ્ટ્રની અંદર પ્રવેશ કર્યો હોય. સમુદ્રના કે સિન્ધુનદીના ગમે તે રસ્તે તેઓ સૌરાષ્ટ્રમાં આવ્યા એ તો નિર્વિવાદ છે.

ચોમાસાની સ્થિરતા દરમિયાન શ્રીકાલકાચાર્યે આ શકોને સ્વર્ણસિદ્ધિના પ્રયોગથી બહુ જ સંપન્ન બનાવ્યા અને પછી ચોમાસુ વીત્યા બાદ તેમને અને અન્ય રાજાઓને સાથમાં લઈ અવન્તિદેશ પર ચઢાઈ કરી. આ અન્ય રાજાઓમાં લાટદેશના રાજાઓ પણ હતા. 'નિશીથચૂર્ણિ'ના અધિકરણ અધિકારમાં લાટદેશના રાજાઓનું કોઈ વિશિષ્ટ નામ આપ્યું નથી. અન્યત્ર એ રાજાઓ બલમિત્ર–ભાનુમિત્ર હતા એવા ઉલ્લેખો મળે છે અને એમની કાલકાચાર્યના ભાણેજ તરીકે ઓળખાણ આપવામાં આવે છે. પણ બલમિત્ર–ભાનુમિત્ર એ અશોકના પુત્ર તિષ્યગુપ્તના પુત્રો હોઈ જૈનસમ્રાટ સંપ્રતિની પછી ઉજ્જયિનીની ગાદીએ આવ્યા હતા. તેમનો સમય મ. નિ ૨૯૪ થી ૩૫૪ છે.[13] ઉજ્જયિનીથી નિગોદવ્યાખ્યાતા પ્રજ્ઞાપનાકાર શ્યામાચાર્યને ચોમાસામાં નિર્વાસન કરનાર આ રાજાઓ હતા. તેઓ કોઈ પણ કાલકાચાર્યના ભાણેજ કે શુંગવંશીય ન હતા. શકોને સાથમાં લઇ સરસ્વતી સાધ્વીને છોડાવવા જનારા કાલકાચાર્યનો સમય મહાવીર નિર્વાણની પાંચમી સદીની શરૂઆતનો છે. તે વખતે બલમિત્ર–ભાનુમિત્રનું અસ્તિત્વ હતું જ નહિ. પણ આ વખતે ભરૂચમાં એક બલમિત્ર નામનો રાજા હતો. આ રાજા ગર્દભિલ્લથી અપમાનિત થયેલો હતો. મારી સમજ છે કે, એ અન્ય કોઈ નહિ પણ કાલકાચાર્યનો ભાણેજ ગર્દભિલ્લપુત્ર વિક્રમાદિત્ય હતો. આ એક વિસ્તીર્ણ ચર્ચાનો વિષય છે અને અહીં હું તેને સ્થાન આપી શકતો નથી. કેમકે આ લેખનો મુખ્ય વિષય 'શકો' જ છે.

શ્રીકાલકાચાર્યની સૂચના મુજબ શકોએ અવન્તિની ભૂમિમાં પ્રવેશ કરી તેની રાજધાની ઉજ્જયિનીને ઘેરો ઘાલ્યો. રીતસર સામનો કર્યા બાદ નાસીપાસ થતા ગર્દભિલ્લે વિદ્યાબળથી શત્રુનો સર્વનાશ નોતરવા પોતાનો વિદ્યાસાધન પ્રયત્ન આદર્યો, પણ આચાર્યે

13 'હિમવંત થેરાવલી' (ગુજરાતી ભાષાન્તર પં. હીરાલાલ હંસરાજ)ના સંપ્રદાયાનુસાર.

બતાવેલી યુક્તિથી ગર્દભિલ્લનો એ સર્વ પ્રયત્ન શક સાહિઓએ નિષ્ફળ કર્યો. આ યુદ્ધમાં ગર્દભિલ્લનું મૃત્યુ થયું હોય કે સાહિઓના હાથમાં પકડાઈ જતાં શ્રીકાલકાચાર્યના કથનથી તેને જીવતો જવા દીધો હોય એ વિષયમાં મતાંતર છે. એ તો નક્કી છે કે ત્યાર પછી તેનું અવન્તિમાં અસ્તિત્વ રહ્યું નથી. સાધ્વી સરસ્વતીને છોડાવવામાં આવી. આ પછી ઉજ્જયિની પર શક સાહિઓનું આધિપત્ય શરૂ થયું. કાલકાચાર્ય જેના ત્યાં પારસકૂલમાં રહ્યા હતા તથા જેને સૌરાષ્ટ્રમાં મુખ્ય-અધિપતિ નીમવામાં આવ્યો હતો, તે સાહિ ઉજ્જયિનીનો અધિપતિ બન્યો અને અવન્તિના અન્ય પ્રાંતોમાં બાકીના ૯૫ સાહિઓ સત્તા ભોગવતા રહ્યા. સંભવ છે કે, કેવલ અવન્તિમાં જ નહિ પણ સૌરાષ્ટ્ર અને અન્ય જે પ્રાંતો સીધા ગર્દભિલ્લના કબજામાં હતા તે સર્વમાં આ સાહિઓ નીમાયા હશે. સરસ્વતી સાધ્વી સહિત પોતાની પ્રાયશ્ચિત્તાદિથી શુદ્ધિ કર્યા બાદ શ્રીકાલકાચાર્યનું પ્રવૃત્તિક્ષેત્ર ધાર્મિક જ હોય એ સ્વભાવિક જ છે. ઉજ્જયિનીની રાજ્યવ્યવસ્થાના અંગે તેમને કાંઈ પણ લાગતું વળગતું ન હતું. એમને ઉજ્જયિની પર સાહિઓ આવે કે ગર્દભિલ્લનો વારસદાર બલમિત્ર આવે તે પ્રત્યે ઉદાસીનતા જ હોય. પણ બલમિત્રને એ ન જ પાલવે. એના પરિણામ તરીકે જ બલમિત્રને ગમે તે રીતે બળ કેળવવાનું અને શકોની પાસેથી પોતાને ઉજ્જયિની પરનો પરંપરાસિદ્ધ હક મેળવવો જ રહ્યો એ માટે એણે આ-પ્રદેશમાં જઈ પૂરતું બળ એકત્રિત કરવા વિવિધ પ્રયત્નો આદર્યો હોય તો તેમાં કાંઈ નવાઈ નથી.

હવે ઉજ્જયિનીમાં શકસાહિઓએ રાજ્ય કરવા માંડયું (મ.નિ.૪૦૬-૭). તેઓ પારસકુલમાં હતા ત્યારે પણ રાજ્યકર્તાઓ હતા. આ કાંઈ એમને રાજ્ય ચલાવવાની નવીન તાલીમ લેવાની ન હતી. ગમે તેવા સંસ્કારને ઝીલી તેને પોતાનામાં ઉતારવાની ને જીરવવાની શક્તિ આ શકજાતિમાં પરાપૂર્વથી હતી તેઓ અનાર્યદેશના વતની હોઈ આચારથી પણ અનાર્ય જ હતા, પણ શ્રીકાલકાચાર્યના સંબંધમાં આવતાં તેમની અંદર આર્યત્વના સંસ્કાર રેડયા હતા તેમની અંદર મર્યાદિત જૈનત્વ પણ સ્વીકાર કરાવવામાં આવ્યું હોવું જ જોઈએ. તેમને જીવનસર્વસ્વ સમર્પનાર શ્રી કાલકાચાર્યે તેમનું જીવન ઘડતર આ લોક પૂરતું જ ઘડયું હોય એ બની શકે જ નહિ. આ જ સમયે નાશિક અને પુના જિલ્લા વગેરે પશ્ચિમઘાટના પૂર્વ પ્રદેશમાં રાજ્ય કરતા 'ઉષવદાત'-શકરાજાનું આર્યત્વ અને ધર્મશીલતા કેવી હતી એ તે વિભાગમાં મળી આવતા લેખોથી આજે ઇતિહાસના વાચકો સુપરિચિત છે. શકપ્રજા હિન્દની સ્થાનિક પ્રજામાં ભળી કેવી ઓતપ્રોત થઈ જતી હતી તેની એ લેખો આજે સાક્ષી પૂરી રહ્યા છે. ઉજ્જયિનીના આ શકોનું પણ તેવી જ રીતે હિન્દીકરણ ન થયું હોય એમ માનવાને કાંઈ કારણ નથી. તેમણે અવન્તિદેશની પ્રજા પર ત્રણ ચાર વર્ષ શાસન કર્યું હતું એમ જૈન સાહિત્ય કહે છે. એમનું શાસન કોઈ પણ રીતે જુલમી હોય એવો ત્યાં ઉલ્લેખ મળતો નથી. આમ છતાં 'ગર્ગસંહિતા' સાથે અંતમાં સંયુક્ત 'યુગપુરાણ' શકરાજાઓના જુલમ આદિ વિષે જે લખી રહ્યું છે તેની નોંધ દિ બ. કેશવલાલ હર્ષદરાય ધ્રુવના શબ્દોમાં આ પ્રમાણે છે—

"એ શકોમાં જેની મૂડી ધનુષ હશે એવો મહાબલવાન અમ્લાટ થશે. જેની સા[illegible] કોઈ રણ માંડી નહીં શકે એવો એ રાતી આંખનો શક પુષ્પપુર ઉપર ચઢાઈ કરશે એ

નગરે તે આવી પહોંચતાં શહેર ખાલી થયેલું જોશે. પછી તે રાતી આંખનો રક્ત વસ્ત્રધારી મ્લેચ્છ અમ્લાટ અનાથ વસ્તીમાં કત્લ ચલાવી શહેર ઉજાડશે. એ રીતે તે રાજા એ શહેરમાં ચાતુર્વર્ણ્યનો નાશ કરશે. પછી ચાર વર્ણથી નીચ લોકોને શહેરમાં વસાવતો છતો રાતી આંખનો એ અમ્લાટ અને એના બાંધવ નાશ પામશે. તેના જુલ્મી અમલનો અંત આવતાં રહીસહી રૈયતનો પછી ગોપાળ એવા નામનો શક રાજા થશે. એ ગોપાળ એક વર્ષ રાજ ભોગવી પુષ્પક સાથે લડતાં તેના હાથે માર્યો જશે. પછી તે અધર્મી પુષ્પક નામનો મ્લેચ્છ રાજા થશે. તે પણ એક વરસ રાજ ભોગવી માર્યો જશે. પછી જેની સાથે કોઈ પણ રણ માંડી ન શકે એવો અતિ ઘણો બળવાન શર્વિલ રાજા થશે. તે પણ ત્રણ વર્ષ પૃથ્વી ભોગવી માર્યો જશે. તે પછી બ્રાહ્મણોના દ્વેષી તરીકે દુનિયામાં જાણીતો કોઈ બદનામ રાજા થશે. એનું ભૂંડું રાજ્ય ત્રણ વર્ષ પહોંચશે. પછી તે ધનનો લોભી, ભૂંડાઈનો ભરેલો, પાપી મહા બલવાન શકપતિ, કલિંગરાજ 'શાત'ની ભૂમિનો ભૂખ્યો, કલિંગદેશ પર ચડાઈ કરી જીવ ખોશે. અને બાલોડાંથી સંગ્રામમાં અંગ વઢાઈ જઈ સર્વે નીચ અધમ શકોનો સંહાર વળશે તે નિઃસંશય છે. પછી તે શાન્તિમાં ઉત્તમ રાજા પોતાની સેનાથી પૃથ્વી હસ્તગત કરી દસમું વર્ષ જીવતાં મરણ પામશે. સર્વ મહાબળવાન શક રાજાઓ ધન લોભી હશે. શક રાજ્ય ઉચ્છિન્ન થશે. ત્યારે (મગધની) ભૂમિ ઉજ્જડ થશે. પુષ્પપુર સૂનું રહેશે, અને જોનારને ખાવા ધાશે, ભવિષ્યમાં તે કોઈ નવીન વંશના રાજાની રાજધાની થશે એ આશિષ છે."[૧૪]

આ યુગપુરાણ પરથી તારવેલો અર્થ, તેમાં અપાયેલી હકીકતો પરથી શ્રી કાલકાચાર્યે લાવેલા શકોને જ લાગુ પડે છે એવું કંઈક અનુમાન થાય છે. પણ સાથે એ પણ સમજાય છે કે, યુગપુરાણકારના હાથમાં અધૂરી અને ધાર્મિકવિદ્વેષભરી હકીકતો જ આવી છે. છેલ્લા શક રાજાના અને તેની પછી આવનાર નવીન વંશના રાજાના નામની તેને ખબર નથી. અમ્લાટ, ગોપાળ, પુષ્પક, શર્વિલ અને કોઈ બદનામ વ્યક્તિ એ પાંચ શાહરાજાઓ અનુક્રમે ઉજ્જયિનીના તખ્ત પર આવ્યા હતા કે તેમાંનો એકાદ ઉજ્જયિનીનો મુખ્ય શાહિ હોઈ અન્ય તેના સમકાલીન પ્રાંતીય સાહિઓ હતા, એ પ્રશ્ન વિચારવા જેવો છે. અમ્લાટનો શાસનકાળ લખવામાં આવતો નથી. ગોપાળ વગેરે ચારનો શાસનકાળ આઠ વર્ષ લખવામાં આવે છે; તેમાં છેલ્લી બદનામ વ્યક્તિનાં ત્રણ વર્ષ લખ્યાં છે. યુગપુરાણકારની આ રાજત્વકાળની નોંધ શકરાજાનું રાજ્ય ઉજ્જયિની પર ત્રણ ચાર વર્ષ રહ્યું એ જૈન સાહિત્યની નોંધની સાથે મેળ ખાતું નથી. તેથી જ્યાં સુધી અન્ય સમર્થન ન મળે ત્યાં સુધી યુગપુરાણની નોંધ વ્યવસ્થિત અને સંપૂર્ણ વિશ્વાસપાત્ર માની શકાય નહિ. ઉજ્જયિની અને મહત્ત્વના બીજા ચાર પ્રાંતોના સાહિઓને સમકાલીન ન રાખતાં તેમને અનુક્રમથી ગોઠવવામાં આવ્યા હોય એવી, યુગપુરાણની એ શકરાજાઓના વિષેની નોંધમાં સહજ શંકા આવે છે. બાકી શ્રી કાલકાચાર્યથી ઉપકૃત કૃતજ્ઞશીલ એ વિધર્મી શક રાજાઓની ભૂંડાઈ વિષેના જે બખાળા યુગપુરાણકાર કાઢે છે તેનું તો કાંઈ મહત્ત્વ નથી. પુરાણમાં શૈશુનાગવંશના છેલ્લા રાજાઓને અને નંદવંશના રાજાઓને તેઓ વિધર્મી-જૈન હોવાને લીધે કેવા કેવા દુર્જન ને દુષ્ટ ચીતર્યા છે? આ સ્થળે એ પણ ભૂલવું જોઈએ નહિ કે,

૧૪: બુદ્ધિપ્રકાશ પૃ. ૭૬ પૃ. ૮૮

ગર્ગસંહિતા એ ગુપ્તસામ્રાજ્ય સંસ્થાપન પછીની કૃતિ છે અને તેમાં સંયુક્ત કરાયેલું યુગપુરાણ તેથી પણ પાછલના સમયનું છે. આથી યુગપુરાણનો ઉલ્લેખ પાટલીપુત્રના 'મુરુન્ડ' જાતિના રાજાઓ, કે જેને ભારતીય લેખકો શક તરીકે સેળભેળ કરતા હતા, તેમને ઉદ્દેશીને હશે કે કેમ એવી પણ શંકાને અવકાશ છે. કેમ કે એ ઉલ્લેખમાં અવન્તિ કે ઉજ્જયિનીનો કોઈ સંબંધ જોવામાં આવતો નથી, જ્યારે પુષ્પપુર એ સુપ્રસિદ્ધ કુસુમપુર–મગધનું રાજનગર પાટલીપુત્ર છે, કે જ્યાં ગુપ્તોના પહેલાં મુરુન્ડ રાજાઓ રાજ્ય કરતાં હતા.

અગ્નિકોણના અને દક્ષિણના છેવાડાના દેશો સિવાય લગભગ આખાય ભારતમાં સામ્રાજ્ય કે રાજ્ય ભોગવતા વિધર્મી શકોનાં પૌરાણિક સંસ્મરણો આલેખતાં પુરાણોમાં ધાર્મિક પ્રત્યાઘાતી તત્ત્વ પણ હોવા સંભવ છે. વેદપૂર્વકાલીન મગધદેશ કીકટના નામથી ઓળખાતો હતો, પણ શકોના ઉપાધ્યાય મગલોકોના વસવાટ પછી તે મગધ નામથી પ્રસિદ્ધ થયો, એમ કહેવામાં આવે છે. ઋગ્વેદમાં અને યજુર્વેદમાં આ મગો વિધર્મી હોવાથી તેમના માટે દુર્માનસ દર્શાવવામાં આવ્યું છે. આ પછી હજારો વર્ષ વીત્યા બાદ પણ શ્રીપતંજલી પોતાના મહાભાષ્યમાં જ્યારે મગધની વ્યુત્પત્તિ કરવા બેસે છે ત્યારે '**मगान् पापान् धारयतीति मगधः**' મગો એટલે પાપને ધારણ કરે તે મગધ એમ પ્રાચીનોના આક્ષેપને પ્રતિબિંબિત કરે છે. આવી જ રીતે યુગપુરાણમાં શકોને માટે ધાર્મિક પ્રત્યાઘાતી તત્ત્વ પ્રતિબિંબિત થયું હોય તો ના નહિ. પણ આપણે એ ઉપરથી આ નવીન આવેલા અને ઉજ્જયિનીમાં રાજ્ય કરતા શકશાહિ રાજાઓના માટે હલકો અભિપ્રાય બાંધી શકીએ નહિ. શકો એ આ કાળના ભારતના મોટા વિભાગના ક્ષત્રિયવટ ને શાહુકારીની ઉજ્જવલ ભૂમિકા છે.

આમ છતાં એ સંભવિત છે કે, આ વિદેશી નવીન આવેલી શકપ્રજાનું શાસન સૌ કોઈ સહર્ષ ન સ્વીકારી લે. ગર્દભિલ્લના વારસ બલમિત્ર–વિક્રમાદિત્યના રાજ્યહક્કને નાશ પામેલો જોવાને પણ એક ભાગ ખુશી નહિ હશે. શકપ્રજા હિન્દની પ્રજામાં કેટલાંક હિતોમાં હિસ્સો પડાવતી હશે એ પણ સ્વભાવિક છે. વૈદિક પ્રજાને આ શકપ્રજામાંનો અમુક ભાગ મ્લેચ્છ, અમુક ભાગ વિધર્મી અને અમુક ભાગ અસ્પૃશ્ય જેવો પણ લાગતો હશે. ભાષા વગેરેથી પણ થોડો ઘણો ભેદભાવ ચાલુ જ હશે. આ સર્વ પરિસ્થિતિને પહોંચી વળવા ઘટતાં પગલાં લેવામાં યોગ્ય રીતે સત્તાનો ઉપયોગ પણ આ શકરાજાઓ કરતા હશે અને કવિચિત્ હાથ નીચેનાં માણસોથી અન્યાય જેવું પણ થતું હશે. આ સર્વ સંભવિત છે. પણ એઓ અંદરો અંદર કપાઈ મરતા હતા કે ગામોને ઉજાડતા હતા એમ માનવું એ વધારા પૂરતું છે. બલમિત્ર–વિક્રમાદિત્યે આ શકોનો પરાજય કર્યો તે કાંઈ અંધાધુનીનો લાભ લીધો હતો એમ નથી, પણ તેણે પોતાના પરાક્રમથી આ શકોને હરાવ્યા હતા. આન્ધ્રના શાતવાહનોને ક્ષહરાટ અને શકોથી પોતાનો નાશિક વગેરે જિલ્લાઓનો પ્રદેશ ખાલી કરી બહુ દૂર તેના અગ્નિકોણના પ્રદેશમાં ખસી જવું પડયું હતું એ સબળ વિરોધને લઈ અત્યારનાં તેમના રાજા [15]'સ્વાતિ'થી બલમિત્રને પરેપૂરી સહાય મળી એ સિવાય બીજાં

૧૫ આન્ધ્ર રાજા મેઘસ્વાતિ પછી આ 'સ્વાતિ' ગાદીએ આવ્યો હતો. તેનો રાજ્યકાલ મ. નિ. ૪૦૨ થી ૪૨૦ સુધી હતો. તેની રાજધાનીનું નગર કયું હતું એ વિષે ચોક્કસ કહેવું મુશ્કેલ છે, પણ પ્રતિષ્ઠાન (પૈઠણ) તો ન જ હતું. 'નહપાણ'ના શક-

પણ બળો બલમિત્રે કેળવ્યાં હોવાં જોઈએ. વિક્રમાદિત્યે ઉજ્જયિનીનું રાજ્ય શકોની પાસેથી પાછું મેળવ્યું એ દૃષ્ટિએ લોકો તેને શકારિ કહેતા હશે. પણ એનો અર્થ એવો કરવો જોઈએ નહિ કે તેણે શકોનો યુદ્ધ સિવાય પણ નિષ્કારણ સંહાર કર્યો હતો. ભૂલવું જોઈએ નહિ કે, તે શ્રીકાલકાચાર્યનો ભાણેજ હતો અને જ્યારે ભરૂચમાં રાજકર્તા હતો ત્યારે શ્રી [16]આર્યખપુટાચાર્યના સંસર્ગમાં આવ્યો હતો. પોતાનું પૈત્રિક રાજ્ય મેળવવું એ સિવાય એને બીજી કોઈ વિશેષ લાલસા ન હોવાથી અને સ્વભાવથી ઘોર ક્રૂર કે નિર્દય ન હોવાથી એનું શકારિપણું એ મર્યાદિત જ હતું.

વિક્રમાદિત્યે શકસત્તાનો નાશ કર્યો એ નિશ્ચિત છે, પણ તેણે ખેલેલા યુદ્ધમાં કયા ને કેટલા સાહિ રાજાઓ મરાયા તથા તેમાં તેમની કેટલી ખુવારી થઈ, એ જાણવાનું સાધન ન હોવાથી કાંઈ પણ કહી શકાય તેમ નથી. શકરાજ્ય નાશ પામ્યા પછી એ આગંતુક શકોમાંનો કેટલોક સામાન્ય વર્ગ અવાન્ત દેશમાં પણ વસ્યો હશે, કેટલોક રાજપૂતાના અથવા સૌરાષ્ટ્ર તરફ પણ ગયો હશે, પરંતુ એ સર્વ આજે અંધારામાં છે, કેમ કે તે વિષેનો જેવા જોઈએ તેવો સ્પષ્ટ ઉલ્લેખ ક્યાંયથી પણ મળતો નથી.

આમ છતાં; કુદરતની એ બલિહારી છે કે, વિક્રમાદિત્યના હસ્તે પરાજિત થયા છતાં અને [17]અરિષ્ટકર્ણી (ગૌતમીપુત્ર શાતકર્ણી)ના હસ્તે નાશ કરાયા છતાં એ શકજાતિના

સુબા 'ઉસવદાત'ના હુમલાને લઈ આન્ધ્રોને એ રાજધાનીનું સ્થળ આજથી ઘણાં વર્ષો પૂર્વે ફેરવવું પડયું હતું, એ નિર્વિવાદ વાત છે. આ આન્ધ્રનગરને 'કુમપુરાણ'માં કલિંગ-રાજ કહેવામાં આવે છે એ પૌરાણિક સત્ય હોય તો કહેવું જોઈએ કે આન્ધ્રો એ 'કલિંગ' જીત્યો હશે અને મહાનદી તથા ગોદાવરીના વચલા કલિંગ તરીકે તે વખતે ઓળખાતા પ્રદેશની પશ્ચિમમાં કોઈ જગાએ આન્ધ્રોની રાજધાની હશે.

૧૬ જૈન ગ્રંથોમાં આર્યખપુટાચાર્યના સમય વિષે બહુ જ ઓછું જાણવા મળે છે. 'પ્રભાવકચરિત'માં આપેલી "श्रीवीरमुक्तितः शत–चतुष्टये चतुरशीतिसंयुक्ते । वर्षाणां समजायत, श्रीमानाचार्यखपटगुरुः ॥ આ ગાથા આર્યખપુટાચાર્યનું અસ્તિત્વ મ. નિ. ૪૮૪માં જણાવે છે. પણ તે ચાલુ જૈન કાલગણનાના સંપ્રદાયને અનુસરીને છે. વીર–વિક્રમ વચ્ચે ૪૧૦ વર્ષનું અંતર માનનારા સંપ્રદાય પ્રમાણે એ આચાર્યનું અસ્તિત્વ મ. નિ. ૪૨૪ આવે. આ સમય આર્યખપુટના સ્વર્ગવાસનો હોઈ, તેમનું આચાર્યપદ "શ્રી વીર નિર્વાણ હુઆ પછી ત્રિણુસેં અને ઉગણાસી વર્ષ વીતે, શ્રીભૃગુકચ્છ નગરે શ્રી આર્યખપુટાચાર્ય હુઆ" આ વીરવંશાવલિના કથન પ્રમાણે મ. નિ. ૩૭૯ માં થયું હોય તો તે સંભવે છે. આ માનતાં ભરૂચના રાજા બલમિત્રના સમયે એમનું અસ્તિત્વ વગેરેનો મેળ પણ મળી રહે છે.

૧૭ આ અરિષ્ટકર્ણી (રિક્તકર્ણ)નું રાજ્ય મ. નિ. ૪૨૯ થી ૪૬૪ સુધી હતું. તે કુન્તલ સ્વાતિકર્ણનો પુત્ર, દીપિકર્ણનો ભ્રાતા અને હાલ (શાલિવાહન)નો કાકો થતો હતો. એની અને સ્વાતિના વચ્ચે ૧૯ વર્ષનું અંતર છે. એ અંતરમાં સ્કંધસ્વાતિ, મૃગેન્દ્ર-સ્વાતિકર્ણ, કુન્તસ્વાતિકર્ણ અને સ્વાતિકર્ણ (દીપીકર્ણ) એ ચાર રાજાઓ થયા હતા. એમ 'મત્સ્યપુરાણ' પરથી જણાય છે. પણ બીજાં પુરાણો અરિષ્ટકર્ણની પૂર્વે એક રાજા પુલોમાવીનું રાજ્ય ૩૬ વર્ષ ચાલ્યું હતું એમ માની ઉપરોક્ત અંતરને ૧૯+૩૬=૫૫ વર્ષ માને છે. કોઈક પુરાણ સ્કંધસ્વાતિના ૭ વર્ષને બાતલ કરી એ અંતર ૪૮ વર્ષ માને છે. પણ એ બન્ને સ્વાતિ અને અરિષ્ટકર્ણનું અંતર ૧૯ વર્ષ હોવાનો જ સંભવ છે અને તે જ વધારે વાજબી લાગે છે.

લોકોએ અવન્તિ અને આન્ધ્રસહિત પશ્ચિમ ભારતનું એક મહાન સામ્રાજ્ય સ્થાપ્યું અને શકસંવત્સર પ્રવર્તાવી લગભગ ત્રણ સદી સુધી શાસન કર્યું. એમના વંશજ તરીકે સંખ્યાબંધ રાજકુળો, બ્રાહ્મણકુળો અને વૈશ્યકુળો આજે હિન્દની વસ્તીનો એક વિશિષ્ટ વિભાગ થઈ પડેલો છે.[18]

---

૧૮ આ લેખમાં મેં જે જે ગ્રંથોની મદદ લીધી છે, તે તે ગ્રંથોના લેખક મહાશયોનો હું ઋણી હોઈ તેમનો અત્ર આભાર માનું છું અને બહુશ્રુત મહાત્માઓને નમ્રભાવે પ્રાર્થના કરું છું કે આ લેખમાં જે કાંઈ ક્ષતિ હોય તે સુધારવા તથા સૂચવવા તેમની સહજ ઉદારવૃત્તિનો ઉપયોગ કરશે.

"આપણાં 'ફાગુ' કાવ્યો" સંબંધમાં થોડી સૂચના

[લે. પં. લાલચંદ્ર ભગવાન ગાંધી. પ્રાચ્યવિદ્યામંદિર, વડોદરા]

'જૈન સત્ય પ્રકાશ'ના તા. ૧૫-૩-૪૬ ના ગત અંકમાં પ્રો. હીરાલાલ ર. કાપડિયાનો લેખ "આપણાં 'ફાગુ' કાવ્યો" નામથી પ્રકટ થયેલ છે, તેના અંતમાં તેમણે કરેલી જાહેર વિજ્ઞપ્તિને અનુસરી તે સંબંધમાં થોડી સૂચના કરવી ઉચિત જણાય છે.

[૧]

આચાર્ય શ્રી હેમચંદ્રે દેશીનામમાલામાં દર્શાવ્યા પ્રમાણે વસંતોત્સવ માટે પ્રાચીન સમયથી फग्गू શબ્દ-પ્રયોગ પ્રસિદ્ધિમાં છે, જે, ભાષામાં ફાગુ-ફાગ નામે પ્રચલિત જણાય છે. વસંતના ઉત્સવ સાથે સંબંધ ધરાવતાં, ઋતુના અભિનવ ઉલ્લાસને પ્રકટ કરતાં, જીવનના અભિનવ ભાવને ઉલ્લસિત કરતાં, વિશિષ્ટ વર્ણનાત્મક, વિશિષ્ટ શબ્દ-છટાવાળાં અને અર્થ-ગંભીર, યમક, અનુપ્રાસ આદિ અલંકારોથી શોભતાં, વિશિષ્ટ રચનાથી આકર્ષતાં કાવ્યો પણ એ ફાગુ-ફાગ નામથી પ્રસિદ્ધિમાં આવ્યાં છે. શારદાદેવીના કૃપાપાત્ર જૈન કવિઓએ—જૈનાચાર્યોએ-વિદ્વાન જૈન મુનિઓએ એ ગુજરાતી કાવ્ય-સાહિત્યની રચનામાં પણ પ્રશંસનીય પ્રયત્ન કર્યો છે. નેમીશ્વર, પાર્શ્વનાથ, મહાવીર, સ્થૂલભદ્ર, જંબૂસ્વામી જેવા મહાપુરુષોના વિશિષ્ટ જીવન-પ્રસંગોને એવાં કાવ્યોમાં વર્ણવીને-ગુણ-ગાન કરીને તેઓએ પોતાની કવિત્વશક્તિને અને જન-સમાજની રસિક વૃત્તિને ઉત્તમ માર્ગે વાળી છે. પ્રાચીન કવિઓનું રચેલું-બચેલું આવું સરસ સાહિત્ય, ભંડારોમાંથી-સંગ્રહોમાંથી સરસ રીતે પ્રકાશમાં આવે એ ઇચ્છવા યોગ્ય છે. કુશલ યોગ્ય અધિકારીઓ મળી રહેવા સંભવ છે.

[૨]

પ્રો. કાપડિયાએ [૧] સૂચવેલ સિરિથૂલિભદ્દ ફાગુ-(સ્થૂલભદ્ર-ફાગ), જે ગાયકવાડપ્રાચ્યગ્રંથમાળાના પ્રાચીન ગૂર્જર કાવ્યસંગ્રહમાં પ્રકાશિત થયેલ છે, તેના અંતમાં કર્તાનું નામ જિનપદ્મસૂરિ સૂચવેલું છે. જૈન ગૂર્જર કવિઓ [ભા. ૩, પૃ. ૪૨૧] માં રત્નવલ્લભ (?) નામ સાથે સૂચવાયેલી કૃતિ પણ આથી જુદી જણાતી નથી. ત્યાં ૨૭મા પદ્યમાં 'રયવલ્લભ' પાઠાંતર પરથી તેવી શંકા કરી જણાય છે. પ્રા. ગૂ. કાવ્યસંગ્રહમાં તે પદ્ય આવું છે—

"નંદઉ સો સિરિથૂલિભદ્દ જો જુગહ પહાણો,
મલિયઉ જિણિ જગિ મલ્લસલ્લરઇવલ્લહમાણો;
ખરતરગચ્છિ જિણપદમસૂરિકિય ફાગુ રમેવઉ,
ખેલા નાચઇ ચૈત્રમાસિ રંગિહિ ગાવેવઉ. ૨૭"

—અહિ મ્હારે પ્રાસંગિક સૂચવવું પડે છે કે-શ્રીયુત કે. કા. શાસ્ત્રીના 'આપણા કવિઓ'માં પ્રકટ થયેલી છાયા બહુ ભૂલભરેલી છે. ત્યાં (પૃ. ૨૩૩માં) ઉપર્યુક્ત પદ્યની પહેલી બે પંક્તિની છાયા આવી રીતે દર્શાવી છે–

"આનંદો તે શ્રીસ્થૂલભદ્ર જે જગનો પ્રભાવક।
મલ્યો જેને જગે મલ્લ-આલાપને વલ્લભમાન।"

અને પૃ. ૨૩૭માં જણાવ્યું છે કે–"આ કાવ્યમાં...અને સલ્લર (સિપાઈ-સાલાર) એ શબ્દો પ્રયોજાયેલા મળે છે, જેમાં તો ફેલ્લો અરબી છે."–એ કથન ભ્રાન્તિથી થયું લાગે છે. વાસ્તવિક રીતે તેમાં સલ્લર શબ્દ નથી, તેની છાયા આવી હોવી જોઈએ–

"નંદો તે શ્રીસ્થૂલભદ્ર જે યુગના પ્રધાન,
ગળ્યો જેણે જગે મલ્લ-શલ્ય-રતિવલ્લભ-માન;"

આપણા સાક્ષરો પ્રાકૃત, અપભ્રંશ, પ્રાચીન ગૂજરાતીનો ઊંડો અભ્યાસ કરી સાવધાનીથી વિધાનો કરે–એમ ઇચ્છીએ.

[૩]

પ્રો. કાપડિયાએ [૫]મું સૂચવેલ જીરાઉલિ પાર્શ્વનાથ ફાગુ કાવ્ય, જે કવિ મેરુનંદન ઉપાધ્યાયે સં. ૧૪૩૨ માં રચ્યું હતું, તે સં. ૧૯૭૭ માં મ્હારા સંપાદન કરેલા 'પાવાગઢથી વડોદરામાં પ્રકટ થયેલા જીરાવલા પાર્શ્વનાથ' ગ્રંથ [પૃ. ૬૭થી ૭૧]માં પ્રકાશિત થઈ ગયેલ છે.

[૪]

[૭] મું સૂચવેલ નેમીશ્વરચરિત ફાગબંધ અને ફાગબદ્ધ નેમિચરિત્ર એક જણાય છે; તથા તેના કર્તા માણિક્યસુંદરસૂરિ એ જ માણિક્યસૂરિ જણાય છે. શકુનસારોદ્ધારના કર્તા માણિક્યસૂરિની એ કૃતિ જણાતી નથી.

[૫]

પ્રો. હી. ર. કાપડિયાના લેખમાં [૧૪] મો સૂચવાયેલ ગૂજરાતી વસંતવિલાસ, જે વિ. સં. ૧૫૦૮ માં અહમ્મદાવાદમાં આચાર્ય રત્નાગરે લખ્યો હતો, તે સચિત્ર ગ્રન્થ વર્ષોથી પરદેશમાં પહોંચી ગયો છે, અને તે પ્રસિદ્ધિમાં આવ્યો છે. સદ્ગત સાક્ષર દી. બ. કે. હ. ધ્રુવનું ધ્યાન મેં એ તરફ વીશ વર્ષ પહેલાં ખેંચેલું કે–એ ગ્રન્થનું નામ સાથે અવતરણ જૈન વિદ્વાન રત્નમંદિર ગણિની ઉપદેશતરંગિણી (ય. વિ. ગ્રં. પૃ. ૨૬૮)માં મળે છે, જે ગ્રન્થકારે વિ. સં. ૧૫૧૭માં ભોજપ્રબંધની રચના કરી હતી. મ્હારા દર્શાવેલા એ ઉલ્લેખની નોંધ તેમણે 'પંદરમા શતકનાં પ્રાચીન ગૂર્જર કાવ્ય' (અહમ્મદાવાદ ગુ. વ. સોસાયટી દ્વારા સં. ૧૯૮૩ માં પ્રકાશિત)ની પ્રસ્તાવના [પૃ. ૧૪]માં લીધી છે [ત્યાં ટિપ્પણીમાં મ્હારું નામ ભૂલથી બાલચંદ્ર છપાયું છે].–એવી રીતે વિક્રમની સોળમી સદીના પ્રારંભમાં એ વસંતવિલાસ કાવ્ય જૈન વિદ્વાનોમાં જાણીતું હતું, અને એ પહેલાં વિ. સં. ૧૨૯૬ લગભગમાં જૈનાચાર્ય બાલચંદ્રસૂરિએ 'વસંત' અપર નામાંકિત મંત્રીશ્વર વસ્તુપાલના જીવન સાથે સંબંધ ધરાવતું સંસ્કૃત મહાકાવ્ય-વસંતવિલાસ રચ્યું હતું, જે ગાયકવાડપ્રાચ્યગ્રન્થમાલા [ગ્રં. ૭]માં પ્રસિદ્ધ થયું છે; પરંતુ પૂર્વોક્ત ગૂજરાતી વસંતવિલાસના લેખકને તેના કર્તા માનવા, અથવા ઉપરનાં કારણોથી તેના કર્તા જૈન હોવા જોઈએ–એવી માન્યતા વિચારણીય છે. એ ગૂજરાતી કાવ્ય સાથે

તેના ભાવને પોષનાં શૃંગારરસમય કામોદ્દીપક જે સંસ્કૃત પ્રાકૃત કાવ્યો જોડાયેલાં છે, તે પ્રાયઃ જૈનેતર કવિઓનાં પ્રાચીન કાવ્ય–નાટકોમાંથી વીણી વીણીને ઉદ્ધૃત કરેલાં જણાય છે. પર્યુષણા પર્વના ભાદ્ર શુ. પંચમી જેવા આત્મહિત–સાધનાના પવિત્ર દિવસે શાંતરસ–પોષક કર્તવ્યને બદલે ખુલ્લા શૃંગારરસને પોષતા આવા કાવ્યની રચના કોઈ જૈનાચાર્ય કરે, અથવા એવા કાવ્યને ગૃહસ્થના પઠન માટે લખી આપનાર આચાર્ય રત્નાગર, આવા સંયમી જૈનાચાર્ય હોય–એ માનવા મન અચકાય–એવું એમાં ઘણું છે. એ કાવ્યોનું સાચું રહસ્ય સમજનારા સમજી શકે તેવું છે. જૈનધર્મની માન્યતા–વિરુદ્ધ '**वलीयसी केवलमीश्वरेच्छा**' 'अहा! हाहा! हाहा! **हरिहरि** मृतः कोऽपि पथिकः।' પદ્ય ૭૭, ૨૧ વગેરે પદ્યો પણ તેમાં જોવામાં આવે છે. કથા, ચરિત્ર, કાવ્ય, રાસ વગેરેમાં પ્રાસંગિક વર્ણન કરવું–કવિ–રીતિને અનુસરીને ઉચિત મર્યાદિત રસોને પોષવા, શૃંગારરસમાંથી શાંત-રસ તરફ ચાતુર્યથી જન–સમાજના ચિત્તવૃત્તિને વાળવી–એવી વિશિષ્ટ જૈનાચાર્યોની શૈલી આમાં જણાતી નથી.

[૬]

'જૈન ગૂર્જર કવિઓ' ભા. ૨, પૃ. ૪૧૪ માં 'સ્થૂલિભદ્રના શૃંગારરસભરિત નવ રસો લખ્યા, તેથી કવિ ઉદયરત્નને તેમના આચાર્યે સંઘાડા બહાર કર્યો' એવી કિંવદન્તી માનવા યોગ્ય લાગતી નથી. કારણ કે તે પૂર્વે રચેલા બીજા અનેક જૈન મુનિ કવિઓએ નેમિજિન, સ્થૂલભદ્ર આદિને ઉદ્દેશી રચેલાં નવરસમય કાવ્યો મળી આવે છે

[૭]

પ્રો. હી. ર. કાપડિયાએ [૧૬] નારીનિરાસ ફાગ; કર્તા રત્નમંડનગણિ એ સંબંધમાં પરિચય કરાવતાં ભોજપ્રબંધ અને ઉપદેશતરંગિણીના રચનાર તરીકે રત્નમંડન ગણિને સૂચવ્યા છે, તે બીજાની ભૂલની નકલ જણાય છે. મંડનાંક સુકૃતસાગરકાવ્ય (પેથડ–ઝાંઝણ–પ્રબંધ), મુગ્ધમેધાકરાલંકાર, જલ્પકલ્પલતા, સંદેહસુંદર વગેરે રચનાર રત્નમંડનગણિની કૃતિ નારીનિરાસફાગ, રંગસાગરનેમિફાગ વગેરે જણાય છે; પરંતુ ભોજપ્રબંધ અને ઉપદેશતરંગિણી વગેરે રચનાર, તેમના ગુરુબંધુ રત્નમંદિર ગણિ એ અન્ય વ્યક્તિ છે. બન્નેએ તપાગચ્છીય નંદિરત્નગણિના શિષ્યો તરીકે અને ગચ્છનાયક સોમ-સુંદરસૂરિ–રત્નશેખરસૂરિના અનુયાયી તરીકે પોતાનો પરિચય આપ્યો છે.

[૮]

વિશેષમાં, વિધિપક્ષના ગજસાગરસૂરિ–શિષ્યે સં. ૧૬૬૫માં રચેલ નેમિચરિત્ર–(ફાગબંધ) જૈન ગૂર્જર કવિઓ [ભા. ૧, પૃ. ૪૦૩]માં નોંધેલ છે, તથા સં. ૧૬૯૬માં રચાયેલ વાસુપૂજ્ય–ફાગનો ઉલ્લેખ છે. હીરવિજયસૂરિ–ફાગ પણ જણાય છે. નાહટાજીના ઐતિહાસિક જૈન કાવ્ય સંગ્રહ [પૃ. ૨૧૫–૨૧૭]માં ખરતર-ગચ્છીય વાચનાચાર્ય ખેમહંસનું ગુર્વાવલીફાગકાવ્ય મળે છે. દિ૦ ભ૦ જ્ઞાનભૂષણે રચેલ એક આદીશ્વરફાગકાવ્યની નોંધ દિ. પં. નાથૂરામ પ્રેમીજીએ 'જૈન સાહિત્ય અને ઇતિહાસ'માં કરી છે. એવી રીતે સંશોધન કરવાથી બીજાં પણ આવાં નાનાં–મોટાં અનેક કાવ્યો મળી આવવા સંભવ છે. તે સર્વ સાહિત્ય પ્રશસ્ત પદ્ધતિએ પ્રકાશમાં આવે–તેમ ઇચ્છીએ.

સં. ૨૦૦૨, ચૈત્ર શુ. ૨

મહાપુરુષોનાં ચિત્રપટોનો વિરોધ

લેખક—પૂજ્ય મુનિમહારાજ શ્રીન્યાયવિજયજી (ત્રિપુટી)

હમણાં હમણાં છાપાંઓનાં પાનાં ઉપર જૈનસંઘને ચમકાવે એવી જાહેરખબરો આવી રહી છે. એક તો શાહ-મહેતા પ્રોડક્શન તરફથી 'શ્રીપાલ કુમાર અને મયણાસુંદરી' તથા 'ચક્રવર્તીભરત'નાં બે બોલપટો જૈન લેખકો, જૈન વિદ્વાનો અને જૈન કલાકારોના સહકારથી તૈયાર થવાની જાહેરાત છે. અને બીજી જાહેરાત છે મહાવીર પીક્ચર્સની; જેમાં સ્થૂલિભદ્ર અને કોશા, સમ્રાટ કુમારપાલ, મહાદેવી રાજુલા, ભગવાન હેમચંદ્રસૂરિ અને શાલીભદ્ર યાને ધન્ના કુમાર આ પાંચ બોલપટો-ફિલ્મો તૈયાર કરવાની વાત છે.

આ સમાચારથી જૈનસમાજમાં વિરોધનો વંટોળ ઊઠયો છે. એકલા જૈનો જ નહિ, કિન્તુ કોઈ પણ સમાજ પોતાના ઈષ્ટદેવ કે ધર્મગુરુના પાત્રને નાટકના સ્ટેજ ઉપર જોવાનું પસંદ ન જ કરે; પોતાના પૂજ્ય પુરુષોના જીવનને એક વેશધારી ધારણ કરે એ ઉચિત પણ નથી જ. પરંતુ ઉપરની જાહેરાત આપણું લક્ષ્ય એટલા ખાતર વધારે ખેંચે છે કે આ જૈન કંપનીઓ છે; અને આ ચિત્રપટો પણ જૈન લેખકો, વિદ્વાનો અને કલાકારોની મદદથી તૈયાર થવાનાં છે એમ સૂચવાયું છે. આપણે આ જૈન કંપનીઓને પૂછી શકીએ કે આપ શા માટે આપણા મહાપુરુષોને આવી રીતે ચિત્રપટમાં ઉતારવા તૈયાર થયા છો? જો તમે એમ કહો કે જૈન મહાપુરુષોના જીવનચરિત્રથી જગતને વાકેફ કરવા; અને જૈન સિદ્ધાંતનો આ નિમિત્તે પ્રચાર કરી જૈનધર્મ પ્રતિ બીજાઓને આકર્ષવા આ પ્રયત્ન છે તો એનો જવાબ એ છે કે નાટક કે સિનેમાથી કદી પણ કોઈ ધર્મનો પ્રચાર થયો હોય એવું તમારા અનુભવમાં છે ખરું? આજે દુનિયા ભરમાં વધુમાં વધુ પ્રચલિત બૌદ્ધ ધર્મ અને ક્રિશ્ચિયન ધર્મ કહેવાય છે. જનગણનાની સંખ્યામાં આ બે ધર્મના અનુયાયીઓની સંખ્યા વધારે જણાવાય છે. પરંતુ આ બન્ને ધર્મના મનાતા મહાપુરુષોનાં ચિત્રપટો ઊતર્યાં પહેલાં જ તેમના અનુયાયી વધારે હતા, નહીં કે તેમનાં ચિત્રપટો ઊતર્યાં પછી તેમના અનુયાયીઓ વધ્યા છે. તેમાંયે બૌદ્ધધર્મના અનુયાયીઓએ તો બુદ્ધદેવની ફિલ્મ માટે સખત વાંધો ઉઠાવ્યો છે, અને તે કારણે એક ફિલ્મકંપનીએ ભગવાન બુદ્ધદેવનું ચિત્ર ઉતારવાની યોજના પડતી મૂકયાની વાત જાણીતી છે. સિલોનમાં આ ફિલ્મ માટે બહુ જ સખ્ત વિરોધ ઊઠયો હતો અને હું ન ભૂલતો હોઉં તો ત્યાંની સરકારે એ ફિલ્મ ઉપર પ્રતિબંધ મૂકયાનું પણ મને સ્મરણ છે. એટલે ફિલ્મચિત્રોથી ધર્મપ્રચાર કે સાહિત્યપ્રચાર એ તો વાતો જ માત્ર લાગે છે. હું તમને જ પૂછું છું—રામાયણ કે મહાભારતનાં ચિત્રપટો જોઈ કેટલા નવા ધર્માનુયાયીઓ વધ્યા એ જણાવશો ખરા? હાં, એમ બન્યું છે ખરું કે એ ચિત્રપટો પહેલાં પહેલાં બહાર આવ્યાં ત્યારે જનતાએ તેનો સત્કાર કર્યો, ચિત્રપટની કંપનીએ એ ખૂબ ધન મેળવ્યું; પરંતુ આખર તો એ પણ ચર્વિતચર્વણ જેવી જ થઈ ગઈ એટલે આ ચિત્રપટોથી ધર્મપ્રચાર કે સાહિત્યપ્રચાર એ તો નરી વાતો જ લાગે છે. હાં, આર્થિક લાભ જરૂર થશે એમાં તો સંદેહને સ્થાન જ નથી. પરંતુ એ મહાનુભાવોને હું એટલું જરૂર સૂચવીશ કે ક્ષણિક અર્થલાભને ખાતર આવા લોકોત્તર જીવનધારી મહાપુરુષોને ચિત્રપટનાં રમકડાં બનાવવા ઉચિત નથી.

બીજું આર્થિક લાભને ખાતર તૈયાર થતાં ચિત્રપટોમાં તમે એ મહાપુરુષના જીવનને યોગ્ય ન્યાય નહિ જ આપી શકો. પ્રેક્ષકો ત્યાં ત્યાગ, વૈરાગ્ય, ધર્મ, ન્યાયનીતિ, અહિંસા, સંયમ, તપ અને સત્યનો ઉપદેશ લેવા નથી જતા; પ્રેક્ષકો તો વૈભવવિલાસ, મોજમજાહ

અને આનંદ ખાતર સિનેમા જોવા જાય છે. જો પ્રેક્ષકો ધર્મભાવના અને ધર્મોપદેશ લેવાની શુદ્ધ ભાવનાથી જ સિનેમાઘરોમાં જતા હોય તો તો આજનાં અશ્લીલ, શૃંગારના પૂતળા જેવા સિનેમાઓને તાળાં જ લાગી જાત. પરંતુ એ જ ચિત્રપટો વધુ પ્રચલિત બને છે જેમાં કુતૂહલ, તુચ્છ માનસિક વૃત્તિઓને પોષક, વિષય અને કષાયની આસક્તિ વધારનારાં અને સંસારપોષક તત્ત્વ વધુ હોય છે. એટલે આ લોકોત્તર જીવનધારી મહાપુરુષોનાં જીવનચરિત્રમાં તમારે મનસ્વી કલ્પનાઓ ઊમેરી મૂલ ચિત્રને વિકૃત કરવું જ પડશે. એક વાર કલ્પના ખાતર તમારી દલીલ માની પણ લઈએ કે તમે જૈન છો, એટલે લોકોત્તર મહાપુરુષના મૂલ જીવનમાં લેશ માત્ર ફેરફાર કે કલ્પના નહીં ઊમેરો. પરંતુ આજે એક જૈન કંપની જૈનધર્મના લોકોત્તર પુરુષોનાં જીવનને ફિલ્મમાં ઉતારે તો કાલે કોઈ પણ અન્ય-જૈનેતર ફિલ્મ કંપનીવાળા જૈનધર્મના મહાપુરુષના જીવનચરિત્રને ફિલ્મપટ ઉપર ઉતારતાં નહિ અચકાય અને તે કંપનીઓ મહાપુરુષોનાં જીવનચરિત્રમાં ફેરફાર નહિ જ કરે એની કોને ખાતરી છે? આપણે જોઈએ છીએ કે—શ્રીયુત ક. મા. મુનશીએ ગુજરાતના મહાન જ્યોતિર્ધર, કલિકાલસર્વજ્ઞ, આચાર્ય શ્રી હેમચંદ્રાચાર્યજીના જીવનપ્રસંગોને વિકૃત ચિતરતાં કયાંય આંચકો ખાધો છે ખરો? એક બાજુએ સૂરિપુંગવને ભવ્ય અંજલિ આપે છે અને બીજી બાજુ એ વિકૃત ચિત્રને વાસ્તવિક ઠરાવવા એટલા જ પ્રયત્ન પણ કરે છે. 'જયગુજરાત'માં મેઘાણી જેવા સમર્થ લેખકે પણ અમુક છૂટ લેતાં પાછી પાની કરી છે ખરી? પોતાને જૈન કહેવરાવતા ગુજરાતના નવલકથાલેખક શ્રી ચુનીલાલ વર્ધમાન શાહે 'રાજહત્યા'માં જૈન પાત્રોને વિકૃત રજુ કરતાં સંકોચ રાખ્યો છે ખરો? અરે, એ નવલકથાની વાત બાજુ પર રાખીએ, પરંતુ પૂંજાભાઈ જૈન ગ્રંથમાળા તરફથી ગોપાલદાસ પટેલે બહાર પાડેલાં જૈન સૂત્રોના અનુવાદમાં પણ શ્રીયુત પટેલ મહાશયે વિપાકસૂત્રની પ્રસ્તાવનામાં કેવી કેવી વિચિત્ર અને મૂલસૂત્રકારના આશયને વિપરીત રજુ કરતી શ્રેણી—દલીલો રજુ કરી છે, એ કોનાથી અજાણ્યુ છે? ભગવતી સૂત્ર અને દશવૈકાલિક સૂત્રના માંસના પાઠો માટે પણ એમણે કેવું વિચિત્ર વલણ લીધું હતું એ કોનાથી અજાણ્યું[1] છે. જુઓ તો ખરા—જૈન સાહિત્યના એક માત્ર પ્રચારના જ ઉદ્દેશથી પ્રગટ થતી જૈન ગ્રંથમાળા, અને સાહિત્ય પણ જૈનસૂત્રનું જ હોવા છતાંયે, ભાષાંતરકારે કેવી કેવી અયોગ્ય છૂટ લીધી છે! એ ઓછું દુઃખદાયક નથી. એમની ભાષા સારી છે, શૈલી સુંદર છે, પરંતુ મૂલ સૂત્રકારના આશયથી વિરુદ્ધ દિશામાં દોરવાઈ જતી એમની વિચારસરણી એમાં દાખલ થાય એમાં ઔચિત્યભંગ સ્પષ્ટ દેખાય છે. ભાષાંતરકારની સ્પષ્ટ ફરજ એ જ હતી કે એ ગ્રંથમાં મૂલકાર ભગવંતનો આશય જળવાય એટલો અને એવો જ વિચારશ્રેણીને સ્થાન આપવું. એ માટેના પોતાના વિચારો રજુ કરવાનું સ્થાન બીજું હોય, એ પુસ્તક ન હોઈ શકે એવું મારું નમ્ર છતાં દઢ મંતવ્ય છે.

આ તો થોડો પ્રાસંગિક વિષયાંતર થયો. હવે મૂલ વસ્તુ તરફ વળીએ. મારા કહેવાનો આશય એટલો જ છે કે આવાં ચિત્રપટોથી કદીયે જૈનધર્મના સિદ્ધાંત કે સાહિત્યના પ્રચારની આશા રાખવી તે ઝાંઝવાનાં જળ જેવી છે.

હવે જાહેર ખબર આપનાર મહાનુભાવે જે એમ સૂચવ્યું છે કે આમાં જૈન લેખકો,

---

૧ આ માટે "જૈન સત્ય પ્રકાશના"ના અંકોમાં તેમનો પત્રવ્યવહાર વાંચવા ભલામણ કરું છું.

વિદ્વાનો અને કલાકારોનો સહકાર છે તો એમને પૂછું છું કે ભાઈ, તમે એમનાં નામ જાહેર કરો. સમાજ એમને પ્રેમભાવે પૂછશે કે તમે ચિત્રપટમાં જે સહકાર આપી રહ્યા છો તે કયા અને કેવા લાભની આશાએ સહકાર આપી રહ્યા છો? એમની પાસે સબળ દલીલો હોય તો અમારો એવો પૂર્વગ્રહ નથી કે એમની દલીલોનો વિચાર ન કરીએ. પરંતુ વિદ્વાનો, જૈન લેખકો અને કલાકારોનો સહકાર ન હોય તો તમે સાફ સાફ જાહેર કરો કે અમારે જૈનધર્મના મહાપુરુષોને ચિત્રપટ ઉપર ઉતારવા છે અને આર્થિક કમાણી કરવી છે.

આ સામે કેટલાક એવી દલીલો કરે છે કે તમારામાં સંવાદો ભજવાય છે તેમ જ કલ્યાણકમહોત્સવો પણ ઉજવાય છે તેનું કેમ? તેના જવાબમાં જણાવવાનું કે સંવાદોમાં માત્ર ગૃહસ્થોનાં પાત્રો લેવાય છે, મૂલ પાત્રના મુખના શબ્દો મૂકવામાં આવે છે—એમની વિચારશ્રેણી બરાબર જળવાય છે. આમાં સ્ત્રીપાત્ર નથી, વિલાસ કે શૃંગારને સ્થાન નથી, માત્ર ધર્મશ્રદ્ધાથી પોતાના પૂર્વજોના ગૌરવને રજુ કરવા પુરતા જ આ સંવાદોનું મહત્ત્વ છે. કલ્યાણકમહોત્સવો પણ એકાન્ત ધર્મભક્તિ અને ધર્મશ્રદ્ધાથી જ ઉજવાય છે. અને તે પણ શાસ્ત્રાનુસારી નિયમો મુજબ જ ઉજવાય છે. એટલે ચિત્રપટ તૈયાર કરનાર મહાનુભવોની દલીલો અહીં ટકી શકતી જ નથી. સંવાદો કે કલ્યાણકના ઉત્સવમાં ક્યાંય સાધુનું પાત્ર, તીર્થંકર દેવ કે આચાર્ય ભગવંતના સંવાદો કે પાત્રો નથી જ આવતાં.

એટલે જૈનધર્મના મહાપુરુષોનાં ચિત્રપટો ઊતરે એ કોઈ રીતે ઉચિત નથી. અત્યાવધિ જૈનસંઘે આવા આવા પ્રયત્નોનો વિરોધ ઉઠાવી એ પ્રયત્નો બંધ રાખવા બનતું કર્યું છે. તો સમજદાર અને લાગવગવાળા જૈન શ્રીમંતો વિદ્વાનો જલદી જાગે અને બહુ મોડું થાય તે પહેલાં જ જાગૃત થઈ આ ચિત્રપટો બંધ રખાવવા પ્રયત્ન કરે એમ ઇચ્છું છું.

આ સમયે જૈન સંઘને પણ બે શબ્દો કહું તો અસ્થાને નહિ લેખાય. મેં તો તલાજા પ્રકરણમાં, આ ચિત્રપટ પ્રકરણમાં અને અત્યાર અગાઉના આવાં બીજા પ્રકરણોમાં જોયું છે કે આપણા પ્રયત્નો ખંડ ખંડ થાય છે; સામૂહિકપણે જે પ્રયત્ન થવો જોઈએ તે નથી થતો. ખંડ ખંડ પ્રયત્ન કારગત નહિ નિવડે. આ માટે તો એક સાધુઓની કમિટી જે મુનિસમ્મેલને નીમેલી છે તે લાગવગવાળા શ્રાવકો—કે જેમને કંઈક કરવાની ભાવના હોય, સમય હોય અને સેવા ભાવ હોય તેવા ધર્મનિષ્ઠ જૈનોની સાથે મળીને જરૂર કંઈક કરી શકે. નહિ તો મુનશી, કૌશાંબી, રાહુલ સાંકૃત્યાયન, પટેલ, ચુનીલાલ વર્ધમાન શાહ જેવા લેખકો જૈનધર્મ ઉપર આક્ષેપો મૂકશે; તલાજા જેવા ભીષણ દુઃખદ પ્રસંગો બનશે અને ચિત્રપટ ઉપર જૈન મહાપુરુષોનાં ચિત્રો રમકડાની જેમ આવશે અને આપણે રોકી નહિ શકીએ.

આવા પ્રસંગો અને આવી ચર્ચાઓ આપણને જાગૃત થવાના સૂર સંભળાવે છે, આપણને એકદિલ થવાના નાદ સંભળાવે છે. માટે હું તો શ્રીસંઘને સાદર એ જ પુનઃ પુનઃ વિનવું છું કે આપસના ક્ષુદ્ર મનોભેદોને દફનાવી દઈ ભગવાન શ્રીમહાવીરદેવના ધર્મઝંડા નીચે એક થઈ, કૃતનિશ્ચયી બની કટીબદ્ધ થાઓ; અને સંઘમાં જે અમોઘ શક્તિ છે, અપૂર્વ તાકાત છે, પૂર્ણ સામર્થ્ય છે, તેને પ્રગટ કરો. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને અને જૈન કોન્ફરન્સને પણ સૂચવું છું કે જે મહાન આદર્શ અને ઉદ્દેશની સિદ્ધિને ખાતર આ સંસ્થાઓનું અસ્તિત્વ છે તેની સફળતા માટે પ્રયત્નશીલ બનો, અને જૈન સંઘના ગૌરવને ઉજ્જવળ બનાવો! અસ્તુ!

निर्भ्रान्त-तत्त्वालोक

[दान-शील-तप-भावनाविधार्मिकविशिष्टव्याख्यानरूपो निबन्धः]

प्रणेता-पूज्य मुनिमहाराज श्रीवल्लभविजयजी, बीकानेर

[गतांकसे क्रमशः]

और भी कहा है कि–

> ऊर्ध्वबाहुर्विरौम्येष न च कश्चिच्छृणोति मे ।
> धर्मादर्थश्च कामश्च स किमर्थं न सेव्यते ॥

अर्थात् हे लोगो ! मैं अपने बाहुओं को खूब ऊंचे उठाकर जोर से चिल्लाता हूं, लेकिन मेरा कोई नहीं सुनता; अर्थात् मेरा चिल्लाना अरण्यरुदन है । क्यों कि धर्म से अर्थ होता है और धर्म से ही काम भी होता है अतः वह (मनोवाञ्छितदायक, कल्पतरुकल्प) धर्म लोगों के द्वारा क्यों नहीं सेवा जाता है ?

इसी तरह धर्म के अनेक तरह के वर्णन शास्त्र में भरे पडे हैं, शास्त्र धर्ममय है अथवा धर्म की व्याख्या शास्त्र है यह कहे तो भी कुछ अत्युक्ति नहीं, धर्म का विषय अति गहन गंभीर और अत्यन्त दुरूह है । पहले कहा जा चुका है कि धर्म, अर्थ, काम और मोक्ष ये चार पदार्थ मनुष्य प्रयोजनीय हैं और उनमें सब से उत्तम परम पुमर्थ और सुदुर्लभ मोक्ष नाम का चौथा पदार्थ है । किन्तु उस मोक्ष की भी प्राप्ति धर्म से ही होती है और अर्थ तथा काम की भी प्राप्ति धर्म से ही होती है अतः यह सवाल सामने खड़ा होता है कि जिसकी बड़ी बड़ी व्याख्यायें हैं और जो जीवनसंग्राम में विश्वविजय पानेवाली बड़े महत्त्व की चीज है वह क्या है ? कैसा है ? वही धर्म है, तो उसका कुछ विशेष लक्षण उपस्थित किया जाता है।

> अतोऽत्र प्रथमं वक्ष्ये श्रूयतां धर्मलक्षणम् ।
> सद्दृष्टिज्ञानचारित्र्यं धर्मं धर्मविदो विदुः ॥
>
> संप्रज्ञतो द्विधा धर्मः श्रुतधर्मस्तथैव च ।
> चारित्रधर्मो ह्यपरः स्यागमे सर्ववेदिभिः ॥
>
> [धर्मो मङ्गलमुत्कृष्टमहिंसा संयमस्तपः ।
> देवा अपि तं नमस्यन्ति यस्य धर्मे सदा मनः ॥] छाया
>
> दशवैकालिकेऽप्येवं धर्मलक्षणमुत्तमम् ।
> लोकानां हितकामाय प्रोक्तं भगवताऽर्हता ॥
>
> ज्ञानं च दर्शनं चैव चरित्रं च तपस्तथा ।
> मोक्षमार्गोऽयमुद्दिष्ट उत्तराध्ययने जिनैः ॥
>
> धारणाद्धर्ममित्याहुर्धृञ् धातोः सुधान्विताः ।
> चोदनालक्षणो धर्मः प्राहुर्मीमांसका इति ।

विहितक्रियया जातं धर्मं तर्कविदो विदुः ।
आत्मानुकूलमर्थं तु धर्ममन्ये किलोचिरे ॥

सम्यग् दृष्टि, सम्यग् ज्ञान और सम्यक् चरित्र धर्म है अर्थात् मोक्षका मार्ग है ऐसा धर्मजानने वालों ने कहा है। यह धर्म का सर्वसम्मत सर्वथा ग्राह्य लक्षण है। क्योंकि विश्व के सभ्यशास्त्र में जितने धर्म के लक्षण अल्प वा अधिक रूप से कहे गये हैं सब का इसी में समावेश हो जाता है अतः सद्दृष्टि ज्ञान चारित्र का नाम धर्म है,यह धर्म के सर्वश्रेष्ठ लक्षण हैं। क्यों कि संसार में जितने भी कार्य है प्रत्येक कार्य को प्रायः पहले देखा जाता है या विचारा जाता है, इसके बाद उस में क्रिया की जाती है तब वह कार्य सम्पन्न होता है, अतः मोक्ष जैसे सुदुर्लभ कठिनतम कार्य के सम्पादन करने के लिये तो सब तरह से अच्छी दृष्टि चाहिये और सब तरह से सुन्दर उत्तम प्रज्ञा चाहिये तथा हर तरह से उत्तमोत्तम आचरण चाहिये; तभी वह सफल हो सकता है। जिसमें अधूरी दृष्टि, अधूरा ज्ञान और अधूरा आचरण रहेगा वह किसी तरह भी मोक्ष को प्राप्त नहीं कर सकता, चाहे दुनिया की अन्य कोई सम्पत्ति उसे भले प्राप्त हो जाय। अतः सिद्ध हो गया कि सद्दृष्टि ज्ञान चारित्र मोक्ष मार्ग का साधक है और उसे ही धर्म कहते है। शास्त्रकारोंने भी—"सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः" अर्थात् सम्यग् दर्शन, ज्ञान और चारित्र मोक्ष का मार्ग है, ऐसा कहा है। बहुतेरेने तो लघुता के लिए "ज्ञानक्रियाभ्यां मोक्षः" अर्थात् ज्ञान और क्रिया इन दोनोंस मोक्ष होता है ऐसा कहा है। यह भी ठीक ही है, और पूर्व लक्षण के अन्तर्गत है, क्योंकि ज्ञान और क्रिया से मोक्ष मानने वाले ज्ञान के अन्तर्गत ही दर्शन को भी मानते हैं इस लिये कुछ भी विरोध नहीं। दूसरी बात यह कि प्राचीन शास्त्रकारोंनें लाघव को अधिक अपनाया है, इसीलिए उन लोगों में यह कहावत लागु होती है कि—"एकमात्रालाघवेन पुत्रोत्सवं मन्यन्ते प्राचीनाः शास्त्रकाराः।" वास्तव में प्राचीनोंकी सूत्ररचना अल्पाक्षर और पूर्णप्रमेय युक्त बहुवर्थक है। इसी लिए तो आज उनके छोटे छोटे सूत्रों पर विशाल ग्रन्थरूप भाष्य, चूर्णी, टीका आदि देखे जाते हैं।

सम्यग् दर्शन ज्ञान और चारित्र मोक्ष मार्ग है और उसे ही धर्म भी कहते हैं अर्थात् मोक्ष का मार्ग धर्म है। मोक्षमार्ग के लिए अन्य तरह से भी जो कुछ प्रतिपादन किया गया है वह इससे अलग नहीं, केवल कहने में भले ही अलग प्रतीत होता हो। जैसे ठाणाङ्ग सूत्र में कहा है कि—

"दोहिं ठाणेहिं अणगारे संपन्ने अणादियं अणवयग्गं दीहमद्धं चाउरंतं संसारकंतारं वीतिवएज्जा। तंजहा-विज्जाए चेव चरणेण चेव।

—(स्थानांगसूत्र. स्थान २, उद्देश १)

अर्थात् इस संसारसागर से पार जाने के लिये विद्या और चरण (चारित्र) ये दो ही कहे गये हैं। यहां 'विज्जाए चेव' और 'चरणेण चेव' इन दोनों में एवकार लगा देने से अन्य उपायों का निषेध भी किया है। अर्थात् विद्या और चारित्र ये ही दो धर्म सुदुस्तर संसार से पार करने वाला धर्म है अन्य धर्म नहीं है। लेकिन यहां भी 'विद्या' शब्द से ज्ञान और दर्शन का ग्रहण किया गया है, क्यों कि सम्यग् दर्शन ज्ञान का ही भेद है। टीकाकार ने भी "विद्याग्रहणेन दर्शनमपि अविरुद्धं द्रष्टव्यं ज्ञानभेदत्वात् सम्यग्दर्शनस्य। इत्यादि उसी-तरह लिखा है।

'संप्रज्ञप्तो द्विधा धर्म इति।' धर्म दो प्रकार के बतलाये गये हैं, प्रथम श्रुतधर्म, और दूसरा चारित्र धर्म। यह धर्मलक्षण धर्ममर्मज्ञ सर्वज्ञ भगवान् ने स्थानांग सूत्र में कहा है। स्थानांग सूत्र के २ स्थानमें इसी तरह पाठ है–"दुविहे धम्मे पन्नत्ते, तंजहा–सुयधम्मे चेव चारित्तधम्मे चेव" अर्थात् श्रुत, और चारित्र ये दो ही प्रकार के धर्म है। स्वाध्याय(शास्त्रपाठ) को श्रुत कहते हैं और श्रमण अर्थात् सम्यग्दृष्टि साधु के धर्म को चारित्र कहते हैं अथवा श्रुत का अर्थ ज्ञान और दर्शन है इससे भो वही सिद्ध होता है कि सम्यग् दृष्टि सम्यग् ज्ञान और सम्यक् चारित्र को धर्म कहते हैं। वास्तव में वीतराग भगवान् की आज्ञा ही धर्म है वह सम्यग् ज्ञान सम्यग् दर्शन और सम्यक् चारित्ररूप है। श्री भगवती सूत्र में भी इसी तरह लिखा है कि–

"कतिविहा णं भन्ते! आराहणा पण्णत्ता? गोयमा! तिविहा आराहणा पण्णत्ता, तंजहा—नाणाराहणा दंसणाराहणा चारित्ताराहणा। णाणाराहणा णं भंते! कतिविहा पण्णत्ता। गोयमा! तिविहा पण्णत्ता। तंजहा उक्कोसिया मज्झिमा जहण्णा। दंसणाराहणा णं भंते! एवंचेव तिविहावि एवं चारित्ताराहणावि"

—[भगवती सूत्र शतक ८ उद्देश १०]

अर्थात् (प्रश्न) हे भगवन्! आराधना के कितने भेद हैं? (उत्तर) हे गोतम! आराधना के तीन भेद हैं, जैसे प्रथम ज्ञानाराधना, दूसरी दर्शनाराधना और तीसरी चारित्राराधना। (प्रश्न) हे भगवन्! ज्ञानाराधना के कितने भेद हैं? (उत्तर) हे गोतम! ज्ञानाराधना के तीन भेद हैं, जैसे उत्कृष्ट ज्ञानाराधना मध्यम ज्ञानाराधना और जघन्य ज्ञानाराधना। इसी तरह दर्शनाराधना और चारित्राराधना के भी तीन तीन भेद समझना चाहिये।

अब भगवतीसूत्र के उपर्युक्त वाक्यों के सारांश से भी यही सिद्ध होता है कि सम्यग् दृष्टि सम्यग् ज्ञान और सम्यक् चारित्र ही 'धर्म' है, वा उसीको दूसरे नाम से श्रुत और चारित्र कहते हैं।

'धर्मो मंगल मिति' धर्म मंगल है यानी कल्याणकारक है, उत्कृष्ट है यानी सर्वश्रेष्ठ है और वह धर्म अहिंसा संयम तथा तपस्वरूप है। उन्हें देवता भी वन्दना करते हैं जिनके मन हमेशां धर्म में लगे रहते हैं। धर्म के पूर्ण महत्त्व को अच्छी तरह जानने वाले सर्वज्ञ भगवान् ने दशवैकालिक सूत्र में लोगों के कल्याण के निमित्त यह धर्म का लक्षण कहा है।

यहां धर्म को मंगल कहा है और सर्वोत्कृष्ट कहा है तथा अहिंसा संयम और तपोरूप कहा है, तथा धर्म करने वालों को देव भी वन्दना करते हैं ऐसा कहा है, इतने विशेषणों से युक्त कहा है। अर्थात् मोक्षरूप सर्वोत्कृष्ट मंगल देनेवाला धर्म है यह उपर्युक्त वाक्य का तात्पर्यार्थ हुआ और धर्मी को देववन्द्य विशेषण से युक्त कहने से तो धर्म का मोक्ष साधकत्व और सुस्पष्ट हो जाता है, क्योंकि स्वर्गिक सुख से भी मोक्ष सुख कहीं अधिक है इसी लिये देवतालोग भी धर्मवान् को वन्दना करते हैं, अतः इससे भी यही सिद्ध हुआ कि परम पुमर्थ मोक्ष साधक धर्म है और वह धर्म सम्यग् दर्शन ज्ञान चारित्र स्वरूप है।

इस तरह दूरदर्शी सर्वज्ञोंने धर्म का लक्षण गुढाभिप्रायगर्भित सुस्पष्ट पूर्णप्रमाणयुक्त सर्वथा सत्य कहा है। किन्तु सर्वज्ञोक्त धर्मलक्षणकी सामान्य स्पष्ट बातों को देखते हुये भी कितने लोगों ने वास्तविक धर्मलक्षण का मनमौजी अनर्थ कर दिया है, जैसे भ्रमविध्वंसनकार भिक्षुस्वामी के अनुगामी श्रीजीतमलजीने अपने 'भ्रमविध्वंसन' के प्रथमारम्भ में ही लिखा है कि—

"भगवान् रो धर्म तो केवली री आज्ञा माही छे। ते धर्म रा २ भेद, संवर, निर्जरा. ए बिहूं भेदां में जिन आज्ञा छै। ए संवर निर्जरा बेहूं इ धर्म छै। ए संवर निर्जरा टाल अनेरो धर्म नहीं छै। केइ एक पाषण्डी संवर ने धर्म श्रद्धे पिण निर्जरा ने धर्म श्रद्धे नहीं। त्यांरे संवर निर्जरारी ओलखणा नहीं। ते संवर निर्जरा रा अजाण थका निर्जरा धर्मने उथापवा अनेक कुहेतु लगावे। जिम अनाणवादी पाषण्डी ज्ञान ने निषेधे तिम केई पाषण्डी साधु रा वेष माहिं साधु रो नाम धरावे छै। अने निर्जरा धर्मने निषेध रह्या छै। अने भगवान तो ठाम २ सूत्र में संयम, तप, ए बिहुं धर्म कह्या छै।"

—[भ्रम विध्वंसन पृष्ठ. १]

भ्रमविध्वंसनकार के उपर्युक्त वाक्यों का तात्पर्यार्थ यह है कि भगवान की आज्ञा ही भगवान् का धर्म है और वह धर्म दो प्रकार का है, प्रथम संवर और दूसरा निर्जरा। इसके अलावा अन्य कोई धर्म नही है,इससे अन्यथा धर्म के निरूपण करनें वाले अज्ञानी हैं, पाखण्डी हैं, धूर्त हैं इत्यादि। मैं भ्रमविध्वंसनकार और उसके अनुगामियों से पूछता हूं कि आप अपनी अविशेषदर्शिता अल्पज्ञता का सर्वदर्शी सर्वज्ञ के निर्मल वचन पर क्यों दुरुपयोग कर रहे हैं! क्योंकि भगवान् ने श्रुत और चारित्र अर्थात् सम्यग् ज्ञान सम्यग् दर्शन और सम्यक् चारित्र को हि धर्म कहा है। *आगम (स्थानांग सूत्र) भी यही कहता है कि–"दुविहे धम्मे पन्नत्ते तंजहा–सुयधम्मे चेव चरित्तधम्मे चेव"* किन्तु आपकी राय में संवर और निर्जरा ये ही

दोनों धर्म हैं। किन्तु किसी भी प्रामाणिक आगम में ऐसा पाठ नहीं है कि "दुविहे धम्मे पन्नत्ते तंजहा—संवरधम्मे चेव निज्जराधम्मे चेव" अतः श्रीमान् दूसरों के भ्रम देखने चले किन्तु अपने सामने के पहले भ्रम को भी देख न सके अथवा श्रीमान् भ्रमविध्वंसनकारजी की कृति में "प्रथमग्रासे मक्षिकापातः" यह कहा जाय तो कुछ भी अनुचित नहीं होगा। यदि कुछ देर के लिये इनकी मनमानी बालबोधता को मान भी लो जाय तो "भक्षितेऽपि लशुने न शान्तो व्याधिः" यही कहावत चरितार्थ होती है, क्योंकि संवर और सकाम निर्जरा ही श्रुत और चरित्र के अन्दर हैं अतः वे धर्म हो सकते हैं, किन्तु श्रीमान्जी संवर और निर्जरा को धर्म कहते हैं, केवल निर्जरा कहने से अकाम निर्जरा भी ग्रहण होती है और अकाम निर्जरा मिथ्यादृष्टियोंमें भी होती है अतः वह भी मोक्ष का आराधक होता है। किन्तु किसी भी शास्त्र सिद्धान्त में मिथ्यादृष्टि को मोक्षमार्ग का आराधक नहीं कहा है अतः भ्रमविध्वंसनकार का संवर निर्जरारूप धर्म का लक्षण अल्पज्ञतापूर्ण है और सर्वथा त्याग करने योग्य है। इतना ही नहीं इनके विशुद्ध हृदय के उद्गार को और भी गौर करके देखिये—आप साहब तो धर्म के लक्षण स्वयं शास्त्रविरुद्ध और सर्वज्ञवचनविरुद्ध कर रहे हैं इस पर भी तुर्रा यह कि इससे (संवर निर्जरा से) अतिरिक्त जो कोई धर्म (वास्तविक धर्म) का लक्षण करता है वह आप की राय में अज्ञानी है, पाखण्डी है, धूर्त है—ऐसा विष भरा वचन आप के ही मुखारविन्दसे निकल सकता है। क्योंकि साधू को भी अज्ञानी पाखण्डी धूर्त आदि निकृष्ट वचनों से कहने का सौभाग्य भ्रमविध्वंसनकारके अतिरिक्त किसी भी साक्षर सभ्य समाज में किसी को नहीं प्राप्त हुआ और न हो सकता है। हां, तो श्रुत और चारित्र अथवा सम्यग् ज्ञान दर्शन चारित्र धर्म है और वास्तव धर्मका लक्षण है, यही सर्वज्ञोक्त है सर्वसंमत है सर्वथा ग्राह्य है तथा अल्पज्ञोक्त संवर निर्जरा रूप धर्म का लक्षण व्यभिचरित होने से त्याग करने योग्य है यह सिद्ध हुआ। फिर भी बहुत आदमी सच्ची बात को भी नहीं मानते और अपनी दुराग्रहता को नहीं छोडते और सत्य पथ को ग्रहण नहीं करते, फिर भी वस्तुतत्त्व को भी जिज्ञासा रखते हैं निर्णय चाहते है। ऐसे महानुभावों के लिये प्रायः मेरा यह श्लोक अधिक उपयुक्त होगा कि—

काके कार्ष्ण्यमलौकिकं धवलिमा हंसे निसर्गस्थितो
गांभीर्ये महदन्तरं वचसि यो भेदः स किं कथ्यते।
एतावत्सु विशेषणेष्वपि सखे! यत्रेदमालोक्यते
के काकाः सखि! के च हंसशिशवो देशाय तस्मै नमः" ॥

(क्रमशः)

માધ્યસ્થ્ય-સમીક્ષા

(આદરવા યોગ્ય અને ત્યાગ કરવા યોગ્ય તટસ્થવૃત્તિની વિચારણા)

લેખકઃ—પૂજ્ય મુનિમહારાજ શ્રી ધુરંધરવિજયજી

વિશ્વના કોઈ પણ સનાતન સત્યની સાચી પરીક્ષામાં પ્રધાન કારણ માધ્યસ્થ્ય છે. માધ્યસ્થ્ય એ પરીક્ષાનું બીજ છે. માધ્યસ્થ્ય સિવાય નક્કર પરીક્ષા થઈ શકતી નથી. પક્ષપાત એ માધ્યસ્થ્યનો પ્રતિપક્ષી છે. પક્ષપાતને ધારણ કરનાર પરીક્ષક પરીક્ષામાં અક્ષમ્ય અન્યાય કરે છે. જીવન અને જગત જો પક્ષપાતથી મુક્ત બને તો ખરેખર મુક્ત બને. માધ્યસ્થ્ય મેળવવું-કેળવવું સહેલું નથી; મહામહેનતે મળે છે. જે સિદ્ધિ ચિન્તામણિ; કલ્પતરુ, કામકુંભ, કામધેનુ ને પાઠસિદ્ધ મહામન્ત્રોથી નથી થતી તે સિદ્ધિ માધ્યસ્થ્યથી થાય છે. માધ્યસ્થ્ય વગરના બીજા જે સદ્ગુણો સન્માર્ગમાં જે પ્રગતિ ધીરે ધીરે કરાવે છે, તે જ પ્રગતિ એકદમ શીઘ્ર માધ્યસ્થ્ય કરાવે છે. માધ્યસ્થ્ય મહાત્માઓને, મહાતપસ્વી-ધ્યાની-યોગી અધ્યાત્મીઓને પણ દુર્લભ છે.

જે માધ્યસ્થ્યની આટલી મહત્તા છે તેનું સ્વરૂપ શું છે? તે વિચારણીય છે. શું માધ્યસ્થ્ય એટલે સારી અને બૂરી-બન્ને વસ્તુમાં સમભાવ રાખી બન્નેને ઠીક જાણવી! શું માધ્યસ્થ્ય એટલે દુન્યવી દરેક પદાર્થોને એક જ દૃષ્ટિથી નીરખવા? શું માધ્યસ્થ્ય એટલે હિતકર કે અહિતકર, ઉત્તમ કે અધમ, સગુણ કે નિર્ગુણ એ બન્નેની મધ્યમાં રહી-પ્રયત્નશૂન્ય બનવું!

ના, માધ્યસ્થ્ય માટેના એવા ખ્યાલો બરોબર નથી; મિથ્યા છે. ઉપલક દૃષ્ટિએ માધ્યસ્થ્યનું એવું સ્વરૂપ લાગે પણ તે વિકૃત છે. તે માધ્યસ્થ્ય ત્યાજ્ય છે, તેથી લાભ થવાને બદલે ઉલટો પોતાને અને પરને ભયંકર ગેરલાભ થાય છે.

કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજ એવા પ્રકારના માધ્યસ્થ્યને માત્સર્ય સમાન જણાવી, પોતાની ઓજસ્વી અને કટાક્ષશૈલીથી સખત શબ્દોમાં તિરસ્કારે છે. અયોગવ્યવચ્છેદ-બત્રીશીમાં તેઓશ્રીએ જણાવ્યું છે કે—

> सुनिश्चितं मत्सरिणो जनस्य, न नाथ! मुद्रामतिशेरते ते ॥
> माध्यस्थ्यमास्थाय परीक्षका ये मणौ च काचे च समानुबन्धाः ॥२७॥

> માત્સર્યયુક્ત જનથી નથી કૈં વિશેષ, હે નાથ! જે ન નમતાં તમને જિનેશ!
> માધ્યસ્થ્યધારક પરીક્ષક તે ગમાર, જાણે ન ભેદ મણિકાચ વિષે લગાર ॥૨૭॥

જે માધ્યસ્થ્ય મણિ ને કાચમાં ભેદ ન પારખી શકે, સારાસાર સમજે નહિ, હિતાહિતને વિચારે નહિ તે માધ્યસ્થ્ય માત્સર્ય કરતાં પણ વિશેષ ભયંકર છે.

દ્વેષી અને ઈર્ષ્યાવાળા માણસોનાં વચનો બીજા ભદ્ર-મુગ્ધ ભોળાલોકોને ભરમાવવા જેટલાં કારગત નથી નીવડતાં તેથી કેઈગણું અધિક ખરાબ અસર કહેવાતા મધ્યસ્થ માણસોના વચનથી નીપજે છે.

જેઓ સારાસારનો વિવેક કરવામાં મન્દ રહી મધ્યસ્થપણાનો ડોળ રાખતા હોય છે, તેઓ અર્થ કરતાં અનર્થ વિશેષ કરે છે.

જે પ્રમાણે ઉપર બતાવેલ માધ્યસ્થ્ય હેય ત્યાજ્ય છે, તે જ પ્રમાણે સત્ય વસ્તુ પ્રત્યે પક્ષપાત એ ઉત્તમ છે, આદરણીય છે, ઉપાદેય છે.

શરૂઆતમાં જેની પ્રશંસા કરવામાં આવી છે તે માધ્યસ્થ્ય કદાગ્રહ ન રાખવા રૂપ છે.

આ બન્ને પ્રકારના માધ્યસ્થ્યનો નિચોડ પૂજ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે 'ધર્મપરીક્ષા' ગ્રન્થની ટીકામાં દર્શાવ્યો છે. ધર્મપરીક્ષાની ટીકાની શરૂઆતમાં જ માધ્યસ્થ્યને પરીક્ષામાં ઉપયોગી ગુણ જણાવી તેઓશ્રી વિકૃત માધ્યસ્થ્યને અંગે શંકા કરી ઉત્તર આપતાં જણાવે છે કે—

प्रतीयमानस्फुटातिशयशालिपरविप्रतिपत्तिविषयपक्षद्वयान्तरनिर्द्धारणानुकूलव्यापाराभावलक्षणस्य माध्यस्थ्यस्य परीक्षाप्रतिकूलत्वेऽपि स्वाभ्युपगमहानिभयप्रयोजकदृष्टिरागाभावलक्षणस्य तदनुकूलत्वात् ।

કોઈ પણ એક પદાર્થની વિશેષતા—અતિશયતા પ્રકટ જણાય છે ને તે કારણે તે ગ્રાહ્ય—ઉપાદેય આદરણીય છે. તેમાં અન્ય આવીને મતિભેદ કરે, વિરુદ્ધ વાત કરી જુદો વિચાર બતાવે, તેથી બે પક્ષ પડે. તેમાંથી કયો પક્ષ સત્ય ને કયો અસત્ય તે નક્કી કરવા માટે ઉચિત પ્રયત્નો કરવા જોઈએ. તેવા પ્રયત્નો ન કરવા રૂપ માધ્યસ્થ્ય હેય છે. પરીક્ષામાં પ્રતિકૂલ છે, તે માધ્યસ્થ્યથી ભ્રમણા થાય છે. એ જ પ્રમાણે ખરાબ પદાર્થને કોઈ આ સારો છે એમ જણાવી તેમાં આકુલતા ઉત્પન્ન કરે ને તેથી બે મત જન્મે તેમાં પણ સત્ય નિર્ણય કરવા પ્રયત્ન ન કરવો ને મધ્યસ્થતા ધારણ કરવી તે પણ ત્યાજ્ય છે. પરંતુ પોતે કોઈ પણ મત, વિચાર વસ્તુ વગેરે ધારણ કરેલ હોય, સમય જતાં તેમાં દૃષ્ટિરાગ જાગ્યો હોય, હવે જો તે ગ્રહણ કરેલ વસ્તુ વગેરેના ગુણદોષ વિચારવામાં આવે, ને વસ્તુ દૂષિત ઠરે તો તેનો ત્યાગ કરવો જોઈએ. દૃષ્ટિરાગી અંગીકાર કરેલ વસ્તુને ત્યજવા તૈયાર નથી હોતો. એટલે તે બે માર્ગ ગ્રહણ કરે છે: એક તો વસ્તુની પરીક્ષા જ કરતો નથી ને ગતાનુગતિ રીતે વસ્તુને વળગી રહે છે. બીજું કદાચ પરીક્ષા કરવાના સંયોગોમાં મુકાય તો પણ પકડેલ કદાગ્રહને ત્યજ્યા સિવાય પોતાની માન્યતા વગેરેનાં છતાં દૂષણોને ઢાંકવા અને અછતાં ગુણોને દેખાડવા પ્રયત્ન કરે છે. એ પ્રમાણે ન કરતાં કોઈ પણ પદાર્થ પ્રત્યે દૃષ્ટિરાગ ન ધારણ કરવો, કદાગ્રહમાં ન મુકાવું, અસત્પક્ષપાતમાં ન ખેંચાવું તેનું નામ સત્ય—આદરણીય—ઉપાદેય માધ્યસ્થ્ય છે. તેવા માધ્યસ્થ્યથી જ વસ્તુતત્ત્વની સાચી પરીક્ષા થાય છે, યથાવસ્થિત જ્ઞાન થાય છે. એ રીતે સ્વીકારેલ સત્યથી અવિકૃત વિકાસ ને પ્રગતિ મળે છે. ૧૪૪૪ ગ્રન્થના પ્રણેતા, સત્યને માટે અનુકરણીય સરલતાના ધારક શ્રીહરિભદ્રસૂરિજી મહારાજ આદરણીય માધ્યસ્થ્યનું—જેમાં સર્વસ્વ સમાઈ જાય છે તેવું—એક મનનીય સૂક્ત આપણને સંભળાવે છે તે આ પ્રમાણે—

पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु ॥
युक्तिमद्वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ॥१॥

વીર મહાવીર વર્ધમાન સ્વામીને વિષે મારો પક્ષપાત નથી; કપિલ વગેરેને વિષે દ્વેષ નથી. જેનું વચન યુક્તિયુક્ત છે તેનો સ્વીકાર કરવો—તેને અનુસરવું. (એ અમારો નિર્ધાર છે.) માટે કોઈ પણ તત્ત્વને કદાગ્રહ સિવાય તપાસવું, તેના ગુણદોષની વિચારણા કરવી, ગુણવાળા તત્ત્વોને અનુસરવું, અનુસર્યા હોઈએ તો વિશેષ પ્રેમ પૂર્વક તેને વળગી રહેવું, દોષવાળાં તત્ત્વોને ગ્રહણ જ ન કરવા, ગ્રહણ કર્યા હોય તો જરા પણ ખેદ ધર્યા સિવાય સંકોચ વગર છોડી દેવા એ જ ખરેખર માધ્યસ્થ્ય છે. ને એ જ માધ્યસ્થ્ય આત્માને મુક્ત કરાવનાર છે. એવા માધ્યસ્થ્યને કેળવી ભવ્યો ભવભ્રમણને અલ્પ કરી પ્રશાન્ત બનો!

श्रीसारोपाध्यायका शाखाभेद

लेखक—श्रीयुत अगरचंदजी नाहटा, सिलहट

'श्री जैन सत्य प्रकाश'के क्रमांक १२५ में श्रीमती शार्लोटे क्राऊझेने खरतरगच्छीय श्रीसारोपाध्यायरचित फलोधीपार्श्वनाथ स्तवनको प्रकाशित करते हुए श्रीसारोपाध्यायके शाखा-भेदके सम्बन्धमें विशेष जानकारी प्राप्त करनेकी जिज्ञासा प्रगट की है। अतः आपके उस लेखके सम्बन्धमें मै यहां संक्षेपमें अपने संशोधन प्रकाशित कर रहा हुं।

१ श्रीसारकी ९वीं कृतिका नाम जयविनय चौ., यु. जि. सूरि में प्रेसकी गलतीसे छपा है। उसका शुद्ध नाम जयविजय चौपई है।

२ जिनचंद्रसूरिजीके शिष्य विनयप्रभ एवं उनके शिष्य विजयतिलकसूरि नहीं थे। विनयप्रभका पद महोपाध्याय एवं विजयतिलकका पद उपाध्याय था। क्षेमकीर्तिके स्थान पर क्षेत्रकीर्ति अशुद्ध छपा है।

३ हेमनन्दन रत्नहर्षके शिष्य नहीं, लघु गुरुभ्राता थे, जैसा कि हमने यु. जिनचंद्र-सूरि पुस्तकमें बतलाया है।

४ श्रीसारीय शाखाभेदका समय सं. १७०० ठीक नहीं है; यथासंभव वह दूहाके कुछ वर्ष बाद होगा।

५ श्रीसारीय शाखाके अलग होनेका कारण विशेष संभव श्रीसारजीके कई सैद्धान्तिक मन्तव्योंमें मतभेदका होना है। आपकी २ सज्झायोंसे उन सैद्धान्तिक मतभेदोंका संकेत पाया जाता है।

६ आपके नामसे शाखाभेद बतलाया गया है पर वास्तवमें वह विचारभेद मात्र संभव है, जिसके कारण उनका रंगविजय शाखासे (भिन्न प्ररूपणा करनेके कारण) सम्बन्ध विच्छेद हुआ। पर मेरे नम्र मतानुसार पट्टावलीकारोंने इसे शाखाभेद बतलाया है वह छोटी बातको बडा रूप देना प्रतीत होता है, क्योंकि श्रीसारकी शाखाके पृथक् रूपका एक भी प्रमाण उपलब्ध नहीं है। शाखाभेद होता तो उनके साधु एवं श्रावक अलग होते, कोई नया आचार्य स्थापित किया जाता या वे स्वयं आचार्य बनते, मतभेदका साहित्य मिलता, कुछ परम्परा भी मिलती। पर ऐसी कोई बात नहीं दिखाई देती।

७ इस शाखाके उत्पादक श्रीसार और कवि श्रीसार अभिन्न ही थे।

अभी कई आवश्यक साधन प्राप्त न होनेके कारण कई विषयों पर विचार नहीं किया जा सका; भविष्यमें बीकानेर जानेपर आवश्यक प्रतीत हुआ तो अधिक प्रकाश डाला जायगा।

દરેકે વસાવવા યોગ્ય

શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

(૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

(૨) દીપોત્સવી અંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંકઃ મૂલ્ય સવા રૂપિયો.

(૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ–વિશેષાંક

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંકઃ મૂલ્ય દોઢ રૂપિયો.

શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંકઃ મૂલ્ય ચાર આના.

[૨] ક્રમાંક ૪૫–ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના

કાચી તથા પાકી ફાઇલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, ચોથા, પાંચમા, આઠમા, દસમા વર્ષની કાચી તથા પાકી ફાઇલો તૈયાર છે મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા.

ભગવાન મહાવીરસ્વામીનું ત્રિરંગી ચિત્ર

ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઈએ દોરેલું સુંદર ચિત્ર. ૧૦"x૧૪"ની સાઈઝ, સોનેરી બોર્ડર. મૂલ્ય ચાર આના (ટપાલ ખર્ચનો દોઢ આનો).

— લખો —

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ

મુદ્રકઃ–મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય–અમદાવાદ. પ્રકાશકઃ–ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

શ્રી જૈન સત્ય પ્રકાશ

તંત્રી
ચીમનલાલ ગોકળદાસ શાહ

વર્ષ ૧૧ : અંક ૬] અમદાવાદ : ૧૫-૩-૪૬ [ક્રમાંક ૧૨૬

વિષય-દર્શન

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : છૂટક ચાલુ અંક-ત્રણ આના

तत्त्वामृतभावना

कर्ता:—पूज्य आचार्य महाराज श्रीविजयपद्मसूरिजी

(अनुष्टुब्वृत्तम्)

प्रणम्य स्तंभ तीर्थेशं नेमिसूरीश्वरं मुदा । कुर्वे स्वान्योपकाराय श्रीतत्त्वामृतभावनाम् ।१।

उन्मीलित ऽऽस्मदृष्टिर्मे श्रीजिनेन्द्रप्रसादतः । विभावतिमिरं नष्टं तद्ध्यानं ध्यामस्तः ।२।

फलितो धर्मकल्पद्रुः प्रसन्नाः परमेश्वराः । यतोऽयात्मगुणारामे विहरामि प्रमोदतः ।३।

दर्शनज्ञानचारित्राराधनोत्साहदायकाः । सांनिध्याधायकास्तत्र ये वंदे तानहर्निशम् ।४।

स्वभावात्परनिष्ठासद्दोषान्पश्यन्ति ये सदा । मध्यस्थभावना तेषु द्वेषलेशोऽपि नास्ति मे ।५।

समीहे भद्रमेतेषां सदोषोच्चारकारिणाम् । मत्योपकृतिमातन्वे दोषशुद्धिं हितावहाम् ।६।

स्वचिंता हितदा तथ्या परचिंता न शांतिदा । उभयोर्हन्ति भद्रं सा तत्सृतं परचिंतया ।७।

एकोऽहं नास्ति मे कश्चिन्नाप्यहं कस्यचिद्भवे । यन्मदीयं च मालिन्यं तज्ज्ञेयं कर्मबंधनैः ।८।

रागद्वेषाविति प्रोक्ते कर्मबंधनकारणे । सरलत्वतोषतः शीघ्रं नश्यते रागबंधनम् ।९।

क्षमानम्रत्वहेतुभ्यां द्वेषनाशो भवेद्ध्रुवम् । रागद्वेषविहीनात्मा नमस्यार्हः फलप्रदः ।१०।

ज्ञानदर्शनचारित्रैर्युतोऽहं शाश्वतः सदा । द्रव्यार्थिकेन चानित्यः पर्यायास्थितिभावतः ।११।

देहे वर्णादयो धर्मा नैते वर्त्तन्त आत्मनि । तस्मान्नैक्यं द्वयोरेवमुच्चरंति मनीषिणः ।१२।

मया संयोगजन्याऽऽप्ता दुःखश्रेणिर्भवे भवे । तेन संयोगसंसर्गं व्युत्सृजामि त्रिधा मुदा ।१३।

संसारे ममताहेतुः संयोगः परिहारतः । तस्य सौख्यं भवेत्सत्यं प्रशमादिसमन्वितम् ।१४।

कदाऽहं समतालीनः सर्वोपाधिविवर्जितः । तीर्थकृद्ध्यानसंपन्नः भविष्यामि प्रमोदभाक् ।१५।

कोऽहं किं मे कथं वर्तेऽधुना मे कीदृशी स्थितिः कः कालः कीदृशं क्षेत्रमित्यालोचयति प्रधीः ।१६।

मेऽधुना मानसे कीदृग् भाव आत्महितं कियत् । कृतं मयाऽवशिष्टं च किमेतदवधारयेत् ।१७।

अनंतशक्तिसंपन्नोऽप्ययमात्मा विमोहितः । भजते विविधं भावं संसारावेटकेऽनिशम् ।१८।

जीव ! जानीहि स्वल्पसमादधमान्मोहपाशतोऽ । नन्ताङ्गिनो नारकत्वं प्रापास्तत्यागता सुखम् ।१९

महापुण्योदयेनाप्तो नृभवो देवदुर्लभः । गतक्षणार्पणे नैव कोऽपि शक्तो धनैरपि ।२०।

आसन्नसिद्धिकास्तत्र लभन्ते धर्ममार्हतम् । यत्प्रभावेण सिद्ध्यंति सिद्धाः सेत्स्यन्ति भाविनः ।२१।

नेहे विधर्मसाम्राज्यं रंकत्वं धर्मसंयुतम् । वरं मन्ये यतो नाशः तस्य स्याद्धर्मसाधनात् ।२२।

जीव ! केशाः सिता जाता न जाता मतिशुक्लता । विषयेषु कषायेष्वासक्तिस्तन्मोहजृंभितम् ।२३।

त्यक्त्वा तान्विषयादीन्ये सिंहशूराः समाश्रिताः । सत्संयमं बाल्यकाले वंदे तत्पादपङ्कजम् ।२४।

संजातस्य ध्रुवं मृत्युः चारित्रोत्कर्षशालिनाम् । प्रशस्यं मरणं प्रोक्तं सर्वोत्कर्षभूषितम् ।२५।

पावनं शासनं जैनं पावनाशयशालिनः । समाराध्य समीहन्ते भावतस्तद्भवे भवे ।२६।

(અનુસંધાન ટાઈટલ ત્રીજા પાને)

॥ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

जेशींगभाईकी वाडी : घीकांटारोड : अमदावाद (गुजरात)

वर्ष ११	વિક્રમ સં. ૨૦૦૨ : વીરનિ. સં. ૨૪૭૨ : ઈ. સ. ૧૯૪૬	क्रमांक
अंक ६	ફાગણ શુદિ ૧૩ : શુક્રવાર : ૧૫ મી માર્ચ	१२६

બે હોરી–કાવ્યો

સંગ્રાહક–પૂજ્ય મુનિમહારાજ શ્રી જ્ઞાનવિજયજી (ત્રિપુટી)

[૧] શત્રુંજય તીર્થની હોરી

ચાલો સખી સેત્રુંજા ગિરિ જઈએ રંગભર ખેલીએ હોરી;
સીસેં સેંદુર ને વેણુ સમારી, પેહેરણુ ચરણ ચોલી. ચાલો૦ ૧
એક એકનો પાલવ ગ્રહીને, પટકલ બાંધે નાલી;
એક એક સું કરે રે મલકડાં, હસી હસી દેવત તાલી. ચાલો૦ ૨
ચતુરા નારિ ચંગ બજાવે, એક બજાવે કંસારી;
એક સુધ વસંત આલાપે, જિનગુંણુ ગાતિ રસાલી. ચાલો૦ ૩
ચૂવા ચંદન ઔર અરગજા, છાંટે કેસર ઘોલી;
એક હરી અબિલ ઉડાવે, લાવે ભર ભર ઝોલી. ચાલો૦ ૪
વસત રિતુ સેત્રુંજાગિરિ પ્રગટયો, ફુલ્યો ફાગુણ માસ;
રૂપવિબુધનો મોહન પભણે, જનમ જનમ તોરો દાસ. ચાલો૦ ૫

[૨] નેમનાથ ભગવાનની હોરી

નવલ વસંત નવલ મલી ગોપી, નવલ નેમ ખેલે હોરી;
ભરી પીચકારિ નિર ઉછાલે, મલિ મલિ જાદવ ગોલી. નવલ૦ ૧
કુસમાલ લેઈ કરે ઢાવે, છાંટે કેસર ઘોલી;
તો બિ નેમ ન ભિંજે દિલશું, ગોપી રહે કર જોરી. નવલ૦ ૨
બાઈ બાઈ ચલે ગિરનારે, નેમજિકિ જાંન સજોરી;
પસુ પોકાર સુંણિ રથ ફેરી, નવ ભવ નેહકું તોરી. નવલ૦ ૩
રાજુલ તતખીણુ મુરછાંણી, કાં નેમ કાં નેમ છાંડી;
નેમજીએ રાજુલ સમજાવી, વસ કીધી સીત નેમેં. નવલ૦ ૪
નેમ રાજુલ દોનું સીવપદ પાયે, કરમ કઠીન સબ તોરી;
જય જયકાર હૂવા સબ જગમેં, જન કહે વંદના મોરી. નવલ૦ ૫

આ બન્ને હોરીઓ શ્રીચારીત્રવિજયજીજ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રતિના આધારે અહીં આપી છે.

કેટલાંક પ્રાચીન સ્થાનો

લેખક:—પૂજ્ય મુનિમહારાજ શ્રી ન્યાયવિજયજી (ત્રિપુટી)

આ વખતના વિહારમાં આવેલાં કેટલાંક પ્રાચીન સ્થાનોનો ટૂંક પરિચય અહીં આપું છું—

શંખેજ—આ સંબંધી વિગતવાર વર્ણન મેં ગત વર્ષના 'જૈન સત્ય પ્રકાશ'ના અંકોમાં આપ્યું છે. અહીં શ્રીનેમિનાથજીનું ભવ્ય બાવન જિનાલયનું મંદિર છે. બારમી તેરમી સદીના લેખ મલે છે—આ સ્થાનના જીર્ણોદ્ધાર પછી જે પરિકરોમાં ઘણી ઐતહાસિક માહીતી આપનારા શિલાલેખો હતા, તે પ્રાચીન પરિકરો અન્યત્ર લઇ જવામાં આવ્યાં છે. મંદિર ભવ્ય અને સરસ છે. પાસે જ મોટી ધર્મશાળા છે. યાત્રિકોને બધી અનુકુલતા મલે છે. આ વખતે અમારી સાથે પચાસેક માણસોનો નાનકડો સંઘ પણ આવ્યો હતો. બોયણી આવનાર દરેક જૈન યાત્રિકે આ પ્રાચીન સ્થાનની યાત્રાનો લાભ અવશ્ય લેવા જેવું છે. શાંતિનું સ્થાન છે.

આ વખતે અહીં એક મહાત્મા મળ્યા, તેમણે જણાવ્યું કે આ તો પ્રાચીન રત્નાવતી નગરી છે. ચંદરાજા અહીં દર્શન કરવા આવતો અને અહીંનું પ્રાચીન ભોંયરૂં પણ એ જ સૂચવે છે. આ ભોંયરૂં ઠેઠ પાટણ મોંઢેરા જાય છે. તેમ જ અહીંથી પ્રાચીન મોટી મોટી ઈંટો વગેરે નીકળે છે, વગેરે ઐતિહાસિક શોધખોળ કરવા ઇચ્છનાર મહાનુભાવોએ આ સ્થાનનું બારીક નિરીક્ષણ કરી, ભોંયરા વગેરેની દંતકથાઓને ઐતિહાસની કસોટીએ કસી સત્ય હકીકત બહાર મૂકવાની જરૂર છે. અહીંથી અમે આવ્યા મોઢેરા.

મોઢેરા—આ તો આત પ્રાચીન સ્થાન છે, અને એ સંબંધી ઘણું લખાયું છે. આમરાજા પ્રતિબોધક જૈનાચાર્ય શ્રી બપ્પભટ્ટીસૂરિની ગાદીનું આ પ્રાચીન સ્થાન છે. તેઓ પોતાની વિદ્યાના બળે પાંચ તીર્થોની યાત્રા કરતા તે પૈકીનું આ એક છે. આનું પણ હું સંક્ષિપ્ત વિવેચન "જૈન સત્ય પ્રકાશ"ના અંકોમાં આપી ગયો છું એટલે વધુ પુનરુક્તિ નહિ કરું. આ વખતે અહીંના ગામ બહારના પ્રાચીન મંદિરના નિરીક્ષણમાં તેની છતની કોરણી બહુ જ બારીક છે અને તેમાં કુંભારીયાજી[1]ના મંદિરની કોરણીમાં એક વિભાગમાં નેમ રાજુલની જાનના પ્રસંગો આપ્યા છે તેના જેવું દેખાયું. અમારી સાથેના મુનિ મહાત્માએ પણ એ જ કહ્યું. એટલે આ જૈન મંદિર છે, એમાં તો સંદેહ નથી જ. એક બીજું સબળ કારણ પણ સાંભળ્યું કે મંદિરની સામેના કુંડના પાણીની શુદ્ધિ માટે ખોદાણ કરાવતાં માટી બહુ નીકળ્યા પછી એક તરફનો ભાગ નમી જતાં નીચે પ્રાચીન જૈન મૂર્તિઓ ત્યાંના કાર્યવાહક બન્ધુએ જોઈ; જોતાં એમને લાગ્યું

૧ મંદિરની ચોતરફ બહારના ભાગનાં પ્રાચીન પૂતળાંમાંથી જે સારાં અને અખંડિત હતાં તેને ઉતારી એકની હનુમાનજી તરીકે પૂજા થવા માંડી છે; એકની સીતારામ તરીકે પૂજા થવા માંડી છે, એકની વળી વિષ્ણુ અને સૂર્યરૂપે ઉપાસના થવા માંડી છે, પરન્તુ વાસ્તવિક રીતે જોતાં નથી તો એ હનુમાનજી કે રામચંદ્રજી, નથી વિષ્ણુ કે સૂર્ય; માત્ર ઘણાં જૈન મંદિરોમાં બહારના ભાગમાં વિવિધ આકૃતિવાળાં પૂતળાં હોય છે તે પૈકીનાં જ આ પૂતળાં છે.

કે જો આટલી બધી જૈન મૂર્તિઓની મોઢેરાના જૈન મહાજનને ખબર પડશે તો તે મેળવવા પ્રયત્ન કરશે, કદાચ મંદિર પણ પોતાનું છે એમ અલ્પ પ્રયત્ને સિદ્ધ કરશે; એમ લાગવાથી એ મહાનુભાવે તરત જ ત્યાં માટી નંખાવી એ ખોદાણ પુરાવી દીધું. અને ઉપર પણ ચણાવી લીધું ત્યાર પછી થોડા દિવસે ત્યાંના શેઠને કહ્યું કે આ કુંડ ખોદાવતાં અંદર તમારા ભગવાનની મોટી મૂર્તિઓ હતી પણ તમારા કામની નથી એમ ધારી મેં બધું પુરાવી લીધું. કહે છે કે આખી ચોવિશી અંદર છે. હવે તો ભવિષ્યમાં આવા પ્રસંગે સાવધાની રાખી મોઢેરાના જૈનો મૂર્તિઓ બહાર કઢાવે તો જરૂર સારો લાભ થાય તેમ છે. અહીં ગામ બહાર પ્રાચીન ટીલા, ખંડિયેરો ઘણા છે અને બે હજાર વર્ષની પુરાણી ઈંટો પણ દેખાય છે. મોઢેરાથી અમે ગાંભુ આવ્યા.

ગાંભુ—આ સ્થાન પણ ખૂબ જ પ્રાચીન છે. આચારાંગસૂત્રની શીલાંકાચાર્યે બનાવેલી મોટી ટીકા જે " **गांभुता ग्रामे** ' બનાવી તે આ જ સ્થાન છે. તેમજ ગુજરાતના મંત્રીશ્વર, આબુનાં જગપ્રસિદ્ધ મંદિરોના નિર્માતા વિમલ મંત્રીના પૂર્વજો[૨] ભિન્નમાલથી અહીં ગાંભુ આવેલા તે આ નગર છે. અહીંથી જ તેઓ પાટણ ગયા અને યશ, કીર્તિ, ધન અને ધર્મભાવના કમાયા. આ ગાંભુમાં પ્રાચીન શ્રી ભંભીરાપાર્શ્વનાથજીની ભવ્ય મૂર્તિ બિરાજમાન છે. જેથી ભંભીરાપાર્શ્વનાથના પ્રાચીન તીર્થ તરીકે આ સ્થાન પ્રસિદ્ધ છે. અહીં સુંદર જિનમંદિર છે. ઉપર અને નીચે બન્ને ભાગમાં પ્રાચીન ભવ્ય અને પરમ દર્શનીય વિશાલ જિનમૂર્તિઓ છે. ઓછામાં ઓછાં હજાર વર્ષથી વધુ પ્રાચીન જિનમૂર્તિઓ છે, એમાં તો સંદેહ જ નથી. " અમીયભરી મૂર્તિ રચી રે ઉપમા ન ઘટે કોય " આવી સુંદર જિનમૂર્તિઓ છે.

આજે ઘણા મહાનુભાવો પ્રાચીન કળાનાં દર્શન કરવા માગે છે તેમને મારી ખાસ ભલામણ છે કે આ ભારતીય પ્રાચીન જૈન કળાના અપૂર્વ નમુનારૂપ જિનમૂર્તિઓનાં જરૂર દર્શન કરે; ઇલોરા અને અજંતાની બૌદ્ધ કળા અને મરોડને પણ ટક્કર મારે તેવી મરોડદાર આકૃતિઓ પરિકરમાં બહુ જ સુંદર દેખાય છે. મુમુક્ષુ[૩] ભાવિક આ સ્થાનના દર્શન કરી આત્મિક લાભ જરૂર મેળવે. અહીંથી અમે વડાવલી ગયા.

વડાવલી—આ વડાવલી એ જ છે કે જ્યાં જગદ્‌ગુરુ શ્રી હીરવિજયસૂરીશ્વરજીના ગુરુદેવ શ્રી વિજયદાનસૂરિજી સ્વર્ગસ્થ થયા હતા. શ્રી વિજયહીરસૂરીશ્વરજી સમ્રાટ અકબરને પ્રતિબોધવા જતાં પહેલાં અહીંની ગુરૂદેવની પાદુકાઓનાં દર્શન કરવા આવ્યા હતા અને પછી આગળ વધ્યા હતા. અત્યારે અહી એ સ્થાન તો લગભગ તદ્દન ભુલાઈ ગયા જેવું છે. પ્રાચીન મંદિર અને પ્રાચીન ઉપાશ્રય છે. શ્રી હીરસૂરિજી મહારાજ અહીં અમુક સમયે કેટલોક વખત રહ્યા પણ હતા એમ કહેવાય છે. પાછળથી અહીં યતિપુંગવોની ગાદી પણ હતી, પુસ્તકભંડાર પણ હતો. પણ એ બધું આજે ભૂતકાળની વાતોમાં જ જળવાઈ

---

૨ કવિવર શ્રી લાવણ્યસમયે વિમલપ્રબંધમાં આ ઉલ્લેખ કર્યો છે અને ગાંભુ પણ આપ્યું છે.

૩ આ પ્રાચીન મૂર્તિઓ સંપ્રતિ મહારાજાના સમયની હોય એમ પણ કહેવાય છે પાછળના ટેકા અને શ્રી ઋષભદેવ ભગવાનની મૂર્તિની રચનાની વિશેષતા આના પુરાવારૂપ છે.

રહ્યું છે. અમને એમ લાગ્યું કે ગામ બહારની જે અમુક દેરીઓ છે તેમાં કોઈક સમાધિ-સ્થાન હોવું જોઈએ. અહીંનું મંદિર સુંદર છે. મૂર્તિઓ પ્રાચીન અને દર્શનીય છે. ધાતુ મૂર્તિઓ ઉપર લેખો પણ છે. પરંતુ અમે સાંભળ્યું કે-ઈતિહાસપ્રેમી મુનિમહારાજ શ્રી જયન્તવિજયજી મહારાજ અહીંના લેખો લઈ ગયા છે એટલે એ માટે પ્રયત્ન ન કર્યો. અહીં મોઢેરા કે ગાંભુ જેવી પ્રાચીનતા નથી જણાતી. અહીંથી અમે ચાણસ્મા આવ્યા.

ચાણસ્મા—અહીં શ્રી ભટેવા પાર્શ્વનાથજીની નાની અને નાજુક જિનમૂર્તિનાં દર્શન કર્યાં. મૂર્તિ ખૂબ જ પ્રાચીન હોવા છતાં કાંઈ ઘસાઈ નથી તેમજ નિર્માતાએ રજુ કરેલી ભવ્યતા, પ્રૌઢતા અને વીતરાગતા અત્યારે પણ દર્શકને આકર્ષે છે. પરમ શાંત, વૈરાગ્યવાહિ મુખારવિંદ અને અમી વર્ષાવતાં એ નેત્રકમલો પરમ આહ્લાદ આપે છે. અહીંનું વર્ણન ગયે વર્ષે જ 'જૈન સત્ય પ્રકાશ'માં આપી ગયો છું એટલે વધુ નથી લખતો. અહીંથી અમે કંબોઈ તીર્થમાં આવ્યા.

કંબોઈતીર્થ—અહીં શ્રી મનમોહન પાર્શ્વનાથજીનું પ્રાચીન તીર્થ છે. આ તીર્થ-સ્થાનનો જીર્ણોદ્ધાર ગયે વર્ષે અમે અહીં આવ્યા ત્યારે પૂ. પા. શ્રી દર્શનવિજયજી (ત્રિપુટી) મહારાજશ્રીના સદુપદેશથી શરૂ થયો છે. નવી કમિટી સ્થપાઈ છે. આ તીર્થના ઉદ્ધાર માટે કમિટીના પ્રમુખ શેઠ લાલભાઈ લહેરા ઉત્સાહપૂર્વક પ્રયત્ન કરી રહ્યા છે. તેમનો અતીવ આગ્રહ છે કે આપના ઉપદેશથી શરૂ થએલ જીર્ણોદ્ધારની પ્રતિષ્ઠા પણ આપના હાથથી જ થાય, કિન્તુ અમારે દૂર જવાનું હોવાથી અને જીર્ણોદ્ધારનું કાર્ય હજી ઘણું બાકી હોવાથી અમે તો આગળ જઈએ જ છીએ. જીર્ણોદ્ધારના કાર્યમાં ઉપયોગી સૂચનાઓ આપી જ છે. અહીં નવીન ધર્મશાળા માટે જમીન લેવાઈ છે. ઓરડાઓ માટે મદદ પણ મલી છે. અને જીર્ણોદ્ધારનું કાર્ય ચાલુ છે. દરેક ભાવિક જૈનોએ આ પ્રાચીન તીર્થના ઉદ્ધારમાં પોતાની શક્તિ પ્રમાણે લાભ લેવાની જરૂર છે. યાત્રિકો માટે બધી સગવડ છે તેમજ ભોજનશાળાનો પ્રયત્ન શરૂ થઈ ગયો છે. શ્રી મનમોહન પાર્શ્વનાથજીની પ્રાચીન મૂર્તિ દર્શનીય અને પરમ આહ્લાદક છે. એનું કળામય નવીન પરિકર તૈયાર થઈ રહ્યું છે.[૪]

આ બાજુનાં આવાં પ્રાચીન ઐતિહાસિક સ્થાનોની વિશેષ શોધખોળની જરૂર છે. પ્રાચીન ગુજરાતની અસ્મિતા અને ભવ્યતાના પ્રતિકસમાં ગુજરાતના મહાન જ્યોતિર્ધરો ગુર્જરેશ્વરો–મંત્રીશ્વરોની અને સેનાધિપતિઓ–કવિઓ–વિદ્વાનોની જન્મભૂમિઓ વર્તમાન ગુજરાતીઓની રાહ જુવે છે કે ગુજરાતના ગૌરવની આ જીવંત ભૂમિકાઓને પ્રસિદ્ધિના ચાકમાં લાવી, जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसि ને ચરિતાર્થ કરી બતાવે અને પ્રાચીન ગુજરાતના ગૌરવસ્થાનોનો ઉદ્ધાર કરાવે.

---

૪. અહીંના એક શિવાલયના ભોંયરામાં પ્રાચીન જૈન કાઉસ્સગ્ગીયા હતા. શ્રીયુત આચાર્ય મેગજીના શબ્દોમાં કહું તો બે હજાર વર્ષના જૂની મૂર્તિ–કાઉસ્સગીયા છે, હવે ગયા વર્ષે અમે આ જોયા હતા જેનો ઉલ્લેખ હું મ્હારા લેખમાં કરી ગયો છું પરંતુ આ વર્ષે એ કાઉસ્સગીયા નથી; શિવાલયનો જીર્ણોદ્ધાર કરાવનાર બાવાજીએ એ પ્રાચીન જૈન કાઉ-સ્સગીયાની મૂર્તિને ભોંયરામાં ભંડારી દીધી છે, બસ આમ જ આપણું પ્રાચીન અમૂલ્ય ધન બરબાદ થાય છે. જૈનોએ એક સારૂં સંગ્રહસ્થાન કરી આવી પ્રાચીન સંગ્રહ યોગ્ય મૂર્તિઓને સંગ્રહવાની જરૂર છે.

મહુધાના ગાંધીના દેરાસરમાંનાં

તીર્થંકરપ્રભુનાં તેર સુંદર ચિત્રો

લેખકઃ—શ્રીયુત વૈદ્ય ચીમનલાલ લલ્લુભાઈ ઝવેરી, મહુધા

અહીં જે ૧૩ ચિત્રોનું વર્ણન રજુ કરવામાં આવે છે તે ચિત્રો પ્રાચીન હોઈ, મહુધાના શ્રીગાંધીના દેરાસરનામે પ્રસિદ્ધ દેરાસરમાં, કાચમાં મઢાવી રાખવામાં આવ્યાં છે.

૧ **ધર્મનાથ**—આ ચિત્રની આસપાસ કાળી પટી ઉપર શ્વેત પત્રાવલીનું ચિત્રણ કરી પોપટી રંગની સુશોભિત જાજમ પર વેદીયુક્ત પદ્માસન પર સુવર્ણવર્ણ ભગવાન બિરાજિત છે, અને તે સાલંકાર હોઈ પાડલપુષ્પના મંડપથી મંડિત છે. તેમની બન્ને બાજુ બે પુરૂષો એક બાજુ પીતાંબરધારી અને બીજી બાજુ જામગી અંબરધારી મુકુટ મંડિત ચામરધારી છે. આ બન્ને પુરૂષોની મુખાકૃતિ ઉપર થોભાઓ આલેખેલા છે અને રક્તવર્ણના સુંદર ગુંબજ તળે એ વિરાજિત છે.

૨ **શાંતિનાથજી**—આ ચિત્રની આજુબાજુ લાલ રંગની પટી ઉપર પુષ્પયુક્ત વલ્લી ચિત્રિત કરેલી છે. અને લાલ વર્ણની પુષ્પમંડિત ભૂમિ ઉપર વાદળી વર્ણના બાજઠ ઉપર મુકુટમંડિત સુવર્ણવર્ણ ભગવાન બિરાજિત છે. શિર ઉપર છત્ર છે અને પાછળ પોપટી વર્ણની પીઠ ઉપર લીલા વર્ણનો ચંદરવો આળેખેલો છે, જે રક્ત પુષ્પોની ભાતથી સુશોભિત છે. ભગવાનની બન્ને બાજુ શ્વેતવર્ણ શ્વેતાંબરધારી બે યતિવર્યો હાથ જોડી ઊભેલાં છે. અને તેમનાં મસ્તકો ખભા સુધીના વાળથી યુક્ત અને મુખાકૃતિઓ મુછ તથા થોભાયુક્ત આળેખેલી છે.

૩ **મુનિસુવ્રતસ્વામી**—આ ચિત્ર શ્વેત વર્ણની પટી ઉપર લીલા વર્ણની વલ્લીમાં લાલ વર્ણનાં પુષ્પોથી સુશોભિત છે. લાલ પુષ્પ યુક્ત પીળા વર્ણની જાજમ ઉપર બાજોઠ ઉપર શ્યામવર્ણ ભગવાન પદ્માસને વિરાજિત છે. શ્વેત ભામંડલ આળેખી આછા પોપટી રંગની ગુંબજાકૃતિ ઉપર લાલ અને આછા શ્યામ વર્ણનું તોરણ આળેખ્યું છે. ભગવાનની જમણી બાજુ રક્તાંબરધારી અને ડાબી બાજુ શ્વેતાંબરધારી, મુછ થોભાયુક્ત મુખમંડિત ચામરધારી પુરુષો છે.

૪ **સંભવનાથ**—આ ચિત્રમાં લાલ પટી ઉપર શ્વેત પુષ્પની વલ્લી ચિતરવામાં આવી છે. લાલ વર્ણની ચોકડીવાળી ભાતમાં લાલ પુષ્પો યુક્ત શ્વેત જાજમ પર બાજઠ ઉપર ભગવાનની સુવર્ણવર્ણ સાલંકાર મૂર્તિ આલેખી છે. શ્વેત મુકુટ ઉપર પુષ્પમાળા યુક્ત પીત વર્ણની પીઠ ગુંબજાકૃતિએ શોભે છે. પ્રભુની જમણી બાજુ શ્વેતાંબરધારી ચામરધર છે અને ડાબી બાજુ સુખડની ચમરી ધારણ કરનાર સાલંકાર શોભે છે.

૫ **અજિતનાથ**—પીળા રંગની પટી ઉપર શ્યામ વર્ણની વેલ ચીતરી શ્વેત પુષ્પની ચોકડી ભાતવાળી વાદળી રંગની જાજમ પર બાજઠ વિરાજિત સુવર્ણવર્ણ સાલંકાર ભગવાન આળેખી લાલ વર્ણના વિશાળ ભામંડલ ઉપર શ્વેત પુષ્પમાળા આલેખી પૃષ્ઠ-ચંદ્રક શ્વેત વર્ણે આળેખેલો છે. તેમની જમણી બાજુ રક્તાંબરધારી અને ડાબી બાજુ પીતાંબરધારી ચામરધર છે.

૬ **કુંથુનાથ**—આ ચિત્રમાં ઘેરા લાલ રંગની પટી ઉપર શ્વેત વર્ણની પુષ્પવલ્લી

ચીતરેલી છે. અને ખુલતા લાલ રંગની જાજમ પર વેદિકા ઉપરના પીતાસનસ્થ પદ્માસન ઉપર સાલંકાર સુવર્ણવર્ણ ભગવાન વિરાજીત છે. લીલી ભૂમિ ઉપર આકાશ વર્ણ આલેખી પુષ્પવૃષ્ટિ આલેખિત કરી પીતવર્ણનો ગુંબજ વેલબુટ્ટાયુક્ત ચીતર્યો છે. પ્રભુની બન્ને બાજુ બે શ્વેતાંબરધારી સાધ્વીઓ હાથ જોડી ઊભેલી છે.

૭ અભિનંદન ભગવાન—આ ચિત્રમાં પીળા રંગની પટ્ટી ઉપર લાલ વેલ બુટ્ટા ચીતરેલા છે. અને શ્યામ વર્ણની ભાતયુક્ત લાલ જાજમ શ્વેતપુષ્પ શોભિત આળેખી બાજઠપર વિરાજિત સુવર્ણવર્ણ સાલંકાર ભગવાન નીલવર્ણ ભામંડલયુક્ત વિરાજિત છે. તેમની પીઠે વાદળા રંગના આકાશમાં પુષ્પવૃષ્ટિ આળેખેલી છે. આ ભગવાનની બન્ને બાજુ ૭ ૭ પાદુકાયુગલ યુક્ત બે થુભો રક્તવર્ણના ગુંબજવાળા આળેખિત છે.

૮ મલ્લિનાથ—આ ચિત્રમાં લાલ રંગની પટી ઉપર વેલબુટ્ટાનું આછું ચિત્રણ છે. અને શ્વેતવર્ણની પુષ્પ ભાતની જાજમ પર બાજઠ ઉપર સુવર્ણવર્ણ સાલંકાર રક્ત ભામંડલ યુક્ત ભગવાન વિરાજિત છે. તેમના ઉપર આકાશી વર્ણનો ગુંબજ બનાવી પુષ્પમાળાની આકૃતિ આપી છે. ભગવાનની જમણી બાજુ પીતાંબર ધર બંડી ઉપર મુગલાઇ વાટના ઘાઘરા જેવા દેખાવનું વસ્ત્રપરિધાન કરેલ મુગટ અને અલંકારયુક્ત ચામરધારી પુરુષ છે. એ જ પ્રમાણે ડાબી બાજુ પણ આછા જામળી રંગનું વસ્ત્ર પહેરેલ ચામરધર છે. ચામરોનો વર્ણ લીલો આળેખેલો છે.

૯ સુવિધિનાથ—આ ચિત્રમાં શ્યામવર્ણની પટી ઉપર શ્વેત પત્રાવળીની ભાત ચિત્રિત છે. આ ભગવાનની પીઠે છત્રીની આકૃતિ આળેખેલી છે, બાજઠ ઉપર ભગવાન શ્વેતવર્ણ મુકુટમંડિત વિરાજિત છે. અને પાછળ શ્વેત ચંદરવો આળેખેલો છે. ભગવાનની જમણી બાજુ રક્તાંબર ધોતીધારક શ્વેતવર્ણ પુરુષ ચામરધર છે અને ડાબી બાજુ રક્તાંબરધારી સ્ત્રી ચામરધર છે. પણ તેનું ચિત્ર જઘનોર્ધ્વ ભાગથી ઉપરનું છે અને સાડી વડે માથું ઢાંકેલું છે.

૧૦ સુમતિનાથ—આ ચિત્રમાં શ્યામવર્ણની પટી ઉપર શ્વેત પત્રાવલી બનાવી છે. અને લાલ વર્ણની જાજમ ઉપર શ્વેતભાત યુક્ત બાજઠ ઉપર સુવર્ણવર્ણ ભગવાન સાલંકાર મુકુટમંડિત ગુંબજાકાર છત્રી યુક્ત છે ગુંબજ લાલ વર્ણે છે. ભગવાનની જમણી બાજુ પીતાંબરધર મુગલાઈ પાઘડી ધારક અને બંડી તથા ઘાઘરાના દેખાવનું વસ્ત્ર પહેરેલ પુરુષ ખમે છડી ધારેલ છે અને ડાબી બાજુ મુગલાઇ જમાનાની સાક્ષાત પૂતળી જેવી ચામરધારિણી સ્ત્રીનું ચિત્ર છે.

૧૧ વાસુપૂજ્ય—આ ચિત્રમાં શ્યામ વર્ણની પટી ઉપર શ્વેત પત્રાવલી બનાવી પીતવર્ણની ભૂમિ ઉપર બાજઠ ઉપર રક્તવર્ણે ભગવાન વિરાજિત છે. અલંકાર, મુકુટ, ભામંડળ અને પાખરો સાથે પત્ર તોરણ ચિત્રિત છે. અને તે ઉપર શ્વેત વર્ણની પટી ઉપર ત્રણ ઘુંમટ ચીતરવામાં આવ્યા છે, જેમાંનો મધ્ય ઘુમ્મટ લાલ વર્ણે છે અને બાજુના પીત વર્ણે છે. ભગવાનની જમણી બાજુ આછા જામળી વર્ણના ધોતાંબરધારક હાથ જોડીને ઊભેલ પુરુષ છે અને ડાબી બાજુ શ્વેતવસ્ત્રધારી ઝુલા માથે હાથ જોડેલ સ્ત્રી ચિત્રિત છે.

૧૨ મલ્લિનાથ—આ ચિત્રમાં વાદળી રંગની પટી ઉપર ગુલાબી અને શ્વેતવર્ણના છૂટાં ફૂલો એક એકના અંતરે ચીતરવામાં આવ્યાં છે અને પીત વર્ણની જાજમ પર બાજઠ ઉપર અલંકાર અને મુકુટયુક્ત નીલવર્ણ ભગવાન વિરાજિત છે. તેમની પાછળ ચંદ્રાકાર રક્તવર્ણ શ્વેત પુષ્પ વિભક્ત ચંદરવો અને પાછળ પીળા રંગનો ચંદરવો આળેખી આછા જામળી રંગે પીઠ સુશોભિત કરેલી છે. અને લાલ શ્વેત અને વાદળી રંગની ભાતયુક્ત ત્રણ કમાન આળેખી છે. પ્રભુની બન્ને બાજુ પદ્માસનસ્થ શ્વેતવર્ણ સાલંકાર અને કચ્છ યુક્ત કાયોત્સર્ગસ્થ ભગવાન ચિત્રિત છે.

૧૩ પદ્મપ્રભુ—આ ચિત્રમાં આછા વાદળી રંગની પટી ઉપર આછા ગુલાબી રંગની ફૂલયુક્તવેલ ચીતરેલી છે. વાદળી રંગની ભાત યુક્ત જાજમ ઉપર લીલા વર્ણના બાજોઠ પર રક્ત વર્ણે પીત વર્ણના ભામંડલયુક્ત સાલંકાર ભગવાન વિરાજિત છે. તેમની પાછળ ચંદ્રાકૃતિએ નીલ વર્ણનો ચંદરવો આળેખેલો છે અને તેમની આજુબાજુનો પૃષ્ઠ ભાગ શ્વેત બનાવી તેમાં લાલ ભાત પાડેલી છે. ભગવાનની જમણી બાજુ શ્વેતધોતધારી અને ડાબી બાજુ રક્તધોતધારી મુકુટમંડિત ચામરધારી પુરુષો છે. ચામરનો વર્ણ નીલ છે.

ચિત્રો વિષે અમારા વિચારો

જૈન પ્રાચીન ચિત્ર સાહિત્ય અમારા જાણવા જોવા અને માનવા મુજબ વિવિધ ભાવોથી ભરપૂર અને વિસ્તૃત છે, જે તાડપત્રનાં પુસ્તકોમાં, કાગળના પુસ્તકોમાં અને પૂજ્ય આચાર્યોને પ્રતિવર્ષ લખાતાં સાંવત્સરિક વિજ્ઞપ્તિ પત્રોમાં અને દર્શનભાવનાથી આળેખેલી આનુપૂર્વિઓમાં આળેખાયેલું છે.

ઉપર્યુક્ત ચિત્રસાહિત્ય ભિન્ન ભિન્ન ભંડારોમાં મુનિવરો પાસે કે સંઘના વહિવટ કર્તાઓના હાથ તળે જીવંત છે. જ્યાંસુધી સુવર્ણકારે ઘડેલા અને માળીઓએ ગુંથેલા અલંકારોને પેટીમાં અને ફૂલતોરાને કંડિયામાં ભરી રાખવામાં આવે ત્યાં સુધી તો તે અલંકાર ને ગજરાઓ તે રૂપે જ રહે; તેની સફળતા તો જ્યારે તેને શરીર ઉપર ધારણ કરવામાં આવે ત્યારે જ થાય. કળા માટે પણ એ જ વાત સાચી છે.

આખી વિક્રમની વીસમી સદી પસાર થઈ છતાં એના આસરે આઠ દાયકાઓ સુધી તો જૈન કોમે પુના ચિત્રશાળાથી પ્રસિદ્ધ મહાવીર પ્રભુનાં ચિત્રો અને દર્શનચોવીસીનાં રેખાચિત્રો તેમજ ભીમસિંહ માણેકજીએ પાંડવચરિત્ર શ્રીપાલરાસ જેવા ગ્રંથોમાં આપેલ ચિત્રો સિવાય બીજું કાંઈ પણ સાહિત્ય સમયની પદ્ધતિએ પ્રસિદ્ધ કર્યું નથી, જેના પ્રત્યે જૈન ભક્ત કે બાલસમાજ આકર્ષાય. પણ છેલ્લા બે દાયકામાં કંઈક આ વિષયની વિવિધ પ્રવૃત્તિ જૈનોમાં શરૂ થઈ છે, તેમાં ખાસ કરીને શ્રી સારાભાઈ નવાબની "જૈન ચિત્ર કલ્પદ્રુમ" પ્રસિદ્ધિમાં મૂકવાની પ્રવૃત્તિ અગ્ર સ્થાન ભોગવે છે. અને તે સિવાય ભગવાન મહાવીર દેવના કેટલાંક જીવનપ્રસંગોનાં અને પાર્શ્વનાથ પ્રભુના એકાદ જીવનપ્રસંગનાં ચિત્રો દ્વિ, ત્રિ કે પચરંગી મુદ્રિત થયેલાં જોવાય છે. સુરતથી દેવચંદ લાલભાઈ તરફથી સચિત્ર બારસા સૂત્ર પણ મુદ્રણ પામ્યું છે. વડોદરાના સદ્‌ગૃહસ્થ તરફથી તીર્થંકર પ્રભુની જીવનઘટનાઓને દર્શાવતી વિવિધ ચિત્રમાળાની પ્રવૃત્તિરૂપે કમઠ પાર્શ્વનાથનું લીથો ચિત્ર પ્રસિદ્ધિ પામ્યું અને ઋષભદેવજીનાં

રાજ્યભિષેકનું ચિત્ર પણ તેમણે તૈયાર કર્યું હતું. પ્રાણિવિજ્ઞાનની સરળતા માટે મુનિરાજ શ્રી ધર્મવિજયજીચિત્રિત જીવભેદદર્શકચિત્ર બાલસાહિત્ય રૂપે શ્રીમતી આગમોદય સમિતિએ પ્રસિદ્ધમાં મૂક્યું. આ સિવાય કેટલુંક સાહિત્ય છાયાચિત્રોનું પણ પ્રસિદ્ધ થયેલું જોવામાં આવે છે, પ્રાચીન ચિત્ર સાહિત્ય લોકાકર્ષક નિવડે તેને માટે અમદાવાદ જેવા જૈનનગરમાં એકાદ પ્રદર્શનની પણ પ્રવૃત્તિ થઈ.

ઉપર જણાવ્યું તેમ "જૈન ચિત્ર કલ્પદ્રુપ" જેવી પ્રવૃત્તિ થવા પામી ખરી અને બીજી પણ ચિત્રમાળાઓ પ્રસિદ્ધ થઈ ખરી, પણ તે બહુ કિંમતવાળી હોવાથી તે વિસ્તૃત પ્રચાર પામેલી જોવાતી નથી. તેથી આવું સાહિત્ય અલ્પમૂલ્યે સુલભ થાય એવી ગોઠવણ ઇચ્છવા યોગ્ય ગણાય.

આજસુધીમાં ચોવીસ તીર્થંકરનાં જે ચિત્રો લીથોમાં પ્રસિદ્ધિ પામ્યાં છે તેમાં સર્વ પરમાત્માઓનો દેખાવ વર્ણભેદ સિવાય સમાન જ આપેલો છે અને આજુબાજુ આલેખવામાં આવેલા ઇંદ્રોના દેખાવ પણ સમાન જ છે. અહીં આપવામાં આવેલાવર્ણનવાળાં ચિત્રોમાં પરમાત્માના દેખાવનું સામ્ય હોવા છતાં આજુબાજુના દેખાવોમાં સ્પષ્ટ ભિન્નતા જોવાય છે. તેમાં ખાસ આપણને ઊડીને આંખે બાઝે તેવાં યતિયુગલ, સાધ્વીયુગલ, શ્રાવકયુગલ સર્વાંગવસ્ત્રયુક્ત પતિપત્નીયુગલ. કાઉસગીઆયુગલ, એક શ્રાવક અને એક સાધ્વી, આ બધાં ચિત્રો ભિન્નભિન્ન ભાવો દર્શાવે છે, અને તે અતીવ આકર્ષક છે. શ્રાવકોનાં ચિત્રોમાં સુરવાલ ઉપર બંડી અને બંડી ઉપર કેડથી પગસુધી ઘાઘરા જેવા દેખાવનું વસ્ત્ર અને તે ઉપર એક ભિન્ન રંગનો પણ કકડો ઓળખેલો છે. પતિપત્નીનાં ચિત્રોમાં વસ્ત્રવર્ણનું સામ્ય છે અને માથું વસ્ત્રથી ઢાંકેલું બતાવ્યું છે એ મર્યાદાનું બોધક છે. બાકીનાં ચિત્રોમાં શ્રાવકો ખુલ્લા શરીરે અલંકારયુક્ત બનાવી ભિન્ન વર્ણોના ધોતીયાયુક્ત મુકુટમંડિત આળેખલા છે. પ્રાચીન કાળના પુરૂષના ગૌરવસૂચક મૂછ અને ચોઆ યતિવર્ગના પણ ચિત્રિત કરવામાં આવ્યા છે, જે તેમના પહેરવેશનું જ્ઞાન આપે છે. પ્રભુની આસપાસના દેખાવમાં ચદરવાનો, ભામંડલનો, પુષ્પતોરણનો, છત્રીનો.ઘુંમટનો દેખાવ વિવિધતા જ આણે છે.

આ ઉપરથી સદરહુ ચિત્રાવલીની વિશેષતાઓ વિદ્વાનો સાહિત્યપ્રેમીઓ અને સાધારણ જનસમૂહના ખ્યાલમાં આવી શકશે. કોઈ પણ ગ્રંથ સાથે સંબંધ વિના પણ, આવાં જ ચિત્રો મારી મુસાફરી દરમ્યાન લીંબડી જ્ઞાનભંડારમાં જોવામાં આવ્યાં છે. મારી નમ્ર વિનંતી છે કે આ વિષયના જ્ઞાતા વિદ્વાનો અને ધનિકો ભવિષ્યમાં બાલોદ્બોધક ચિત્રસાહિત્યનું સર્જન કરી સર્વસુલભ બનાવે. અને આવું જ બીજું ઇતસ્તતઃ વિકીર્ણ અને નષ્ટ થતું સાહિત્ય એકત્રિત કરી જનસમાજ સમક્ષ મૂકે.

ચિત્ર એ એક એવી કળા છે કે જે સૌને સ્તંભિત કરે છે, જોવા લલચાવે છે અને બાલ્યાવસ્થાથી જ પ્રેરણા આપે છે. આવા વિષય તરફ જૈનો દુર્લક્ષ કરે એ ખરેખર ધર્મપ્રચારને આડી દિવાલ ઊભી કરવા જેવું છે.

આ ચિત્રોમાં સર્વાંગવસ્ત્રઆચ્છાદિત પુરુષોનો પહેરવેશ કયા દેશને મળતો છે એ વિચારવા જેવું છે.

ચિત્રો તૈયાર કર્યાનો સમય મુગલ સામ્રાજ્ય અને તપાગચ્છાચાર્ય વિજયદેવસૂરિજીથી ઓગણીસમી સદી સુધીનો છે. ચિત્રકાર કદાચ કોઈ યતિવર્ય પણ હોય.

આપણાં 'ફાગુ' કાવ્યો

(લેખક: પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.)

ગુજરાતી સાહિત્યના રાસ, ચર્ચરી ઇત્યાદિ જે વિવિધ પ્રકારો છે તેમાંનો એક પ્રકાર તે 'ફાગુ' છે. 'ફાગુ' સાહિત્ય પદ્યમાં રચાયેલું છે. એથી આ સાહિત્યની કૃતિઓને મેં 'ફાગુ-કાવ્યો' એવું નામ આપ્યું છે. કેટલાંક 'ફાગુ' કાવ્યોનાં નામમાં 'ફાગ' શબ્દ વપરાયો છે. એથી એને 'ફાગ-કાવ્ય' કે 'ફાગ' પણ કહી શકાય.

ફાગુ, ફાગ ઇત્યાદિ—"સાર્થ ગૂજરાતી જોડણીકોશ"માં 'ફાગ' શબ્દના (૧) વસન્ત અને (૨) હોળીનાં શૃંગારી ગીતો કે બોલાતા અપશબ્દ એમ બે અર્થો અપાયા છે. દલપતરામે "ફાગ ફટાણાં રસ નહીં વળી, નહીં રસ નહીં વ્યભિચાર" એ પંક્તિમાં 'ફાગ' શબ્દ વાપર્યો છે. એવી રીતે ખબરદારે "ઘસો હોં ગાતા ફાગ વસંત" એ પંક્તિમાં અને કવિ નાનાલાલે "જય-કલગીએ વળજો પ્રીતમ! ભીંજશું ફાગે ચીર" એ પંક્તિમાં 'ફાગ' શબ્દ વાપર્યો છે.

કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિકૃત રયણાવલિ યાને દેસીસદ્દસંગહના છઠ્ઠા વર્ગની નિમ્નલિખિત ૮૨ મી ગાથામાં 'ફગ્ગુ' શબ્દ છે:—

"फग्गू महुच्छणे फलही ववणी फसुलफंसुला मुक्के ।
फरओ फलयम्मि अ फंसुली अ णोमालिआए य ॥८२॥"

આમ અહીં 'ફગ્ગુ'નો અર્થ 'વસન્તનો ઉત્સવ' એમ કરાયો છે. 'ફાગુ' કાવ્યોમાં વસન્તનો વિલાસ અગત્યનું સ્થાન ભોગવે છે એ ઉપરથી આપણે 'ફાગુ'ના મૂળ તરીકે 'ફગ્ગુ' શબ્દનો નિર્દેશ કરી શકીએ. વસન્ત ઋતુ ફાગણ મહિનામાં પૂર બહારમાં હોય છે. એટલે આ ફાગણ માટે જે સંસ્કૃતમાં 'ફાલ્ગુન' શબ્દ છે તેને અને આ ફાગુને—ફાગને સંબંધ હોય એમ લાગે છે.

સંસ્કૃતમાં 'ફલ્ગુ' શબ્દ છે. એના (૧) અસાર, (૨) નાનું, ઝીણું, (૩) નિરર્થક અને (૪) મંદ એમ વિશેષણરૂપે ચાર અર્થો છે. વળી 'ફલ્ગુ' નામરૂપે પણ છે. એના (૧) વસન્ત અને (૨) એક નદીનું નામ એમ બે અર્થ છે. "સાર્થ ગૂજરાતી જોડણીકોશ"માં સુન્દર, અને ગુલાલ એમ બે વધારે અર્થ અપાયેલા છે તેમજ 'ગયા'ક્ષેત્ર પાસેની નદી એમ વિશેષતા દર્શાવાઈ છે. 'ફગ્ગુ' એ ફલ્ગુનું રૂપાન્તર છે એમ માનીએ તો એનો 'વસન્ત' અર્થ તો ઘટે જ છે એટલું જ નહિ, પણ અસાર-નિરર્થક-તુચ્છ એ અર્થ પણ ઘટે છે, કારણ કે હોળીના દિવસમાં જે ફટાણાં—બીભત્સ ગીતો હોળૈયાઓ—ઘેરૈયાઓ-ફાગ ગાનારા ગાય છે તેને એ લાગૂ પડે છે, કેમકે એ ગીતો નિરર્થક છે એટલું જ નહિ પણ કેટલીક વાર તો અનર્થક છે અને એમાં માણસાઈનું—સભ્યતાનું જાહેર લીલામ છે.

અભિધાનચિન્તામણિમાં, કાગડાને પ્રિય ઉદુંબરિકા અર્થાત્ કાકોદુંબરિકા એ અર્થ 'ફલ્ગુ'નો અપાયો છે, પણ એ તો અહીં અપ્રસ્તુત જણાય છે; સિવાય કે આવા કોઈ ઝાડ સાથે ફાગનો સંબંધ હોય. વિશેષમાં આની ટીકામાં 'ફલ્ગુ' અને 'ફાલ્ગુન' શબ્દ 'ફળવું' એ અર્થવાળા 'ફલ્' ધાતુ ઉપરથી નિષ્પન્ન કરાયા છે.

સંસ્કૃતમાં 'ફલ્ગુન' તેમજ 'ફાલ્ગુન' એમ બે શબ્દો છે. એ બંનેના ફાગણ માસ અને અર્જુન એ બંને અર્થો થાય છે. ઉત્તરાફલ્ગુની નક્ષત્રમાં અર્જુનનો જન્મ થવાથી

એનું આ નામ છે એમ મહાભારતમાં કહ્યું છે. ફાગણ મહિનામાં જન્મેલને 'ફાગણિયું' કહે છે. સ્ત્રીઓના એક જાતના વસ્ત્રનું પણ આ નામ છે.

'ફગ્ગુણ' એવો પાઇય ભાષામાં શબ્દ છે. વજ્જાલગ્ગ (ગાથા ૬૩૮)માં એ 'અર્જુન' એ અર્થમાં વપરાયો છે.

"સાર્થ ગૂજરાતી જોડણીકોશ"માં 'ફગવો' શબ્દ છે અને એનો અર્થ 'ઘેરૈયો' અપાયો છે હોળી વગેરે પ્રસંગે ઝાડુ કાઢનાર–બારણિયા તેમ જ મહેતરાણી વગેરે 'ફગવો' માગવા આવે છે. આમ 'ફગવો' શબ્દ પણ 'ફાગુ'ની નાતનો હોય એમ જણાય છે.

જે "ફાગુ કાવ્યો" ગુજરાતી ભાષામાં રચાયેલાં અત્યાર સુધીમાં મળ્યાં છે તેમાં કેવળ જૈનોનો કે અજૈનોનો ફાળો નથી, જો કે મોટો હિસ્સો તો જૈનોનો જ છે. વિશેષમાં એ તમામ કાવ્યો પ્રકાશિત નથી. આ ઉપરાંત એની કોઈ એક સ્થળે નોંધ પણ લેવાઈ હોય એમ જણાતું નથી એટલે રચનાસમયના ક્રમને લક્ષીને હું જૈન કૃતિઓને અંગે વિહંગાવલોકનરૂપે થોડુંક કહું છું:—

[૧] સિરિથૂલિભદ્દફાગુ : કર્તા જિનપદ્મસૂરિ

આ ૨૭ કડીમાં રચાયેલું કાવ્ય છે. એના સાત ભાગ કરાયા છે. એ દરેકનું નામ 'ખંડ' છે. દરેક ખંડમાં એક દોહરો અને પછી રોળા છે; માત્ર છઠ્ઠી ભાસમાં એટલે કે સાતમા ખંડમાં બે રોળા છે. સંપૂર્ણ કાવ્ય ગેય છે એમ એની નીચે મુજબની અંતિમ કડી કહી આપે છે:—

"ખરતર અચ્છિ જિણપદમસૂરિકિય ફાગુ રમેવઉ ।
ખેલા નાચઇ ચૈત્ર માસિ રંગિહિ ગાવેવઉ ॥ ૨૭ ॥"

આ ફાગુ છે એ પણ આ કડી જણાવે છે. વિશેષમાં એની પહેલી કડી પણ આ વાતની સાક્ષી પૂરે છે. આ રહી એ કડી:—

"પણમિય પાસજિણિંદપય અનુ સરસઇ સમરેવી ।
થૂલિભદ્દ મુણિવઇ ભણિસુ ફાગુબંધિ ગુણ કેવી ॥૧॥"

આમાં આ કૃતિ 'ફાગુ' નામના બંધમાં રચવાની પ્રતિજ્ઞા કરાઈ છે. ફાગુબંધ એટલે અમુક પ્રકારની કાવ્યરચના.

જૈન જગતમાં સુપ્રસિદ્ધ મુનિવર [1]સ્થૂલભદ્ર ગુરુની અનુજ્ઞા મેળવીને કોશા વેશ્યાને ત્યાં આવે છે અને ચાતુર્માસ રહેવા માટે એની પાસે ચિત્રશાળા માંગે છે. એ સમયે એ કોશા વેશ્યા એ આપે છે અને અનેક પ્રકારની સજાવટ કરી મુનીશ્વરને યતિધર્મથી વિમુખ બનાવવા લોભાવે છે, પણ એઓ અડગ રહે છે એટલું જ નહિ પણ કોશાને સુશ્રાવિકા બનાવવામાં સફળ થાય છે. ચાતુર્માસ દરમ્યાન આ પ્રમાણેનું એ મુનિવર્યનું વર્તન સાંભળી એમના ગુરુ એમને 'દુષ્કરદુષ્કરકારક' કહી એમની પ્રશંસા કરે છે. આપણા કવિઓ (ભા. ૧, પૃ. ૨૩૩)માં "સ્થૂલિભદ્ર ગુરુના હુકમથી ભિક્ષાએ આવે છે" એમ જે ઉલ્લેખ કરાયો છે તે ભ્રાન્ત છે. ગુજરાતી સાહિત્યની રૂપરેખા (પૃ. ૨૨)માં આ ભ્રાન્ત ઉલ્લેખનું પુનરાવર્તન થયું છે. આવું ભવિષ્યમાં ન બને એ માટે અહીં આ નોંધ લેવી પડી છે.

---

૧ આને માટે પાઇયમાં 'થૂલભદ્દ' શબ્દ છે. એ ઉપરથી ગુજરાતીમાં 'થૂલિભદ્દ' રૂપ બનાવાયું છે.

મુનીશ્વર સ્થૂલભદ્રના જીવનની વિવિધ બાજુઓ ઉપર પ્રકાશ પાડનારાં મુખ્ય સાત સાધનો મેં "મુનિરત્ન શ્રી સ્થૂલભદ્રના જીવનનો એક પ્રસંગ" એ લેખમાં કે જે "જૈન ધર્મ પ્રકાશ" (પૃ. ૫૫, અં. ૪)માં પ્રસિદ્ધ થયેલો છે તેમાં ગણાવ્યાં છે. એમાં સોમપ્રભસૂરિકૃત કુમારવાલપડિબોહનો પાંચમો પ્રસ્તાવ ઉમેરવો. એમાં "અપભ્રંશ"માં આ મુનિરાજનું જીવનચરિત્ર છે.

ચાતુર્માસનો પ્રસંગ હોવાથી વર્ષાનું વર્ણન અપાયુ છે. બાકી આ ફાગુ ચૈત્ર માસમાં એટલે કે વસન્ત ઋતુમાં 'ખેલાઓ ગાતા રમે અને નાચે' એમ કહી એની ફાગુ તરીકેની સાર્થકતા બતાવાઈ છે. વિષયનો મોટો ભાગ શૃંગારિક છે, એ રીતે પણ આ 'ફાગુ' એ નામને લાયક છે.

પ્રાચીન પદ્ધતિના કાવ્યની દૃષ્ટિએ આમાં આલંકારિક કવિતા છે એટલે એ રીતે આ કાવ્ય છે. આ કાવ્ય ભાષાની દૃષ્ટિએ ઉપયોગી છે, કેમકે એમાં સંસ્કૃત તત્સમ રૂપો તેમજ અપભ્રંશ યુગનાં રૂપો ઉપરાંત કેટલાંક નવીન રૂપો નજરે પડે છે.[૨] વિશેષમાં આપણા કવિઓમાં એ ઉલ્લેખ છે કે એમાં કચોલા (કચોળું), ગાલિમસૂરા (ગાલમસૂરિયું) અને સહુર (સિપાઈ) એવા શબ્દો વપરાયા છે. સહુર એ ફારસી છે, જો કે આપણા કવિઓમાં એને 'અરબી' કહ્યો છે. ગુજરાતી ભાષાની ઉત્ક્રાન્તિ (પૃ. ૩૯૯)માં તો 'મહુસહુ' એટલે 'મહુરૂપ શલ્ય' એવો અર્થ કરાયો છે, અને એ વાસ્તવિક જણાય છે.

સામાજિક દૃષ્ટિએ પણ આ કાવ્ય ઉપયોગી છે. વેશ્યાઓની વ્યવસ્થિત સંસ્થા એક સમયે હતી, અને જૈન સાધુઓ ભિક્ષાને માટે કોઈને પણ ઘેર જતા એમ જે આપણા કવિઓ (ભા. ૧ પૃ. ૨૩૬)માં આલેખાયું છે તે ખરું છે, પણ તે આ ફાગુ ઉપરથી ફલિત થાય છે એમ જે કહેવાયું છે એ ઉપયુક્ત ભ્રાન્ત હકીકતને આભારી છે

વિનયચન્દ્રે (આશરે વિ. સં. ૧૨૬૯) નેમિનાથચતુષ્પાદિકા રચી છે. એ અત્યાર સુધીમાં મળેલાં 'ઋતુકાવ્ય'માં તેમજ [૩]'બારમાસી કાવ્ય'માં પણ પ્રથમ છે, જ્યારે એ દૃષ્ટિએ આ ફાગુ બીજું ઋતુકાવ્ય છે, પણ 'ફાગુ' કાવ્ય તરીકે તો એ પ્રથમ છે–સૌથી પહેલું છે.

આ 'સિરિથૂલિભદ્દફાગુ' 'ખરતર' ગચ્છના જિનપદ્મસૂરિએ રચ્યું છે. એમને વિક્રમ-સંવત્ ૧૩૯૦માં આચાર્યપદ મળ્યું હતું એમ જૈન ગૂર્જર કવિઓ (ભા. ૧, પૃ. ૧૧)માં ઉલ્લેખ છે. 'આચાર્ય' પદ મળ્યા બાદ આ ફાગુ તેમણે રચેલ છે એમ એની અંતિમ –૨૭ મી કડીમાં 'જિણપદ્મસૂરિ' ઉલ્લેખ ઉપરથી જાણી શકાય છે. આ સૂરિ વિ. સ. ૧૪૦૦ માં સ્વર્ગે સંચર્યા એમ જૈન ગૂર્જર કવિઓ (ભા. ૧, પૃ. ૧૧)માં નોંધ છે. આથી આ ફાગુને આપણે વિક્રમની ચૌદમી સદીની છેલ્લી પચ્ચીસીની કૃતિ ગણી શકીએ.

---

૨ આનાં ઉદાહરણો માટે જુઓ આપણા કવિઓ (ભા. ૧, પૃ. ૨૩૬–૭).

૩ રાધાકૃષ્ણની, સીતારામની, ગુરુની, જ્ઞાનની, ખેડૂતની એમ અનેક વિષયની બારમાસીઓ આના પછી રચાઈ છે. વિશેષ માહિતી માટે શ્રી. મં. ર. મજમૂદારનો A Note on Barmasi songs in Gujarati Literature નામનો લેખ જોવો. આ લેખ "Journal of the Gujarat Research Society (Vol. II, No. 2, pp. 8–16) માં છપાયો છે.

જૈન ગૂર્જર કવિઓ (ભા. ૩, ખં. ૨, પૃ. ૧૭૭૪) માં "બારમાસ" એવા શીર્ષકપૂર્વક નેમિબારમાસ વગેરે કૃતિઓની યાદી આપી છે

પ્રાચીન ગુર્જર કાવ્યસંગ્રહ (પૃ. ૩૮–૪૧)માં એ પ્રસિદ્ધ થયું છે. **ગુજરાતી ભાષાની** ઉત્ક્રાન્તિ (પૃ. ૪૯૯–૫૦૩)માં એ ઉદ્ધૃત કરાયું છે. સાથે સાથે એમાંના કેટલાક શબ્દોનો અર્થ વ્યુત્પત્તિપૂર્વક એમાં અપાયો છે. **આપણા કવિઓ** (પૃ. ૨૩૩–૨૩૬)માં આ ફાગુની કેટલીક કડીઓ એની ગુજરાતી છાયા–આધુનિક ગુજરાતી રૂપાન્તર સહિત અપાયેલી છે.[૪] બાકીનાની આવી છાયા આપવા ઉપરાંત સમીક્ષાત્મક સંપાદન માટે જે આવશ્યક ગણાય તેવી હકીકત પણ આપી, આ તેમ જ બીજાં ફાગુ કાવ્યો એક સંગ્રહરૂપ પ્રસિદ્ધ થવાં ઘટે અને એનું સંપાદનકાર્ય જૂની ગુજરાતી, અપભ્રંશ, પાઇય અને સંસ્કૃતના વિશેષજ્ઞને સોંપાવું જોઈએ. કોઈ ધનિક વ્યક્તિ કે સંસ્થા આ દિશામાં પ્રશંસનીય પગલું ભરશે એવી આશા છે.

[૨] થૂલભદ્દફાગુ : કર્તા હલરાજ

વિ. સં. ૧૪૦૯માં **હલરાજે** સ્થૂલભદ્રને અંગે 'ફાગુ' કાવ્ય 'મેદપાટ' (મેવાડ)ના આઘાટ નગરમાં રચ્યું છે. **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખં. ૧, પૃ. ૪૧૨)માં એનો સ્થૂલિભદ્દફાગ[૫] તરીકે નિર્દેશ છે. જ્યારે પૃ. ૪૧૩ માં પુષ્પિકામાં એનો '**થૂલભદ્દફાગુ**' તરીકે ઉલ્લેખ છે. આ કાવ્યની પ્રારંભની ચાર લીટીરૂપ એક કડી અને અંતમાંની અગ્યાર લીટી પૃ. ૪૧૨–૩માં અપાયેલી છે. વિશેષમાં છેવટની પાંચ લીટીમાં મથાળે 'વસ્ત' એમ લખાયેલું છે. આ કેટલી કડીનું કાવ્ય છે તે જાણવું બાકી રહે છે.

[૩] નેમિનાથફાગુ : કર્તા રાજશેખરસૂરિ

અનેક જૈન કવિઓએ **નેમિનાથને** ઉદ્દેશીને જાતજાતનાં કાવ્યો લખ્યાં છે. તેમાં 'ફાગુકાવ્યો' પણ છે. એ પૈકી 'મલધારી' **રાજશેખરસૂરિએ** રચેલા ફાગુકાવ્ય વિષે અહીં વિચાર કરાય છે.

આ ફાગુકાવ્ય પણ **સિરિથુલિભદ્દફાગુની** પેઠે ૨૭ કડીનું કાવ્ય છે અને એના પણ સાત જ ખંડ પડાયા છે. એ ૩, ૬, ૧૨, ૧૫, ૧૮, ૨૧, ૨૪ અને ૨૭ મી કડીએ અનુક્રમે પૂર્ણ થાય છે. ખંડની પહેલી કડી દોહરામાં છે, જ્યારે બાકીની રોળામાં છે. આ સમગ્ર કાવ્ય રમવાને માટે રચાયું છે એમ એની અંતિમ કડીમાં કહેવાયું છે. આ કડી નીચે મુજબ છેઃ—

> "રાજલ દેવિસઉં સિદ્ધિ ગયઉ સો દેઉ થુણીજઇ ।
> મલહારિહિં રાયસિહરસૂરિહિં કિઉ ફાગુ રમીજઇ ॥ ૨૭ ॥

આ **રાજશેખરસૂરિ** તે વિ. સં. ૧૪૦૫માં **ચતુર્વિંશતિપ્રબન્ધ** યાને **પ્રબન્ધકોશ** રચનારાથી અભિન્ન છે. આ ઉપરથી આ **નેમિનાથફાગુની** રચના **વિક્રમની** ચૌદમી અને પંદરમી સદીના સંધિકાળની કૃતિ ગણી શકાય. એને **હલરાજ**-કૃત **થૂલભદ્દફાગુથી** પહેલું કે પછી ગણવા માટે કોઈ ખાસ પ્રમાણ જણાતું નથી એટલે હાલતુરત તો મેં એને પછીનું ગણ્યું છે. **નેમિનાથની** સગાઈ **રાજીમતી** સાથે થયા બાદ એમની જાન ઉગ્રસેનને ત્યાં જાય છે ત્યારે ગોરવ માટે એણે જે પશુપંખીઓ પાંજરે પૂર્યાં

---

૪ જૈન ગૂર્જર કવિઓ (પ્રથમ ભાગ, પૃ. ૩૮–૩૯)માં પહેલી ૭ અને છેલ્લી ચાર લીટીઓ છે, તેમાંની છેલ્લી બે સિવાયની તો આ જિનપદ્મસૂરિકૃત સિરિથુલિભદ્દફાગુમાં છે. બાકીની બે ભિન્ન છે અને વિશેષ નવાઈની વાત તો એ છે કે આ કૃતિ દેપાલની ગણાવાઈ છે!

૫ આ થૂલિભદ્દ ઉપરથી બનાવાયેલું સંસ્કૃત રૂપ છે. વાસ્તવિક નામ 'સ્થૂલભદ્ર' છે.

હતાં તે કરુણ સ્વરે પોતાનું દુઃખ કહે છે. એ સાંભળી નેમિનાથ એ લગ્નને દિવસે—શ્રાવણ સુદ છઠે પરણ્યા વિના પાછા ફરે છે. આમ આ કાવ્યનો અન્ત નિર્વેદમાં આવે છે, પરંતુ કાવ્યનો રસ સતત વહે છે, કેમકે એમાં રાજીમતીનું અને ખાસ કરીને વરઘોડાનું વર્ણન છે. પ્રારંભમાં વસંતખેલનું સૂચન છે એ ઉપરથી તેમજ લગ્ન સામાન્ય રીતે વસન્તમાં થાય છે એ ખ્યાલમાં લેતાં આ કાવ્યને 'ફાગુ' કહેવામાં વાંધો જણાતો નથી.

પ્રાચીન આલંકારિક શૈલીનું આ ફાગુ કાવ્ય **પ્રાચીન ગુજરાતી કાવ્યસંગ્રહ**માં પ્રસિદ્ધ થયું છે. એની કેટલીક કડીઓ ગુજરાતી છાયા તેમજ આ કાવ્ય સંબંધી કેટલીક માહિતી સાથે **આપણા કવિઓ** (ભા. ૧. પૃ ૨૪૪–૨૪૯)માં અપાયેલી છે. આ ફાગુની પહેલી કડીનો પૂર્વાર્ધ "સિદ્ધિ જેહિ સયવર વરિય તિ તિત્થયર નમેવી" એમ સુધારવાનું સૂચન **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખં. ૧, પૃ. ૪૧૨)મા કરાયુ છે.

[૪] જંબૂસ્વામીફાગુ : કર્તા અજ્ઞાત

આ કોની કૃતિ છે તેનો નિર્દેશ નથી, પણ એ વિ. સં. ૧૪૩૦ માં રચાયેલી છે એ વાત તો એની નીચે મુજબની ત્રીસમી કડી ઉપરથી જાણી શકાય છેઃ—

"ચઉદહ તીસ સંવચ્છરિ સુરચ્છરિ માનિ વિમત્તુ ।
જંબુય ગુણ અનુરાગિહિં ફાગિહિં કહીય ચરિત્તુ ॥ ૩૦ ॥"

જયશેખરસૂરિકૃત નેમિનાથફાગુની પેઠે આ ફાગુ સાંકળીકાવ્ય છે. એ ઉપરથી એવી સંભાવના માટે અવકાશ રહે છે કે એ **જયશેખરસૂરિ**ની કૃતિ હોય. એ કૃતિ જો બીજાની જ હોય તો "જયશેખરસૂરિએ આ સાંકળી–પ્રકારનું અનુકરણ કર્યું છે" એમ **આપણા કવિઓ** (પૃ. ૩૧૭)માં નિર્દેશ છે. **જંબૂસ્વામી**ને ઉદ્દેશીને આ ફાગુ રચાયેલું છે. એમને લલચાવવા માટે જે નારી તૈયાર થઈ છે તેના શરીરનું રોચક વર્ણન છે. આ અત્યંત વેગવંત અને સુંદર કાવ્ય શ્રી. **ભોગીલાલ સાંડેસરાએ** સંપાદિત કર્યું છે અને એ "ગુજરાતી"ના ઈ. સ. ૧૯૩૨ના દીપોત્સવી અંક (પૃ. ૪૨)માં છપાયું છે. એમાંથી કેટલીક કડીઓ **આપણા કવિઓ** (પૃ. ૩૧૬–૭૭)માં અપાયેલી છે ઉપર્યુક્ત અંક આજે સુલભ નથી તો એ ફરીથી પ્રસિદ્ધ થવું ઘટે

[૫] જીરાઉલિપાર્શ્વનાથફાગુ : કર્તા મેરુનંદન

જિનોદયસૂરિના શિષ્ય **મેરુનંદને** જંબૂસ્વામીફાગુની માફક ત્રીસ કડીનું આ 'ફાગુ' કાવ્ય વિ. સ. ૧૪૩૨માં રચ્યું છે. ચચ્ચાર લીટીની પહેલી અને છેલ્લી કડી **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખં. ૧, પૃ. ૪૨૦)માં અપાયેલી છે. કાવ્યનો વિષય 'જીરાઉલિ' પતિ પાર્શ્વકુમાર છે.

[૬] નેમિનાથફાગુ : કર્તા જયશેખરસૂરિ

પરમહંસપ્રબોધ અને **પ્રબોધચિન્તામણિ** એવા નામે પણ ઓળખાતું **ત્રિભુવનદીપકપ્રબન્ધ** નામનું 'રૂપક' કાવ્ય વિ. સં. ૧૪૬૨માં રચનારા **જયશેખરસૂરિએ** આ રચ્યું છે. આ દ્વારા ભાષા ઉપરનું એમનું પ્રભુત્વ જોઈ શકાય છે. ૧૧૪ દોહરાનું આ સુંદર સાંકળીકાવ્ય છે. અને એ રીતે આ **જંબૂસ્વામીફાગુ**ને મળતું આવે છે. આમાં છંદોની વિવિધતા નથી એથી એને **આપણા કવિઓ** (પૃ. ૩૧૪)માં 'પ્રાચીન—વિ. સં. ૧૪૬૨ કરતાં ઘણાં વર્ષો પૂર્વે રચાયેલું' ગણ્યું છે. **આપણા કવિઓ** (પૃ. ૩૧૪–૫)માં આ **નેમિનાથફાગુ**ના ચચ્ચાર લીટીના આઠ દોહરા અપાયા છે. જેમકે ૭–૯,

૧૭, ૧૮, ૨૦, ૨૧ અને ૪૭. ' ગિરનાર ' ગિરિને ક્રીડાસ્થાન તરીકે આલેખી વસન્તખેલ વર્ણવાયો છે. વસન્તનાં આકર્ષણો તેમજ રાણીઓની વિવિધ ક્રીડા નેમિનાથના વિરક્ત હૃદય ઉપર કશી અસર કરતાં નથી એ આ કાવ્યમાં સારી રીતે આલેખાયું છે. " એક ઋતુકાવ્ય તરીકે દીપી ઊઠે એવું આ સર્વશ્રેષ્ઠ કાવ્ય છે એમ કહેતાં જરાય સંકોચ થતો નથી " એમ આપણા કવિઓ (પૃ. ૩૧૫)માં ઉલ્લેખ છે.

"જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ" (પૃ. ૪૮૭)માં જયશેખરસૂરિનો ૫૮ કડીનો નેમિનાથફાગ નોંધાયો છે અને જૈન ગૂર્જર કવિઓ (ભા. ૩, ખં. ૧, પૃ. ૪૨૫-૬) માં ચાર ચાર લીટીની પહેલી અને છેલ્લી (૫૮મી)કડી અપાયેલી છે. આમ ભિન્ન ભિન્ન કડીઓ અપાયેલી હોવાથી અને બીજું કોઈ સાધન મારી પાસે અત્યારે નથી એટલે ઉપર સૂચવેલ ૧૧૮ દોહરાનો ફાગ તે ૫૮ કડીના ફાગથી ભિન્ન જ છે કે કેમ એનો અંતિમ નિર્ણય કરવો તો બાકી રહે છે. છતાં વિષય વગેરે વિચારતાં એ બે એક હોવાનો સંભવ છે, જો કે કડીની સંખ્યામાં મોટો ભેદ છે.

[૭] નેમીશ્વરચરિતફાગબંધ : કર્તા માણિક્યસુંદરસૂરિ

'અંચલ' ગચ્છના મેરુતુંગસૂરિના શિષ્ય માણિક્યસુંદરસૂરિએ વિ. સં ૧૪૭૮ની આસપાસમાં એકાણુ ગાથાનું આ કાવ્ય રચ્યું છે. એમાં પહેલી ત્રણ ગાથાઓ સંસ્કૃતમાં છે. જૈન ગૂર્જર કવિઓ (ભા. ૩, ખં. ૧, પૃ. ૪૮૩)માં ચોથી, પાંચમી અને ૯૧મી ગાથા અપાયેલી છે. ' જીરાપલ્લિ 'પતિ પાર્શ્વનાથ અને સરસ્વતીને પ્રણામ કરી અઢઉ, ફાગ અને રાસુ એ ત્રણ છંદનો વારાફરતી ઉપયોગ કરી કવિએ આ કૃતિ રચી છે. વિશેષમાં ૯૧મી ગાથાનો પૂર્વાર્ધ જોતાં કવિએ પોતાનું નામ ખૂબીથી સૂચવ્યું છે એમ જણાય છે. આ પૂર્વાર્ધ નીચે મુજબ છેઃ—

" કુચ અમ્રર જિમ બે તિહિં મિલીયા, સુંદર પરમ બ્રહ્મસિઉં
મિલીયા દુઃખ વર્જિત વિલસતિ "

[૮] સ્થૂલિભદ્રફાગ : કર્તા સોમસુંદરસૂરિ

" જૈ. સા. સં. ઈ " (પૃ. ૪૮૭) પ્રમાણે આ ફાગ આરાધનારાસના કર્તા સોમસુંદરસૂરિએ વિ. સં. ૧૪૮૧માં રચેલો છે. ગુજરાતી સાહિત્યમાં ગદ્ય અને પદ્ય એમ બંને પ્રકારનું સાહિત્ય રચનારા જે ઘણા થોડા લેખકો છે એમાં આ સૂરિનું લગભગ પ્રથમ સ્થાન છે. વિ. સં. ૧૪૫૭માં એમને 'સૂરિ' પદ મળ્યું હતું. એઓ વિ. સં. ૧૪૯૯માં કાલધર્મ પામ્યા.

[૯] દેવરત્નસૂરિફાગ : કર્તા દેવરત્નસૂરિના શિષ્ય

" જૈ. સા. સં. ઈ. " (પૃ. ૪૮૭)માં આ ફાગ વિ. સં. ૧૪૯૯માં દેવરત્નસૂરિના કોઈ શિષ્યે રચ્યાનો ઉલ્લેખ છે. આ ફાગ જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય સંચયમાં દસમી કૃતિ તરીકે છપાયો છે. એનો સાર આ જ પુસ્તક (પૃ. ૮૬)માં અપાયો છે.

[૧૦] ભરતેશ્વરચક્રવર્તીફાગ : કર્તા અજ્ઞાત

આ વીસ કડીની કૃતિ છે. એની પહેલી બે લીટી અને છેલ્લી ચાર લીટીઓ જૈન ગૂર્જર કવિઓ (ભા. ૩, ખં. ૧, પૃ. ૪૨૧)માં અપાયેલી છે. ત્યાં આ કૃતિને વિક્રમની પંદરમી સદીની કૃતિ ગણી છે. આ ફાગ સુમંગલાના પુત્ર ચક્રવર્તી ભરત રાજાને ઉદ્દેશીને રચાયેલો છે.

[૧૧] નેમિનાથફાગ : કર્તા સમધર

આ પંદર કડીનું કાવ્ય છે. આની પહેલી બે અને છેલ્લી ચાર લીટીઓ જૈન ગુર્જર કવિઓ (ભા. ૩, ખં. ૧, પૃ. ૪૨૧-૨)માં અપાયેલી છે. તેમાંથી પહેલી અને છેલ્લી બે લીટીઓ હું અહીં આપું છું, કેમકે એ દ્વારા કર્તાનાં 'સમુધર' તેમ જ 'સમધર' એ બે નામ હોવા વિષે તેમ જ આ રચના સરસ્વતી અને અંબિકાને પ્રણામ કરી 'ફાગુ' છંદમાં ખેલવા માટે કરાયેલી છે એ બાબત જાણવા મળે છેઃ—

" સરસતિ સામણિ પણમવિ, નમવિ અંબિક હિયઈ,
' ફાગુ ' છંદિ સમુધર ભણઈ, નેમિચરિઉ નિસુણેવિ. ૧ "
" સમધર ભણઈ સોહાવણઉ, ફાગુ ખેલઉ સુવિચારૂ,
અરે નિસદિન ન મેલ્હઉ, નેમિ મુક્તિ-દાતારો (રૂ) ૧૫ "

આ ફાગ વિક્રમની પંદરમી સદીની કૃતિઓમાં નોંધાયો છે.

[૧૨] કીર્તિરત્નસૂરિફાગુ : કર્તા અજ્ઞાત

શ્રી. શંકરદાન શુભૈરાજ નાહટાદ્વારા પ્રકાશિત ઐતિહાસિક જૈન કાવ્ય સંગ્રહના પૃ. ૪૦૧-૨માં આ ફાગુનો ત્રુટકપણે અંતિમ ભાગ છે. બે લીટીની ૨૮મી કડી પછી 'ભાસ' એવા શીર્ષકપૂર્વક બે લીટીની ૨૯મી કડી, ત્યાર બાદ ચચ્ચાર લીટીની ૩૦મી, ૩૧મી અને ૩૨મી કડી, પછી 'ભાસ' એવા શીર્ષકપૂર્વક બે લીટીની ૩૩મી કડી અને ત્યાર પછી ચચ્ચાર લીટીની ૩૪મી, ૩૫મી અને ૩૬મી એમ ત્રણ કડીઓ અપાયેલી છે. આના પછી નીચે મુજબનો ઉલ્લેખ છેઃ—

" इति श्रीकीर्तिरत्नसूरिवराणां फागु समाप्तः ॥
॥ छः ॥ शुभं भवतु श्रीसंघस्य ॥ छः ॥
॥ लिखितं जयध्वजगणिना ॥

આ ફાગુમાં 'ખરતર' ગચ્છના કીર્તિરત્નસૂરિના ગુણ ગવાયા છે. જિનભદ્રસૂરિએ કીર્તિરત્ન ઉપાધ્યાયને ' આચાર્ય ' પદવી આપી ' કીર્તિરત્નસૂરિ ' એવું એમનું નામ પાડ્યું. જેમના ઉપદેશથી વિ. સં. ૧૪૯૦માં છંદોઽનુશાસનવૃત્તિ તાડપત્ર ઉપર લખાઈ તે જિનભદ્રસૂરિ તે આ જ હશે. જો એમ હોય તો કીર્તિરત્નસૂરિ પંદરમી સદી ગણાય. આ ફાગુ આ હિસાબે આ સદીના ઉત્તરાર્ધની કૃતિ ગણાય. આ આધારે કે કોઈ અન્ય કારણે દશમા પાના ઉપર સંપાદકોએ એને ૧૫મી સદીના શેષાર્ધની કૃતિ ગણાવી છે.

આ ફાગુના કર્તાનું નામ અપાયેલું નથી. કદાચ એ જયધ્વજગણિએ પણ રચી હોય. આ ફાગુની અંતિમ કડી નીચે મુજબ છે—

" એ ફાગુ ઉછરંગિ રમઈ, જે માસ વસંતે ।
તિહિ મણિ નાણુ પહાણુ કિત્તિ મહિયલ પસરંતે ॥૩૬॥ "

આ છેલ્લી પંક્તિમાં કર્તાએ પોતાનું નામ સૂચવ્યું હોય એવો પણ શક જાય છે. અત્યારે તો આથી વિશેષ હું કહી શકું તેમ નથી. આ 'ફાગુ' કાવ્ય "જૈન ગૂર્જર કવિઓ" માં નોંધાયેલું હોય એમ જણાતું નથી.

[૧૩] સુરંગાભિધાન નેમિનાથફાગ : કર્તા ધનદેવગણિ

ધનદેવગણિએ વિ. સં. ૧૫૦૨માં આ કાવ્ય રચ્યું છે. જૈ. સા. સં. પૃ.

(પૃ. ૫૨૧)માં આનું નામ "સુરંગાભિધાન નેમિફાગ" અપાયું છે. આ પુષ્પમાં આનું એક પદ્ય નીચે મુજબ છે:—

" દેવી દેવી નવી કવીશ્વર તણી વાણી અમીસારણી
વિદ્યાસાયરતારણી મલ હણી હંસાસણી સામિણી
ચંદા દીપતિ જીપતિ સરસતિ મઈ વીનવી વીનતી
બોલું નેમિકુમાર કેલિની રતિ ફાગિઇં કરી રંજતી "

[૧૪] વસંતવિલાસ (ફાગુ): કર્તા રત્નાકર (?)

ઈ. સ. ૧૮૯૨માં "ગુજરાત શાળાપત્ર"ના ૩૧મા પુસ્તકમાં સ્વ. કેશવલાલ ધ્રુવે આ ફાગુ પહેલી વાર પ્રકટ કર્યું હતું અને ત્યારબાદ ઈ. સ. ૧૯૨૭માં "પંદરમાં શતકમાં પ્રાચીન ગુર્જર કાવ્ય"માં પૃ. ૧૫–૨૩માં આ કાવ્યના ૮૬ શ્લોકો પ્રાચીન ગુજરાતી ભાષામાં અને સંસ્કૃત–પ્રાકૃત પદ્યો પૃ. ૧૪૫–૧૫૮માં એમણે સંપાદિત કર્યાં હતાં. આ કાવ્યની વિ. સં. ૧૫૦૮માં આચાર્ય રત્નાગરને હાથે લખાયેલી પ્રતિ મળી છે. લખાયેલી–નો અર્થ 'રચાયેલી' એમ ન માનનાર આ કાવ્યનો રચનાસમય વિ. સં. ૧૫૦૦ની આસપાસનો ગણે છે. આ મધ્યકાળનું શ્રેષ્ઠ ઋતુકાવ્ય ગણાય છે. "શ્રી ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક" (પુ. ૧, અં. ૪, પૃ. ૪૩૦–૪૩૨)માં શ્રી. કનૈયાલાલ મુનશીએ "નરસિંહ યુગના કવિઓ"એ નામના પોતાના લેખમાં આ ફાગુ કાવ્યની કેટલીક કડીઓ ગુજરાતી અર્થ સહિત આપી છે. તેઓ ૪૩૨મા પૃષ્ઠમાં કહે છે કે "આ કાવ્ય મૂળ ત્રણ ભાષામાં છે. પહેલો શ્લોક સંસ્કૃત, તેની નીચે પ્રાકૃત ગાથા, અને તેની નીચે ગુજરાતી ટુંક, એ પ્રમાણે આખું કાવ્ય ત્રણ ભાષામાં છે... ..ગુજરાતી ટુંકો ૮૬ છે. ...નેમિનાથને ઉદ્દેશીને રચાયેલું એક કાવ્ય બરાબર આને મળતું ત્રણે ભાષામાં છે."

ઉપર્યુક્ત વિ. સં. ૧૫૦૮ વાળી પ્રતિ સચિત્ર છે અને અત્યારે તો તે વૉશિંગ્ટનના Freer Gallery of Artમાં છે.

વસંતવિલાસના કર્તા કોણ છે તે જાણવામાં નથી એ જૈન નથી એમ સ્વ. કેશવલાલ ધ્રુવે સૂચવ્યું છે. જ્યારે કેટલાક એને જૈન ગણે છે. શ્રી સારાભાઈ નવાબે આ જૈન છે એ સિદ્ધ કરવા કેટલીક દલીલો "જૈન સત્ય પ્રકાશ" (વ. ૨, અં. ૩, પૃ. ૧૧૪–૧૧૮)માં આપી છે. વિશેષમાં આ સચિત્ર પ્રતિનાં ચિત્રોનો પ્રથમ પરિચય શ્રી. રવિશંકર રાવળે "હાજી મહમ્મદ સ્મારક ગ્રંથ"માં કરાવ્યાનો એમણે ઉલ્લેખ કર્યો છે, અને ત્યાર પછી એના શ્રી નાનાલાલ સી. મહેતાએ આ ચિત્રોને અંગે ત્રણ લેખો અન્યાન્ય સામાયિકમાં લખ્યાનો નિર્દેશ કર્યો છે.

જૈન ચિત્ર કલ્પદ્રુમમાં "ગુજરાતની જૈનાશ્રિત કળા અને તેનો ઇતિહાસ" એ લેખનાં પૃ. ૪૪–૪૮ માં જે કારણો અપાયેલાં છે તે ઉપરથી સ્વ. મોહનલાલ દલીચંદ દેશાઇએ જૈન ગૂર્જર કવિઓ (ભા.૩, ખં.૧, પૃ.૪૪૫)માં નીચે મુજબ ઉલ્લેખ કર્યો છે:—

" આમ અનેક કારણો છે કે જે પરથી [૧]આ કૃતિ ખુદ રત્નાકરસૂરિકૃત હોય એમ પ્રાયઃ પ્રતીત થાય છે."

---

૧ વસંતવિલાસ કે જેની વિ સં. ૧૫૦૮માં લખાયેલી પ્રતિ મળે છે, તે આ કૃતિ સિદ્ધિરત્નશિષ્ય હર્ષરત્ને વિ. સં. ૧૬૯૬ માં રચેલ નેમજિનવસંતવિલાસથી ભિન્ન છે.

"સ્વ. બાબૂ શ્રી બહાદુરસિંહજી સિંઘી સ્મૃતિગ્રંથ–ભારતીય વિદ્યા (વર્ષ ૩, અંક ૧) –નિબન્ધસંગ્રહ"માં શૃંગારશત નામનું એક પ્રાચીન ગુજરાતી કાવ્ય છપાયેલું છે. એના પરિચયમાં ૨૧૧મા પૃષ્ઠમાં એ કાવ્યને ઉદ્દેશીને કહેવાયું છે કે આની ભાષા "વસન્ત વિલાસની ધાટીની" લગભગ છે. એ વિ. સં. ૧૩૫૦ અને ૧૪૫૦ની વચ્ચે રચાયેલું છે. વિશેષમાં એ "વસંતવિલાસની જ પદ્ધતિનું અને વર્ણનાનું અનુકરણ કરતું" કાવ્ય છે.

"વસંતવિલાસ, એક પ્રાચીન ગુજરાતી ફાગુ" એવા શીર્ષક પૂર્વક આ ફાગુની ૮૪ ગુજરાતી કડીઓ, બીજા પરિશિષ્ટ તરીકે એને અંગેનાં સંસ્કૃત અને પાઇયમાં રચાયેલાં ૮૩ પદ્યો અને તેનાં મૂળનો ઉલ્લેખ, પ્રથમ પરિશિષ્ટમાં તેમજ ચોથા પરિશિષ્ટમાં ગુજરાતી ફાગુનાં પાઠાંતરો, પાંચમા પરિશિષ્ટમાં સંસ્કૃત અને પાઇય પદ્યોનાં પાઠાંતરો, ત્રીજા પરિશિષ્ટ તરીકે સોની રામ દ્વારા બાવન પદ્યોમાં ગુજરાતીમાં રચાયેલ વસંતવિલાસ તેમ જ અંગ્રેજી પ્રસ્તાવના અને ટિપ્પણો તથા શબ્દકોશ એ વિવિધ સામગ્રી પ્રા. કાંતિલાલ વ્યાસે સંપાદિત કરેલ અજ્ઞાતકર્તૃક (?) વસંતવિલાસમાં છે. આ સંપાદન જૂની ગુજરાતી ભાષાના અભ્યાસીને ઉપયોગી છે, પણ એ ભાષાથી અપરિચિત જનો એનો રસાસ્વાદ ભાગ્યે જ લઈ શકે તેમ છે. આથી જેમ સ્વ. ડાહ્યાભાઈ દેરાસરીએ "કાન્હડદે પ્રબંધ"નો અર્વાચીન ગુજરાતીમાં અનુવાદ આપ્યો હતો તેમ શ્રી રજનીકાન્ત ભટ્ટે આ વસન્તવિલાસનો દોહરામાં અનુવાદ આપ્યો છે. શ્રી. ઉમાશંકર જોષીએ એને અંગે પંદર પૃષ્ઠનું "રસદર્શન" લખ્યું છે. આમાં પૃ. ૧૫–૧૬ માં તેઓ લખે છે કે "એક સૂચક હકીકત એ છે કે પ્રસ્તુત કૃતિમાં નાયક તરીકે કૃષ્ણનો સમાદર નથી એટલે તે જૈનેતરની ન હોવાના સંભવને પણ અવકાશ છે. નેમિનાથ કે સ્થૂલિભદ્ર જેવાનું આલંબન લેતાં બધું ડાહ્યું ડાહ્યું થઈ જાય, એટલે જૈન હોવા છતાં કવિએ કાવ્યની શક્યતાઓને સાચવી જુના તેવા નાયકોને પડતા મૂકયા હોય, એ રીતે એ સંભાવના વિચારવા જેવી છે."

આ વસંતવિલાસ–ફાગુ અને જે ફાગુના કર્તા તરીકે નયર્ષિ કે નતર્ષિને શ્રી. મુનશીએ ઓળખાવ્યા છે તે એક જ કવિની કૃતિ હોય તો ના નહિ એમ જે શ્રી. કેશવરામ શાસ્ત્રી કવિચરિત (૧, પૃ. ૫૭)માં કહે છે તેને હું મળતો થાઉં છું.

[૧૫] એક ફાગ : કર્તા અજ્ઞાત

આ ફાગ ૬૭ પદ્યોનું કાવ્ય હોય અને એ પૈકી એનાં છેલ્લાં બે પદ્યો સંસ્કૃતમાં હોય એમ શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશીનો "નરસિંહ યુગના કવિઓ" એ નામનો જે લેખ શ્રીફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક (પુ ૧ અં. ૪)માં પ્રકાશિત થયો છે તેના ૪૩૭મા પૃષ્ઠ ઉપરથી જણાય છે. આ પૃષ્ઠ ઉપર નીચે મુજબનું પદ્ય છે:—

"કીરતિ મેરૂ સમાણુ કો નવિ લંઘઈ આણ;
તઉ જગિ અતિ સુજાણ, સારંગધર૦ ૪૯"

કીર્તિ 'મેરુ'ના જેવડી છે એવો અર્થ શ્રી. મુનશીએ કર્યો છે તે વાસ્તવિક છે, પરંતુ આ ઉપરથી આ ફાગના રચનારના ગુરુ 'કીર્તિમેરુ' નામના જૈન મુનિ કે જેમની વિ. સં. ૧૪૯૭ માં પોતે લખેલી નોંધમાંથી મળી છે તે હોવાની એમણે જે કલ્પના

કરી છે તે સાચી નથી એમ આપણા કવિઓ (ભા. ૧, ૩૪૭)માં ઉલ્લેખ છે. આ કાવ્ય જૈનેતરનું અને તે પણ નતર્ષિ કે નયર્ષિ નામના કોઈકનું છે એમ માનવા માટે મને સબળ કારણ જણાતાં નથી.

મોટે ભાગે-૬૫ કડીઓ જેટલા ગુજરાતી લખાણવાળા આ ફાગનો કર્તા તે જ વિ. સં. ૧૪૯૫ નો આસપાસમાં વસંતવિલાસ રચનાર હશે એમ શ્રી. મુનશી અનુમાન કરે છે અને તેનાં કારણ તરીકે કેટલી પંક્તિમાં શબ્દ તેમ જ ભાવ પણ એક છે તેમ જ કેટલીક પંક્તિમાં કેવળ ભાવની એકતા છે એમ અપાયાં છે. શ્રી. મુનશી ઉપર્યુક્ત વસંતવિલાસને જૈન કૃતિ ગણે છે. અને આ ફાગ "વસંત વિલાસનો જોટો" છે એમ તેઓ કહે છે અને બંનેની તુલના કરે છે. બંનેનો વિષય એક જ, વસંતવિલાસમાં સ્ત્રીપુરુષના વસંતવિહાર કે વિયોગનું વર્ણન છે, જ્યારે આ ફાગમાં કૃષ્ણ અને એની પટરાણીઓના વિલાસનું વર્ણન છે. પહેલામાં ઉછળતો શૃંગાર છે તો બીજામાં પ્રૌઢ છે. પહેલાને ગાતાં કંઈક સંકોચ થાય, જ્યારે બીજાને નિ:શંક ગાઈ શકાય.

ઉપર્યુક્ત ત્રૈમાસિક (પુ. ૧, અં. ૪, પૃ ૪૩૪-૩૩૭)માં આ ફાગ લગભગ પૂરેપૂરો અપાયો છે. પહેલું, ૬૩મું, ૬૬મું અને ૬૭મું પદ્ય પૃ. ૪૩૩માં અને ૪૯મું, ૨જું અને ૩જું ૪૩૪માામાં છે. ૪૩૫મા પૃષ્ઠ ઉપર ૮, ૯, ૧૫-૧૭, ૨૧-૨૪, અને ૨૮ એ અંકવાળાં પદ્યો-કડીઓ છે. એવી રીતે ૪૩૬મા પૃષ્ઠ ઉપર ૨૯, ૩૦, ૩૩, ૩૭, ૪૦, ૪૧, ૪૩, ૪૪ ક્રમાંકવાળાં અને ૪૩૭મા પૃષ્ઠ ઉપર ૪૮, ૫૧, ૫૨, ૫૭, ૬૦, ૬૧ અને ૬૪ ક્રમાંકવાળાં પદ્યો છે. વળી ટિપ્પણરૂપે આ પદ્યોનો તે તે પૃષ્ઠ ઉપર અર્થ અપાયો છે. વિશેષમાં અઢૈયુ, આંદોલા, ફાગ, ફાગુ, રાસ અને રાસક એમ કડીઓનાં વિવિધ મથાળાં છે.

પ્રથમ સોરઠ અને પછી દ્વારિકાના વર્ણનથી શરૂ થતો આ ફાગ કૃષ્ણના પરાક્રમ અને વૈભવને સારી રીતે વર્ણવે છે. આના બીજા પદ્યમાં 'ફાગ' વડે નારાયણનું વર્ણન કરીશ એમ કવિ કહે છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે:—

"વર્ણિસુ ફાગિ નરાયણુ, રાય ણુમઈ જસુ પાઇ."

આ ફાગકાવ્ય કોઈ સ્થળે પૂરેપૂરું પ્રસિદ્ધ થયું હોય એમ જાણવામાં નથી. જો એમ જ હોય તો એ કોઈ પ્રસિદ્ધ કરશે ?

[૧૬] નારીનિરાસફાગ : કર્તા રત્નમંડનગણિ

આ ફાગમાં બાવન કડીઓ છે. આની પહેલી બે અને છેલ્લી બે કડીઓ જૈન ગૂર્જર કવિઓ (ભાગ ૩, ખંડ ૧, પૃ. ૪૪૧)માં અપાયેલી છે. તેમાં પહેલી સંસ્કૃતમાં નીચે મુજબ છે:—

"सकलकमलाकेलीधामत्वदीयपदाम्बुज-
प्रणतिनिरतः श्रीनेमी स्मृतश्रुतदेवतः ।
प्रथणरजलोल्लेखाश्लेषप्रदान्त्यरसास्पदं
रचयति यतिः फागं नारीनिरास इति श्रुतम् ॥१॥"

અંતિમ કડી પણ સંસ્કૃતમાં છે અને એમાં કર્તાનું નામ છે. આ ફાગનો વિષય નેમિનાથે રાજીમતીનો કરેલો ત્યાગ એ છે. આના કર્તા રત્નમંડનગણિ છે. એમણે

રંગસાગરફાગ યાને નેમિનાથનવરસફાગ ત્રણ ખંડમાં રચ્યો છે. આ ઉપરાંત એમણે મુગ્ધમેધાકરાલંકર રચેલ છે. વિશેષમાં એમણે વિ. સં. ૧૫૧૭માં ભોજપ્રબંધ યાને પ્રબંધરાજ રચ્યો છે અને એ અરસામાં ઉપદેશતરંગિણી રચી છે. એઓ સોમસુન્દરસૂરિના ચરણકમળને વિષે ભ્રમરસમાન નંદિરત્નના શિષ્ય થાય છે.

[૧૭] નેમિનાથનવરસફાગ યાને રંગસાગરનેમિફાગુ : કર્તા રત્નમંડનગણિ

આની પૂર્વે રચાયેલાં નેમિનાથફાગુથી આની વિશેષતા એ છે કે એમાં નેમિનાથના જન્મથી માંડીને એમનું ચરિત્ર અપાયું છે. એઓ શિવાદેવીના ગર્ભમાં રહ્યા ત્યારે એ માતાએ જે ચૌદ સ્વપ્નો જોયાં તેનું આમાં 'ફાગ' એવા શીર્ષકપૂર્વક દોહરામાં વર્ણન છે. આ સંપૂર્ણ કાવ્ય "કૉન્ફરન્સ હેરેલ્ડ" નામના માસિકમાં છપાયા બાદ એ "પ્રમાપ્રુતમ્ (છાયાનાટક) અને નેમિનાથસ્તવન"ની સાથે વિ. સં. ૧૯૭૯માં મુનિ ધર્મવિજય દ્વારા સંપાદિત થઈ પ્રસિદ્ધ થયું છે. એ ઉપરથી આ કાવ્યની કેટલીક કડીઓ આપણા કવિઓ (પૃ. ૩૩૨-૬)માં ઉદ્ધૃત કરાઈ છે. વિશેષમાં આ કાવ્યના જે ત્રણ ખંડ પડાયા છે તેમાં અનુક્રમે કેટલી કડી ક્યા ક્યા છંદમાં છે તેનો પણ આ પુસ્તક (પૃ. ૩૩૬-૭) માં નિર્દેશ કરાયો છે. એ નિર્દેશ નીચે મુજબ છે:—

"આ કાવ્ય ત્રણ ખંડમાં વિભક્ત છે, જેમાં અનુક્રમે ૩૭, ૪૫ અને ૩૭ કડી છે, જેમાં ૧-૧ (અનુષ્ટુભ), ૧-૨ (શાર્દૂલ૦), ૧-૧૫ (શાર્દૂલ૦), ૧-૨૨ (શાર્દૂલ૦), ૧-૩૭ (શાર્દૂલ૦), ૨-૧ (અનુષ્ટુભ), ૨-૧૦ (આર્યા), ૨-૨૦ (અનુષ્ટુભ), ૩-૩૬ (અનુષ્ટુભ), ૩-૩૭ (શાર્દૂલ) અને ૩-૩૧, ૩૨ (રાસક), એ સંસ્કૃત ભાષામાં શ્લોકો મળે છે, જ્યારે ૨-૧૮ (શાર્દૂલ૦) અને ૨-૩૦ ગાથા એ મહારાષ્ટ્રી પ્રાકૃતમાં છે, બાકીનું કાવ્ય તત્કાલીન ભાષામાં છે. એ ઉપરાંત નીચે મુજબ છંદોવૈવિધ્ય આપવામાં આવ્યું છે:

ખંડ ૧ લો

રાસક—કડી ૩-૪ ૧૬-૧૭, ૨૩-૨૪, ૩૨-૩૩
આંદોલ—કડી ૫-૬, ૧૮-૧૯, ૨૫-૨૬, ૩૪-૩૫
ફાગુ—કડી ૭-૧૪, ૨૦-૨૧, ૨૭-૩૦, ૩૬
શાર્દૂલવિક્રીડિત—કડી ૩૧મી.

ખંડ ૨ જો

રાસક—કડી ૨-૩, ૧૧-૧૨, ૨૧-૨૨, ૩૨-૩૩
આંદોલ—કડી ૪-૫, ૧૩-૧૪, ૨૩-૨૪, ૩૪-૩૫
ફાગ—કડી ૬-૯, ૧૫-૧૯, ૨૫-૨૬, ૨૮-૩૦, ૩૬-૩૭
શાર્દૂલવિક્રીડિત—કડી ૨૭ મી, ૩૧મી.
અઢઈઆ (=૫૬)—કડી ૩૮-૪૫

ખંડ ૩જો

રાસક—કડી ૨-૩, ૯-૧૦, ૨૦-૨૧
આંદોલ—કડી ૪-૫, ૧૧-૧૨, ૨૨-૨૩, ૩૩-૩૪
ફાગુ—કડી ૬-૭, ૧૩ મી, ૧૬-૧૭, ૨૪-૨૯, ૩૫મી

શાર્દૂલવિક્રીડિત—કડી ૧લી, ૮મી, ૧૮–૧૯

ભાષા—કડી ૧૪–૧૫."

આ ફાગની છપાવાયેલી આવૃત્તિમાં એના કર્તા તરીકે **સોમસુન્દરસૂરિનો** ઉલ્લેખ છે અને તે એના અંતમાંના પદ્યમાં જે 'સોમસુન્દર' શબ્દ વપરાયેલો છે તેને આભારી હોય એમ લાગે છે. **આપણા કવિઓ**માં પણ કર્તા તરીકે આ સૂરિનો જ નિર્દેશ છે, પણ **જૈન ગૂર્જર કવિઓ** (ભાગ ૩, ખંડ ૧, પૃ. ૪૩૯)માં કર્તા તરીકે **સોમસુન્દરસૂરિ**ના શિષ્ય સાધુરાજ **નંદિરત્ન**ના શિષ્ય **રત્નમંડનગણિ**નો ઉલ્લેખ છે અને તે આ ફાગના અંતમાંની પુષ્પિકામાં **રત્નમંડનગણિ**નું કર્તા તરીકે નામ જોતાં સાધાર જણાય છે. પૃ. ૪૪૦માં આ ફાગનો કેટલોક ભાગ અપાયો છે. વિશેષમાં પૃ. ૪૩૯માં આ ફાગનું નામ **નેમિનાથનવરસફાગ** એવા નામાન્તરપૂર્વક અપાયું છે. જૈ. સા. સં. ઇ. (પૃ. ૪૮૮)માં **નેમિનાથનવરસફાગ**નો, **સોમસુન્દરસૂરિ**ના શિષ્ય **રત્નમંડન**ગણિની કૃતિ તરીકે ઉલ્લેખ છે; પણ એ ભ્રાન્ત છે. ખરી રીતે શિષ્યને બદલે શિષ્યના પ્રશિષ્ય જોઈએ. એવી રીતે **નંદિરત્ન** તો **રત્નશેખરસૂરિ**ના શિષ્ય છે (જુઓ જૈ. સા. સં. ઇ. પૃ. ૫૧૫), નહિ કે **સોમસુન્દરસૂરિ**ના.

[૧૮] નેમિનાથફાગુ : કર્તા પદ્મ

આ ચૌદ કડીનું ફાગુકાવ્ય છે એનો રાગ 'મારૂવણિ' છે. વિ. સં. ૧૫૧૯માં લખાયેલી હાથપોથીમાં આ ફાગુ મળે છે. એના કર્તા **પદ્મ** છે. એમણે **સાલિભદ્રકક્ક** અને **દુહામાતૃકા** રચેલ છે. **જૈન ગૂર્જર કવિઓ** (ભા. ૩, ખં ૧, પૃ. ૪૦૬–૭)માં આ ફાગુની પહેલી અને છેલ્લી બે કડીઓ અપાયેલી છે.

[૧૯] હેમવિમલસૂરિફાગ : કર્તા હંસધીર

આ ફાગ **જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય**માં સોળમી કૃતિ તરીકે છપાયેલ છે. એનો સાર આ પુસ્તક (પૃ. ૯૫–૯૬)માં અપાયો છે. વિ સં. ૧૫૫૪ના શ્રાવણ માસમાં દાનવર્ધનના શિષ્ય **હંસધીરે** આ ફાગ ૫૭ કડીઓમાં રચ્યો છે. ૧૦–૧૩ અને ૨૯–૩૫ એ ક્રમાંકવાળી કડીઓ 'અંદોલા'માં છે, જ્યારે ૧૪–૨૮ અને ૩૬–૫૭ એ ક્રમાંકવાળી કડીઓ 'ફાગ'માં છે.

આ ફાગુ પછી લગભગ પોણો સો વર્ષ સુધી કોઈ જૈન ગ્રંથકારે ફાગુકાવ્ય રચ્યું હોય તો તે જાણવા જોવામાં નથી. બાકી વિ. સં. ૧૫૭૭માં વિદ્યમાન ચતુર્ભુજ નામના અજૈન લેખકે એક 'ફાગુ' કાવ્ય રચ્યું છે. **ગુજરાતી સાહિત્યની રૂપરેખા** (પૃ. ૫૬)ના ત્રીજા ટિપ્પણમાં આ લેખકને "યુવાન ને છટાદાર એક 'ફાગુ' કાવ્યકાર" તરીકે ઓળખાવેલ છે.

[૨૦] સ્થૂલભદ્રપ્રેમવિલાસફાગ : કર્તા જયવંતસૂરિ

"જૈ. સા. સં. ઇ." (પૃ ૬૦૬) પ્રમાણે આ સૂરિનો કાવ્યકાલ વિ. સં. ૧૬૧૪ થી વિ સં. ૧૬૪૩ સુધીનો છે. એમણે **સ્થૂલભદ્રપ્રેમવિલાસફાગ** રચેલ છે.

[૨૧] સ્થૂલિભદ્રફાગધમાલિ : કર્તા માલદેવ

આ ૧૦૭ કડીનું કાવ્ય છે. વિ. સં. ૧૬૫૦માં લખાયેલી હાથપોથીમાં એ છે એ ઉપરથી એનો રચનાકાળ આથી પ્રાચીન ગણાય. **માલદેવ** એના કર્તા છે. એમણે વિ.

સં. ૧૬૫૨ પહેલાં પુરંદરકુમારચોપાઈ રચી છે. એઓ 'વડ' ગચ્છના ભાવદેવસૂરિના શિષ્ય થાય છે.

આ ફાગુની બબ્બે લીટીની પહેલી બે કડી અને છેલ્લી ત્રણ કડી જૈન ગૂર્જર કવિઓ (ભા. ૩, ખંડ ૧, પૃ. ૮૧૫)માં અપાયેલી છે. આના અંતમાં જે 'ધમાલિ' શબ્દ છે તે લબ્ધિકૃત નેમિજિનફાગધમાલિનું તેમજ જૈન ગૂર્જર કવિઓ (ભા. ૩, ખં. ૧, પૃ ૭૪૫)માં નોંધાયેલ વિ. સં. ૧૬૪૪માંના આર્દ્રકુમારધમાલ, વિ. સં. ૧૬૩૮ના આષાઢભૂતિધમાલ, અને માલદેવે વિ. સં. ૧૬૫૯ પહેલાં રચેલ રાજુલ-નેમિનાથધમાલનું પણ સ્મરણ કરાવે છે.

જૈ. સા. સં ઇ. (પૃ. ૬૧૩) પ્રમાણે આ માલદેવ અને જયવંતસૂરિ એક જ શતકમાં થયા છે.

[૨૨] નેમિરાજુલફાગ : કર્તા મહિમામેરુ

જૈન ગૂર્જર કવિઓ (ભા. ૩, ખં. ૧, પૃ ૯૬૫)માં આ ફાગ નોંધાયેલો છે. એની રચના વિ. સં. ૧૬૭૩ની આસપાસમાં 'ખરતર' ગચ્છના સુખનિધાનના શિષ્ય મહિમામેરુએ કરી છે. આ ફાગની પહેલી અને પંદરમી તેમજ સોળમી કડીઓ પૃ. ૯૬૫-માં અપાયેલી છે એ જોતાં આ ફાગ ૬૫ કડીનો નહિ, પણ ૧૬ કડીનો હોવો જોઈએ.

[૨૩] શીલફાગ : કર્તા લબ્ધિરાજ

'ખરતર'ગચ્છના ધર્મમેરુના શિષ્ય લબ્ધિરાજે નવહરમા વિ. સં ૧૬૬૬માં આ ફાગ રચ્યો છે. આનું કોઈ અવતરણ જોવામાં આવ્યું નથી એટલે આ સ્થૂલભદ્ર વિષેનું કાવ્ય છે કે નેમિનાથને અંગેનું છે તે જાણવું બાકી રહે છે. વિશેષમાં જો એ નેમિનાથને અંગેનું કાવ્ય હોય તો શું નેમિજિનફાગધમાલિથી એ અભિન્ન છે કે કેમ ?

[૨૪] નેમિજિનફાગ : કર્તા ગુણવિજય

'તપ'ગચ્છના કમલવિજયના સેવક અને વિદ્યાવિજયના શિષ્ય ગુણવિજયે વિ. સં. ૧૬૮૧માં ૯૫ કડીનો આ ફાગ રચ્યો છે. એની પહેલી બે કડીઓ અને છેલ્લી પાંચ કડીઓ જૈન ગૂર્જર કવિઓ (ભા. ૩, ખં. ૧, પૃ. ૯૪૭)માં અપાયેલી છે.

[૨૫] ખંભણવાડમંડન મહાવીરફાગસ્તવન : કર્તા ગુણવિજય

વિ. સં. ૧૬૮૧માં નેમિજિનફાગ અને વિ. સં. ૧૬૮૩માં 'વિજયસિંહસૂરિ-વિજયપ્રકાશ'રાસ રચનારા અને વિદ્યાવિજયના શિષ્ય ગુણવિજયે 'ફાગ' રાગમાં આ સ્તવન રચ્યું છે. આ ચોર્યાસી કડીનું સુંદર કાવ્ય છે. એની છેલ્લી કડી કળશરૂપ છે અને તે ચાર લીટીની છે, જ્યારે બાકીની બબ્બે લીટીની છે. જૈન ગૂર્જર કવિઓ (ભા. ૩, ખં. ૧, પૃ ૯૫૦)માં પહેલી અને છેલ્લી ચાર ચાર કડીઓ અપાયેલી છે. આ કાવ્યનો વિષય ખંભણવાડના શણગારરૂપી મહાવીરસ્વામીના ચરિત્રનું નિરૂપણ છે.

[૨૬] નેમિફાગ : કર્તા રાજહર્ષ

આ ત્રીસ કડીનો ફાગ છે, અને એ 'ખરતર'ગચ્છના લલિતકીર્તિના શિષ્ય રાજ-હર્ષે રચ્યો છે. એની પહેલી અને છેલ્લી કડી જૈન ગૂર્જર કવિઓ (ભા. ૩, ખં ૨, પૃ. ૧૧૮૨)માં અપાયેલી છે. લલિતકીર્તિએ વિ. સં. ૧૬૭૯માં અગડદત્તમુનિરાસ રચ્યો છે. આ ફાગના કર્તા તે એમના જ શિષ્ય હોય એમ લાગે છે.

[૨૭] નેમિજિનરાસફાગ : કર્તા વિજયદેવસૂરિ

જૈન ગૂર્જર કવિઓ (ભા. ૩, ખં. ૧, પૃ. ૫૯૬)માં આની નોંધ છે. આ સિવાય આ સંબંધમાં કશી વિશેષ માહિતી મળતી નથી. અત્યારે તો આ ફાગના કર્તાને હું સત્તરમી સદીના ગણું છું.

[૨૮] નેમિજિનફાગધમાલિ : કર્તા લબ્ધિ

આ અગ્યાર કડીનું ફાગુકાવ્ય છે. એ શુદ્ધ ગુજરાતીમાં નથી. એમાં મારવાડી અને હિન્દી અંશો છે. એ સરસ રીતે ગાઈ શકાય તેમ છે. એનો વિષય એના નામ દ્વારા સુવ્યક્ત છે. એના કર્તા લબ્ધિ છે, પણ એ કોણ છે તેનો નિર્ણય કરવો બાકી રહે છે એટલે આ કાગને ૧૭ મી સદીનું માની લઈ એને અહીં કામચલાઉ સ્થાન આપ્યું છે. આ ફાગુની પહેલી અને છેલ્લી કડી અનુક્રમે નીચે મુજબ છે: —

"સારિંગનયન સબે સખિ મિલકઇ, આઈ નેમ દુવારિ
કાહે છિપાત કામ અબ આયો, ખેલહુંની કૈસઇ બારિ,
યાદોરાય ! ખેલન આઈઈ હો." ૧

"અતહિ રંગ ભરિ ફાગ મઇ આયો, પાયો પરમાણંદ
વદતિ લબ્ધિ કર દીયૈ કઈ જિનપરમનંદજચંદ યા૦ ૧૧"

આ સંપૂર્ણ ફાગુની નકલ મેં એક હાથપોથી ઉપરથી ઉતારી લીધી છે. તે આગળ ઉપર પ્રકાશિત કરાશે.

[૨૯] અમરરત્નસૂરિફાગ: કર્તા ?

આ ફાગના નામ સિવાય વિશેષ માહિતી મને નથી. એનો ઉલ્લેખ "જૈન સત્ય પ્રકાશ" (વ. ૧૧, અં. ૪, પૃ. ૧૧૯)માં છે.

આ કૃતિઓ ઉપરાંત બીજાં પણ જૈન ફાગુકાવ્યો હોય એમ લાગે છે. "લીંબડીના જૈન જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રતિઓનું સૂચીપત્ર" જોતાં તેમાંથી નીચે મુજબની હકીકત મળે છે: —

(૧) ગુજરાતીમાં કર્તાના નામ વિનાનો નેમિજિનફાગ છે.—ક્રમાંક ૧૪૧૮

(૨) ઇન્દ્રસૌભાગ્યે ગુજરાતીમા નેમિજિનફાગવસંતગર્ભિતસ્વાધ્યાય રચ્યો છે—ક્રમાંક ૧૪૧૯.

(૩) અજ્ઞાતકર્તૃક ગુજરાતી ફાગ—ક્રમાંક ૧૮૧૪

(૪) વિ. સં. ૧૭૬૩માં લખાયેલું અને ગુજરાતીમાં માણિક્યસૂરિએ રચેલું ફાગબદ્ધનેમિચરિત્ર.

ઇન્દ્રસૌભાગ્ય નામના એક ગ્રંથકાર અરાઢમા શતકના પૂર્વાર્ધમાં થયા છે તે જ ઉપર્યુક્ત સ્વાધ્યાયના કર્તા છે કે કેમ તે જાણવું બાકી રહે છે.

વિ. સં. ૧૩૩૮માં શકુનસારોદ્ધાર રચનારનું નામ માણિક્યસૂરિ છે. શું એમણે ફાગબદ્ધનેમિચરિત્ર રચ્યું છે ?

આ અને આવા બીજા કેટલાક પ્રશ્નોના ઉત્તર આગળ ઉપર વિશેષ સાધન મળતાં વિચારાશે. આથી હાલ તુરત તો "ફાગુકાવ્યો" વિષે કેટલીક બાબતનો ઇશારો કરી અને આ કાવ્યોની અકારાદિક્રમે યાદી રજુ કરી આ લેખ પૂર્ણ કરીશ.

(૧) ગુજરાતીમાં ફાગુકાવ્યનો પ્રારંભ કરનાર જૈન મુનિ છે અને એ પ્રારંભ **વિક્રમની** ચૌદમી સદીની છેલ્લી પચ્ચીસીમાં થયો છે એમ ગુજરાતીમાં મળેલાં ફાગુ-કાવ્યો જોતાં જણાય છે.

(૨) અપભ્રંશમાં, પાઇયમાં કે સંસ્કૃતમાં કોઈ ફાગુકાવ્ય છે? અને જો હોય તો તે કેટલું પ્રાચીન છે?

(૩) **નેમિનાથને** અંગે જેટલાં ફાગુકાવ્યો છે એટલાં બીજા કોઈ જૈન તીર્થંકરને અંગે નથી. એવી રીતે મુનિરાજ સ્થૂલભદ્ર માટે સમજી લેવું.

(૪) શ્રીકૃષ્ણને અંગે જે ફાગ હોય તેના લેખક અજૈન જ હોય એમ નથી, કેમકે શ્રીકૃષ્ણનાં ચરિત્ર જૈન મુનિવરોએ પણ આલેખ્યાં છે. અને ગુણાનુરાગિતા માટે તો એમને દૃષ્ટાંતરૂપ ગણ્યા છે. વિશેષમાં એમનો ઉત્તમ પુરુષ, પ્રધાન પુરુષ, શલાકાપુરુષ ઇત્યાદિરૂપે નિર્દેશ કર્યો છે.

(૫) ફાગુનો વિષય વધારે પડતો શૃંગારિક હોય તો એના કર્તા જૈન મુનિ સંભવે જ નહિ એ માન્યતા ભૂલભરેલી છે, કેમકે જૈન ગૂર્જર કવિઓ (ભા. ૨, પૃ. ૪૧૪) ઉપરથી એ જાણી શકાય છે કે ઉદયરત્ન નામના મુનિને શૃંગારરસથી અતિપૂર્ણ કૃતિઓ રચવા બદલ એક વેળા સંઘાડા બહાર કરવામાં આવ્યા હતા. જે પ્રસંગે જે રસ જમાવવાનો હોય તે એક વાર જમાવી અંતે વૈરાગ્ય ભાવના તરફ જનતાને વાળવી એ પણ કોઈક વાર ગ્રહણ કરવા લાયક માર્ગ છે.

(૬) મારવાડ જેવા પ્રદેશમાં બીભત્સ ફટાણાં જેવાં ફાગકાવ્યો લોકમાં પ્રચલિત બનતાં એ તરફ બાલવર્ગને આકર્ષાતો જોઈ એને સન્માર્ગે વાળવા માટે 'ફાગુ' બંધમાં કાવ્યો રચવા જૈન મુનિઓ પ્રેરાયા હોય એમ લાગે છે. હાલમાં જે કેટલાક મુનિઓ નાટકીય ઢબના "સિનેમા"માંનાં ગાયનોના રાહના સ્તવનો રચે છે તે લગભગ આ અનુમાનને સમર્થિત કરે છે એમ કહેવામાં કોઈ વાંધો ખરો?

(૭) વિ. સં. ૧૫૫૫ થી લગભગ વિ. સં. ૧૬૧૩ સુધીમાં કોઈ જૈન ફાગુકાવ્ય રચાયું હોય એમ જણાતું નથી.

(૮) તમામ ફાગુકાવ્યોના સંગ્રહરૂપ સમીક્ષાત્મક આવૃત્તિ પ્રસિદ્ધ થાય તે દરમ્યાન જે પ્રસિદ્ધ ફાગુકાવ્યો હોય તે કટકે કટકે પ્રસિદ્ધ થાય અને કંઈ નહિ તો છેવટે એવાં કાવ્યો વિષે ટૂંકી નોંધ પણ પ્રસિદ્ધ કરાય તો કંઈક સેવા કરેલી ગણાશે.

યાદી

નામ	કર્તા	વૈક્રમીય રચનાવર્ષ
અમરરત્નસૂરિફાગ	?	?
એક ફાગ	અજ્ઞાત	લગભગ ૧૪૯૫
"	"	?
કીર્તિરત્નસૂરિફાગુ	"	૧૫મી સદીનો ઉત્તરાર્ધ
જંબૂસ્વામીફાગુ	"	૧૪૩૦
જીરાઉલીપાર્શ્વનાથફાગુ	મેરુનન્દન	૧૪૩૨
થૂલભદ્દફાગુ	હલરાજ	૧૪૦૯

દેવરત્નસૂરિફાગ	દેવરત્નસૂરિના શિષ્ય	૧૪૯૯
નારીનિરાસફાગ	રત્નમંડનગણિ	૧૫૧૭ની આસપાસ
નેમિજિનફાગ	ગુણવિજય	૧૬૮૧
,,	અજ્ઞાત	?
નેમિજિનફાગધમાલિ	લબ્ધિ	?
નેમિજિન ફાગ વસંત અભિતરસખ્યાય	ચન્દ્રસૌભાગ્ય	?
નેમિજિનરાસફાગ	વિજયદેવસૂરિ	૧૭મી સદી
નેમિનાથનવરસફાગ યાને રંગસાગરનેમિફાગુ	રત્નમંડનગણિ	૧૫૧૭ની આસપાસ
નેમિનાથફાગ	સમધર	૧૫મી સદી
નેમિનાથફાગુ	રાજશેખરસૂરિ	૧૪મી અને ૧૫મી સદીનો સંધિકાળ
,,	જયશેખરસૂરિ	૧૪૬૨ પૂર્વે
,,	પદ્મ	૧૫૧૯
નેમિફાગ	રાજહર્ષ	૧૭મી સદી
નેમિરાજુલફાગ	મહિમામેરુ	લગભગ ૧૬૭૩
નેમીશ્વરચરિતફાગબંધ	માણિક્યસુંદરસૂરિ	લગભગ ૧૪૭૮
[7]ફાગબદ્ધનેમિચરિત્ર	,,	?
'ફાગુ' કાવ્ય	[8]ચતુર્ભુજ	સોળમી સદી
બંભણવાડમંડનમહાવીરફાગસ્તવન	ગુણવિજય	લગભગ ૧૬૮૧
ભરતેશ્વરચક્રવર્તીફાગ	અજ્ઞાત	૧૫મી સદી
વસંતવિલાસ	રત્નાકર (?)	લગભગ ૧૫૦૦
,,	[9]સોની રામ	
[10]શીલફાગ	લબ્ધિરાજ	૧૬૭૬
સિરિથૂલિભદ્દફાગુ	જિનપદ્મસૂરિ	૧૪મી સદીની છેલ્લી પચ્ચીસી
સુરંગાભિધાનનેમિનાથફાગ	ધનદેવગણિ	૧૫૦૨
સ્થૂલભદ્રપ્રેમવિલાસફાગ	જયવંતસૂરિ	૧૭મી સદીનો પૂર્વાર્ધ
[11]સ્થૂલિભદ્રફાગ	સોમસુન્દરસૂરિ	૧૪૮૧
સ્થૂલિભદ્રફાગધમાલિ	માલદેવ	૧૬૫૦ પહેલાં
હેમવિમલસૂરિફાગ	હંસધીર	૧૫૫૪

અંતમાં વિશેષજ્ઞોને મારી સાદર વિજ્ઞપ્તિ છે કે અહીં કોઈ ક્ષતિ કે ન્યૂનતા જણાતી હોય તો તેઓ સપ્રમાણ એ મને સૂચવે.

ગોપીપુરા, સુરત, મકરસંક્રાન્તિ, તા. ૧૪-૧-૪૬

૭, ૧૦ આને સ્વતંત્ર કૃતિ ગણવી કે કેમ એ જાણવું બાકી રહે છે.

૮-૯ આ બંને અજૈન છે.

૧૧ શું દેપાલે આ નામનો કે અન્ય કોઈ ફાગ રચ્યો છે? આવો પ્રશ્ન રત્નવલ્લભને અંગે પણ હું પૂછું?

સંક્ષિપ્ત શંખામ્નાય.

(અનુવાદક : પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રી સિદ્ધિમુનિજી)

(આજકાલ વર્તમાનપત્રોનાં પાને વિજ્ઞાનથી સાબિત થતી જડ વસ્તુઓની અગાધ શક્તિઓનું પ્રાબલ્ય સાંભળતાં જગત ચકિત થઈ જાય છે, પણ ઘણા લાંબા કાળથી જૈન સિદ્ધાંત કહી રહ્યો છે. કે, 'જડ પરમાણુમાં પણ અનંત શક્તિ છે.' આ શક્તિ પરમશ્રેયઃ સાધવામાં ક્વચિત્ પ્રયોજક બને છે, પણ તેમાં સાક્ષાત્ કારણ તો ચૈતન્ય શક્તિ જ હોય છે, તેથી તેનો જ વિકાસ કરવાને જગતના પરમશ્રેષ્ઠ પુરુષોએ ઉપદેશ કર્યો છે. તેઓ કહે છે કે, જડ શક્તિ બહુધા વિનાશને જ નોતરે છે, માટે તેનો ઉપયોગ કરતાં વ્યવહારમાં બહુ જ સાવચેત રહેવું જોઈએ. આધ્યાત્મિક પરમશ્રેયના ધ્યેયને સાધવામાં એ જડશક્તિની પ્રયોજકતા હોય ત્યાં સુધી જ તેને ખીલવવાનું લક્ષ્ય મહાનુભાવ માનવનું હોવું જોઈએ, પણ તેને ઉલ્લંઘન કરીને તો નહીં જ. આથી જ એ શક્તિઓની સિદ્ધિના માટે આલેખાયેલા ઉલ્લેખો તેનો દુરુપયોગ ન થાય માટે ગુપ્ત રાખવામાં આવતા હતા અથવા તો અધૂરા અક્ષરોમાં તેનાં ટાંચણ કરી તેને આમ્નાયગત રાખવામાં આવતા હતા. મંત્ર, યંત્ર અને તંત્ર વિષયના ઉલ્લેખો આજ કારણથી આપણી નજરે અધૂરા જ પડે છે અને એ ઉલ્લેખોમાં આમ્નાયના શરણે જવાની વાતો થાય છે.

मन्त्रहीनाक्षरं नास्ति, नास्ति मूलमनौषधम् ।
निर्द्रव्या पृथिवी नास्ति, आम्नाम: खलु दुर्लभः ॥

(મન્ત્રહીન અક્ષર નથી, ઔષધ વિનાનું મૂળ નથી, દ્રવ્ય વગરની ભૂમિ નથી ફક્ત તે સમજવાને આમ્નાય-પરંપરાગત જ્ઞાનની દુર્લભતા છે.)

આવા પ્રકારનું જે કથન છે તેનો અભિપ્રાય પણ આમ્નાયના શરણે જ જડ શક્તિ-ઓનું જ્ઞાન થાય છે, એમ કહેવાનો છે.

શ્લોકમાં અક્ષર, મૂળ અને વિધાન વિષે જ કહેવામાં આવ્યું છે; પણ ઉપલક્ષણથી મણિ, રત્ન, શંખ, વનસ્પતિ, જલ, મૃત્તિકા, પાષાણ વગેરે સર્વ જડ વસ્તુઓની પણ અગાધ શક્તિઓનું તેમાં સૂચન હોઈ તેના આમ્નાયની દુર્લભતા કહેવામાં આવી છે. વિજ્ઞાને આજે વગર આમ્નાયે તે શક્તિઓમાંની કોઈ કોઈ પ્રકાશિત કરવાને જબ્બર શોધન આરંભ્યું છે. અને તેમાં અમુકાંશે સિદ્ધિ પણ મેળવી છે. પણ જગત જોઈ શકે છે કે, તેમાંથી મહતી ભયંકરતા ઉત્પન્ન થઈ ચૂકી છે. એ ભયંકરતાનો ભોગ પોતાને ન થવું પડે એટલા પૂરતી જ સૌને ભાવના હોય છે. પણ એ ભાવના ભાગ્યે જ સફળ થશે. અને એક વખત એવો પણ કદાચ આવે કે એ શોધનના સઘળાય પ્રયોગોને અને તેના જ્ઞાનને પરંપરાગત થતાં અટકાવવામાં આવે અથવા તો તેનો સમૂળ નાશ કરવામાં આવે તો તેમાં ભયભીત જગતને આશ્ચર્ય લાગશે નહીં, કે જેવી રીતે જડ શક્તિઓના જ્ઞાનને મહાનુભાવોએ પૂર્વે અલ્પ આમ્નાયમાં કે આમ્નાયના ઉચ્છેદમાં લઈ જવાથી તે સમયના જગતને આશ્ચર્ય લાગ્યું ન હતું.

આજકાલની જેમ પછીથી નહિ, પણ પહેલેથી જ પાળ બાંધવાની નીતિરીતિના પરિણામે જ જડ શક્તિઓની સિદ્ધિના સાધન-આમ્નાયો મેળવવાની આજે મુશ્કેલી નડે છે. જ્યાં ત્યાં અક્ષરોથી લખેલો આમ્નાય મળે છે પણ તે પ્રાયઃ અધૂરો જ હોય છે, અને તેમાં વિશેષ આમ્નાયની અપેક્ષા હોય છે, કે જે કોઈ ભાગ્યશાળી મહાનુભાવને જ મળી શકે છે.

આમ્નાય વેત્તાઓની યોગ્યતા વિષયક પરીક્ષામાંથી પસાર થવું સર્વને માટે શક્ય હોતું નથી, છતાં પરમશ્રેયના ધ્યેયને લક્ષ્યમાં રાખી સૌ કોઈ પ્રયત્ન કરે અને જડ સિદ્ધિઓના આમ્નાયને મેળવવા મથે એ કર્તવ્ય તો પ્રાથમિક દશામાં છે જ. આ વિચાર સરણીને અનુસરી હું એવા જ એક જડ વિષયક શંખામ્નાયને અક્ષરના અધૂરા રૂપમાં સંક્ષેપથી રજુ કરું છું. મહાનુભાવો એનો વિસ્તાર અને વિશેષ વિધિ આમ્નાયથી સંપાદન કરે અને પ્રયોજક ભાવે પરમશ્રેય સાધવામાં તેનો ઉપયોગ કરે, એ જ શુભેચ્છા!—અનુવાદક)

दक्षिणावर्तशंखमाह (દક્ષિણાવર્ત શંખ વિષે કહે છે)

खीरोदहिसंभूयं, विभूसणं सिरिनिहाण रायाणं ॥
दाहिणवत्तं संखं, मंगलनिलयं सुरिद्धिकरं ॥ १ ॥

(ક્ષીર સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલો, શોભારૂપ, રાજાઓને લક્ષ્મીનું નિધાન, મંગલનું ઘર, સમૃદ્ધિનો કારક દક્ષિણાવર્ત શંખ છે.)

वट्टं तिरेहकलियं, पंचमुहं तह य सोलसावत्तं ।
इअ संखं विद्धिकरं संखिणि दीहायहाणिकरी ॥ २ ॥

(વૃત્ત, ત્રણ રેખાયુક્ત, પંચમુખ અને સોલ આવર્તને ધારણ કરે એવો શંખ વૃદ્ધિને કરનારો છે. શંખિણી દીર્ઘ આયુને ઘટાડનારી છે.)

सिरिकणयमेहल-जुयं काऊण दुद्धीण्हाविऊण सया ।
मंतुच्चारणपुव्वं, चंदणकुसुमेहिं पूइज्जा ॥ ३ ॥

(તેને સુંદર સોનાની મેખલા—કંદોરા—યુક્ત બનાવી દૂધે નિરંતર સ્નાન કરાવીને મંત્રના ઉચ્ચારણ પૂર્વક ચંદન કુસુમથી પૂજા કરવી.)

पूजामन्त्रोऽयम् (આ પૂજાનો મંત્ર છે.)

ॐ ह्रीँ श्रीँ श्रीधरकरस्थाय पयोनिधिजाताय लक्ष्मीसहोदराय ।
चिन्तितार्थसम्प्रदानाय श्रीदक्षिणावर्तशंखाय ॐ ह्रीँ श्रीँ जनपूज्याय नमः ॥

(વિષ્ણુના હાથમાં રહેલો, સમુદ્રમાં જન્મેલો, લક્ષ્મીનો સહોદર, ચિંતિત અર્થને દેનાર, મનુષ્યોને પૂજ્ય શ્રી દક્ષિણાવર્ત શંખ તેને ॐ ह्रीँ श्रीँ નમસ્કાર કરું છું)

दक्खिणावत्तसंखो य, जस्स गेहम्मि चिट्ठइ ।
लच्छी सयंवरा तस्स, जायइ मंगलं सया ॥ १ ॥

(આ દક્ષિણાવર્ત શંખ જેના ઘેર રહે છે તેને પોતાની મેળે જ લક્ષ્મી આવીને વરે છે ને તેને નિરંતર મંગલ થાય છે.)

जो नियभाले तिलयं, खिविऊण तत्थ चंदणं कुणइ ।
तस्स न पहवंति सया, अहि-साइणि-विज्जपमुहाणि ॥ २ ॥

(તે શંખમાં એટલે શંખના સ્નાત્ર જલમાં ચંદન નાખી તેનાથી જે પોતાના કપાળે તિલક કરે તેને કોઈ વખતે સાપ, શાકિની, વીજળી વગેરે (ઉપદ્રવ) થતા નથી.

नरनाहगिहे संखं, वुड्ढिकरं रज्जरट्ठभंडारे ।

इयराण य रिद्धिकरं, अंतिमजाइण हाणिकरं ॥ ३ ॥

(આ શંખ રાજાને ઘેર રાજ્ય, રાષ્ટ્રને ભંડારની વૃદ્ધિ કરનારો થાય, બીજી વૈશ્યાદિ પ્રજાને ઋદ્ધિ કરનારો થાય છે, પણ અંતિમ હલકી જાતીવાળાને હાનિકર થાય.)

दाहिणवत्ते संखे, खीरं खविऊण पियइ जा नारी ।
वंझा वि सा पसुयई, गुणलक्खणसंजुयं पुत्तं ॥ ४ ॥

(દક્ષિણાવર્ત શંખમાં દૂધ નાખીને જે સ્ત્રી પીએ, તે વાંઝણી હોય તો પણ ગુણવાન ને લક્ષણવાન પુત્રને જન્મ આપે.)

શંખવિધિ સમાપ્ત

શિવજહાજ–તીર્થાધિરાજ

[લેખકઃ—પૂજ્ય મુનિમહારાજ શ્રીમહિમાપ્રભવિજયજી]

જેમ મહાપુરુષોએ સંસારને સાગરની ઉપમાવડે અલંકૃત કરેલ છે; તેમ પવિત્ર તીર્થભૂમિઓને 'એ તીરથ તારું' ઇત્યાદી વચનોથી 'તારને' નૌકાની ઉપમાવડે અલંકૃત કરેલ છે પણ સંસારને સાર સમજી, પુદ્ગલવિલાસમાં તન્મનાવાળા પ્રાણીઓ પણ આવી સુપરિચિત વસ્તુને પણ ન સમજી શકે અથવા શાંતિના નિકેતન ન બને એ બનવા જેવું છે.

સાંસારિક પરિશ્રમથી કંટાળેલા માનવીના મગજને પરિશ્રમ રહિત કરી; શાંતિનો સાચો ખ્યાલ કરાવનારાં અનેક સાધનો પૈકી તીર્થયાત્રા પણ એક અજોડ સાધન છે. આ વસ્તુ ખરેખર આજના અનુભવે સચોટ કરી આપી છે.

પ.પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયામૃતસૂરીશ્વર મહારાજ તથા પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી વિજયલાવણ્યસૂરીશ્વરજી મહારાજ સાહેબો સાથે કંદમપુરીથી કંદમગિરિવરની યાત્રા માટે પ્રયાણ પગલાં ભર્યાં, લગભગ અરધો માઇલ પસાર થતાં ગિરિવરની વિશ્રામ તળેટી આવી. ત્યાંથી આગળ ભક્તિરસની આંતર પ્રેરણાથી ઊંચા એવા ગિરિવરનાં સોપાનો પાદયુગલે પસાર કરવા શરૂ કર્યા. ક્રમશઃ માઇલ ચડતા ગિરિવરના ઉત્તુંગ શિખરે પહોંચ્યા અને પૂ. કદંબગણધર ભગવંતની પુનિત પાદુકાના દર્શન કર્યાં. ત્યારબાદ તે દેવકુલિકાની વિશાલ કુટ્ટિમપર ઊભા રહી પરીત-નિરીક્ષણ કર્યું, બસ નિરીક્ષણ કરતાંની સાથે જ સિદ્ધગિરિ, હસ્તગિરિ, તાલધ્વજગિરિ તથા ભાડવાનો ડુંગર વગેરે તીર્થભૂમિઓ નૌકાની જેમ ભાસવા લાગી, તેની આસપાસનો પ્રદેશ પણ સમુદ્રનું ભાન કરાવવા લાગ્યો. વિષમોન્નત ભાવે શોભતી નાની ટેકરીઓ–વિશ્વવારિધિના ધોડાપુરનું ભાન કરાવતી હતી; સુરભિ એવા રોસા ળાની તૃણશય્યા, શૈવાલપટલનો ખ્યાલ કરાવતાં હતાં; શેત્રુંજીનાં શ્વેતજલો સાગરના ફીણનો ખ્યાલ કરાવતાં હતાં; ઉત્તર દિશામાં શત્રુંજય ગિરિવરને રાજનૌકાનો અભિષેક કરાયેલ જણાતો હતો; જેના મુખ્ય સુકાની આદીશ્વરવિભુ અને નાના સુકાનીઓ પુંડરીક ગણધર ભગવંત વગેરે હતા; જેનાં મંદિરનાં ઉચ્ચ શિખરો કૂપસ્થંભનું અને અંદરના કિલ્લાઓ સઢનું ભાન કરવાતા હતા. પરીતઃ શોભતા ભાડવાનો ડુંગર, તાલધ્વજ ગિરિ, હસ્તગિરિ વગેરે લઘુ નૌકાનાં સ્થાન ભોગવતા હતા. ગિરિવરનો પરિવાર પણ સહચારી ભાવને ભજી શત્રુંજયની શોભામાં ઓર વધારો કરી રહેલ હતો. આ પવિત્ર શત્રુંજય ગિરિવરની જેમ કદંબગિરિવરનું પણ મહાનૌકા તરીકેનું ભાન થતું હતું.

આ પરમ પવિત્ર તીર્થાધિરાજ રૂપી મહાનૌકામાં આરૂઢ થઈ મુક્તિબંદરે પહોંચવા યાત્રિકરૂપી મુસાફરો શુભ ભાવના રૂપી ભાડું આપી આરૂઢ થાય છે અને વળી જેવા રૂપમાં ભાડું આપ્યું હોય તેવા રૂપમાં માર્ગ કાપી આગળ વધે છે.

જે ભવ્ય આત્માઓને આ વિષયરૂપી જલથી ભરેલ અને કષાયરૂપી મગરથી ભયંકર એવા ભવજલધિને પેલે પાર પહોંચવા અભિલાષા હોય, તેઓ અવશ્ય આ મહાનૌકારૂપ તીર્થાધિરાજનો આશ્રય લે એ જ અભિલાષા.

निर्भ्रान्त–तत्त्वालोक :

[दान–शील–तप–भावनादिधार्मिकविशिष्टव्याख्यानरूपो ।नबन्धः]

प्रणेताः–पूज मुनिमहाराज श्रीवल्लभविजयजी, बीकानेर ।

करामलकवद्विश्वं कलयन्तं शिवश्रिया ।
शरण्यं सर्वलोकानां सर्वज्ञं समुपाश्रये ॥
अनन्तलब्धिनिधये स्याद्वादाम्बुजभास्वते ।
सर्वविद्यैक गुरवे गौतमस्वामिने नमः ॥

भावार्थः—कल्याणरूपी श्री (सम्पत्ति वा शोभा) से संसार को करतलमें स्थित आमलेके जैसे कलना (गणना) करनेवाले, सभी लोगों के शरण लायक सर्वज्ञ भगवानका अच्छी तरह आश्रय लेता हुं । अनन्त लब्धि (ज्ञान) के भण्डार, स्याद्वादरूपी कमल के विकास करने में सूर्यसमान सब विद्याओं के एक ही गुरु श्री गौतमस्वामी को प्रणाम हो ।

अथ विश्वदुरध्वानां साधूनां सितवाससाम् ।
नामार्हद्धर्मधत्तॄणां दयादानादिदुर्हृदाम् ।
अधिकेष्वपि सूत्रेषु द्वात्रिंशत्सूत्रमानिनाम् ।
द्वादशाङ्गदुरूहार्थतात्पर्यभ्रान्तचेतसाम् ॥
कृते निश्रेयसपथप्रदर्शी युक्तिसंगतः ।
निर्भ्रान्ततत्त्वालोकाख्यो निबन्धोऽयं प्रणीयते ॥

विश्वकुपथ में चक्कर खानेवाले, दया दान आदि सत्कार्य के दुश्मन, अधिक (उपलब्ध ४५) आगमों–सूत्रों–के होते हुए भी केवल ३२ सूत्रों के माननेवाले, द्वादशांगी के कठिन तात्पर्यार्थ में भ्रान्त चित्तवाले श्वेत वस्त्र धारण करनेवाले नामधारी जैन साधुओं के लिये कल्याणपथ को दिखानेवाला युक्ति आगम प्रमाण से पूर्ण यह 'निर्भ्रान्त–तत्त्वालोक' नामका निबन्ध रचा जाता है ।

जीव, अजीव, पुण्य, पाप, आश्रव, संवर, निर्जरा, बन्ध और मोक्ष ये नव तत्त्व हैं। सन्देहरहित इन नवों तत्त्वों के प्रकाश को "निर्भ्रान्त–तत्त्वालोक" कहते हैं। अथवा सम्यक् ज्ञान–दर्शन–चारित्र के तत्त्वों का जिसमें प्रकाश (निरूपण) हो उसे 'निर्भ्रान्त तत्त्वालोक' कहते हैं। किंवा मिथ्या–ज्ञान–दर्शन–चारित्र का खण्डन एवं जीवरक्षा अनुकम्पादान आदि के विरोधी सिद्धान्ता का सयुक्तिक सोपपत्तिक शास्त्रीय प्रमाणों के द्वारा इस ग्रन्थ में खण्डन किया जाता है इस लिए इसका नाम "निर्भ्रान्त तत्त्वालोक" रक्खा है ।

भक्त्या यत्स्मरणं क्षुधान्तकरणं दुष्कर्मनिःसारणं
माङ्गल्याभरणं विपत्तिहरणं हृत्स्वच्छताकारणम् ।
निर्भ्रान्तं शुचि सर्वलोकशरणं शोकाम्बुधेस्तारणम्
स श्री वीरजिनस्तनोतु भवतां चित्ते मतिं निर्मलाम् ॥

भक्तिपूर्वक जिनका स्मरण (नामोच्चारण, जप) सुख शान्ति को करता है, दुष्ट कर्मों को निकालकर बाहर फेंकता है, मंगल के अलंकार है, विपत्तिओं के हरण करनेवाला है, शंकारहित है, पवित्र है, सब लोकके शरण है, शोकरूपी समुद्रसे अर्थात् सांसारिक जनन मरण क्लेशरूप सागर से तारनेवाला है, वे भगवान् श्री महावीर जिनेश्वर आप लोगों के हृदय में निर्मल (धर्म ग्रहण करनेवाली) बुद्धि को विस्तार करे।

सूचीकटाहन्यायेन वक्तव्यासु बहूक्तिषु।
प्रथमं जीववैशिष्ट्यं धर्ममेव निरूप्यते ॥
धर्मार्थकाममोक्षाख्याश्चत्वारः पुरुषार्थकाः।
मनुष्याणां कृते पूर्वैर्धर्मविद्भिरुदाहृताः ॥

'सूचीकटाह' न्याय से बहुत कहने योग्य विषयों में पहले जीव—विशिष्टत्वरूप धर्म का ही निरूपण किया जाता है।

तर्कवादियों के अनेक सिद्धान्तों के अन्दर 'सूचीकटाह न्याय' नामका भी एक सिद्धान्त है। इस के मानी यह है कि सूई और कडाह ये दोनों चीजें बनानी हैं, तो पहले सूई बना ली जाय या कडाह हा बनाया जाय? यह शंका हो सकती है। ऐसी शंका को निवारण करने के लिये तर्ककर्कश बुद्धिशाली न्यायशास्त्रविशारदोंने "सूचीकटाह न्याय" का सन्निवेश किया है। चुंकि इस विशाल विश्व प्रपञ्च में लाघव सभी जगह अपेक्षित है अतः पहले सूई का बनाना ही अच्छा होगा और बाद में कटाह का बनाना अच्छा होगा।

इसी लिये पहले सूची शब्दा का प्रयोग किया गया है और बाद में कटाह शब्द का। प्रत्यक्ष, अनुमान, उपमान और शाब्द (आगम) ये चार प्रकार के प्रमाण कहे गये हैं, इन प्रमाणों के द्वारा पदार्थों को अच्छी तरह देखने का नाम "न्याय" है। संस्कृतमें भी न्याय शब्द की व्युत्पत्ति इसी तरह है, जैसे——"प्रमाणैः अर्थपरीक्षणं न्यायः" इसका भावार्थ ऊपर के समान ही है, अतः सूचीकटाह न्याय से प्रथम धर्मका ही कुछ लक्षणादि कहा जाता है। क्यों कि प्रकृत निबन्ध में दान, शील, तप और भावना आदि के विषयमें बहुत कुछ कहना है। जीव मात्रमें किसी विशेषरूप से रहनेवाला धर्म है, इसी लिये धर्म को जीव-वैशिष्ट्य कहा गया है। मनुष्ययोनिके लिए तो इस लोकमें कल्पवृक्ष, चारु चिन्तामणि, मनवांछितदायक, सर्वथा उपास्य देव, सर्वस्व धर्म ही है। शास्त्रकारोंने भी प्राकृतिक साधारण धर्मों को अनेक जीवों में सामान्य दृष्टि से देखते हुये विशेष दृष्टिसे मानव जाति के विशेष धर्मको ही दर्शाया है।

आहारनिद्राभयमैथुनं च सामान्यमेतत्पशुभिर्नराणाम्।
धर्मो हि तेषामधिको विशेषो धर्मेण हीना पशुभिः समानाः ॥

अर्थात्, भोजन, नींद, भय और मैथुन ये चारों प्रायः मनुष्य और पशु में समान ही है। तो क्या मनुष्य और पशु दोनों समान है? इसी प्रश्नके उत्तरमें उत्तरार्ध है कि मनुष्य और पशु में धर्म ही एक ऐसी विशेष वस्तु है, जो दोनों को कुछ कुछ अंशोमें एक किया के होते हुये भी दो बनाती है, अतः मनुष्य हो कर भी जो धर्म से हीन है वह पशुके समान है अर्थात् नरपशु है। पशुका अर्थ है सबको अविशेष रूपसे देखनेवाला प्राणी। संस्कृत साहित्य में भी इसकी व्युत्पत्ति इसी तरह है—"सर्वं अविशेषेण पश्यतीति पशुः"। जब धर्म से हीन मनुष्य को पशु कहते हैं तो इसीसे यह सिद्ध हो गया कि मननशील (विचार करनेवालों) को मनुष्य कहते है, अथवा संस्कृत साहित्यमें इसको यों स्थान दे सकते है कि—"मन्—ज्ञाने, मन्यते इति मनुः, मनोरपत्यं पुमान् मनुष्यः अर्थात् सर्वं सविशेषेण पश्यतीति मननशीलो मनुष्यः।" सारांश यह निकला कि सम्यग् दर्शन का नाम धर्म है। धर्म के विशेष रूपसे लक्षण आगे कहेंगे। यह प्रथम श्लोककी विवेचना हुइ। दूसरे श्लोकमें चार प्रकारके पुरुषार्थ कहे गये हैं। प्रथम धर्म, दूसरा अर्थ, तीसरा काम और चौथा मोक्ष—ये चारो बातें पुरुष के प्रयोजन (जरूरत) की है अतः इसका नाम चार पुरुषार्थ अथवा पुरुषार्थचतुष्टय है। अर्थात् इस दुनियामें कोई भी ऐसा पुरुष न होगा जो इन चारोंमें किसी एकका सेवन न करता हो। कोई धर्मके लिये सर्वस्व समर्पण करता है तो कोई अर्थ के लिये प्राणके मोहको और प्रिय परिवार तकको भी छोड देता है तो कोई काम में अन्ध होकर बेशुध हो जाता है तो कोई मोक्षके लिये विश्व के विभव—लौकिक ऐश्वर्य को तृणके समान जानता हुआ परम पद का जिज्ञासु होता है। कहनेका मतलब यह कि मनुष्य उपर्युक्त चारों प्रयोजनोंमें से किसी न किसी एक प्रयोजन में अवश्य ही रहता है। हां, यह दूसरी बात है कि किसी में अधिकतर एक ही रहता, किसी में दो और किसी में तीन की भी न्यूनाधिकता देखी जाती है। और ये धर्मादिक चारों प्रयोजन मनुष्य के ही लिये कहे गये है, क्यों कि मनुष्यके अतिरिक्त प्राणीमें ये चारों के चारों किसी तरह भी लागू नहीं हो सकते हैं। अतः धर्मके मर्मको जाननेवाले विदुरदर्शी ऋषि मुनियोंने मनुष्य के लिये धर्म, अर्थ, काम और मोक्ष ये चार प्रयोजन बतलाये हैं। यह दूसरे श्लोक का सारांश निकला। फिर—

तत्र सर्वप्रधानं हि शश्वत्कल्याणमन्दिरम्।
कैवल्यं केवलिप्राप्तं सन्तः प्रोचुः सुदुर्लभम्॥

परं सुदुर्लभस्यापि मोक्षस्य प्राप्तिरिष्यते।
धर्मेणैव तथार्थस्य कामस्य च सुखेन हि॥

उन चारों धर्मादिक प्रयोजनो में सर्व प्रधान कैवल्य (मोक्ष) ही है, वह कैवल्य (परमपद) शश्वत्कल्याणका मन्दिर है और वह मोक्षपद केवलियों कि कृपा से प्राप्त होता है वा सर्वज्ञ होने पर ही मोक्ष पदकी प्राप्ति होती है। वस्तुतत्त्वदर्शी संत, मुनि, महात्मा उस मोक्ष पद को अत्यन्त दुर्लभ बतलाते हैं।

यहां मोक्ष को चारों पदार्थों में प्रधान माना जाता है और यह सर्वथा युक्त है। क्यों कि दुनिया में जितनी भी प्रवृत्तियां हैं किसी न किसी रूपमें किसी के सुख के लिये ही हैं, किन्तु जितने भी सांसारिक सुख है प्रायः सभी नाशवान् है अस्थिर हैं। सांसारिक सभी सुखों में राग द्वेष रहता है इस लिये ये सुख सच्चे सुख नहीं, किसी समय दुःख के कारण हो जाते हैं। वास्तविक सुख तो वह है जो हमेंशा एक रस में रहनेवाला है अविनाशी है। इसी लिये मोक्षको सर्वप्रधान कहा गया है। उस कैवल्य पदको मुनियोंने अत्यन्त दुर्लभ कहा है, क्यों कि एक देश विशेष के कारावास से, जहां कि जेलर आदि का विशेष प्रबन्ध रहता है, निकलना कठिन है तो फिर इस अनन्त संसाररूप महाकारावाससे, जहां कि कर्मफल रूप जेलखाने के असंख्य पहेरेदार सिपाही दिन रात खड़े रहते हैं निकलना असंभव नहीं तो महाकठिन और अत्यन्त दुर्लभ अवश्य है। वह मोक्षपद केवली (भगवान) की कृपासे प्राप्त किया जा सकता है वा केवलपनेसे प्राप्त हो सकता है किंवा केवलीके द्वारा प्राप्त किया जाता है। केवलका मतलब है अनन्य-मुख्य-एक, उससे दूसरा कोई नहीं ऐसा। और जिसमें केवलपना है वह केवली कहलाता है। अर्थात् वह सर्वोपरि एक ही ज्ञानी है उससे परे ज्ञानी कोई नहीं है इस लिये उसका नाम केवली है। इसी तरह वह सर्वोपरि एक ही सम्यग्दर्शी है इसी लिये उसका नाम केवली है, और कोशादिकों में केवल शब्द का कृत्स्न (समग्र) भी पर्याय है इसी लिये केवली को सर्वज्ञ भी कहते है; ज्ञान का अनन्तत्व होने से ज्ञेय अल्प हो जाता है इस लिये उस केवली (भगवान्) को सर्वज्ञ कहते है। उस सर्वज्ञ प्रभु -केवली को " अणोरणीयान् महतो महीयान् " यानी सूक्ष्म से भी सूक्ष्म और स्थूल से भी स्थूल कालका बोध रहता है इस लिए उसे त्रिकालाबाधितबोध वीतराग सर्वज्ञ आदि नाम से सभ्य लोग पुकारते हैं। उपर्युक्त विशेषणयुक्त सुदुर्लभ मोक्षकी भी प्राप्ति धर्मसे ही होती है तथा अर्थ (धन) और काम इन दोनोंकी भी प्राप्ति धर्मसे ही अच्छी तरह सुखपूर्वक होती है, इसलिये धर्मका महत्व उच्चतम है। वास्तवमें इस असार संसारमें धर्मके समान श्रेष्ठ और सच्चा सहायक कोई चीज नहीं है। धर्म ही लोगोंकी विपत्तियोंमें सचा सहायक होकर दुःखको दूर करता है, धर्म ही सचा मित्र है, और धर्म ही माता-पिताके समान सचा पालक और रक्षक है। संसारके सभी सम्बन्धी सभी पदार्थ इस नश्वर शरीरके साथ यहीं रह जाते हैं, किन्तु धर्म जन्मान्तरमें भी जीवके साथ जाता है और अपने पुण्यप्रभावसे विपत्तिको हटाकर जीवोंको सुख शान्तिका प्रदान करता है। शास्त्रकारोंने भी कहा है कि-

धनानि भूमौ पशवश्च गोष्ठे भार्या गृहद्वारि जनाः श्मशाने ।
देहश्चितायां परलोकमार्गे धर्मानुगो गच्छति जीव एकः ॥

धन पृथिवी पर पडे रह जाते हैं, पशु गोष्ठ (पशुस्थान)में रह जाते हैं, स्त्री घरके द्वार पर रह जाती है, लोग (सम्बन्धी) श्मशानमें रह जाते हैं, देह चितामें जल जाता है, ये सबके सब ज्योंके त्यों यहीं रहते है लेकिन धर्म परलोकमें भी जीवके साथ जाता है ।

इसी तरह धर्मके महत्त्वको वर्णन करते हुये एक धर्ममर्मज्ञ कवि कहते हैं कि—

न जातु कामान्न भयान्न लोभाद् धर्मं जह्येज्जीवितस्यापि हेतोः ।
धर्मो नित्यः सुखदुःखे त्वनित्ये जीवो नित्यो हेतुरस्य त्वनित्यः ॥

कामसे या भयसे वा लोभसे वा जीवनके लिये भी किसी समयमें किसी तरह भी धर्मको नहीं छोड़ना चाहिये, क्योंकि धर्म नित्य है और काम क्रोध लोभ मोह आदिसे उत्पन्न सुख दुःख अनित्य है तथा जीव नित्य है यार इस जीवका कारण (कर्मफल) अनित्य है । सारांश यह निकला कि जीव और धर्म ये नित्य हैं और काम क्रोधादिसे उत्पन्न सांसारिक सुख दुःख अनित्य हैं । (क्रमशः)

नडियादके प्रतिमालेखोंके स्पष्टीकरणकी कुछ भ्रामक बातें

लेखकः—श्रीयुत अगरचंदजी नाहटा

'श्री जैन सत्य प्रकाश'के गत अंक (क्रमांक १२५)में नडियादके प्रतिमालेखोंके सम्बन्धमें स्पष्टीकरण करते हुए वैद्यजीने कई गलत अनुमान किये हैं उनपर प्रकाश डालना आवश्यक समझकर कुछ संशोधन उपस्थित करता हूं, आशा है उससे गलतफहमियां दूर होंगी ।

१. नागेन्द्रगच्छके साथ नागद्रह ग्राम एवं नागर ज्ञातिका कोई सम्बन्ध नहीं है ।

२. सिद्धसेनसूरि सिद्धसेन दिवाकरसे भिन्न प्रतीत होते हैं; इनकी एकताके लिए अन्य प्रमाण अपेक्षित हैं ।

३. रुद्रपल्लीय गच्छकी आचार्यपरम्पराका सं. १६८५ तक होनेका व भावतिलकसूरि आचार्यका नाम बतलानेका आधार क्या है? वैद्यजी इस पर प्रकाश डालें ।

४. 'अमरकोश'को आगमगच्छीय अमरसिंहसूरि (सं. १४७५)की कृति बतलाना सर्वथा ऐतिहासिक सत्यसे विपरीत है, 'अमरकोश' बहुत प्राचीन ग्रन्थ है । उसके निर्माता अमरसिंह भिन्न ही है ।

५. लेखकका 'सुमतिनाथ सत्यदेव प्रबन्ध' कहां प्रकाशित है ?

६. श्री श्रीवंशको प्राचीन लिच्छवी उर्फे हैहयवंशसे सम्बन्धित बतलाना भी सही नहीं है। लेखमें निदर्शित श्रीश्रीवंश मेरे नम्र मतानुसार अंचलगच्छके आचार्योंसे सम्बन्धित है एवं १५ वीं शताब्दिसे ही प्रकाशमें आया है, जैसाकि वैद्यजी बतलाते हैं । यह वंश इतना प्राचीन होता तो कहीं तो इसका प्राचीन उल्लेख पाया जाता, पर उसका सर्वथा अभाव है ।

(ટાઇટલ બીજા પાનાનું અનુસંધાન)

आराधिता जिना देवा भावतो गुरवोऽपि यैः । साधितो जैनधर्मश्च तेषां मृत्योर्भयं कथम् ? ।२७।
पंचापि विषयास्त्यक्ताः कषाया यैर्विरागिभिः । क्षामिताः सकला जीवा भाविता भावनाः शुभाः ।
जिनागमाः समभ्यस्ताः विधिना गुरुसंनिधौ । तत्प्रधानप्रयोगा ये तेषां मृत्योर्भयं कथम् ? ।२९।
सत्पात्रेभ्यो ददानानां दानं सद्ब्रह्मचारिणाम् । तपस्यासाम्ययोगानां तेषां मृत्योर्भयं कथम् ! ।३०।
उद्दिश्यात्मानमाचारसाधनाऽध्यात्ममीरितम् । तत्र निश्चलचित्तानां तेषां मृत्योर्भयं कथम् ? ।३१।
धर्मकर्ता गुरुर्वैद्यः धर्मज्ञो धर्मदेशकः । सदौषधं मोक्षमार्गसाधना ज्ञानपूर्विका ।३२।
पथ्यं सद्भावना योगात् त्रयाणां च प्रणश्यति । भावामयो मिलन्तु मे त्रये एते भवे भवे ।३३।

(युग्मम्)

श्रुताभ्यासो नतिर्देवे सत्कथाचार्यसंगतिः । दोषप्रकाशने मौनं प्रियावागात्मभावना ।३४।
वैराग्यं गुणदृष्टिश्च विंशतिस्थानसेवना । अंतराऽभवेष्वेते संपद्यन्तां भवे भवे ।३५।
आत्मवादादिभिस्तत्त्वैर्जयति जिनशासनम् । उत्कृष्टं सर्वधर्मेषु साधकाः संतु निर्मलाः ।३६।
निर्लेपाः पद्मवज्जाता अनंता अधुनाङ्गिनः । भवन्ति च भविष्यंति जैनधर्मस्य साधनात् ।३७।
जैनधर्मो रत्नतुल्यो धर्माश्चान्ये न तादृशाः । यथार्थकरणं जैने धर्मेऽन्यत्रैव भाषणम् ।३८।
जैनधर्मरताः सर्वे भवन्तु सुखिनः सदा । मैत्रीप्रमोदकारुण्यसन्माध्यस्थ्यान्विताऽस्तथा ।३९।
मंगलं तीर्थराजो मे मारुदेवप्रभुस्तथा । शांतिनेमिपार्श्ववीराः देवाः कुर्वन्तु मंगलम् ।४०।
वर्षेऽत्र वैक्रमे श्रेष्ठे निधिनंदनवेन्दुगे । फाल्गुने सितपञ्चम्यां ग्रामे बोटादनामनि ।४१।
नेमिसूरीशशिष्येण कृतेयं पद्मसूरिणा । लक्ष्मीप्रभस्य विज्ञप्त्या श्रीतत्त्वामृतभावना (युग्मम्) ।४२।

મુનિ શ્રી હર્ષવિજયજીવિરચિત

શીલની સજઝાય

મોકલ–પૂજ્ય મુનિમહારાજ શ્રીરમણિકવિજયજી

તે બલિઆ ભાઈ તે બલિઆ, જે વિષય કષાય નવિ છલિઆ રે. (આંકણી)
સુમતિ ગુપતિ સુદ્ધી પરિપાલિ, દોષ બિતાલિસ ટાલઈ રે;
આપિ આપ સરૂપ નિહાલિ, આઠ મહામદ ગાલિ રે. તે બલિઆ ૧
શીયલ ધારિ કાયા અજુઆલિ, નારી અંગ ન ભાલિ રે;
સદ્ગુરૂ આપિ શીખ સંભાલઈ, તે સહુ પાપ પખાલઈ રે. તે બલિઆ. ૨
આપિ આપ છતા ગુણ ગોપઈ, ગાલઈ દીન વિકોપિ રે;
ઉત્તમ કુલની રીત ન લોપઈ, પુરૂષ રયણ તે ઓપિ રે. તે બલિઆ. ૩
ઊવટ જાતા જે મન વાલિઈ, તપહ તપી કર્મ બાલઈ રે;
ન્યાય ભણિ જે મારગિ ચાલઈ, મુક્તિ જઈ તે મહાલઈ રે. તે બલિઆ. ૪
જે નરનારી વિષય નિવારી, આપિ આપ સંભારી રે;
શીલ પાલઈ તેહની બલિહારી, હર્ષવિજય હિતકારિ રે. તે બલિઆ. ૫

દરેકે વસાવવા યોગ્ય

શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

(૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

(૨) દીપોત્સવી અંક

ભગવાન મહાવીરસ્વામી પછીના ૧૦૦૦ વર્ષ પછીના સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક : મૂલ્ય સવા રૂપિયો.

(૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ-વિશેષાંક

સમ્રાટ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંક : મૂલ્ય દોઢ રૂપિયો.

શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩-જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ચાર આના.

[૨] ક્રમાંક ૪૫-ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના.

કાચી તથા પાકી ફાઈલો

શ્રી જૈન સત્ય પ્રકાશની ત્રીજા, આઠમા, દશમા, અગિયારમા, બારમા, તેરમા તથા ચૌદમા વર્ષની કાચી તથા પાકી ફાઈલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા.

ભગવાન મહાવીરસ્વામીનું ત્રિરંગી ચિત્ર

સુવર્ણશાહીના પ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઈએ દોરેલું સુંદર ચિત્ર ૧૪"x૧૦" સાઈઝ, સોનેરી બોર્ડર : મૂલ્ય ચાર આના (ટપાલખર્ચનો દોઢ આનો).

—લખો—

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ

મુદ્રક:-મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસ રોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય-અમદાવાદ. પ્રકાશક:-ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ, અમદાવાદ.

श्री जैन सत्य प्रकाश

તંત્રી
ચીમનલાલ ગોકળદાસ શાહ

વર્ષ ૧૧ : અંક ૫ | અમદાવાદ : ૧૫-૨-૪૬ | ક્રમાંક ૧૨૫

વિ ષ ય – દ ર્શ ન

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : છૂટક ચાલુ અંક-ત્રણ આના

મહોપાધ્યાય શ્રીયશોવિજયજીકૃત

"જ્ઞાનસાર"ના "સર્વનયાશ્રયાષ્ટક" નું વિવેચન

વિવેચક—શ્રી. પોપટલાલ મોનજીભાઈ મહેતા, જૂનાગઢ.

તાર્કિકશિરોમણિ, મહોપાધ્યાય શ્રી યશોવિજયજી વાચકપુંગવકૃત 'જ્ઞાનસાર' અંતર્ગત 'સર્વનયાશ્રયાષ્ટક' નામક નાની છતાં અર્થગંભીર કૃતિનો ભાવાર્થ અહીં નીચે આપવામાં આવે છે.

તત્ત્વ શું છે તે મેળવવાના શુદ્ધ માર્ગને ન્યાય કહે છે, અને આવા ન્યાય તોળવાના કામમાં જુદી જુદી અપેક્ષાઓએ વસ્તુ કે તેના અંશ એના ગુણધર્મ પર વિચાર કરી, તે (વિચાર) રજૂ કરવામાં આવે છે ત્યારે સમગ્ર બાજુથી તપાસી દરેક વિચારની શુદ્ધિ પ્રમાણે અને મુખ્ય મુદ્દાને સ્પર્શે તે રીતે તે વિચાર મુજબ નિર્ણય કરવામાં આવે છે, જે ન્યાયબુદ્ધિ છે.

જે પ્રમાણે તત્ત્વપ્રાપ્તિ—જ્ઞાન—માટે નિર્મળ અંતઃકરણ આવશ્યક છે તેવી જ રીતે વિધવિધ દૃષ્ટિબિંદુ દ્વારા વસ્તુના જ્ઞાનને સમજવામાં નિર્મળ અંતઃકરણના કારણભૂત અપેક્ષાવાદ કે નય વિષયનું જ્ઞાન જરૂરી છે. વસ્તુ સંબંધી સેંકડો ખમોથી થતા વિચારોમાં તેની મુખ્ય મુખ્ય અપેક્ષાઓ ધ્યાનમાં રાખવી જોઈએ; નહિતર તે વિષય સંબંધી કરવામાં આવેલ વિચાર શુદ્ધ છે કે નહિ તે નક્કી કરવાનું અશક્ય જ બને. પ્રત્યેક વિચાર કે અભિપ્રાય સમજવામાં તેની અપેક્ષા—આશય સમજવાં જોઈએ. તેમ ન થાય તો વિચાર કે જ્ઞાન—તત્ત્વ અસ્પષ્ટ રહે છે; અર્થાત્ આપણે તત્ત્વને મેળવી શકતા નથી. આ અપેક્ષાવાદ કે અપેક્ષાત્મક દૃષ્ટિને નયવાદ કહે છે.

એક ને એક વસ્તુનું વિવેચન જુદા જુદા માણસો પોતાની સમજ અને અનુભવ મુજબ જુદી જુદી રીતે કરે છે. અર્થશાસ્ત્રી વસ્તુને ઉત્પાદન, વહેંચણી અને વપરાશ તેમજ મૂલ્ય અને તેનું અંકન એમ ભિન્ન ભિન્ન દૃષ્ટિએ નિહાળે છે. એ જ વસ્તુને ધારાશાસ્ત્રી સમાજશાસ્ત્રી અને મુત્સદ્દી પોતપોતાની દૃષ્ટિએ નિહાળે છે. નીતિશાસ્ત્ર અને ધર્મશાસ્ત્રમાં તે વસ્તુનું સ્થાન જુદું હોય છે. અર્થાત્ વિધવિધ રીતે વસ્તુનું અવલોકન કરાય છે. આ બધી દૃષ્ટિઓ દ્વારા વસ્તુનું યથાર્થ નિરૂપણ થાય છે. દરેક દૃષ્ટિ પોતાના વિષય મુજબ તે બાબતનું સત્ય નિરૂપણ કરે છે, પણ એટલું જ માત્ર નિરૂપણ સત્ય એમ આગ્રહ રાખવો મિથ્યા છે. કારણ કે જે સત્ય પોતે બતાવે છે તે અનંતનો માત્ર એક અંશ જ છે એક ને એક બાબત સંબંધે અનંત દૃષ્ટિઓ હોવાથી અને દરેક દૃષ્ટિ સત્યનું નિરૂપણ કરતી હોવાથી એમ સિદ્ધ થાય છે કે એક જ વસ્તુમાં અનંત ધર્મ (Theory of relativity) રહેલાં છે. કેટલાક વિરોધી સ્વભાવના ધર્મો એક ને એક વસ્તુમાં જણાય છે, છતાં તે બધા ધર્મો તે વસ્તુમાં સત્ય છે અને વસ્તુની અંદર સમાઈ જાય છે. જેને તત્ત્વ મેળવવું છે, અખંડ સત્ય પ્રાપ્ત કરવું છે, પોતાનું ચારિત્ર શુદ્ધ રાખવું છે તેણે આ વિશ્વદૃષ્ટિ પ્રાપ્ત કરવી જોઈએ. આવી દરેક દૃષ્ટિને નય કહે છે.

દરેક વિચારથી વસ્તુને નિહાળો તેમાં સામસામી વિરોધી વિચારોને પણ સ્થાન છે. વસ્તુના સંબંધમાં જે અપેક્ષાએ સત્ય ઉચ્ચારાય છે તે અપેક્ષાએ જ તે વસ્તુનું નિરૂપણ સત્ય સમજવું જોઈએ. તે જ વસ્તુનું જે બીજી બાજુનું અર્થાત્ વિરુદ્ધ ધર્મનું સત્ય પણ

[અનુસંધાન—ટાઈટલના ત્રીજા પાને]

॥ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

जेशींगभाईकी वाडी : घीकांटारोड : अमदावाद (गुजरात)

वर्ष ११	વિક્રમ સં. ૨૦૦૨ : વીરનિ. સં. ૨૪૭૨ : ઈ. સ. ૧૯૪૬	क्रमांक
अंक ५	માહ શુદિ ૧૪ : શુક્રવાર : ૧૫ મી ફેબ્રુઆરી	१२५

મુનિ શ્રી પ્રીતિવિમલવિરચિત

શ્રી ગોડીપાર્શ્વનાથ–ઉત્પત્તિ–સ્તવન

સંગ્રાહક–પૂજ્ય મુનિમહારાજ શ્રી પ્રેમવિજયજી

દુહા

વાણી બ્રહ્માવાદિની, જાગ્યો યશ વિખ્યાત;
પાસ તણા ગુણ ગાયવા, મુઝ મતિ આપો માત. ૧
નારિંગો અણહીલપુરે, મહેમદાવાદે પાસ;
ગોડીનો ધણી જાગતો, સહુની પુરે આસ. ૨
શુભ વેલા દિન શુભ ઘડી, મુહૂર્ત એક મંડાણ;
પ્રતિમા ત્રણે પાસની, હૂઈ પ્રતિષ્ઠા જાણ. ૩

(ઢાલ ૧ લી : પંચમી તપ તુમે કરો રે પ્રાણી–એ રાગ)

ગુણહ વશાલા મંગલીક માલા, વામાનો સુત સાચો રે;
ધન કંચન મણિ માણિક આપે, ગોડીનો ધણી જાચો રે. ગુણહ. ૧
"અણહીલપુર" પાટણમાંહે પ્રતિમા, તુરક તણે ઘર હુતી રે;
અશ્વની ભૂમિ અશ્વની પીડા, અશ્વની પાલ વિગુતી રે. ગુણહ. ૨
જાગતો યક્ષ જ જેહનો કહીએ, સુહણો તુરકને આપે રે;
પાસ જીનેસર કેરી પ્રતિમા, સેવક તુઝ સંતાપે રે. ગુણહ. ૩
પ્રહ ઉઠીને પ્રગટ તું કરજે, મેઘા ગોઠીને દીજે રે;
અધિકો મ લીજે ઓછો મ લીજે, ટકા પાંચ સો લીજે રે. ગુણહ. ૪
નહીં આપે તો મારીસ મરડી, મઉલી બંધ બંધાસી રે;
ધન કણ પુત્ર કલત્ર હાથી હય, લખમી ઘણી તુઝ જાસી રે. ગુણહ. ૫
મારગ પહેલો તુજને મીલસે, સારથવાહો ગોઠી રે;
નીલવટ ટીલું ચોખા ચુહડયા, વસ્ત્ર વહે તસ પોઠી રે. ગુણહ. ૬

દુહા

મનસું બીહતો તુરકડો, માને વચન પ્રમાણ;
બીબીને સુહણાતણો, સંભલાવે સહી નાંણ. ૧

બીબી બોલે તુરકને, બડા દેવ હૈ કોઈ;
અબ જનાબ પ્રગટ કરો, નહીંતર મારે સોઈ. ૨
પાછલી રાત પરોઢીએ, પહેલી બક્ષે પાસ;
સુહણા માંહી શેઠને, સંભલાવે જક્ષ ખાસ. ૩

(ઢાલ ૨ જી, રાગ પૂર્વોક્ત)

ઇમ કહી જક્ષ આવ્યો રાતે, સારથવાહને સુહણે રે;
પાસ જીનેસર કેરી પ્રતિમા, લેતો શીર મત ધહણે રે. ઇમકહી. ૧
પાંચ સો ટકા મૂલ જ તેહનો, અધિકો મ દીજે કેવારે રે;
જતન કરી પહુંચાડે થાનિક, પ્રતિમાગુણ સભારે રે. ઇમકહી. ૨
તુજને હોશ્યે બહુ ફલદાયક, ભાઇ ગોઢી સુણજે રે;
પૂજી પ્રણમી તેહના પાયા, પ્રહ ઊઠી નિત થુણજે રે. ઇમકહી. ૩
સુહણો દેઇને સુર ચાલ્યો, આપણે થાનીક પહુતો રે;
પાટણ માંહી સારથવાહી, તુરકને હીંડે જોતો રે. ઇમકહી. ૪
તુરકે જોતાં ગોઢી દીઠો, ચોખા તીલક નીલાડે રે;
સંકેતે પહુતો સાચો જાંણી, બોલાવે બહુ લાડે રે. ઇમકહી. ૫
મુજ ઘેર પ્રતિમા તુજને આપું, પાસ જીનેસર કેરી રે;
પાંચ સો ટકા જો મુજને આપે, મૂલ ન માગું ફેરી રે. ઇમકહી. ૬
નાણું દેઇને પ્રતિમા લીધી, થાનિક પહુતો રંગે રે;
ચંદન કેસર મૃગમદ ઘોલી, વિધિસું પૂજે ચંગે રે. ઇમકહી. ૭
આહી રૂડી રૂની કીધી, તેહમાં પ્રતિમાજી રાખે રે;
અનુક્રમે આવ્યા પારકરમાંહી, શ્રીસંઘને સુર સાખે રે. ઇમકહી, ૮
ઓચ્છવ અધિકા દિન દિન થાવે, સત્તર ભેદ સનાતે રે;
ઠામ ઠામના દર્શન કરવા, આવે લોક પ્રભાતે રે. ઇમકહી. ૯

દોહા

એક દિન દેખે અવધિસું, પારકરપુરનો ભંગ;
જતન કરે પ્રતિમાતણો, તીરથ અછે અભંગ. ૧
સુહણો આપે શેઠને, થલ અટવિમેં ઉજાડ;
મહીમા હોસી અતી ઘણી, મુજને તીહાં પહોંચાડ. ૨
કુશલક્ષેમ અછે તીહાં, મુજને તુજને જાંણ;
સંકા છોડી કામ કર, કરતા મ કરીસ હાંણ. ૩

(ઢાલ ૩ જી, ચોપાઈ)

પાસ મનોરથ પુરાવરે, વાહણ એક વૃષભ જોતરે;
પારકરથી પ્રયાણ કરે, એક થલ ચઢી બીજે ઉતરે. ૧
બારે કોશ આવ્યા જેટલે, પ્રતિમા નવી ચાલે તેટલે;
ગોઢી મન વિમાસણ થઈ, પાસ ભવન મંડાવું સઈ. ૨

થલ અટવી કિમ કરૂં પરાણુ, કટકો કોર ન દીસે પહાણુ;
દેવલ પાસ જીનેસર તણો, મંડાવું કિમ ગરથે વિણો. ૩
જળવિણુ શ્રીસંઘ રહેસે કિહાં, શિલાવટ કિમ આવસે ઈહાં;
ચિંતાતુર થઇ નિદ્રા લહે, જક્ષરાજ આવીને કહે. ૪
શ્રીફળ સજલ તીહાંકણુ જુઓ, અમૃતજળ નીસરસે કુઓ;
ખારા કુઆ તણો સહી નાણુ, ભૂઇ પડયો છે નીલો છાણુ. ૫
ગુંહલી ઉપર નાંણું જીહાં, ગ્રહજે ઘણો છે નાંણો તીહાં;
સ્વસ્તિક સોપારીને ઠાણુ, પહાણુ તણી ઉમટસે ખાણુ. ૬
શિલાવટ "શીરોહી" વસે, કાઢે પ્રાભવિઓ કિસમસે;
તિહાં થકી ઈહાં આંણજે, સત્ય વચન માહરો માંનજે. ૭
ગોઠીનો મન થીર થાપીઓ, શિલાવટને સુહણો દીયો;
રોગને નિગમુ પૂરૂં આસ, પાસભવન માંડે આવાસ. ૮
સુપન માંહી તે માન્યો વયણુ, હેમ વરણુ તસ દેખે સયણુ;
ગોઠીતણા મનોરથ ફલ્યા, શિલાવટને ગયા તેડવા. ૯
શિલાવટ આવે ઊજમો, જમે ખીર ઘૃત ખાંડ ચૂરમો;
ઘડે ઘાટ કરે કોરણી, લગન ભલા પાયા રોપણી. ૧૦
થંભ થંભ કીધી પુતલી, નાટક કૌતુક કરતી રલી;
રંગમંડપ રलीઆત રચ્યો, જોતાં માનવનો મન ખચ્યો. ૧૧
નીપાયો પુરો પ્રાસાદ, સ્વર્ગ સમોવડ માંડે વાદ;
દિવસ બે ચારે ઇંડો ઘડયો, તતખીણુ દેવલ ઉપર ચઢયો. ૧૨
શુભ લગન શુભ વેલા વાસ, પબ્બાસણુ બેઠા શ્રીપાસ;
મહીમા મોટો મેરૂ સમાન, એકલમીલ રહે વગડે રાન. ૧૩
બાત પુરાણી મેં સાંભલી, તવન માંહી સુધી સાંકલી;
ગોઠી તણા જે અછે, જાત્રા કરીને પરણે પછે. ૧૪

દુહા

વિઘનવિહારન સુખકરન, જેહનો અકલ સરૂપ;
"પ્રીતિ" કહે શ્રીસંઘને, દેખાડે નીજ રૂપ. ૧
ગિરૂઓ ગોડી પાસજિન, આપે અરથ ભંડાર;
"પ્રીતિ" વદે શ્રીસંઘને, આસા પૂરનહાર. ૨
નિલ પલાણે નીલડે, નીલે થઈ અસવાર;
મારગ ચૂકા માનવી, વાટ દીખાવણુ હાર. ૩

(ઢાલ ચોથી, ચોપાઈ)

વરણા અઢાર તણા લે ભોગ, વિઘન નિવારે ટાલે રોગ;
પવિત્ર થઇને સમરે જેહ, ટાલે પાપ તાપ સંદેહ. ૧

નિરધનને ઘર ધનનો સૂત, અપુત્રીયા પામે બહુ પુત્ર;
કાયરને શૂરાતન કરે, પાર ઉતારે લચ્છી વરે. ૨
દોભાગીને દીયે સોભાગ, પગ નહીં તેહને આપે પાગ;
ઠામ ન તેહને આપે ઠામ, મનવંછીત પૂરે અભિરામ. ૩
નિરાધારને દીયે આધાર, ભવસાગર ઉતારે પાર;
આરાતયાને આરતભંગ, ધરે ધ્યાન લહે સુરંગ. ૪
સમર્થા સહાય કરે જક્ષરાજ, તેહનો મોટો અધિક દીવાજ;
બુદ્ધિહીણાને બુદ્ધિ પ્રકાશ, ગુંગાને દીયે વચન વિલાસ. ૫
દુઃખીયાને સુખનો દાતાર, ભયભંજન રંજન અવતાર;
બંધન તોડે બેડી તણા, પાર્શ્વનામ અક્ષર સમરણા. ૬

દુહા

પાર્શ્વનામ અક્ષર જપે, વિશ્વાનર વિસરાલ;
હસ્તીમદ દૂરે ટલે, દુદ્ધર સિંહ શૃગાલ. ૧
ચોર તણા ભય ચૂકવે, વિષ અમૃત આકાર;
વિષધરનો વિષ ઉતરે, રણમાં જયજયકાર. ૨
રોગ સોગ દારિદ્ર દુઃખ, દોહક દૂર પલાય;
પરમેશ્વર શ્રીપાર્શ્વનો, મહીમાં મંત્ર જપાય. ૩

(ઢાલ ૫ મી, રાગ ધનાશ્રી)

(આ ઢાલને શ્રી વિષહર પાર્શ્વનાથનો મહામંત્ર કહેવાય છે)

ૐ જિતું ૐ જિતું ૐ જિ ઉપશમધરી, ૐ હ્રીં પાર્શ્વ અક્ષર જપંતે
ભૂત ને પ્રેત ઝોટીંગ વ્યંતર સૂરા, ઉપશમે વાર એકવીસ ગુણંતે.
ૐ જિતું ૐ જિતું. ૧

દુષ્ટ ગ્રહ રોગ શોક જરા જંતુ ને, તાવ એકાંતરો દીન તપંતે;
ગર્ભબંધન હરે વીચ્છુ અહિ વિષ દલે, બાલકા બાલની વ્યાધિ હંતે. ૐ જિતું. ૨
શાયણી ડાયણી રોહીણી રીંગણી, ફોટીકા મોટીકા દુષ્ટ હંતિ;
દાઢ ઉંદરતણી કલિ નોલાતણી, સ્વાન શીયાલ વીકરાલ દંતી. ૐ જિતું. ૩
ધરણેન્દ્ર પદ્માવતી સમરી શોભાવતિ, વાટ ને ઘાટ અટવી અટંતે;
લક્ષ્મી લુંદો મલે સુજસ વેલા વલે, સયલ આશા ફ્લે મન હસંતે. ૐ જિતું. ૪
અષ્ટ મહાભય હરે કાન પીડા ટલે, ઉતરે શુલ શીશક ભણંતે;
વદતી વર પ્રીતીશું પ્રીતીવિમલ પ્રભો, પાર્શ્વ નામે સદાક્ષર જપંતે
પાર્શ્વજિન નામ અભિરામ મંતે. ૐ જિતું. ૫

કળશ

તપગચ્છનાયક સિદ્ધિદાયક, હીરવિજય સૂરીસરો,
તસ પાટ ઉદયાચલે ઉદયો, વિજયસેનસૂરીવરો,
ઇમ સ્તવ્યો ગોડી પાર્શ્વ જીનવર, પ્રીતીવિમલ પ્રીતે કહે,
જે ભણે ભાવે લહે સંપત, શાશ્વતા તે સુખ લહે.

જૈનધર્મમાં તપવિધાન

લેખકઃ—**શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી.**

'પ્રાચીન જૈનધર્મ'ના લેખમાં બૌદ્ધગ્રંથના આધારે જે છ પંથો પ્રચલિત જણાવ્યા હતા એમાંના જૈનધર્મ યાને નિર્ગ્રંથમાર્ગ સિવાયના પાંચનું ટૂંક સ્વરૂપ આ પ્રમાણે છે—

(૧) અક્રિયાવાદી પંથના આદ્યાચાર્ય પૂરણકાશ્યપ છે. તમામ દુઃખનું મૂળ, પાપ-પુણ્ય સંબંધેની ભાવનામાં હોવાથી તે ભાવનાને જ નષ્ટ કરી નાખીએ કે થયું, એવો તેમનો ઉપદેશ હતો. પાપ–પુણ્યનો વિચાર એ કેવળ ભ્રમ છે, એમ તેઓ માનતા, અર્થાત્ આ પંથ તે એક પ્રકારનો નાસ્તિકવાદ જ છે, એમ કહીએ તોપણ ચાલે.

(૨) સંસારશુદ્ધિવાદી પંથનો પ્રસ્થાપક મક્ખલી ગોસાલ છે. આ વાદનું જ નિયતિવાદ એવું બીજું પણ નામ છે. સૃષ્ટિમાંની અખિલ ચરાચર વસ્તુ, પ્રાણી અને જીવ દુર્બળ ને અસ્વતંત્ર હોઈને બધા દૈવના તંત્રથી ચાલે છે. પોતપોતાના કર્મનો ઉપભોગ લેતાં રહેવું એ જ તેમનો વ્યવસાય અને એ વ્યવસાયમાંથી તેમનો કદી પણ છુટકારો થતો નથી, એ આ પંથનું આદ્યતત્ત્વ છે.

(૩) ઉચ્છેદવાદી પંથ અજિતકેસકંબલીએ સ્થાપ્યો. આ નિર્ભેળ નાસ્તિકવાદી હતો. મનુષ્ય એટલે પૃથ્વી, અપ, તેજ ને વાયુ—આ ચતુસ્તત્ત્વોની બનાવેલી પૂતળી. મૃત્યુ પછી તેના દેહનું આ ચાર મહાભૂતમાં ફરીથી રૂપાંતર થઈ જાય છે, ને ઇંદ્રિયો આકાશમાં લીન થઈ જાય છે. પાપ–પુણ્ય વગેરે જૂઠું છે. ઐહિક સૌખ્ય એ એક જ ખરું તત્ત્વ છે. આ એ પંથનો મુખ્ય સિદ્ધાંત છે.

(૪) અન્યોન્યવાદી પંથના મત પ્રમાણે સૃષ્ટિમાં પૃથ્વી, અપ, તેજ, વાયુ, સુખ, દુઃખ ને જીવ, આ સાત નિત્ય તત્ત્વ છે, એનો નાશ કરે એવી કોઈ પણ વ્યક્તિ નથી. મનુષ્યના મરણ પછી પણ આ તત્ત્વો અબાધિત રીતે અસ્તિત્વમાં હોય છે—વગેરે સિદ્ધાંતો પર આ પંથની રચના થયેલી હતી.

(૫) હવે બાકી રહ્યો વિક્ષેપવાદી પંથ—એનું જૈનોના સ્યાદ્વાદની સાથે પુષ્કળ સામ્ય છે. એને નિત્યસંશયી નામ શોભતા જેવું છે. આ મત પ્રમાણે પ્રત્યેક પ્રશ્નને માટે ઠરાવેલ સાત ઉત્તરો છેઃ દેવ છે કિંવા નહિ? આ પ્રશ્નને દેવ છે, દેવ નથી, દેવ છે એમ પણ નહિ, દેવ નથી એવું યે નહિ, આવા નમૂનાના તેમના ઉત્તરો હોય છે.

ઉપરના ઉલ્લેખથી સહજ સમજાય તેવું છે કે એ પાંચ પંથો ઝાઝું આયુષ્ય ન ભોગવી શક્યા અને સ્થાપકોના અવસાન પછી થોડા સમયમાં નામશેષ થઈ ગયા, જ્યારે નિર્ગ્રંથ એવા શ્રમણોનો પંથ અર્થાત્ જૈનધર્મ તો અદ્યપિ પ્રવર્તમાન છે. એમાં મુખ્ય કારણ તો એના સિદ્ધાંતોની શ્રેષ્ઠતા અને યુક્તિયુક્તતા જ છે. જૈનધર્મના પ્રણેતા અર્થાત્ તીર્થંકર પ્રભુઓ પોતાને સંપૂર્ણ જ્ઞાન યાને કૈવલ્યદશાની પ્રાપ્તિ વિના કોઈ પણ પ્રકારની પ્રરૂપણા કરતા જ નથી, પ્રથમ સર્વ વસ્તુ જાણે છે, જુવે છે અને પછી જ લોકોપકારને નજરમાં રાખી એ વહેતી મૂકે છે. એટલે જ એમાં શંકાને સ્થાન નથી.

ભગવાન બુદ્ધે સારીપુત્તને ઉપદેશ આપ્યાનું મહાસીહનાદસુત્તમાં જે વર્ણન આપ્યું છે, તેનો સારાંશ આ પ્રમાણે છે—

"હે સારીપુત્ત! મેં ચાર પ્રકારનાં તપો આચર્યાનું મને સ્મરણ છે. હું પ્રથમ તપસ્વી બન્યો, પછી રુક્ષ થયો, કેટલેક દિવસે જુગુપ્સિતતાનો સ્વીકાર કર્યો ને છેવટે પ્રવિવિક્ત

બન્યો, હું દિગંબર વૃત્તિથી રહેતો હતો, કોઈ પણ જાતનું લૌકિક આચારનું બંધન પાળવાનું મેં છોડી દીધું હતું."

"...શાક, શ્યામાક, નીવાર, શેવાળ, થૂલું, શેકેલું અનાજ, પિણ્યાક, લીલું ઘાસ, ફળ, ખાંદર્યા, ગોમય, ચમારોએ ફેંકી દીધેલા ચામડાના ટુકડા વગેરે ખાઈને હું જીવન ધારણા કરતો હતો."

"કોઈ કોઈ વાર હું ગોવત્સોનું છાણ ખાઈને રહેતો. પોતાના મળમૂત્ર ખાઈને પણ મેં કેટલાક દિવસો કાઢ્યા છે. આવું સૂગ ચઢે એવા પ્રકારનું મારું ખાવાનું હતું. ઘોર જંગલમાં મેં નિવાસ કર્યો હતો. ટાઢના દિવસોમાં હું ખુલ્લાં મેદાનમાં સૂતો. કોઈ વાર સ્મશાન ભૂમિમાં જઈ મૃતોનાં હાડકાં ઓશીકે મૂકીને સૂતો હતો. લોકો મારા ઉપર થૂંકતા હતા; તથાપિ મારા મનમાં મેં તેમને માટે જરા જેટલો પણ ખરાબ વિચાર આવવા દીધો નથી."

બુદ્ધ ભગવાને કરેલા તપમાંનો ઉપરનો ઉતારો એટલા સારૂ આપવામાં આવ્યો છે કે જેથી એ તપવિધાન અને જૈનદર્શનમાં દર્શાવેલ તપ–આચરણામાં કેટલો તફાવત છે એનો વાચકને ખ્યાલ આવે. કેટલાક ઉલ્લેખો ઉપરથી જેમ પુરવાર થયું છે કે શાક્યમુનિ યાને બુદ્ધ ભગવાને પોતાના પંથની સ્થાપનામાં અર્થાત્ બૌદ્ધધર્મના વ્રત–નિયમો નક્કી કરવામાં જૈન દર્શનના યમ–નિયમોને ધ્યાનમાં રાખ્યા છે, તેમ એ રીતે જુદો પંથ શરૂ કરવામાં તેમને એ જ જૈનદર્શનના તપોપર પ્રથમ સ્નેહ જન્મ્યો હતો. કેટલાક સમય પર્યંત તેમણે એ આચરણમાં પણ મૂક્યા હતા, પણ પાછળથી એ કેવળ દેહકષ્ટરૂપ અને હેતુહીન જણાયા હતા.

પ્રથમની વાત ઉભય ધર્મના વ્રત–નિયમો સરખાવતાં સહજ ઊડીને આંખે વળગે છે. એમાં સમાયેલ સત્યની ઝાંખી થવામાં ઝાઝો વિલંબ નથી જ થતો. પણ પાછળની વાત એટલી સહજ રીતે ગળે ઊતરતી નથી. તપ અંગેના એ મતભેદને બારીકાઈથી તપાસવાની જરૂર છે. માત્ર દિગંબર વૃત્તિથી રહેવાની વાત બાજુપર મૂકીએ તો સારીપુત્તને ઉદ્દેશી કહેલી તપઆચરણામાં અને પરમાત્મા મહાવીર દેવે કહેલા તપવિધાનમાં આસ્માન જમીન જેટલું અંતર જણાશે, જે સામાન્ય બુદ્ધિમાં પણ ન ઊતરે અને આરોગ્યની નજરે પણ જે વસ્તુઓ હાનિકારક ગણાય. વળી આહારની દૃષ્ટિએ જે વસ્તુ નિંદ્ય લેખાય એને ગ્રહણ કરવી અને એના ઉપર તપ કર્યાની છાપ મારવી એ આજે વર્તી રહેલા ફરાલીયા ઉપવાસ જેવું હાસ્યાસ્પદ છે. આવી ક્રિયા પરથી શાક્યમુનિને જલદી વિરાગ આવતો જોઈતો હતો. આ જાતની કારવાઈને તપનું નામ આપી શકાય જ નહીં! આવા પ્રકારના આચરણને નિર્ગ્રંથ દર્શનમાં સ્થાન જ નથી; એ ક્રિયાઓને અજ્ઞાનભરી કહેલી છે, એનું બીજું નામ અજ્ઞાનકષ્ટ છે. એ માટેની ફળપ્રાપ્તિનાં ઝાઝાં મૂલ્યાંકન અંકાયાં જ નથી એ વાતની પ્રતીતિ તામલી અને પૂરણ તાપસના દૃષ્ટાંતો પરથી કરાવી શકાય તેમ છે. આ ઉપરથી ભાર મૂકીને કહી શકાય કે શાક્ય મુનિએ અમલમાં મેલેલો તપ એ શ્રમણપંથનો ન હતો.

શ્રમણો માટે તીર્થંકર પ્રભુએ જે તપવિધાન દર્શાવ્યું છે એ મુખ્ય બે પ્રકારમાં વહેંચાયેલું છે: (૧) બાહ્યતપ, (૨) અભ્યંતરતપ. એ દરેકના છ પ્રકાર છે. પ્રથમમાં અનશનની મુખ્યતા છે. અને પાછળમાં પ્રાયશ્ચિત્ત અગ્રપદે મૂકાયેલ છે. એ બાર પ્રકારના સ્વરૂપમાં ઊંડા ઊતરનાર નિશંકપણે આત્મદર્શનમાં—પૂર્ણજ્ઞાન પ્રાપ્તિમાં—એ કેટલા જરૂરી છે

તેનો તાગ કહાડી શકે તેમ છે. વળી એ દરેક કરણી સમજપૂર્વક કરવાની કહેલી છે. એમાં આરોગ્યને અગ્રસ્થાન અપાયેલ છે. આજનું વિજ્ઞાન તેમજ પ્રાચીન-અર્વાચીન આરોગ્યશાસ્ત્રી એમાં સાક્ષી પૂરક છે. ક્યાં નિર્ગ્રંથમાર્ગનો ઉમદા અને અતિ અગત્ય ભોગવતો તપ અને ક્યાં શાક્યમુનિએ આચરણમાં મૂકેલ તપ! આચરણમાં મુકાયેલ એ જુગુપ્સિત કરણીને આજના યુગમાં તપ તરીકે ઓળખવામાં પણ શરમ લાગે તેમ છે. તાત્પર્ય એક જ છે અને તે એ જ કે ચાલુ કાળનાં સાધનોનો ઉપયોગ કરી, અભ્યાસ વધારી, વર્તમાન કાળના સાધુવર્ગે શોધખોળમાં લીન બનવાનું છે. માત્ર જૈનોને કિંવા ઉપાશ્રયમાં આવતા મહાનુભાવોને શ્લોકોના અર્થ કિંવા ચરિત્રો સંભળાવી બેસી ન રહેતા જગતના ચોકમાં જે જે જિજ્ઞાસા પ્રગટી છે એનો ક્યાસ કહાડી પૂરી પાડવા કમર કસવાની છે. વિશ્વ આજે જે વસ્તુ માંગે છે એ પ્રભુશ્રી મહાવીર દેવના સિદ્ધાંતમાં ભરી પડી છે. પણ એ બહાર મૂકવાના માર્ગો દેશકાળને અનુરૂપ કરવાના છે. એ પાછળ મંડતાં જ જણાશે કે આપણા ઘરનું કેટલુંયે બીજાના નામે ચઢી જઈ વિશ્વના બજારમાં મૂલ્યવાન તરીકે ખ્યાતિ પામી રહેલ છે.

ज्योतिष्करंडकमें एक संदेहस्थान और उसकी संदेहनिवृत्ति

लेखकः—श्री भा. रं. कुलकर्णी, बी. ए. (संशोधक, राजवाडे संशोधन मंडळ धुलिया.)

ज्योतिष्करंडक ग्रंथमें पद्योंके क्रमांकोंमें दो स्थानों पर स्पष्टतासे दो त्रुटियां पाई जाती हैं। पद्य नं. ५३ के नंतर पद्य नं ५४ के बदले एकदम नं. ५५ आता है। और पद्य नं. २८८ दो बार आया है। इससे सामान्यतः दो प्रकारके अनुमान हो सकते हैं—

एक तो इस ग्रंथके पद्योंको क्रमांक देनेमें किसी लेखकसे भूल हो गई हो। क्योंकि इन दो भूलोंके होते हुए भी ग्रंथकी पद्यसंख्या वास्तवतः एक ही रहती है। और दूसरा अनुमान यह हो सकता है कि इस ग्रंथका नं. ५४का पद्य लुप्त हो गया और २८८ नं. वाले दो पद्योंमेसे एक प्रक्षिप्त होना चाहिये।

इस छोटेसे लेखमें इन दोनों अनुमानोंका ज्योतिष्करंडक ग्रंथके विषयकी दृष्टिसे परीक्षण कर इनमेंसे कौनसा अनुमान करना स्वीकार्य है यह देखनेका प्रयत्न किया जाता है। नं. २८८ वाले दो पद्योंमेंसे यदि कोई भी एक पद्य प्रक्षिप्त साबित हो सका तो लेखकका हस्तदोषका अनुमान करना व्यर्थ होगा। अतएव इन दो पद्योंका प्रथमतः परीक्षण करना आवश्यक है। वे पद्य ये हैं:—

दक्खिणअयणे सूरो पंच विसुवाणि वासुदेवेण ॥
जोएइ उत्तरेण वि आइच्चो आसदेवेण ॥

और:—

लग्गं च दक्खिणायणविसुवेसु अस्स उत्तरं अयणे ॥
लग्गं साई विसुवेसु पंचसु वि दक्खिणं अयणे ॥

पहले पद्यमें पंचवर्षात्मक युगके दस विषुवोंमेंसे दक्षिणायनके पांच विषुव याने शरद्-संपातोंके समयके सूर्यका नक्षत्र वासु–वायुदेवताका या स्वाति और उत्तरायणके पांच विषुव याने वसंतसंपातके समयका सूर्यका नक्षत्र अश्विदेवका याने आश्विनी होता है ऐसा कहा है।

यह पद्य ग्रन्थके प्रतिपाद्य विषयसे संगती रखता है। पद्य नं. २८४ और २८५में पंचवर्षात्मक युगके दस विषुव कौनसे पर्वमें आते हैं उसका विवरण है। पद्य नं. २८६में इन दस विषुवोंकी तिथियां दी गई हैं। और पद्य नं. २८७में इन विषुवोंके दिनके चंद्रके नक्षत्र बताये गये हैं। अब आया २८८ वा पद्य–इसमें सूर्यके नक्षत्र लिखे हैं, यह प्रतिपाद्य विषयका क्रमप्राप्त विस्तार और तर्कसंगत विवेचन है। विषुव दिनोंके पर्व, तिथि, चंद्रनक्षत्र और सूर्यनक्षत्र कहनेमें एक भी विषय प्रक्षिप्त हो नहीं सकता।

अब रहा दूसरा पद्य। इसमें विषुव दिनोंके लग्न बताये गये हैं। आचार्य मलयगिरि-जीकी टीकाके अनुसार उसका अर्थ युगके पांचों भी दक्षिणायन विषुवोंका लग्न आश्विनी और उत्तरायण विषुवोंका लग्न स्वाती होता है ऐसा है।

संभव है किसी वाचकको यह पद्य प्रक्षिप्त ही नहीं तो एक भूलभरा हुआ प्रतीत होवे, क्योंकी इसमें आश्विनी और स्वातीको लग्न कहा है। प्रचलित ज्योतिषकी दृष्टिसे राशियोंको लग्न कहते हैं, न कि नक्षत्रोंको। और पांच वर्षोंके अंदर, छे महिनेके अंतरसे आनेवाले विषुवोंमें पांचों उत्तरायणके विषुवोंका एक ही स्वाती लग्न और वैसे ही दक्षिणायनके विषुवोंका एक ही आश्विनी लग्न होना दिखनेमें असंभव सा माल्रम होता है। किंतु इस विषयका सूक्ष्म अभ्यास करनेसे यह स्पष्ट होता है की इस पद्यका स्थान और विषय भी बिलकुल यथार्थ और योग्य है। जो कुछ भूल हो गई है वह पद्योंको नंबर देनेमें हुई है, अन्यथा नहीं।

प्राग्राशि कालीन लग्नप्रणाली

भारतीय ज्योतिषमें, वेद–वेदांगोंमें राशियां नही मिलतीं; सब गणना नक्षत्रोंके सहारे ही की जाती है। जैन ज्योतिषमें भी सूर्यप्रज्ञप्ति आदि प्राचीन सूत्रग्रन्थ और ज्योतिषकरंडकमें भी राशियोंका पता नहीं है। इन ग्रंथोंमें प्राग्राशि कालीन ज्योतिषकी अवस्थाका चित्रण है। वेदांग ज्योतिषमें भी राशि नहीं होते हुए भी लग्नका संबंध आया है, और वह नक्षत्रसे संबंध रखता है, जैसा कि ज्योतिष्करंडकमें है। केवल ज्योतिष्करंडकसे ही देखा जाय तो लग्न नाम धारण करनेवाले नक्षत्र और उसी दिनके सूर्यके नक्षत्र भिन्न होते हैं। उपर दिये हुए पद्ययुगलमेंसे पहेले पद्यमें दक्षिणायन विषुवका सूर्यनक्षत्र स्वाती और दूसरे पद्यमें दक्षिणायन विषुवका लग्न आश्विनी दिया है। वैसा ही उत्तरायण विषुव(वसंतसंपात दिन)का सूर्यनक्षत्र आश्विनी और लग्न स्वाती बताया है।

ज्योतिष्करंडकमें जो लग्न दिये हैं वे अपने अपने विषुव दिनोंमें सायंकालमें ही पूर्व

क्षितिजपर उदित होते होंगे। यदि ऐसा न होता और सूर्योदयके नक्षत्र और लग्न एक ही होते तो लग्नके स्वतंत्र पद्यकी कोई आवश्यकता न होती।

अब दूसरा प्रश्न यह उपस्थित होता है कि लग्न संज्ञासे विषुव दिनके सायंकालको उदय होनेवाले नक्षत्रको कहना इसको और जगह इसी ग्रंथमें कुछ आधार मिलता है क्या? इसका अस्ति पक्षी उत्तर मिलता है। पद्य नं. २८०में विपुवकाल स्पष्ट किया है।

पन्नरस मुहुत्तदिणो दिवसेण समा यजा हवइ राई ॥
सो होइ विसुवकालो दिगराईणं तु संधिम्मि ॥

इस पद्यसे और पद्य नं. २९० से भी दिवसरात्रीका संधी यह स्पष्ट होता है।

मंडलमस्सत्थंमि य अचक्खुविसयं गयंमि सूरंमि ॥
जो खलु मत्ताकालो सो कालो होइ विसुवस्स ॥

काललोकप्रकाशमें (पत्र ३९०) भी इसका अनुवाद 'प्रदोषकाले' ही विषुवकाल होता है ऐसा किया है। पद्य नं. २९०में इसको 'मत्ताकाल' भी कहा हुआ है। मत्ता—मात्रा याने परिमाण (·Measure)।

कालगणना करनेमें विभागोंका आरंभ और गिनती करनेके लिये उपयोगी ऐसा यह काल पहले समझा गया है इसका यह प्रमाण है।

जो विषय पद्य नं. २८० और २९०में है उसीको स्पष्ट करनेवाला और उसका उदाहरण देनेवाला पद्य नं. २८८ (दूसरा) है। ऐसी वस्तुस्थिति होनेके कारण यह लग्न विषयक पद्य भी प्रक्षिप्त याने पीछेसे घुसेडा हुआ नहीं दिखाई देता।

ज्योतिष्करंडक ग्रंथका प्रयोजन है सूर्यप्रज्ञप्तिको स्पष्ट करना। मूल सूर्यप्रज्ञप्तिमें भी सायंकालको पूर्व क्षितिज पर उदित होनेवाले नक्षत्रोंका एक काल परिमाण 'नेतृनक्षत्राणि'के नामसे आया है। अतः यह विषय भी ज्योतिष्करंडकमें पीछेसे घुसेडा हुआ नहीं है।

ज्योतिष्करंडक ग्रंथ छपाते समय ऐसी जो विसंगतियां हस्तलिखितोंमें मिली थी उनका परीक्षण और अधिक हस्तलिखित प्रतियोंसे तुलना करके फिर मुद्रण किया होता तो मुदित प्रन्थमेंके अवतरण संशोधनकार्यमें लेनेमें अधिक सुविधा प्रतीत होती।

उपर किये हुए विवेचनसे यह निश्चित पता चलाता है कि पासके दो पद्योंको २८८ क्रमांक देना यह केवल नकल करने वाले असावधान लेखककी क्षति है। पहले एक क्रमांक ५४ लिखना रह गया होगा। फिर क्रमांक २८८ दोबार लिखा गया। क्षति तो अवश्य हुई किन्तु आखरी संपूर्ण ग्रन्थकी पद्यसंख्या न बढी न घटी यह समाधान रहा होगा। इस क्षतिसे क्रमांक २८८ धारण करनेवाले दो पद्योंमेंसे कोई भी एक प्रक्षित होनेकी शंका पाठकोंको होना अनिवार्य है, किंतु सूक्ष्म दृष्टिसे वहां प्रक्षेप नहीं है यह स्पष्टतया सिद्ध होता है। (श्रीऋषभदेवजी केशरीमल श्वेतांबर संस्था रतलामका छपा हुआ ग्रन्थ इस लेखमें अभिप्रेत है)

શ્રી શ્રીસારવાચકવિરચિત

શ્રી ફલવર્દ્ધિ પાર્શ્વનાથ સ્તુતિ

સંપાદિકા : શ્રીમતી શાર્લોટે ક્રાઉઝે, ડૉ. ફિલ, ભારતીયસાહિત્યવિશારદા,
ક્યૂરેટર, સિંધિયા ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, ઉજ્જૈન.

(૧) પ્રતો

નીચે પ્રકાશિત, ભક્તિરસભીની શ્રી ફલવર્દ્ધિ પાર્શ્વનાથ સ્તુતિનો ઉલ્લેખ શ્રી. મોહનલાલ દ. દેસાઈકૃત 'જૈન ગુર્જર કવિઓ'માં (ભાગ ૧, પૃ. ૫૩૯, અને ત્રીજો ભાગ, પૃ. ૧૦૩૧), અને તેઓશ્રીએ વિરચિત 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ'માં (પેરા ૮૮૪), તથા શ્રી અગરચંદ તથા ભંવરલાલ નાહટાકૃત '**युगप्रधान जिनचन्द्रसूरि**'માં (પૃ. ૨૦૭) આપવામાં આવ્યો છે. ત્યાં ઉલ્લિખિત પ્રતોને છોડીને આ સ્તુતિની બે અધિક પ્રતો ઉજ્જૈનના **શ્રી સિંધિયા ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટ**માં મલી આવી છે, કે જેઓના આધારપર આ સ્તુતિ નીચે પ્રકાશિત કરવામાં આવે છે. આ બે પ્રતોની વિગત આ છે—

૧. પ્રત 'અ' એટલે નં. ૬૫૭૦ (૧ પત્ર). તેની લહિયાની પ્રશસ્તિ નિમ્નલિખિત છે—

"**इति श्रीफलवर्द्धि पार्श्वजिन छंदबद्ध स्तुति समाप्त ॥ गणि तत्त्वविजय लखितं छय्योआ मध्ये का. व. ४ दिने ।**

પ્રત લખ્યાનો સંવત આપેલો નથી, પણ ઓછામાં ઓછી ૧૫૦ વરસની હોવી જોઈએ. લખવાની શૈલી 'મવાલિયોરી' અને ઊર્ધ્વમાત્રાની છે. તેમાં કેટલીક અશુદ્ધિઓ છે અને અગિયારમા પદ્યનો ઉત્તરાર્ધ મલતો નથી.

૨. પ્રત 'બ' એટલે નં. ૬૫૭૮ (૨ પત્ર). આની લહિઆની પ્રશસ્તિ નિમ્નલિખિત છે—

"**इति श्रीफलवृध पार्श्वनाथजीको छंद संपूर्णः लषितं रिष गंगाराम समत १८६७ वर्षे मतो वैशाख बदी ४ सौमे प्रतापगढ मध्ये**" ।

આ પ્રત પ્રચલિત શૈલિમાં અને 'ઊર્ધ્વમાત્રા'થી લખાએલ છે. અક્ષર સુંદર છે અને શુદ્ધિ આધારભૂતઃ ઠીક છે; માત્ર કોઈ કોઈ સ્થાનમાં લહિયા ઋષિ ગંગારામે, કે જેમના હાથની થોડી ઘણી બીજી પ્રતો પણ સિંધિયા ઓરિએન્ટલ ઇન્સ્ટિટ્યૂટમાં વિદ્યમાન છે, પોતાની ટેવ મુજબ રાજસ્થાની ભાષાના પ્રત્યયો ઘુસાડી દીધા છે.

પ્રસ્તુત સ્તુતિ 'અ'ના આધાર પર છપાવવામાં આવે છે, 'બ'ના વાસ્તવિક પાઠાંતરો નોટોમાં આપેલ છે.

(૨) કવિ

આ બંને પ્રતોને અનુસરીને કવિનું નામ અંતિમ છપ્પયમાં 'રત્નહર્ષ–ગુરુ–શિષ્ય-વર સાર' એમ બતાવવામાં આવે છે, જ્યારે કે પં. સિદ્ધિવિલાસ ગણિ દ્વારા લખેલ પ્રત (જૈ. ગુ. ક. ભાગ ૧) અને 'ના. ભં.'ની પ્રત (જૈ. ગુ. ક. ભાગ ૩) અનુસાર કવિનું નામ '**શ્રીસાર**' છે. કવિના ગુરુનો ઉલ્લેખ માત્ર 'ના. ભં.' ની પ્રતમાં નથી મળતો. બાકી બીજી પ્રતોમાં તે છે. કવિ વાસ્તવમાં શ્રીરત્નહર્ષ વાચકના શિષ્ય સુપ્રસિદ્ધ લેખક શ્રીસાર છે, આમાં કોઈ શંકા નથી. એમના નામનું રૂપ બન્ને મૂલ પ્રતોમાં 'શ્રીસાર'ના બદલે 'સાર' એમ આપેલું છે તેમાં કોઈ વાંધો નથી, કારણ કે આ જ કવિએ રચેલ 'સારબાવની' માં (જૈ. ગુ. ક. ભાગ ૧ પૃ. ૫૩૮) પણ આ જ રૂપ કેટલીક વાર મળી આવે છે.

ગુજરાતી જૈન સાહિત્યના વિશેષજ્ઞ શ્રીદેશાઈજીએ આ કવિની કૃતિઓની સૂચી ઉપરોક્ત સ્થાનોમાં આપી છે, અને આ સૂચીને જૈન સાધુપરંપરાના ઇતિહાસવેત્તા શ્રીનાહટાજીએ કેટલાંક અધિક નામોથી વધારી છે. આ બંને વિદ્વાનોને અનુસાર શ્રીસારની નિમ્નલિખિત કૃતિઓ હમણાં જ્ઞાત છે.

(१) गुणस्थानक्रमारोह बालावबोध (सं. १६७८)[1]
(१) जिनराजसूरिरास (सं. १६८१)[2]
(३) सतरहभेदीपूजागर्भित शान्तिस्तवन (सं. १६८२)
(४) पार्श्वनाथ रास (सं. १६८३)
(५) आनंद श्रावक संधि (सं. १६८४)[3]
(६) मोती-कपासीया संबंध संवाद (सं. १६८९)
(७) सार-बावनी (सं. १६८९)
(८) वासुपूज्य स्तवन (सं. १७०२)
(९) जयविजय चौ.
(१०) कृष्ण रुक्मिणी वेलि बालावबोध
(११) लोकनालगर्भित चंद्रप्रभ स्तवन
(१२) उपदेश सत्तरी
(१३) दशश्रावक गीत
(१४) फलवर्द्धि पार्श्वनाथ स्तुति
(१५) गौतमपृच्छा स्तवन
(१६) जिनप्रतिमा स्थापन स्तवन
(१७) आदिनाथ स्तवन

શ્રી નાહટાજીના કથનાનુસાર આ કવિ દ્વારા વિરચિત બીજાં સ્તવનો આદિ પણ છે.

શ્રી દેશાઈજીએ પ્રકાશિત શ્રીસારની કૃતિઓની પ્રશસ્તિઓથી વિદિત થાય છે કે આ કવિની સાધુપરંપરા ખરતરગચ્છની ખેમશાખામાં અંતર્ગત છે, કે જે દાદા શ્રી જિન-કુશલસૂરિના પ્ર-પ્રશિષ્ય, આબાલગોપાલમાં પ્રસિદ્ધ ગૌતમરાસના કર્તા શ્રી વિજય-

---

૧ આ સંબંધી શ્રીવેલણકરકૃત 'जिनरत्नकोश' (પુણ્યા ૧૯૪૪)માં અને 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' (પેરા ૮૯૧)મા પણ ઉલ્લેખો છે.

૨ શ્રી નાહટાજી દ્વારા સંપાદિત ऐतिहासिक जैन काव्य संग्रह, कलकत्ता વિ. સં. ૧૯૯૪, પૃ. ૧૫૦–૧૭૧.

૩. આ કૃતિ શ્રી સિંધિયા ઓરિએંટલ ઇન્સ્ટિટ્યૂટની નિમ્નલિખિત પ્રતોમાં પણ છે—નં. ૯૩૫ (૧૩ પત્ર, લખવાનો સમય સં. ૧૭૩૯ પૂર્ણ); નં. ૫૧૬૮ (૭ પત્ર, ખંડિત); નં. ૭૦૮૬ (બીજી કવિતાઓ સાથે, પત્ર ૧૨–૨૫, પૂર્ણ); અને નં. ૭૨૧૧ (બીજી કવિતાઓ સાથે, પત્ર ૨૫૩–૨૭૦, પૂર્ણ, લહિયા-પ્રશસ્તિ નિમ્નલિખિત– "संवत् १७१८ वर्षे सावण वदि ११ दिने : शिनवारे। श्रीकार्त्तिरतनसूरिशाखायां। श्री पं. श्रीचंद्रकीर्त्तिगणि तत् शिष्य वा. श्री सुमतिरंगगणिनां शिष्य सुखलाभ-जयकुसल-सकलवर्द्धन-समयनंदन पं. अचलवर्द्धन लिखतं। श्रीमज्जेसलमेरनगरे। संघवी उतमचंद पठनार्थे॥ श्रीरस्तु॥")

प्रभसूरिना प्रशिष्य अने श्री विजयतिलकसूरिना शिष्य श्री क्षेत्रकीर्त्ति वाचकथी चाली आवी छे. ते ज खेमशाखामां श्री सहजकीर्त्तिकृत 'शत्रुंजयमाहात्म्य रास' (जै. गु. क. भाग १, पृ. ५२५) अनुसार श्री रत्नसार थया, जेमना शिष्य श्री रत्नहर्ष वाचक हता. आ रत्नहर्ष वाचकना त्रण शिष्यो हता, अर्थात् (१) श्री हेमनंदन के जेओ सं. १६८१ थी १६८८ ना दरम्यान रचाएल कृतिओ द्वारा प्रसिद्ध श्री सहजकीर्त्तिना[४] गुरु हता, (२) श्री हेमकीर्त्ति अने (३) प्रस्तुत कवि श्री श्रीसार.

कवि श्रीसारनी साहित्यप्रवृत्तिना समयनो पहेलो भाग खरतरगच्छनी मुख्य शाखाना बीजा जिनराजसूरिना गच्छपति-जमानामां (सं. १६७४-१६९९) समायेल छे, के जे खरतर गच्छना ११ गच्छभेदोमांना त्रण भेदोथी अंकित छे. आ त्रण भेदो थया पहेलां, अर्थात् आठमो भेद थतां सं. १६८६ मां श्री जिनसागरसूरिनी शाखा, तथा नवमा अने दसमा भेद सं. १७०० मां थतां श्री रंगविजयनी अने श्रीसारीय शाखा निकळ्या पहेलां, सं. १६८१ मां श्रीसारे आ जिनराजसूरिनो रास रच्यो छे, के जेमां तेओ वारंवार श्रीजिनराजसूरिने अने तेमना भविष्यना प्रतिस्पर्द्धी *श्री जिनसागरसूरिने बन्नेनेय "गुरु" तरीके संबोधित करे छे (जुओ श्री नाहटाजी द्वारा संपादित आ रास पृ १६९-१७१, पद्य ८, १०, १२, १४ अने ढाल ११, पद्य १, १०), अने पोतानी जातने श्री जिनराजसूरिना 'सेवक' तरीके ओळखावे छे (पृ. १७०, ढाल ११, पद्य ३.)

आ जिनराजसूरि (भूतपूर्व मुनि राजसमुद्र) पोतानी साहित्यप्रवृत्ति अने प्रतिष्ठालेखो अनुसार एक महान् व्यक्ति हता. खरतरगच्छनी मुख्य शाखा आगळ चलावनार एमना पट्टधर श्री जिनरत्नसूरि ओछी प्रसिद्धिमां आव्या छे, ज्यारे के आ जिनरत्नसूरिनी प्रतिस्पर्द्धामां एक नवीन शाखा स्थापित करनार श्री जिनरंगसूरि[५] (भूतपूर्व श्री रंगविजय) महाप्रभावशाली अने युगप्रधाननी पदवीथी विभूषित हता. एमनी केटलीक साहित्यिक रचनाओ पण विद्यमान छे.[६] आ बन्ने गच्छनायकोने नहीं माननार अने श्री जिनराजसूरिना स्वर्गवास पछी ज सं. १७०० मां उत्पन्न थयेली रंगविजय-शाखामांथी ज आ ज संवतमां बन्ने विद्यमान शाखाओनी प्रतिस्पर्द्धारूप पोतानी निजी श्रीसारीय शाखा उत्पन्न करनार श्रीसारोपाध्याय कोण हता अने एमनो करेलो आ गच्छभेद शा कारणथी थयो ते संबंधी हस्तगत साहित्यमां हजु सुधी कोई उल्लेख उपलब्ध थयो नथी. मात्र आटलुं ज विदित छे के आ श्रीसार 'उपाध्याय' पदवीथी विभूषित अने जिनराजसूरि शिष्य श्री जिनरंगसूरिना समुदायना हता.

हवे प्रस्तुत कवि श्रीसार के जेमनी रचाएली स्तुति नीचे प्रकाशित करवामां आवे छे तेओ पण वाचक, अर्थात् उपाध्याय हता, अने तेओ पण श्रीजिनराजसूरि अने

४. जुओ जै. गु. क. भाग १ पृ. ५२५-५२६; जै. सा. सं. इ. पेरा ८८४, अने ऐ. जै. का. सं. पृ. १७४-१७६.

५. जुओ नाहटा, ऐ. जै. का. सं. भूमिका, पृ. ९१.

६. जुओ जै. गु. क. भा. २. पृ. २७३ अने भा. ३, पृ. १२७७.

એમના સમુદાય સાથે ઘણો સંબંધ રાખતા હતા. અર્થાત્ યદ્યપિ આ કવિ શ્રીસાર એક શાખાના હતા, તથાપિ આ વાત બનવા જોગ છે કે તેઓ અને ગચ્છભેદ કરનાર શ્રીસાર આ બન્નેનો એક જ વ્યક્તિમાં સમાવેશ થાય. નહીં તો આ અપ્રચલિત નામની બે ભિન્ન વ્યક્તિઓનું એક જ સમુદાયમાં સમકાલીન અસ્તિત્વ માનવું પડશે. જે ઇતિહાસજ્ઞ વિદ્વાનોને રાજપુતાના અને ગુજરાતના જૈન ભંડારોની અપૂર્વ સાહિત્ય–સમૃદ્ધિ સુલભ છે તેઓમાંના કોઈ એક મહાશય આ પ્રશ્ન ઉપર ઠીક પ્રકાશ પાડે તો સારું થાય.

श्रीफलवर्द्धि–पार्श्वनाथ स्तुति ।

दूहा ॥

परता पूरण परगडउ   अरिगंजन अरिहंत ।
साचउ साहिब तु सही   भयभंजन भगवंत ॥ १ ॥
वामा–नन्दण वंदीयइ   दउलतिनउ दातार ।
किडीथी कुंजर करइ   सेवकनइ साधार ॥ २ ॥
श्रीफलवर्द्धिपुर धणी   एकल्लमल्ल अबीह ।
भावठि भयगज भंजिवा   तुं सादूलउं सीह ॥ ३ ॥
पाय कमल तुज प्रणमतां   अधिक वधइ आणंद ।
दादउ मोटो देवता   वंदइ सुरनर वृंद ॥ ४ ॥

॥ छंद मोतीदाम ॥

कितुं तुझ वंदइ नरना वृंदं, कितुं तुझ सेवा सारइ इंदं ।
कितुं तुं दूरि गमावइ दंद, कितुं तुं अधिकउ थइ आणंद ॥ ५ ॥
कितुं तुझ देह अपुत्या पूत, कितुं तुं साधइ सघला सूत ।
कितुं तुं आणइ महीयल मेह, कितुं तुं नवल वधारइ नेह ॥ ६ ॥
कितुं तुं दूरि हरइ दालिद्र, कितुं तुं रोग गमावइ रद्द ।
कितुं तुं परता पूरणहार, कितुं तुं अडवडिआं आधार ॥ ७ ॥
कितुं तुं भाजइ भावठि भूष, कितुं तुं टालइ सघला दूष ।
कितुं तुं वांबां वधइं विवेक, कितुं तुं पूरइ आस अनेक ॥ ८ ॥
कितुं तुझ नमतां नव निधि होई, कितुं तुझ आस करइ सहू कोई ।
कितुं तुं कुशल करइं कल्याण, कितुं तुं दोलति थइ दिवाण ॥ ९ ॥
कितुं तुझ मेरु सम उभल मन, कितुं तुझ लोक कहइं धन धन ।
कितुं तुं वारिद जेम वरन, कितुं तुं आपइ परघल अन ॥ १० ॥

---

(૧) 'दुहा' માત્ર 'બ'માં; 'બ' पूरण प्रणमीये. (૨) 'અ' वंदी दी०; दाता. (૩) 'બ' भावठ गय भं०. (૫) ત્રીજું અને ચોથું ચરણ 'બ'માં ઉલટું છે. (૬) 'અ' तु महीयल आण मेह. (૮) 'બ' ત્રીજું અને ચોથું ચરણ ઉલટું; तुं विध्या धरे विवेक. (૧૦) 'બ' वारधी.

कितुं तुं रांकाने करइ राओ, कितुं तुं सेव्या द्यइ सिरपाओ ।
कितुं तुं जोडइ भोम संजोग, कितुं तुं सरव गमावइ रोग ॥ ११ ॥
कितुं तुं समर्यो करइ सुगाल, कितुं तुं पिसुण करइ पइमाल ।
कितुं तुं चिंता करइ चकचूर, कितुं तुं विघन विडारइ दूर ॥ १२ ॥
कितुं तुं आपइ अविचल वाण, कितुं तुं आच्छा ए अहिनाण ।
कितुं तुं सघलइ हो सिरदार, कितुं तुझ कोइ न लोपइ कार ॥ १३ ॥
कितुं तुं सोहइ मोटो साध, कितुं तुं आगम गुणइ आगाध ।
कितुं तुं संसो भाजइ सर्व, कितुं तुं गालइ दुसमण गर्व ॥ १४ ॥
कितुं तुं अनंत अनंत अनंत, भलइं मइं मेट्यउ श्रीभगवंत ।
सदा एक तोरउ साचउ साथ, जयउ परमेसर **पारसनाथ** ॥ १५ ॥
अलष, अलष, अलष, अलष, सदा तुं सेवकनइं परतष ।
अधिक अधिक दीयइ आणंद, जयउ श्री**फलवर्द्धि पास** जिणंद ॥ १६ ॥
अपार, अपार, अपार, अपार, अनाथ नरांनइ तुं आधार ।
अगम, अगम, अगम, अगम, धरुं एक साचउ तुझ धरम ॥ १७ ॥
बहु जिण अटवि माहे बीह, सदा जिहां विचरइ सबला सीह ।
तिहां तुं सेवक नइ निसनारि, कृपा करि मेलइं पेल्हइ पारि ॥ १८ ॥
जिहां जिहां समरइ सेवक जेह, तिहां तिहां इच्छा पूरइ तेह ।
कहुं इम केता तुझ बिरद, मोटउ तुं **पारसनाथ** मरद ॥ १९ ॥
इला तुं एकल्ल मल्ल अबीह, न लोपइ कोइ तोरी लीह ।
माया हिव मासुं करि माहाराज, परतोष इच्छा पूरो आज ॥ २० ॥

ऊलालो ॥

इच्छा पूरउ आज सुपरसन, सेवकां संभारो,
जिणवर **पास जिणंद**, सदा हूं सेवक ताहरो ।
कल्पवृक्ष थीं अधिक, कृपा मो उपरि कीजइ,
श्री **आससेन** सुतनय, घणी मुझ दउलति दीजइ ।
श्री **रतनहरष गुरु शिसवर**, **सार** सुजस इस उचरइ,
फलवर्द्धि राय मोटो धणी, सेवकनइं सानिध करइ ॥ २१ ॥

ઉજ્જૈન તા. ૮-૧-૧૯૪૬.

---

(૧૧) 'અ'માં ત્રીજું અને ચોથું ચરણ નથી. (૧૩) અને (૧૪) ચરણોનો ક્રમ બદલી ગયો. (૧૬) 'અ'માં ત્રણ વાર अलष; 'બ' दीयइ બે વાર. (૧૭) 'અ'માં अपार અને अगम માત્ર ૩ વાર. (૧૭) 'બ' तारो धरम. (૧૮) 'બ' अबीह; 'બ' करपा; पेले पार. (૧૯) 'અ' कहुं इम; मोटउपन पासनाथ. (૨૦) 'અ' मह्य. (૨૧) 'અ' सुपरि सेवका साधारउ; 'બ' सुभारो; 'બ' थांरो, 'અ' सुतन, 'બ' सुतन; 'બ' सुसेवकने.

નડિયાદના એક જિનમંદિરની પ્રતિમાઓના લેખ

સંગ્રાહક—વૈદ્ય ચીમનલાલ લલ્લુભાઈ ઝવેરી, મહુધા

(ગતાંકથી પૂર્ણ)

શિલાલેખોમાં સમાયેલાં તત્ત્વો અને તેની ઐતિહાસિક ઉપયોગિતા

જગતના વ્યવહારમા રાજ્ય જેમ મહત્ત્વની વસ્તુ છે તેવી જ રીતે ધર્મ એ માનવ સમાજની ઇહ–પારલૌકિક આત્મોન્નતિનું સાધન છે. અતએવ રાજયવ્યવસ્થા માટે જેમ ભિન્ન ભિન્ન અધિકારીઓ નિયત થએલા છે તેવી જ રીતે ધર્મને માટે ધર્માધ્યક્ષો નિમાએલા છે. ધર્માધ્યક્ષો અને ધર્મભક્તોનો સપ્રમાણ ઇતિહાસ પ્રાપ્ત કરવામાં આવા લેખો બહુ ઉપયોગી છે. આ લેખોમાં નીચેનાં તત્ત્વો સમાએલાં છે—

૧ મૂર્તિ કરાવનાર અને તેના પ્રતિષ્ઠાતાનો સંક્ષિપ્ત પરિચય.

૨ વર્ષ, માસ, પક્ષ, તિથિ અને વાર.

૩ રહેવાનું સ્થાન (કરાવનારનું).

૪ કરાવનારની જ્ઞાતિ, વંશ અને કરાવવાનો હેતુ.

૫ પ્રતિષ્ઠાતા ધર્માધ્યક્ષનો મત અથવા ગચ્છ.

૬ પ્રતિષ્ઠાતાની વંશપરંપરા (પેઢીનામું.)

આ લેખોમાં સર્વથા પ્રાચીન લેખ મૂલ ગર્ભાગારમાં પાર્શ્વપ્રભુની ગાદી નીચેનો છે. તેમાં જણાવ્યા મુજબ વિક્રમ સંવત ૧૨૩૮ના વૈશાખ સુદ ૧૧ ગુરુવારે નાગેંદ્ર ગચ્છમાં સિદ્ધસેનસૂરિની પરંપરામાં થએલા સંતાનોના ભક્ત પારેખ ચાહડની સ્ત્રી સુલક્ષણાએ મૂર્તિ કરાવી. જો કે એમાં કરાવનારની જ્ઞાતિ, વંશ કે ગામનો પરિચય આપેલો નથી એટલે તે વિષે કાંઈ આપણાથી વધારે વિચાર થઈ શકે તેવો નથી. પરન્તુ નાગેંદ્રગચ્છ અને સિદ્ધસેનસૂરિ વિષે વિચાર થઈ શકે તેવું છે. નાગેંદ્ર એ નામનું કુલ વજ્રસેનસૂરિના ચાર શિષ્યોથી સ્થપાયાનું કલ્પસૂત્રની સ્થવીરાવલી અને ભિન્ન ભિન્ન પટ્ટાવલીઓ કહે છે. પરંતુ નાગેંદ્ર ગચ્છ એ નામ આપવામાં આવ્યું નથી. પણ સંભવિત છે કે નાગેંદ્ર કુલ બહુ વિસ્તૃત ન થયું હોય અને પાછળથી તેને કુલ તરીકે ન ઓળખાવતાં ગચ્છ તરીકે ઓળખાવવા માંડયું હોય એમ સમજાય છે. આ ગચ્છોત્પત્તિના નિમિત્તરૂપ તે ગચ્છના કોઈ આચાર્યશ્રીએ નાગેંદ્ર (ધરણેન્દ્ર)ની આરાધના કરી હોય ને તેથી તેમનો ગચ્છ નાગેંદ્ર નામે પ્રસિદ્ધિમાં નોંધાયો હોય તો બનવા જોગ છે. આ નામ સાથે નાગદ્રહ નામે ગામ અને નાગર નામે વણિગ્જાતિ ખાસ સંબંધ ધરાવતી હોવાનું સંભવે છે, પરન્તુ તેવા સ્પષ્ટ પ્રમાણનું અન્વેષણ ખાસ આવશ્યક છે.

સિદ્ધસેનસૂરિ—એ નામ મહારાજા વિક્રમાર્કના ગુરુના નામ સાથે મલતું આવે છે, કે જેઓએ સન્મતિતર્ક પ્રકરણ નામે ન્યાયનો મહાન ગ્રંથ લખ્યો છે. આ મહાન આચાર્યનો જ આ લેખમાં નિર્દેશ કરવામાં આવ્યો છે કે એ નામના બીજા આચાર્યનો નિર્દેશ છે એ બાબતનો નિશ્ચય કરવાનું આપણને અન્ય સાધન જ્યાંસુધી અપ્રાપ્ય છે, ત્યાં સુધી નિર્ણીત કરવું અસંભવ છે, પરન્તુ સદરહુ પૂજ્ય સૂરિવર વિક્રમની તેરમી સદી પહેલાં થએલા છે એમ તો આ લેખ જ સાબિતી આપે છે. આ ગચ્છના ઉપલબ્ધ થએલા લેખોમાં પૂરણચંદ નાહર સંગ્રહીત અને પ્રકાશિત જૈન લેખ સંગ્રહમાં સં. ૧૪૪૬ થી સં. ૧૫૭૨ સુધીમાં ક્રમશઃ રત્નપ્રભસૂરિ (૧), સિંહદત્તસૂરિ (૨), વિનયપ્રભસૂરિ (૩), ગુણદેવ-

સૂરિ (૪), સોમરત્નસૂરિ (૫), ગુણવર્ધનસૂરિ (૬) નાં નામો ઉપલબ્ધ થાય છે. હાલ તો આ ગચ્છના આટલા જ ચોક્કસ પરિચયથી આપણે સંતોષ માનવાનો છે.

નં. ૧૭ નો લેખ ચૈત્યના મેડા ઉપરના મેરૂપર્વતસ્થ ચતુર્મુખ મૂર્તિની છત્રી ઉપર ચારે બાજુ ફરતી એક જ લાઈનમાં લખેલો છે. આ મૂર્તિ સ્થિર કરેલ હોવાથી પાછળની લાઈન અને દક્ષિણ બાજુની લાઈન વાંચી શકાતી નથી. પણ આ લેખ, ઉપરના લેખ પછી, બીજા નંબરે આવે તેવો છે. આ લેખ અપૂર્ણ હોવાથી તેનું વર્ષ અને કરાવનારની જ્ઞાતિ કે નામ મળ્યું નથી, પરંતુ પ્રતિષ્ઠાતાનો ગચ્છ અને ગુરુશિષ્યનું નામ ઉપલબ્ધ થાય છે. રુદ્રપલ્લીય ગચ્છનો પરિચય આપણને ખરતર ગચ્છની પટ્ટાવલીમાંથી પ્રાપ્ત થાય તેવું છે, કેમકે આ ગચ્છ ખરતરગચ્છની સૌથી પ્રથમ શાખા છે. આ ગચ્છના દેવપ્રભાચાર્યના પટ્ટધર **કમલપ્રભસૂરિએ જિનપંજરસ્તોત્ર** બનાવેલું સુપ્રસિદ્ધ છે. આ ગચ્છમાં સંવત્ ૧૪૫૪થી સંવત્ ૧૬૮૫ સુધીમાં અનુક્રમે ૧. દેવસુંદરસૂરિ, ૨. સોમસુંદરસૂરિ, ૩ ગુણસુંદરસૂરિ, ૪. ભાવતિલકસૂરિ એ ક્રમથી આચાર્યપરંપરા જોવામાં આવે છે.

નં. ૩ ના લેખમાં સં. ૧૪૭૫માં આગમપક્ષના અમરસિંહસૂરિએ શ્રીમાલ જ્ઞાતિના શેઠ દેવડની સ્ત્રી દેવલદેવીના પુત્ર ચાંપાએ કરાવેલી મૂર્તિના પ્રતિષ્ઠા કરી છે. આ આગમ-પક્ષને પાછળથી ગચ્છ શબ્દ લગાડવામાં આવ્યો છે. નાહર સંગ્રહીત જૈન લેખ સંગ્રહમાં સં. ૧૪૩૮ થી સં. ૧૫૭૫ સુધીમાં ક્રમશ: જયતિલકસૂરિ (૧), હેમરત્નસૂરિ (૨), શીલ-રત્નસૂરિ (૩), જિનરત્નસૂરિ (૪), પાદપ્રભસૂરિ (૫), દેવરત્નસૂરિ (૬), સોમરત્નસૂરિ (૭), આનંદરત્નસૂરિ (૮), નોંધાએલા છે. આપણા લેખમાં બતાવેલા અમરસિંહસૂરિ તે જયતિલક-સૂરિની પાછળના પટ્ટધર હતા. આ આચાર્યની સર્વમાન્ય તરીકે પાઠ્યમાં ભણાતી કૃતિ **અમરકોશ** જેને જૈનેતરો બૌદ્ધ માને છે તે આ જ જૈનાચાર્યની કૃતિ છે. છતાં તેના વિશિષ્ટ પ્રમાણ માટે પ્રાચીન ભંડારોનાં પુસ્તકોની પુષ્પિકાઓ અન્વેષણીય છે.

નંબર ત્રીજાના લેખમાં સં. ૧૪૭૫માં મારૂતજ્ઞાતિની શ્રાવિકા ટબકુના બાઈના છોકરા મહેતા બૂટાએ પોતાના કલ્યાણ માટે મૂર્તિ કરાવી. મારૂત જ્ઞાતિ શબ્દના બે અર્થો થઈ શકે છે. મરૂત એટલે પવન–વાયુ એ અર્થ વિચારી જોતાં આ કરાવનાર વાયડા જ્ઞાતિના હોવા સંભવે છે. બીજો અર્થ ગુજરાતમાં મારૂ નામે વિદેશથી આવી વસેલા જૈનોની વસ્તી હાલમાં છે, પરંતુ તેઓ મારૂ કહેવાવા છતાં જ્ઞાતે શ્રીમાલીઓ છે. જ્યારે આ લેખમાં તો તેને સીધી મારૂત જ્ઞાતિ બતાવવામાં આવી છે. સોવશા તો એનો અર્થ આપણે વાયડા જ્ઞાતિ ધારવી વધારે ઉચિત જણાય છે. મૂર્તિના પ્રતિષ્ઠાતા આચાર્યશ્રીનું નામ સ્પષ્ટ નથી, તેમ તેમનો ગચ્છ પણ જણાતો નથી અતએવ એ વિષે કશો ચોક્કસ નિર્દેશ કરી શકાય નહીં.

નં. ૪–૫ વાળા લેખોની મૂર્તિઓના પ્રતિષ્ઠાતા તપાગચ્છના શ્રીમાન્ રત્નશેખરસૂરિ છે. તેઓએ સંસ્કૃત પ્રાકૃત સાહિત્યના પોષણમાં અને જૈન કોમમાં ધાર્મિક શિક્ષા ફેલાવ-નારા ગ્રંથોનું નિર્માણ કરવામાં અગ્રસ્થાને ભાગ લીધો છે. **શ્રાદ્ધવિધિ** નામે ગ્રંથ તેમની સુપ્રસિદ્ધ કૃતિ છે. સંવત્ ૧૫૦૬ ના વૈશાખ સુદિ છઠે શ્રીમાલ જ્ઞાતિના શા. દેવરાજે કુટુંબના શ્રેય માટે મૂર્તિ કરાવી, તેમજ સં. ૧૫૦૮ ના વૈ સુ. પાંચમે નડિયાદના રહેવાસી વાયડા જ્ઞાતિના દોસી જાહાએ પોતાના કલ્યાણ માટે મૂર્તિ કરાવી-એ ઉપરથી આ જ્ઞાતિ, ધર્મની સાંપ્રદાયિક માન્યતાઓમાં તપાગચ્છની પણ ઉપાસક હતી એ સપ્રમાણ છે.

નં. ૬–૭–૧૧–૧૨ આ ચારે લેખોવાળી મૂર્તિઓની પ્રતિષ્ઠા બૃહત્તપાગચ્છના આચાર્ય રત્નસિંહસૂરિ, જિનરત્નસૂરિ અને લબ્ધિસાગરસૂરિએ અનુક્રમે સં. ૧૫૦૯, સં. ૧૫૧૫, સં. ૧૫૫૯, સં. ૧૫૬૧માં કરી છે. બૃહત્તપાગચ્છની સ્થાપના **સુપ્રસિદ્ધ વ્યાઘ્રપલ્લીયવંશના રાણા વીરધવલના મંત્રી વસ્તુપાલ** તેમજ **સેનાપતિ તેજપાલ**ના સમયમાં **ખંભાતમાં** જ થએલી છે. આ લેખ સંક્ષિપ્ત પરિચય કરાવનાર હોવાથી અહીં તેની સઘળી બીના રજુ કરવી અસ્થાને છે. અતએવ વિશેષ જાણવાની ઇચ્છાવાળાએ **તપાગચ્છ પટ્ટાવલિ** જોવી આ ગચ્છના આચાર્યશ્રીઓએ પણ ધર્મપ્રચાર અને ધર્મપ્રભાવનાના તેમજ સેવાના કામમાં ઘણો સારો ભાગ લીધો છે. અને તેમના શિષ્યશિષ્યાના સમુદાયે પણ સંસ્કૃત ગુર્જર સાહિત્યસેવામાં ઓછો ભાગ લીધો નથી, પરંતુ તે સંબંધી વિસ્તૃત વર્ણન બીજા પ્રસંગે રજુ કરીશું. સદરહુ લેખોમાં સં. ૧૫૦૯ના જેઠ વદિ ૯ ગુરુવારે ઓસવાલ જ્ઞાતિના મહેતા કુંરસીની પુત્રી ગદાએ પોતાનાં માતાપિતાના કલ્યાણ માટે મૂર્તિ કરાવી, તે ઘસાવાથી કે જૂની થવાથી તેમના જ વંશમાં થએલી શાહ જાંબાની સ્ત્રી કમલાદેવીએ સં. ૧૫૯૩ના ફા. સુ. ૬ને શનિવારે વ્યવસ્થિત કરાવી ફરી પ્રતિષ્ઠિત કરાવી પૂજામા લીધી. તેમજ સં. ૧૫૧૫ના ફા. સુ. ૯ રવિવારે શ્રીમાલ જ્ઞાતિના દોસી જમાની પુત્રી જટકૂ, જે દેવસીની સ્ત્રી થતી હતી તેણે પોતાના કલ્યાણ માટે મૂર્તિ કરાવી. વળી સં. ૧૫૫૯માં માહ વદિ ૪ ને સોમવારે **ઠયાપલ્લિ**ના રહેવાસી શ્રીમાલ જ્ઞાતિના શેઠ દેવદત્ત અને અદાએ પોતાની માતાના કલ્યાણ માટે મૂર્તિ કરાવી. આ લેખમાં જણાવેલી **ઠયાપલ્લિ** વિષે સમયપરિવર્તને નામાંતર થવાથી કાંઈ પણ ચોકક્સ નિર્ણય ધારી શકાતો નથી, સંવત્ ૧૫૬૧ ના ફા. સુ. ૧૧ને શુક્રવારે શ્રીમાલી જ્ઞાતિના શાહ વસ્તાએ પોતાના કલ્યાણ માટે મૂર્તિ કરાવી.

નંબર ૮–૯ વાળા લેખોવાળી મૂર્તિઓની પ્રતિષ્ઠા તપાગચ્છના સુપ્રસિદ્ધ આચાર્ય લક્ષ્મીસાગરસૂરિએ સં. ૧૫૨૨ અને સં. ૧૫૨૩ માં કરી છે. આ બન્ને મૂર્તિઓ ખેડા જિલ્લાનાં બે જુદા જુદાં ગામના રહેવાસીઓએ કરાવી છે. આ આચાર્યશ્રીના વખતમાં મહેમદાવાદ તાલુકાનું સુંઝગામ ઘણુ સમૃદ્ધ હતું કે જ્યાંથી ઓગણીસમી સદીમાં માતરના સાચાદેવ સુમતિનાથની મૂર્તિ નીકળી હતી. એના વિસ્તૃત વર્ણન માટે જુઓ અમારો કરેલો **સુમતિનાથ સત્યદેવ પ્રબંધ**. સુંઝગામમાં પોરવાડ જ્ઞાતિના શેઠ નાભાએ પોતાના કલ્યાણ માટે મૂર્તિક કરાવી. અને સં. ૧૫૨૩ વૈ. વ. ૪ ગુરુવારે આણંદની રહેવાસી પોરવાડ શેઠાણી ડાડીએ પોતાના પતિના કલ્યાણ માટે મૂર્તિ કરાવી. તે વખતે સુધાનંદનસૂરિ અને રત્નમંડનસૂરિ ગચ્છાચાર્ય પાસે હાજર હતા. ગચ્છનાયક લક્ષ્મીસાગરસૂરિની અને તત્સમયના તેમજ તેમના હાથ નીચેના આચાર્ય ઉપાધ્યાય પંડિત વગેરેની ચોક્કસ માહિતી જોવા ઇચ્છનારે **ગુરુગુણરત્નાકર** કાવ્ય જોવું.

નંબર ૧૦ નો લેખ સંવત્ ૧૫૨૮ ના ચૈત્ર વદિ ૧૦ ગુરુવારે શ્રી શ્રીવંશના સોની માંડણે ભોકરાની વહુ જસમાદેવીના પુણ્યને માટે સુમતિનાથની મૂર્તિ કરાવી તેનો છે. આ લેખમાં બતાવેલો **શ્રીશ્રીવંશ** તે પ્રાચીન **લિચ્છવી ઉર્ફે હૈહયવંશ** સાથે સંબંધ ધરાવે છે. આ વંશ ભગવાન મહાવીર દેવના વખતમાં બલવાન તરીકે પંકાતો હતો અને તેનું પાછ-

નગર–વૈશાલી હતું બિહાર હતું, તેમજ તેમની જાતિનાં બીજાં નવ નાનાં રાજ્યો કોશલ-દેશ ઉપર રાજ્ય કરતાં હતાં ને તેઓ સઘળાં વૈશાલીના ખંડીઆં રાજ્યો હતાં. મગધના શિશુનાગવંશે વૈશાલીનું રાજ્ય જીતી લીધું તે સમયે દેશ છોડી આ દેશમાં આવી વસેલાઓ પોતાને શ્રીશ્રીવંશના નામે ઓળખાવે છે. સોની માંડણે કરાવેલી મૂર્તિની પ્રતિષ્ઠા અંચલગચ્છના જયકેસરીસૂરિએ કરી. આ ગચ્છનું વાસ્તવિક નામ વિધિપક્ષ હતું અને તે ગુજરાતના રાજા જયસિંહ દેવના વખતમાં થયો હતો. એ પક્ષની સ્થાપના કરનાર આચાર્યશ્રીએ પોતે કઈ કઈ બાબતમાં તેઓનો મતભેદ છે તેનું સ્પષ્ટીકરણ કરવા સપ્તપદી નામે પુસ્તક લખ્યું છે. આ ગચ્છના અનુયાયિઓ કચ્છ કંઠી–માંખવટ અને અબડાસામાં વિશેષ વસે છે. આ પક્ષનું પાછળથી નામ અંચલગચ્છ પડયું છે, કારણ કે ધર્મક્રિયામાં ગૃહસ્થો બેસના છેડાનો ઉપયોગ કર છે. આ ગચ્છમાં ઘણા સારા સારા વિદ્વાન આચાર્યો થયા છે ને તેમણે સંસ્કૃત ગૂર્જર સાહિત્યની સારી સેવા બજાવી છે.

નંબર ૧૩ ના લેખમાં સં. ૧૫૬૧ ના વૈશાખ વદિ ૫ શુક્રવારે નડિયાદના રહેવાસી શ્રીમાલી જ્ઞાતિના શેઠ કાહાનાએ છોકરાની વહુ લાખાર્બાનો કલ્યાણ માટે ચતુર્મુખ મૂર્તિ કરાવી. તેની તપાગચ્છના નાયક હેમવિમલસૂરિએ પ્રતિષ્ઠા કરી. હેમવિમલસૂરિ ઉત્તમ વૈરાગ્યવાન પુરુષ હતા ને તેમણે ધર્મ માટે સારો પ્રયત્ન આદર્યો હતો કે જેથી વૈરાગ્યવાન પક્ષ બલવાન થયો.

નંબર ૧૫ નો લેખ તેઓના અનુયાયી આચાર્ય આનંદવિમલસૂરિ પ્રતિષ્ઠિત છે. આ જ આચાર્યશ્રીએ, સોમપ્રભાચાર્યે સાધુઓને સૌરાષ્ટ્ર વિહારની કરેલી મનાઈ રદ કરી, કાહાના ઋષિ અને વિદ્યાસાગર ઉપાધ્યાય વગેરેને કાઠિયાવાડ તથા મારવાડમાં મોકલી અધર્મનો પ્રચાર અટકાવ્યો. એ જ આચાર્યશ્રીએ શ્રીમાલીજ્ઞાતિની કમલાદેવીએ કરાવેલી પાર્શ્વનાથમૂર્તિની પ્રતિષ્ઠા કરી. તપાગચ્છના આચાર્યવર્યોની વિસ્તૃત વિગત મુનિસુંદર-સૂરિની ગુર્વાવલીમાં તથા ધર્મસાગરજીની તપગચ્છ પટ્ટાવલીમાં તથા તે સિવાય બીજી નાની મોટી પ્રસિદ્ધ અપ્રસિદ્ધ પટ્ટાવલીઓમાં આપેલી છે તે ત્યાંથી જોઈ લેવી.

નંબર ૧૬ નો લેખ સં. ૧૫૯૮ના વૈ. સુ. ૫ ગુરુવારે શ્રીમાલજ્ઞાતિની શાહ ધનજીની સ્ત્રી કુંવરિએ પોતાના કલ્યાણ માટે સર્વસૂરિપાસે પ્રતિષ્ઠા કરાવી તેનો છે. સર્વસૂરિ એ પ્રસિદ્ધ શત્રુંજયની કર્માશાહકારિત મૂર્તિની પ્રતિષ્ઠા કરનાર વડી પોસાલના રત્નાકરસૂરિએ પોતાનું નામ ન આપતા સામાન્ય નામ સર્વસૂરિ આપ્યુ છે તે તેમના સંબંધમાં વપરા-એલું સંભવે છે.

નંબર ૧૮–૧૯ ના લેખો એક જ વર્ષમાં ને એક જ દિવસે લખાએલા હોઈ ખુદ નડિયાદના જ છે. પહેલા લેખમાં કરાવનારની નાતનું નામ હોવા છતાં મળી શક્યું નથી. પરન્તુ પારેખ નાથજીએ આ ભગવાનની પાષાણમય મૂર્તિ કરાવી તેની તપાગચ્છના વિજયદેવસૂરિએ પ્રતિષ્ઠા કરી. આ અને એની પછીના લેખમાં જણાવેલા ત્રણ આચાર્યો ક્રમશઃ સમર્થ પુરુષો હતા. તેમનાં વિસ્તૃત વૃત્તાંતો હીરસૌભાગ્ય કાવ્ય, વિજયપ્રશસ્તિ કાવ્ય, વિજયદેવમાહાત્મ્ય અને હીરસૂરિરાસમાં આપેલાં છે. તે સિવાય સૂરીશ્વર અને સમ્રાટ નામનું પુસ્તક પણ સુપ્રમાણિત ઇતિહાસ રજુ કરે છે.

શ્રીમાન હીરવિજયસૂરિ, શ્રીમાન્ વિજયસેનસૂરિ અને તેમનો વિદ્વાન શિષ્યવર્ગ જેવા કે મહોપાધ્યાય શાંતિચંદ્ર ગણિ તથા મહોપાધ્યાય ભાનુચંદ્ર ગણિ તથા મહોપાધ્યાય સિદ્ધિચંદ્ર ગણિએ ઉપદેશ અને પ્રેરણાથી મુગલ સામ્રાજ્યમાં દિનેઈલાહીના તહેવારો અને પવિત્ર મહિનાઓ ઉપરાંત જૈન તહેવારો વગેરેમા અહિંસા પાળવાનાં આજ્ઞા પત્રો મેળવ્યાં હતાં, જેનાથી બાર માસમાં છ માસ અહિંસા પળાતી, તેમજ સમગ્ર જૈન તીર્થો વેરા-મુક્ત થયાં, અને જે જીજીઆ કરની ૧૪ કરોડ રૂપિઆની ઉપજ હતી તેનાથી સમગ્ર હીંદુ પ્રજાને મુક્ત કરાવી. એ સમર્થ આચાર્યની પાદુકા નડિયાદના સંઘે કરાવી છે. પારેખ પુનદના પુત્ર ક્ષત્રપની અધ્યક્ષતા નીચે એની સં. ૧૬૬૬ ના ફા. સુ. ૩ શુક્રવારે પ્રતિષ્ઠા કરી હતી.

આ અને આવા બીજા લેખોમાં પુરૂષોનાં નામની સાથે સાથે સ્ત્રીઓના નામો પણ આપવામાં આવ્યાં છે એ જૈન સંસ્કૃતિના સ્ત્રીસન્માનની દષ્ટિને બતાવે છે.

નડિયાદ—નડિયાદ એ પ્રાચીન સમયમાં જૈન વસ્તીવી ભરપૂર હોવા માટે નં. ૫ નં. ૧૩. નં. ૧૮-૧૯ એ ચાર લેખો પૂરાવા રૂપ છે, અને તેને દંતવાર્તા સંપૂર્ણ ટેકો આપે છે કે આ નડિયાદમાં વણિક્ જૈનોની સાતસો ઘરની વસ્તી હતી અને સાત જૈન દેવાલયો હતા. તે ઉપરથી પ્રાચીન કાળે પણ નડિયાદ જૈન વસ્તિથી સમૃદ્ધ હોવાનો ચોક્કસ પૂરાવો મળે છે. પરન્તુ ત્યાર પછી રાજકીય કેન્દ્રસ્થાનના સબબે વ્યાપાર તૂટી જવાથી કેટલીક વસ્તી અન્ય નગરોમાં જઈ વસવાથી નડિયાદમાં જૈન વસ્તીનો ઘટાડો થવા પામ્યો છે અને કાઈક વાયડા વણિક્ જેવી જ્ઞાતિ ધર્માન્તરિત થઈ છે એ જૈન ધર્મોપદેશકોની ગેરહાજરીનું પરિણામ છે.

આ લેખમા પ્રસિદ્ધિમાં મૂકવામાં આવેલા લેખો સિવાય હજુ આ ગામમાં બીજાં બે દેવાલયો છે, અને તેમાંના મૂર્તિઓ ઉપર પ્રાચીન લેખો પણ છે, તે યથાવકાશ પ્રસિદ્ધિમાં મૂકવા પ્રયત્ન કરીશુ.

સમ્પૂર્ણ.

નૈતિક સત્યપ્રકાશ

લેખકઃ-પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રીસિદ્ધિમુનિજી

સ્વાર્થ ને સ્નેહ સંબંધ નહોતાં છતાંય, ઉત્તમ પુરુષો પુણ્યમનોરથથી અને કલ્યાણ-ભાવનાથી પરમ હિતનાં વચનો ઉચ્ચારે છે. જ્યાંસુધી જીવને અજ્ઞાન ને મોહનું જોર હોય છે ત્યાંસુધી, તેને એ સદ્વચનોમાં કડવાશ ને કઠિનતા લાગે છે, પણ જ્યારે જ્ઞાનની આંખ ઉઘડી જાય અને મોહનું ઘેરું ઘેન ઊતરી જાય ત્યારે તેને એ જ વચનોમાં અમૃતના જેવી મીઠાશ ને ફૂલના જેવી કોમળતા લાગે છે.

જગતની લેણદેણમાં આદિ ને અંત અપેય ઝેર ભરેલું છે. તેમાંય વળી કેંક લેણદેણ એવી હોય છે કે જે હલાહલ ઝેરથી ભરેલી હોય છે. આવા ઝેરને જેટલું વધુ કેળવવામાં આવે તેટલું તે વધારે કાતીલ બને છે અને તે કેળવનારને જ આ ભવ તથા પરભવમાં લાખો દુઃખોના દવાગ્નિમાં ધકેલી દે છે.

લાડી, વાડી ને ગાડીમાં મદમસ્ત બનેલો માનવી માને છે કે, મારાં આ મજાનાં સુખનાં સાધનોમાં મને ક્યાંથી દુઃખ આવી પડવાનું છે. પણ તે સમજતો નથી કે, એ મજાનાં સાધનો જ દુઃખના ભારે ભરેલાં હોય છે. વધારે નજદીકનાં અને વધારે પોતાનાં જ મનાતાં સાધનો માનવીને જાશુના શોકની શૂળીએ ચડાવી દેતાં હોય છે. મમતાના સ્થાનમાં જ દુઃખોનો નિવાસ રહેલો હોય છે. એ દુઃખોને ઉભરાવાનાં નિમિત્તો પણ ત્યાં રહેલાં જ હોય છે.

સૌથી વધારે મમતાનું સાધન આ કાયા જ કરોડો રોગોનું સ્થાયી સ્થાન છે. પૂર્વનું પુણ્ય જ્યારે ખવાઈ જાય ત્યારે, અને સાથે સાથે જ ઉગ્ર પાપોનો ઘડો ઉભરાઈ જાય ત્યારે; આ ભવમા જ આંધાપો, અપંગતા, મૂકતા અને કોઢ, ભગંદર, પક્ષઘાત વગેરે અસહ્ય મહારોગો મમતાથી અતિ પોષેલી માનવીની કાયાને ઘેરી લે છે એવો અનુભવ આ દુનિયાને રોજનો છે, પણ મૂર્ખ અને ગાફેલ માણસો પોતાની જાતને સદા સલામત સમજે છે અને ચોરી, ખૂન કે વ્યભિચાર જેવાં બધાં પુણ્યોને ખાઇ જનારાં તથા અધમમાં અધમ મનાતાં પાપોને આચરે છે, એટલું જ નહિ, પરન્તુ તેઓ હિત ચહાનારાઓના ઉપદેશ–અક્ષરોને કાનમાં ધગધગતું સીસું રેડ્યાના જેવા અસહ્ય ગણી લે છે. પરિણામે તેમનો સાર્થક કરવા જેવો આ ભવ ખાલી ભટકવા જેવો થઇ જાય છે અને તેમને પરભવમાં પુણ્યધર્મના ઉપદેશકની પ્રાપ્તિ દુર્લભ–અતિ દુર્લભ બની જાય છે.

કદાચ વગર પડેલા પુણ્યના પર્વત-પંથે ચઢે છે, અને માનવજાનસુલભ ભૂલને લઇ લપસી પડેલાંય લાખો માનવી ફરી વાર એના એ જ પંથે ચઢતાં જોવાય છે, પણ જ્યારે પડેલાંને ઉત્સાહ ભેર ચઢતાં જોવામાં આવે ત્યારે તેઓ કોઈ કોઈ વાર આ દુનિયાથી વધારે પ્રશંસાય છે, કારણ; ઘણી વખત પડેલું ચઢે એ બહુ બહુ રીતે સુસ્થિર હોય છે. આટલા જ માટે પતિતોનો તિરસ્કાર કે વિશેષ અવગણના કરવાની ઉતાવળ ન કરતાં તેમનો ઉદ્ધાર થાય એવાં યથાયોગ્ય સૂચન કરવાં જોઈએ.

જગત ભૂલને પાત્ર છે, થઇ ભૂલો ભૂંસી પણ શકાય છે. કધોયલુ ન પડેલુ મેલું વસ્ત્ર ધોતાં ક્વચિત વિશેષ ઊજળું પણ બને છે. આત્મા બલવાન છે તે અશક્યને પણ શક્ય બનાવે છે, વગેરે વાતો યોગ્ય પતિતોને સમજાવતાં તેઓ પોતાનું પરાક્રમ ફેરવે, એ તેમને લાખેણો લાભ આપી દે છે.

જગતમાં સૌથી વધારે દયાપાત્ર અને લાગણી દર્શાવવા લાયક આ ઉપરોક્ત પતિતો જ છે. અજ્ઞાન ને હોહડાણાં લોકોથી નિન્દાપાત્ર મનાયલાં જ નહિ, પણ સતત નિન્દાયલાં આ બિચારા અધોમુખી માનવીઓને લાખો ઉપાયોથી પણ ઉદ્ધારવાં જોઇએ એવી દયાળુ આત્માઓની ફરજજન્ય સમજ હોય છે. તેઓ સમજે છે અને સમજાવે છે કે કર્મ અધમ છે પણ આત્મા અધમ નથી, એ અધમ કર્મને વશ ન થતાં આત્મા પુરુષાર્થ ફેરવે એટલી જ વાર છે, પછી જોઈ લ્યોને, એ કર્મ શું કરી શકે છે? કર્મ એ નપુંસક છે, આત્મા એ પુરુષ છે. પુરુષના પ્રબળ હાકોટા આગળ નપુંસક થરથરી ઊઠે અને નાશી છૂટવાનો લાગ શોધી નાસી જાય.

કર્મને નસાડવાનું બળ કેળવનારાઓએ સૌથી પ્રથમ સત્સમાગમમાં આવવું અને ત્યાંથી આદર્શ અને પ્રેરણાનાં સિદ્ધજળ પીવાં. કર્મના સહાયક સબળા ય નબળા સંજોગોને દૂર કરવા. દુષ્ટ સંજોગો દૂર થતા વ્યવહારશુદ્ધિ જાગે વ્યવહારશુદ્ધિથી સત્સમાગમ વધે ને કીર્તિની મનહર

પીઠિકા રચાય, ને પછી બીજું કોઈ નહિ તોય કીર્તિને સાચવવા ફરી ભૂલ કરવી ન ગમે અને ભૂલ ન થતાં નીતિનો પાયો મજબૂત ને સ્થિર જ રહે, કે જેથી દાન, દયા, ભક્તિ, વ્રત, ક્રિયા વગેરે વગેરે ધર્મની ઇમારતનાં બધાંય અંગ સ્થિર થાય. કર્મ માણસને આ લોકમાં ને પરલોકમાં દુર્દશા પમાડે છે એમ સમજનારાં ઉપરોક્ત રીતિએ જ કર્મને દુર્દશામાં મેલી દઈ અંતે આત્મામાંથી નસાડી મૂકે છે. 'કાળા માથાનો માનવી શું ન કરે' એ સમજને અમલમાં મેલાય એટલે પછી બસ, જોઈ લ્યો, કેવી સુંદરતા આવી વસે છે !

પાપની બધીય વાતો ભૂલી જવી સારી છે, જ્યારે પુણ્યની એકે વાત ભૂલવી ન જોઈએ. સાંભળેલું કલ્યાણકારી વચન ફરી ફરી વિચારવું અને તે ફરી સાંભળવા મળે તો અતીવ ઉત્સાહપૂર્વક સાંભળવા તૈયાર રહેવુ જોઈએ. મોહમાંથી, વિષયવાસનામાંથી જાગેલાં ઝેરી વચનો સાંભળી, તેને વળી વળી યાદ કરી આ જીવ અનંતા કાળથી એવું કીડા કરતાંય અત્યંત નફ્ટ જીવતર જીવી રહ્યો છે, તેને પુણ્યવચન સાંભળવા કે વળી વળી યાદ કરવા મળે, એ તેનું અહોભાગ્ય, ધનભાગ્ય છે ! એ પુણ્યવચનથી ભાનભૂલેલો જીવ સમજી શકે છે કે; મારી જીવન રમત અનીતિની છે કે નીતિની ? અધર્મની છે કે ધર્મની ? પોતાનું ડહાપણ પોતાને પછાડે છે કે ડુલાવે છે, એનું ભાન ધર્મવચનના સાંભળવા સિવાય ક્યાંથી થાય ?

પ્રત્યેક માણસને માથે માતા, પિતા, પતિ, ગુરુ વગેરેનાં દેવાં હોય છે. એ ઋણને ચુકવવા એમને વફાદાર રહી એમની કીર્તિને ઉજાળવા મથવું જોઈએ. જો એમ ન કરવામાં આવે તો એઓ તો શ્રાપ દેતા નથી પણ બેવફા બનેલા એ માણસનાં અનુચિત વર્તન જ એને લાખો શ્રાપથી ઘેરી લે છે, અને એ શ્રાપો એને આ ભવમાં જ નહિ, પણ ભવોભવ ઝેરી શલ્યની જેમ સાલે છે. જેના નામ અને દામથી પોતાના કેટલાંક અથવા બધાંય સુખ-સાહ્યબી છે, જેણે અપાર વાત્સલ્યથી ઉછેર્યાં ને સ્નેહ-વિશ્વાસથી હળવા હૈયે પંપાળ્યાં એવા પૂજ્યોને અને જેણે ધર્મભાવનાથી નિસ્પૃહપણે આત્માર્થનો પરમપંથ દર્શાવ્યો એવા પરમપૂજ્યોને ઉપકૃત થયેલાંએ હારવા જોઈએ. અને એ ક્યારે બને કે જ્યારે એ ઉપકૃત માણસ પોતાના વડીલોના વાત્સલ્ય, સ્નેહ કે વિશ્વાસને દગો ન દે અને એકેએક પગલું સાચવીને મૂકી, નીતિના માર્ગમાં આગળ વધે.

કર્મવશ ક્યારેક ભૂલ થઈ જાય તો પણ એ ભૂલની તે વડીલોની આગળ અંતઃકરણ પૂર્વક માફી માગી, ફરીથી એ ભૂલ ન થાય તેવી સચોટ કબૂલાત આપી, તેને સાચા દીલથી સાચવે–પાળે. મોટામનનાં વડીલો ભલમનસાઈ, સચ્ચાઈ, પ્રામાણિકતા વગેરેને જરૂર માફી આપે છે. પણ જો ઉદ્ધતાઈ, દુરાગ્રહ, મકરકુંદી કે બદમાશી, હરામખોરી હોય અથવા તો અોચરિત્ર કે વિશ્વાસઘાતના ખેલો ખેલાતા હોય ને પાપોના માર્ગો પૂરેપૂરા ન અટકયા હોય તો એ વડીલોની માફીય કામ લાગતી નથી. વડીલોની માફી મેળવતાં સુખ સમાધિ પ્રકટે, પણ એ માફીની પછી એકે અધઃગામિની ભૂલ ન થવી જોઈએ. પ્રભુ પાસે નિરન્તર પ્રાર્થના કરવી જોઈએ કે, ઓ ! મહાન પ્રભો ! મારા વડીલોની આબરુને હાનિ પહોંચે એવી ભૂલ તું મારા આત્મામાં ન પ્રવેશવા દેજે. પણ પ્રભુ પાસે આવી માગણી ત્યારે જ ઘટી શકે કે જ્યારે પોતે એ માગણી કરવાના અવસરે ભૂલ ન કરતો હોય, ચાલુ કાળમાં શુદ્ધ જીવન ગાળતો હોય.

જગતમાં એ ધન્ય છે, કે જે પોતે સદા ઊજળું રહી સર્વને ને ખાસ કરી પોતાને પોષણ કરનારાંને સદા ઊજળા બનાવે છે. તેથી વિશેષ ધન્ય તે છે, કે જે ભૂલેલા પંથથી પાછો ફરી, પ્રાયશ્ચિત્ત કરી, પુરતો પુરુષાર્થ આદરી, પોતાના કર્તવ્યથી ગ્લાનિ પામેલાં વડીલોને ફરીથી ઊજળાં ને હસતાં કરે છે; કેમકે તેનું કાર્ય વધારે વિકટ હોઇ તેનો પુરુષાર્થ વધારે સમર્થ હોય છે.

અનીતિને તજે, નીતિને ભજે, ધર્મને સાચવેને પરમપુરુષાર્થ ભણી વધુ ને વધુ આગળ પગલાં માંડે એ માનવતાની મોંઘી કમાણી છે. બુદ્ધિનું ફલ સારાસારનો વિચાર કરવો ને સારને ગ્રહણ કરી અસારને છોડી દેવું એ જ હોઈ શકે. ભય ભરેલો સંસાર છે. શાંતિથી બેઠેલાને ક્યારે ક્યાંથી ને કેવી રીતે આપત્તિ આવી પડશે તે કહી શકાય નહિ. પુણ્યમાં લેભાગુ લાખો-પોતાનાં થાય છે. પાપમાં પોતાનાં મનાતા એકે પોતાનાં રહેતાં નથી. દુઃખની વેળા કોણ કામ લાગશે, એ બેઉને પૂછવું જોઈએ, પુણ્ય કે પાપ? સુખ, સગવડ ને સ્વાર્થનો ભોગ આપી પોતાનું થનારું માનવી આ જગતમાં કોઈએ જોયું છે? પાપના ઉદયે પોતાના મનાયલા માણસને ફરતાં કે વિફરતાં વાર લાગતી નથી. પાપમાં પોતે છંડાય એ પહેલાં માણસે પુણ્યમાં જ સૌને છોડી દેવા જોઈએ. આ રીતે માણસે ગૃહસ્થાશ્રમને સુંદર બનાવી પછી સબળ ત્યાગ ભાવનાથી છૂટવું જોઈએ

ઘણીવાર માણસો વ્યવહારશુદ્ધિ તરફ ધ્યાન આપતાં નથી, પણ ઊંચામાં ઊંચા ને હલકામાં હલકા માણસોને પણ વ્યવહાર સાચવવા પડે છે. શાસનની શોભાની ખાતર, મુનિધર્મની મર્યાદાની ખાતર, વિશ્વકલ્યાણની વિશાળતાની ખાતર, મહાનુભાવ મહાત્મા મુનિવર્યોને પણ યથાયોગ્ય વ્યવહારશુદ્ધિને સાચવવી પડે છે. જન્મગતિને લઈ પેટની ખાતર અનીતિના ગંદા ધંધા કરનારાંઓને પણ મામા, ભાઇ, શિક્ષક, અને જાતિ જેવું કાંઈ વ્યવહારુ તત્ત્વ હોય છે. એઓમાં પણ એમના વ્યવહારની બહાર જતા બહિષ્કાર થાય છે અને જ્યારે તેઓ તેમના વર્ગની મોજણીની આપી અમુક શરત સ્વીકારે ત્યારે તમને તેમના સમૂહમાં સામેલ ગણવામાં આવે છે નાતરીયા નાતોમાં પણ વ્યવહારના બંધનોને વળગી ચાલવામાં એમની પદ્ધતિએ વ્યવહારશુદ્ધિનું તત્ત્વ સમાયલું હોય છે. પરાધીન પોષણ કરનારાં અને રિવાજબદ્ધ થયેલાને પણ કાઇના કોઈ રીતે વ્યવહારશુદ્ધિની અપેક્ષા હોય છે, તો પછી સ્વતંત્ર પોષણ કરનારા અને મર્યાદાના વંશવેલામાં ઊતરી આવેલાંઓને એ વ્યવહારશુદ્ધિની સંપૂર્ણ અને સતત અપેક્ષા હોય તેમાં તો કહેવું જ શું!

મારાથી પણ નબળાં માણસ ક્યા ઓછા છે? એવી સમજ ઘરઘાલી રહી હોય ત્યાં સુધી આપેલો કે અપાતો ઉપદેશ અવળો થઈ પડે છે. અજ્ઞાન ને મોહ ઓછો થાય ત્યારે તો તેની નજર લાખો સારાં માણસોની ગણત્રી કરવા તરફ જ દોડે છે. નીચાંના વર્તનની સરખામણી માણસને નીચાણ તરફ જ સહજ લઈ જાય છે, જ્યારે ઊંચાના વર્તનની સરખામણી તેને ઊંચાણમાં—સ્વર્ગમોક્ષમાં લઈ જવાનું કામ કરે છે.

શિક્ષા પામવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતા કોઈ માણસ જો આડું જુવે, કાંઇ કામમાં કે વાતચીતમાં વ્યર્થ ગુથાયા જેવું કરે અથવા તો દીવેલ પીધાના જેમ મોને બગાડી મૂકે તો એ પાપનો આદર ને પુણ્યનો અનાદર છે. કોઈ સગું—સ્નેહી કે સજ્જન કાંઇ નીતિની

શિખામણ આપવા આવે ત્યારે પ્રભુના મંદિરે કે ધર્માચારના સ્થાને ઊપડી જાય અથવા તો સામાયિકાદિ ધાર્મિક કરણી કરવા કે પુસ્તકનાં પાનાં ફેરવવા લાગી જાય, એ શું ધર્મના માટે હોય ખરું? દેખીતા પુણ્ય કરતાં ઘણી વાર પાપ જ હોય છે. કસાઇ બકરાને ખવડાવી પુષ્ટ કરે એમાં નથી હોતી દયા કે નથી હોતી દાતારતા !

બૈરીના વારંવાર કહ્યા છતાં પણ, 'હું જાણું છું, હું જાણું છું,' એમ કહેનાર પતિને, જ્યારે બધું ધન ચોરો લઇ ગયા ત્યારે તો તે સંભળાવી દે છે કે, 'ફટ મુવા! તું જાણું જાણું શું કરે છે! તારા જાણવામાં ધૂળ પડી!' આવી રીતે જ છેલ્લામાં છેલ્લી હદની અનીતિમાં પહોંચી જનાર પણ જો જાણવાની વાત કરે તો, દુનિયા તેને ધિક્કાર દઇ તેના જાણવામાં ધૂળ પડી એમ બોલ્યા સિવાય રહે નહિ. સમજદાર સ્વતંત્ર હોય તો તે અનીતિના પંથે પગલું માંડે જ નહિ, કદાચ સંજોગવશાત્ રાભસયોગે પગલું મેલાઇ ગયું તો પણ તે નિર્મર્યાદ આગળ વધે નહિ; પણ જો કોઇ માનવી અનીતિના પંથે ચાલી આંખો મીચીને આગળ ને આગળ યથેચ્છ વધ્યા જ કરે તો જાણવું કે તે સમજદાર હોય જ નહિ.

મોંમાં લસણની દુર્ગંધ હોય તો દેવસ્થાને જવું આશાતનાકારી છે. લસણની દુર્ગંધ કરતાંય વધારે ખરાબ એવી કંઇક દુર્ગંધો છે. એ દુર્ગંધોથી આશાતના થાય છે કે નહિ, એનો વિચાર મૂઢ માણસ ભાગ્યે જ કરતો હોય છે. વિવેક, વ્યવહારશુદ્ધિ, પવિત્રતા, વગેરે વગેરે સર્વ ધર્મના પાયારૂપ છે, એ જ ધર્મના વાવેતરની રસાળ ભૂમિ છે, ધર્મના મહેલે ચઢવાનું પહેલું પગથિયું પણ એ જ છે. અનીતિથી નબળું પોલું માણસ વિવેકાદિનાં પ્રાથમિક પગથિયાં ચૂકી ધર્મની મોકળાશમાં મહાલવાની ખાતર કંઇ કંઇ ક્રિયાકરણની ફાળો ભરે તે ઉપરના માળે ન પહોંચાડે, પણ તે તેને નીચે પટકી જ નાખે અને એવાં તો તેના હાડકાં ભાગી નાખે કે ભવિષ્યમાં પગલું માંડવાની પણ તેનામાં તાકાત ન રહે. મારા જેવા તો ઘણાંય હશે-એવી માન્યતા માણસને આવા અધઃપતનમાં ખાસ મદદ કરે છે. આ પછી એના માટે એકેએક સમજ અને ઉપદેશવાક્ય દુર્બુદ્ધિના ઘરરૂપ થઇ પડે છે.

ખરાબ સમાગમમાં રહેવું, ખરાબ માણસોની વાતો સાંભળવી અને પોતાની જાતને ખરાબ લોકોની હરોળમાં મૂકી સરખાવવી એ મહાપાપના ઉદયે બને છે, છતાં તેમાંય કોઇ સત્સમાગમ થાય તો માણસ પોતાની પૂર્વની સર્વ કુટેવોને છોડી સારા સમાગમમાં સતત રહેવા, સારા માણસોની વાતો સાંભળવા અને પોતાને સારાઓની હરોળમાં મૂકી સરખાવવાની ભાવનાવાળો થાય છે. માણસને પુણ્યમાંથી પાપમાં જવું કે પાપમાંથી પુણ્યમાં જવું, એ તેને પોતાને આધીન છે. કર્મના નામે કોઇ આંખ મીંચીને ચાલતું નથી. જરાક મોંઢું પડે કે સૌ કોઇ માનવી મળતી દવા મેળવવા પ્રયત્નશીલ બની જાય છે. ભૂખ લાગે કે ખોરાક ખોળવાની ખટપટમાં કોણ નથી પડતા? ભાગ્યે જ આ વેળા કોઇ વિધાતાનો વિચાર કરતો હોય છે. પાપના કામ કરવાનાં કર્મના નામને સંડોવાય છે, પણ પાપથી હટવામાં ને પુણ્ય કરવામાં એ કર્મને સંડોવવું જોઇએ.

શરીર એ સમજુને ધર્મમિત્ર છે, પણ મૂરખને એ પાપમિત્ર છે. શરીરનાં તોફાનોને વશ થતાં માણસ આ ભવનું ને પરભવનું બધુંય હિત ગુમાવી બેસે છે. શરીરને મર્યાદામાં રાખતાં આવડે તો જ માણસ ચતુર ને વિચક્ષણ કહેવાય. જાતવાન હોય, કુળવાન હોય, લજ્જાળુ હોય, ધર્મજ્ઞ અને ધર્મનો અનુભવી હોય તથા વિવેકી અને વિચારવાન હોય એ તો આ કાયાને સબળ સંયમથી કબજામાં રાખી મળેલા માનવ જન્મારાને સુધારે છે, સફળ કરે છે અને અહીંથી સદાય સહાયકારી એવું મહાપુણ્યનું મોંઘું ભાથું સાથે બાંધી લઈ જાય છે.

મહેનત મજૂરી કરી પેટ ભરનાર નીતિમાન વખાણવા લાયક છે, પણ પાપોને જ પોષનાર અનીતિમાન, ભલેને તે કરોડાધિપતિ હોય છતાં વખાણવા લાયક હોતો નથી. કોઈને શક્તિ આશીર્વાદરૂપ હોય છે તો કોઈને તે શ્રાપરૂપ થઈ પડે છે.

ભગવાન મહાવીરસ્વામી જયંતી શ્રાવિકાને એવા જ વિચાર દર્શાવતાં કહે છે કેઃ—

અહીં ધર્મીઓ જાગૃત ભલા ને પાપીઓ ઊંઘતા ભલા;
અહીં ધર્મીઓ સબળા ભલા ને પાપીઓ નબળા ભલા;
અહીં ધર્મીઓ ડાહ્યા ભલા ને પાપીઓ મૂરખ ભલા;
અહીં ધર્મીઓ ધીંગા ભલા ને પાપીઓ હીણા ભલા;

ધર્મીઓ જાગતા, સબળા, ડાહ્યા અને સાધનસંપન્ન હોય તો તે સારા; કારણ કે તેઓ એ સ્થિતિમાં રહ્યા પુણ્યધર્મની વૃદ્ધિ કરશે. પણ અધર્મીઓ ઊંઘતા, નબળા, મૂરખ અને સાધનવિહીન હોય તો તે સારા; કારણ કે તેઓ એ સ્થિતિમાં રહ્યા ઓછાં પાપ કરશે. પુણ્ય જો પુણ્યને વધારવામાં નિમિત્ત થાય તો ને સારું છે પણ એ પાપને જ વધારવમાં નિમિત્ત બને તો નકામું ને નઠારું છે. પાપને પોષનારા પુણ્યના ઉદય કરતાં પુણ્યને પોષનારો પાપનો ઉદય ઘણીવાર આશીર્વાદ રૂપ બની જાય છે. દુખિયારાં ડાહ્યાં પ્રભુને સંભારે, સાચા દિલથી ને સદાય. દુઃખમાં પણ પ્રભુને યાદ ન કરે એ એક મોટી કમનસીબી છે. સુખમાં નીતિને સાચવી જે પ્રભુને ભજે છે તે ધન્યવાદને પાત્ર છે, પણ વળી દુઃખમાં નીતિને સાચવી જે પ્રભુને ભજે છે તે તો વિશેષ ધન્યવાદને પાત્ર છે. ગમે તે સ્થિતિમાં અનીતિના પંથે ચાલવું એ અસુંદરતા છે ને નીતિના પંથે ચાલવું એ સુંદરતા છે. જગતના સૌ પ્રાણીઓને માટે બન્ને પંથ ઉઘાડા છે. અસુંદર બનવું કે સુંદર બનવું પોતાના હાથમાં છે. છતાં મહાપુરુષો પોકારીને કહી ગયા છે—કહી રહ્યા છે કેઃ—

'સૌ મનુષ્ય જૂઠ, પ્રપંચ, દગો, વિશ્વાઘાત, ખૂન, ચોરી, વ્યભિચાર આદિ દુર્ગુણોને તજી દો અને સત્ય, સરલતા, વફાદારી, નિમકહલાલી, દયા, દાન, પવિત્રતા આદિ સદ્‌ગુણોને આદરો, સારુંય જગત સુખી, શાંત, પુણ્યવાન, ધર્મિષ્ટ ને મુક્ત બનો.'

રાત્રિભોજનનો નિષેધ

લેખક : પૂજ્ય મુનિમહારાજ શ્રી સુશીલવિજયજી

રાત્રિભોજન એ આરોગ્યની દૃષ્ટિએ, અહિંસાની દૃષ્ટિએ, વૈદકની દૃષ્ટિએ અને શાસ્ત્રની દૃષ્ટિએ—એમ અનેક દૃષ્ટિએ ઉચિત નથી. ધર્મશાસ્ત્રને બાજુપર મૂકીને આરોગ્યની દૃષ્ટિએ વિચાર કરીએ તો પણ રાત્રિભોજન કરવું તે ઉચિત નથી લાગતું. આપણી સામે બે વ્યક્તિ ઊભી છે : એક રાત્રિભોજન કરે છે, બીજી કરતી નથી. આ બેમાં આપણે મધ્યસ્થ બુદ્ધિથી વિચાર કરીશું તો જરૂર ભિન્નતા લાગશે. જે રાત્રિભોજન કરે છે, તેણે રસનેન્દ્રિયને ચોવીસે કલાક છૂટી મૂકી દીધી છે. અને જે રાત્રિભોજન નથી કરતો, તેણે બાર કલાક રસનેન્દ્રિયને જીતી છે. પાંચે ઇંદ્રિયમાં પ્રબલમાં પ્રબલ રસનેન્દ્રિય છે. જુઓ—

એક એંશી વર્ષનો ડોસો જેની આંખનાં તેજ ઘટી ગયાં હોય, કાનમાં બેરાશ આવેલી હોય, નાકમાંથી લીંટ વહેતાં હોય, મોઢાની બત્રીસી ચાલી ગઈ હોય, શરીરપર કરચલી પડી ગઈ હોય, અંગ ધ્રુજતું હોય અને પેટમાં માલ ખપતો ન હોય, તેને આપણે પૂછીએ કે દાદા! બજારમાં નટલોકો આવ્યાં છે, તે જોવાને અમે જઈએ છીએ. આપને આવવું છે? ત્યારે દાદા જવાબ આપશે કે ભાઈ! હવે મારે આટલી ઉમ્મરે નટ જોઈને શું કરવું છે! એટલે ચક્ષુઇન્દ્રિયનો વિષય મંદ પડ્યો. ફરી કોઈ પૂછે, દાદા! અહીં નાટકશાળામાં સુંદર ગીત–ગાન થવાનું છે. આપને સાંભળવા આવવું હોય તો ચાલો. ત્યારે દાદા કહેશે કે ભાઈ! આ વૃદ્ધાવસ્થાએ હવે ગીત–ગાન સાંભળીને શું કરવુ છે? એટલે કર્ણેન્દ્રિયનો વિષય મંદ પડ્યો. વળી કોઈ પૂછે, દાદા! આ સુગંધીદાર અત્તર આવ્યું છે. આપને સુંઘવાને માટે જોઈતુ હોય તો થોડુંક ખરીદી લઈએ. ત્યારે દાદા કહેશે કે ભાઈ! હવે મારે ઘરડા ઘડપણે અત્તર સુંઘીને શું કરવું છે? એટલે ઘ્રાણેન્દ્રિયનો વિષય મંદ પડ્યો. વળી કોઈ પૂછે દાદા! આ ઉચ્ચ કોટીનો સાબુ છે તેને શરીરે લગાવી, ન્હાઈને નિર્મલ થાઓ. ત્યારે દાદા જણાવશે કે—ભાઈ! હવે મારે એવા સાબુ લગાવીને શું કામ છે? એટલે સ્પર્શેન્દ્રિયનો વિષય પણ મંદ પડ્યો. પણ જો કોઈ જઈને પૂછે કે દાદા! આ મગની દાળનો ગરમાગરમ શીરો બનાવ્યો છે. આપને ખાવો હોય તો લાવું. ત્યારે દાદા કહેશે કે ભાઈ, લાવને થોડો. આ વસ્તુ સૂચવે છે કે વૃદ્ધાવસ્થામાં જ્યારે બીજી ઇન્દ્રિયો શિથિલ થઈ જાય છે ત્યારે પણ આ જીભલડી તો લપલપાયમાન કરતી સતેજ જ રહે છે. માટે રસના જેવી પ્રબલ ઇન્દ્રિયને જીતવી તે કંઈ રહેલ નથી. માટે રાત્રિભોજન નહીં કરનારે બાર કલાક સુધી તો રસનાને જીતી કહેવાય.

બીજું—રાત્રિભોજન નહીં કરનાર વ્રત–નિયમ ઇત્યાદિ કરી શકે છે, પણ તે કરનાર કંઈપણ કરી શકતો નથી. રાત્રિભોજન નહીં કરનાર મહિનામાં ૧૫ ઉપવાસનું ફળ પ્રાપ્ત કરી શકે છે ત્યારે નહીં કરનાર તેથી વંચિત રહે છે. રાત્રિભોજન નહીં કરનાર જેટલો રોગથી બચી શકે છે તેટલો કરનાર બચી શકતો નથી. એટલે કે રાત્રિભોજન નહીં કરનાર જઠરને જેટલી વિશ્રાંતિ આપી શકે છે તેટલી કરનાર આપી શકતો નથી. રાત્રિભોજન નહીં કરનારમાં જે ગુણો રહેલા છે તે કરનારમાં નથી

અહિંસાની દૃષ્ટિ–અહિંસા (દયા)ની દૃષ્ટિએ પણ રાત્રિભોજન કરવું તે ઉચિત નથી. દિવસના આપણે જેટલું નિરીક્ષણ કરી શકીએ છીએ તેટલું રાતના ગમે તેટલો દીવાબત્તીનો પ્રકાશ હોય છતાં પણ કરી શકતાં નથી. દિવસે દુરબીનથી આપણે જોઈએ તો હવામાં અસંખ્ય જીવો ઊડતા દેખાય છે. તે રાતના આપણે જોઈ શકતા નથી, એટલું જ નહીં પણ આપણે તેના ઘાતક થઈએ છીએ. રાત્રિભોજનમાં જો જીવોના કલેવરો આવી જાય તો તે અસ્વાસ્થ્યકર અને પ્રાણઘાતક થાય છે.

આ માટે યોગશાસ્ત્રના ત્રીજા પ્રકાશમાં કહ્યું છે તે જુઓ—

" मेधां पिपीलिका हन्ति, यूका कुर्याज्जलोदरम् ॥
कुरुते मक्षिका वांति, कुष्ठं रोगं च कोलिकः ॥५०॥
कंटको दारुखंडं च, वितनोति गलव्यथाम् ॥
व्यंजनांतर्निपतितस्तालु विध्यति वृश्चिकः ॥५१॥
विलग्नश्च गले वालः, स्वरभंगाय जायते ॥
इत्यादयो दृष्टदोषाः, सर्वेषां निशि भोजने ॥५२॥

ભોજનમાં જો કીડી આવી જાય તો તે બુદ્ધિનો નાશ કરે છે, માખી વમન કરાવે છે, કરોળીઆથી કોઢનો રોગ થાય છે, કાંટો અગર લાકડાની કરચ ગળામાં દુઃખ ઉત્પન્ન કરાવે છે, શાકની અંદર જો વીંછી આવી જાય તો તાળવું વીંધી નાખે છે, અને જો ગળામાં વાળ રહી જાય તો સ્વરનો ભંગ થાય છે, આ સર્વ દોષો રાત્રિભોજનમાં દેખાય છે.

ઉપરોક્ત સર્વ દોષોમાથી રાત્રિભોજન નહીં કરનાર બચી શકે છે, પણ કરનાર બચી શકતો નથી. માટે અહિંસાના ઉપાસકોએ તો અહિંસાની દૃષ્ટિએ રાત્રિભોજન વર્જવું જોઈએ.

વૈદક દૃષ્ટિ–વૈદક દૃષ્ટિએ પણ રાત્રિભોજન કરવું તે ઉચિત નથી. જગતમાં ત્રણ વસ્તુ ત્રણ તત્ત્વની પોષક છે: કફનો પોષક ચંદ્ર છે, પિત્તનો પોષક અર્ક (સૂર્ય) છે અને વાયુ ચારે તરફ ભરેલો છે. આપણા શરીરમાં પણ મુખ્યતાએ ત્રણ તત્ત્વ છે: પિત્ત, કફ અને વાયુ. વૈદકશાસ્ત્ર કહે છે કે જ્યારે પિત્ત નાડી ચાલતી હોય ત્યારે ભોજન કરવું જોઈએ. પિત્ત નાડી ક્યારે ચાલે છે કે તેને પોષક સૂર્યનાં કિરણ મળે ત્યારે. અર્થાત્ આપણા હૃદયકમળને અને નાભિકમળને સૂર્ય સાથે સંબંધ છે. જેમ સૂર્યવિકાસી કમળ સૂર્યના ઉદયે પ્રફુલ્લિત થાય છે તેમ આપણા જઠરને પણ જ્યારે સૂર્યનાં કિરણ મળે છે ત્યારે પિત્ત નાડી પોતાનું કામ કરતી હોવાથી અંદર નાંખેલું ભોજન સુખપૂર્વક પાચન થઈ શકે છે. પણ આકાશમાં જ્યારે ચારે તરફથી વાદળ ઘેરાયું હોય, સૂર્યનાં કિરણ પણ પૃથ્વી પટ ઉપર પડી શકતાં ન હોય, તે વખતે એની એ જ રસોઈ હોય છે, એના એ જ આપણે ખાનાર હોઈએ છીએ. છતાં આપણને જોઈએ તેટલી ભૂખ લાગતી નથી, જઠર જોઈએ તેટલું કામ કરી શકતું નથી. ત્યારે આપણે કહેવું પડે છે કે–જઠરને પ્રદીપ્ત કરનાર સૂર્યનાં કિરણો મળતાં નથી. અર્થાત્ દિવસના પણ જ્યારે સૂર્ય વાદળાથી ઢંકાઈ જાય છે ત્યારે ખાધેલાં ભોજન પચી શકતાં નથી, તો રાત્રે ખાધેલાં ભોજન કઈ રીતે પચી શકે? આવી સીધી અને સરલ વાત સૌ કોઈ સમજી શકે તેમ છે,

શાસ્ત્રદૃષ્ટિ–દુનિયામાં કેટલાક સિદ્ધાંત એવા હોય છે કે એમાં કોઈનો પણ મતભેદ હોઈ શકતો નથી. જેમ બે ને બે ચાર–એને માટે તમે એશિયા, અમેરિકા, આફ્રિકા કે યુરોપ–કોઈ પણ સ્થળે જઈને પૂછો તો એકી અવાજે એક જ જવાબ મળશે તેમ જૈનશાસ્ત્ર હોય કે જૈનેતરશાસ્ત્ર હોય પણ કોઈ પણ રાત્રિભોજન કરવા કહેશે નહીં. જૈનશાસ્ત્ર તો પોકારી પોકારીને કહે છે કે ચતુર્વિધ સંઘ પૈકી કોઈ પણ વ્યક્તિએ રાત્રિભોજન કરવું નહીં. આટલાથી પણ નહીં અટકતાં સાધુ–સાધ્વીને તો ભાર દઈને કહેવામાં આવેલુ છે કે તમારે તો રાત્રિભોજન જિંદગી પર્યન્ત સર્વથા ત્યાગ કરવાનું છે. અને ચઉભંગીથી બચવાનું છે—

(૧) રાતના લાવીને રાત્રે વાપરવું.
(૨) રાતના લાવીને દિવસે વાપરવું.
(૩) દિવસના લાવીને રાત્રે વાપરવું.
(૪) અને દિવસના લાવીને રાત્રે રાખી બીજે દીવસે વાપરવું.

ઉપરોક્ત ચઉભંગીનો જૈનશાસ્ત્રે સાધુ–સાધ્વી માટે સર્વથા નિષેધ કરેલો છે. એટલા જ માટે સાધુ–સાધ્વીને ઉપસ્થાપના એટલે વડી દીક્ષા (મોટી દીક્ષા) વખતે પાંચ મહાવ્રત ઉચ્ચરાવ્યા બાદ છઠ્ઠું રાત્રિભોજન નામનું વ્રત ઉચ્ચરાવવામાં આવે છે. આને મહાવ્રત નહીં કહેતા વ્રત જે કહેવામાં આવેલું છે, તે એટલા જ માટે કે ગૃહસ્થાવાસમાં રહેલ શ્રાવક–શ્રાવિકા પણ આ વ્રત ઉચ્ચરી શકે છે. અર્થાત્ આની જીવન પર્યંત પ્રતિજ્ઞા કરી શકે છે.

સૂર્યોપાસક રાત્રિભોજન કઇ રીતે કરી શકે?–જે લોકો સૂર્યને ઇષ્ટદેવ તરીકે સ્વીકારે છે, તે લોકો દિવસે પણ જો સૂર્યને રાહુએ ઘેરી લીધો હોય. અર્થાત્ સૂર્યગ્રહણ થયેલું હોય તે વખતે ઘરમા રહેલ ગોળાનું પાણી પણ બહાર ફેંકી દે છે, તો પછી ખાવાની તો વાત જ ક્યાંથી? આમ કરવાનું કારણ શું? સૂર્યનો અસ્ત તો હજુ થયો નથી માત્ર રાહુએ ઘેરી લીધો તેમાં તો આ રીતે કરવું પડે છે. તો પછી તેઓને સૂર્યાસ્ત થઈ ગયા બાદ રાત્રે ભોજન કરવું તે કઇ રીતે કલ્પી શકે? અર્થાત્ સૂર્યોપાસકને રાત્રિભોજન કરવું બિલકુલ ઉચિત નથી.

નક્તભોજી વ્રતનો ખરો અર્થ–કેટલાએક જૈનેતર ભાઈઓ તરફથી કહેવામાં આવે છે કે અમારા શાસ્ત્રમાં તો 'નક્તભોજી વ્રત' કરવાનું કહ્યું છે, માટે અમે રાત્રિભોજન કરીએ છીએ. એ ભાઈઓએ જરા ઊંડા ઊતરીને નક્તભોજી વ્રતનું પ્રતિપાદન કરતા શ્લોકનો અર્થ સમજવાની જરૂર છે.

"दिवस्याष्टमे भागे मंदीभूते दिवाकरे ॥
नक्तं तद्धि विजानीयान्न नक्तं निशि भोजनम् ॥५७॥

દિવસોનો આઠમો ભાગ કે જે અવસરે સૂર્યનું તેજ મંદ થાય છે તે વખતે ભોજન કરવું તે નક્ત ભોજન (એટલે નક્તભોજી વ્રત) જાણવું, પણ રાત્રિભોજન જે કરવું તે નક્તભોજન ન કહેવાય.

હવે આપણે જૈન-જૈનેતર બન્નેના શાસ્ત્રોક્ત પાઠોને જોઇએ.

देवैस्तु भुक्तं पूर्वाह्णे, मध्याह्ने ऋषिभिस्तथा ।
अपराह्णे तु पितृभिः, सायाह्ने दैत्यदानवैः ॥
संध्यायां यक्षरक्षोभिः, सदा भुक्तं कुलोद्वह ।
सर्ववेलां व्यतिक्रम्य, रात्रौ भुक्तमभोजनम् ॥

—યજુર્વેદ આહ્નિક, શ્લોક ૨૪-૧૯.

હે યુધિષ્ઠિર ! નિરંતર દેવોએ દિવસના પહેલા ભાગમાં ભોજન કરેલું છે, મધ્યાહ્ને ઋષિઓએ ભોજન કરેલું છે, ત્રીજા પહોરે પિતૃઓએ ભોજન કરેલું છે, સાંજે દૈત્ય તથા દાનવોએ ભોજન કરેલું છે, અને સંધ્યાવેળાએ યક્ષ તથા રાક્ષસોએ ભોજન કરેલું છે. આ સર્વ દેવાદિકની ભોજન વેળાઓ ઉલંઘીને જે રાત્રિભોજન કરવું તે અભોજન છે. અર્થાત્ તે દુષ્ટ (અગ્રાહ્ય) ભોજન છે.

हृन्नाभिपद्मसंकोचश्चंडरोचिरपायतः ।
अतो नक्तं न भोक्तव्यं, सूक्ष्मजीवादनादपि ॥

—યજુર્વેદ, માધ્યંદિની શાખા, શ્લો. ૧૨૯ મો.

સૂર્ય અસ્ત થયા પછી હૃદયકમળ અને નાભિકમળ સંકોચાઈ જાય છે, તેથી તથા સૂક્ષ્મ જીવોનું પણ ભક્ષણ થઈ જાય છે, માટે રાત્રિભોજન ન કરવું.

त्रयीतेजोमयो भानुरिति वेदविदो विदुः ।
तत्करैः पूतमखिलं शुभं कर्म समाचरेत् ॥
नैवाहुतिर्न च स्नानं न श्राद्धं देवतार्चनम् ।
दानं वा विहितं रात्रौ भोजनं तु विशेषतः ॥

યોગશાસ્ત્ર, તૃ૦ પ્ર૦, શ્લોક ૫૫-૫૬

વેદના જાણકારો સૂર્યને ત્રણ તેજોમય (ઋગ્વેદ, યજુર્વેદ, અને સામવેદ એ ત્રણે વેદોનું તેજ સૂર્યમાં સંક્રમે છે માટે તેને ત્રિતેજોમય) કહે છે. તેનાં કિરણોએ કરી પવિત્ર થયેલાં સર્વે શુભ કાર્ય સમાચરવાં. રાત્રે આહુતિ, સ્નાન, શ્રાદ્ધ, દેવતાર્ચન અને દાન એ ન કરવાં, તથા ભોજન વિશેષ પ્રકારે ન કરવું.

अन्नं प्रेतपिशाचाद्यैः, संचरद्भिर्निरंकुशैः ।
उच्छिष्टं क्रियते यत्र, तत्र नाद्यादिनात्यये ॥

રાત્રિ વખતે નિરંકુશપણે વિચરતાં પ્રેત પિશાચાદિકો અન્નને એઠું કરે છે, માટે સૂર્યાસ્ત થયા પછી ભોજન ન કરવું.

घोरांधकाररुद्धाक्षैः, पतंतो तत्र जंतवः ।
नैव भोज्ये निरीक्ष्यंते, तत्र भुंजीत को निशि ॥

ઘોર અંધકારથી નેત્રની શક્તિ રૂંધાઈ જવાવાળાં મનુષ્યો જે ભોજનની અંદર પડતા જંતુઓને જોઈ શકતાં નથી, તે રાત્રિ વિષે કોણ ભક્ષણ કરે.

अस्तंगते दिवानाथे, आपो रुधिरमुच्यते ।
अन्नं मांससमं प्रोक्तं मार्कण्डेन महर्षिणा ॥

દિવસોનો પતિ સૂર્ય જ્યારે અસ્ત થયો હોય ત્યારે પાણી રુધિર (લોહી) સમાન છે, અને અન્ન માંસ સમાન છે. એમ માર્કંડ નામના મહર્ષિએ (માર્કંડપુરાણમાં) કહેલું છે.

चत्वारो नरकद्वाराः, प्रथमं रात्रिभोजम् ।
परस्त्रीगमनं चैव, सन्धानानंतकायिके ॥

નરકમાં જવાનાં ચાર દ્વાર છે. પહેલું રાત્રિભોજન, બીજું પર સ્ત્રી ગમન, ત્રીજું સન્ધાન કહેતાં અથાણું (ખાવું), અને ચોથું અનંતકાય (નું ભક્ષણ કરવું).

मृते स्वजनमात्रेऽपि, सूतकं जायते किल ।
अस्तङ्गते दिवानाथे, भोजनं क्रियते कथम् ॥

—માર્કંણ્ડપુરાણ, અધ્યાય ૨૩, શ્લો. ૩૦

કોઇ પણ સ્વજન માત્ર મરી જાય છે ત્યારે સૂતક લાગે છે, તો પછી સૂર્ય (કે જે દિવસોનો સ્વામી છે તે) અસ્ત પામે મરણ પામે, ત્યારે શી રીતે ભોજન કરાય? અર્થાત્ ન જ કરાય,

त्वया सर्वमिदं व्याप्तं, ध्येयोऽसि जगतां रवे ! ।
त्वयि चास्तमिते देव ! आपो रुधिरमुच्यते (न्ते) ॥

—સ્કન્દપુરાણાન્તર્ગત રુદ્રપ્રણીત કપાલમોચન સ્તોત્ર, શ્લોક ૨૪

હે સૂર્ય ! આ સર્વ જગત તારાથી વ્યાપ્ત છે, તું ત્રણ ભુવનના પ્રાણીઓને ધ્યાન કરવા લાયક છે (માટે) હે દેવ ! તું જ્યારે અસ્ત પામે છે ત્યારે જળ પણ રુધિર સમાન કહેવાય છે, અર્થાત્ રાત્રે પાણી પણ પીવા લાયક નથી, તો પછી ભોજનની તો વાત જ શી ?

नक्तं न भोजयेद्यस्तु, चातुर्मास्ये विशेषतः ।
सर्वकामानवाप्नोति, इह लोके परत्र च ॥

—યોગવાસિષ્ઠ, પૂર્વાર્ધ, શ્લોક ૧૦૮

જે મનુષ્ય રાત્રે ભોજન કરતો ન હોય અને વિશેષ કરીને ચાતુર્માસમાં (રાત્રે) ભોજન કરતો ન હોય, તે આ ભવ તથા પરભવમાં સર્વ મનોરથને પ્રાપ્ત કરે છે.

एकभक्ताशनान्नित्य-मग्निहोत्रफलं लभेत् ।
अनस्तभोजनो नित्यं, तीर्थयात्राफलं भजेत् ॥

—સ્કન્દપુરાણ, સ્કંધ ૭, અધ્યાય ૧૧, શ્લોક ૨૩૫

જે માણસ હમેશાં એક વાર ભોજન કરે, તે અગ્નિહોત્રના ફળને પામે છે. અને જે હમેશાં સૂર્યાસ્ત પહેલાં ભોજન કરે છે–(અર્થાત્ રાત્રિભોજનનો ત્યાગ કરે છે, તે તીર્થયાત્રાનું ફળ પામે છે.

ये रात्रौ सर्वदाऽऽहारं, वर्जयन्ति सुमेधसः ।
तेषां पक्षोपवासस्य, फलं मासेन जायते ॥

—મહાભારત, શાન્તિપર્વ, શ્લોક ૧૬

જે સારી બુદ્ધિવાળા માણસો સર્વદા રાત્રિએ આહારનો ત્યાગ કરે છે, તેમને એક મહિના (સુધી રાત્રિભોજનનો ત્યાગ કરવા) થી પંદર ઉપવાસનું ફળ પ્રાપ્ત થાય છે.

नोदकमपि पातव्यं, रात्रावत्र युधिष्ठिर ।
तपस्विनां विशेषेण, गृहिणां च विवेकिनाम् ॥

—માર્કણ્ડપુરાણ, અધ્યાય ૩૦, શ્લોક ૨૨

હે યુધિષ્ઠિર! વિશેષે કરીને તપસ્વીઓએ તથા વિવેકી ગૃહસ્થોએ રાત્રિના સમયે જળ પણ પીવું નહીં જોઇએ. (તો પછી ભોજનનું તો પૂછવું જ શું!)

पयोदपटलस्थेन, नाश्नन्ति रविमंडले ।
अस्तंगते तु भुंजाना, अहो भानोः सुसेवकाः ॥

—માર્કણ્ડપુરાણ, અધ્યાય ૩૩, શ્લોક ૪૩

સૂર્યમંડલ જ્યારે વાદળાંઓની ઘટાથી આચ્છાદિત થઈ જાય છે ત્યારે, જે લોકો ભોજનનો ત્યાગ કરે છે તે જ લોકો (જ્યારે) રવિમંડલ અસ્ત થઈ જાય તોપણ ભોજન કરે ત્યારે તો એમની સૂર્યદેવની ભલી પૂજાને ધન્યવાદ જ ઘટે છે! (અર્થાત્ સૂર્ય વાદળાંથી ઢંકાઈ જાય ત્યારે ભોજનનો ત્યાગ કરીને સૂર્યપૂજાનો ડોળ કરનારા સૂર્ય અસ્ત પામે ત્યારે ભોજન કેમ કરી શકતા હશે!)

नापेक्ष्य सूक्ष्मजंतूनि, निश्यद्यात् प्राशुकान्यपि ।
अप्युद्यत्केवलज्ञानैर्नादृतं यन्निशाशनम् ॥

—યોગશાસ્ત્ર, પ્રકાશ ૩, શ્લોક ૫૩

રાત્રે સૂક્ષ્મ જંતુઓ જોઈ શકતાં નથી, માટે પ્રાશુક (અચિત્ત અનુપમ) પણ ન ખાવાં, કેમકે પ્રગટ કેવળજ્ઞાનીઓએ પણ તેનું રાત્રિભોજન કરવું સ્વીકાર્યું નથી.

धर्मविन्नैव भुंजीत, कदाचन दिनात्यये ।
बाह्या अपि निशाभोज्यं, यदभोज्यं प्रचक्षते ॥

—યોગશાસ્ત્ર, પ્રકાશ ૩, શ્લોક ૫૪

ધર્મના જાણકાર મનુષ્યે દિવસ અસ્ત થયા પછી કોઈ વખત ખાવું નહીં. (જૈન દર્શન સિવાય) અન્ય દર્શનકારો પણ રાત્રિભોજનને અભોજન તરીકે કહે છે.

संसरज्जीवसंघातं, भुंजाना निशिभोजनम् ।
राक्षसेभ्यो विशिष्यंते, मूढात्मानः कथं नु ते ॥
वासरे च रजन्यां च, यः खादन्नेव तिष्ठति ।
शृंगपुच्छपरिभ्रष्टः, स्पष्टं स पशुरेव हि ॥
अह्नोमुखेऽवसाने च, यो द्वे द्वे घटिके त्यजन् ।
निशाभोजनदोषज्ञोऽश्नात्यसौ पुण्यभाजनम् ॥

—યોગશાસ્ત્ર, પ્રકાશ, ૩, શ્લોક ૬૧, ૬૨, ૬૩

જે ભોજનમાં અનેક જીવો એકઠા મળ્યા છે તેવા રાત્રિભોજનને ખાનારા મૂઢ જીવોને રાક્ષસોથી જુદા કેમ પાડી શકાય? અર્થાત્ રાક્ષસોથી તેમાં વિશેષતા કાંઈ નથી. (૬૧) દિવસે અને રાત્રે જે માણસ ખાતો જ રહે છે તે શિંગડાં પૂંછડા વગરનો પ્રગટ રીતે પશુ જ છે. (૬૨) જે રાત્રિ ભોજનના દોષનો જાણનારો દિવસની આદિની અને દિવસના અંતની બબ્બે ઘડી (૪૮ મિનીટ) છોડીને ભોજન કરે છે તે પુણ્યનું ભાજન થાય છે.

ये वासरं परित्यज्य, रजन्यामेव भुंजते ।
ते परित्यज्य माणिक्यं, काचमाददते जडा ॥
वासरे सति ये श्रेयस्काम्यया निशि भुंजते ।
ते वपंत्युषरे क्षेत्रे शालीन् सत्यपि पल्वले ॥

—યોગશાસ્ત્ર, પ્રકાશ ૩, શ્લોક ૬૫–૬૬

જે મનુષ્યો દિવસને છોડીને રાત્રિમાં જ ભોજન કરે છે તે જડ મનુષ્યો માણેકનો ત્યાગ કરીને કાચ ગ્રહણ કરે છે (૬૫) દિવસ વિદ્યમાન છે; છતાં જે કલ્યાણની ઇચ્છાએ રાત્રિભોજન કરે છે, તે મીઠા પાણીના ક્યારા ભરેલા છે છતાં પણ ખારી જમીનવાળા ક્ષેત્રમાં ડાંગર વાવે છે તેના સરખું કરે છે.

स्वपरसमये गर्हितं आद्यं स्वभ्रस्य गोपुरम् ।
सर्वज्ञैरपि यत्त्यक्तं पापात्म्यं रात्रिभोजनम् ॥

—ઉપદેશપ્રાસાદ ભાષાન્તર, સ્તંભ, ૮, વ્યા૦ ૧૧૭

પોતાનાં અને બીજાનાં શાસ્ત્રોમા નિંદાયેલું, નરકના પ્રથમ દ્વાર સમાન, અને જેનો સર્વજ્ઞોએ પણ ત્યાગ કર્યો છે એ રાત્રિભોજન પાપરૂપ છે. (અર્થાત્ રાત્રિભોજન કરવાથી નરક ગતિમાં જન્મ લેવો પડે છે)

चतुर्विधं त्रियामाया-मशनं स्यादभक्ष्यकम् ।
यावज्जीवं तत्प्रत्याख्यं धर्मेच्छुभिरुपासकैः ॥

—ઉપદેશપ્રાસાદ, સ્તંભ ૮, વ્યા૦ ૧૧૬

રાત્રિના સમયે ચારે પ્રકારનો આહાર અભક્ષ્ય ગણવામાં આવ્યો છે, એટલા માટે ધર્મની ઇચ્છાવાળા ઉપાસકોએ એનું જીવનપર્યંત પચ્ચખ્ખાણ કરવું જોઈએ.

ततो वैकालिकं कार्यं, मिताहारमनुत्सुकम् ।
घटिकाद्वयशेषेऽह्नि, कालौचित्याशनेन च ॥

—વિવેક વિલાસ, ચતુર્થ ઉલ્લાસ, શ્લોક ૩

ત્યારપછી (દૈનિક વ્યાપાર સમ્બન્ધી કામકાજ કર્યા પછી) બે ઘડી દિવસ શેષ રહે ત્યારે ઉત્સુકતા રહિતપણે, કાળને ઉચિત ભોજન વડે, પરિમિત આહારવાળું વાળું કરવું. (એટલે કે રાત્રિ પડ્યા પહેલાં જ વાળું કરવું.)

भानोः करैरसंस्पृष्ट-मुच्छिष्टं प्रेतसंचरात् ।
सूक्ष्मजीवाकुलं चापि, निशि भोज्यं न युज्यते ॥

—વિવેકવિલાસ, ચતુર્થ ઉલ્લાસ, શ્લોક ૪

સૂર્યનાં કિરણોથી સ્પર્શ નહીં કરાયેલું, ભૂત-પ્રેતના સંચારથી ઉચ્છિષ્ટ (એઠું) થયેલું અને સૂક્ષ્મ સંપાતિમ જીવોથી વ્યાપ્ત એવું રાત્રિભોજન કરવું ઉચિત નથી.

हिंस्यन्ते प्राणिनः सूक्ष्मा, यत्राशुच्यभिभक्ष्यते ।
तद्रात्रिभोजनं संतो, न कुर्वन्ति दयापराः ॥

—સુભાષિતરત્નસંદોહ, શ્લોક ૭૬૬.

જેમાં (અસંખ્ય) સૂક્ષ્મ જીવોની હિંસા થાય છે, (અને તે જીવોની હિંસાના કારણે) જેમાં અપવિત્રતા આવે છે એવા [illegible]

એ સિવાય પણ શાસ્ત્રોમાં અનેક પુરાવા તથા દૃષ્ટાંતો મોજુદ છે, પણ સ્થળ સંકોચને અંગે અહીં આટલા જ આપ્યા છે. વિશેષ જિજ્ઞાસુએ અન્ય સ્થળેથી જોઈ લેવા.

રાત્રિભોજન કરવાથી પ્રાપ્ત થતા અવતારો–રાત્રિભોજન કરવાથી અનેક જાતના ક્ષુદ્ર અવતારો પ્રાપ્ત કરવા પડે છે. જુઓ—

उलूककाकमार्जार-गृध्रशंबरशूकराः ।
अहिवृश्चिकगोधाश्च जायंते रात्रिभोजनात् ॥

—મહાભારત, જ્ઞાનપર્વ, અધ્યાય ૭૦, શ્લોક ૨૦૩

રાત્રિભોજન કરવાથી ઘુવડના અવતારો, કાગડાના અવતારો, બિલાડીના અવતારો, ગીધના અવતારો, સાબરના અવતારો, ભૂંડના અવતારો, સર્પના અવતારો, વીંછીના અવતારો અને ઘો વગેરે અવતારો મળે છે.

પ્રતિજ્ઞા સિવાય ફળ મળતું નથી–દિવસના ભોજન કરવા છતાં રાત્રિભોજનનાં પચ્ચખ્ખાણ કરવામાં ન આવે તો રાત્રિભોજનના ત્યાગનું ફળ મળતું નથી. કહ્યું છે કે—

अकृत्वा नियमं दोषाभोजनाद्दिनभोज्यपि ।
फलं भजेन्न निर्व्याजं न वृद्धिर्भाषितं विना ॥

—યોગશાસ્ત્ર, પ્રકાશ ૩, શ્લોક ૬૫

દિવસે ભોજન કરે છે છતાં પણ રાત્રિભોજન ત્યાગનો નિયમ ન કરેલો હોવાથી ફળ મળતું નથી. લોકમાં પણ એ ન્યાય છે કે વ્યાજબી બોલી કર્યા વિના મૂકેલી થાપણનું વ્યાજ મળતું નથી. (અર્થાત્ રાત્રિભોજન નહીં કરનારે અવશ્ય રાત્રિભોજનની પ્રતિજ્ઞા કરી લેવી જોઈએ અને કરનારે અનેક દોષોથી બચવા માટે અને રાત્રિભોજન ત્યાગનું ફળ પ્રાપ્ત કરવા માટે અવશ્ય નિયમ હોવો જોઈએ.)

ઉપસંહાર—આરોગ્યની દૃષ્ટિએ, અહિંસાની દૃષ્ટિએ, વૈદિકની દૃષ્ટિએ, અને શાસ્ત્રની દૃષ્ટિએ, રાત્રિભોજન કરવું તે લેશ માત્ર પણ ઉચિત નથી એમ ઉપરોક્ત કથન પરથી વાચકો સૌ સમજી શક્યાં હશે. રાત્રિભોજન કરનાર જૈન કે જૈનેતર ભાઈ આ લેખને મનન પૂર્વક વાંચી, હૃદયમાં ઉતારી, રાત્રિભોજનનો જિંદગી પર્યંત ત્યાગ કરવા પ્રતિજ્ઞા કરશે એમ ઈચ્છતો આ લેખને પૂર્ણ કરું છું.

[ટાઇટલના બીજા પાનાથી ચાલુ]

સત્ય જ હોય છે. અપેક્ષાની બહાર સત્યને ખેંચી શકાય નહિ. અપેક્ષા વિના જો તે સત્યો વિચારવામાં આવે તો પક્ષ અને પ્રતિપક્ષનો મહાન ઝઘડો ઉપસ્થિત થાય છે. તેથી હરેક સત્યને તેની અપેક્ષા લાગુ કરી મધ્યસ્થ વૃત્તિ રાખવી જોઈએ. જ્ઞાની પુરુષ મધ્યસ્થ અને સર્વનયાશ્રિત વિશ્વદૃષ્ટિવાળા મહાત્મા હોય છે.

કોઈ પણ વસ્તુ વિષે અનંત દૃષ્ટિ છે જ. તેમાંની એક એક દૃષ્ટિએ વસ્તુનું જે સત્ય કહેવામાં આવે તે તે દૃષ્ટિ–અપેક્ષા તે તે સત્ય સાથે ગાઢ સંબંધ રાખે છે. અપેક્ષા દૂર કરી માત્ર સત્યને પકડી શકાતું નથી. એવું સત્ય તે કાંઈ કામનું નથી. દરેક અપેક્ષાને સમજનાર જ્ઞાની પુરુષ વસ્તુ વિષેની તે અપેક્ષા અને સત્ય બન્ને વિચારી શકે છે, અને ત્યારે જ તે સત્ય પ્રમાણ બને છે.

વસ્તુ વિષે એક જ દૃષ્ટિથી સત્ય ઉચ્ચારી વસ્તુ એમ જ છે અને બીજું કાંઈ નથી એમ જેઓ વિવેચન કરે છે, તેઓ વસ્તુસ્વભાવને સમજ્યા નથી; અન્ય અનંત દૃષ્ટિઓ તે જ વસ્તુ સંબંધમાં લાગુ પડે છે, એવો વસ્તુનો સ્વભાવ તેઓ નિહાળી શક્તા નથી પોતે જોયેલ સત્યને જ સાચું ગણી પોતાની મિથ્યાભાનની વૃત્તિ પોષે છે અને તેના પરિણામે કલહકંકાસ અને વિગ્રહ થાય છે. પરંતુ જે આત્માઓ વસ્તુના ઉપર કહેલા સ્વભાવ નિયમને જાણે છે તેઓ તો હરેક સત્ય સાથે તે તે સત્યની અપેક્ષાને સમજે છે, સમજવા પ્રયત્ન કરે છે અને હરેક સત્યો અને તેની અપેક્ષાઓ સમજી તેને કબૂલ રાખે છે. તેઓ મધ્યસ્થ વૃત્તિ રાખવો સઘળા પર અનુગ્રહ કરે છે. તેઓના જ્ઞાનનું સફળપણું છે.

જેને તત્ત્વ જાણવું છે તેણે વસ્તુના અનંતધર્માત્મક સ્વભાવના નિયમને જાણવો રહ્યો. દરેક દૃષ્ટિએ વસ્તુ વિષેનું સત્ય વિચારી અપેક્ષાઓ લાગુ કરવામાં આવે છે અને ત્યારે તે સત્ય સ્પષ્ટ દેખાય છે, એમ દરેક સત્ય વિષે તે અપેક્ષાઓ સમજવાથી તે સ્વરૂપ સમજી શકાય છે. એટલે તત્ત્વજ્ઞાન–ખરૂં જ્ઞાન થાય છે. આમ અપેક્ષાઓ અને તેનાં સત્ય સમજવાથી તત્ત્વબોધ અને પરિણામે કલ્યાણનિષ્પત્તિ થાય છે. પરંતુ 'મારૂં તે સાચું' અને એટલું જ સાચું એમ વાદ કરવાથી તો બીજાના સત્યની અપેક્ષા ન સમજવાથી તે સત્યનું દર્શન થતું નથી એટલે તત્ત્વજ્ઞાન મળતું નથી અને હાનિ જ થાય છે.

જેઓ વસ્તુના સ્વભાવને, અનંત દૃષ્ટિને અને અનંત સત્યને અંતરાત્મા વડે સમજ્યા છે તેઓએ જગતના કલ્યાણનો ખરો માર્ગ બતાવ્યો છે, તેઓ જ જગતને સાચો માર્ગ આપી શકે છે, કારણ કે હરેક સત્યને તેઓ ઉચ્ચારે છે, તેની સાથે તેની અપેક્ષા બતાવવામાં આવે છે અને એમ વસ્તુ વિષેનું તેઓ ખરું તત્ત્વ વિશ્વને રજુ કરે છે.

અમુક માણસો નિશ્ચય માર્ગ જ છે તેમ કહી વ્યવહારનું ઉત્થાપન કરે છે, બીજા વળી વ્યવહાર માર્ગ જ છે એમ કહી નિશ્ચયનું ઉત્થાપન કરે છે; કોઈ જ્ઞાન છે ક્રિયાની જરૂર નથી તેમ કહે છે; તેથી વિરુદ્ધ કોઈ ક્રિયા છે અને જ્ઞાનની જરૂર નથી તેમ કહે છે; આમ કહેનારા બધા બીના ભૂલે છે અને શુદ્ધ માર્ગ પર આવી શકતા નથી. હરેક માર્ગ તેને લગતી અપેક્ષાઓ સમજી સત્ય છે તેમ શ્રદ્ધા રાખવી ઘટે છે, તેનું જ્ઞાન મેળવવું ઘટે છે. તેવી સત્યાસત્યની પરીક્ષા કરવી તે જ વાજબી છે. પક્ષપાત તજી સઘળાં સત્યોને તેમની અપેક્ષાએ સમજી પરીક્ષા કરવી તેમાં જ પરમ તત્ત્વ અને પરમાનન્દપણું મળે છે.

દરેકે વસાવવા યોગ્ય

શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

(૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

(૨) દીપોત્સવી અંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક : મૂલ્ય સવા રૂપિયો.

(૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ-વિશેષાંક

સમ્રાટ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંક : મૂલ્ય દોઢ રૂપિયો.

શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩—જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ચાર આના.

[૨] ક્રમાંક ૪૫—ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના.

કાચી તથા પાકી ફાઈલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, ચોથા, પાંચમા, આઠમા, દસમા વર્ષની કાચી તથા પાકી ફાઈલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા.


ભગવાન મહાવીરસ્વામીનું ત્રિરંગી ચિત્ર

ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઈએ દોરેલું સુંદર ચિત્ર. ૧૦"x૧૪"ની સાઈઝ, સોનેરી બોર્ડર: મૂલ્ય ચાર આના (ટપાલ ખર્ચનો દોઢ આનો).

—લખો—

જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશીંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.

મુદ્રક:-મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય—અમદાવાદ. પ્રકાશક:—ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ—અમદાવાદ.



વર્ષ ૧૧ અંક ૪ અમદાવાદ : ૧૫-૧-૪૬ ક્રમાંક ૧૨૪

વિષય - દર્શન

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : છૂટક ચાલુ અંક ત્રણ આના

મુનિરાજ શ્રી કુશલહર્ષકૃત

આહડપુરમંડણુ શ્રીધર્મજિન–સ્તવન

સંગ્રાહક–પૂજ્ય મુનિમહારાજ શ્રી રમણિકવિજયજી

આજ સફલ દિન મુઝતણુએ, દીઠા ધર્મજિણંદ મનોરથ સવિ ફલ્યા એ. ૧
આહડપુરવર મંડણુઓ એ, પ્રણમઈ સુરનર કોડી કે ધર્મજિન વંદિએ એ. ૨
માણિક હેમ રજત તણાએ, તીન રચઈ ગઢ દેવ કે ચ્યારિ નિકાયના એ. ૩
તીન છત્ર સિર સોભતાં એ, ઠકુરાઈ પ્રભુ જોય કે તીન ભુવન તણી એ. ૪
ધુપ ઘટી તિહાં મહિમહિ એ, ચામર ઢાલઈ ઈંદ્ર કે જિન આગલિ ખડા એ. ૪
ફુલ પગર ઢીંચણુ સમઈ એ, ઉંધઈ બીંટિ રચંતિ કે મહિમા જિન તણુ એ. ૬
ત્રિગડઈ બઈઠા જિનવર એ, દીઈ દેસના જિનવાણી કે યોજનગામિણિ એ. ૭
દેવદુંદુભિ ગયણંગણિ એ, વાજઈ વાજિત્ર કોડિ કે અણુવાયાં ઘણાં એ. ૮
મલિય સવે સુર અંગના એ, ગાઈં સરસઈ સાદિ કે જિનપદ આલવઈ એ. ૯
કેવલ કમલા સાગરૂ એ, ધર્મજિણેસર દેવ કે આહડમંડણુ એ ૧૦
કુશલહર્ષ સાહિબ મિલઓ એ, ધર્મજિણંદ દયાલ કે આશા મિવ ફલા એ. ૧૧

"જાલોર ચૈત્યપરિપાટીના સંપાદનમાં ભૂલો" અંગે

ખુલાસો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ના ૧૧ મા વર્ષના બીજા અંકમાં પૂ. પં. શ્રી. કલ્યાણુ-વિજયજી મહારાજે 'જાલોર ચૈત્યપરિપાટીના સંપાદનમાં ભૂલો' શીર્ષક લેખ લખી આ જ માસિકના વર્ષ ૧૦ માના છઠ્ઠા અંકમાં મેં પ્રગટ કરેલ 'નગાગણિવિરચિત જાલોર નગર પંચ જિનાલય ચૈત્યપરિપાટી" લેખ અંગે મારા ઉપર કેટલીક ટીકા કરી છે. એ ટીકાને મહત્ત્વ ન આપતાં, આ સંબંધમાં નીચેનો ખુલાસો પ્રગટ કરવો જરૂરી સમજું છું.

હું એ કબુલ કરું છું કે પૂ. પંન્યાસજી મહારાજના લેખમાંની કેટલીક વિગતોનો મેં ઉપયોગ કર્યો છે. પણ સાથે સાથે એ પણ, જણાવવું આવશ્યક છે કે એ લેખમાંની વિગતો ઉપરાંત મેં સાક્ષરવર્ય શ્રીજિનવિજયજીના 'પ્રાચીન લેખ સંગ્રહ' ભાગ બીજામાંની તેમ જ 'યતીન્દ્રવિહારદિગ્દર્શન' પુસ્તકમાંની કેટલીક વિગતોનો પણ ઉપયોગ કર્યો છે. અને આ બધી વિગતો મેં અક્ષરશઃ ઉતારા રૂપે નહીં પણ મારી ભાષાદ્વારા ઉક્ત લેખમાં રજુ કરી છે; એ નાનાશા લેખમાં એવા અક્ષરશઃ ઉતારાને અવકાશ જ ન હતો.

વળી કોઈ પણ પ્રાચીન કૃતિના સંપાદન કે સંશોધનમાં પોતાના ઘરની વસ્તુ મૂકવાની હોતી જ નથી; તેમાં તો જે કંઈ વાંચ્યું, સાંભળ્યું કે અનુભવ્યું હોય તે જ વસ્તુ આધાર રૂપે રજુ થઈ શકે છે. અને આ બધી વસ્તુઓનો ખ્યાલ રાખીને જ મેં મારું નામ ઉક્ત લેખના લેખક તરીકે નહીં, પણ સંગ્રાહક તરીકે આપ્યું છે. એટલે પછી પારકાની વસ્તુ પોતાના નામે ચડાવી દેવાનો કોઈ સવાલ જ રહેતો નથી.

આશા છે ઉપરના ટૂંકા લખાણથી વાચકોને જરૂરી ખુલાસો મળી રહેશે.

મુંબઈ તા. ૮–૧૨–૪૫ —અંબાલાલ પ્રેમચંદ શાહ

॥ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

जेशींगभाईनी वाडी : घीकांटारोड : अमदावाद (गुजरात)

वर्ष ११	વિક્રમ સં. ૨૦૦૨ : વીરનિ. સં. ૨૪૭૨ : ઈ. સ. ૧૯૪૬	क्रमांक
अंक ४	પોષ શુદિ ૧૩ : મંગળવાર : ૧૫ મી જાન્યુઆરી	१२४

સં. ૧૮૫૨ માં રાધનપુરનિવાસી શેઠ સુરાશાહે કરાવેલ

મીયાંગામના શાંતિજિનમંદિરની પ્રતિષ્ઠાનું સ્તવન

સંગ્રાહક—પૂજ્ય મુનિમહારાજ શ્રી જયંતવિજયજી

(સાહીબા બાહુ જિનેશ્વર વિનવું, એ દેશીમાં ગવાય છે)

[મૂળ પ્રતમાં દેશી લખી નથી, પણ તાલમાં મળતી હોવાથી અહીં લખી છે.]

શ્રી શાંતિજિણેસર સાહિબા, તુંમે મોટા છો મહારાજ।
જિણુંદ રાયા હે, દિલભરિ દરિસણ દિજિએ (એ આંકણી)
આશ કરી આવ્યો ઇહાં, મુઝ સારો વંછિત કાજ ॥ જિ૦ ॥ દિ૦ ॥૧॥

મૂરતિ મોહન વેલડી, તારા તેજ તણો નહિ પાર ॥ જિ૦ ॥ દિ૦ ॥
સુંદર રૂપ સોહામણું, સહુ નિરખે વારોવાર ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૨ ॥

જગવલ્લભ પ્રભુ છો તુમે, તુમે જિવન પ્રાણઆધાર ॥ જિ૦ ॥ દિ૦ ॥
દેખી તુમ દેદારને, મુઝ હિયડે હરખ અપાર ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૩ ॥

જગપતિ જગમાં તું જયો, થયો શાસ્વત સુખનો સ્વામિ ॥ જિ૦ દિ૦ ॥
તે માંહીથી તિલ દીજીયે, વલી કીજીયે એટલું કામ ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૪ ॥

ભગતિવચ્છલ ભગવંત તું, તું છે દાંન દયાલ જ દેવ ॥ જિ૦ ॥ દિ૦ ॥
રૂસે ન તુસે તું પ્રભુ, પ્રભૂ એહસિ તારી ટેવ ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૫ ॥

પ્રભુ ઇણિ પરે તો નવિ કીજીએ, વલી દીજીયે વાંછિત દાન ॥ જિ૦ ॥ દિ૦ ॥
મેહર કરો મુઝ નાથજી, જિમ વાધે શેવક વાન ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૬ ॥

હું તો મોહી રહ્યો તુમ ઉપરે, તુમે નવિ મોહયા કાંઇ મુઝ ॥ જિ૦ ॥ દિ૦॥
ઇમ કીમ પીત વરે પડે, એ કહ્યું મેં મનનું ગૂઝ ॥ જિ૦ ॥ દિ૦ ॥ ૭ ॥

તે માટે તુમને કહું, હોય પખ્ખતણુ હોઇ હેત ॥ જિ૦ ॥ હિ૦ ॥
એક પખી પ્રિત નવિ હોઈ, એ સાચો છે સંકેત ॥ જિ૦ ॥ હિ૦ ॥ ૮ ॥

ઈમ જાણીને સાહિબા, ધરો, સેવક ઉપર પ્રીત ॥ જિ૦ ॥ હિ૦ ॥
તો મુઝ જસ હોઇ જગ વાધે, વાધે વલી બમણી પ્રિત ॥ જિ૦ ॥ હિ૦ ॥

પ્રીત વધાર પ્રભુ તુમે, આપો મુઝ અવિચળ રાજ ॥ જિ૦ ॥ હિ૦ ॥
ભવ ભવના પ્રભુ ભય હરો, કરો મુઝ મનવંછિત કાજ ॥ જિ ॥ હિ૦ ॥ ૧૦ ॥

તુમ તુઠે સવિ સુખ લહે, દહે વલી સઘલાં પાપ ॥ જિ૦ ॥ હિ૦ ॥
મોક્ષ મારગ કો નડે નહિ, જબ હોયે જગગુરૂની છાપ ॥ જિ૦ ॥ હિ૦ ॥ ૧૧ ॥

થોડે કહે ઘણું જાંણજ્યો, બહું સું કહું ગુણના ગેહ ॥ જિ૦ ॥ હિ૦ ॥
મુઝ મનવંછિત સવિ ફલ્યા, મોહ માગ્યા વરસ્યા મેહ ॥ જિ૦ ॥ હિ૦ ॥ ૧૨ ॥

આજ મોહ માગ્યા પાસા ઢલ્યા, વલ્યા દિવસ અનોપમ આજ ॥ જિ૦ ॥ હિ૦ ॥
આજ સુરતરૂ ફલીયાં આંગણે, આજ સરીયાં સઘલાં કાજ ॥ જિ૦ ॥ હિ૦ ॥ ૧૩ ॥

રાધનપુરનો સેઠીઓ, કાંઇ ધન ધન સૂરોસાહ ॥ જિ૦ ॥ હિ૦ ॥
તાસ પુત્ર અતિ દીપતો, વલી રંગજી રૂપ વિખ્યાત ॥ જિ૦ ॥ હિ૦ ॥ ૧૪ ॥

વલી જસરાજે જસ બહુ લીયો, ભાઇયો કેરી જોડ ॥ જિ૦ ॥ હિ૦ ॥
મોટી વહુના કહણથી, પુર્યા છે મનના કોડ ॥ જિ૦ ॥ હિ૦ ॥ ૧૫ ॥

વલ્લભવિજય પંડીત ભલા, ગીતારથ ગુણવંત ॥ જિ૦ ॥ હિ૦ ॥ ૧૬ ॥
કીધી પ્રતિષ્ઠા પ્રભુતણી, હરખ્યા બહુ સાજન સંત ॥ જિ૦ ॥ હિ૦ ॥ ૧૬ ॥

સંઘભગતિ સબલી કરી, સહુ સાજનને બહુ માન ॥ જિ૦ ॥ હિ૦ ॥
વરઘોડા બહુ વિધભલા, દીધાં જાચકને વલી દાન ॥ જિ૦ ॥ હિ૦ ॥ ૧૭ ॥

સંવત્ **અઢારએકાવને**, સુદિ વૈશાખ છઠ્ઠી સોમવાર ॥ જિ૦ ॥ હિ૦ ॥
દેહરે શિખર ચઢાવીઓ, થયો દેવલ અતિ સુખકાર ॥ જિ૦ ॥ હિ૦ ॥ ૧૮ ॥

પ્રભુ પધરાવ્યા તેહી જ દીને, ધજા ચડી બહુવિધ માન ॥ જિ૦ ॥ હિ૦ ॥
વાયુ વેગે અતિ હાલતી, કરે સ્વર્ગદેવોને સાન ॥ જિ૦ ॥ હિ૦ ॥ ૧૯ ॥

મીઆંગામે ભગતસંગ રાજમાં, કીધો સોલમા જિનનો પ્રાસાદ ॥ જિ૦ ॥ હિ૦ ॥
દેવલ અતિહિ દીપતો, કરતો મેરૂ સમોવડ વાદ ॥ જિ૦ ॥ હિ૦ ॥ ૨૦ ॥

પંડિત **ખેમાવિજય** તણો, આણી મનમાંહી ઉલ્લાસ ॥ જિ૦ ॥ હિ૦ ॥
લખમીવિજય ઈણી પરે વદી, સહુ સંઘની પુરજો આસ ॥ જિ૦ ॥ હિ૦ ૨૧ ॥

ઇતિ શાંતિનાથસ્તવન

પાટણનિવાસી ભોજક ગિરધરભાઇ હેમચંદના હસ્તખિલિત પુસ્તકોના સંગ્રહમાંથી ઉતાર્યું.

પ્રાચીન જૈનધર્મ

લેખક-શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી.

"વૈદિકેતર પંથમાં શ્રમણોને મુખ્ય સ્થાન આપવું જોઈએ. એમનું મુખ્ય ધ્યેય ઐહિક દુઃખમાંથી મુક્ત થવું એ છે, તથાપિ આ મુક્તતા મેળવવી કેવી રીતે? એ બાબતમાં મતભેદને લીધે તેમનામાં જુદા જુદા બાસઠ મતભેદ થયા. એમાંથી છ મહત્ત્વના છે. ને બુદ્ધના વખતમાં તેમને માન પણ સારું મળતું હતું. અક્રિયા, સંસાર શુદ્ધ, ઉચ્છેદ, અન્યોન્ય, ચાતુર્યામ સંવર ને વિક્ષેપ, આ છ વાદોનાં નામ છે. હમણાં આ પૈકી ચાતુર્યામ સંવર અથવા 'નિગ્રંથી' સિવાયના બીજા બધા પંથ નામશેષ થયેલા છે. 'સામઞ્ઞફલસુત્ત' નામનો બૌદ્ધ ગ્રંથ એમ જણાવે છે કે, આ પંથ મહાવીર સ્વામીએ સ્થાપ્યો છે; તથાપિ જૈન ગ્રંથોની અંદર આ બાબતમાં જુદાં જ વિધાનો કર્યાનું જણાય છે. તેમના મત પ્રમાણે મહાવીરનીયે પહેલાં આશરે અઢીસો વર્ષ અગાઉ પાર્શ્વનાથ તીર્થંકરે આ પંથ સ્થાપ્યો. હિંસા, અસત્ય, ચૌર્ય ને પરિગ્રહમાંથી નિવૃત્તિ, આ એ પંથનો મૂળ મંત્ર. આ નિયમચતુષ્ટયને જ ચાતુર્યામ નામ આપવામાં આવ્યું હતું. મહાવીરે આ ચતુષ્ટયને મૈથુનનિવૃત્તિ (નામા) પાંચમા યામ (નિયમ) ની જોડ દીધી.'

"ઉત્તરાધ્યયન સૂત્રમાં "પાર્શ્વ મહામુનિએ ઉપદેશેલો યામચતુષ્ટય જ વર્ધમાન મુનિએ પંચ શિક્ષારૂપે નિરૂપ્યો" એવું વર્ણન છે. સુત્તપિટક ગ્રંથમાં આ મત સંબંધે પુષ્કળ માહિતી મળે છે. પુનર્જન્મના તત્ત્વ પર આ મતના અનુયાયીઓનો વિશ્વાસ હતો. સંયમ અને તપની સહાયતાથી કૃતકર્મકર્દમ ધોઈ નાખી મુક્ત થવાના માર્ગને તેઓ અનુસરતા હતા. બાકીના પંથને છોડી દઈ આ એક જ જૈન પંથની આટલી સવિસ્તર ચર્ચા કરવાનું મુખ્ય કારણ એ છે કે, એ ધર્મ બૌદ્ધધર્મનીયે પહેલાંથી ચાલતો આવ્યો છે, એ વાચકોને સ્પષ્ટપણે બતાવી આપવું. ભગવાન બુદ્ધે આ પંથનાં જ અહિંસા, અસ્તેય, સત્ય વગેરે તત્ત્વો સ્વીકાર્યાં છે ને તેમાં થોડો ઘણો ફેરફાર કરીને પોતાનો પંથ પ્રસ્થાપ્યો છે. એમાંનાં અપરિગ્રહ, મૈથુનવિરતિ, આ તત્ત્વોને કિંચિત્ બદલીને બૌદ્ધ ગ્રહસ્થ ધર્મીઓ સારુ પરસ્ત્રી-વિરતિ આવું તેનું પરિવર્તન કર્યું. ઉપર જણાવેલા બાસઠ મતો પૈકી આજની ઘડી સુધી આ એક જ પંથ સારી રીતે જીવતો રહ્યો છે. હમણાં અસ્તિત્વમાં છે તે જૈનધર્મ જ એ પંથ છે. તેમાંનાં અમૂલ્ય એવાં પાચ તત્ત્વોને આધારે જ એ જીવી શક્યો છે."

ઉપરનો ઉતારો 'ચિત્રમય જગત'ના અંકોમાંથી સંગ્રહીત કરાયેલો છે. અમદાવાદના સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી 'શ્રી બુદ્ધચરિત્ર તથા અન્ય સંતપુરુષો' એ નામનું પુસ્તક સ્વર્ગસ્થ મણિલાલ નથુભાઈ દોસી તથા સ્વ. શિવપ્રસાદ દલપતરામ પંડિત દ્વારા યોજાયેલ તેમાં મૂકવામાં આવેલ છે. અહીં તો કહેવાનું એટલું જ છે કે લેખક અને પ્રકાશક ઉભય વજનદાર છે એટલે લખાણમાં શંકાને સ્થાન નથી જ. આખાયે લખાણનો ધ્વનિ એ છે કે જ્યારે બુદ્ધ ભગવાને પંથની સ્થાપના કરી ત્યારે જે મતો પ્રચલિત હતા એમાં 'નિગ્રંથ માર્ગ' પણ હતો જ. એના પ્રણેતા શ્રી મહાવીર નહીં પણ શ્રી પાર્શ્વનાથ મુનિ હતા અને એમાંના મુખ્ય નિયમોને લઈને જ બૌદ્ધધર્મની રચના કરાયેલી છે. આંગ્લ લેખકોએ ઉભય પંથના સરખા નિયમો જોઈ એટલી હદે ગોટાળો કરી નાંખ્યો કે જૈન-ધર્મ કે એના મૂળમાંથી બૌદ્ધધર્મનાં ચણતર થયા તેને જ બૌદ્ધધર્મની શાખા રૂપ લખી નાંખ્યો! જો કે અત્યારની શોધ તો માત્ર શ્રી પાર્શ્વનાથને જ નહીં પણ શ્રી અરિષ્ટ-

નેમિ યાને બાવીશમા તીર્થપતિ શ્રી નેમિનાથને પણ ઐતિહાસિક વિભૂતિ લેખવામાં વાંધો જોતી નથી. શ્રી કૃષ્ણ ભગવાન કે જેમને જૈનો નવમા વાસુદેવ અને આવતી ઉત્સર્પિણીમાં તીર્થંકર થવાના માને છે એ શ્રી નેમિનાથ ભગવંતના કાકાના દીકરા થતા હતા. અર્થાત્ ઉભય પિત્રાઈ ભાઈઓ હતા. આ ઉપરાંત વેદમાં અને અન્ય શ્રુતિઓમાં શ્રી નેમિનાથ તથા શ્રી ઋષભદેવ આદિ અંગે ઉલ્લેખો મળે છે. એ ઉપરથી જૈનધર્મની પ્રાચીનતા માટે શંકા કરવાનું રહેતુ જ નથી. કેટલીક વાર અભ્યાસની ઓછાશથી જ મનગમતા ચિત્રણ કરાયેલાં દૃષ્ટિગોચર થાય છે. આ સાથે જૈન સમાજને ઉદ્દેશી કહેવું જોઈએ કે દેશ–કાળના બદલાયેલા સંયોગોમા શોધખોળ અને ઐતિહાસિક સામગ્રી દ્વારા દરેક વાતનો નિશ્ચય ચાહતાં આ યુગમાં પોતાની વાતને અથવા તો ચાલ્યા આવતા ઇતિહાસને લભ્ય સાધનો મારફતે વ્યવસ્થિત અને શૃંખલાબદ્ધ કરવા સારૂ એના મોવડીઓ તરફથી કંઈ જ પ્રયાસ થયો નથી. જે કંઈ પ્રયત્નો નજરે ચઢે છે તેમાના ઘણાખરાનો યશ જૈનેતર વિદ્વાનોને ફાળે જાય છે. જે કંઈ થોડો બાકી રહે છે એમાં વ્યક્તિની ઉલટ મુખ્યપણે રમતી હોય છે સામુદાયિક રીતે જૈન સમાજના આચાર્યો કે શ્રીમંત આગેવાનોનું એ પાછળ જોઈએ તેટલુ પીઠબળ નથી એમ કહેવામાં કંઈ જ ઉતાવળ નહીં ગણાય. સાધુગણમાં અને શ્રાદ્ધવર્ગમાં આંગળીના ટેરવે ગણાય એટલી વ્યક્તિઓએ જ ચાલુ યુગના આ મહત્ત્વના અંગને વિકસાવવામાં ભાગ લીધો છે. પ્રતિવર્ષે જૈન સમાજ ધર્મ નિમિત્તે હજારો નહીં પણ લાખો રૂપીઆ ખરચે છે. તો આ મહત્ત્વના અંગના વિકાસ માટે પણ આપણે પૂરતા પ્રમાણમાં લક્ષ્ય આપી તે અંગેનું આવશ્યક બધું જ ખર્ચ ઉપાડી લેવું જોઈએ. આ રીતે કરાયેલ નાણાંનો સદ્વ્યય જૈન સમાજનું ગૌરવ સ્થાપિત કરશે એટલું નહીં બલ્કે જૈન સમાજની હસ્તીને બલવત્તર બનાવશે. આપણે સૌ આ પ્રબળ આવશ્યકતાને પિછાનીએ !

નીચેના ઉલ્લેખો પરથી જૈનધર્મના વિસ્તારનો અને પ્રભાવનો ખ્યાલ આવે છે:

"બોધિસત્ત્વે રાજગૃહી તરફ પ્રયાણ કર્યું. એ સમયે રાજગૃહી શ્રમણોના વિદ્યાભ્યાસનું કેન્દ્ર ગણાતી હતી. મગધદેશની આ પાટનગરીમાં વિવિધ દેશના પંડિતો એકત્ર થતા હતા." આ ઉલ્લેખ પણ મગધ દેશમાં જૈનધર્મની (નિર્ગ્રંથ માર્ગની) કેવી કીર્તિ-ગાથા ગવાઈ રહી હતી એનો પુરાવો આપે છે. 'ઉત્તર હિંદમાં જૈનધર્મ' નામા ગ્રંથ પણ એ બાબતમાં સારું અજવાળું પાડે છે. આપણા જૈન સાહિત્યમાં રાજગૃહી અને નાલંદા પાડા માટે ઓછું નથી કહેવાયુ. આમ છતાં આશ્ચર્યની વાત એટલી છે કે જે કંઈ પ્રયત્નો થયા અને નાલંદાવિહારના ખોદાણમાંથી જે સામગ્રી ઉપલબ્ધ થઈ છે એ ઉપરથી બૌદ્ધધર્મની જ મહત્તા ગવાઈ રહી છે. પ્રભુશ્રી મહાવીર દેવના ચૌદ ચોમાસાના સ્થાનમાંથી શું કંઈ જ એવું નથી જડયું કે જેથી જૈનો ગૌરવ લઈ શકે? અથવા તો જે મળ્યું છે એ જૈનોનું છે કે બૌદ્ધોનું એ તપાસવાની જૈનોએ દરકાર નથી રાખી !

'સુત્તનિપાત'માં બિંબિસાર સાથે બોધિસત્ત્વનો વાર્તાલાપ છે એમાં જણાવ્યું છે કે–

'બિંબિસારે કહ્યું કે–'હે બોધિસત્ત્વ ! હાથ નીચે ગજસેના રાખીને એકાદ મહાવીરની જેમ તું મારી પાસે રહે. હું તને જોઈએ તેટલુ ધન આપીશ. તેનો તું તારે જોઈએ તેવો ઉપભોગ કર...' અહીં ગજસેના,મહાવીર એ શબ્દો પાછળનો ભાવ વિચારણીય છે. 'બોધિસત્ત્વે મગધમા અનેક શ્રમણોને વિવિધ પ્રકારની તપશ્ચર્યા કરતા જોઈને એ માર્ગે જવાથી પોતાનું ધ્યેય હાથ લાગશે, એમ લાગવાથી પોતે પણ તપ શરૂ કરવું એવો નિશ્ચય કર્યો.

નડિયાદના એક જિનમંદિરની પ્રતિમાઓના લેખ

સંગ્રાહક:—વૈદ્ય ચીમનલાલ લલ્લુભાઇ ઝવેરી, મહુધા.

ગૂર્જર દેશમા પાટણ, અમદાવાદ, ખંભાત, ખેડા, બોરસદ, વડોદરા, ભરૂચ અને સુરત વગેરે અનેક નાના મોટાં નગરો વર્તમાનમા હરા઼ ધરાવે છે. તે જ કોટીનું નડિયાદ પણ એક છે. નડિયાદનુ પ્રાચીન કાલે વ્યાપારી દષ્ટિએ મહત્ત્વ ઓછું અંકાતુ હતું, પરન્તુ જ્યારથી બી. બી. એન્ડ સી. આઈ. રેલ્વેનું જંકશન મથક થયું અને એની સાથે ગુજરાત રેલ્વે જોડાઈ તેમજ અગ્રેજ સરકારે રાજકીય દષ્ટિએ આ સ્થાન સગવડવાળું માન્યું ત્યારથી નડિયાદનું સ્થાન મહત્ત્વનુ ગણાવા લાગ્યું. આપણે અહીં જૈન દષ્ટિએ તેનું પ્રાચીન મહત્ત્વ કેટલુ છે તે જોઈશું. દતકથા મુજબ નડિયાદમા પ્રાચીન કાલે સાત જૈન દેવાલયો હોવાનું સાંભળવામાં આવે છે. એ ઉપરથી સમજી શકાય છે કે નડિયાદમાં પ્રાચીન કાલે જૈનોની વિપુલ વસ્તી હોવી જોઈએ. પરંતુ વર્તમાનમાં માત્ર ત્રણ જ જૈન દેવાલયો વિદ્યમાન છે. નડિયાદમાં વસતા જૈનો ત્રણ ભિન્ન ભિન્ન જ્ઞાતિમાં વિભક્ત છે: શ્રીમાલી, પોરવાડ અને સુતરીયા. આ ગામના મૂલ વતની શ્રીમાલી જૈન શ્રાવકોમાથી શાહ દીપચંદ પોતાના પરિવાર સાથે કોદ–સણંદના ઠાકોરના આગ્રહથી કોડમા જઈને વસ્યા છે. એ જ પ્રમાણે અન્ય ધનવાનો પણ વ્યાપારિક દષ્ટિએ અન્ય નગરોમા જઈ વસ્યા હોય એ બનવા જોગ છે. જેવી રીતે શ્રીમાલીઓ અન્ય ગામોમા જઈ વસ્યાનું પ્રમાણ મળે છે તે જ પ્રમાણે પોરવાડો પણ વ્યાપાર નિમિત્તે વડતાલ જઈ વસ્યા છે કે જેઓ હાલ પણ નડિયાદરાજ કહેવાય છે, અને થોડાં વર્ષો પૂર્વે તો તેઓ નડિયાદમાં આવીને જ લગ્ન વગેરે કરતા. આ સબબને લીધે નડિયાદમા આ બન્ને જૈન જ્ઞાતિઓની વસતી નહીંવત્ છે. છતાં જે છે તે સંઘમાં અગ્રગણ્ય ભાગ લેનારાઓ છે. આમ છતાં પણ નડિયાદમાં ધંધાર્થે અથવા સરકારી નોકર તરીકે આવી વસેલા બહાર ગામના જૈનોથી જૈન વસતિમાં પડેલી ખોટ પૂરાય છે. એ સિવાય નડિયાદમાં જૈનધર્મ પાળનારી વણિગ્ જાતીઓમાં પ્રાચીન શિલાલેખોમાં વાયડાજ્ઞાતિનું નામ જોવામાં આવે છે. હાલ આ ગામમાં વસતા વાયડા-વણિકો જૈનેતર ધર્મના ઉપાસક છે, પરન્તુ તેઓ પ્રાચીન કાળે જૈન હતા તેનો પૂરાવો નીચે આપવામાં આવેલા અજિતનાથના દેરામાથી પાષાણમૂર્તિઓના લેખો અને ધાતુપ્રતિમાના લેખો ઉપરથી જોઈ શકાશે. મને અજિતનાથચૈત્યમાંથી મળેલા લેખો પૈકી પ્રાચીનમાં પ્રાચીન લેખ સંવત્ ૧૨૩૮ નો છે. એ લેખ અને ધાતુપ્રતિમાના લેખો ગુજરાતી અનુવાદ સાથે વર્ષના ક્રમ પ્રમાણે અહી રજુ કરું છુ.

(१) संवत् १२३८ वैशाख सुदि ११ गुरौ श्रीनागेंद्रगच्छे श्रीसिद्धसेनसूरिसंताने पार० चाहडभार्या सलषणया श्रेयोर्थं बिंबं कारितं।

[૧] સંવત્ ૧૨૩૮ વર્ષમાં વૈશાખ સુદિ ૧૧ ગુરુવારે શ્રીનાગેંદ્રગચ્છમાં શ્રીસિદ્ધસેન-સુરિના સંતાનમાં પારેખ ચાહડની સ્ત્રી સુલક્ષણાએ કલ્યાણ માટે બિંબ (મૂર્તિ) કરાવ્યું.

(२) ॥ संवत् १४७५ वर्षे श्रीश्रीमालज्ञातीय श्रे० देवड भा० देवलदे सुत चांपाकेन आत्मश्रेयोर्थं श्रीपद्मप्रभबिंबं कारापितं आगमपक्षीय भ० श्रीअमरसिंहसूरिभिः प्रतिष्ठितं ॥

[૨] સંવત્ ૧૪૭૫ વર્ષે શ્રી શ્રીમાલી જ્ઞાતિના શેઠ દેવડની સ્ત્રી દેવલદેવીના પુત્ર ચાંપાએ પોતાના કલ્યાણ માટે પદ્મપ્રભુની મૂર્તિ કરાવી. આગમ પક્ષના ભટ્ટારક શ્રી અમર-સિંહસૂરિએ પ્રતિષ્ઠિત કરી.

(३) विक्रमसंवत् १४९५ वर्षे मारुतज्ञातीय श्रा० टबकू भ्रातृ मं० महिपा भा० लषमादे भा० शाणी पुत्र मं. बूटाकेन निजश्रेयोर्थं श्रीवर्धमानचतुर्विंशतिपट्टः कारितः प्रतिष्ठितः श्रीसूरिभिः ॥

[३] વિક્રમસંવત્ १४९५ વર્ષે મારુતજ્ઞાતિની શ્રાવિકા ટબકૂના ભાઈ મહેતા મહિપાની સ્ત્રી લખમાદેવી તથા શાણીના પુત્ર મહેતા બૂટાએ પોતાના કલ્યાણ માટે શ્રીવર્ધમાન જીન મુખ્ય ચોવીસ પટ્ટક કરાવ્યો. પ્રતિષ્ઠિત કર્યો શ્રીસૂરિએ.

(४) संवत् १५०६ वर्षे वैशाख सुदि ६ दिने श्री श्रीमालज्ञातीय सा० सरवण भार्या टीबू सुत देवराजेन भा. मटकू सु. जीवा भादा कुटुंबयुतेन स्वश्रेयसे श्रीअजितनाथबिंबं कारितं प्रतिष्ठितं तपा श्रीरत्नशेखरसूरिभिः ॥ श्रीः

[४] સંવત્ १५०६ વર્ષે વૈશાખ સુદિ ६ દિવસે શ્રી શ્રીમાલી જ્ઞાતિના શા. સરવણની સ્ત્રી ટીબૂના પુત્ર દેવરાજે સ્ત્રી મટકૂ પુત્ર જીવા અને ભાદા કુટુંબ યુક્ત પોતાના કલ્યાણ માટે અજિતનાથની મૂર્તિ કરાવી. પ્રતિષ્ઠા કરી તપા શ્રી રત્નશેખરસૂરિએ.

(५) संवत् १५०८ वर्षे वै० सु० ५ वायडाज्ञातीय नटीपद्रवासि दो. कर्मसी भा० कर्मादे सुत दो० जूटाकेन भा० माणिकदे भ्रा० शिवा भा० वीजलदे पु० वीरुआ जेसिंगादिकुटुंबयुतेन स्वश्रेयसे श्रीधर्मनाथबिंबं का० प्र० तपा श्रीसोमसुंदरसूरिपट्टे श्रीमुनिसुंदरसूरि—श्रीजयचंद्रसूरि—श्रीरत्नशेखरसूरिभिः ॥

[५] સં. १५०८ વર્ષે વૈ. સુ. ५ વાયડા જ્ઞાતિના નડિઆદના વાસી કર્મસીની સ્ત્રી કમળાદેવીના પુત્ર દોસી જૂટાએ સ્ત્રી માણેકદેવી અને ભાઈ શિવાની સ્ત્રી વિજલદેવીના પુત્ર વીરા અને જેસિંગ વગેરે કુટુંબયુક્ત પોતાના કલ્યાણને માટે શ્રી ધર્મનાથની મૂર્તિ કરાવી. પ્રતિષ્ઠિત કરી તપાગચ્છના સોમસુંદરસૂરિની પાટે શ્રીમુનિસુંદરસૂરિ શ્રીજયચંદ્રસૂરિ શ્રીરત્નશેખરસૂરિએ.

(६) ॥ संवत् १५०९ वर्षे ज्येष्ठ व. ९ गुरौ ओसवालज्ञातीय मं. सारंग भार्या बाई संपूरी तयोः सुत मं. कुंरसी भार्या कुतिगदे तत्सुता गदानाम्न्या निजपितृमातृश्रेयोर्थं श्रीशांतिनाथबिंबं कारितं ॥ प्रतिष्ठितं श्रीवृद्धतपापक्षे गच्छनायक भ० श्रीरत्नसिंहसूरिभिः चतुर्विंशतिबिंबपट्टः संवत् १५९३ वर्षे फागण सुदि ६ शनु सा० जणदासमुत सा. कुंरा भाइ जांबा कमलदे जीरणबिंब परवेसे छपप्रवं पूजंतं ॥

[६] સંવત્ १५०९ વર્ષે જેઠ વદિ ९ ગુરુવારે ઓસવાલ જ્ઞાતિના મહેતા સારંગની સ્ત્રી બાઈ સંપૂરી તેઓના પુત્ર મહેતા કુંરસીની સ્ત્રી કૌતુગદેવી તેની પુત્રી ગદા નામનીએ પોતાનાં પિતામાતાના કલ્યાણ માટે શ્રી શાંતિનાથની મૂર્તિ કરાવી. પ્રતિષ્ઠા કરી શ્રી વૃદ્ધતપાપક્ષના ગચ્છનાયક ભટ્ટારક શ્રી રત્નસિંહસૂરિએ. ચોવીસપટ્ટક સંવત્ १५९३ વર્ષે ફાગણ સુદિ ६ શનિવારે સા० જિણદાસના પુત્ર સા० કુંરા અને ભાઈ જાંબા ને તેની સ્ત્રી કમલાદેવીએ જૂની થએલી મૂર્તિને પ્રતિષ્ઠિત કરી પૂજી.

(७)संवत् १५१५ वर्षे फागण सुदि ९ रवौ श्री श्रीमालीज्ञातीय दो. फाचु भा० हरष

सुत दो. जगा सुता जटकूनाम्न्या देवसीभार्यया आत्मश्रेयोर्थं श्रीअनंतनाथबिंबं कारापितं प्रतिष्ठितं श्रीवृद्धतपापक्षे श्रीजिनरत्नसूरिभिः।

[૭] સંવત્ ૧૫૧૫ વર્ષે ફાગણ સુદિ ૯ રવિવારે શ્રી શ્રીમાલી જ્ઞાતિના દો. હાચૂની સ્ત્રી હરખુના પુત્ર દોસી જગાની પુત્રી જટકૂ નામનીએ–દેવસીની સ્ત્રીએ–પોતાના કલ્યાણ માટે શ્રીઅનંતનાથની મૂર્તિ કરાવી. પ્રતિષ્ઠિત કરી શ્રીવૃદ્ધતપાપક્ષના શ્રીજિનરત્નસૂરિએ.

(८) सं. १५२२ फा० शु० १० दिने प्राग्वाटज्ञाति श्रे० अर्जुन भा० तेजू पुत्र श्रे० नाभाकेन भा० चांदु पु० घना भ्रातृज कुडा मता सुता मोली प्रमुखकुटुंबयुतेन निजश्रेयसे श्रीमुनिसुव्रतबिंबं कारितं प्र० तपागच्छेश्वर श्रीरत्नशेखरसूरिप श्रीलक्ष्मीसागरसूरिभिः ॥ श्रीसिहुजग्रामे ॥

[૮] સં. ૧૫૨૨ ફા. સુ. ૧૦ દિવસે પોરવાડ જ્ઞાતિના શેઠ અર્જુનની સ્ત્રી તેજૂના પુત્ર શેઠ નાભાએ સ્ત્રી ચંદાના પુત્ર ધના અને ભત્રીજા કુડા મતા અને પુત્રી મોલી વગેરે કુટુંબ યુક્ત પોતાના કલ્યાણને માટે શ્રીમુનિસુવ્રતની મૂર્તિ કરાવી. પ્રતિષ્ઠિત કરી તપાગચ્છેશ્વર શ્રીરત્નશેખરસૂરિની પાટે શ્રીલક્ષ્મીસાગરસૂરિએ. સુંજગામમાં.

(९) संवत् १५२३ वर्षे वै० व० ४ गुरौ श्रीआणंदग्रामवास्तव्य प्रा० ज्ञा० श्रेष्ठि कुजा भा० डाडीनाम्न्या पतिश्रेयसे श्रीअजितबिंबं का० प्र० तपा श्रीलक्ष्मीसागरसूरिभिः सुधानंदनसूरि-श्रीरत्नमंडनसूरिपरिवृतैः ॥

[૯] સં. ૧૫૨૩ વર્ષે વૈ. વ. ૪ ગુરુવારે શ્રીઆણંદગામવાસી પોરવાડ જ્ઞાતિના શેઠ કુજાની સ્ત્રી ડાડી નામનીએ પતિના કલ્યાણ માટે શ્રીઅજિતનાથની મૂર્તિ કરાવી. પ્રતિષ્ઠિત કરી તપા શ્રીલક્ષ્મીસાગરસૂરિએ સુધાનંદનસૂરિ અને રત્નમંડનસૂરિથી પરિવરેલાએ.

(१०) संवत् १५२८ वर्षे चैत्र वदि १० गुरौ ॥ श्री श्रीवंशे। सो० मना भार्या रांमू पुत्र सो० मांडण सुश्रावकेण भा० लहिकू पुत्र सो० नरपति सो० राजा पौत्र वस्ता कीका सहितेन पुत्रवधू जसमादे पुण्यार्थं श्रीअंचलगच्छाधीश्वर श्रीजयकेसरिसूरीणामुपदेशेन श्रीसुमतिनाथबिंबं का० प्र० संघेन।

[૧૦] સં. ૧૫૨૮ વર્ષે ચૈત્ર વદિ ૧૦ ગુરુવારે શ્રી શ્રીવંશમાં સોની મનાની સ્ત્રી રામૂના પુત્ર સોની માંડણ સુશ્રાવકે સ્ત્રી લહેકૂના પુત્ર સોની નરપતિ સોની જીવા સોની રાજા પૌત્ર વસ્તા કીકા સહિતે છોકરાની વહૂ જસમાદેવીના કલ્યાણને માટે શ્રી અંચલગચ્છના અધીશ્વર શ્રીજયકેસરિસૂરિના ઉપદેશથી શ્રીસુમતિનાથબિંબ કરાવ્યું. પ્રતિષ્ઠિત કર્યું શ્રીસંઘે.

(११) संवत् १५५९ वर्षे माघ वदि ४ सोमे ठयापल्लीवास्तव्य श्रीश्रीमालज्ञातीय श्रे० वस्ते भा० सुहागदे सुत देवदत्त अदा देवदत्त भा० देवलदे पु० सोधर लघु सामला नरसिंगयुतेन स्वमातृश्रेयोर्थं श्रीविमलनाथबिंबं कारितं प्रतिष्ठितं श्रीवृद्धतपापक्षे श्रीलब्धि-सागरसूरिभिः॥

[૧૧] સંવત્ ૧૫૫૯ વર્ષમાં માહ વદિ ૪ સોમવારે ઠયાપલ્લીના રહેવાસી, શ્રીમાલજ્ઞાતિના શેઠ વરદેવની સ્ત્રી સુહાગદેવીના પુત્ર દેવદત્ત અને આદા. દેવદત્તની સ્ત્રી દેવલદેની પુ. સીધર લખૂ સામલ નરસિંહ યુક્ત પોતાની માતાના કલ્યાણને માટે શ્રી વિમલનાથની મૂર્તિ કરાવી. પ્રતિષ્ઠિત કરી શ્રી વૃદ્ધતપાપક્ષના શ્રી લબ્ધિસાગરસૂરિએ.

(१२) संवत् १५६१ वर्षे फागण शुदि ११ शुक्रे श्रीश्रीमालज्ञातीय सा० ढोला भा० माणिकदे सु० सा० गोविंद भार्या लाछी सुत सा० वस्ता भा० सोभागिणि सुत रायमल सा० वस्ताकेन श्रीअजितनाथबिंबं कारितं आत्मश्रेयसे प्रतिष्ठितं श्रीवृद्धतपागच्छे श्रीलब्धिसागरसूरिभिः ॥

[૧૨] સંવત્ ૧૫૬૧ વર્ષે ફાગણ સુદિ ૧૧ શુક્રે શ્રી શ્રીમાલજ્ઞાતીના શાહ ઢોલાની સ્ત્રી માણિકદેવીના પુત્ર શાહ ગોવિંદની સ્ત્રી લાછીના પુત્ર શાહ વસ્તાની સ્ત્રી સોભાગિણીનો પુત્ર રાયમલ્લ. શાહ વસ્તાએ શ્રી અજિતનાથની મૂર્તિ પોતાના કલ્યાણ માટે કરાવી. પ્રતિષ્ઠિત કરી શ્રીવૃદ્ધતપાગચ્છમાં શ્રીલબ્ધિસાગરસૂરિએ.

(१३) संवत् १५६१ वर्षे वैशाख वदि ५ शुक्रे श्रीश्रीमालज्ञातीय श्रे० काहाना भा० ऊजी सुत कोइआ भा० लापाई श्रेयोर्थे श्रीवासुपूज्यचतुर्मुखबिंबं कारित प्रतिष्ठितं तपागच्छे श्रीहेमविमलसूरिभिः ॥ नडिआदवास्तव्यः ।

[૧૩] સંવત્ ૧૫૬૧ ના વર્ષમાં વૈશાખ વદિ ૫ શુક્રવારે શ્રી શ્રીમાલીજ્ઞાતિના શેઠ કાહાનાની સ્ત્રી ઊજીના પુત્ર કોઇઆની સ્ત્રી લાખાઇના કલ્યાણ માટે શ્રીવાસુપૂજ્ય ચતુર્મુખ મૂર્તિ કરાવી. પ્રતિષ્ઠિત કરી તપાગચ્છમાં શ્રીહેમવિમલસૂરિએ. નડિઆદના રહેવાસી.

(१४) सं. १५६७ वर्षे मूलसंघ भ. विजयकीर्तिगुरूपदेशात् मं. शिवा भा. सहिजलदे सु. मं. हरपाल भा. वनादे सु. धना करणा कुंरपाल राम एते । श्रीआदिजिनप्रणमंति ॥

[૧૪] સં. ૧૫૬૭ વર્ષે મૂલસંઘમાં ભટ્ટારક વિજયકીર્તિગુરુના ઉપદેશથી મંત્રી શિવાની સ્ત્રી સહજલદેવીના પુત્ર મંત્રી હરપાલની સ્ત્રી વનાદેવીના પુત્ર ધના કરણા અને કુંરપાલ તથા રાજા એઓ આદિ જિનને પ્રણમે છે.

(१५) संवत् १५९५ वरषे माघ वदि २ बुधे श्री श्रीमालज्ञातो सं. जीणदास सुत सा० वीरा भार्या बाइ कमलादे नाम्नी बिं. कारित श्रीआणंदविमलसूरिभिः प्रतिष्ठितः ॥ पार्श्वनाथ

[૧૫] સંવત્ ૧૬૯૫ ના વર્ષમાં માહ વદિ ૨ બુધવારે શ્રી શ્રીમાલજ્ઞાતિના સંઘવી જિણદાસના પુત્ર શાહ વીરાની સ્ત્રી બાઈ કમલાદેવી નામનીએ (પાર્શ્વનાથની) મૂર્તિ કરાવી. શ્રીઆનંદવિમલસૂરિએ પ્રતિષ્ઠિત કરી.

(१६) संवत् १५९८ वर्षे वैशाख सुदि ५ गुरौ श्रीश्रीमालज्ञातीय मंत्रि जावड भार्या जीवादे तत्सुत सा० धनजी भा० कुंअरिनाम्न्या स्वश्रेयोर्थं श्रीशांतिनाथबिंबं कारितं प्रतिष्ठितं सर्वसूरिभिः विधिना ॥ शुभं भवतु ॥

[૧૬] સંવત ૧૫૯૮ વર્ષે વૈશાખ સુદિ ૫ ગુરુવારે શ્રી શ્રીમાલજ્ઞાતિના મંત્રી

જાવડની સ્ત્રી જીવાદેવી તેના પુત્ર શાહ ધનજીની સ્ત્રી કુંવરો નામનીએ પોતાના કલ્યાણ માટે શ્રીશાંતિનાથની મૂર્તિ કરાવી. પ્રતિષ્ઠિત કરી શ્રી સર્વસૂરિએ વિધિવડે. શુભ થાઓ.

(१७)....श्रीरुद्रपल्लीयगच्छे कारितं प्रतिष्ठितं श्रीजिनेश्वरसूरिशिष्य श्री रत्नप्रभसूरि ॥

[૧૭]........શ્રીરુદ્રપલ્લીગચ્છમાં કરાવ્યું. પ્રતિષ્ઠિત કર્યું શ્રીજિનેશ્વરસૂરિના શિષ્ય શ્રીરત્નપ્રભસૂરિએ.

(१८) ॥ संवत् १६६६ वर्षे फाल्गुन सुदि ३ शुक्रे नटीपद्रवास्तव....ज्ञातीय प० जावड भा० जसमादे सुत प० नाथजीकेन भार्या संपूरदे प्रमुखकुटंबयुतेन........तपागच्छेश भट्टारककोटीरहीर भट्टारक श्रीहीरविजयसूरीश्वरपट्टालंकार भट्टारक (पुरंदर श्रीविजयसेन) सूरि निर्देशात् श्रीविजयदेवसूरिभिः ॥ (મેડા ઉપરની પાષાણમૂર્તિની પાછળનો ભાગ.)

[૧૮] સંવત્ ૧૬૬૬ વર્ષે ફાગણ સુદિ ૩ શુક્રવારે નડિઆદના રહેવાસી...... નાતના પરીખ જાવડની સ્ત્રી જસમાદેવીના પુત્ર પરીખ નાથજીએ સ્ત્રી સંપૂરદેવી વગેરે કુટુંબ સાથે......... તપાગચ્છના ઇશ્વર ભટ્ટારકોના કોટીરહીર ભટ્ટારક શ્રીહીરવિજયસૂરીશ્વરપટ્ટાલંકાર ભટ્ટારકોમાં ઇંદ્રસમાન શ્રીવિજયસેનસૂરિના નિર્દેશથી શ્રીવિજયદેવસૂરિએ.[1]

(१९) ॥र्द०॥संवत् १६६६ वर्षे फाल्गुनसित तृतीया शुक्रे पारि पुनद सुत क्षत्रप नटपद्रवास्तव्य समस्तसंघेन स्वश्रेयसे श्रीहीरविजयसूरीश्वरपादुका कारितं प्रतिष्ठिते च श्रीतपागच्छे पातसाहि श्रीअकबरप्रतिबोधक श्रीशत्रुंजयादितीर्थकरमुक्तिकारक भट्टारकपरंपरापौलोमि पौलोमीप्राणप्रीय भट्टारक श्रीहीरविजयसूरीश्वरपट्टोदयाचलशिखरसहस्रकिरण श्रीअकबरप्रदत्त षड्जल्पस्फुरन्मान संप्रतिविजयमान भ. श्रीविजयसेनसूरीश्वरशिष्य श्रीविजयदेवसूरिभिः श्रेयोस्तु श्रीः ॥[2]

[૧૯] સંવત્ ૧૬૬૬ વર્ષે ફાગણ સુદિ ૩ શુક્રવારે, પારિ૦ પુનદનો પુત્ર ક્ષત્રપ નડિઆદના રહેવાસી સઘળા સંઘે પોતાના કલ્યાણ માટે શ્રી હીરવિજયસૂરીશ્વર પાદુકા કરાવી અને પ્રતિષ્ઠા કરી શ્રીતપાગચ્છમાં પાતશાહિ શ્રી અકબરપ્રતિબોધદાયક શ્રીશત્રુંજયાદિ તીર્થને કર મુક્ત કરનાર ભટ્ટારકપરંપરા રૂપઇંદ્રાણી, તે ઇંદ્રાણીને પ્રાણથી પણ પ્રીય ભટ્ટારક શ્રીહીરવિજયસૂરીશ્વરની પાટરૂપ ઉદયાચલના શિખર ઉપર સૂર્યસમાન અને અકબર બાદશાહે આપેલા છ ઢંઢેરાના ફરમાન જેમને મળ્યાં છે, તેમજ હાલમાં વિજયમાન ભટ્ટારક શ્રીવિજયસેનસૂરીશ્વરના શિષ્ય શ્રીવિજયદેવસૂરિએ. કલ્યાણ થાઓ શ્રીઃ ॥

અપૂર્ણ

---

૧ આ મૂર્તિ મેડા ઉપરના ગર્ભાગારમાં મૂલ નાયક છે ને તેનો લેખ પૂરતો પ્રકાશ અને જગ્યાની છુટ હોવાથી સ્થિર હોવા છતાં પણ વાંચી શકાયો તેટલો અત્રે અવતારવામાં આવ્યો છે.

૨ આ અજિતનાથ દેવાલયની પાષાણની બે ત્રણ મૂર્તિઓ સિવાય સર્વ મૂર્તિઓની ગાદી ઉપર પાછલી બાજુ લેખો છે, પણ તે મૂર્તિઓ સ્થિર કરેલી હોવાના સબબે વાંચી શકાતા નથી.

ખિસકોલી સંબંધી જૈન ઉલ્લેખો

(લેખક–પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.)

જેને આપણે ખિસકોલી કહીએ છીએ તેને માટે ગુજરાતીમાં ચાર પર્યાયો છેઃ (૧) ખલેડી, (૨) ખલેરી, (૩) ખિલકોડી અને (૪) ખિલોડી. મરાઠીમાં ખિસકોલીને 'ખાર' કહે છે. એવી રીતે હિન્દીમાં એને 'ગિલહરી' તેમજ 'ગિલ્લા,' ઉર્દૂમાં 'ગિલેહ્‌રી,' સિન્ધીમાં 'નોરીઅળો' અને ઇંગ્રેજીમાં 'squirrel' કહે છે. આ squirrel માટે આપ્ટેકૃત ઇંગ્રેજી–સંસ્કૃત કોશમાં નીચે મુજબના ચાર શબ્દો જોવાય છેઃ—

કાષ્ઠમાર્જાર, કાષ્ઠબિડાલ, વૃક્ષશાયિકા અને ચમરપુચ્છ. જૈન શાસ્ત્રમાં જે પંચેન્દ્રિય તિર્યંચના પ્રકારો દર્શાવાય છે તેમાંના એકનું નામ 'ભુજપરિસર્પ' છે. એના ઉદાહરણ તરીકે, **પણ્હાવાગરણ** નામના દસમા અંગના ત્રીજા સૂત્રમાં **खाडहिला** શબ્દ જોવાય છે. આ અંગના ઉપર **અભયદેવ**સૂરિએ વિવૃતિ રચી છે. એમાં ૧૦ અ પત્રમાં ઉપર્યુક્ત શબ્દ સમજાવતાં તેમણે નીચે મુજબ ઉલ્લેખ કર્યો છેઃ–

"**मुगुंसाः खाडलिह्लाकृतयः खाडहिलाः कृष्णशुक्लपट्टाङ्कितशरीराः शुन्यदेव-कुलादिवासिन्यः वातोत्पत्तिका रूढ्यावसेयाः ॥**

આ ઉપરથી ખિસકોલીને શરીરે કાળા અને સફેદ પટા હોય છે અને એ શૂન્ય મંદિર વગેરેમાં વસે છે એ હકીકત જાણી શકાય છે. વિશેષમાં નોળિયાનો આકાર ખાડલિહ્લ (ખાડહિલ્લ)ને મળતો આવે છે એમ પણ જણાય છે.

પણ્હાવાગરણ ઉપર **જ્ઞાનવિમલ**સૂરિકૃત વૃત્તિ છે. એના ૮ અ પત્રમાં **कृष्णशुक्लपट्टाङ्कितरेखाः ['खसखली' इति भाषा]** " એવો ઉલ્લેખ છે. આ ઉપરથી આ સૂરિના સમયમાં વિ. સં. ૧૭૪૮ ની આસપાસમાં 'ખિસકોલી' માટે ગુજરાતી 'ખસખલી' શબ્દ વપરાતો હતો એ જાણવા મળે છે.

ચૂલિયાસુત્ત તરીકે સુપ્રસિદ્ધ **નંદીસુત્ત**ની ૬૪ મી ગાથામાં ઔત્પાતિકી બુદ્ધિનાં ઉદાહરણો ગણાવતાં **खाडहिला**નો ઉલ્લેખ છે. એના ઉપર **યાકિની** મહત્તરાના **ધર્મસૂનુ હરિભદ્ર**સૂરિએ વૃત્તિ રચી છે. તેમાં ૬૧ મા પત્રમાં આને લગતું કથાનક અમે **આવશ્યક**માં અર્થાત્ **આવશ્યક ટીકામાં** કહીશું એમ તેમણે કહ્યું છે. **મલયગિરિ**સૂરિએ **નંદીસુત્તની** વૃત્તિ (પત્ર ૧૪૮ આ)માં આ કથાનક આપ્યું છે. તેમાં એ વાત છે કે રાત્રિનો ત્રીજો પ્રહર પસાર થતાં રાજાએ ફરીથી રોહકને પૂછ્યું કે હે રોહક! તું જાગે છે કે ઊંઘે છે? **રોહકે** જવાબ આપ્યો કે મહારાજ! જાગું છું. રાજાએ પૂછ્યું કે તો તું શો વિચાર કરે છે, **રોહકે** જવાબ આપ્યો કે ખિસકોલીનું જેવડું શરીર છે એવડું જ એનું પૂછડું છે કે નાનું મોટું? એ સાંભળી રાજા કશો નિર્ણય કરી શક્યો નહિ એટલે એણે **રોહક**ને પૂછ્યું કે તેં શો નિર્ણય કર્યો? એણે કહ્યું કે બંને સરખાં છે.

આ કથાનકમાં ખિસકોલી માટે **खाडहिला** એવો સંસ્કૃત શબ્દ વપરાયો છે, પણ તે કોઈ કોશમાં મારા જોવામાં નથી. **નંદીસુત્ત**ની કેટલીક ગાથાઓની સાથે **આવસ્સયનિજ્જુત્તિ**ની કેટલીક ગાથા તદ્દન મળતી આવે છે. આની એક ગાથા તે ઉપર્યુક્ત ૬૪ મી ગાથા છે. એ **આવસ્સયનિજ્જુત્તિ**ની ૯૪૧મી ગાથાથી અભિન્ન છે. એના ઉપર **મલયગિરિ**સૂરિએ ટીકા રચી છે. એના ૫૧૮ આ પત્રમાં રોહક તું શું વિચારે છે

એમ રાજા પૂછે છે. (૨) રોહક બે બાબત જણાવે છે: (૧) ખિસકોલીને કાળી રેખા કેટલી છે અને સફેદ રેખા કેટલી છે? (૨) એની પૂછડી મોટી છે કે એનું શરીર? કાળી અને સફેદ રેખા સરખી છે તેમજ પૂછડી અને દેહ પણ સરખાં છે, એમ રાજાના જવાબમાં રોહક કહે છે આ સમગ્ર કથાનક પાઇયમાં છે.

ઉપર્યુક્ત બન્ને પ્રશ્નોના ઉત્તરો [1]આવસ્સયચુણ્ણિ (પત્ર ૫૪૬) માં નજરે પડે છે. આ ચુણ્ણિના ૫૪૪ મા પત્રમાં જે નંદીસુત્તની सिलमिंढ વાળી ૬૪ મી ગાથા અપાયેલી છે તેમાં खाडहिला ને બદલે खाडला શબ્દ વપરાયો છે. વિસેસાવસ્સયભાસ (ગા. ૩૦૪)ની મલધારી હેમચન્દ્રસૂરિકૃત ટીકા (પત્ર ૧૭૯)માં નંદીસુત્તની આ ૬૪ મી ગાથા અવતરણ રૂપે અપાયેલી છે. એમાં खाडहिला શબ્દ છે,

કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિએ રચેલ રયણાવલી યાને દેસીસદ્દસંગહ (૨–૭૨) માં खडहडी શબ્દ વપરાયો છે. આ 'દેસી' શબ્દ છે. એટલે એનું સંસ્કૃત કે પાઇય મૂળ જાણવામાં નથી. 'ખિસકોલી' માટે મેં ઉપર જે ચાર સંસ્કૃત શબ્દો નોંધ્યા છે તે પણ આ શબ્દની વ્યુત્પત્તિ ઉપર કે એના પર્યાયરૂપ ખલેડી વગેરે ઉપર પ્રકાશ પાડતા નથી. એ શબ્દો પૈકી 'વૃક્ષશાયિકા' ખિસકોલીનો ઝાડ સાથેનો નિકટ સંબંધ સૂચવે છે–ખિસકોલી ઝાડ પર સૂઈ રહે છે એ વાતનું દ્યોતન કરે છે. એવી રીતે 'ચમરપુચ્છ' એની પૂછડીના સ્વરૂપ ઉપર પ્રકાશ પાડે છે. આ બંને હકીકત Squirrel ના નિમ્નલિખિત ઈંગ્રેજી અર્થમાં નજરે પડે છે–

Kinds of rodent quadruped of active arboreal habits with bushy tails and pointed ears."

આ ઉપરથી ખિસકોલી એ ચોપગું પ્રાણી છે અને એના કાન અણીદાર છે એ બે બાબત પણ જાણી શકાય છે.

ઉવએસપય ઉપર મુનિચન્દ્રસૂરિએ ટીકા રચી છે. એની ૭૧ મી ગાથા ઉપરની ટીકા (૫૪ આ પત્ર) માં खाडहिला શબ્દ સમજાવતાં તેમણે 'ભાષામાં એને खिल्लहडिका કહે છે' એ મતલબનો ઉલ્લેખ કર્યો છે. આ खिल्लहडिका તે खिल्लहडी નું રૂપાન્તર છે એમ જણાય છે. વિશેષમાં खिल्लहडी અને 'ખીલોડી' વચ્ચે મા દીકરી જેવો સંબંધ જણાય છે. એટલે 'ખિલોડી' ના મૂળ તરીકે હું અત્યારે તો खिल्लहडी શબ્દ સૂચવું છું. 'ખલેડી' અને 'ખસેરી'નુ મૂળ પણ આ છે. 'ખિલકોડી' માટેનું મૂળ વિચારતાં खिल्लहडीને અનુરૂપ સંસ્કૃત શબ્દમાં એક વિશેષ અક્ષર હોવો જોઈએ અને તે અક્ષર 'ખિલકોડી'માંના 'ક'ની ઉપપત્તિ માટે યોગ્ય હોવો જોઇએ એમ લાગે છે. આમ માનતાં એમ કહેવાય કે खिल्लकहडी જેવા પાઇય શબ્દનું સંસ્કૃત સમીકરણ ખિલકોડીનું મૂળ હશે અને એમાંથી खिल्लहडी જેવો શબ્દ જન્મ્યો હશે, અને એ આગળ ઉપર ખિલેડી અને ખલેરી રૂપે પરિણમ્યો હશે.

---

૧ વિસેસણવઇ (ગા. ૩૧) માં સામાઇયચુણ્ણિનો ઉલ્લેખ છે.

ઋષભદેવના આઠ ભવને અંગે આ આઠ ભવવાળી હકીકત આ ચુણ્ણિમાં મળે છે તો આ બે ચુણ્ણિ એક ગણાય તો કેમ?

जीवके कर्मबन्ध और मोक्षका अनादित्व

(लेखकः—पू. आचार्य महाराज श्री जिनहरिसागरसूरीश्वरजी)

(गतांकसे पूर्ण)

जीव, अजीव और उनका लक्षण

जीव और अजीव—इन दोनो प्रकारके द्रव्योंका संयोग—वियोग ही संसार नामसे पुकारा जाता है । संयोग—वियोग भी सकारण ही हुआ करते हैं । जब तक कर्ता वैसे कारणोंका उपयोग करता रहेगा तब तक संयोग—वियोग रूप कार्य बनते ही रहेंगे । वैसे कारणोंका उपयोग बन्द होनेसे कार्य अपने आप बंद हो जायेंगे । **न रहेगा बाँस न बजेगी बांसुरी ।** उस अवस्थाको मोक्षके नामसे पुकारा जाता है ।

जीव साधारण रूपसे चेतनावाला, कर्मोंका करनेवाला, कर्मफलोंका भोगनेवाला, और कर्मोका अंत करनेवाला होता है । जीव संख्याकी दृष्टिसे अनंत व प्रतिशरीर भिन्न २ होते है । कर्मसंबद्ध जीव अनादि कालसे रूपी बना हुआ है । यदि कर्ममुक्त हो जाय तो वही अरूपी हो जाता है । कर्मोंके बन्ध और मोक्षमें जीवको अनुकूल और प्रतिकूल १—काल, २ स्वभाव, ३ नियति, ४ पूर्वकृत कर्म व ५ पुरूषार्थ ये पांच निमित्त कारण साधक और बाधक हुआ करते है ।

अजीव असाधारण रूपसे अचेतन होता है । अजीव रूपी अरूपी दोनो प्रकारका होता है । अजीवद्रव्यके १ धर्मास्तिकाय, २ अधर्मास्तिकाय, ३ आकाशास्तिकाय, ४ पुद्गलास्तिकाय व ५ काल ये पाच मुख्य भेद हैं । जीवको बन्धनकर्ता कर्म पुद्गलद्रव्यकी रचना है ।

जीव और कर्म

इन दोनोंका संयोग—संबंध अनादि कालसे प्रवाह रूपमें चला आ रहा है । इस प्रवाहके मूल कारण जीवका अपना अज्ञान—मिथ्यात्व, अविरति, कषाय और योग ही माने गये हैं ।

આમ ખિસકોલીના પર્યાયોનાં મૂળ તો કામ ચલાઉ સ્વરૂપમાં યે હું સૂચવી શકું છું, પણ ખિસકોલી માટે તો કોઈ વજનદાર કલ્પના યે સૂઝતી. નથી.[2] એટલે 'ખાખરની ખિલોડી સાકરનો સ્વાદ શું જાણે' એ કહેવત ઉપરથી, ખિસકોલીને ખાખર (સં. પલાશ) ના ઝાડ સાથે ગાઢ સબંધ હશે એમ ભાસે છે એ સૂચવી વિરમું છું.

ગોપીપુરા સુરત. તા. ૨૬–૧૧–૪૫

---

૨ બે ઘડી રમુજ માટે સૂચવવું હોય તો **क्षुद्रकोल** જેવો શબ્દ સૂચવું. **कोल**નો અર્થ પાઇયમાં ઉંદરના આકારનું એક પ્રાણી એવો થાય છે. **क्षुद्रकोल** માટે **खुद्दकोल** એવું પાઇય સમીકરણ શક્ય છે. **खिसू**નો અર્થ ખસવું, સરકવું એવો થાય છે. તો શું 'કોળાને' મળતું આવતું અને આમથી તેમ દોડાદોડ કરતું પ્રાણી તે ખિસકોલી એમ કહેવાય ? જો એમ માનવું યુક્તિયુક્ત હોય તો **खिसकोल** જેવો કોઈ પાઇય શબ્દ એનો પૂર્વજ ગણાય.

इन मूल कारणोंके एकान्तिक रूपसे मिटजाने पर; जीवका कर्मोंके क्लेशोंसे छुटकारा हो जाता है; उसीको मोक्ष कहते हैं। मोक्ष होने पर कर्मबन्धनके योग्य कारणोंका आत्यन्तिक अभाव होनेसे मुक्त जीव संसारमें वापस नहीं आता।

संयोग और वियोग

यह १ अनादी अनंत, २ अनादि सांत, ३ सादि अनंत, ४ सादि सांत, ऐसे चार प्रकारसे होता है। इन चारों प्रकारोंको समझानेके लिए ही उपरकी बातें मोटे रूपमें बताई गई हैं। कर्ता कारण और कार्यको समझे बिना उपरके चार प्रकार समझमें नहीं आते। कर्ता–स्वयं जीव है। कारण काल, सभाव, नियति, पूर्वकृत कर्म और पुरुषार्थ ये पाँच है। कर्ता उस प्रकारके कारणोंको पाकर अनादि कालसे अच्छे बुरे कार्योंको करता है। उन कार्योंके द्वारा आत्मा अच्छे बुरे पुद्गलोंको अपनाता है। उन अपनाये हुए पुद्गलोंको जैन शास्त्रोंमें कर्मके नामसे सूचित किया है।

कर्मपुद्गलकी विशेषता

कर्म पुद्गलकी विशेषता जैसा जैन दर्शनमें निरूपित है वैसी अन्यत्र देखनेको नहीं मिलती। वैसे कर्मको प्रत्येक दर्शनने मंजुर किया है, परंतु किसीने क्रियामात्रको कर्म कहा, तो किसीने अनुष्ठान विशेषको कर्म कहा, और उसके फलादेशके समय ईश्वरको संकल्पित करके संसारकी रचना, कर्मफलोंको देना, आदि कार्य उसके आधीन कर दिये। उस हालतमें ईश्वरकी प्रेरणासे ही जीव स्वर्गमें या नरकमें जाता है–ऐसे सिद्धांतोंकी रचना (ईश्वर-प्रेरितो गच्छेत् स्वर्गं वा श्वभ्रमेव च–) भी उन २ दर्शन ग्रंथोंमें देखी जाने लगी। अस्तु!

जैन दर्शनमें ईश्वर

जैन दर्शनमें ईश्वर किसी एकको मंजूर नहीं किया। न जगत्कर्ता रूपसे ही उसे कोई महत्त्व दिया। न वह कर्मफलोंका दाता ही माना गया। जगत और उसमें होनेवाली प्रत्येक घटना प्रकृतिकी पूर्वसूचित काल स्वभाव नियति पूर्वकृत कर्म और पुरुषार्थकी उपज मात्र मानी गई है। ईश्वर ऐसे प्रपंचोंमें नहीं पड़ा करता। प्रत्येक आत्मामें परमात्मता छिपी हुई है। उसे व्यक्त करनेपर आत्मा परमात्मा हो जाता है। अनादि कालकी अपेक्षासे अनंत परमात्मा हो गये हैं, और भविष्यमें भी अनंत परमात्मा होंगे।

जीव और कर्मोंका संबंध

जीव और कर्मोंका संबंध अनादि कालसे चला आ रहा है। जीव और कर्ममें से किसी एककी पहिले या पीछे उत्पत्ति नहीं हुई। समय २ पर पुराणें कर्म, अपनी संतान परंपरा छोड़ते हुए, क्षीण होते जाते हैं। यह कर्मोंकी संतानपरंपरा तब तक बराबर जारी रहेगी

जब तक कि उसके अनुकूल उन काल–स्वभाव आदि पाँच कारणोंकी परंपरा बनी रहेगी। अनादिसे जारी रहनेवाला कर्मसंबंध कितनेक जीवोंके साथ अनंत काल तक रहेगा। यह पहला भंग १ अनादि अनंत कहा जाता है।

संसारी जीव

संसारी जीव अपने शरीरके प्रमाणमें ही फैला हुआ रहता है, रबरके फीतेकी मिसाल उसमें घटित नहीं होती। क्योंकि वह तोड़ा जा सकता है। कर्म परमाणुओंके समवायसे फीता बनता है। अतः प्रति परमाणु रूपमें वह टूट २ कर बिखर सकता है। जीव टूटता नहीं। न वह टूट २ कर बिखरता ही है। सूक्ष्मातिसूक्ष्म और स्थूलातिस्थूल रूपमें भी वह एक और अखंड ही बना रहता है। इस हालतमें जीव स्वभावसे ही आदि और अंत रहित है।

अनादि अनंत

अनादि अनंत कालकी सत्तावाले जीवके साथ कर्मोंका संयोग प्रवाह रूपसे अनादि कालसे चला आ रहा है। जैसे एक मुर्गी कई अंडोंकी जननी होती है, वैसे ही पूर्व कर्म-संयोग, कारणोंके रहते हुए, नये कर्मसंयोगोंका जनक होता जाता है। मुर्गीसे अंडा, अंडेसे मुर्गी, यह प्रवाह अनादि कालसे चला आ रहा है वैसे ही पूर्वापर कर्म संयोग–वियोग का तांता अनादि कालसे प्रवाह रूपसे चला आ रहा है। सभी अभव्य जीवोंके साथ, एवं कितने ही भव्य जीवोंके साथ, प्रवाह रूपसे आनेवाला अनादि कर्मसम्बन्ध अनंत कालतक होता रहता है। ऐसे सम्बन्धको शास्त्रोंमें "अणाइया अपज्जवसिया" कहा जाता है।

संयोगके पूर्व

संयोगके पूर्व उसके नये कर्मसंयोगका सर्वथा वियोग होता ही है। उसे तार्किक परिभाषामें प्रागभाव कह सकते हैं। प्राक् अभाव कारणोंके द्वारा कर्मसंयोग हो जाने पर मिट जाता है। मिट्टीमें घरका प्रागभाव होता है। कुम्हार आदि कारणोंके मिलने पर मिट्टी से घरका प्रादुर्भाव होते ही अभाव रूपमें परिणत हो जाता है। पुराने कर्मके संयोगका वियोग होता है, और वही वियोग नये कर्मोंके संयोगका हेतु हो जाता है। इस तरह जन्यजनक भावका तांता अनादि कालसे प्रवाहरूपसे चला आता है। अनंत काल तक वैसे हेतुओंके बने रहनेसे चलता रहेगा। अतः जैन सिद्धान्तसंमत "अणाइया अपज्जव-सिया" भंग बुद्धिवादकी पक्की कसौटी पर कसा हुआ ठीक प्रतीत होता है।

'अणाइया सपज्जवसिया'

'अणाइया सपज्जवसिया' जिसकी आदि तो नहीं, किन्तु अंत हो जाता है। जैसे कि भव्य–मुक्त होनेवाले जीवोंका कर्मोंके साथ संयोग अनादिकालसे प्रवाह रूपसे चला

आ रहा है, परंतु वैसे कर्मबन्धक कारणोंके मिट जानेसे और मुक्तिके अनुकूल कर्मनाशक–कारणोंके पैदा हो जानेसे प्रवाह रूपसे अनादि उस कर्मसंयोगका अंत हो जाता है।

तार्किक परिभाषामें इसको प्रध्वंसाभाव कहा जाता है जो मदसत् अर्थात् पूर्वमें था बादमें मिट गया। भव्य जीवोंका कर्मसंयोग अनादि सांत माना जाता है। इस दूसरे भंग की विवेचना भी सुसंगत बुद्धिगम्य होती है। सदासे ऊगनेवाला बीज भून जाने पर फिर नहीं ऊगता। इस ढंगके उदाहरण इस भंगको समझनेमें उपयोगी होते हैं।

प्रवाह रूपसे अनादि कर्म

प्रवाह रूपसे अनादि कर्मसंयाग के मिट जाने पर जीव मुक्त हो जाता है। जीवकी यह अवस्था साइया अपज्जवसिया मानी जाती है। हर एक मुक्त जीवकी मुक्ति होनेकी आदि होती है पर इस मुक्तताका कभी अंत नहीं होता। क्योंकि मुक्त हुए बाद कर्मबन्धनका कोई हेतु बाकी नहीं रह जाता। यह बात अभ्रान्त रूपसे कही जा सकती है, कि **"छिन्ने मूले कुतः शाखा."**

सादि सांत भंग

यह भंग जिसकी आदि भी है, और अंत भी है, ऐसी अवस्थामें लागु होता है। सम्यक्त्वसे पतित जीवके मिथ्यात्वकी आदि भी है, और अर्द्धपुद्गल परावर्त्त प्रमाण कालमें अवश्य ही मुक्ति प्राप्त होगी। उस समय उस मिथ्यात्वका अंत भी हो जायगा। शास्त्रीय परिभाषामें इसे साइया सपज्जवसिया कहा गया है। साइया अपज्जवसिया और साइया सपज्जवसिया भंगोंमें तार्किक परिभाषाके अत्यन्ताभाव और अन्योन्याभाव लागु होते हैं।

मुक्त जीवोंकी मुक्ति यदि आदि वाली और अनंत मानी जाती है, तो क्या कोई ऐसा समय भी था, जब मुक्तिमार्ग ही नहीं था? इसके जवाबमें प्रतिमुक्तव्यक्तिकी अपेक्षा मुक्तिकी आदि है, परंतु समूहरूपसे मुक्त जीवोंकी विचारणामें अनंतकालीन मुक्तिके प्रवाहको हमें नहीं भूलना चाहिए और वह मुक्तिका प्रवाह अनंत कालसे प्रस्तुत है। अतः मुक्तिमार्ग किसी समय नहीं था, ऐसा नहीं हो सकता। मुक्त जीव स्वयं सादि अनत भंग में स्थित हैं, और मुक्तिका मार्ग, प्रवाहरूपसे अनादि अनंत भंगमें।

अनादि बंध या मुक्ति ?

यदि स्थिर चित्तसे इसका विचार किया जाय तो यह निश्चितरूपसे कहा जा सकता है, कि प्रवाहरूपसे बंध अनादि है, और मुक्ति भी अनादि ही है। यह एक ऐसी समस्या है, जिसको स्थूल बुद्धिसे सोचने पर कुछ उलझनसी पैदा होगी। जैसे कि:–जो बना है वह बिगड़ेगा, और जो बना नहीं वह बिगड़ेगा भी नहीं। जो आया है वह जावेगा, और जो आया नहीं वह जायगा भी नहीं। जिसकी आदि है उसका अंत भी है, जिसकी आदि नहीं,

उसका अंत भी नहीं। यह उलझन द्रव्य, गुण और पर्यायोंको भलीभांति न समझनेसे ही होती है। उदाहरणके लिए बनना और बिगड़ना, अथवा जाना या आना अपेक्षा दृष्टिसे द्रव्यकी पर्यायें हैं। दूध रूपसे बिगड़नेवाला द्रव्य दही रूपसे बनता है और दही रूपसे बिगड़नेवाला द्रव्य छाछ रूपमें–मक्खन रूपमें बन जाता है। द्रव्य अपने रूपमें अर्थात पुद्गल रूपमें न कभी बनता है न कभी बिगड़ता है। पर्याय–अवस्था विशेष–बनता भी है और बिगड़ता भी है। ठीक इसी तरह जोधपुरवालोंकी दृष्टिसे जिनदासका जाना होता है तो जयपुरवालोंकी दृष्टिसे आना होता है। जिनदास नामक जो द्रव्य है उसमेंसे न कुछ गया, और न कुछ आया ही। बनना बिगड़ना और जाना आना ये क्रियाके रूपान्तर मात्र हैं।

आदि अन्तकी कल्पना

यह कल्पना अवस्था विशेषको लक्ष्यमें रखकर ही की जाती है। अवस्था विशेष भी सूक्ष्म और स्थूल दो तरहके होते हैं। सूक्ष्म अवस्था विशेष प्रति समय होते ही जाते हैं। **भगवान् उमा स्वातिजीके तत्त्वार्थाधिगमसूत्रका**–" उत्पाद–व्यय–ध्रौव्ययुक्तं सत्"–सूत्र समझना चाहिए। प्रतिक्षण नये पर्यायोंका उत्पादन और पूर्व पर्यायोंका व्यय–नाश होते हुए भी सत् द्रव्य ध्रुवतावाला होता है। जीव द्रव्य संसारमें रहते हुए संसारी अवस्था वाला होता है। और वही मुक्त होनेसे मुक्त अवस्था वाला हो जाता है। संसारी और मुक्त ये दोनों जीवद्रव्यकी स्थूल अवस्थाएं हैं। उनकी सत्ता भी उन २ कारणों पर निर्भर रहती है। संसारके कारणोंके रहते हुए संसारी अवस्था रहती है और उन कारणोंके मिट जाने पर उसका भी अंत हो जाता है।

संसारी और मुक्त

ये दोनों अवस्थाएं प्रवाहरूपसे अनादि अनंत होती हैं। जैन दर्शन अपेक्षाप्रधान दृष्टिसे देखनेके लिए हमें प्रेरित करता है इसलिए परीक्षाप्रधान बुद्धिवालोंको वह अपनी ओर आकर्षित करता है। कालके प्रभावसे पड़ौसी दर्शनोंके प्रसंग एवं राजनैतिक और सामाजिक क्रान्तियोंके विषम वायु मण्डलमें उसके साहित्यका काफी अंग भंग हुआ है। फिर भी मौलिक तत्त्वोंकी विचारणामें वह अपनी सानी नहीं रखता।

कर्मबन्धन और मोक्ष–इन दोनों अवस्थाओंके अनादित्वकी आलोचना जैन दृष्टिसे इस लेखमें की गई है। इससे संबंध रखनेवाली दूसरी आलोचनाएं–जैसी कि १ संसारका कर्ता कौन? कर्मोंका फलदाता कौन? मुक्त जीव केवलज्ञानी संसारके आदि अंतको देख सकते हैं या नहीं? अगर देख सकते हैं तो संसारकी अनादिता कैसी? नहीं देख सकते तो ज्ञान-पूर्णता कैसी? केवलज्ञान पूर्ण या अपूर्ण? मुक्त जीव संसारमें वापस कर्म बन्धन करते हैं या नहीं? आदि २ हैं। उनकी विचारणा आगामि अंकोंमें करनेकी भावना रखता हूं।

जैसलमेरके जैन ज्ञानभंडारोंके
अन्यत्र अप्राप्य ग्रन्थोंकी सूची

संग्राहक – श्रीयुत अगरचंदजी नाहटा

राजपूतानेमें प्राचीन जैन ज्ञानभंडारोंके लिये जैसलमेर बहुत प्रसिद्धिप्राप्त स्थान है। ताड़पत्रीय प्राचीन हस्तलिखित प्रतियोंके लिये तो पाटणके बाद यहींका नम्बर आता है। यहाँके जैन मंदिर भी बड़े कलापूर्ण हैं, पर खेद है कि वे इतनी प्रसिद्धि न पा सके। कई वर्षोंसे हमारा विचार इस तीर्थभूमिकी यात्राका था, जो श्रावण सं. १९९९ में सफल हुआ। हमने वहाँ जाकर वहाँके समस्त जैन भंडारोंका अवलोकन किया एवं अप्रकाशित शिलालेखादिकोंकी नकलें की। इस यात्रामें हमारे २५ दिन बड़े आनंदमें व्यतीत हुए। हमारे परिश्रमका लाभ सभी साहित्यिक विद्वान शीघ्र ही उठा सकें अतएव हमने ३-४ लेखोंद्वारा आवश्यक ज्ञातव्य प्रकाशित करनेका निश्चय कर पहला लेख जैसलमेरके नवीन प्राप्त ताड़पत्रीय प्रतियोंके सम्बन्धमें लिखा है, जो 'अनेकान्त'के अगले अंकोंमें प्रकट होगा। दूसरा लेख ताड़पत्रीयके अतिरिक्त कागज पर लिखी हुई प्रतियोंमें से अप्रसिद्ध ग्रन्थोंके परिचय स्वरूप यह लिखा जा रहा है। तीसरे लेखमें अप्रकाशित जैन प्रतिमालेखोंको प्रकाशित किया जायगा, जो यथासमय प्रगट होगा।

इस लेखमें मैं उन्हीं अलभ्य ग्रन्थोंकी सूची दे रहा हूँ जिनका उल्लेख स्व. श्रीयुत मोहनलाल दलीचंद देशाई सम्पादित 'जैन साहित्यनो संक्षिप्त इतिहास' एवं 'जैन गुर्जर कविओ भा. १-२-३'में नहीं आया है। इनमेंसे कई ग्रन्थोंकी प्रतियें बीकानेरादिमें भी उपलब्ध हैं पर जैन साहित्यके कोषरूप उक्त ग्रन्थोंकी पूर्तिरूपमें ही उनमें अनिर्दिष्ट समस्त ग्रन्थोंकी सूची दे रहा है।

जैसलमेरके चार (नं. १-४-६-७) भंडार तो पूर्व प्रसिद्ध हैं, उनके अतिरिक्त तीन भंडार हमने नये ही देखे अर्थात् उनके ग्रन्थोंके सम्बन्धमें अभीतक किसी व्यक्तिने कोई प्रकाश डाला नजर नहीं आया। इस सूचीमें उन सातों भंडारोंकी संज्ञा इस प्रकार दी गई है।

१ बड़ा = बड़ा भंडार जो कि किल्ले पर सुरक्षित है। इसी भंडारके अंतर्गत कई बंडल पेढ़ीमें पड़े थे उनकी संज्ञा 'पे' शब्दसे दी गई है। ये दोनों संघके निरीक्षणमें हैं।

२ डूं = डूंगरसीजीका भंडार जो अभी यतिवर बेलजीके हस्तक है।

३ वृ = यतिवर्य वृद्धिचंद्रजीका भंडार जो खरतरगच्छके बड़े उपाश्रयमें है।

४ पं. = पंचायतीका भंडार-भी बड़े उपाश्रयमें है एवं खरतर संघके हस्तक है।

५ आ. = आचार्यशाखा (खरतरगच्छ) के उपाश्रयमें है। यह उस शाखाके श्रावकोंके आधीन है। इस उपाश्रयमें यति चुन्नीलालजीका भी थोडा संग्रह है जिनकी संज्ञा "चुन्नी" है।

६ तपा = तपागच्छके उपाश्रयमें उस गच्छके श्रावकोंके आधीन है।

७ था = थाहरू शाहका भंडार उनके उपाश्रयमें है और उनके वंशज जुहारमलजीके हस्तक है।

इनमेंसे नं. १ और ४की सूची यति लक्ष्मीचंद्रजीने की है पर नं. १की त्रुटित प्रतियाका विवरण उसमें नहीं है, वह आवश्यक है। नं. ५को छोड़ अवशेष भंडारोंकी सूची नाम मात्रकी पुराने ढंगकी है। नं. ६ के भंडारकी सूची

अपूर्ण है । सक ों प्रतियें बिना सूची व बिना वेष्टनादि व्यवस्थाके पड़ी हैं उनकी व्यवस्था एवं सूची होना आवश्यक है । न. १के अन्तर्गत पेटीके बंडलोंकी सूची श्रीजिनहरिसागरसूरिजीने की है । नं. ५ व उसके अन्तर्गत चुन्नीलालजीके संग्रहकी कोई सूची नहीं है । इनके अतिरिक्त लोंकागच्छके उपाश्रयमें कुछ प्रतयें हैं, पर वे हम देख न सके । अब इन भंडारोंके अन्यत्र अप्राप्य ग्रन्थोंकी सूची विषय विभाजित करके नीचे दी जाती है—

आगम प्रकरणादि

१ कल्पसूत्रटीका	ब्रह्म (सं. १६७१ लिखित)	वृ.
२ कल्पांतर्वाच्य	जिनहंससूरि	वृ.
३ ,,	बेगड़ जिनसमुद्रसूरि	वृ.
४ कल्पसूत्र बालावबोध (कालिकाचार्य कथा सह)	,,	डूं.
५ सूयगडांग बालावबोध	बेगड़ जिनउदयसूरि (सं. १७९८ लि.)	डूं.
६ उत्तराध्ययन बालावबोध	पार्श्वचंद्र गच्छ आजिचंद्र	वृ.
७ स्थानांगदीपिका	,, मेघराज	वृ.
८ चउसरण टबा	मुनि मेरु	तपा.
९ क्षेत्रसमास बालावबोध	ख० रत्नसमुद्रशि. खेम	वृ.
१० लघुसंघयणी बालावबोध	मतिचंद्रकृत पत्र ४२	वृ.
११ जंबूद्वीप संग्रहवृत्ति	मू.हरिभद्रसूरि टी प्रभानंदसूरि (कृष्णर्षिगच्छ)	पं.
१२ आवश्यक बालावबोध	संवेगदेव सं. १५१४	पं.
१३ संग्रहणि अवचूरी	खर० साधु सोम सं १५०१ लि.पत्र१०	पं.
१४ उपदेशमाला टबा	खर विमलकीर्ति	पं.
१५ ,, संस्कृत टबा	शिवनिधान	वृ.
१६ पांच चरित्र ३६ द्वार वाला	खर. रामचंद्र सं. १९०० का. व. २	वृ.
१७ सप्तनय बालावबोध	मतिचंद्र	वृ.
१८ सिंदूरप्रकरवृत्ति	मलधारी गुणकीर्तिसूरि पत्र १५	वृ.
१९ संबोधसत्तरी बालावबोध	ख मेरुसुन्दर	वृ.
२० नवतत्त्व वृत्ति	नेतृसिंह (पार्श्वचंद्रगच्छ)	वृ.
२१ विचारछतीसी (१ से ३६ योध)	मयरचंद्र सं. १६४५ विजयादशमी डूं.	वृ.
२२ धर्मचतुस्त्रिंशिका टबासह	लुंका तेजसिंह सं. १७६२ पो. सु. १५	वृ.
२३ सार समुच्चय	कुलभद्र पत्र १७	तपा.
२४ दर्शनशुद्धिवृद्धि पत्र ३१२	श्रीतिलकाचार्य	तपा.
२५ चैत्यवंदनक	जिनेश्वरसूरि	था.
२६ गणधरसार्द्धशतक संक्षिप्त वृत्ति	ख. सर्वराजगणि	तपा.
२७ पंचलिंगी संक्षेपवृत्ति	,,	तपा.
२८ धर्मोपदेशचिन्तामणि (प्राकृत)	पत्र २२	तपा.
२९ दानादिकुलक टबा	तपा. विजयकुशल	तपा.
३० तीन कर्मग्रन्थ टबा	तपा. कल्याणनिधानकृत	डूं.
३१ जीवाभिगम टबा	तपा. धनविजय	डूं.

३२ उपधानविधि	ख. शिवनिधान	आ.
३३ बीसस्थानक तपविधि	ज्ञानसागर शि.सं.१८२९ मि.व.१० मकसुदाबाद	वृ.
३४ स्नात्रपंचाशिका	तपा. शुभशील पत्र ९	आ.
३५ नवतत्त्व अर्थ	तपा. मालविजय पत्र ५०	बड़ा
३६ शांतिपर्वविधि	जिनदत्तसूरि	था.
३७ पार्श्वनाथ १० भव बालावबोध	पद्ममंदिर	पं.
३८ प्रज्ञापनातृतीय पद संग्रहणी अवचूरि	कुलमंडण	पं.
३९ धर्मशिक्षावृत्ति	जिनपालोपाध्याय सं. १२९३	पं.
४० विचारआलावा	गुणरत्नसूरि	पं.
४१ ऋषिमंडल बालावबोध	ख. हर्षनंदन (अपूर्ण)	बड़ा
४२ शत्रुंजयलघुमाहात्म्य	जिनभद्रसूरि श्लो. १३५	बड़ा
४३ सामायिक वचनिका	जैवंत (दि.) पत्र ८२	तपा.

स्तोत्रादि फुटकर

१ भावारिवारणवृत्ति	मेरुसुन्दर पत्र ९	वृ.
२ देवाप्रभोस्तोत्रवृत्ति	मू. जयानंदसूरि	वृ.
३ भक्तामरव्याख्या	शुभवर्द्धन ग्र. १५०० सं १५२–पत्र ३८	वृ.
४ कल्याणमंदिरवृत्ति	देवतिलकसूरि	आ.
५ उपसर्गहर बालावबोध	ख. पद्मराज सं. १६४६ जैसलमेर पत्र ५	वृ.
६ भयहरवृत्ति	(जिनप्रभसूरि वृत्तिके अनुसार अन्यकृत)	बड़ा
७ सप्तस्मरण लघुशांतिवाला	ख. कमलकीर्ति सं. १६८७ वै. सु. ९ (महिमनगर श्री. सुजीके लिये ग्रं. २०००)	डूं.
८ विज्ञप्ति द्वात्रिंशिका	रूपचंद्र	पं.
९ स्तोत्रसंग्रह पत्र ५.	साधुसोम	पं.
१० स्तोत्रसंग्रह आदि	(सं १३८४-८७ लि.)	बड़ा
११ ,, *	(सं. १४३७ लि.)	पं.
१२ ज्ञानविलास प्रश्नोत्तरी	नवलराम भंडारी	चु.
१३ षट्दर्शन आलोचना	,,	चु.
१४ सुभाषित गा ७०	गुणाकरसूरिशि.	तपा.
१५ आत्मप्रबोध पत्र १६	(कई इक्कीसी पचीसी बत्तीसी रूप)	वृ.
१६ नमस्कार माहात्म्य	सिद्धसेन	था.

कथा व्याख्यान चरित्र संस्कृत

१ धर्मदत्तकथा	तपाविनयकुशल श्लो. ८३५ सं. १६४३ पत्र ३०	वृ.
२ जवराजर्षिकथा	चंद्रशेखरसूरि	वृ.
३ पृथ्वीचंद्रचरित्र	लब्धिसागरसूरि	वृ.
४ मौनएकादशी कथा	ख. जीवराज सं १७८२ ? बीकानेर	वृ.

*खेद है कि इस प्रतिमें जिनेश्वरसूरिचरित्र गा. ३० पवं. सं. १३८७ वाली प्रतिमें जिनपतिसूरि पंचाशिका, जिनप्रबोधसूरिबहुत्तरी, जिनचंद्रसूरि बहुत्तरी होनेका उल्लेख इन दोनों प्रतियोंकी सूचीमें है पर वे पन्ने गायब है।

५ शीलवती कथा	रुद्रपल्लीय आज्ञासुंदर श्लो. ३८७ सं. (१५)६२ पत्र १२	तपा.
६ मलयसुंदरी चरित्र	आगमिक जयतिलकसूरि	तपा.
७ मलयसुंदरी कथोद्धार	वा धर्मचंद्र	तपा.
८ दीपालिका व्याख्यान (गद्य)	प्रेमसागरशि०	तपा.
९ सुमित्रचरित्र	ख. हर्षकुंजर सं. १५३५	तपा.
१० सद्‌यवत्स कथा	हर्षवर्द्धन (सं. १५२८ लि.)	आ.
११ जंबूकथा	सकलहर्ष पत्र ११ (सं. १७२० लि.)	पं.

जैन व्याकरण ज्योतिष वैद्यकादि

१ हेमीनाममालावार्त्तिक	ख. रामविजय सं. १८२२ पो. सु. ३	वृ.
२ कारकरहस्य	नेतृसिंह	वृ.
३ कौतुकमंजरी	मू. हरिभद्रसूरिशि. जयचंद्र टी. भावप्रभसूरिशि. नयकुंजर	पं.
४ रघुवंशसर्गाधिकार	जयसागर	आ.
५ उदयविलास (ज्यो.)	वे. जिनोदयसूरि	हुं.
६ वसंतराजशकुनदीपिका चौपई	लाभवर्द्धन सं १७७० वै.सु.३ श्लो.५६४	तपा.
७ जन्मप्रकाशिका (हिन्दी दोहा)	ख.केसव (मेडतेके राजपालादिके लिये)	वृ.
८ शकुनविचारदोहा	लक्ष्मीचंद्रशिष्य पत्र ४	वृ.
९ संतानऔषध पत्र १३	धनजी (दयासमुद्रकी अनुमतिसे)	वृ.
१० रत्नपरीक्षा	ख तत्त्वकुमार सं. १८४५ श्रा. व. १०	वृ.

रास चौपाई

१ भरतसंधि	वे. पद्मचंद्र	वृ.
२ शुकराज चौपई	तपा पुण्यविजय सं.१८११ पत्र २९	वृ.
३ धर्मदत्त चंद्रधवल चौपई	क्षमाप्रमोद सं. १८२६ आषाढ सु. २ जेसलमेर पत्र ३८	वृ.
४ सुदर्शन चौपई	वस्तिग	तपा.
५ सुरसुन्दरी चौपई	विजयशेखर गा २२८	तपा.
६ रामायण चौपई	ख विद्याकुशल और चारित्रधर्म । दोनों सं. १७९१ आसोज सु.१० लुणसर पत्र १३४	तपा.
७ कयवन्ना चौपई गा. ११०	मलयचंद्र	तपा.
८ परिग्रह परिमाण्य चौपई	मेघ (जिनमाणिक्यसूरिशि.) सं.१६०९	तपा.
९ मृगांकलेखा चौपई	खर. श्रावक लखपत (अंतिमपत्र) सं. १६९४ श्रा. सु. १५	तपा.
१० त्रिलोक्यसुंदरी मंगलकलश चौपई	,, सं. १६९१ आ. सु.	तपा.
११ अरणिक चौपई	अंचलगच्छ विजयशेखर सं.१६८५ लि.	तपा.
१२ रत्नचूड चौपई	हीरकलश सं १६३६ जे.सु.१ पत्र १३ मूहनपुरि	तपा.
१३ शत्रुंजयउद्धाररास पत्र १८	ऋषभदास सं. १६६७ जे.सु.१०	तपा.
१४ रत्नपाल चौपई	गुणरत्न सं.१६६२ महिमावती पत्र २१	तपा.

१५ चंपकरास	त. हेमविजय	तपा.
१६ दयारास	लोंकागच्छीय	तपा.
१७ मुनिपति चौपई	नयरंग सं. १६१५ फा.सु.९ ओसियां गा.२९	हुं.
१८ अंजना हनुमान चौपई	..जिनराजसूरि सं. १७०३ मा.सु.पत्र१३	हुं.
१९ गजसुकुमाल चौपई	जिनहर्ष सं. १७१४ आषाढ सु. १ गा. १०४	हुं.
२० उत्तमकुमार चौपई (जैसलमेर)	खै. जिनचंद्रसूरि सं. १६९८ मा.सु.१३	हुं.
२१ इलायचीकुमार चौपई	खे.जिन..सूरि सं.१७५१ विजय वीरोतर	हुं.
२२ आतमकरणीसंवाद	खै. जिनसमुद्रसूरि सं. १७११ मुलतान [.... ..... नेमिदास आग्रह]	हुं.
२३ सत्तरभेदी पूजा	खै. समुद्रसूरि सं. १७१८ सूरत	बड़ा.
२४ प्रवचनसार रचनावेलि	" त्रुटित	बड़ा.
२५ उत्तमकुमार (नवरससागर)	. (महिमसमुद्र) १७३२का.व.१२,,	बड़ा
२६ रुक्मणी चौपई	" " ,,	बड़ा
२७ वसुदेव चौपई	" " ,,	बड़ा
२८ हरिबल चौपई	सं. १७०६ जे.व. महाजपुर ,,	बड़ा
२९ ऋषिदत्ता चौपई	(महिमसमुद्र) ,,	बड़ा
३० भीमसेन चौपई	खै. जिनसुन्दरसूरि सं.१७५५ श्रावण सु. २ फडपारा ,,	बड़ा.
३१ गौडी स्तवन ढा. १० पत्र ५	" सं. १७१३ आ.व.१० ,,	बड़ा
३२ साधुवंदना	केसोदास	बड़ा
३३ चंपकमाला चौपई	त्रुटित	बड़ा
३४ नेमिरास (हिन्दी)	,,	बड़ा
३५ रायपसेणी चौपई	जिनेश्वरसूरि सं.१७०९ आषाढ सु.३ सक्कीनगर	बड़ा
३६ कुबेरदत्ता चौपई	नयरंग	था
३७ साधुगुणमालिका गा. ५२	सुखसागर	था
३८ सनतकुमार रास गा. ८५	सेवग	था
३९ आषाढभूति सज्झाय गा. ८४	देवसुंदर सं. १५८७	बड़ा
४० थिरावली गा. ३३	सहजकीर्ति सं.१६८३ मा.व.७ (धीरराज आग्रह)	पं.
४१ कामलक्ष्मीवेदविचक्षणमातृपितृकथा	जयनिधान सं. १६७९ गा. १०५	पं.
४२ महाशतक चौपई पत्र १२	शिवलालऋषि सं. १८८७ आ.व.१०	पं.
४३ ज्ञानबतीसी	धर्मसिंहजी सं. १७५९ जयतारण	पं.
४४ ओसियाँ वीर बत्तीसी	भावसागर सं. १५३१	था.
४५ चौबीशी	कुशलधीर सं. १७२९ सोजत	पं.
४६ नमिराजर्षि चौपई	ललितसागर अंचलगच्छ सं.१६९९ मि.सु.१४	पं.
४७ चेतनपुद्गलधमाल गा. १२६	बूचा	पं.
४८ ऋषिदत्ता चौपई	वीरमसागर पत्र ३३ सं.१७५१ का.व.११ महाजन	पं.
४९ गजसिंह चौपई	राजसुन्दर सं. १७५६ जे. सु. १५	पं.
५० कुंडरीक पुंडरीक संधि	राजसार सं. १७०३ पो. सु. ७ अहमदाबाद	आ.
५१ चौवीस जिनस्तवन गा. ६५	जयरंग (सं. १७३९ लि.)	–

५२ मल्लिनाथ ५ कल्याणक स्तवन	ख.समरथ सं.१७३६ भा.सु.६ सक्कीनगर	बृ.
५३ त्रलोक्यदीपक हिन्दी पत्र ७४३	तपा कृष्णविजय सं.१८१२ वै. शु. ३	बृ.
५४ जिनप्रतिमास्तवन गा.८६ नयविमल	(वीरचंद्राग्रह)सं.१७४१ विजयादशमी	तपा.
५५ कुमति खंडन स्तवन गा. ५१	..प्रभ (१६७० लि.)	तपा.
५६ १७० जिननाम स्तवन गा. ६१	अविचल	तपा.
५७ बावनी (हिन्दी)	रत्नशेखरशि. लालचंद्र	तपा.
५८ ९ बाड़गीत गा. ६८	तपा. भैरवदास	तपा.
५९ १२ व्रत चौपई गा. ६४	पद्मविजय सं. १६४५	तपा.
६० स्तवन सज्झाय अनेक	ख. देवचंद्रजी	आ.
६१ शील बावनी गा. ६२	माल	था.
६२ १७ सज्झाय	हर्षमूर्ति	था.
६३ स्तवनसंग्रह (करीब २००)	बे. जिनसमुद्रसूरि	बड़ा
६४ अर्जुनमाली संधि	नयरंग सं. १६२१ जे.सु.१० वीरमपुर	डुं.
६५ शीलरास	ख.सिद्धिविलास सं.१८१० चै.सु. १० लाहोर	आ.
६६ सनतकुमार चौपई	कल्याणकमल	आ.
६७ सोल स्वप्न चौढालिया	अमरसिंधु २	आ.
६८ सप्ततशत जिनस्तवन	भावसागर सं. १७५८ आसु सु.३	आ.

प्राचीन रास आदि भाषा कृतियें

नेमिनाथ रास	गा. ५७	ख. सुमतिगणि	(१३ वीं शताब्दी)
चन्दनबाला रास	गा. ५३	आसिगु	,,
भरहेसर बाहुबलि घोर	गा. ४५	वज्रसेनसूरि	,,
महावीर जन्माभिषेक	गा. १४	जिनेश्वरसूरि	,,
वासुपूज्य बोलिका	गा. ४	,,	,,
वीरजिनकलश	गा, १४		
चंद्रप्रभकलश	गा. ११		
युगादिदेव कलश	गा. २०		
नेमिनाथ फागु	गा. १४	समधर	
मालउघट्टण	गा. १८		
महावीरकलश	गा. २८		
चतुर्विंशति जिनचौपई	गा. २६	मोदमंदिर	
नेमिनाथ स्तवन	गा. २३		
चंद्रप्रभकलश	गा. १७	वीरप्रभ	
महावीराष्टक	गा. ९	,,	
जंबूस्वामी वस्तु	गा. २१		
ऋषभशांति कलश	गा. १३		
धर्मचर्चरी	गा. २०		

वीर कलश चौपइ गा. १२
(आदि समस्त कृतियें सं. १४३९ लिखित प्रतिमें पंचायती भंडारमें है.)

ऐतिहासिक साहित्य

जिनचंद्रसूरि वर्णनरास गा. ४० लक्ष्मीसिद्ध पं.
जिनलब्धिसूरिपट्टे जिनचंद्रसूरि विवाह गा. ३५ सहजज्ञान बड़ा
कीर्तिरत्नसूरि विवाहलउ गा. ५४ कल्याणचंद्र तपा.
गुणरत्नसूरि विवाहलउ गा ४९ पद्ममंदिर बृ.
जिनप्रबोधसूरि रेलुआ गा. १० पद्मरत्न
,, चर्चरी गा. १६ सोममूर्त्ति
जिनचंद्रसूरिचर्चरी गा. २५ हेमभूषण
जिनकुशलसूरि रेलुआ गा. १० जयधर्म
गुर्वावली, जिनभद्रसूरि, जिनचंद्रसूरि, जिनसमुद्रसूरि, जिनलब्धिसूरि एवं अन्य गीतादि।
शत्रुंजय चैत्य परिपाटी गा. २९. सोमप्रभ बड़ा.
शत्रुंजय यात्रा रास बे. जिनसमुद्रसूरि सं. १७२३ वै. सु. १० बड़ा.
शत्रुंजय गिरनार संघगीत तपा.
सकलचंद्र गणिभास गा. ३१ तपा.
जीवर्षि रास त्रुटित पा.
विद्यासागर उपाध्याय रास ,, तपा.
पाटण चैत्यपरिपाटी गा. ६४ सिद्धसूरि सं. (१५)७६ बड़ा.
विजयदयासूरि लेख पद्धति पत्र ४ दानचंद्र सं. १७८५ तपा.
जैसलमेर चैत्यपरिपाटी हेमध्वज सं. १५५०

पुनसीऋषि, तेजसार, धर्मसुन्दर, दयारत्न, ४ साध्वी, कुशलविजयादि गीत, हेमरत्नसूरि, अमररत्नसूरि फाग, लक्ष्मीचंदसूरि गीत आदि, वाडी पार्श्व, राडद्रहपुर वीर स्तवन, पाहड़पुर आदिनाथगीत. आदि ऐतिहासिक स्तवन।

ऐतिहासिक अलभ्य ग्रंथ

जिनपतिसूरि पंचाशिका	जिनपाल	सं. १३८४ लि. प्रतिके जिन पत्रों में यह थी वे मध्य पत्र गायब हैं।
जिनप्रबोधसूरि बउहत्तरी	गा ७४	
जिनचंद्रसूरी बहत्तरी	गा. ७४	
जिनेश्वरसूरि चरित्र	गा. ३० सं. १४३७ लि. प्रतिके ये पत्र गायब हैं।	

जैनेतर ग्रथ

१ प्रामाण्यवाद हरिराम तर्कवागीश पत्र २४ पं.
२ न्यायप्रदीप याज्ञिक वेणीदत्त पुत्र गोपीकान्त पत्र ८ बृ.
३ पदार्थरत्नमंजूषा कृष्ण श्लो. ३२० पत्र ९ बृ.
४ मिथ्यात्व ज्ञानखंडन नाटक रविदास पत्र ६ बृ.
५ योगिनी दशाफल हरजी पत्र ७ "

६ विद्वन्मनोरंजिका (ज्यो.) शंकरदत्त पाठक पत्र २७ पं.
७ तत्त्वत्रय निर्णय घोरशिवाचार्य पत्र ६ पं.
८ महाविद्या विडंबन हरिकिंकर न्यायाचार्य पं.
९ अनेकार्थसंग्रह कायस्थ गडुमल सुत परमानंद पत्र १७ (सं १७८० लि) बृ.
१० रूपमंजरी नाममाला रूपचंद (गोपालसुत) पत्र ६ पं.
११ वर्षतंत्र काशीस्थ नीलकंठ पत्र २५ शक १५०९ आश्विन सु. ९ पं.
१२ शृंगारमंजरी भोजदेव बृ. बड़ा
१३ विभक्तिआदि व्याख्या रामकलश पत्र १७ बड़ा
१४ ब्रह्मानंद कल्लोल वार्त्तीकरण ज्ञानसागर (नं. ७६१) बड़ा
१५ हृदयदीपक वैद्यक निघंटु बोपदेव
१६ इष्टदर्पण मिश्र नंदराम पत्र ११ आ.
१७ हृदयप्रकाश हृदयनारायण महाराज पत्र ७ सं. १७३८ लि. बड़ा.
१८ ज्ञानमंजरी (ज्यो.) ऋषिशर्मा पत्र १६ पं.
१९ रतिभूषण (हिंदी) जगन्नाथ सं. १७१४ जे. शु. १० जैसलमेर
(अमरसिंहकी आज्ञासे विरचित) बड़ा
२० प्रेममंजरी पद्य ९७ हिं. प्रेम सं. १७१४ चै. सु. १० आ.
२१ स्वरोदय पद्य ३५५ हिन्दी, तनसुख सं. १८८७ का. सु. ८ आ.
२२ मैणावती गोपीचंद कथा पद्य २०० गोरख बड़ा.
२३ गनेसकथा पद्य ९५ कायस्थ केशव (सं. १८५० लि.) पत्र ११ बड़ा.
२४ हिन्दी नाममाला (अमरकोषके आधारसे रचित) अपूर्ण बड़ा.
२५ संक्षिप्त वेदांत आत्मा प्रक्रिया शंकर पत्र ३० तपा.
२६ आत्मप्रकाश (वैद्यक) आत्माराम बृ.
२७ आऊपणवत्तीसी गा. ३२ चंद्र सं. १७७६ आखातीज (चंद्रसेन
कुमर आग्रह) पं.
२८ चांपावत (राठोड़) देवसिंघका ख्याल पत्र ४ बृ.
२९ हस्तामलक (राजस्थानी भाषा) पत्र ६ अपूर्ण बड़ा.
३० सिद्धान्त शतक लालनाथ सं. १८८४ मा. सु. ६ तपा.
३१ (ज्ञानोद्दीपक पंचाशिका, पवपूत पंचीशिका, सर्वमतसूचनिका पचासी,
अभिलाष पचीसी, अवधूतपचीसी आदि)
मेघमालाग्रन्थोपरि सारोद्धारकाण्यानि पत्र ३० हुं.
३२ प्राचीन दोहा संग्रह १००० तपा.
३३ फुहड़ रासो, पुरषरासो, चोररासो, उंदररासो सुकाल वर्णनादि बृ.

★

અહિંસક શક્તિનો અપૂર્વ વિજય

લેખકઃ—પૂજ્ય મુનિમહારાજ શ્રી કનકવિજયજી

'જૈન મંત્રીશ્વર શ્રી કલ્પક' નામની કથાનાં છેલ્લાં પ્રકરણોનો સાર અહીં રજુ થાય છે. મગધની ગાદી પર નંદવંશના વિજયધ્વજને ફરકતો રાખનાર મંત્રીશ્વરના જીવનની કેટલીક ઐતિહાસિક કારકીર્દી આ પ્રકરણોમાં આલેખાયેલી મળે છે. આજથી ચોવીસ સો વર્ષ પહેલાંની આ હકીકતો યુદ્ધ દ્વારા થતા રક્તપાતને અટકાવી અહિંસક શક્તિનો અપૂર્વ વિજય જણાવી જાય છે.

તે દિવસથી મહારાજા નન્દના સર્વસત્તાધીશ મંત્રી તરીકે કલ્પકની વરણી જાહેર થઈ, અને જૈન મંત્રીશ્વર કલ્પના શિરપર નન્દવંશની સામ્રાજ્યધુરાના મેરુભારની જવાબદારી આ રીતે આવી પડી. કલ્પકની કુશલતાથી મહારાજા નન્દનું સામ્રાજ્ય દિન-પ્રતિદિન વધુ સમૃદ્ધ બનતું ગયું. નન્દની રાજસત્તાના ઇર્ષ્યાળુ રાજવીઓ કલ્પકની આ પુણ્યાઈના તેજોદ્વેષી બનતા ગયા. પણ ધાર્મિકતાના પવિત્ર સંસ્કારોથી રંગાયેલો મંત્રીપદનો એ અધિકાર કલ્પકને સતત જાગ્રત રાખતો હતો. મગધના સામ્રાજ્યપર આથી મંત્રી તરીકે કલ્પક પોતાનો સારો જેવો પ્રભાવ પાડી શક્યો હતો.

જેમ જેમ જૈન મંત્રીશ્વર કલ્પક લોકપ્રિય બનતો ગયો તેમ તેમ તેના રાજ્યના જૂના અધિકારીઓનાં હૃદયો કલુષિતતાના કાદવથી વધુ મલિન બનતાં થયાં. કલ્પકનું અનિષ્ટ કરવાની વૃત્તિવાળા માનવો પાટલીપુત્રના રાજકારણમાં વારંવાર દેખા દેવા લાગ્યા.

જગતના માનવોની આ એક મોટી નિર્બલતા છે કે, કોઈના-અરે, સમાન ધર્મિના-પણ નિર્દોષ ઉત્કર્ષને તેઓ સહી શકતા નથી. એ જ અશક્તિના યોગે જ્યાં જૂઓ ત્યાં ઇર્ષ્યા, અસૂયા અને કિન્નાખોર વૃત્તિનાં પાપો ઘર કરી, સંસારના નન્દન વનને ભડકે બળતું વેરાન બનાવી દે છે. અસંતુષ્ટ હૃદયો પોતે બાળે છે, નિર્બળોને બાળે છે અને દેશ કે સમાજની શાન્તિને સળગાવનારી ચીનગારીઓ વેરી કુસંપનો આતશ બળતો રાખે છે.

કલ્પકની શક્તિઓ મગધના રાજકારણમાં જેમ જેમ ફાલી-ફૂલી પાંગરતી ગઇ તેમ તેમ કલ્પકની એ પ્રાભાવિકતાથી નન્દના આડોશી-પાડોશી રાજવીઓ મગધની સત્તાને નમ્ર સેવકની જેમ નમતા થયા. પણ કલ્પકના મંત્રીપદની ઇર્ષ્યાથી એના જૂના વૈરીઓના હૃદયનો આતશ વધુ ને વધુ ધીખતો થયો.

મહારાજા નન્દને મન કલ્પક એ રાજ્યનું સર્વસ્વ હતો. કલ્પક જેવા ધીર, સ્થિર અને કુશલ મંત્રીશ્વરને પામી નન્દનો આત્મા, સુખનાં સ્વપ્નો સેવી, નિરાંતે પોઢતો હતો. કલ્પકની રાજ્યવ્યવસ્થા માટે નન્દને પૂરેપૂરો વિશ્વાસ હતો. આ બધું હોવા છતા કલ્પકના જૂના શત્રુઓ એનાં છિદ્રોની શોધમાં હતા. અને નન્દના હૃદયમાં કલ્પક પ્રત્યેનો અવિશ્વાસ પેદા કરવામાં આમ એક વેળા તે લોકો ફાવી પણ ગયા.

એ હતો તો સામાન્ય પ્રસંગઃ કલ્પકને જે બનાવની પાછળના આ વિકૃત વાતાવરણની સામાન્ય ગંધ પણ ન હતી, તે બનાવને એના જૂના રાજ્યમંત્રીએ કોઈ નવા જ રૂપે મહારાજા નન્દના રાજકારણમાં વહેતો મૂકયો. એ બનાવની ટૂંક હકીકત આ મુજબની હતીઃ

કલ્પકને ઘેર એના મ્હોટા પુત્રના લગ્નનો પ્રસંગ હતો. આ પ્રસગ ઉજવવાને કલ્પકે

પોતાને છાજતી સઘળી તૈયારીઓ કરી હતી. મહારાજા નન્દને પોતાને ઘેર આમંત્રણ આપી, ભેટ ધરવા સારાં સારાં શસ્ત્રો તેણે તૈયાર કરાવવા માંડયાં. કલ્પકના ઘેર આ રીતે નવાં શસ્ત્રો વિપુલ પ્રમાણમાં તૈયાર થઇ રહ્યાં છે, એ હકીકત તેના છિદ્રાન્વેષી અધિકારી વર્ગના કાને અથડાવા લાગી. એટલે આ અસંતુષ્ટ માનવોએ પોતાની મલિન વૃત્તિથી મહારાજા નન્દને ભંભેરવાનું કાર્ય આરંભી દીધું. કલ્પકના આવવા પછી જેનું મંત્રીપદ ચાલ્યું ગયું હતું, તે જૂના મંત્રીએ એક અવસરે મહારાજ નન્દની આગળ ગણગણાટ શરૂ કર્યો. મહારાજા નન્દે સાવધ બનીને એને પૂછયું. જવાબમાં એ અપમાનિત માનવે જણાવ્યું :

'રાજન્! આપ અમારા શિરતાજ છો. અમારા પર કરુણાદૃષ્ટિ એ જેમ આપને માટે ઉચિત આચાર છે, તેમ સેવક તરીકે આપના હિતની ચિંતા રાખવી એ અમારી ફરજ છે. માટે જ આપને હું ચેતવું છું કે, આ મુત્સદ્દી કલ્પકથી સાવચેત રહેજો.' નન્દના હૈયામાં ધીમું ઝેર રેડવાની દુષ્ટતાથી એ આ બધું બોલી રહ્યો હતો. કાંઇક સંદિગ્ધ હૃદયના નન્દને વધુ ભ્હેકાવવા તેણે ફરી ઝેર પીરસવા માંડયું: 'પ્રભો! આપની સમક્ષ જુઠ્ઠું બોલવાની અમારે કાંઈ જરૂર નથી. આપના જુના સેવક તરીકે આપના હિતની રક્ષા એ જ અમારા પ્રત્યેક શ્વાસોશ્વાસની ફરજ છે. આથી કલ્પકનાં કાળાં કામોની જાણ કરવી એ અમારી ફરજ છે. એ ફરજ બજાવ્યાનો આજે અમને આનન્દ છે!'

નન્દના હૈયામાં આ ખટપટી અમાત્યે કાળકૂટ ઝેર આમ સરળતાથી રેડી દીધું. મગધનો સત્તાધીશ નંદ કાચાકાનનો હતો. એને આ બધી વાતોમાં રસ પડવા લાગ્યો. નન્દની માનસિક સ્થિતિ ડામાડોળ થવા લાગી આ જૂના ખટપટી માણસોએ ફરી એક વાર અવસર મેળવી નન્દના હૃદયના શલ્યને વધુ સ્થિર કરવા કહ્યું. 'મહારાજા! પ્રપંચી કલ્પકના છળની ખાત્રી કરવી હોય તો આપ તપાસ કરાવો કે એના ઘરમાં શી ખટપટો ચાલી રહી છે? આપના રાજતંત્રમાં બળવો જગાડવા માટે છૂપી રીતે શસ્ત્ર સામગ્રી તૈયાર કરાવવા માંડી છે. આપના રાજ્યના વફાદાર જૂના માણસો તરીકે અમારી ફરજ સમજી આ બધી હકીકત અમે જણાવી છે. જે યોગ્ય લાગે તે કરવાને આપ અધિકારી છો.

નન્દ આ બધું સાંભળી રહ્યો માથાપર જાણે અકાળે વિજળી પડતી હોય તે રીતે અકથ્ય વેદનાનાં ગંભીર વર્તુલો એના મુખપર ફરી વળ્યાં. સાંભળતાં સાંભળતાં એના હૃદયે કારી ઘાની વ્યથા અનુભવી, મુંઝવણોનો મહેરામણ એને ક્ષણવાર મૂંઝવી રહ્યો. એ વિચારમગ્ન બન્યો. ધીરે રહી એણે પોતાના રાજકર્મચારીઓને આદેશ આપ્યો:—

'મગધના સર્વસત્તાધીશની સામે બળવો? અને તે એના વિશ્વસનીય રાજ્યમંત્રી કલ્પકના ષડ્યંત્ર દ્વારા? જાઓ! મારા વફાદાર સેવકો! મંત્રીશ્વરના ઘેર શસ્ત્રસામગ્રી તૈયાર થતી જોવાય તો તેના સમાચાર મને તાબડતોબ આપો!'

મહારાજાના શબ્દો આકાશમાં ઘુમરીઓ લેતા આસપાસ ફરી વળ્યા. મગધની સત્તાના પાયા હચમચી ઊઠતા હોય તેટલી જ અધીરાઈ નન્દના આ શબ્દોમાં પ્રગટ થતી જણાઈ. આદેશને માથે ચઢાવી રાજ્યકર્મચારીઓ કલ્પકના આવાસ ભણી વિદાય થયા.

કલ્પક મંત્રી હતો, છતાં સત્તાનો મદ એને હજુ સુધી મૂંઝવી શકયો નહતો. ધીરતાની

સાથે સત્તાને પચાવી લેવાનું અખૂટ આત્મસામર્થ્ય એને વર્યું હતું. એને ત્યાં મગધના રાજ્યશાસનનો કારભાર ચાલતો હતો. રાજ્યસત્તાનો છેલ્લામાં છેલ્લો દોર કલ્પકના હાથમાં હતો.

કલ્પક પૂર્ણ સાવધ હતો. શુભ કે અશુભ, પાપ કે પુણ્ય આ બન્નેના ઉદયોની કર્મે ઘડી આંટીઘૂંટીઓથી એને કાંઈ પણ નવીનતા ન હતી. સઘળી પરિસ્થિતિઓમાં સમભાવની મનોવૃત્તિ એ કેળવી શકયો હતો. 'ગઈ કાલનો સામાન્ય ગણાતો કલ્પક, હું આજે મહાન રાજ્યનો તંત્રવાહક છું, આવતી કાલે હું કોણ હઈશ? એ ભાવિના ગર્ભમાં છે'– આ બધી વિચારણા કલ્પકને હંમેશા જાગ્રત રાખતી.

નન્દના અંગત અધિકારીઓએ મહામંત્રી કલ્પકના ઘરમાં પગ મૂકયો. મહામંત્રી ઓરડાની અંદર પોતાના કામકાજમાં મસ્ત હતો. આવનાર અધિકારીઓ આજે સ્વતંત્ર હતા. ખુદ મગધના સર્વસત્તાધીશની સત્તાને સ્વતંત્ર રીતે અજમાવવાને તેઓને આજે આ અવસર મળ્યો હતો. તદ્દન બેદરકારીથી તેઓ મંત્રીશ્વરના ઓરડામાં ખૂણે ખૂણે ફરી વળ્યાં. તાજ્જુબીની વચ્ચે એમણે જોયું તો શસ્ત્રાસ્ત્રોના ઢગના ઢગ ત્યાં ગુપ્ત રીતે તૈયાર થઈ રહ્યા હતા. ખૂબ જ કડકાઈથી તે લોકો આ દૃશ્ય જોતાં રહ્યા. વાતાવરણમાં અવિશ્વાસનું ભેદી મોજું ફરી વળ્યું. મંત્રીશ્વર આ બધા માણસોની વિચિત્ર વર્તણૂકથી કાંઈક વિચારમગ્ન બન્યા. બુદ્ધિ, કુશળતા અને કુનેહથી આનો તોડ કાઢવાને મંત્રીશ્વરે પોતાની બધી પરિસ્થિતિ માપી જોઈ. પણ આ વાતાવરણની હવા પોતે ન પામી શક્યા.

નન્દના એ વફાદાર સેવકો થોડી વારમાં ત્યાંથી ચાલી નીકળ્યા. એ 'કાંઈક' લઈને આવ્યા તે રીતે 'કાંઈક' લઈને ગયા. એ ગયા, એમના પગરવ સંભળાતાં બંધ પડયા ત્યાં સુધી સ્વચ્છ દૃષ્ટિના મહામંત્રી માયાવી માણસોની આ રમતને ન ઓળખી શકયા.

: ૨ :

એ પણ અવસર ફરી આવ્યો; નન્દના મહામંત્રીપદનું ગૌરવભર્યું માન મેળવનાર કલ્પક પર રાજ્યદ્રોહનો ભયંકર ગુન્હો તર્કટી માનવોના ષડયંત્રો દ્વારા સાબીત થઇ ગયો. ન્યાયની અદાલતે ન્યાયનું નાટક ભજવી કલ્પકને તેના ગુન્હા બદલ શિક્ષા ફરમાવી કે, 'નન્દના દુશ્મનો સાથે ભળી, મગધની સત્તાનો સર્વનાશ કરવાનું કાવત્રું રચવાના ગુન્હેગાર કલ્પકને તેના કુટુંબપરિવાર સહિત અંધારા કારાવાસમાં જીવનપર્યંત ધકેલી દેવામાં આવે છે.'

સત્તાનો અમલ તરત જ શરૂ થયો. નિર્દોષ કલ્પક, તેના કુટુંબ પરિવારની સાથે પાટલીપુત્રની કોઈક અંધારી ઉંડી કોટડીમાં પોતાનું જીવન પૂરું કરવાની સ્થિતિમાં મૂકાયો. પુણ્ય–પાપની લીલી-સૂકીએ, મંત્રીશ્વર કલ્પકના જીવનમાં આમ તખ્તા પરના નાટકની જેમ અનેક દૃશ્યો ઉભાં કરી દીધા. જૈન દર્શનના કર્મવાદના તત્ત્વજ્ઞાનનું અમીપાન કરનારા તેણે આ વિપત્તિને સમભાવે સહી લેવાનો નિશ્ચય કર્યો. કર્મે ઘડી હતી એથી સંયોગ–વિયોગની–ઇષ્ટાનિષ્ટ પ્રસંગોની આ બધી વિચિત્ર લીલાઓમાં એ ઘડાઇ ગયો. આ અણધારી આપત્તિએ એના આત્માનો કાબૂ લઈ લીધો ન હતો. પણ સ્વમાનભંગનો આ પ્રસંગ એને ઘણી ઘણી વેળા અકળામણની વ્યથામાં મૂકી દેતો.

'નિર્દોષ વ્યવહાર, સાધુવૃત્તિ અને નિસ્પૃહ જીવન આ બધું સત્તાપાર રહી જાળવી રાખ્યું. તરવારની અણીપર જીવનને હેડમાં મૂકયું. છતાં પરિણામે આવું કારમું કલંક'–

પોતાનું કુટુંબ પોતાના કહેવાતા ગુન્હાની શિક્ષાનું ભોગ બની નરકની રૌરવ વેદનાઓને પોતાની આંખ આમળ ભોગવી રહ્યું હતું, એની વ્યથા કલ્પક જેવા સ્વસ્થ, ધીર અને સત્ત્વશાલીને ખૂબ જ બેચેન બનાવી દેતી. પોતાનો ફાલ્યોફૂલ્યો સમસ્ત સંસાર આમ અચાનક, કોઈ બે-ચાર ખટપટી કાવત્રાખોરોની આસુરી લાલચોનો શિકાર બની રમદોળાઈ જાય એ વિચારની સાથે એ મહામાત્ય પગથી માથા સુધી કંપી ઊઠતો.

એ અંધારી કોટડીની રૌદ્ર યાતના મંત્રીશ્વરે ભોગવતા એક દિવસે પોતાના કુટુંબને કહી દીધુંઃ 'જુઓ! આપણને આ રૌરવ નરકમાં નાંખનાર કાવત્રાખોરોને યોગ્ય શિક્ષા કરવાનો મેં નિશ્ચય કર્યો છે. રાજા નન્દ આપણને રીબાવી-રીબાવી વગર મોતે મારી નાંખશે. આપણે આમ પશુ કરતાં વધુ કરુણ જીવન પૂરું કરી મરવા કરતાં એક એવો બુદ્ધિશાળી ધીર આપણામાંથી બચી જાય એમ કરવું જરૂરી છે; જેથી આ કાવત્રાખોરને તેનાં પાપોની શિક્ષા આપવાને એ દરેક રીતે સમર્થ બને!' બોલતા બોલતાં કલ્પકના મુખપર વિષાદ અને રોષની ચિત્રવિચિત્ર રેખાઓ ફરી વળી. પરિવારના આપ્તજનો આ બધું સાંભળી રહ્યાં. પોતાના જીવનની ફાલીફૂલી નન્દન વાડી આમ અકાળે કરમાઈ જશે, એ હકીકતનો વિચાર પણ ત્યાં રહેલા બધાનાં મનને વલોવી નાખવા માંડયો. પણ વેરની વસુલાતની કલ્પનાએ, બીજી જ પળે તે લોકોને સ્વસ્થ બનાવ્યા.

તેઓએ વેદના મિશ્રિત વાણીને શબ્દ દેહ આપતાં મંત્રીશ્વરને કહી દીધુંઃ 'પૂજ્ય! અમે જીવીએ તો શું અને મરીએ તો શું? અમારા જીવનની હવે કાંઈ કિંમત નથી. એક ઘડા જેટલું પીવા માટે પાણી અને પાંચશેર ચોખાની ઘેંસ ભોજન માટે આપણને મોકલી નન્દ આપણને રીબાવી-રીબાવીને મારવા ઇચ્છે છે. કાચાકાનનો રાજા નન્દ ક્ષુદ્ર માનવીઓના માયાવી તાંડવોનો આ રીતે કેવળ સાથી બની રહ્યો છે. આપ જો જીવતા હશો તો એ માયી માનવોને યોગ્ય શિક્ષા કરી શકશો; તો જ અત્યાર સુધી આપના હાથે સોળ કળાએ ખીલેલી આ મગધની સમૃદ્ધિ સુસ્થિર બનશે. મગધના સિંહાસને નન્દની પાંગરતી વંશવેલ ફાલી-ફૂલી કરવાનું સામર્થ્ય આપ સિવાય અન્ય કોઈમાં નથી. આમ છતાં નન્દ વંશની સમૃદ્ધિનાં મીઠાં ફળો આરોગવાને આપણા વારસો શક્તિશાળી બને તો અમે અમારા આ બલિદાનની કિંમત પામ્યા એમ માની સંતોષ પૂર્વક મરી શકીશું.

પ્રસંગ ખૂબ જ કરુણ હતો. અંધારી કોટડીનાં ઊંડાણમાં આ આપદ્ગ્રસ્ત માનવોના આ શબ્દોએ એ વેળાએ વાતાવરણને ભરી દીધું. અધ કાલ સુધી મોટા ગગનચુંબી મહાલયોની દેવદુર્લભ સમૃદ્ધિને ભોગવનારો મંત્રીશ્વરનો આ સંસાર, પોતાના જીવવાની આશાને ત્યજી હવે નિશ્ચિન્ત બન્યો. ધર્માત્મા કલ્પકે પોતાનાં આ પરિવારને સંસારના પદાર્થોની ક્ષણિકતા સમજાવી સમાધિમા સ્થિર રાખ્યા. ધર્મના તત્ત્વજ્ઞાનનો બોધ પામી આ લોકો અન્તે સમાધિપૂર્વક મૃત્યુને ભેટી ગયા.

આ બાજુ:-કલ્પકના સત્તાભ્રષ્ટ થવા બાદ મગધના સામ્રાજ્યને ભડકે બળતું જોવાને આતુર નાનાં નાનાં રાજ્યો મગધની સત્તાને પડકારવાને તૈયાર થયાં. મંત્રીશ્વર કલ્પકની ડહાપણભરી મુત્સદ્દિગીરીએ અત્યાર સુધી આ બધા બળવાખોરોને થોભાવી દીધા હતા; કલ્પકના પુણ્યતેજથી કંપતાં આ રાજ્યોએ હંમેશ મગધની સત્તાને ચરણે આળોટવામાં જ

પોતાનું સ્વમાન માન્યું હતું. પણ ઊંડે ઊંડે કલ્પકના કાંટાને ઉખેડી ફેંકી દેવાની વૈરવૃત્તિ આ સત્તાધીશોને વારંવાર અકળાવતી, પણ કલ્પકની શક્તિ આગળ એ ફાવતા ન હતા.

પણ હવે કલ્પકથી [illegible] મગધની [illegible] નિજ [illegible] માનનાર આ નાનાં નાનાં ગણ-રાજ્યોએ મગધના સત્તાધીશો સામે ખુલ્લી રીતે [illegible] ઊભો કર્યો. પાટલીપુત્રની રાજ્ય-વ્યવસ્થામાં કલ્પકની ગેરહાજરી દરમ્યાન તદ્દન [illegible] ગઈ હતી. મગધનું બલ, ભંડાર, સૈન્ય કે જે કંઈ હતું તે કલ્પકના [illegible] વ્યવસ્થાશક્તિપર નિર્ભર હતું.

આજે મગધના પાટનગરના [illegible] અંધારું છવાઈ ગયું હતું. બળવાખોર સત્તાઓ માટે આ એક સુવર્ણ તક હતી. [illegible] નંદવંશની સત્તાને ઉખેડી નાંખી પોતાની સામુદાયિક સત્તા [illegible] આ લોકોને ફળતા લાગ્યા.

નન્દની નબળાઈનો લાભ લેવાને [illegible] પૂરી હતી. વૈર-વૃત્તિના આવેશે આ આત્માઓને [illegible] હવે છેલ્લી લડાઈ લડી લેવાનો નિર્ધાર કર્યો. પોતાના [illegible] લીધું. રાજનીતિનાં નાટકો ભજવી લેવા માટે દૂતકારો મગધ [illegible] મહારાજ નન્દને કહેણ મોકલ્યું:

'વૈશાલી, વૈદેહી, લીચ્છવી ઇત્યાદિ [illegible] દેશોનાં મહારાજ્યોનું પ્રતિનિધિમંડળ તમને કહેવડાવે છે કે, હવે તમારી સત્તાના સૂર્ય આથમવા ગયા છે. 'જેનું ભુજબલ તેનું રાજ્ય-બલ' એ સત્ય રાજ્યનીતિના [illegible] આવ્યું છે. મગધના પાયતખ્ત-નો અધિકાર એ કેવળ વારસાઈ [illegible] બક્ષરપટ્ટો નથી. અમે હવે આવા આપખુદ શાસનને ચલાવી લેવાને કોઈ પણ રીતે તૈયાર નથી. મગધની સત્તા સાથે સમાન દરજ્જે રહેવાને અમે તૈયાર છીએ. આ સિવાય સમાધાન કે સુલેહને અમે નકારીએ છીએ. આપના જવાબ માટે અમે થોભ્યા છીએ. યુદ્ધ, યુદ્ધ ને યુદ્ધ! એ હવે અમારો માર્ગ છે.'

દૂતનાં વચનોમાં લડાઈનો અગ્નિ સળગી રહ્યો હતો. કલ્પકના સત્તાભ્રષ્ટ થયા બાદ તાજેતરમાં આમ અચાનક ફાટી નીકળેલા આ આપત્તિથી નવો સેનાધિપતિ અશ્વઘોષ મૂંઝવણમાં મુકાઈ ગયો, નવો મહામાત્ય વિશ્વગુપ્ત ઊંડી વિચારણામાં ગરકાવ થયો.

રાજસભાની હવા તદ્દન શૂન્ય જેવી હતી. લડાઈ લડી લેવાનું શૌર્ય કે પરાક્રમ કોઈ અધિકારીના મુખ પર તે વેળા ન જણાયું. મહારાજા નન્દ આ બધું પામી ચૂક્યો, એણે મુત્સદ્દિગીરીભરી જબાનથી દૂતને કહ્યુઃ 'તમારા અને અમારો સંબન્ધ ખૂબ જ નિખાલસતા-ભરી મૈત્રીથી ચાલ્યો આવે છે. એને ટકાવી રાખવાને અમે આતુર છીએ. લડાઈ લડી લેવાની વૈરવૃત્તિને આમાં સ્થાન ન જ હોવું જોઈએ. અમારા મહામાત્ય કલ્પક વૃદ્ધાવસ્થાને કારણે પથારી વશ છે. છતાં તમારી સાથે સલાહ કરવાને દરેક પ્રકારે તેઓ તૈયાર છે.'

દૂતને નન્દનાં આ વચનોમાં મગધના સત્તાધીશની નબળાઈ જણાઈ. મગધનો સર્વ-તંત્રસ્વતંત્ર ગણાતો સમ્રાટ આટલો નરમ બની જશે એ એની કલ્પનામાં ન હતું. એણે જોયું કે કલ્પકના નામે સમય કાઢવાની આ એક તરકીબ છે. દમન અજમાવ્યા વિના કોઈ રીતે કાર્યસિદ્ધિ નથી એમ ચબરાક દૂતે તે વેળા પાણી માપી લીધું.

'હું અમારા માલીકોને પૂછી જોઉં' કહી તે દૂતે ઘોડો દોડાવી મૂક્યો. બીજી જ પળે તે રાજ્યોની સેનાએ પાટલીપુત્રની ચોમેર ઘેરો ઘાલી નગરના લોકોનો વ્યવહાર મુશ્કેલીમાં મૂકી દીધો, નિર્દોષ પ્રજાજનો દિન પ્રતિદિન આ રીતે આપત્તિના ઘેરા વમળમાં સપડાઇ ગયા. મહારાજા નન્દે નવા પ્રધાનમંડળને આની સામે જવાબ આપવાનો આદેશ કીધો. મહામાત્ય વિશ્વગુપ્તે નકારમાં પોતાનો જવાબ પાઠવી દીધો, અને કહી દીધું કે 'અચાનક ઊભી થયેલી આ પરિસ્થિતિને પહોંચી વળવાને અમારી પાસે સૈન્ય કે સામર્થ્ય નથી.'

મગધના સમ્રાટને અત્યારે પોતાનો બુદ્ધિશાળી મહામાત્ય કલ્પક યાદ આવ્યો. તેની બન્ને આંખોમાંથી આંસુની ગંગા-યમુના વહેતી થઈ. તેમજ મહામાત્યની બુદ્ધિ, વફાદારી અને પરાક્રમની શૌર્યભરી કારકીર્દીના સંસ્મરણો તેના દુઃખી દિલને આગના તણખાની જેમ દાહ દેવા લાગ્યા. પોતે જાતે કારાવાસની કાળી કોટડીમાં કલ્પકને મળવા આવ્યો. એણે ત્યાં જોયું તો જિંદગીની છેલ્લી ઘડીઓમાં પણ મૃત્યુની સામે હિમ્મતભરી બાથ ભીડી મહામંત્રી પ્રસન્નતા પૂર્વક જીવી રહ્યો હતો.

મગધનો સમ્રાટ કલ્પકને નમી પડ્યો. હાડપીંજરશા મંત્રીના દેહમાં આત્માના અણુપૂર્ણ ધૈર્યનું દર્શન થતા નન્દના હૈયામાં મંત્રીશ્વર પ્રત્યેનો સદ્ભાવ વધતો ગયો. સમ્રાટ છતાં સેવકની જેમ એ લજ્જાથી ધરતી સામુ જોઈ રહ્યો. કલ્પકની સહૃદયતા અને સાધુતા પ્રત્યે એને પૂર્ણ વિશ્વાસ હતો. થોડો વારના મૌન પછી એણે પોતાની વાચા ખોલી:

'મહામાત્ય! મગધના સર્વસત્તાધીશની કે સામ્રાજ્યની લાજ રાખવાને આજે અમે તમારી પાસે ભીખ માગવા આવ્યા છીએ. આઇ કાલ સુધીના પરસ્પરના ઝેર-વેર ભૂલી મગધના દુશ્મનોની સામે ઊભા રહેવાને તૈયાર થવાની સ્થિતિ આપણે માટે આજે અનિવાર્ય બની છે. મંત્રીશ્વર! તમારા પર અમે અન્યાયોની જે ઝડીઓ વરસાવી છે એ પાપોનું પ્રાયશ્ચિત્ત અત્યારે અમે ભોગવી રહ્યા છીએ. મગધની સત્તા સામે ગણરાજ્યોએ આજે ઉઘાડે છોગે બળવો ઉઠાવ્યો છે. તમારા જેવા મહાપુણ્યવાન મંત્રીના આત્મબળ પર હજુ અમને વિશ્વાસ છે કે અમે અમારી સત્તાના ડગમગતા સિંહાસનને અચલ બનાવી મગધના રાજ્ય તખ્તપર નન્દવંશનો વિજયધ્વજ ફરકાવી શકીશુ.'

કલ્પકની સજ્જનતા પોતાના માલીકની પાસે આ શબ્દો સાંભળતાં અકળાઈ ઊઠી. ક્ષણભર એના માથા પર જાણે વીજળી પસાર થતી હોય એમ એ મૂઢ બની શૂન્ય થઈ ગયો. એ બોલ્યો એ શબ્દોમા પર્વત ફાડી નાંખે તેટલું શૌર્ય હતું. જાણે વાણીના પ્રવાહે વિદ્યુત્શક્તિને થંભાવી દીધી. એના હૃદયમા સાચો સેવકભાવ અને સ્વામીનું વાત્સલ્ય ઊભરાતું હતું. થોડા શબ્દોમાં એણે કહી દીધું. 'રાજન્! મગધના સમ્રાટની સેવા એ મારું જીવનવ્રત હતું અને છે. શ્રી જિનેશ્વર દેવ જેવા તારક પરમાત્માનો સેવક કલ્પક પોતાના લોહીના છેલ્લા બિન્દુ સુધી મગધના સામ્રાજ્યને વફાદાર રહેશે દુન્યવી કોઈ પણ સ્વાર્થો કલ્પકની વફાદારીને આડે કદી આવ્યા નથી અને આવશે નહિ. એ માટે આપ નિશ્ચિન્ત રહેશો?'

: ૩ :

બીજે દિવસે મહામાત્ય કલ્પકની સાથે મહારાજા નન્દ પાટલીપુત્રના ચોરે-ચૌટે ફરી વળ્યા. નગરનાયકો મહામાત્યને જોઈ સ્વસ્થ થયા. પ્રજા પોતાનાં દુઃખોને ભૂલી ગઈ.

પ્રકાશનાં તેજસ્વી કિરણોની જેમ મહામંત્રીશ્વરનાં આગમનથી નગરજનોનાં હૈયાં આનન્દથી ભરાઈ ગયાં. અધીરાઈ શોક અને શૂન્યતાનું અંધકારઘેર્યું વાદળ વિખેરાઈ ગયું.

ગઢપર ચઢી મંત્રીશ્વરે નગરને ઘેરી રહેલાં ગણરાજ્યોનાં સૈન્યોને જોઈ લીધાં, અને સમાધાનીનો સંદેશ જાતે પાઠવ્યો. રાજ્યના અધિકારીઓએ મંત્રીશ્વરના નામે સુલેહનો શ્વેત વાવટો આકાશમાં ફરકતો કરી દીધો. ગણરાજ્યોના પ્રતિનિધિઓએ આ બધું જોઈ લીધું: નિરર્થક લોહી રેડવા કરતાં મગધની સત્તાને એની નબળાઈને ટાણે સુલેહના દાણાથી ચાંપી જોવામાં એ લોકોએ પોતાનું ડહાપણ માન્યું.

ગણરાજ્યોનો મુખ્ય સેનાધિપતિ ભદ્રવીર્ય આ તકનો ઉપયોગ કરવામાં સાવધ હતો. એણે પ્રતિનિધિમંડલને કહી દીધું: 'વાટાઘાટથી જો આ બધું પતી જતું હોય તો આપણા સૈનિકોના લોહીની નદી આ ભૂમિપર શા માટે વહેતી કરવી!' સૌ એકમત થયા. ગરમ અને નરમ બન્ને દળોના નાયકોએ ભદ્રવીર્યને મહામાત્ય કલ્પકની સાથે વાટાઘાટો કરવાને સમ્મતિ આપી. ભદ્રવીર્ય નગરમાં આવ્યો. મંત્રીશ્વરની અદ્‌ભુત પ્રતિભા, ભવ્ય લલાટ અને દેવાંશી તેજ જોઈ એ સહસા નમી પડ્યો.

મંત્રીશ્વરે એને પોતાની બાજુમાં બેસાડી એ યુવાન સેનાપતિનો સત્કાર કર્યો. ભદ્રવીર્યની અક્કડતા ઓગળતી ગઈ. પરસ્પરના પ્રેમનું વાતાવરણ ત્યાં સર્જાતું થયું. હિંસાની પાશવી વૃત્તિની સ્હામે જૈન મહામાત્ય કલ્પકની નિર્દોષ અહિંસકતાનો વિજય થયો.

'ભાઈ ભદ્રવીર્ય!' નરમાશથી મંત્રીશ્વરે પોતાની વાણીને જબાન આપી. 'તમે ગણરાજ્યો ભલે માનતાં હો કે મગધની સત્તાનું પરિબલ ખૂટી ગયું છે. પણ એ તમારી ભ્રમણા છે' મંત્રણા માટે મગધની આતુરતાનું કારણ સ્પષ્ટ કરતાં કલ્પકે ચોખવટ કરી:

'મહારાજા નન્દ અને હું માનીએ છીએ કે હિંસાથી જગત જીતી શકાય છે, કે વશ કરી શકાય છે, એ નર્યું અજ્ઞાન છે. સત્તાવાદ કે સામ્રાજ્યની ભૂખ પાપો જન્માવી સંસારને પાપી બનાવે છે! આથી જ અમને સત્તાની ભૂખ કે લોભ તલમાત્ર રહ્યો નથી. અમારો ધર્મ, સત્તા કે સમૃદ્ધિ પુણ્યબળથી પ્રાપ્તવ્ય છે, એમ અમને સમજાવે છે. આથી એની ખાતર લાખો કરોડો યા અબજોની સંખ્યાના નિર્દોષ માનવોનો રક્તસંહાર કરી શોણિતનો સાગર ઊભો કરવો એ મારે મન ભયંકર અન્યાય અને અધર્મ છે; શક્તિનો દુર્વ્યય છે.' બોલતા બોલતા મંત્રીશ્વરની પ્રૌઢ કાયા કંપી ઊઠી.

ફરી મંત્રીશ્વરની વાણીનો ગંગાપ્રવાહ વહેતો થયો:

'સેનાધિપતિ! તમારા જેવા યુવાનો ગણરાજ્યોના સાચા દીવાઓ છે. તમારી શક્તિઓ જગતના કલ્યાણ માર્ગે પ્રકાશ પાથરવામાં રેડજો! હિંસા, ઈર્ષ્યા, વૈર અને વૈમનસ્યનાં પાપોનો ભીષણ અંધકાર ઉલેચી નાખી અહિંસાના ધર્મ્ય માર્ગે સંસારની પ્રજાને દોરવણી આપવી એમાં જ તમારા લોહીનાં ઉષ્ણ બિંદુઓથી થનગનતી યુવાનીનું સાર્થક્ય છે.' વયોવૃદ્ધ કલ્પકનું જાદૂઈ વ્યક્તિત્વ સેનાધિપતિનાં આત્માની આરપાર અસર પાડી ગયું.

મંત્રીશ્વરે કહ્યું: 'પ્રિય ભદ્ર! તમારા માટે બે માર્ગ હાલ ઊભા છે: એક રક્તપાતનો અને બીજો અહિંસાનો. પહેલો માર્ગ કાયરોએ—આત્મસામર્થ્યહીન નિર્બળ

માનવોએ, અજમાવી સંસારના સ્વાર્થોને સળગાવી મૂક્યા છે, કાયમી શાંતિના શ્વાસોશ્વાસ રૂંધી નાખ્યા છે, જગતને કેવળ નિર્માલ્ય અને શસ્ત્રજીવી બનાવ્યું છે. નરમેધનો અત્યાચાર પરિણામે આ દ્વારા સમન્વય છે. બીજો માર્ગ નિર્ભયતાનો છે. સરળતાપૂર્વક સત્તા કે સમૃદ્ધિના ત્યાગ દ્વારા જગતના માનવોની સુષુપ્ત માનવતા જગાડી એને શાન્તિનાં શાશ્વત માર્ગે ધીરે કદમે દોરે છે. વિશ્વાસ, આત્મસંતોષ અને શાન્તિના આત્મતેજનો સાક્ષાત્કાર આ માર્ગે સહજ પ્રાપ્ત થાય છે. મગધના સર્વસત્તાધીશ મહારાજા નન્દ તરફથી તેના એકના એક પ્રતિનિધિ તરીકે, બીજો માર્ગ મેં સ્વીકાર્યો છે. તે માર્ગે મગધની સત્તાનું સંચાલન થઈ શકે તે જોવાને હું આતુર છું. આ માટે જ મેં તમને મારા સમાન ભાગીદાર માની અહીં બહુ માનપૂર્વક બોલાવ્યા છે. '

મંત્રીશ્વરની વાણીનું તેજ ચોમેર પ્રકાશતું ગયું. શૂન્યની જેમ ભદ્ર વીર્ય આ બધું સાંભળતો રહ્યો. એના જીવનમાં આ બધું એને પહેલ વહેલું સાંભળવા મળ્યું. આત્માને ધન્ય માનતો તે હજુ મગધના આ મહાન મુત્સદ્દી મંત્રીને જોતો જ રહ્યો.

' સેનાધિપતિ ! મગધની સત્તાની સાથે કાયમી સુલેહ આ માર્ગે જળવાઈ રહેશે. એ યાદ રાખજો કે ગણરાજ્યો અને અમે સરખાં જ છીએ. તમારા સ્વમાનના હક્કને પીંખી નાખવાનો અમને અધિકાર નથી. એવું ઘમંડ પણ અમે રાખ્યું નથી. બાકી જો રક્તપાત દ્વારા અમારી પાસેથી સત્તા ઝૂંટવી લેવાની તમારી નેમ હોય તો તે માટે પણ અમે તૈયાર છીએ. અમારી પાસે સૈન્ય છે, તાકાત છે અને ધનદનો કુબેરભંડાર પણ છે : અમે માનીએ છીએ કે જે પુણ્યે ગઈ કાલના નાપીત ગણાતા વેશ્યાપુત્ર નન્દને મગધનું પાયતખ્ત આપ્યું તે પુણ્ય નન્દની સત્તાને સહાય કરવાને જીવન્ત છે. બોલો નિર્ણય કરી લો !"

મહામંત્રીના શબ્દોમાંથી તણખા ઝરતા રહ્યા. મૌન તોડી સેનાધિપતિ ભદ્રવીર્યે કહી દીધું, ' લડાઈ બંધ કરી, અમે તમારા શરણે આવ્યા છીએ, તમારા જેવા દેવપુરુષ પર અમને પૂર્ણ વિશ્વાસ છે. '

સમાધાન થઈ ગયું; ભદ્રવીર્યે છાવણીમાં આવી યુદ્ધ બંધ કરવાની જાહેરાત કરી, સૈન્યોને વિખેરી દીધાં. બીજે જ દિવસે પાટલીપુત્રનો ઘેરો ઉઠાવી લીધો. તરત જ નગર ભયમુક્ત બન્યું. ભદ્રવીર્યના આ અચાનક હૃદયપલટાથી ઘણાં રાજ્યોમાં અરસ-પરસ વિશ્વાસ ખૂટી ગયો. સેનાધિપતિ પર દેશદ્રોહનો આરોપ વાતાવરણમાં વહેતો મૂક્યો. છતાં લીચ્છવી રાજ્યો ભદ્રવીર્ય પરની શ્રદ્ધાથી યુદ્ધમાંથી ખસી ગયાં. બીજાં નાનાં રાજ્યો નિર્બળતાના કારણે ભાગી છૂટ્યાં. મગધની સત્તા પર ઝઝૂમતાં ભયનાં વાદળો મંત્રીશ્વરનાં પુણ્યતેજ આગળ આમ અચાનક વિખરાઈ ગયા. મગધ ભયમુક્ત બન્યું.

આ રીતે જૈન મંત્રીશ્વર કલ્પકના અદ્ભુત વ્યક્તિત્વના બળથી મહારાજા નન્દની સત્તા મગધના રાજ્યના સિંહાસન પર પુનઃ સુસ્થિર બની, અને મહામંત્રીની સામે કાવત્રાં કરનારા પાપીઓને નન્દે મગધની સીમાઓ પરથી દૂર ધકેલી તેઓનાં પાપોને ઉઘાડાં કર્યાં. મગધ દેશના વિશાલ રાજ્યતંત્રનો વહીવટનો કલશ મહામાત્ય કલ્પકના શિરેપર ફરી ગૌરવપૂર્વક ઢોળાયો. પણ સાધુમૂર્તિ કલ્પકને એની હવે અપેક્ષા રહી ન હતી. રાજ્યનાં,

દેશનાં કે જગતનાં સર્વ સંબંધોથી મુક્ત બની તે મહામંત્રીએ પોતાનું શેષ જીવન શ્રી વીતરાગ ધર્મની આરાધનામાં પૂર્ણ કર્યું. અને સમાધિપૂર્વક મૃત્યુને પામી મહાત્મા કલ્પક અપૂર્વ જીવન જીવી મૃત્યુ ઉજવી દેવલોક ભણી વિદાય થયા. કલ્પકના વારસો મગધના મહામંત્રી પદે ત્યારપછી અભિષિક્ત થયા.

મગધની સત્તાના વાહક તરીકે ત્યારબાદ સાત-સાત પેઢી સુધી જૈન મંત્રીશ્વર કલ્પકની પેઢીઓએ મંત્રીશ્વર પદ વફાદારીપૂર્વક જાળવી જૈનધર્મને દીપાવ્યો અને નન્દ વંશનો યશસ્વી વિજયધ્વજ દેશપરદેશમાં દિગન્તગામી બનાવ્યો.

ત્યારબાદ નન્દવંશનો છેલ્લો-નવમો નન્દ મગધના સિંહાસન પર આવ્યો. તેના રાજ્યની સત્તાનું તંત્ર મહર્ષિ શ્રી સ્થૂલભદ્રજીના પિતા જૈન મંત્રીશ્વર શકટાલના હાથમાં આવ્યું. અસંતુષ્ટ માનવોની ભંભેરણીથી નવમો નન્દ દોરવાઇ ગયો, અને શકટાલ મંત્રીને રાજ્યદ્રોહની ગંધથી અપમાનિત કર્યો. એ અપમાનિત મંત્રીશ્વરે પોતાની સલામતી માટે સ્વેચ્છાએ પ્રાણ ત્યજી દીધા. આ કાળ ચોઘડીએ નન્દવંશના સર્વ નાશનું પગરણ મંડાયું.

અપમાનિત બ્રાહ્મણ મંત્રીનું વૈર બ્રાહ્મણ કુળના જૈનમંત્રી ચાણક્યે નન્દની વંશ-વેલને મગધના સિંહાસન પરથી ઉખેડીને લઈ લીધું, અને ત્યાર બાદ મગધના પાયતખ્ત પર ચંદ્રગુપ્ત દ્વારા મૌર્યવંશની સત્તા સ્થપાઈ.

ચંદ્રગુપ્ત પછી બિન્દુસાર, અશોક અને જૈન સમ્રાટ્ સંપ્રતિ આ બધા મૌર્યવંશના મગધ સમ્રાટો ઇતિહાસના પાને આલેખાઈ ગયા. જેમ નન્દવંશને મગધની સત્તા પર સમૃદ્ધ કરનાર જૈન મંત્રીશ્વર કલ્પક હતા તે જ રીતે મગધના પાયતખ્ત પર મૌર્યવંશને સ્થિર કરનાર બ્રાહ્મણ કુળના જૈન મંત્રીશ્વર ચાણક્ય હતા. પ્રામાણિક જૈન તવારીખો આ બધી હકીકતો આપણને કહી જાય છે.

બ્રાહ્મણ કુળના જૈન મંત્રીશ્વર શ્રી કલ્પકની અહિંસક શક્તિએ, આ રીતે ભયંકર રક્તપાતથી જગતને ઉગારી, વિશ્વશાંતિનું નિર્દોષ વાતાવરણ જન્માવ્યુ.

આ હકીકત વૈર, ઝેર અને કિન્નાખોરીનાં તાંડવોથી નાચી રહેલી આજની સભ્ય ગણાતી યુરોપની દુનિયાએ ભૂલી જવી જોઇતી નથી.

જૈન મંત્રીશ્વર કલ્પકે, જીવનમાં જીવી જાણેલી એ નિષ્કલંક સાધુતાનાં મૂલ્યને જગતનો માનવસમાજ જ્યારે સમજતો થશે ત્યારે વિશ્વશાન્તિનાં પાયા સુસ્થિર બન્યા વિના નહિ જ રહે!

નવી મદદ

૫૧) પૂ. મુ. મ. શ્રી વલ્લભવિજયજીના સદુપદેશથી શેઠ બહાદુરમલજી અમેરાજજી કોચર, બીકાનેર.

૧૦) પૂ. પં. મ. શ્રી. ભાનુવિજયજીના સદુપદેશથી ઉજમફઈની ધર્મશાળા, પાલીતાણા.

૫) પૂ. પં. મ. શ્રી. ચરણવિજયજીના સદુપદેશથી જૈનસંઘ, સરિયદ

હરેકે વસાવવા યોગ્ય

શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

(૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

(૨) દીપોત્સવી અંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીના સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક: મૂલ્ય સવા રૂપિયો.

(૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ–વિશેષાંક

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંક: મૂલ્ય દોઢ રૂપિયો

શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩–જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક: મૂલ્ય ચાર આના.

[૨] ક્રમાંક ૪૫–ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના.

કાચી તથા પાકી ફાઇલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, ચોથા, પાંચમા, આઠમા, દસમા વર્ષની કાચી તથા પાકી ફાઇલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા.

ભગવાન મહાવીરસ્વામીનું ત્રિરંગી ચિત્ર

ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઈએ દોરેલું સુંદર ચિત્ર. ૧૦"x૧૪"ની સાઇઝ, સોનેરી બોર્ડર. મૂલ્ય ચાર આના (ટપાલ ખર્ચનો દોઢ આનો).

—લખો—

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.

મુદ્રક:–મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય–અમદાવાદ. પ્રકાશક:–ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.



વર્ષ ૧૧ : અંક ૩] અમદાવાદ : ૧૫-૧૨-૪૫ [ક્રમાંક ૧૨૩

વિ ષ ય - દ ર્શ ન

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : છૂટક ચાલુ અંક-ત્રણ આના

નવી મદદ

પૂ. મુ.મ. શ્રી. વલ્લભવિજયજીના સદુપદેશથી બીકાનેરમાંથી નીચે મુજબ વધુ મદદ મળી છે.

૧૦૧) શેઠ રાવતમલજી ભૈરવદાનજી કોઠારી, બીકાનેર
૫૧) શેઠ જ્ઞાનચંદજી કોચર, બીકાનેર
૫૧) શેઠ આણંદમલજી મંગલચંદજી કોચર, બીકાનેર
૫૧) શેઠ લાલચંદજી કોઠારી, બીકાનેર
૫૧) શેઠ કનૈયાલાલજી ગોલેચ્છા, બીકાનેર
૫૧) શેઠ હીરાલાલજી સોભાગચંદજી રામપુરીયા, બીકાનેર
૨૫) પૂ. પં. મ. શ્રી. શાંતિવિજયજીના સદુપદેશથી ગોયાપર વિશા નીમા પંચ, ગોધરા
૨૦) પૂ. પં. મ. શ્રી. દેવેન્દ્રસાગરજીના સદુપદેશથી સાંતાક્રુઝ જૈન તપગચ્છ સંઘ, સાંતાક્રુઝ
૧૦) પૂ. પં. મ. શ્રી. સુમતિવિજયજીના સદુપદેશથી જૈન સંઘ, સીપોર

પૂ. આ. મ. શ્રી. વિજયકલ્યાણસૂરિજીના સદુપદેશથી મુંબઈ શ્રી ગોડીજી મહારાજના ઉપાશ્રય મારફત નીચે મુજબ મદદ મળી છે :—

૨૫) શેઠ મૂળચંદ બુલાખીદાસ
૧૫) શેઠ છોટાલાલ ભીખાભાઈ
૧૧) શેઠ સાકરચંદ ખુશાલચંદ
૧૧) શેઠ કસ્તુરચંદ સાંકળચંદ
૫) શેઠ નવલચંદ ખેમચંદ
૫) શેઠ મૂળજીભાઈ જમનાદાસ
૫) શેઠ બાબુભાઈ દીપચંદ
૫) શેઠ વરધીલાલ વમળશી
૫) શેઠ છોટાલાલ લહમીચંદ
૫) શેઠ હીરાચંદ રામચંદ
૫) શેઠ મનસુખ મગનલાલ
૫) શેઠ મગનલાલ દલીચંદ
૫) શેઠ માણેકલાલ કેવળદાસ
૫) શેઠ છોટાલાલ માણેકચંદ જરીવાલા
૫) શેઠ સોમચંદ ચુનીલાલ
૫) શેઠ કોરતીલાલ કંપની
૫) શેઠ રતનજી જેચંદભાઈ
૫) શેઠ શાંતિલાલ ઓધવજી
૫) શેઠ મગનલાલ દલીચંદ
૫) શેઠ ચંદુલાલ કંપની
૫) શેઠ જીવણચંદ નગીનચંદ ઝવેરી
૫) શેઠ નગીનચંદ ફુલચંદ ઉસ્તાદ
૫) શેઠ ગિરધરભાઈ જીવણભાઈ
૫) શેઠ હજારીમલજી ગુલાબચંદજી
૧) શેઠ કેશવલાલ અભેચંદ

આ પ્રમાણે મદદ ઉપરાંત ૨૭ ગ્રાહકો નોંધાયા છે.

મદદ માટે ઉપદેશ આપનાર પૂજ્ય આચાર્ય મહારાજ આદિ મુનિવરોનો અને મદદ આપનાર સંઘો તેમજ સગૃહસ્થોનો અમે આભાર માનીએ છીએ, અને અન્ય સંઘોને મદદ મોકલી આપવા વિનંતી કરીએ છીએ.

વ્યવ૦

॥ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

जेशींगभाईनी वाडी : घीकांटारोड : अमदावाद (गुजरात)

वर्ष ११	વિક્રમ સં. ૨૦૦૨ : વીરનિ. સં. ૨૪૭૨ : ઈ. સ. ૧૯૪૫	क्रमांक
अंक ३	માગશર શુદિ ૧૧ : શનિવાર : ૧૫ મી ડીસેમ્બર	१२३

શ્રાવક ડુંગરકૃત

ખંભાત–ચૈત્ય–પરિપાટી

સંપાદક–પૂજ્ય મુનિમહારાજ શ્રી રમણિકવિજયજી

સરસતિ સામિણિ કરઉ પસાઉ મઝએ કરહાડે,
ખંભનયરિ જિનભવન અછઇં તિહાં ચૈત્યપ્રવાડે;
થંભણપુરનઉ પાસ આસ ભવિયણ જિણ પૂરઇ,
સેવક જન સાધાર સાર સંકટ સવિ ચૂરઇ ॥ ૧ ॥
જસ લંછણિ ધરણિંદ ઇંદ પુમાવઈ સહીઅ,
તિહાં મુરતિ અનાદિ આદિ તે કુણહિં ન કહીય;
ઉહાવસહી તિહું બારિં શ્રી પાસ જિણેસર,
જિમણઇં ગમઈ શ્રી જીરાઉલઉ પણમી પરમેસર ॥ ૨ ॥
તિહુ દેહરે શ્રી આદિનાથ વંદેવા જાઉ,
તે પણમી શ્રીમુનિસુવ્રત વીસમું આરાહું;
ધરમ જિણેસર ધરમ કાજિ ધનવંત આરાહઈ,
આદીસર વડુઆ તણઉ એ ગુરૂઆ ગુણ ગાઈ ॥ ૩ ॥
કોલ્હાવસહી પાસનાહ અતિ ઉચઈ દેહરઈ,
આદિ જિણેસર વંદીઇએ થાનકિ ભાવડા હરઈ;
સુહડા સાહઈ આદિનાથ મનવંછિત દેસિઈ,
થિરાવસઈ શ્રી શાંતિનાથ સંઘ શાંતિ કરેસિઈ ॥ ૪ ॥
પ્રથમ તીર્થંકર પૂજીયઈ પીતલમઈ પામી,
સેઠિ તણઇ પાડઇ અછઈ શ્રી અજીતજી સ્વામી;
ધનઉ સાહિ કરાવીઉં અતિ થાનક રૂડું,
શ્રી મહાવીર તિહાં વસઈએ નવિ બોલઇ કૂડઉં ॥ ૫ ॥
આસાપલિ ચઉવીસ જિણ વસીઆ મનિ મોરઈ,
વર્દ્ધમાન જિન પેખીયઇએ છઇ જિમણઈ ઓરઇ;

બપ્પભટ્ટિસૂરિ આણીઉએ વજ્રમઈ નેમિનાહો,
આમરાય પ્રતિબોધીઉએ મનિ હુઉ ઉત્સાહો ॥ ૬ ॥

વડુપાસ હિવ પામીયઇએ મનિ સુગતિ નિહાલઇ,
પ્રથમ તીર્થંકર પૂજીઇએ પૂનમીઇ દેવાલઇ;
પલ્લીવાલિ ગુરિ થાપીઉએ આઠમઉ તીર્થંકર,
ખારૂઆ વાડઇ પણમીએ તિહાં શ્રી સીમંધર ॥ ૭ ॥

પૂંજા સંઘવી દેહરઇએ આદીસર જાણુઉં,
રાજહંસ પંડ્યા તણઇએ શ્રી પાસ વખાણું;
મલ્લિનાથ મનિ માહરઇએ આણંદ દિવારઇ,
અરિહનેમ જિણેસરઇએ દુતર તે તારઇ ॥ ૮ ॥

ભૂહિરા માંહિ જઈ નમુંએ ગુરૂઓ આદિનાથો,
વીર જિણેસર વીનવઉંએ અહ્મિ હુઆ સનાથો;
નાઇલિ ગચ્છિ શ્રી સુમતિનાથ અમ્હિ સુમતિ જ માગઉં,
વીરોધાનઇ આદિનાથ તિહાં ચલણે લાગઉં ॥ ૯ ॥

સુહુર વસહીઅ પાસનાહ પ્રભ પ્રત્યાસારો,
ખરતરવસહી અજિતનાથ સેવક સાધારો;
આલિગવસહી આદિનાથ સામલ મનમૂરતિ,
સુરતાણ પુરિ શ્રી શાંતિનાથ પ્રભ આશા પૂરઇ ॥ ૧૦ ॥

સાલવી વાડઈ પાસનાર જિન પૂજા કીજઈ,
પીરોજપુરિ શ્રી સુમતિનાથ પણમી ફલ લીજઈ;
મહમ્મદપુરિ શ્રી આદિનાથ અહદિન આરાધઉં,
મુફલેપુરિ શ્રી શાંતિનાથ મહામંત્રિઈ સાધું ॥ ૧૧ ॥

પ્રથમ તિર્થંકર સાલવઇએ મનસુખિ પૂજીજઇ,
ભવીઅણ જિણ સવિ રિદ્ધિ વૃદ્ધ સુખ સંપદ પૂજઇ;
એવંકારઇ અછે' ચૈત્ય સાત્રીસ મનોહર,
અવર દેવાલા ગણઉં પાંચ કહીઉં દીગંબર ॥ ૧૨ ॥

થાનકિ બઈઠા જે ભણઈ મનિ આણી ઠાણિ,
પણ્યાનઉં ફલ પામિસિએ મનિ નિશ્ચઉ જાણઇ;
મનવંછિત ફલ પુરિસિએ થંભણપુર પાસો,
ડુંગર ભણઈ ભવિઅણ તણી તિહાં પુગઈ આસો ॥ ૧૩ ॥

ખંભાતની આ અપ્રસિદ્ધ ચૈત્ય-પરિપાટી એક જુના હસ્તલિખિત પાના ઉપરથી ઉતારવામાં આવી છે. લિપિ ઉપરથી પાનું સોળમી શતાબ્દિમાં લખાયેલ જણાય છે.

'दीवालीकल्प' की एक प्राचीन सचित्र प्रति

लेखक – श्रीयुत भंवरलालजी नाहटा

भारतीय चित्रकलामें जैन सचित्र प्रतियोंका स्थान अपूर्व है। विविध जैन भण्डारोंमें प्राप्य सचित्र ग्रन्थोंकी संख्या हजारों पर है, जिनमें पहला स्थान कल्पसूत्र और कालकाचार्य-कथाकी प्रतियोंका है। इन दोनों ग्रंथोंके अतिरिक्त उत्तराध्ययन, ज्ञातासूत्र, क्षेत्रसमासादि एवं श्रीपालरास, चंदरास, सिंहलसुत प्रियमेलकरास, चंदनमलयागिरि चौपई आदिकी हस्तलिखित सचित्र प्रतियां भी देखनेमें आई हैं। श्रीजिनसुन्दरसूरिकृत दीवालीकल्प एक आकर्षक और रोचक ऐतिहासिक ग्रंथ है। इसकी एक प्राचीन और सुन्दर अक्षरोंमें लिखी हुई १४ पत्रकी प्रति बीकानेरके श्रीयुक्त जौहरी मोतीचंदजी खजानचीके संग्रहमें है। इसमें २१ चित्र हैं जिनमें लाल व पीले रंगका प्राधान्य है। ये चित्र लगभग ५०० वर्ष प्राचीन होनेके साथ साथ ऐतिहासिक विषयके होनेके कारण महत्वपूर्ण भी हैं। इस ग्रन्थकी प्रशस्ति देनेके पश्चात् चित्रोंकी सूची दी जाती है। सूचीमें जो नाम हैं वे मूल प्रति पर ही चित्रोंके पास हाँसिये पर लिखे हुए हैं।

"इति श्रीतपागच्छाधिराज श्रीसोमसुन्दरसूरिशिष्य भट्टारक प्रभु श्रीजिनसुंदरसूरिकृतः ॥छः॥ श्रीदीपालिकाकल्पः समाप्तं ॥छ॥१॥ संवत् १५२३ वर्षे ॥मं. घना लिखितं ॥"

इसके बाद पीछेसे भिन्न अक्षरों द्वारा इस प्रकार लिखा है:—

" तपागणे पंडित श्रीवरसिंगविंगणिशिष्य गणि शुभविजय ग्रं० ४३४ "

चित्रोंकी सूचि

(१) श्रीसुहस्तिसूरि संप्रति राजा
(२) राजा पुण्यपालस्वप्नानि
(३) श्रीवीरराजा पुण्यपालस्वप्नानि कथा
(४) राजा पूर्ण नैमित्तिक
(५) श्रीसिद्धसेनसूरि राजा विक्रमादित्य
(६) श्री महावीर राजा आम
(७) पांच पांडव एक कलिकाल
(८) श्री हेमाचार्य राजा कुमारपाल
(९) यशो गुरो कल्किजन्मविचारणा
(१०) कल्की देशसाधना
(११) कल्की इन्द्रेण हतः
(१२) दत्तराज्याभिषेक
(१३) वैताढ्य गंगासिन्धु मध्ये मनुष्य बीज
(१४) सप्तकुलगरा
(१५) श्रीवीरमोक्षः
(१६) श्रीगौतमकेवलज्ञानम्
(१७) राजा नंदिवर्द्धन सुदर्शन भा बीज
(१८) श्रीसुव्रताचार्यस्य शिष्य
(१९) विष्णुकुमार ऋषि मंत्रि नमुचिः
(२०) श्रीवीरप्रासाद स्नात्रोत्सवः
(२१) श्रीगौतम श्रीवीरपरिवारः

'ગણિ' શબ્દની ઉત્પત્તિ ઇત્યાદિ

(લે. પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.)

જૈન સંસ્કૃત સાહિત્યમાં અને જૈન જનતામાં પ્રસિદ્ધ એવા કેટલાક શબ્દો છે જે અન્યત્ર જણાતા નથી. પ્રસ્તુત 'ગણિ' શબ્દ એ પ્રકારનો છે. **અભિધાનચિન્તામણિ** (કાંડ ૧, શ્લો. ૭૮) માં એ નોંધાયેલો છે. પ્રસ્તુત પદ્ય નીચે મુજબ છે:—

" अनुयोगकृदाचार्य उपाध्यायस्तु पाठकः ।
अनूचानः प्रवचने साङ्गेऽधीती गणिश्च सः ॥ ७८ ॥"

વેદો અને વેદાંગોમાં પ્રવીણ એ અર્થમાં આ શબ્દ **કુમારસંભવ** (સ ૬. શ્લો. ૧૫) માં વપરાયો છે. અહીં 'અંગસહિત પ્રવચનમાં નિષ્ણાત' એ અર્થવાળા 'ગણિ' શબ્દના પર્યાયરૂપે એ અપાયો છે. **અભિધાનચિન્તામણિની** સ્વોપજ્ઞ વિવૃતિ (પૃ. ૨૫) માં 'ગણિ' શબ્દની વ્યુત્પત્તિ અને નિષ્પત્તિ નીચે પ્રમાણે અપાયેલી છે.

" गण्यते पूज्यतया इति गणिः ' स्वरेभ्य इः ' (उणा. ६. ६) । "

પૂજ્યપણે ગણાય તે 'ગણિ'. 'ગણિ' એ જૈન મુનિવરોની પદવી છે, અને એ પદવી પ્રાચીન સમયથી તે આજ દિન સુધી અપાતી આવી છે. વાચકવર્ય **ઉમાસ્વાતિકૃત તત્ત્વાર્થાધિગમસૂત્રની** ભાષ્યાનુસારિણી ટીકાના રચનાર 'ગંધહસ્તી' **સિદ્ધસેનગણિના** ગુરુના પ્રગુરુ આ પદવીથી વિભૂષિત હતા એમ આ સિદ્ધસેનગણિની ઉપર્યુક્ત ટીકાની પ્રશસ્તિના પ્રથમ પદ્યની નિમ્નલિખિત પંક્તિ ઉપરથી જોઈ શકાય છે:–

" आसीद् दिन्नगणिः क्षमाश्रमणतां प्रापत् क्रमेणैव यः "

આ સંબંધમાં **दिन्नगणी** એવું પાઠાંતર છે. એ ઉપરથી તેમજ શ્રી. [1]**ભાયાણી** જેવા 'ગણિ' શબ્દના પ્રયોગને ભૂલ ગણે છે એ ઉપરથી અહીં એ પ્રશ્ન વિચારવો સમુચિત જણાય છે. અજૈન સંસ્કૃતમાં 'ગણિન્' શબ્દ છે અને એ નામ તેમજ વિશેષણ એમ બંને પ્રકારનો છે. નામરૂપ 'ગણિન્' શબ્દનો અર્થ 'શિક્ષક' છે, જ્યારે વિશેષણરૂપ 'ગણિન્' શબ્દનો અર્થ 'સમૂહ ધરાવનાર' છે. રઘુવંશ (સ. ૯, શ્લો ૫૩) માં **मृगगणिन्** એવો પ્રયોગ છે. નામરૂપ 'ગણિન્' શબ્દના અર્થમાં જૈન સાહિત્યાદિમાં 'ગણિ' શબ્દ પ્રચલિત છે એટલે શું મૂળમાં **गणिन्** શબ્દ હશે અને એનું પાઇય રૂપ 'ગણિ' પ્રચારમાં આવતાં એ પાઇયમાં અને સાથે સાથે એ પાઇય ભાષા અને સાહિત્યની સાથે વિશેષ સંબંધ ધરાવનારા જૈન લેખકોને હાથે સંસ્કૃતમાં પણ સ્થાન પામ્યો હશે?

પાઇય ભાષામાં અન્ત્ય વ્યંજનનો લોપ થાય છે એ નિયમનો વૈદિક સંસ્કૃત સાહિત્યમાં પણ અમુક અંશે અમલ થયેલો જોવાય છે. જેમકે 'પશ્ચાત્'ને બદલે 'પશ્ચા' ઇત્યાદિ.[2]

વેદોમાં પણ અનાર્ય શબ્દો દાખલ થઈ ગયા છે અને શુદ્ધ ઉચ્ચારણો માટે ખૂબ પ્રયાસ અને સાવચેતી રાખવા છતાં અશુદ્ધ ઉચ્ચારણો ફૂટી નીકળ્યાં છે અને એ અશુદ્ધને પણ શુદ્ધ માની ચલાવવું પડ્યું છે તો 'ગણિન્'નું ગણિ રૂપાન્તર છે એમ માની લઈએ તોપણ હવે એને ખોટો પ્રયોગ ગણવાનું કહેવું એ પ્રાકૃતીકરણની વ્યાપકતાની અનભિજ્ઞતા અને ચોખલિયાપણાનો અતિરેક સૂચવે છે.

સંસ્કૃતમાં—અજૈન સંસ્કૃતમાં પણ એક જ અર્થવાચક (પંડિત) સૂરિ અને સૂરિન્ જેવા શબ્દો છે તો ગણિ અને ગણિન્ માટે વાંધો ઉઠાવવો ક્યાં સુધી ન્યાય્ય ગણાય?

ગોપીપુરા સૂરત, તા. ૪–૬–૪૫

---

૧ જુઓ "શ્રી ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક" (પુ ૯, અં. ૧–૨ પૃ. ૫૯.)
૨ વિશેષ ઉદાહરણો માટે જુઓ ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિ (પૃ. ૫૪–૫૫).

મૂર્તિપૂજાનો પ્રભાવ

લેખક–પૂ. મુ. મ. શ્રી ભદ્રંકરવિજયજી [પૂ.આ.મ.શ્રી.વિજયરામચંદ્રસૂરિશિષ્ય]
(ક્રમાંક ૧૨૧ થી શરૂ : ગતાંકથી ચાલુ : આ અંકે સંપૂર્ણ)

પ્રશ્ન ૮—મૂર્તિપૂજા શા માટે કરવી ?

ઉત્તર ૮—૧. પરમાત્મા તરફથી પ્રાપ્ત થયેલા લાભોના બદલામાં તેમની તરફ વ્યાવહારિક કૃતજ્ઞતા બતાવવા સત્કાર રૂપે પરમાત્માની ભક્તિ કરવાની છે. ૨. પોતાના આત્મવિકાસમાં અવલંબન રૂપે, પ્રેરક રૂપે, આદર્શ રૂપે અને દષ્ટાંત રૂપે પરમાત્માની ભક્તિ કરવાની છે. એ બે પ્રકારે કરવાની ભક્તિ પરમાત્મ–મૂર્તિ મારફત થઈ શકે છે.

પ્રશ્ન ૯—પરમાત્મા નિરંજન નિરાકાર છે, તો તેની મૂર્તિ કરવી એ તેના મૂળ સ્વરૂપને બગાડવા બરાબર નથી ?

ઉત્તર ૯—પરમાત્મા જેમ નિરંજન નિરાકાર છે, તેમ અપેક્ષાએ સાંજન અને સાકાર પણ છે. એટલે મૂર્તિથી તેના સ્વરૂપને બગાડવાનું નહિ પરન્તુ તેના સ્વરૂપની પ્રતીતિ કરાવવાનું થાય છે, એથી ઘણા જીવોની આધ્યાત્મિક ઉન્નતિ થાય છે.

પ્રશ્ન ૧૦—સીધી રીતે પરમાત્માના ઉપદેશને અમલમાં મૂકીને જે ભક્તિ કરી શકે, તે મૂર્તિપૂજા ન કરે તો શો વાંધો ?

ઉત્તર ૧૦—દરેક જીવો માટે એ શક્ય નથી. એટલે જે જીવો માટે તેમ બની શકતું નથી, તેઓ માટે મૂર્તિપૂજાનો ગર્ભિત રીતે સ્વીકાર તમારાથી પણ થઈ જ જાય છે. પરંતુ એવી રીતે સાક્ષાત્ ભક્તિ કરનારા તો યોગીઓ જ હોઈ શકે છે. તેવા યોગીઓમાં પણ અનેક પ્રકાર હોય છે, સાલંબનધ્યાની અને નિરાલંબનધ્યાની. તેમાં સાલંબનધ્યાનીઓને મૂર્તિ આદિકની જરૂર પડે છે. નિરાલંબનધ્યાનિઓને જરૂર પડતી નથી, છતાં તેઓ આત્મવિકાસના કારણ તરીકેનું મૂર્તિપૂજાનું સ્થાન નિષેધી શકતા નથી. સાંસારિક જીવનમાં રચ્યાપચ્યા જીવો માટે જેઓ મૂર્તિપૂજાનો નિષેધ કરે છે, એ અણસમજૂ છે.

પ્રશ્ન ૧૧—મૂર્તિપૂજામાં હિંસા થાય છે, તેનું કેમ ?

ઉત્તર ૧૧—મહાઅહિંસાની મદદગાર નાની હિંસા તે હિંસા નથી પણ અહિંસા છે. મહાહિંસાની પોષક મોટી અહિંસા તે પણ હિંસા છે, પણ અહિંસા નથી. મહા સત્યનું પોષક અવાંતર અસત્ય પણ સત્ય છે કિન્તુ અસત્ય નથી. મહાઅસત્યનું પોષક અવાંતર સત્ય પણ અસત્ય છે કિન્તુ સત્ય નથી. તે જ પ્રમાણે મૂર્તિપૂજા રત્નત્રયીની પોષક હોય તો તદંતર્ગત હિંસા પણ અહિંસા છે. વિહાર વખતે તીર્થંકરદેવ પોતાના ગામની નજીક થઈને પસાર થતા હોય ત્યારે દોડતે ઘોડે તેમના દર્શન કરવા કોઈ જીવ આવે તો તેમાં હિંસા થતી નથી એમ તો ન કહી શકાય, પરંતુ પ્રભુદર્શન એ મિથ્યાત્વ–અવિરતી કષાય વગેરે કર્મબંધનાં કારણોનું રોધક હોવાથી પરિણામે પરમ અહિંસામય છે. તેથી તેના કારણરૂપ દોડતે ઘોડે આવવાથી થતી હિંસા એ પણ અહિંસા જ છે.

પ્રશ્ન ૧૨—મૂર્તિપૂજાનો નિષેધ કરનારની કોઈ પણ દલીલ વજુદવાળી છે કે નહિ ?

ઉત્તર ૧૨—આજ સુધીનાં ઘણાં પુસ્તકો અને તેમાંની ઘણી દલીલો વાંચી, છતાં હજુસુધી કોઈ પણ વજુદવાળી દલીલ જોવામાં આવી નથી, કે જે દલીલ સચોટ અને વિશ્વાસ્ય હોય, મગજે ઉતરે તેવી હોય અને વાસ્તવિક સત્યને સ્પર્શ કરતી હોય.

પ્રશ્ન ૧૩—એવી કઈ કઈ ખાસ દલીલો છે?

ઉત્તર ૧૩—વ્યાવહારિક દલીલો અને શાસ્ત્રીય દલીલો.

પ્રશ્ન ૧૪—મૂર્તિપૂજાની સિદ્ધમાં શાસ્ત્રીય દલીલો કઈ કઈ છે?

ઉત્તર ૧૪—જૈન શાસ્ત્રોમાં શાશ્વત અને અશાશ્વત બન્નેય પ્રતિમાઓનાં વર્ણન આવે છે. દેવલોકમાં શાશ્વત પ્રતિમાઓના વર્ણનો છે અને અષ્ટાપદ પર્વત ઉપર ભરત-મહારાજાએ સ્તૂપો અને પ્રતિમાઓ ભરાવ્યાનું વર્ણન શ્રી જંબુદ્વિપપન્નત્તિમાં છે. શાશ્વત મૂર્તિપૂજાના ઉલ્લેખો તથા દેવલોકની મૂર્તિપૂજાના ઉલ્લેખો સૂર્યાભદેવ અને વિજયદેવના અધિકારમાં સ્પષ્ટ છે. છતા મૂર્તિને નહિ માનનારાઓ તરફથી તેના ઉપર શાબ્દિક જાલ-ગુંથણી કરવામાં આવે છે. આખરે તેઓ મૂર્તિ માને છે, પણ અરિહંત પ્રભુની મૂર્તિ માનવા સામે વાંધો લે છે. અરિહંતથી શાશ્વત મૂર્તિઓનું વર્ણન શાસ્ત્રોમાં આવે છે તો શાશ્વત પ્રતિમાને શાસ્ત્રથી સ્વીકારતા હોય તો શાશ્વત પ્રતિમાઓને વંદન નમસ્કાર રોજ કરવાનો કાંઈ પણ પ્રકાર તેઓએ કોઈ પણ ધર્મવિધિમાં કેમ ગોઠવ્યો નથી? મૂર્તિ સામે વિરોધ ન હોય પણ મૂતિપૂજા સામે વિરોધ હોય તો ખાલી મૂર્તિઓ ભરાવીને મંદિરો કેમ કરાવતા નથી? એટલે મૂર્તિ સામે વાંધો છે? કે મૂર્તિપૂજા સામે વાંધો છે? તે સ્પષ્ટ થતું નથી. હિંસા સામે વાંધો હોય તો અહિંસક સાધનોથી પૂજા કરી શકાય. મૂર્તિમાં પણ શાશ્વત સામે વાંધો છે? કે અશાશ્વત સામે વાંધો છે? અશાશ્વત સામે વાંધો હોય તો શાશ્વત પ્રતિમાઓના વંદનનું એકાદ સ્તવન કે સ્તુતિ તો રોજ બોલવી જોઈએ કે નહિ?

સર્વવિરતિધર સાધુઓની પૂજા સામે વાંધો હોય તો દેશવિરતિધર ગૃહસ્થો માટે પૂજાનો માર્ગ ખુલ્લો રાખવો જોઈએ. દેશવિરતિધર શ્રાવકો માટે વાંધો હોય તો અવિરતિ સમ્યગ્દૃષ્ટિ અધિકારીઓ માટે માર્ગ ખુલ્લા રાખવા જોઈએ.

પુદ્ગલની સેવામાં મિથ્યાત્વ હોય તો ગુરુનું શરીર પણ પુદ્ગલ છે. તથા ગુરુના ધર્મો-પકરણો પણ પુદ્ગલ છે, તેની સેવામાં પણ મિથ્યાત્વ લાગવું જોઈએ.

પથ્થર પ્રભુ નથી તો કાગળ હજાર રૂપિયાની નોટ નથી. સંસ્કારથી અને મુખ્ય અધિકારીની સહીથી નોટ હજાર રૂપિયાની કિંમતની બને છે, તો આચાર્યે કરેલા પ્રતિષ્ઠાન-વિધિથી પથ્થર પરમાત્મા બની શકે છે. ખૂબી તો એ છે કે એક તરફ મૂર્તિપૂજાના વિરોધિ-ઓ જ બીજી તરફ એક વા બીજા પ્રકારે મૂર્તિપૂજા કરતા હોય છે. મૂર્તિપૂજાનો વિરોધ કરનાર, દેશનેતાઓનાં બાવલાં ઠેર ઠેર બેસાડે છે. દરેક આર્યસમાજીષ્ટ ભારતમંદિરમાં ભારતમાતાની મૂર્તિને પ્રણામ કરે છે.

ઇસ્લામી ભાઈઓ પેગંબર સાહેબના ચાંદીના હાથને વાજતે ગાજતે પોતાને ઘેર પધરાવે છે.

આ સ્થિતિમાં મૂર્તિપૂજાની વિરુદ્ધની વાતમાં કાંઈ પણ તથ્યાંશ સાબીત થઈ શકતો નથી.

પ્રશ્ન ૧૫—મૂર્તિને દેખીને પરમાત્માનો ભાસ થતો નથી કે ભાવ ઉત્પન્ન થતો નથી તેનું કેમ?

ઉત્તર ૧૫—નાના બાળકની રમતમાં યુવકને કે યુવકના રતિવિલાસોમાં બાળકને ભાવોલ્લાસ થતો નથી, તેનું શું કારણ હશે? તેવાં જ કારણો આમાં પણ રહેલાં છે.

૧ પરમાત્મા પ્રત્યેની ભાવના ન જાગી હોય, ૨. પરમાત્મા અને તેની મૂર્તિનો સંબંધ છે તેનું જ્ઞાન ન હોય કે મૂર્તિપૂજા વિરુદ્ધ પૂર્વગ્રહ બંધાયેલો હોય, તો પરમાત્માની મૂર્તિને જોવાથી ભાવોલ્લાસ ન પણ જાગે. પાત્રની લાયકાત અને આત્માની ભૂમિકા ઉપર બધો આધાર છે. જેણે પરમાત્મા અને પરમાત્માની પ્રતિમા પ્રત્યે રસવૃત્તિ કેળવી ન હોય તેને ભાવોલ્લાસ ન પણ જાગે.

પ્રશ્ન ૧૬—ભાવોલ્લાસ જાગ્યા વિના મૂર્તિપૂજાથી ફળ શું થાય?

ઉત્તર ૧૬—ભાવોલ્લાસ જાગ્યા વિના પણ મૂર્તિપૂજાનો અભ્યાસ કોઈક વખતે પણ ભાવોલ્લાસનું કારણ બને છે. તેમના તરફ મમતા કેળવાય છે. તેની આશાતના અને અપમાન વખતે વિરોધ ઉઠાવવાનું થાય છે તેથી પણ વફાદારી કેળવાય છે.

જેટલો વખત મૂર્તિનું આલંબન લેવાય છે, તેટલો વખત (મૂર્તિ સદ્ આલંબન હોવાથી) અસદ્ પ્રવૃત્તિને અટકાવે છે અને દાન, શીલ, તપ, ભાવમાં વૃદ્ધિ કરે છે. માટે ભાવોલ્લાસ ન જાગે તેને પણ મૂર્તિપૂજા આડકતરો ફાયદો કરે છે.

પ્રશ્ન ૧૭—સાધુઓ મૂર્તિની દ્રવ્ય પૂજા કેમ કરતા નથી?

ઉત્તર ૧૭—સાધુઓ પણ પ્રભુમૂર્તિની દ્રવ્યપૂજા ઘણે અંશે કરે છે. જો દ્રવ્ય પૂજા ન કરતા હોય તો પોતાને સ્થાનેથી જિનમંદિરે જાય નહિ. પોતાને સ્થાને કે જિન-મંદિરમાં બેઠા બેઠા હાથ જોડે છે, મસ્તક નમાવે છે, સ્તુતિ સ્તોત્ર બોલે છે, ખમાસમણાં દે છે, પ્રદક્ષિણા દે છે, એ વગેરે વસ્તુતઃ દ્રવ્ય પૂજા જ છે. જો મુનિઓને એકલી ભાવ પૂજા જ હોય તો માત્ર પોતાના સ્થાન ઉપર બેસીને માનસિક નમસ્કાર જ કરે પરંતુ તેમ ન કરતાં ઘણી દ્રવ્ય પ્રવૃત્તિઓ કરે છે. ચૈત્યવંદન ભાવપૂજા છતાં તેમાં સૂક્ષ્મ દૃષ્ટિથી જોતાં કાયિક વંદનાદિ દ્રવ્યપૂજા છે. દ્રવ્યપૂજાને હિસાબે જ પ્રભુના વરઘોડા તથા રથયાત્રાના ઉત્સવમાં સાધુઓ ભાગ લે છે. તીર્થયાત્રા માટે તે ભૂમિને દ્રવ્ય સ્પર્શ કરવા જાય છે. નહિતર તેમને ક્યાંય પણ જવાની જરૂર શી!

સાધુ દ્રવ્યપૂજા નથી કરતા એ વાક્યનું તાત્પર્ય એટલું જ છે કે સાધુઓ ઘરના ત્યાગી હોવાથી, ધૂપ, દીપ, ચોખા, કેશર, સુખડ, જળ વગેરે પૂજામાં વપરાતાં દ્રવ્યોનો ઉપયોગ કરી શકતા નથી, કેમકે તેમની પાસે પોતાની માલીકીના એ દ્રવ્યો નથી માટે તે દ્રવ્યોથી પૂજા નથી કરતા એટલા પૂરતી જ માત્ર દ્રવ્યપૂજા નથી. બાકીની અનેક પ્રકારે દ્રવ્યપૂજા તેઓ કરે છે.

પ્રશ્ન ૧૮—મૂર્તિપૂજાની તરફેણમાં આટલી બધી સચોટ દલીલો છતાં દિલમાં મૂર્તિપૂજાનો ભાવ કેમ જાગતો નથી?

ઉત્તર ૧૮— તથાપ્રકારનાં અંતરાય કર્મનો ઉદય અથવા મૂર્તિપૂજા-વિરોધના સંસ્કારોથી સમ્યક્ત્વપ્રતિબંધક કર્મની પ્રબળતા. મિથ્યાદૃષ્ટિ જીવને જેમ જૈનધર્મ તરફ ભાવ નથી થતો તેવું કાંઈ આમાં પણ કારણ હોવું જોઈએ. ત્રિલોક-પૂજ્ય-દેવાધિદેવનો લોકોત્તર વિનય કરવાની આ ઉત્તમ સમજ છે. જૈનધર્મ પામવા છતાં કેટલાક જીવો સંસ્કારવશ [illegible]

છે. મૂર્તિનો વિરોધ પરિણામે દેવતત્ત્વની આરાધનાના વિરોધમાં પરિણમે છે એ સૂક્ષ્મ ભૂલ સમજવામાં નહિ આવવાથી કેટલાક જીવો મહાઘોર કર્મો બાંધતાં પણ અનુભવાય છે. જિનપ્રતિમાની પૂજા ન કરવી હોય તો ભલે ન કરે, પણ તેનો વિરોધ કરવાથી ભાવ મિથ્યાત્વ અને અજ્ઞાન અંધકારને ટાળનાર દેવતત્ત્વનો વિરોધ થાય છે. તે અતિ ભયંકર કૃત્ય છે. તેને શાંત ચિત્તે સમજવા પ્રયાસ કરવો જોઈએ.

પ્રશ્ન ૧૯—મૂર્તિપૂજકોની કોઈ પણ ભૂલ જ નથી ?

ઉત્તર ૧૯—જો મૂર્તિપૂજકો એમ માનતા હોય કે મૂર્તિપૂજા સિવાય બીજો કોઈ પરમાત્મ પ્રાપ્તિનો ઉપાય જ નથી, માત્ર મૂર્તિપૂજા જ એક જ માર્ગ છે, એમ એકાંત પકડી બેઠા હોય તો તે તેઓની ભૂલ છે. અને શાસ્ત્રોક્ત વિધિથી નિરપેક્ષ રહીને મૂર્તિપૂજામાં જેટલી ખોટી ભાલમેલ કરતા હોય, અવિધિથી પૂજા કરતા હોય તે વગેરે તેઓની પણ ભૂલ ગણાય. તે સિવાય ભૂલ નથી.

પ્રશ્ન ૨૦—તીર્થંકરોની પૂજા કઈ રીતે થાય ?

ઉત્તર ૨૦—ત્રિલોકયપૂજ્ય પરમાત્માની લોકોત્તર ભક્તિ માટે પાત્ર પ્રમાણે જૈન શાસ્ત્રોમાં સંખ્યાબંધ પ્રકારો બતાવ્યા છે. કેમકે કોઈ પણ એક પ્રકારે તેમની પૂજા ભક્તિ પૂરી નથી થતી. તેમજ દરેક જીવો દરેક પ્રકારની ભક્તિ કરી શકે તેમ ન બને. માટે પાત્રભેદે વિવિધ પ્રકારો બતાવી ત્રૈલોક્ય-પૂજ્યતા સાબિત કરી બતાવી છે. ત્રણ પ્રકારી, પાંચ પ્રકારી, અષ્ટ પ્રકારી, ૧૭ પ્રકારી, ૨૧ પ્રકારી, ૬૪ પ્રકારી, ૯૯ પ્રકારી, ૧૦૮ પ્રકારી, વગેરે સંખ્યાબંધ ભક્તિના પ્રવાહો બતાવ્યા છે. તેમના ઉપદેશનો અમલ પણ તેમની એક પ્રકારની પૂજા છે જ. મૂર્તિની પૂજા કરવી જોઈએ, એવો ઉપદેશ પણ તેમણે જ આપેલો છે. સંપૂર્ણ

સમાચાર

પ્રતિષ્ઠા—અમદાવાદમાં એલીસબ્રીજમાં માગશર શુદિ ૬ ને સોમવારના રોજ પૂ. આ. મ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં શેઠ હીરાચંદ રતનચંદના બંગલાના ઘરદેરાસરની પ્રતિષ્ઠા કરાવવામાં આવી.

બિંબપ્રવેશ—અમદાવાદમાં જૈનસોસાયટીનાં જૈન દેરાસરમાં માગસર શુદિ ૮ ને બુધવારે પ્રભુજીની પ્રતિમાનો પ્રવેશ કરવામાં આવ્યો.

ઉપાધ્યાયપદ—અમદાવાદમાં નાગજી ભુદરની પોળમાં માગશર શુદિ બીજના રોજ પૂ. આ. મ. શ્રી. વિજયનેમિસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં પૂ. પં. મ. શ્રી. ધર્મવિજયજી મ. ને ઉપાધ્યાય પદ આપવામાં આવ્યું.

ગણિપદ તથા પંન્યાસપદ—અમદાવાદમાં શ્રીવીરવિજયના ઉપાશ્રયમાં પૂ. આ. મ. શ્રી. વિજયહર્ષસૂરિજીની નિશ્રામાં પૂ. મુ. મ. શ્રી ચરણવિજયજીને માગશર શુદિ ૨ ના રોજ ગણીપદ તથા શુદિ ૫ ના રોજ પંન્યાસ પદ આપવામાં આવ્યું.

કંઈક શંખેશ્વર સાહિત્ય

લેખિકા : શ્રીમતી શારલોટે કાઉઝે, ડૉ. ફિલ., ભારતીયસાહિત્યવિશારદા,
ક્યુરેટર, સિંધિયા ઓરિએંટલ ઈન્સ્ટિટયૂટ, ઉજ્જૈન.

ઉજ્જૈન નગરીનું નામ પ્રાતઃસ્મરણીય શ્રી અવંતિસુકુમાલ, પ્રૌઢપ્રતાપી શ્રી સિદ્ધસેન દિવાકર, તેજસ્વી શ્રી કાલકાચાર્ય, શાસનપ્રભાવક મહારાજા સંપ્રતિ, અને શ્રી વિક્રમાદિત્યનાં ચરિત્રોના નિમિત્તથી જૈનોને અતિપરિચિત અને આદરણીય છે. આ નગરી આજે શ્રીમંત સિંધિયા સરકારના ગ્વાલિયર રાજ્યનું બીજું શહેર છે. ભૂતકાળના યશસ્વી સાહિત્યના પૂજાસ્થાન રૂપે ત્યાં કેટલાંક વર્ષોથી પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોનું એક સરકારી સંગ્રહાલય વિદ્યમાન છે જે શ્રી સિંધિયા ઓરિએંટલ ઇન્સ્ટિટયૂટના નામથી પ્રસિદ્ધ છે. આ સંસ્થાના આશરે ૭૫૦૦ ગ્રંથોમાનો એક નાનકડો અંશ જૈન ગ્રંથો છે, જેઓમાં કંઈક એવી વસ્તુઓ મળી આવી છે કે જે વિદ્વાનોનું લક્ષ્ય આકર્ષિત કરે.

પૂજ્યપાદ શાંતમૂર્તિ મુનિરાજ શ્રી જયંતવિજયજી મહારાજ દ્વારા વિરચિત "શંખેશ્વર મહાતીર્થ" નામના સુન્દર અને ઉપયોગી પુસ્તકનું નિરીક્ષણ કરતી વખત વિદિત થયું કે શ્રી સિંધિયા ઓરિએંટલ ઇન્સ્ટિટયૂટના સંગ્રહમાં મલી આવેલું કેટલુંક શંખેશ્વર પાર્શ્વનાથના સંબંધનું સાહિત્ય ઉપર્યુક્ત પુસ્તકમાં વિદ્યમાન નથી. તેમાં નિમ્નલિખિત ચૈત્યવંદન અને સ્તવનો છે, જેઓમાંનાં કેટલાંક એવાં છે કે જે આધુનિક રુચિના હિસાબે પણ ગેય અને મનોરંજક લાગે.

પહેલી કવિતા નિર્ણામક છે, જ્યારે બીજી અને ત્રીજી કવિતાના એક જ કર્તા શ્રી હમીરવિજયજીના શિષ્ય શ્રી ઉત્તમવિજયજી છે, અને ચોથી તે જ ઉત્તમવિજયજીના શિષ્ય શ્રી મોહનવિજયજીની કૃતિ લાગે છે. પાંચમી અને છઠ્ઠી કવિતા પ્રસિદ્ધ ભક્તકવિ શ્રી જિનસુખસૂરિની કૃતિઓ છે, અને સાતમી કવિતા શ્રી ઉદયરત્નના નામથી અંકિત છે. આ સ્તવન મારવાડી ભાષાના પ્રયોગોથી અને શૃંગારરસ-અધિવાસિત અલંકારોથી શોભિત છે. આ વિશેષતાથી અનુમાન થાય છે કે આ કવિ એ જ ઉદયરત્ન હોવા જોઈએ કે જેમની પ્રસિદ્ધ કવિતાઓ સં. ૧૭૪૯ થી ૧૭૯૯ સુધી રચાએલ મલે છે, અને જેમને-એમની કેટલીક કૃતિઓ શૃંગારરસથી અતિપૂર્ણ હોવાથી એક વખત સંઘાડા બહાર કરવામાં આવ્યા હતા. (શ્રી. મો. દ. દેશાઈ, જૈન ગુર્જર કવિઓ, બીજો ભાગ, પૃ. ૪૧૪).

(१) शंखेश्वर चैत्यवंदन[1]

श्रीसंखेश्वर गांममां, श्रीसंखेस्वर पास ।
तिहां बेठा प्रभु पूरवें, सहू केरी आस ॥ १ ॥
ठांम ठांमना तिहां मिलें बहु संघ अपार ।
पूजें प्रणमें नि थुंणें, केई केई करे जोहार ॥ २ ॥
तेहना वंछीत पूरवेंए, प्रभुजी पास जिणंद ।
देषावें महीमा घणो पौमावई धरणिंद ॥ ३ ॥

---

1. પ્રત નંબર ૮૫૫ નં. ૯, (સં. ૧૮૮૦ વર્ષે માઘ કૃષ્ણ ચતુર્થે શ્રી સમીનગરે" લખેલી.)

(२) संखेश्वर पास जिनस्तवन[२]

श्रीउत्तमकृत (स. १८४९)

संखेश्वर जिन–राय दिल में भायो रे,
चरणे राखो, स्वांम, सरणे आयो रे।
भमतां भवह मझार नही प्रभु पायो रे,
भाग योगे भगवंत, दरसण पायो रे ॥ १ ॥
महिर करो, महाराय, सेवक तोरो रे,
मेटो मोह जंजाल, मोहि कर सोरो रे।
अनुभव रस, महाराय, मुजने दीज्ये रे,
बगसो, गरीब नीवाज, कारज सीझे रे ॥ २ ॥
बालक चाहे मन्ने अहनिस धनने रे,
लोभी मन लयलीन चाहे धनने रे।
जिम मधुकर मन मांहे केतकी चाहे रे,
तिम प्रभुनो धरुं ध्यान हीयडा महि रे ॥ ३ ॥
तुम दरसण देषंत हीयडुं हरषे रे,
जांणे तुं दिलनी बात तुं सहुं परषे रे।
यादवपतिनी जीत सरस सुधारी रे,
तार्या नाग तुरंत तुंम गुण भारी रे ॥ ४ ॥
तुं ग्यांनी गुणवंत, घणुं स्युं कहोइ रे,
फलकनी पूरो षंत, बिरुद वहोइं रे।
उगण पंचासे मान संवत अढारे रे,
शुदी सतमी वेसाष, वली बुधवारो रे ॥ ५ ॥
सहर प्रतापगढ मांहे आप बिराज्या रे,
जग पसर्यो जस वास, बाजा वाज्या रे।
परष्या पूरे पास, सहु मन भाया रे,
आवे संघ उमाह, तुझने पाया रे ॥ ६ ॥
त्रेवीसमा जिन–राय, अरज सुणीजे रे,
मुज मनडानी आस सफल करीज्ये रे।
पास प्रभूनी सेव जे नर करस्ये रे,
कहे उत्तम, नर तेह मंगल वरस्ये रे ॥ ७ ॥

२. प्रत नं. ५०७८ पत्र नं. १ (लहियानी प्रशस्ति नथी.)

(३) संखेसर स्तवन[3] मंदिर–वर्णन–गर्भित

श्रीउत्तमकृत (सं. १८४९)

सरसती, करो सुपसाय, नमुं आनंदे रे,
प्रभुना गुण गाआंह, पाप निकंदे रे।
सुंदर सूरत एह संखेसरनी रे,
चोमुष प्रतिमा च्यार आदीसरनी रे॥ १॥
पंच मेरुने भाव पूजा करीइं रे,
चोमुष ए पूजंत चिहुं गति हरीइं रे।
समवसरणके मांहे आप विराज्या रे,
चउमुष टाली मर्म, धर्म प्रकासे रे॥ २॥
वली ऋषभानन देव, चंद्राननजी रे,
वारिषेण, वर्द्धमान, नंदीसरजी रे।
फिर चोमुष वंदंत, पंच वेलां करी रे,
मानु वीसे वेहरमांन प्रणम्या हित धरी रे॥ ३॥
अतीतानागत वर्त्तमान जिन आनंदो रे,
गणधर गोतम सांम, पुंडरीक वंदो रे।
तपगच्छ धर्मसूरिंद चरण नगीना रे,
पगल्या षरतरगच्छ दादाजीना रे॥ ४॥
दादा वोल्रित देव करे गहगाटे रे,
सेवकने बे सुख वाटे घाटे रे।
ठाम ठामनो संघ आवी वंदे रे,
लहे सुष संपति कोड जननां वृंदे रे॥ ५॥
संवत अठारा मांहे गुणपचासे रे,
शुदि सतमी वेसाष बुध उलासे रे।
करीय प्रतिष्ठा सार सुभ मोरती रे,
नयर प्रतापगढ मांहे आनंद वरती रे॥ ६॥
शिवनो तीर्थ सुठांम दीपेसरजी रे,
पासे प्रभु परमेस संषेसरजी रे।

---

३. જૈનયુ. નં. ૨.

वावी, सरोवर, थांन,　　वाडी सोहे रे,
तिहां प्रासाद उत्तंग　　जन–मन मोहे रे ॥ ७ ॥
वाडीलीया रघुनाथ　　**माणकचंद**थी रे,
थयो जिनधर्म उछाह　　संघ सानिधथी रे ।
हमीरविजय गुरु–राय　　**उत्तम** शिष्ये रे,
पद्मावती धरणेंद्र　　फल्या परत्यष्य रे ॥ ८ ॥

(४) संपेसर स्तवन[४]

श्रीमोहनकृत

संपेश्वर जिन–राया, हो मन भाया, संघ समस्तने,
सुण स्वामी अरदास ।
सुणीय, सुण मन जांणी, हो मत काढो, काना आगले,
मुज दीज्यो विसवास ॥ सं० ॥ १ ॥
कासी देश **वाणारसी**, हो बहु सरसी, नगरी राजनी,
जनम्या जिहां जीन–राय ।
अश्वसेन कुलनंदा, हो आनंदा, **वामा** मातजी,
सर्प–लंछण जस पाय ॥ सं० ॥ २ ॥
संघ सहु उमाही, हो उछाही, आवे राजने,
चरण लगाडी भाल ।
पास जीनंदने सेवे, हो अतिप्रेमे, रोगादिक समे,
होवे मंगल–माल ॥ सं० ॥ ३ ॥
मात पिता अरु भ्राता, हो नहो त्राता, सगपण कारमो,
नही कोई सुष–दातार ।
मोहनी कर्मने भोगे, हो संयोगे, ए संसारमां,
मिलियो शुं किरतार ॥ सं० ॥ ४ ॥
मूरष नर प्रतिबोधी, हो चित सोधी, आणे मारगे,
एहवो ताहरो धर्म ।
वाणी अमृत समाणी, हो गुण–षाणो, श्रवणे जे सुणे,
न रहे तेहने मर्म ॥ सं० ॥ ५ ॥
हवे प्रभु सरणो लीधो, हो सहु सीधो, कारज मांहरो,
गुरु **उत्तम** सुपसाय ।

४. એજન. નં. ૨, પત્ર નં. ૨.

घणु स्युं कहुं कर जोडो, हो मद छोडी, स्वामी सांभलो,
कहे मोहन चित लाय ॥ सं० ॥ ६ ॥

(५) संखेसर स्वामी स्तवन[५]

श्रीजिनसुखसूरिकृत

अधिक उलासै, हो प्रणमो पास जिणेसरू,
श्रीसंखेसर सांमि ।
इण संसारै, हो आरै पंचम सुरतरू,
कामित पूरै काम ॥ अ० ॥ १ ॥
जग सहु आवै, हो भावै मिलि मिलि जातरा,
गावै प्रभु गुण गान ।
बहु धन खरचै, हो अरचै, सरवै सुगति सुं,
परचै मुगति प्रधान ॥ अ० ॥ २ ॥
आज इण वेला, हो महिमा अतिघणो,
दूर हरै दुख दंद ।
सुख सहु आपै, हो थापै आणंद इण भवै,
परभव परमानंद ॥ अ० ॥ ३ ॥
मन मैं ऊमाहो, हो हुतो दिवस घणा तणो,
जाई कीजइ जात ।
तेह जुहार्यौ, हो वार्यौ भमवो भव भवै,
ग्यांन गिण्यो ए गात ॥ अ० ॥ ४ ॥
हीयडो हरख्यो, हो परख्यो समकित सुध सही,
नयन थया नेहाल ।
जिणसुखसूरइ, हो भावै पूरइ भेटीयो,
पातक परहो पाल ॥ अ० ॥ ५ ॥

(६) संषेसर साहिब स्तवन[६]

श्रीजिनसुखसूरिकृत

श्रीसंखेसर साहिब पास, मोसुं महिर करीजै ॥
ध्यान तुम्हारो नित्त धरीजै, दूजो चित्त न दीजै ॥
सुनिजर एहवी कीजै, सांमी, जिम भवजलधि तरीजै ॥श्री०॥१॥

---

५. प्रत नं. ५१७७, पत्र नं. ६७. (લહિયાની પ્રશસ્તિ નથી.)
६. ભંજન. નં. ૫, પત્ર નં. ૬૯.

अधिको कहिजै तुं उपगारी, सोभा सहु मैं सारी ।
पिण अम्हनैं मूंको वीसारी, तो सी महिर तुम्हारी ॥ श्री० ॥ २ ॥
सेवा करतां जे सुष आवै, ते कीधा नो कीधो ।
स्वारथ विण जे दीजै सहुनै, दान ति कोहि ज दीधो ॥ श्री० ॥ ३ ॥
थिर चित ताहरी भगति न थायै, आलस अधिको अंगै ।
पिण परतीत अछै ए प्रभुजी, सुष थास्यै तुझ संगै ॥ श्री० ॥ ४ ॥
अरज करी छै परतिष एहवी जिनसुखसूरि जगीसै ।
सहु कारिज मैं करिज्यो सांनिधि विधि विधि विसवा वीसै ॥ श्री० ॥ ५ ॥

(७) शंषेसर पास स्तवन[७]

श्रीउदयरत्नकृत

(" वाडी मांहे वड घणा पेंपल गुहीर गंभोर ", ए देशी)

थे छो म्हांरा ठाकुरजी, म्हें चाकर, महाराज ।
महिर करो म्हां ऊपरिं जो, कांई अरज करां छां आज ॥
सुणो, साहिबीया, हो राज, कांई अजब बनि, थां स्युं आस की ।
सुणो, साहिबीया, हो राज, कांई नवल बण्यो, थां सुं नेह जी ॥ १ ॥
जोयांरि जिणसुं बनीजी, तीयां रे दिल तेह ।
आंखि न जोडि उंरस्युंजी, ज्युं न गमि जवासांने मेह ॥ सु० ॥ २ ॥
चकोरां चंदो रूचिजी, चकवि चाहे दीह ।
त्युं थे म्हांनें बाल्हा हाजी, कांई, लाल, लोयां नही लीह ॥ सु० ॥ ३ ॥
रागो म्हें छां, राउलाजी, दासांरा छां दास ।
दिल मेली म्हांसुं मिलोजी, कांई प्रभु जें, शंषेसर पास ॥ सु० ॥ ४ ॥
दरसण थोरो देषतांजी, उदयरतन कहें आज ।
कोडि फली मन कामनांजी, सफर फल्यो सा सुष साज ॥ सु० ॥ ५ ॥

(८) श्रीसंखेश्वर पार्श्वनाथ प्रबंध

ઉપર્યુક્ત સાત ભાષાકવિતાઓથી અતિરિક્ત એક આઠમી ભાષાકવિતા વિદ્યમાન છે. આ કવિતા શ્રી ભાનુમેરુશિષ્ય શ્રી નયસુંદર દ્વારા ૧૩૨ પદ્યોમાં સં. ૧૬૫૬ માં રચાયેલ ગુજરાતી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રબંધ છે. આ પ્રબંધ સ્વતંત્ર રૂપમાં પ્રકાશિત કરવાનું કામ ચાલુ હોવાથી આની અહિંઆં વધુ વિગત આપવાની જરૂરત જણાતી નથી.

---

૭. પ્રત નં. ૬૬૩૦, પત્ર નં. ૧. (લહિયાની પ્રશસ્તિ નથી.)

(૯) श्रीशङ्खेश्वरपार्श्वप्रभुस्तोत्र

એવી જ રીતે શ્રી નયવિમલવિરચિત શ્રી શંખેશ્વર પ્રભુસ્તોત્ર નામનું ૨૧ પંક્તિનું સંસ્કૃત કાવ્ય અહિંઆં નામ માત્રથી સૂચિત કરવામાં આવે છે. આશા છે કે આ કવિતા પણ બીજી વસ્તુઓ સાથે જલદી બહાર પડશે.

ઉપર્યુલ્લિખિત બધી કવિતાઓ એવી છે કે જેઓનો વિષય શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જ છે. તે અતિરિક્ત કંઈક ગ્રંથોમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથના પ્રસંગોપાત્ત ઉલ્લેખો માત્ર મળી આવે છે જેમ કે:

(१०) आगमनी अष्टप्रकारी पूजा[illegible]

श्रीवीरविजयजीकृत

आदि :

श्रीसंखेश्वर पासजी, साहिब सुगुण गरिट्ठ ।
शुभगुरु चरण पसायथी श्रुत निधि निजरे दीठ ॥ १ ॥

(११) तपागच्छ गुरुपरंपरा पट्टावली स्वाध्याय

श्रीधनविजयजी उपाध्यायशिष्य श्रीरामविजयजीकृत

(श्रीविजयदेव-विजयप्रभसूरि-राज्ये)[१०]

आदि :

श्रीसंखेसर-पुर धरा-भामिनी तिलक समानो रे ।
प्रणमी पास जिणेसरु दिन दिन वधतइं वांनो रे ॥ १ ॥

(१२) श्री वरकाण पार्श्व जिन स्तवन[११]

श्रीहर्षरुचिशिष्य श्रीलब्धिरुचि[१२] कृत

आदि :

श्री संखेसर पास प्रभावक प्रणमि परमानंद ।
वसुधा वरदायक वरकाणो थुणस्युं धरीअ आनंद ॥ १ ॥

---

૮. પ્રત નં. ૫૧૮૨ (સં. ૧૮૮૯ માં રાજપુરમાં શ્રી નેમવિમલ દ્વારા લખાએલ; ૭ પત્રો), ગુજરાતી.

૯. પ્રત નં. ૫૨૦૩ (લહિયાની પ્રશસ્તિ નથી, ૧ પત્ર; ૧૯ પંક્તિ), ગુજરાતી.

૧૦. શ્રી વિજયપ્રભસૂરિ સં. ૧૭૦૮ માં આચાર્ય. થયા. એમના અને શ્રી રામવિજયજીના સંબંધમાં જુઓ મો. દ. દેસાઈ, જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પેરા ૯૪૭ અને ૭૯૯.

૧૧. પ્રત નં. ૫૨૭૫ ("ગણિ ધમાવિજય" દ્વારા લખાએલ; ૧૫ પત્રો, ૨૫ પંક્તિ), ગુજરાતી.

૧૨. આ કવિ સંબંધી જુઓ મો. દ. દેસાઈ, જૈન ગુર્જર કવિઓ, બીજો ભાગ, પેરા ૧૫૦. પ્રસ્તુત કૃતિ અપ્રસિદ્ધ લાગે છે.

(१३) बार व्रत पूजा[13]

श्रीवीरविजयजीकृत (सं. १८८७)

दुहा

सुषकर संषेसरु प्रभु प्रणमी शुभगुरु पाय ।
सासन नायक गाईशुं शुद्ध मन जिन–राय ॥ १ ॥

(१४) त्रिणसि पांसठि पास जिन नाममाला[14]

श्रीविमलहर्षशिष्य श्रीप्रेमविजयजीकृत (सं. १६५५)

आदि ÷

श्री सरसति, मुझ मति आपी पूरो आस,
नाम ग्रहण करेस्युं त्रिणिसि पांसठि पास ।
संषेसर, संतु, सीभुओ, चंद्रषेण राय,
सविनो, सुषदायक, सामलो प्रणमुं पाय ॥ १ ॥

(१५) श्रीतीर्थमाला–चत्यवन्दन[15]

आदि÷

श्रीशत्रुञ्जयरैवताद्रिशिखरे द्वीपे भृगोः पत्तने,
सिंहद्वीपधनेरमङ्गलपुरे चाज्जाहरे श्रीपुरे ।
कोडीनाहडमन्तदाहडपुरे श्रीमण्डपे चार्बुदे,
जीरापल्लिफलर्द्धिपारकनगे शैरीसशङ्खेश्वरे ॥ १ ॥

આશા છે કે "શ્રી શંખેશ્વર મહાતીર્થ"ની બીજી આવૃત્તિ બહુ જલદી બહાર પડશે અને તેના પરિશિષ્ટમાં ઉપર્યુક્ત સાહિત્યને પણ સ્થાન મળશે. યદ્યપિ આ સાહિત્ય વધારે પ્રાચીન નથી તથાપિ તે અહિંઆં પ્રકાશમાં લાવવામાં આવેલ છે તે પૂર્ણતાની દૃષ્ટિએ અસ્થાને નહીં ગણાશે એવો મને વિશ્વાસ છે.

ઉજ્જૈન, જ્ઞાનપંચમી, વિ. સં. ૨૦૦૨.

---

૧૩. પ્રત નં. ૧૫૮૩ (લહિયાની પ્રશસ્તિ નથી; ૧૨ પત્રો), ગુજરાતી.

૧૪. પ્રત નં. ૧૩૯ (લહિયાની પ્રશસ્તિ નથી; ૬ પત્રો; ૩૨ પદ્ય), ગુજરાતી. કવિ સંબંધી જુઓ જૈન ગુર્જર કવિઓ, બીજો ભાગ, પૃ. ૪૯૭.

૧૫. પ્રત નં. ૮૫૫ (સં. ૧૮૮૦ માં "ग्रामीनगरे" લખાએલ; પત્ર નં. ૧૦; ૫ પદ્યો), સંસ્કૃત. આ કૃતિ પણ અપ્રસિદ્ધ લાગે છે.

કલિંગનું શ્રી શત્રુંજયાવતાર તીર્થ

લેખક:—પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રીસિદ્ધિમુનિજી

ભગવાન મહાવીર સ્વામીના કેવલીજીવન[1] પૂર્વે ક્યારેક વિદેહના[2] ચેટક મહારાજનો દૌહિત્ર અને [3]અંગદેશનાં દધિવાહન–પદ્માવતીનો પુત્ર કરકંડુ કોઈ પ્રારબ્ધના સંજોગોમાં [4]કલિંગના રાજસિંહાસને આવ્યો હતો, અને તે પાછળથી પોતાના પિતા દધિવાહનના અંગદેશનો પણ માલીક બન્યો હતો. તે કાલાંતરે વૃદ્ધ વૃષભને દુઃસ્થિતિમાં જોતાં વૈરાગ્ય પામી–પ્રત્યેકબુદ્ધ બની–રાજ્યને છોડી દઈ ત્યાગીનું જીવન જીવવા ચાલી નીકળ્યો હતો.

[5]કલિંગમાં જનારો વૈદિક, કોઈ અનોખી સંસ્કૃતિના સમાગમના કારણે, ફરી સંસ્કારને યોગ્ય બને છે–એવી એક ઉક્તિ છે. આ અનોખી સંસ્કૃતિ અનાર્યની નહિ, પણ કલિંગની સાથે અંગ બંગ મગધાદિનો ત્યાં ઉલ્લેખ થયેલો હોવાથી આર્યની, અને તે ખાસ કરીને જૈનની જ હોવાનો નિશ્ચય છે. વૈદિકોએ જૈન સંસ્કૃતિથી બચવા ખાતર આમ કર્યું છે.

---

૧. ચાલુ સંપ્રદાય પ્રમાણે ભગવાન મહાવીરનો કેવલીકાલ ઈ. સ. પૂર્વે ૫૨૭ થી ૫૫૭ સુધી છે; પણ હિમવંત થેરાવલી (ગુ. ભા.) પ્રમાણે ઈ. સ. પૂર્વે ૪૬૭ થી ૪૯૭ સુધી ગણાયો છે. હિમવંત થેરાવલી મહાવીરનિર્વાણ અને વિક્રમસંવતની વચ્ચે જૈન કાલ-ગણના પ્રમાણે ૪૭૦ વર્ષનું અંતર ન માનતાં ૪૧૦ વર્ષનું અંતર માને છે. હિમવંત થેરાવલીનો આ સંપ્રદાય ઐતિહાસિક દૃષ્ટિએ બહુ જ મહત્ત્વનો જણાય છે અને તે ખાસ વિચારણીય લાગે છે.

૨. બીહારમાં ગંગા નદીની ઉત્તરમાં આવેલા તિરહુત વગેરેનો ભાગ તે વિદેહ. તેની રાજધાની વૈશાલી હતી. વિસ્તૃત ગણરાજ્યનો નેતા ચેટક મહારાજા ત્યાં રાજ્ય કરતો હતો અને તે મહાપરાક્રમી તથા ઘણાં રાજ્યો સાથે સંબંધ ધરાવનારો અને શ્રીપાર્શ્વનાથના શાસનનો પરમ ઉપાસક હતો.

૩. બીહારની પૂર્વમાં આવેલો પ્રદેશ તે કલિંગ. એની રાજધાનીનું નગર, ભાગલપુરથી પશ્ચિમમાં ચાર પાંચ મૈલ પર આવેલું ચંપાપુરી નામનું હતું

૪. સમયના પરિવર્તનની સાથે વખતોવખત કલિંગની સરહદ ઉત્તર, દક્ષિણ અને પશ્ચિમમાં પલટાતી રહી છે. પણ ઈ. સ. પૂર્વે ૭૩૨ વર્ષ પહેલાં શ્રીપાર્શ્વનાથના સમયમાં કલિંગની સરહદ ઓરિસ્સાના દક્ષિણના મોટા ભાગને સમાવી ગોદાવરી નદીના ઉત્તર કિનારા સુધી લંબાયલી હતી. એ વખતે એની રાજધાની કાંચનપુર હતું. કરકંડુના સમયમાં આ કાંચનપુર કનકપુર નામે ઓળખાતું હતું, કે જે હાલના કટક જિલ્લામાં જ્યાં ભુવનેશ્વરી આવેલું છે ત્યાં વિસ્તરેલું હતું. ખારવેલના રાજ્યકાળમાં હિંદના અગ્નિખૂણામાં બંગાળાના ઉપસાગરની પશ્ચિમે આવેલો મહાનદી અને ગોદાવરી વચ્ચેનો પ્રદેશ મધ્યકલિંગ, મહાનદીથી ઉત્તરમાં વૈતરણી નદી સુધીનો પ્રદેશ ઉત્તરકલિંગ (ઉત્કલ) અને ગોદાવરીથી દક્ષિણનો કેટલોક પ્રદેશ દક્ષિણકલિંગ તરીકે ઓળખાતો હોઈ, ત્રિકલિંગ શબ્દ વ્યવહારમાં આવ્યો હોવાનો સંભવ છે.

૫. अंगवंगकलिङ्गेषु, सौराष्ट्रमगधेषु च ।
तीर्थयात्रां विना गत्वा, पुनः संस्कारमर्हति ॥

આવા આવા છૂટાછવાયા કેટલાક ઉલ્લેખો સિવાય કલિંગમાંની પ્રાચીન સર્વવ્યાપી જૈન સંસ્કૃતિ વિષે, હું ન ભૂલતો હોઉં તો, સામાન્ય જૈન જનતાને અને જૈનેતરોને આજે ઘણું જ ઓછું જ્ઞાન છે. કેમ કે એ જ્ઞાન મેળવવાનાં સાધન ઘણાં જ ઓછાં જાહેરમાં આવ્યાં છે. કલિંગની પ્રાચીન જૈન સંસ્કૃતિના જ્ઞાન વિષે જો આવી જ દશા છે, તોપછી કલિંગમાંના શત્રુંજયાવતાર તીર્થ વિષે પૂરતી માહિતી આપણને આજે ન મળે એ સ્વાભાવિક છે.

પાછલા કેટલાક સૈકાઓ સુધી અંધારામાં રહેલો કલિંગમાંનો [૬]ભિખ્ખુરાય ઉર્ફે ખારવેલસિરિનો હાલની હાથીગુંફામાંનો શિલાલેખ બહુ બહુ પ્રયત્નથી ઉકેલવા માંડતાંય તૂટેલો, ગળી ગયેલો અને ઘસાયલો આદિ અનેક દોષોને લઈ હજુસુધી સંદિગ્ધ રીતે જ ઉકેલાયો છે. જ્યારે કલિંગના રાજત્વને અને જૈનત્વને લગતી કેટલીક હકીકતોને જાહેર કરતો [૭]હિમવંત થેરાવલી નામક ઐતિહાસિક ગ્રંથ એક જૈન પંડિતના, અક્ષરશઃ કદાચ ન હોય એવી ભ્રાન્તિને ઉત્પન્ન કરતા, ગુજરાતી ભાષાંતરરૂપે આપણી સમક્ષ થોડાંક વર્ષોથી આવી પડયો છે. જેના પરથી એ ગુજરાતી ભાષાંતર કરવામાં આવ્યું છે તે હિમવંત થેરાવલી, 'શ્રીસ્કંદિલાચાર્યજીના શિષ્ય શ્રી હિમવંત આચાર્યજીએ રચેલી' અને 'ગદ્યપદ્ય રૂપે અર્ધમાગધી નામની પ્રાચીન અપભ્રંશ હોવાની' વાત, અંચળગચ્છીય

૬. હાથીગુંફાના શિલાલેખમાં ભિખ્ખુરાયે પોતાની ઓળખ આપતાં ઉલ્લેખ કર્યો છે કે, તે પોતે રાજર્ષિવંશમાંથી નીકળેલો, ચેતિવંશને વધારનારો અને ક્ષેમરાજ તથા વૃદ્ધરાજ પછી કલિંગની ગાદીએ આવનારો ચક્રવર્તી રાજા હતો; પણ હિમવંત થેરાવલી આપણને જણાવે છે કે, એ કરકંડુ રાજર્ષિનો મામો અને કલિંગના રાજા સુલોચનનો જમાઈ ચેટકપુત્ર શોભનરાય, જે પોતાના અપુત્રીયા સસરાની ગાદી પર આવ્યો હતો, તેનો વંશજ હતો. થેરાવલી કહે છે કે, શોભનરાયની પાંચમી પેઢીએ ચંડરાય, આઠમી પેઢીએ ક્ષેમરાજ અને દશમી પેઢીએ મહામેઘવાહન ભિખ્ખુરાય ખારવેલ હતો. (ચેટક કે ચેતયના બદલે 'ચેતિ' લખાયુ વંચાયું છે શું ? રાજર્ષિ શબ્દથી કરકંડુ જ લેવો કે કેમ ? જૈન-સાહિત્યમાં જ્યાં ત્યાં અપુત્રીય લખાતા ચેટક રાજાને શોભનરાય નામનો પુત્ર હતો કે શું ? કરકંડુ પછી કોઈ ચેદીવંશનો સુલોચન આવ્યો હતો કે ? શ્રીપાર્શ્વનાથના સસરા કુશ-સ્થળના રાજા પ્રસેનજિત્ રાજર્ષિ હતા તેઓ ચેદિવંશના હોઈ તેનો વંશજ શોભનરાય કરકંડુ પછી કલિંગની ગાદી પર આવેલા સુલોચનનો જમાઈ હોય તો એ 'ચેતિ' અને 'રાજર્ષિ' એ શિલાલેખના બે શબ્દો વધારે ઘટી શકે કે કેમ ?—ઉપરોક્ત બન્ને સ્થળના ઉલ્લેખોમાં આવા આવા પ્રકારના પ્રશ્નો જરૂર નિરાકરણ માગી રહ્યા છે.)

૭. આ થેરાવલીમાં હિમવંતના ગુરુ આર્ય સ્કંદિલ સુધીનો જ પટ્ટાવલીક્રમ આપ્યો છે, પણ આર્ય હિમવંત વિષે કાંઈ ઉલ્લેખ કરાયો નથી. જો હિમવંત પછીના સ્થવિરે આ થેરાવલી લખી હોત તો તેમના વિષે પણ ઉલ્લેખ થાત. આથી નક્કી થાય છે કે થેરા-વલીના કર્તા હિમવંત સ્થવિર જ છે. આર્ય સ્કંદિલ અને આર્ય હિમવંતનો યુગપ્રધાન તરીકેનો કાળ મહાવીરનિર્વાણથી નવમી સદીના પૂર્વાર્ધનો ગણાયો છે. એટલે આ સ્થવિરાવલી પણ એ સમયમાં જ ક્યારેક રચવામાં આવી હોય એમ સંભવે છે.

સ્વર્ગસ્થ મુનિરાજ શ્રી ધર્મસાગરજીએ મુદ્રિત પુસ્તકની પ્રસ્તાવનામાં કરેલી છે; પણ તે પ્રાકૃત પ્રતિ મેળવવાનું કાર્ય મારા માટે મુશ્કેલ બન્યું છે. આ પ્રતિ મેળવવાનું સૌભાગ્ય માનનારા અને તેને મહત્ત્વનો એક સાંપ્રદાયિક ઇતિહાસગ્રંથ કહેનારા એક જૈન ઇતિહાસવિદ મુનિવર્યના મુખથી મેં બેએક વર્ષ પર સાંભળ્યું હતું કે; એ ગુજરાતી ભાષાંતર કદાચ વહીવંચા મહાત્માઓના લેખોનો અનુવાદ પણ હોય. સંભવ છે કે, વિશેષ અવલોકનના પરિણામે તેઓ આવા અભિપ્રાય પર આવ્યા હોય. પણ એ અભિપ્રાયનાં સર્વ સાધનો તપાસ્યા સિવાય તેની વાસ્તવિકતા વિષે કાંઈ પણ કહેવું એ નકામું છે.

ગમે તે હો; અહીં તો આપણે 'શત્રુંજયાવતાર' તીર્થ વિષે જ ગવેષણા કરવાની છે. ઉપરોક્ત ખારવેલના શિલાલેખમાં ૮કુમારીગિરિનું વાચન કરાયું છે અને હિમવંત થેરાવલીના ગુજરાતી ભાષાંતરમાં કુમારીગિરિ તથા કુમરગિરિનો ઉલ્લેખ કરાયો છે. પણ તે બન્નેમાંથી એકેય સ્થળે 'શ્રીશત્રુંજયાવતાર'ના અક્ષરો આપણને ઉકેલાયા કે ઉલ્લેખેલા મળતા નથી. ફક્ત આચાર્ય શ્રીમેરુતુંગસૂરિજી જ અંચલગચ્છીય બૃહત્પટ્ટાવલીમાં ઉલ્લેખ કરે છે કે; કલિંગનું કુમરગિરિ તીર્થ, એનું બીજું નામ 'શત્રુંજયાવતાર' છે.

કુમારીગિરિ અને કુમરગિરિ એ બન્ને પર્વતોમાં જૈન મહારાજાઓએ બંધાવેલા જૈન પ્રાસાદો, કોતરાવેલી અનેક ગુફાઓ, તે ગુફાઓમાં જૈન શ્રમણોનો વર્ષાકાલે સ્થિરવાસ અને અનેક યુગપ્રધાનાચાર્યોના કુમરગિરિ પર અનશન વગેરે વગેરેથી આ બન્ને પર્વતો ઘણા જૂના કાળથી શ્રી શત્રુંજયની સ્થાપના તરીકે 'શત્રુંજયાવતાર' નામથી સ્થાપિત થયા હોય તો તે બનવાજોગ છે; તેમાં અસંગત કે શાસ્ત્રથી અસંભવ જેવું કાંઈ પણ નથી.

જેના દર્શન, સ્પર્શન, પૂજનથી પાપોનો નાશ થાય, પુણ્યની વૃદ્ધિ થાય ને કર્મક્ષય થવાથી મુક્તિ મળે એવા મહામહિમાવંતા, સૌરાષ્ટ્રમાં આવેલા, શાશ્વતા શ્રીશત્રુંજયગિરિના અતિદૂરપણાને લઈ, તેનાં દર્શનાદિ ન કરી શકની, અથવા ભાગ્યે જ દર્શનાદિ કરી શકતી ભાવુક જૈન જનતા પોતાના ભાવાદિની વૃદ્ધિના માટે ૯પ્રાચીન સમયમાં અને આજે પણ શ્રીશત્રુંજયની તથા અન્ય તીર્થોની વિધવિધ રીતે સ્થાપના કરતી દેખાય છે. આ જ ન્યાયે તે જૂના કાળમાં પણ કલિંગની જૈન જનતાએ

---

૮. આનું નામ હાલમાં ખંડગિરિ છે. આસિયા પર્વતમાળાના ફાંટા તરીકે, ઉદયગિરિની પાસે વચમાં આવેલી ખીણથી તેનાથી અલગ પડતો એક પર્વત છે. કટક જિલ્લામાં ભુવનેશ્વરીથી પાંચ માઈલ પર આ ખંડગિરિ ને ઉદયગિરિ આવેલા છે. આ બે પર્વતો અનુક્રમે કલિંગના કુમારીગિરિ ને કુમારગિરિ છે.

૯. મારવાડમાં આવેલા ગોલવાડની મોટી પંચતીર્થીમાં નાડલાઈ ગામે શ્રીશત્રુંજય અને ગિરનારની સ્થાપના કરવામાં આવેલી સુપ્રસિદ્ધ છે. શ્રી પેથડશાહે માંડવદુર્ગમાં શત્રુંજયાવતાર ચૈત્યની સ્થાપના કરી હતી, એમ શ્રી ધર્મસાગરજી ઉપાધ્યાયની રચેલી પટ્ટાવલીમાં કહ્યું છે. શત્રુંજયની નજીકમાં અંકેવાલીયા ગામે મંત્રીશ્વર વસ્તુપાલે ભરૂચના અશ્વાવબોધ તીર્થની સ્થાપના કરી હતી એમ શ્રી ઉદયપ્રભસૂરિ સુકૃતકીર્તિકલ્લોલિની નામના કાવ્યમાં લખે છે. કહે છે કે, મેવાડના દેવકુલપટ્ટણમાં (દેલવાડામાં) પણ સ્થાપના રૂપ શત્રુંજયાવતાર તીર્થ હતું. અશ્વાવબોધ તીર્થની સ્થાપનાનાં લઘુ રૂપો આજે પણ ઘણાં મંદિરોમાં આપણને જોવા મળે છે.

કુમારીગિરિ ને કુમરગિરિમાં શ્રીશત્રુંજયની સ્થાપના કરી હોય અને તેને 'શત્રુંજયાવતાર'ના યથાર્થ નામથી ઓળખાવી હોય તથા તેના દર્શનાદિથી આત્માર્થની સાધના કરી હોય તો તેમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી. કુમરગિરિમાં શત્રુંજયની સ્થાપના આચાર્ય શ્રી મેરુતુંગસૂરિજીના કથન પ્રમાણે નિશ્ચિત છે. સંભવ છે કે કુમારીગિરિમાં ગિરનારની સ્થાપના હોય, પણ એ વિષે સાધનના અભાવે નિશ્ચયાત્મક કાંઈ પણ કહી શકાય તેમ નથી.

'હિમવંત થેરાવલી'ના ઉલ્લેખાનુસારે નીચે અપાતો કલિંગના કુમારીગિરિ અને કુમરગિરિનો ઇતિહાસ વાચકોને ખાત્રી આપશે કે ખંડગિરિ ને ઉદયગિરિના નામે હાલ ઓળખાતા એ બન્ને પર્વતો શ્રીશત્રુંજયગિરિની સ્થાપના તરીકે કેવા ને કેટલા પવિત્ર છે, તથા તે બન્ને અથવા તેમાંથી એક શ્રી 'શત્રુંજયાવતાર' તીર્થના નામને કેટલા લાયક છે.

શ્રી મહાવીરનિર્વાણથી પૂર્વે ૩૨૨ મા વર્ષે જેમનું નિર્વાણ થયું હતું તે શ્રીપાર્શ્વનાથ ભગવાને કલિંગના કુમારીગિરિ અને કુમરગિરિના આ શત્રુંજયાવતાર તીર્થને પોતાના પાદપદ્મથી વિશેષ પુનીત કર્યું હતું.[૧૦]

ભગવાન મહાવીરના પરમભક્ત મગધના શ્રેણિક મહારાજાએ આ તીર્થમાં કુમરગિરિ પર એક અતીવ મનોહર જિનપ્રાસાદ બંધાવ્યો હતો અને તેમાં શ્રીઋષભદેવની સ્વર્ણ-પ્રતિમા શ્રીસુધર્માસ્વામીના હસ્તે પ્રતિષ્ઠિત કરાવી હતી. આ પ્રાસાદનું નામ શું આપવામાં આવ્યું હતું તેનો થેરાવલીમાં ઉલ્લેખ નથી. આ જિનપ્રાસાદ ઉપરાંત શ્રેણિકે કુમારીગિરિ ને કુમરગિરિમાં અનેક ગુફાઓ પણ કોતરાવી હતી, જેમાં જૈનશ્રમણો ચાતુર્માસ ગાળવા મોટી સંખ્યામાં રહેતા હતા.

મહારાજા શ્રેણિકની જેમ તેના પુત્ર કોણિકે–અજાતશત્રુએ પણ કુમારીગિરિ અને કુમરગિરિમાં પાંચ ગુફાઓ કોતરાવી હતી.

શ્રેણિક અને કોણિકે કલિંગમાં ઉપરોક્ત કાર્યો કર્યાં, ત્યારે કરકંડુનો અંગદેશ

---

૧૦. પંડિત ગંગાધર સામંત શર્મા "પ્રાચીન કલિંગ"માં લખે છે કે–'પાર્શ્વનાથે કલિંગમાં ધર્મચક્ર પ્રવર્તાવ્યું હતું. કલિંગમાં તેમનો ખૂબ પ્રભાવ પડયો હતો. ઉદયગિરિમાં રાણી હંસપુર ગુફામાં પાર્શ્વનાથના જીવનચરિત્રની સંપૂર્ણ ઘટનાઓનું આલેખન છે તેમ ગણેશગુફામાં પણ છૂટક છૂટક જીવનઘટનાઓ અંકાઈ છે તે ઉપરથી ભગવાન પાર્શ્વનાથના શાસનના મુનિઓએ કલિંગમાં જૈનધર્મ પ્રચારનું પુષ્કળ કાર્ય કરેલું હોવું જોઈએ. એ મુનિઓએ રાજધાની પાસે ખંડગિરિમાં એક પીઠ (?) સ્થાપી હતી. આજે પણ એ પીઠ ખ્યાત છે. ખંડગિરિમાં પાર્શ્વનાથની પ્રતિમા આજે પણ પૂજાય છે. દર વર્ષે માઘ મહિના-ની સાતમે ખંડગિરિમાં એક મોટો મેળો ભરાય છે. ઘણા માણસો એમાં ભાગ લે છે.' (સુશીલકૃત 'કલિંગનાં યુદ્ધ' પરથી.) આમાં પંડિત શર્માએ 'પીઠ' લખી છે, પણ તે શ્રીપાર્શ્વનાથના અવશેષોનો સ્તૂપ હોવા સંભવ છે. મેં આ ખંડગિરિમાં ગિરનારની સ્થાપના હોવાની સંભાવના કરી છે, પણ વધારે સંભવ શ્રી સમ્મેતશિખરની પાર્શ્વનાથની ટુંકનો પણ હોઈ શકે. 'પ્રાચીન ભારતવર્ષ'ના લેખક ડૉ. શાહ તો સમ્મેતશિખરની તળાટી પણ અહીં સુધી લંબાવે છે. પણ આ સર્વ અનિશ્ચયાત્મક ને કાલ્પનિક હોવાથી પ્રમાણ-ભૂત તો ન જ કહી શકાય.

મગધના રાજ્યમાં જોડાઈ ગયો હતો એ વાત, શ્રેણિકના મૃત્યુ બાદ કોણિકે અંગદેશમાં ચંપાનગરી વસાવી અને ત્યાં રાજ્ય કરવા માંડ્યું એ પરથી સાબીત થાય છે. પણ કલિંગ મગધમાં જોડાયો લાગતો નથી. કેમકે હિમવંત થેરાવલી કોણિકના રાજ્યકાલમાં સુલોચન અને શોભનરાય નામના રાજાઓને કલિંગમાં રાજ્ય કરતા વર્ણવે છે. એ રાજાઓ સ્વતંત્ર હોય કે મગધના માંડલિક હોય, ગમે તે સ્થિતિમા શ્રેણિક અને કોણિકને પોતાના ધર્મતીર્થ તરીકે ધાર્મિક કાર્યો કરવામાં બાધ ન આવે, એટલુંજ નહિ, પરન્તુ વિશેષ અનુકૂલતા જ હોય. કેમકે તે રાજાઓ કરકંડુના વારસ હોઈ જૈનધર્મના અનુરાગી જ હતા.

આ પછી કાલાંતરે, એટલે કે મહાવીરનિર્વાણથી ૧૪૯ વર્ષ પછી પાટલીપુત્રના અતિલોભી નન્દરાજાએ[11] કલિંગ પર ચઢાઈ કરી અને દેશને પાયમાલ કર્યો તથા શ્રેણિકે પ્રતિષ્ઠિત કરાવેલી શ્રીઋષભદેવની સ્વર્ણપ્રતિમાને તે પોતાની સાથે પાટલીપુત્ર લઈ ગયો. ચેટકરાજાના પુત્ર શોભનરાયનો વંશજ અને ખારવેલનો પૂર્વજ ચંડરાય આ સમયે તાજો જ કલિંગની ગાદીએ આવેલો હોઈ તેને આવી રાજકીય અને ધાર્મિક દૃષ્ટિએ અતિ અપમાનભરી હાર ખમવી પડી હતી. જો કે આ પછી પણ શત્રુંજયાવતાર તીર્થનો મહિમા તો તેવો ને તેવો જ જીવતો રહ્યો હતો, પણ એ ઋષભદેવની પ્રતિમાના અભાવથી જાગેલી ગ્લાનિ ઠેઠ ખારવેલ સુધી એકસરખી જ ખૂચતી રહી હતી.

મહાવીરનિર્વાણથી ૧૭૦ વર્ષે ચૌદપૂર્વધર આર્ય શ્રીભદ્રબાહુસ્વામી પોતાના અંત સમયે કલિંગમા વિચર્યા હતા અને તેઓ કુમરગિરિ પર એક પખવાડિયાના તપ પૂર્વક પ્રતિમા ધારણ કરી રહ્યા હતા અને ત્યાં કાળ કરી સ્વર્ગે ગયા હતા.

જિનકલ્પની તુલના કરતા શ્રીઆર્યમહાગિરિજી પણ આ જ કુમરગિરિ[12] પર અનશન કરી સંલેખના પૂર્વક સ્વર્ગે સીધાવ્યા હતા, કે જ્યારે શ્રીઆર્યસુહસ્તિએ તે મહાસ્થવિરની અહીં સ્તવના કરી હતી.

ક્ષેમરાજનો પુત્ર અને ખારવેલનો પિતા વૃદ્ધરાજ, જે મહાવીરનિર્વાણથી ૨૭૫ વર્ષ પછી કલિંગની ગાદી પર આવ્યો હતો, તેણે કુમરગિરિ પર જૈન શ્રમણોને ચતુર્માસ ગાળવામાં

---

૧૧. શ્રીહેમચંદ્રસૂરિ આ નન્દને નવમા નંદ તરીકે ઓળખાવે છે, પણ હિમવંત થેરાવલી તેને આઠમો નન્દ લખે છે. આર્ય યશોભદ્રસૂરિના સમય (મ. નિ. સં. ૯૮ થી ૧૪૮) માં તેનું રાજ્ય હોવાનો ત્યાં '**जसमद्दो मुणिपवरो । तत्पयसोहंकरो परो जाओ ॥ अट्ठमणंदो मगहे । रज्जं कुणइ तया अइलोही ॥**૯॥ આ ગાથાદ્વારા ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ રાજા મિથ્યાદૃષ્ટિ થઈ ગયો હતો અને તેના વિરોચન (વરરુચિ હોવા સંભવ છે) મન્ત્રીની પ્રેરણાથી તે કલિંગ પર ચઢાઈ લઈ ગયો હતો, એમ થેરાવલીકાર કહે છે.

૧૨. આર્ય મહાગિરિજીએ વિદિશામાં જીવિતસ્વામીનાં દર્શન કરી ત્યાં આવેલા ગજાગ્રપદ અથવા ગજેન્દ્રપદ તીર્થમાં અનશન કર્યું ને સ્વર્ગે ગયા એમ પણ સંપ્રદાય જોવામાં આવે છે તેની સાથે કુમારગિરિ પર અનશન કરી સ્વર્ગે ગયાનો હિમવંત થેરાવલીનો ઉલ્લેખ વિરોધ ધરાવે છે. પરંતુ થેરવલીનો ઉલ્લેખ વધારે ચોકસાઈ ભર્યો હોય એમ લાગે છે. આર્ય સુહસ્તિએ કુમરગિરિ પર આર્યમહાગિરિની સ્તવના કરી હતી તેને જણાવતી હિમવંત થેરાવલીની ગાથા આ પ્રમાણે છે:—**जिणकप्पिपरिकम्मं । जो कासि जस्स संथवमकासी ॥ कुमरगिरिम्मि सुहत्थि । तं अज्जमहागिरिं वंदे ॥**

ઉપયોગી થઈ પડે એવી અગીઆર ગુફાઓ કોતરાવી હતી.

આ પછી વીરનિર્વાણથી ૩૦૦ વર્ષ વીત્યા બાદ અતિપરાક્રમી મહાધાર્મિક ભિખ્ખુરાય–ખારવેલ કલિંગદેશના કનકપુરની રાજગાદીએ આવ્યા. મહામેઘવાહન અપરનામને ધારણ કરતા તે રાજાએ પ્રથમ રાજધાની, રાજ્ય અને દેશને સુવ્યવસ્થિત તથા સમૃદ્ધ બનાવી અન્ય દેશોને પોતાના પરાક્રમનો પરચો બતાવ્યો. રાજકીય અને ખાસ કરીને ધાર્મિક બદલો લેવાને તેણે પોતાના રાજ્યના આઠમા વર્ષે મગધ પર આક્રમણ કર્યું, પણ તે રાજગૃહીથી આગળ વધવામાં સફળ થયો નહિ. રાજ્યના નવમા વર્ષે એટલે મહાવીરનિર્વાણથી ૩૦૯ મા વર્ષે જિનરાજભવનરૂપ મહાવિજયપ્રાસાદનો તેણે જીર્ણોદ્ધાર[૧૩] કરાવ્યો. આ પછી રાજ્યના બારમા વર્ષે ઉત્તરાપથના રાજાઓને જીતતો તે ઉત્તરમાંથી પાટલીપુત્ર પર ચઢી આવ્યો. પોતાના હાથીઓને સુગાંગેય[૧૪] નામના પ્રાસાદ સુધી લઈ જઈ, ત્યાંના રાજા બૃહસ્પતિમિત્રને[૧૫] પોતાના પગમાં નમાવી, તેના શિલાલેખમાં ઉલ્લેખેલી નન્દરાજાએ લઈ લીધેલી પેલી કલિંગ જિનમૂર્તિ અર્થાત્ શ્રીઋષભદેવની પોતાના પૂર્વજોથી પૂજાયેલી પેલી સ્વર્ણપ્રતિમા કલિંગમાં પાછી લઈ આવ્યો, અને તેણે અડત્રીસ લાખ દ્રવ્યથી સમરાવેલા મહાવિજય નામના જિનપ્રાસાદમાં શ્રીઆર્યસુસ્થિત અને શ્રીઆર્ય-સુપ્રતિબદ્ધના હસ્તે તે પ્રતિમાને પ્રતિષ્ઠિત કરાવી, તેના શિલાલેખથી કાંઈક એવું સૂચિત થાય છે કે, જિનપ્રાસાદના શિખરોને ચડાવ્યા બાદ તેણે શિલ્પીઓને તથા હસ્ત નાવ વગેરેના કામ કરનારાઓને યથેચ્છ ઘોડા, હસ્તિ, રત્નાદિનાં દાન કર્યાં હતાં. સંભવ છે કે, કુમરગિરિપરનો જીર્ણ પ્રાસાદ સમરાવ્યો ત્યારે તેનું નામ 'મહાવિજય' નહિ આપ્યું હોય, પણ મગધનો વિજય પ્રતિમા પાછી લાવવાના ધર્મિક કારણને લઈ મહાવિજય મનાયો હોય અને તેના ઉપલક્ષણમાં પોતે મહાવિજય ઉપનામ ધારણ કરી અર્હત્‌રાજભવનને 'મહાવિજય' નામથી ઓળખાવવાનું ઉચિત મનાયું હોય.

હવે ધર્મરાજથી ઓળખાયલા ખારવેલની એક મહતી પ્રવૃત્તિનો ઉલ્લેખ કરીએ કે જેનો સંબંધ કુમારીગિરિની સાથે રહેલો છે.

મહાવીરનિર્વાણથી ૨૮૧ વર્ષે સંપ્રતિ મહારાજાએ અવંતી (ઉજ્જૈન)માં શ્રી શ્રમણ-સંઘની પરિષદ બોલાવી હતી, તેવી જ રીતે ખારવેલે પણ વીરનિર્વાણથી ૩૧૩ મા વર્ષે શ્રીશ્રમણસંઘની એક પરિષદ બોલાવી હતી અને એ પરિષદનું સ્થળ કુમારીગિરિ રાખ્યું

૧૩. હિમવંત થેરાવલીમાં 'જીર્ણોદ્ધાર' લખ્યો છે, પણ અતિભગ્ન પ્રાસાદને નવેસરથી કરાવતાં પણ જીર્ણોદ્ધાર કહેવાય એ દૃષ્ટિએ શિલાલેખમાં કરાવ્યાનો જે ઉલ્લેખ છે તેની સાથે બિલકુલ વિરોધ નથી.

૧૪. પાટલીપુત્રનો રાજમહેલ 'સુગાંગ' હતો એમ મુદ્રારાક્ષસમાં કહેવાયું છે. આ પ્રાસાદ નન્દ અને ચંદ્રગુપ્તના વખતના તે સુગાંગ પ્રાસાદથી જુદો જ છે. સંભવ છે કે તે ઉદાયીના સમયમાં બંધાવેલો શ્રીનેમિનાથનો જિનપ્રાસાદ હોય અને નન્દરાજાએ કલીંગ-જિનમૂર્તિને લાવી ત્યાં રાખી હોય.

૧૫. બૃહસ્પતિમિત્ર એ શુંગ સેનાપતિ પુષ્યમિત્રનો પુત્ર હોવા સંભવ છે. મહાવીર-નિર્વાણથી ૩૦૪ વર્ષે પાટલીપુત્રના રાજા વૃદ્ધરથ, કે જે હિમવંત થેરાવલીના પુણ્યરથ (પુરાણોના દશરથ) નો પુત્ર હતો, તેને મારી તેની જગાએ પુષ્યમિત્રે પોતાના આ બલીષ્ઠ પુત્રને સ્થાપન કર્યો હતો.

હતું. ખારવેલે જૈન શ્રમણોની આગળ વિનંતીપૂર્વક ધાર્મિક વિચારણા કરવાનો પ્રસ્તાવ રજુ કર્યો હતો. આ પરિષદની મંત્રણાના પરિણામે અન્યાન્ય દેશોમાં ધર્મપ્રચારના માટે શ્રમણોને મોકલવામાં આવ્યા હતા; શ્રીશ્રમણસંઘના અગ્રણી સ્થવિરોથી, દુષ્કાલના સમયમાં વિસ્મૃત દૃષ્ટિવાદને વ્યવસ્થિત કરવાનું કાર્ય સધાયું હતું. આર્ય શ્યામ વગેરે સ્થવિરો દ્વારા પ્રજ્ઞાપના, સનિર્યુક્તિક તત્ત્વાર્થ, અંગવિદ્યા વગેરે ગ્રંથોનાં સર્જન થયાં હતાં અને ખારવેલથી જૈનઆગમાદિ સાહિત્યને ભોજપત્રાદિ પર લખાવવામાં આવ્યું હતું.

શ્રેણિકાદિની જેમ મહારાજા ખારવેલે પણ કુમારીગિરિ ને કુમરગિરિ પર સુશોભિત પ્રતિમાઓ તથા સ્તૂપો સહિત અનેક ગુફાઓ કોતરાવી હતી. પહેલાંના અને પોતે કરાવેલા જિનપ્રાસાદ તથા સ્તૂપોને માટે તેણે જાયુના ગરાસનાં શાસન કરી આપ્યાં હતાં. હાથી ગુફાનો શિલાલેખ કહે છે કે, આ ચક્રવર્તી રાજાએ સિંહપ્રસ્થવાળી રાણીના શ્રેયસને માટે પંચોતેર લાખ દ્રવ્યના ખર્ચે વૈડૂર્યરત્ન જડયા ચાર સ્તંભોવાળું (ચૈત્ય) કરાવ્યું હતું. પટરાણી ધુષિતાએ પણ જિનપ્રાસાદ અને ગુફા કરાવ્યાનો ઉલ્લેખ એક અન્ય લઘુ શિલાલેખમાં છે. શત્રુંજયાવતાર તીર્થની પવિત્ર છાયા તળે એ ગુફાવસતિઓમાં સંખ્યાબંધ શ્રમણ શ્રમણીઓ સંયમની આરાધના કરતાં વર્ષાકાલ વીતાવતાં હતાં અને ત્યાંથી વિહાર કરતાં તેઓ ધર્મનો પ્રચાર કરવા માટે દૂર દૂર દેશાંતરોમાં વિચરતાં હતાં, તથા તેમાંનાં કેંક બને તો અંતિમ આરાધનાના માટે આ પવિત્ર ભૂમિ તરફ પાછાં વળતાં હતાં.

મહારાજા ખારવેલ શ્રીઆર્યસુસ્થિત અને શ્રીઆર્યસુપ્રતિબદ્ધનો સવિશેષ [૧૬]ભક્ત હતો. આ બન્ને મહાસ્થવિરો કલિંગમાં જ પ્રાયઃ વિચરતા હતા. એ પુણ્યપુરુષોએ કુમરગિરિ પર સૂરિમન્ત્રનો કોટિ જાપ કર્યો હતો. અંતે અનશન કરીને તેઓ આ ગિરિ પર જ મહાવીરનિર્વાણથી ૩૨૭ વર્ષે સ્વર્ગ ગયા હતા. ખારવેલે તેમના દહન સ્થાને મહોત્સવપૂર્વક તેમના નામથી અંકિત બે સ્તૂપો બંધાવ્યા હતા.

આ પુણ્યભૂમિની આવી પવિત્રતા અને આવું માહાત્મ્ય હતાં.વધતી જતી એની એ પવિત્રતા અને મહામહિમા કેટલા કાળ સુધી પ્રકાશમાં રહી અંતે એ ક્યારે અંધારામાં અદૃશ્ય થઈ ગયાં એનો કાંઈ પણ વ્યવસ્થિત ઇતિહાસ આપણને આજે હાથ લાગતો નથી. પણ એ નક્કી છે કે, આ શત્રુંજયાવતાર તીર્થ ઘણા લાંબા કાળ સુધી શ્રીશત્રુંજય મહાતીર્થનું એક મહાન પ્રતિનિધિ થઈ રહ્યું હતું, અને અગણિત આત્માઓ ત્યાં જીવનને જ્વલંત બનાવી આત્માર્થને સાધતા હતા તથા સંસારના પાશોને છેદી તેઓ વિમુક્ત થતા હતા કે વિમુક્ત થવાને લાયક બનતા હતા.

પુણ્યપુરુષોના પાદપદ્મોથી અને અનેક અવદાતોથી સુવિશેષ પવિત્ર આ શ્રી શત્રુંજયાવતાર તીર્થ એક વાર ફરીથી જૈનત્વના પ્રકાશમાં આવશે કે ?

---

૧૬. આર્ય સુસ્થિત ને આર્ય સુપ્રતિબદ્ધ ખારવેલના સમકાલીન અને ભક્ત હોવાનો હિમવંત થેરાવલીનો ઉલ્લેખ આ પ્રમાણે છેઃ—**सुट्ठिय–सुपडिबद्धे अज्जे दुन्नेवि ते नमंसामि। भिक्खुरायकलिंगा–हिवेण सम्माणिए जिट्ठे॥** થેરાવલીએ ખારવેલનું મૃત્યુ મહાવીરનિર્વાણથી ૩૩૦ વર્ષે નોંધ્યું છે અને તેના પછીની બે પેઢી વક્રરાય અને વિદુરરાયની નોંધ લીધી છે. પણ તેમના વિષે ખાસ ઇતિહાસ કાંઈ લખ્યો નથી, તેમ કુમારીગિરિ ને કુમરગિરિ વિષે પણ કાંઈ કહ્યું નથી, તો પછી ‘શત્રુંજયાવતાર’ તીર્થની તો વાત જ ક્યાંથી લખાય ?

પાટલીપુત્ર નગરની યશોગાથા

લેખક–શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી

મગધદેશમાં ઈ. સ. પૂર્વે છઠ્ઠી સદીમાં ભગવાન મહાવીર સ્વામી અને મહાત્મા બુદ્ધ થયા, જેમણે અનુક્રમે જૈનધર્મ અને બૌદ્ધધર્મનો પ્રચાર કર્યો. આ ક્ષત્રિય રાજકુમારોએ 'અહિંસા' અને 'વિશ્વપ્રેમ'નો કલ્યાણકારી સંદેશો જગતને સુણાવ્યો. એમના સમકાલીન શિશુનાગ વંશમાં બિંબિસાર, અજાતશત્રુ મગધના રાજા હતા. આ વંશનું રાજ્ય સાડાત્રણસો વર્ષ સુધી રહ્યું. એમના રાજ્યકાળ સુધી રાજધાની રાજગૃહીમાં હતી. પણ અજાતશત્રુના પુત્ર ઉદયે (ઉદાયીએ) પાટલીપુત્ર નામનું નવું નગર વસાવી ત્યાં રાજધાની ફેરવી, જે મગધદેશના મુખ્ય શહેર તરીકે સદીઓ સુધી ચાલુ રહ્યું. આ શહેર ગંગા અને સોન નદીના સંગમ પર વસ્યું હતું. ઈ. સ. પૂર્વે ચોથી શતાબ્દિમાં આવેલ યવનદૂત મેગેસ્થની જ એ સબંધમાં આ શહેરનું જે વર્ણન આપે છે તેનો સારાંશ નિમ્ન શબ્દોમાં સમાય છે:

"એ કાળનું પાટલીપુત્ર 'અમરપુરી' તુલ્ય હતું. એની ચારે બાજુ કાષ્ટનો કિલ્લો હતો. એમાં ૬૪ ફાટક અને ૫૭૦ બુરજો હતા. એ કિલ્લાને ફરતી ખાઈ હતી. એમાં સરિતા સોનનું જળ વાળવામાં આવ્યું હતું. રાજમહેલ શહેરના મધ્ય ભાગમાં આવેલો હતો. નગરની લંબાઈ નવ માઈલની અને પહોળાઈ દોઢ માઈલની હતી.

આજે જૈન સાહિત્યમાં તેમજ બૌદ્ધ ગ્રંથોમાં બિંબિસાર અને અજાતશત્રુ રાજવીઓ સંબંધી તેમજ મગધ સંબંધી જે સંખ્યાબંધ ઉલ્લેખો દૃષ્ટિગોચર થાય છે એ કોઈ કલ્પનાના વિષયો નથી, પણ એ પાછળ ઇતિહાસની સળંગ કડી જોડાયેલી છે. એ ઉપરાંત એની આસપાસનાં વર્ણનો બારીકાઈથી અવલોકવામાં આવે અને ઉભય મહાત્માના ઉપદેશમાં રહેલું સામ્ય તેમજ અમુક બાબતમાં ખાસ જુદો તરી આવતી ભિન્નતાનો વિચાર કરવામાં આવે તો કેટલાક પ્રસંગોમાં એક બીજાના સાહિત્યગ્રંથોમાં જે જુદાં જુદાં આલેખનો જોવામાં આવે છે એનો તાળો સહજ મેળવી શકાય તેમ છે.

ગૌતમબુદ્ધનું નિર્વાણ ભગવંત મહાવીરની પૂર્વે થયું છે એ વાત હવે તો લગભગ મોટા ભાગના શોધકોએ સ્વીકારેલી છે. એ વિષય ઉપર મુનિ શ્રી કલ્યાણવિજયજીકૃત 'કાળગણના' નામા પુસ્તક ઠીક પ્રકાશ પાડે છે. વળી વૈશાલીના ચેટક મહારાજા તેમજ લિચ્છવી અને મલ્લકી ક્ષત્રિયો શ્રી મહાવીર દેવના ચુસ્ત અનુયાયીઓ હતા એ પણ 'Jainism in Northern India' યાને 'ઉત્તર હિંદમાં જૈનધર્મ' નામા પુસ્તકમાં વિસ્તારથી સમજાવેલું છે. રાજવી બિંબીસાર અને જૈન કથાનકોમાં આવતા મહારાજા શ્રેણિક એ એક જ વ્યક્તિ છે. બિંબીસાર, ભંભાસાર કિંવા શ્રેણિક મહારાજા એ શિશુનાગ વંશની આદીએ રાજવી પ્રસેનજિત પછી આવનાર પ્રભાવશાળી વ્યક્તિનાં પ્રચલિત નામો છે. જ્યાં સુધી બિંબીસાર વૈશાલીપતિ ચેટકરાજની પુત્રી ચેલણાને નહોતા પરણ્યા ત્યાં સુધી તેમનું

વલણ બૌદ્ધધર્મ પ્રતિ વિશેષ હતું. જો કે શ્રેણીતનયા નંદા સાથેના પાણિગ્રહણથી જૈનધર્મ પ્રત્યે તેમનામાં બહુમાનની ભાવના વૃદ્ધિ પામી ચૂકી હતી, અને એમાં એમના પુત્ર અને મંત્રી એવા અભયકુમારના સહવાસથી વધારો થવા માંડયો હતો. પણ ચુસ્ત જૈનધર્મી ચેટકરાજની પુત્રી ચેલણાના પટરાણી તરીકેના આગમન પછી કેટલાક પ્રસંગો એવા બન્યા કે જે ઉપરથી બિંબીસારને બૌદ્ધધર્મ પ્રત્યે અભાવ પેદા થયો અને જેમ જેમ ભગવાન શ્રીમહાવીર દેવ સાથેનો પ્રસંગ વધતો ગયો તેમ તેમ એ જૈનધર્મમાં વધારે પ્રમાણમાં લીન થતો ગયો. પાછલી અવસ્થામાં તે જૈનધર્મના એક પ્રખર સ્થંભ તરીકે વિશેષ ખ્યાતિને પામ્યો, તેમજ મહારાજા શ્રેણિક તરીકે, વિખ્યાત થયો એ પણ ઉપરના કારણને આભારી છે. એની પછી ગાદીએ આવનાર કોણિક ઉર્ફે અજાતશત્રુ પણ ઉભયના ધર્મગ્રંથોમાં દેખા દે છે. એનું વલણ બન્ને ધર્મો પ્રતિ ઢળતું દેખાય છે. એના જીવનના જુદા જુદા પ્રસંગો જોતાં એને ધર્મની ઝાઝી દરકાર નહોતી એમ લાગે છે. એ મહત્ત્વાકાંક્ષી ભૂપ હતો અને સમરાંગણમાં વિજયશ્રી એને વરતી એવું એનું પરાક્રમ હતું. આ બન્ને રાજવીઓના સમયમાં રાજધાની રાજગૃહમાં હતી. એ ફેરવીને પાટલીપુત્રમાં લઈ જવામાં મુખ્ય ભાગ ઉદાયીરાજે ભજવ્યો છે અને એ સંબંધમાં જૈન સાહિત્યમાં લંબાણથી વર્ણન આવે છે. ઉદાયી પાકો જૈનધર્મી હતો. જૈનધર્મ અને બૌદ્ધધર્મના કેટલાક આચાર વિચારોમાં સામ્ય હોવાથી ઘણાખરા આંગ્લ લેખકો ભૂલાવામાં પડયા છે અને આસપાસના સંબંધો જોયા વિના ઘણુંખરૂં બૌદ્ધધર્મના નામે ચઢાવી દીધું છે ! પણ જેમ જેમ ઇતિહાસના અંકોડા બુદ્ધિમાનોને હાથે સંધાતા જાય છે તેમ તેમ એમાં સુધારણા થતી આવે છે, અને શોધખોળ જે પ્રગતિ સાધતી રહી છે એ ઉપરથી પુરવાર થવા માંડયું છે કે જૈન સાહિત્યમાં જે ઉલ્લેખો નજરે ચઢે છે એ કેવળ સ્વધર્મની શ્રેષ્ઠતા બતાવવા અંગેના નથી, તેમ એ માત્ર અતિશયોક્તિ ભરેલાં વૃત્તાંતો પણ નથી એ પાછળ તો ઇતિહાસની ઝલક છે. જરૂર છે અભ્યાસ અને અનુભવધારી અવલોકનકારોની. આજે નાલંદાવિહારનું બધું ગૌરવ બૌદ્ધ અનુયાયીઓના નામે ચઢયું છે, પણ જૈન સાહિત્યમાં ભગવાન મહાવીરે નાલંદામાં એક બે નહીં પણ ચૌદ ચોમાસાં કર્યાનો ઉલ્લેખ છે ત્યારે એ સ્થાન અતિ મહત્ત્વનું હશે જ, એ વેળા જૈનધર્મી પ્રખર વિદ્વાનો અને ચુસ્ત ઉપાસકો ત્યાં વસતા હશે, એવું અનુમાન અસ્થાને નથી. જૈનધર્મનું હાર્દ સમજનારા પુરાતત્ત્વગવેષકો વિના એ ઉપર સંપૂર્ણ અજવાળું પડવાનો સંભવ ઓછો છે.

ચીની મુસાફર ફાહિયાને પાટલીપુત્ર જોયું હતું. તે જણાવે છે કે—' એ નગર ઐશ્વર્યમાં રમતું મેં જોયું. અશોકના સમયની બડી બડી ઇમારતો, મહાયાન અને હીનયાન પંથીઓના અલગ અલગ વિહારો પણ મેં જોયા. એ વેળાના ભારતવાસીઓમાં ધર્મનિષ્ઠા અને દયાની તો જડ જામી હતી. શ્રીમંતોનાં હૃદય કરુણતાથી ઉભરાઈ રહ્યાં હતાં. ઉદ્યમો હતા અને ઉદારતા પણ હતી. સ્વાર્થ માટે સંપત્તિનો ઉપયોગ નહોતો થતો. ધર્મસંસ્થાઓ હતી. અભ્યાસીઓ માટે જગે જગે પ્રબંધો હતા. યાત્રિયો માટે મારગમાં ધર્મશાળાઓ હતી. અન્નનું દુઃખ નહોતું. રથયાત્રાનો મહોત્સવ અપૂર્વ હતો. '

जीवके कर्मबन्ध और मोक्षका अनादित्व

(लेखकः—पू. आचार्य महाराज श्री जिनहरिसागरसूरीश्वरजी)

[तेरापंथी युवक संघ—लाडनू—की पत्रिकामें श्रीयुत सोहनलालजी बैद लाडनू—का "जैनधर्म प्रतिपादित जीवके कर्मबन्ध तथा मोक्षके अनादित्व पर एक आलोचनात्म दृष्टि"—शीर्षक एक लेख प्रकाशित हुआ देखा गया। लेखमें आलोचना करते समय लेखक वादी, प्रतिवादी और न्यायाधीश स्वयं बनकर जैन मान्यताके विरोधमें फैसला देता है। उसीको लक्ष्यमें रख कर ही यह लेख लिखा गया है।]

—: सोहनलालजीके मोटे २ मुद्दे :—

१. जीव छोटाबड़ा क्षेत्र घेरता है अतः वह रबरके फीतेकी मिसाल बन जाता है। जो पदार्थ सिकुड़ता फैलता है, वह संयोगी ही होता है, एक और अखंड नहीं हो सकता। इससे जीवकी परिभाषा टूटती है। अतः जीवको छोटेसे छोटा मानना चाहिए।

२. संयोग कभी अनादि नहीं होता। जीव पुद्गल जब भिन्न २ द्रव्य हैं, तो संयोगसे पूर्व कभी अपने असली रूपमें रहने ही चाहिए। अनादि संयोग कभी टूट नहीं सकता।

३. सारे मुक्त जीवोंकी आदि है, तो क्या उन सबके पहले मुक्तिमार्ग ही नहीं था? अगर कितनेक मुक्तोंकी आदि भी नहीं, अंत भी नहीं तो जब वे मुक्त हुए, तब क्या कोई तिथि मिती नहीं थी? कहा जाय कि थी, तब अनादित्व कैसा? कहोगे तिथि मिती तो थी, पर हमें इसका पता नहीं तो अनादित्वकी केवल मौखिक प्रतिज्ञा ही होगी।

४. मुक्त होनेसे पहिले सांसारिक अवस्थाका होना अनिवार्य है। तो मुक्त होनेकी तिथि भी अवश्य ही होनी चाहिए।

५. बंधको अनादि कहा जाता है। बंध टूटे बिना मुक्ति नहीं होती। इस हालतमें बंध अनादि माना जाय, या मुक्ति!

६. अनादिको अंतवाला मानना, और सादिको अनंततावाला मानना यह एक सैद्धान्तिक भूल है।

७. जिस द्रव्यका प्रागभाव है उसका प्रध्वंसाभाव भी अनिवार्य है। जो बना है, वह बिगड़ेगा। आया है, वह जायगा। जो बना नहीं, वह बिगड़ेगा भी नहीं। जो आया नहीं वह जायगा भी नहीं। जिसकी आदि है, उसका अंत है। जिसकी आदि नहीं उसका अंत भी नहीं।

८. इस लिए समस्त मुक्ति जीवोंकी मुक्त होनकी अपेक्षासे आदि है। कोई भी मुक्त जीव मुक्तापेक्षया अनादि नहीं माना जा सकता।

विश्लेषण परीक्षण और प्रयोग.

सोहनलालजीने अपने लेखमें प्रयत्न किया जरूर है, पर वह सफल नहीं हुआ। कारण जैन दर्शनकी तर्कणा उन्होंने ठीक नहीं समझी। उनको जवाब इस रूपमें दिया जा सकता है।

१. जीव अपने रूपमें असंख्य प्रदेशात्मक एक और अखंड रूप होता हुआ भी संयोगी होनेसे छोटे बड़े क्षेत्रमें व्याप्त हो, रहता है। उस पर रबर के फीतेको मिसाल लागु नहीं होती, क्योंकि रबड़ टूटता है, अणु परमाणु रूपमें बिखर भी जाता है। जीव ऐसे न टूटता है न बिखरता ही है। कर्मके संयोगसे उसमें उस ढंगकी व्याप्ति पैदा होती है, जिससे कि वह छोटे बड़े क्षेत्रको घेरता है।

२. संयोग प्रवाह रूपसे अनादि हो सकता है। जीव पुद्गुल भिन्न २ द्रव्य है, और असंकीर्ण भावसे दोनोंका संयोग होता है। संयोगकी हालतमें भी उनका असली रूप मिटता नहीं। प्रवाह रूपसे अनादि संयोग कारणपरक होनेसे कारणोंके अभावमें टूट भी जाता है।

३. सारे मुक्त जीवोंकी मुक्ति होनेकी अपेक्षासे आदि है, पर कालकी विचारणामें वह "आदि" काल अनादि अनंत होनेसे अनादि अनंततासे आक्रान्त हो जाती है। कालके अनादित्वकी केवल मौखिक प्रतिज्ञा नहीं है। अनादि अनंतत्वकी विचारणा कालद्रव्यको लक्ष्यमें रखकर ही यहां की गई है।

४. मुक्त होनेकी तिथि अवश्य होती है, पर वह कालके अनादि अनंतत्वसे आक्रांत है।

५, बंध और मुक्ति दोनों प्रवाहरूपसे अनादि कालसे प्रस्तुत है, और अनन्त काल तक होते रहेंगे। अनादि अनंतकी प्रतिज्ञा व्यक्तिगत नहीं प्रवाह रूपसे की गई है।

६. अवस्थाकी अपेक्षासे अनादि अंतवाला होता है, और आदि अनंततावाला होता है। यह सैद्धान्तिक भूल नहीं, समझकी भूल है।

७. जैन दर्शनमें किसी भी सद्भूत द्रव्यका प्रागभाव वा प्रध्वंसाभाव होता ही नहीं। हां सद्भूत द्रव्यके पर्यायोंका प्रागभाव प्रध्वंसाभाव होता ही है। संसारी और मुक्त यह जीवकी दो मोटी अवस्थाएं हैं। इनमें दोनों क्या चारोंही अभाव अपेक्षासे घटित होते हैं।

८. समस्त मुक्त जीवोंकी मुक्त होनेकी अपेक्षामें आदि है जरूर, पर कालापेक्षया इस आदिकी आदि नहीं है इसलिए जैन दर्शनशास्त्री मुक्तिके प्रवाहको अनादि कहते हैं। इन्हीं आठ मुद्दोंको अधिक स्पष्टतासे बताया जाता है। (क्रमशः)

ખિમ(ક્ષમ) ઋષિના અભિગ્રહો

[લે. પં. લાલચંદ્ર ભગવાન્ ગાંધી, વડોદરા]

શ્રી જૈનસત્યપ્રકાશના તા. ૧૫-૧૧-૪૫ ના ગત અંક (વર્ષ ૧૧, અંક ૨, પૃ. ૩૩) માં 'ખિમ ઋષિનું પારણું' એ નામથી ૧૯ કડીનું મેળવેલ એક પ્રાચીન કાવ્ય પ્રકટ કરાવતાં, સાચા અર્થ-સંદર્ભની આશા રાખતા સાક્ષર ભાઈ ભોગીલાલ સાંડેસરાએ ત્યાં થોડું સૂચન કર્યું છે. તેમાં તે કાવ્યના કર્તા, અને હેતુ સંબંધમાં કેટલીક × કલ્પના કરી છે, તે યોગ્ય લાગતી નથી. એથી એ સંબંધમાં અહિં થોડું નિવેદન ઉચિત જણાશે.

વિક્રમની સોળમી સદીમાં થઈ ગયેલા પ્રસિદ્ધ કવિ લાવણ્યસમયે વિ. સં. ૧૫૮૯ માં અમદાવાદમા આ ખિમરિસિ(ક્ષમ ઋષિ)નો પણ એક ચરિત્ર-રાસ રચ્યો હતો, જે યશોભદ્રસૂરિ તથા બલભદ્રમુનિના બીજા બે રાસો સાથે ઐતિહાસિક રાસસંગ્રહ ભાગ બીજામાં શ્રીયશોવિજય જૈન ગ્રંથમાળા, ભાવનગર દ્વારા સં. ૧૯૭૩માં પ્રકટ થઈ ગયેલ છે. તેની સાથે આ કાવ્ય મેળવી શકાય તેમ છે, પરંતુ તે પુસ્તક ઘણા વખતથી દુષ્પ્રાપ્ય થયું હોઈ અત્યારે મ્હારી સામે નથી. તેમાં આ કાવ્ય અન્તર્ગત થતું હોવાની સંભાવના છે.

વડોદરાના રાજકીય પ્રાચ્યવિદ્યામંદિરમાં ૭૬૦૮ નંબરની ૮ પત્રવાળી એક પ્રાચીન હ. લિ. પ્રતિ છે, જેના અંતમાં લેખનસંવત્ ૧૫૩૨ જ્યેષ્ઠ વ. ૩, અને લે. સ્થળ ઉજ્જયિની જણાવેલ છે. તેમાં સંસ્કૃત ભાષામાં ગદ્યમાં યશોભદ્રસૂરિ વગેરેના પ્રબંધો છે; તેમાં આ ક્ષમર્ષિ(ખિમ રિસિ)નો પણ પ્રબંધ છે. ત્યાં પ્રસંગને અનુસરતાં થોડાં પ્રાચીન ગૂજરાતી પદ્યો પણ છે. એ પ્રતિ પરથી જણાય છે કે-ઉત્કટ અભિગ્રહ(નિયમ-પ્રતિજ્ઞા)-ધારી આ તપસ્વી મહાત્મા ક્ષમ ઋષિ, વિક્રમની ૧૧ મી સદીના પૂર્વાર્ધમાં, માળવામાં ૧૪૦૦ ગજરાજના સ્વામી સિંધલ(સિંધુલ-મહારાજા ભોજના પિતા)ના સમયમાં વિદ્યમાન હતા, ત્યાં વિચર્યા હતા, સંડેરગચ્છના મંત્ર-શક્તિવાળા પ્રભાવક યશોભદ્રસૂરિના શિષ્ય થયા હતા. યશોભદ્રસૂરિનો સ્વર્ગ-ગમન-સમય ત્યાં સં. ૧૦૩૯ માં આષાઢ વ. ૧૪ સં. પદ્યમાં સૂચવ્યો છે-

"विक्रमान्नंद-विश्वाभ्र-चन्द्र-प्रमित-वत्सरे (१०३९) ।
शुचौ कृष्णचतुर्दश्यां स्वर्गेऽगान्मुनिपुङ्गवः ॥"

શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ પરીષહો સહન કરવા માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને લક્ષ્યમાં રાખી કેટલાક દુઃસાધ્ય અશક્યપ્રાય અભિગ્રહો લીધા હતા. મસ્તક-મુંડિત, નિગડવાળી, ત્રણ દિવસની ઉપોષિત, ઉંબરાની અંદર બહાર પગ રાખીને રહેલી, રડતી, રાજકુમારી સૂપડાને ખૂણેથી, અડદના બાકળા દાન આપે તો લેવું. વસુમતી(ચંદનબાલા) દ્વારા લગભગ છ મહિને-તેમનો એવો અભિગ્રહ પૂર્ણ થવાની ઘટના જૈનસમાજમાં અને સાહિત્યમાં સારી રીતે પ્રસિદ્ધ છે.

×"કાવ્યનો વિષય વિલક્ષણ છે. આ કાવ્યનો અજ્ઞાતનામા કર્તા (કદાચ એનું નામ જ ખિમ ઋષિ કેમ ન હોય?) ખિમ ઋષિ ક્યારે પારણું કરે, તેને માટે કેટલીક અદ્ભુત અને અશક્યવત્ શરતો રજૂ કરે છે. આ શરતોને અભિગ્રહ કહી શકાય તેમ નથી, કારણ કે કાવ્યમાંથી મુખ્યત્વે વિનોદ, હાસ્ય અને ભોજનપ્રિયતાનો ધ્વનિ નીકળે છે. કર્તાએ કોઈ પ્રસંગે કેવળ નર્મ ખાતર જ આ કાવ્ય લખ્યું હોય

એવી રીતે એ શ્રમણ ભગવાનની પરંપરામાં થયેલા ઐતિહાસિક તપસ્વી આ ક્ષમ-ઋષિ ક્ષમાશ્રમણે પણ ગિરિકંબલ પર્વત વગેરેમાં વસતાં, સમયાનુસાર વિવિધ શરતોવાળા અભિગ્રહો લીધા હતા. જુદે જુદે સમયે સેંકડો વસ્તુઓમાંથી કકારાદિ અમુક (કૂર, કંસાર, કાંગ, કોદ્રવ, કરંબો, કેર, કપૅટાં), ખકારાદિ અમુક (ખારેક, ખુડહડી, ખજૂર, ખાજા, ખાંડ, ખાંડવી, ખીચડ), ગકારાદિ અમુક (ગહૂં, ગોળ, ગુંદ, ગુંદવડાં, ગુણા, ગોલા, ગોરસ) વગેરે ૫, ૭ વસ્તુઓ મળે; તો જ પારણું કરવાના અભિગ્રહો લીધા હતા. તેમણે કુલ ૮૪ અભિગ્રહો લીધા હતા, અને તેમના તપના પ્રભાવથી તે સર્વે પૂર્ણ થયા હતા–તેમ ત્યાં જણાવ્યું છે.

જેનાથી ભિક્ષા મળવાની કલ્પના ન થઈ શકે, તેવી વ્યક્તિ પાસેથી, તેવી સ્થિતિમાં, તે વસ્તુની ભિક્ષા મેળવવાના–દુષ્કર–અશક્ય લાગે તેવા, આશ્ચર્ય ઉપજાવે તેવા કેટલાક ઉદગ્ર અભિગ્રહો પણ તેમાં હતા. (૧) રાજ્યભ્રષ્ટ રાજકુમાર, (૨) કલહ કરનારી નારી, (૩) મદોન્મત્ત હાથી, (૪) ખાંડો સાંઢ, (૫) ચપળ મર્કટ, (૬) તરતની વીંયાએલી વાઘણ વગેરે પાસેથી અમુક ઇચ્છિત વસ્તુ મળે તો જ પારણું કરવાના અભિગ્રહો પણ ત્યાં દર્શાવ્યા છે. તેમાંનો પહેલો ત્રણ માહિના ઉપર આઠ દિવસે પૂરો થયો હતો; તે આ પ્રમાણે—

(૧)

" ન્હાણુટ્ઠિય રાઉલ કન્હડઉ, કેશિ ગલંતઈ મણિ દુમ્મણઉ;
ભલ્લઈ ઇગવીસ મંડા દેઇ, તઉ ખમરિસિ પારણઉં કરેઇ.

ભાવાર્થ—ન્હાઈને ઊઠેલો રાઉલ(રાજકુલીન)કન્હડ (કૃષ્ણ), કેશ ગળતા હોય (વાળમાંથી પાણી ટપકતું હોય) એ સ્થિતિમાં, મનમાં દુર્મન હોય, છતાં ભાલા વડે ૨૧-માંડા (એક જાતના રોટલા–પૂડા) આપે તો ક્ષમ ઋષિ પારણું કરે.

(૧૯ કડીવાળા કાવ્યમાં ૧૫ મી કડીમાં સહજ ફેરફાર સાથે જણાવ્યું છે કે–તે દાન દેનાર રાજભ્રષ્ટ રાજકુમાર હોય અને ઘોડે ચડયો હોય.)

(૨)

" ખંભ ઉમ્મૂલિય મયગલ ધાઈ, મુણિવર દેખ્ખિ પસન્નઉ થાઈ;
મોદક પંચક મું(સું)ડિહિં દેઉ, તઉ ખમરસિ પારણઉં કરેઇ.

ભાવાર્થ:—શ્રેષ્ઠ ગજ આલાન-સ્તંભને ઉખેડી નાખી દોડતો હોય, પરંતુ મુનિવરને દેખી પ્રશાંત થાય, તે હાથી ૫ મોદક સૂંઢવડે આપે, તો ક્ષમઋષિ પારણું કરે. (આ હાથી સિંઝુલ રાજાનો પટ્ટહસ્તી હોવો જોઈએ, તે ઘણો મદ–વિહ્વલ બનીને ગઢ પાડતો હોય–તેવું સૂચન ૧૯ કડીવાળા કાવ્યમાં ૧૬મી કડીમાં છે, ત્યાં છપાયેલ સિંઘલ પાઠને બદલે સિંધલ જોઈએ.) પાંચ મહિના અને ૧૮ દિવસે આ અભિગ્રહ પૂર્ણ થયો હતો.

(૩)

" રાડીમારી બંભણિ રંડિ, સાસુ–સિઉં કલિ કરઈ પચંડ;
બિહુ ગામ વિચિ ગુલ ઘી પોલી દેઇ, તઉ ખમ૦

ભાવાર્થ:—કલહ કરનારી વિધવા બ્રાહ્મણી, જેણીએ સાસૂ સાથે પ્રચંડ કલહ કરેલ-હોય; તે બે ગામ વચ્ચે ગોળ, ઘી સાથે પોળી દે, તો ક્ષમઋષિ પારણું કરે.

(૧૯ કડીવાળા કાવ્યમાંની ૧૪ મી કડીમાં સૂચવ્યા પ્રમાણે–' સાસૂથી પરાભવ પામીને પીહર જતી, બહુ ભૂખી થયેલી દ્વિજ–વધૂ મંડક દે.')

(૪)

" કાલઉ કંબ(ધ)લ ધવલઉ સંડ, નાકિ ત્રૂટઈ પૂછિહિ બંડ;
સંગ કરી ગુલ ભેલઉ દેઈ, તઉ ખમ૦

ભાવાર્થ:—કાળા સ્કંધવાળો ધોળો સાંઢ, નાકે ત્રૂટેલો હોય અને પૂછડે બાંડો હોય; તે સિંગડાવડે ગોળ ભેલો(લી) દે, તો ક્ષમઋષિ પારણું કરે.

(૧૯ કડીવાળા કાવ્યની ૧૮ મી કડી થોડા ફેરફાર સાથે તેને મળતી છે.)

(૫)

" ધ્હાસહ છેહ કિં ભદ્ર ! વિમાસિ, કોટઈ સંકલ બદ્ધઉ પાસિ;
જઈ અંબા-રસ મંકડ દેઈ, તઉ ખમ૦

ભાવાર્થ:—ડોકે સાંકળે બાંધેલો માંકડો(વાનરો) જો આમ્ર(કેરીનો) રસ આપે, તો ક્ષમઋષિ પારણું કરે. (૧૯ કડીવાળા કાવ્યની ૧૯ મી કડીમાં જણાવ્યા પ્રમાણે 'માંકડો, બાળક પાસેથી કેરી લઈ હાથે કરીને ઘોળે અને તેનો રસ કાઢી આપે.')

(૬)

" નવ-પ્રસૂત વાઘિણિ વિકરાલ, નયરમાહિ બીહાવઈ બાલ;
વડાં વીસ જઉ પણમી દેઈ, તઉ ખમ૦

ભાવાર્થ:—તરતની વીંયાએલી વિકરાળ વાઘણ નગરમાં બાળકોને બીવરાવતી હોય, તે જો પ્રણામ કરીને વીશ વડાં આપે તો ક્ષમઋષિ પારણું કરે.

(૧૯ કડીવાળા કાવ્યમાં ૧૭ મી કડીમાં નગર-બહાર જણાવેલ છે.)

—આ ઉપરથી જણાશે કે ૧૯ કડીવાળું તે કાવ્ય, કર્તાએ નર્મ ખાતર લખ્યું કે રચ્યું કલ્પવું-માનવું યોગ્ય નથી; તેમ તેમાંથી વિનોદ, હાસ્ય અને ભોજનપ્રિયતાનો ધ્વનિ નીકળતો નથી; પરંતુ વિક્રમની ૧૧ મી સદીના ભારતના એક પ્રભાવક તપસ્વી સંત મહાત્માની અભિગ્રહ (પ્રતિજ્ઞા)વાળી અપૂર્વ તપઃશક્તિનો-જીવન-ઘટનાનો એમાંથી ખ્યાલ આવે છે—

" यद् दूरं यद् दुराराध्यं, यच्च दूरे व्यवस्थितम् ।
तत् सर्वं तपसा साध्यं, तपो हि दुरतिक्रमम् ॥ "

—એમની વિશિષ્ટ અભિગ્રહવાળી તપશક્તિને ગુરુ-પરંપરાથી જાણીને પ્રેરાયેલા પાછળના અન્ય કવિએ એ કાવ્ય રચ્યું માનવું યોગ્ય જણાય. તા. ૧-૧૨-૪૫.

ભિન્ન ભિન્ન જીવોનું આયુષ્ય

સંગ્રાહક—પૂજ્ય મુનિમહારાજ શ્રી અભયસાગરજી 'પૂર્ણાનંદી'

[પૂ. મુ. મ. શ્રી ધર્મસાગરજી શિષ્ય]

આપણાં શાસ્ત્રોમાં તેમજ અન્ય પ્રકરણાદિક ગ્રન્થોમાં, સામાન્યતઃ જીવવિભાગના નરક-તિર્યંચ-મનુષ્ય-દેવ-એમ ચાર પ્રકાર કરી તેઓના પ્રત્યેકના વિશિષ્ટ ભેદો બતાવી પ્રત્યેકનું આયુષ્ય વર્ણન કરેલ છે. કેટલાક મનુષ્ય અને તિર્યંચના વિશિષ્ટ ભેદોમાં વર્તમાન કાલમાં સંભવતા આયુષ્યનું વર્ણન એક પ્રાચીન પુસ્તકના આધારે અહીં રજુ થાય છે—

મનુષ્ય–૧૨૦ વર્ષ	ભુંડ ૫૦	કુતરાં ૧૨ થી ૧૬ ,,
હાથી–૧૨૦ વર્ષ	ચીબરી ૫૦ ,,	ગરોળી ૧ વર્ષ
ઘોડા ૩૨–૩૮–૬૪ વર્ષ	જુ ૩–મહિના	કાચંડો ૧ ,,
(મતાંતરે આ ત્રણેય	કંસારી ૩ ,,	કીડી ૧ ,,
સંભવિત છે)	વીંછી ૬ ,,	ઉંદર ૨ ,,
	ચતુરિન્દ્રિય જીવ ૧થી૬ મહિના	સસલાં ૧૦થી૧૪ ,,
કાગડો– ૧૦૦ વર્ષ	સર્પ ૧૨૦ વર્ષ	શિયાળ ૧૩ ,,
ગધેડો ૨૪ ,,	સમળી ૫૦ ,,	હરણ ૨૪ ,,
ગેંડો ૨૦ ,,	સુવર ૫૦ ,,	બિલાડી ૧૨ ,,
સારસ ૬૦ ,,	કાનકરડીયાં વાગોળ ૫૦ વર્ષ	સુડો ૧૨ ,,
કૌંચપક્ષી ૬૦ ,,	હંસ ૧૦૦ વર્ષ	બપૈયો ૩૦ ,,
કુકડો ૬૦ ,,	સિંહ ૧૦૦ ,,	માછલાં ૧૦૦થી૧૦૦૦
બગલો ૬૦ ,,	કાચબો ૧૦૦ થી ૧૦૦૦ વર્ષ	ઊંટ ૨૫ ,,
ઘેટાં ૧૬ ,,	ગીધ ૧૦૦ વર્ષ	ભેંસ ૨૫ ,,
રૂપારેલચકલી ૩૦ ,,	બકરી ૧૬ વર્ષ	ગાય ૨૫ ,,

વર્તમાનકાલના કેટલાક વિચારકો નીચે પ્રમાણે કેટલુંક આયુષ્ય વર્ણન કરે છે–

હાથી ૧૦૦ વર્ષ	સિંહ–ભેંસ–ગાય ૨૦ ,,	બકરો ૯ વર્ષ
ગેંડા ૨૨ ,,	ચિત્તો ૧૬ ,,	મોર ૬ ,,
ઊંટ ૩૦ ,,	ગધેડો ૧૨ ,,	હંસ ૧ ,,
		કબુતર ૩ ,,
ઘોડા ૨૫ ,,	વાંદરાં, કુતરાં, સુવર ૧૦ વર્ષ	ઉંદર–સસલાં ૧॥ વર્ષ

એક હસ્તલિખિત ગ્રંથમાં પ્રાણીઓનું સચિત્ર આયુષ્યવર્ણન નીચે મુજબ મળેલ છે.

મનુષ્ય ૧૨૫ વર્ષ ?	સસલાં ૨૪ વર્ષ	વાગોળ ૧૬ વર્ષ
હાથી ૧૨૫ વર્ષ ?	સિંહ ૧૨૦ ,,	મેના ૧૬ ,,
ઘોડા ૪૮ ,,	ચિત્તો ૮૦ ,,	રીંછ ૪૦ ,,
હરણ ૨૪ ,,	વાંદરાં ૭૫ ,,	ખજુરનું ઝાડ ૧૦૦૦ ,, ?
ગાય–બળદ ૩૫ ,,	ઊંટ ૩૫ ,,	બીજાં ઝાડ: ૫૦૦ ,, ?
કુતરાં ૨૬ ,,	કુકડો ૪૦ ,,	કેળનું ઝાડ ૩ ,, ?
પોપટ ૫૦ ,,	કબુતર ૪૦ ,,	સામાન્યવનસ્પતિ ૨૦૧ વર્ષ ?
મોર ૫૦ ,,	ગેંડો ૧૦૦ ,,	બપૈયો ૩૦ વર્ષ
ભેંસ ૨૫ ,,	સુવર ૫૦ ,,	ચકોર ૫૦ ,,
બકરી ૧૬ ,,	કાગડો ૧૦૦ ,,	ઝરખ ૧૦૦ ,,
મેંઢો ૨૫ ,,	કોયલ ૮૦ ,,	શિયાળ ૨૦ ,,
ઉંદર ૨૦ ,,	સમળી ૧૫૦ ,,	બિલાડી ૧૨ ,,
શામળ (એક જાતનું હરણું) ૨૫ વર્ષ	બાજ ૧૦૦ ,,	દેડકાં ૧૦૦ ,,
અજગર ૧૦૦ ,,	ગધેડો ૨૦ વર્ષ	મચ્છર–ડાંસ ૪ મહિના
તીતર ૨૦ ,,	સારસ ૨૪–૫૦ ,,	મકોડા ૧૨ ,, ?
કાચબો ૬૦ ,,	બતક ૨૪ ,,	માંકણ ૧૨ ,, ?
સાપ ૧૦૦૦ ,,	મગરમચ્છ ૧૦ ,, ?	કીડી ૩ ,, ?
ગીધ ૧૫૦ ,,	માછલી ૧૦૦ ,,	જુ ૬ ,, ?

આ પ્રમાણે સુજ્ઞ વાચકો સમક્ષ જીવોના આયુષ્ય સંબંધી ત્રણ પ્રકારના કોષ્ટકો મૂક્યાં છે. પણ હજી આમાં (?) આવા શંકાસ્પદ સ્થલોને માટે નિર્ણયની આકાંક્ષા રહે છે કે–અન્વેષકોએ કયી અપેક્ષાએ "**तेइंदियाणं तु अउणापणदिणाइं**"–આ જીવવિચારના વાક્યને ભૂલી તેઇન્દ્રિય આદિને ૪૯ દિન ઉપરાંત આયુષ્ય લખ્યું હશે–મારા ધારવા પ્રમાણે છદ્મસ્થસુલભ ભૂલ જ આમાં પ્રધાન કારણ લાગે છે. તથા મનુષ્ય–હાથીને માટે વર્તમાનમાં ૧૨૫ વર્ષ પણ ઉચિત લાગતું નથી. શાસ્ત્રોમાં ૧૨૦ વર્ષનું ઉત્કૃષ્ટ આયુષ્ય જણાવેલ છે.

હરેકે વસાવવા યોગ્ય

શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

(૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક: મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

(૨) દીપોત્સવી અંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીનાં સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક: મૂલ્ય સવા રૂપિયો.

(૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ–વિશેષાંક

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંક: મૂલ્ય દોઢ રૂપિયો

શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] **ક્રમાંક ૪૩**—જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક: મૂલ્ય ચાર આના.

[૨] **ક્રમાંક ૪૫**—ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક: મૂલ્ય ત્રણ આના

કાચી તથા પાકી ફાઈલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, ચોથા, પાંચમા, આઠમા, દસમા વર્ષની કાચી તથા પાકી ફાઈલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા

ભગવાન મહાવીરસ્વામીનું ત્રિરંગી ચિત્ર

ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઈએ દોરેલું સુંદર ચિત્ર ૧૦"x૧૪"ની સાઈઝ, સોનેરી બોર્ડર. મૂલ્ય ચાર આના (ટપાલ ખર્ચના દોઢ આનો).

—લખો—

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.

મુદ્રક:—મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય—અમદાવાદ. પ્રકાશક:—ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ—અમદાવાદ.



વર્ષ ૧૧ : અંક ૨] અમદાવાદ ૧૫-૧૧-૪૫ [ક્રમાંક ૧૨૨

વિષય-દર્શન

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : છૂટક ચાલુ અંક-ત્રણ આના

॥ अभिनन्दन-पंचकम् ॥

प्रणेता : पू. मु म. श्रीअभयसागरजी [पू. मु. म. श्री धर्मसागरजी–शिष्य]

प्राचीनस्थापत्यकलाप्रकाशै–रैतिह्ययाथार्थ्ययुतैश्च सद्भिः ।
प्रश्नोत्तरैश्चाखिलशास्त्रदोहैः, सत्यप्रकाशं विदधातु पतत् । ॥ १ ॥
अज्ञानविद्वेषविप्रणोदितानां–माक्षेपराजां प्रतिकारदक्षम् ।
भावातिमाहात्म्यगभीरलेखैः, सत्यप्रकाशं विदधातु पतत् ॥ २ ॥
जिनेश्वराणामतिभक्तिप्रह्वैः, विद्वज्जनैः प्राच्यनवीनरागैः ।
स्तोत्रैर्निबद्धैर्ललितार्थवद्भिः, सत्यप्रकाशं विदधातु पतत् ॥ ३ ॥
आनंदतोयाब्धिसुलब्धितो हि, चैतन्यलावण्यमापादयन्तम् ।
विद्यादिदर्शस्य विकासदक्षं, सत्यप्रकाशं विदधातु पतत् ॥ ४ ॥
कालस्य दोषान् गतिमांद्यतायां, सत्यामपि श्रीगुरुणां प्रभावात् ।
धर्मप्रभावस्य सहाभिवृद्ध्या, एकादशेऽब्दे प्रगतिं करोतु ॥ ५ ॥

ભાવાર્થ—ઇતિહાસથી સત્ય સિદ્ધ થયેલા એવા પ્રાચીન સ્થાપત્ય કલા ઉપર પ્રકાશ પાડનારા લેખો વડે, સંપૂર્ણ શાસ્ત્રના દોહન સ્વરૂપ પ્રશ્નોત્તરોથી આ માસિક સત્યના પ્રકાશને કરો ! (૧)

અજ્ઞાન–તથા વિદ્વેષપૂર્ણ લોકોથી કરાયેલ વિશિષ્ટ આક્ષેપોનો અતિ ઉત્કૃષ્ટ ભાવવાળા ગંભીર લેખો વડે યોગ્ય પ્રતીકાર કરવામાં સમર્થ એવા સત્યના પ્રકાશને આ માસિક કરો !(૨)

અત્યંત ભક્તિથી નમ્ર બનેલા વિદ્વાનો વડે સુંદર અર્થવાલા, જૂના અને નવા રાગોમાં બનાવેલા તીર્થંકર ભગવંતોનાં સ્તોત્રો વડે આ માસિક સત્યના પ્રકાશને કરો ! (૩)

આનંદના સમુદ્રની સારી પ્રાપ્તિ વડે અર્થાત્–સહજ સાશ્વત નિરુપમ આત્મસુખ-જન્ય આનંદસાગરની પ્રાપ્તિથી–આત્માના વાસ્તવિક સ્વરૂપની નિર્મલતાને કરનાર અને જ્ઞાનનું આદિભૂત જે સમ્યગ્દર્શન તેનો વિકાસ કરવામાં નિપુણ એવા સત્યના પ્રકાશને આ માસિક કરો ! (૪)

(આ શ્લોકમાં સમિતિના સંસ્થાપક પાચેય મુનિરાજોનાં નામ સૂચિત કરેલ છે.)

કાલના દોષથી અર્થાત પાંચમા આરાને લીધે, ધર્મના પ્રભાવની ગતિ મંદ થવા છતાં પણ સમર્થ સુવિહિત સૂરિપુંગવ આદિ સદ્ગુરુઓના પ્રતાપે ધર્મપ્રભાવની અભિવૃદ્ધિની સાથે આ માસિક અગિયારમા વર્ષમાં પ્રગતિ કરો !

તથા અહીં બીજો પણ એવો અર્થ થઈ શકે કે કાલના દોષથી અર્થાત સરકારી કંટ્રોલ, કાગલની મોંઘવારી આદિ સમયના પ્રભાવથી આ માસિકની ગતિ મંદ પડવા છતાં શ્રી ગુરુદેવના પ્રભાવથી, અથવા શ્રીગુરુ–અર્થાત્ શ્રીમંતો (શ્રી=લક્ષ્મીથી ગુરુ=મોટા) ના (આર્થિક સહાયતા રૂપ) પ્રભાવથી આ માસિક ધર્મના પ્રભાવની વૃદ્ધિપૂર્વક અગિયારમા વર્ષમાં પ્રગતિ કરો ! (૫)

(આમાં મારા પૂજ્ય ગુરુદેવનું નામ સૂચિત કરેલ છે)

॥ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

जेशींगभाईनी वाडी : घीकांटारोड : अमदावाद (गुजरात)

वर्ष ११	વિક્રમ સં. ૨૦૦૨ : વીરનિ. સં. ૨૪૭૨ : ઈ. સ ૧૯૪૫	क्रमांक
अंक २	કારતક શુદિ ૧૨ : ગુરૂવાર : ૧૫ મી નવેમ્બર	१२२

ખિમઋષિનું પારણુ

સંપાદકઃ—શ્રીયુત ભોગીલાલ જ. સાંડેસરા, એમ. એ.

[૧૯ કડીનું આ નાનું પ્રાચીન કાવ્ય સદ્ગત પ્રવર્તક શ્રીકાન્તિવિજયજી મહારાજના સંગ્રહમાંના પ્રતિ નં. ૧૨૦૪૨ ના એક હસ્તલિખિત પાનામાંથી મળ્યું છે. લિપિ ઉપરથી પાનું આશરે ૨૫૦–૩૦૦ વર્ષ જેટલું જૂનું જણાય છે. તેની નકલ મને પૂ. મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ પાસેથી મળી હતી.

કાવ્યનો વિષય વિલક્ષણ છે. આ કાવ્યનો અજ્ઞાતનામા કર્તા (કદાચ એનું નામ જ ખિમ ઋષિ કેમ ન હોય ?) ખિમઋષિ ક્યારે પારણું કરે, તેને માટે કેટલીક અદ્ભુત અને અશક્યવત્ શરતો રજૂ કરે છે. આ શરતોને અભિગ્રહ કહી શકાય તેમ નથી, કારણ કે કાવ્યમાંથી મુખ્યત્વે વિનોદ, હાસ્ય અને ભોજનપ્રિયતાનો ધ્વનિ નીકળે છે. કર્તાએ કોઈ પ્રસંગે કેવળ નર્મ ખાતર જ આ કાવ્ય લખ્યું હોય એવી પણ કલ્પના થઈ શકે છે.

આ કાવ્યના સાચા અર્થસન્દર્ભ ઉપર કોઈ વિદ્વાન પ્રકાશ પાડશે એવી આશા સાથે તે બહાર પાડું છું.]

કાંગ કોદ્રવ કુલથી જાણીઇ કરંબુ કઈર અતિ [વ] પાણીઈ ।
કપૂરીયા કુઠવડી દેઈ તઉ ખિમિરસિ પારણુંઉં કરેઈ ॥ ૧ ॥

ષીર ખીચ નઈ ખાજા ખાંડ ખીચલડી વિહરાવઈ સાંડ ।
પંચ ખકારે ત્રેસઠિ દીસ તઉ ખિમરિસિ પારણુઉ જગીસ ॥ ૨ ॥

ગુંદ અનઈ ગુલ ગુલવટ ગુણા ગુંદવડાની નહી તિંહા મણા ।
પંચ ગકારે પઈસઠિ દીસ તઉ ખિમરિસિ પારણુઉ જગીસ ॥ ૩ ॥

ઘિસિ ઘેવર નઈ ઘૃત વખાણિ ઘૂઘરડી અથ ઘારડજાણિ ।
પંચ ઘકારે પંચહુત્તરિ દીસ. ॥ તઉ ખિમ૦ ॥ ૪ ॥

ચીકલ નઈ ચારૂલી ચિણા ચુરિમઉ નઈ વલી ચઉલા ઘણા ।

પંચ ચકારે ચઉપન દીસ.   ॥ તુઉપિમ૦* ॥ ૫ ॥

પોલીપૂરણુ પૂડા પવર પલેહુ નઇ વલી પાપડ અવર ।
પંચ પકારે પંચાસે દીસ.   ॥ તઉ પિમ૦ ॥ ૬ ॥

તૂર તૂયરિ તિલવટ તેલ ફાસૂ તિલની મિલસ્યઈ ભેલ ।
પંચ તકારે ત્રેપન દીસ.   ॥ તઉ પિમ૦ ॥ ૭ ॥

પંચ દકારે અભિગ્રહ સોઇ દૂધ દહી દહીથરા જોઇ ।
દાલિ દાલીયા જાુકો દેઈ.   ॥ તઉ પિમ૦ ॥ ૮ ॥

બાજરીઉ બાટી બાકુલા અભિગ્રહ કારિણિ અતિ આકુલા ।
બાટ અનઈ બાઉલીયા દેઇ.   ॥ તઉ પિમ૦ ॥ ૯ ॥

માંડા મોદક મગ મઉઠહ હિંતિ માંડી અથ મુરકી જુ હુતિ ।
પંચ મકારે પંચાસે દીસ.   ॥ તઉ પિમ૦ ॥ ૧૦ ॥

લાડૂ લહિંગટ નઇ લાપસી લાટતણી ધાણી હુઈ ફીસી ।
લૂણ લીંબૂયા જઉ કો દઈ.   ॥ તઉ પિમ૦ ॥ ૧૧ ॥

વડા વડા વરસોલા લહૂ વાલ વેઢમી તે વલી કહું ।
ભાવ સહિત મુજનઈ કો દેઈ.   ॥ તઉ પિમ૦ ॥ ૧૨ ॥

સાંકુલી નઈ સૂંહાલી સેવ સૂંદરઉ સાકૂં મિલસ્યઇ હેવ ।
પંચ સકારે સત્તાણું દીસ.   ॥ તઉ પિમ૦ ॥ ૧૩ ॥

સાસૂ પરભવી દ્વિજવહૂ પીહરિભ બભુક્ષા બહૂ ।
ઘી ગુલ મિશ્રિત મંડક દેઈ.   ॥ તઉ પિમ૦ ॥ ૧૪ ॥

રાજભ્રષ્ટ કુંયર કાન્હડઉ કેસે ગલતે ઘોડઈ ચડિઉ ।
કુંત અગ્રિ માંડા ઈકવીસ.   ॥ તઉ પિમ૦ ॥ ૧૫ ॥

પટહસ્તિ સિંઘલહ તણુઉ મહભિંભલ પાડઈ ગઢ ઘણુઉ ।
સૂંડિ કરી પંચ મોદક દેઈ.   ॥ તઉ પિમ૦ ॥ ૧૬ ॥

નવપ્રસૂત વાઘણિ વિકરાલ નયર બાહિર બીહાવય બાલ ।
વીસ વડા જઇ પ્રણુમીઈ દેઈ.   ॥ તઉ પિમ૦ ॥ ૧૭ ॥

કાલઉ કાંબ ધવલઉ સંડ નાકઇ ત્રુટઇ પુંછઇ બંડ ।
સીંગ કરી ગુલભિલ્લી દેઈ.   ॥ તઉ પિમ૦ ॥ ૧૮ ॥

બાલક થિઉ આણું લેઇ માંકડ હાથિ કરી ઘોલેઇ ।
તાસુ તણુઉ રસ કાઢી દેઈ.   ॥ તઉ પિમ૦ ॥ ૧૯ ॥

આદિદેવના તેર ભવમાંનો પહેલો ભવ

ધન સાર્થવાહ

લેખકઃ–પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રી સિદ્ધિમુનિજી

[ક્રમાંક ૧૧૭ થી શરૂ : ગતાંકથી ચાલુ : આ અંકે પૂર્ણ]

[૬] ધર્મઘોષની ધર્મદેશના (ચાલુ)

'દાન', 'સમર્પણ', ઇત્યાદિ
જેવા ગમતા મોહક એ શબ્દો
સારીય સૃષ્ટિને.
અવસરે વારિ વરસતા
મેહુલાના મ્હોં પર મોહે
મહીના માનવીઓનાં મનમયૂરો.
ઉલ્લાસને પામતી ઔષધિઓ
ઔષધપતિએ કરથી અર્પેલાં
અમૃતને પામીને.
વિષયના વિલાસીઓ
હૈયાના ઉમળકાથી વધાવતા
વિલાસિનીનાં વદનાદિદાનને.
નારીઓ નયનોથી નિરખતી
નરના કરમાં વસતાં અમૃત.
ગુણગાન કરતી આવે કોયલ
આંબલિયાની ડાળે
મંજરીના દાન પર મોહીને.
પ્રશંસે પરિચય વિનાનાય પાંથો
ફળ દેવાને નમ્ર બનતા
અને શીતળ છાયાને સમર્પતા
સફળ સુવિસ્તૃત તરુઓને.
પૂજાતા રાજમહેલોમાં
મોટા મોટા પૃથ્વીરાજોથી
દાન ઝરંતા મત્ત મતંગજો.
હોય 'ન'નાં સ્થાન વર્ણની છેવટમાં,
'દ'નાં હોય વર્ણની મધ્યમાં
'જોઈએ'ના મ્હોં કરતાં
લાખોગણી માનવમહત્તા
'લ્યો'ના મ્હોમાં મ્હાલતી.
બિરુદાવલી બોલતાં દાનની
દેવો, માનવો અને તિર્યંચોય.

લેનારાના હાથની ઉપર હોય
સદાય દાતારોનો હાથ.
'મળવું' સૌને સ્પૃહણીય છતાં ય
દાનની સુંદરતા ને મહત્તા તો
ત્યારે જ બને અમાપ,
આવીને વાસો વસે
દાનના હૈયામાં જ્યારે
ઉત્તરોત્તર ઔચિત્યાદિ સદ્ભાવો.
ઉગાડે ને ઉછેરે
ફુલાવે ને ફળાવે
વિષયનાં વિષારી વૃક્ષ
કામરાગનાં સમર્પણસિંચન
પાપના પર્વતોમાંથી
વ્હેવરાવે મમતાની સરિતાઓ
સ્નેહરાગની તે દાનવર્ષા.
મિથ્યાભિનિવેશના મહાસાગરમાંથી
ઉછાળે મિથ્યાત્વનાં મોજાંઓ
દૃષ્ટિરાગના દાનનાં વાવાઝોડાં.
કામરાગાદિથી રંગાયલાં
ઘણાં ઘેરાંય દાન,
નિર્દયતાના રક્તથી રંગાયલા
સંસારને જ વધુ રંગે.
દુરાશંસાથી દેવાયલાં દાન
દુઃખોને જ સમર્પતાં.
અધુરાં ને અવળચંડાં જ હોય
આશંસાથી દેવાયલાં દાન.
નથી હોતાં એ સર્વમાં
સચ્ચિત્તનાં અનાહત બીજ.
ઔચિત્ય ને અનુકમ્પાના
મૈત્રી ને પ્રીતિભક્તિના
અતીવ સુસુંદર ભાવો

અંકુરિત કરતા દાન ધર્મને.
ઉત્તરોત્તર વધુ ને વધુ
અનુબન્ધને અર્પતા એ ભાવો
આત્મશુદ્ધિના મહામોલ ફળાવે
વિદ્યા અભય ને ધર્મોપગ્રહના
સુક્ષેત્રીય દાનના ખેડાણમાં.

× × ×

ઓ ! પુરુષાર્થવાદી ખેડૂત !
બધાંય ખેડાણ વ્યર્થ હોય
નવ શુભાશયની ચિત્તભૂમિમાં
પ્રકાશનાં કિરણો પહોંચ્યા વિના.
એ કિરણોને ઝીલનારો
અને ઝીલીને જિરવનારો
વખાણ્યો ત્યાં સુવિનીતભાવ;
અને પૂજ્યા આ પૃથિવીમાં
એ કિરણોને અર્પનારા
પૂજ્ય પરમપૂજ્ય મહાપુરુષો.
પ્રધાન મનાયાં સર્વ દાનોમાં
વિનીતોને સદ્‌વિદ્યાનાં દાન.
વણશિખવ્યાંય આવડે
અર્થ ને કામની વિદ્યાઓ
અનાદિના સતત અભ્યાસથી.
ઘસડી જાય છે પ્રાયઃ
અર્થ કામની વિદ્યાનાં દાન
જન્મ જરા ને મૃત્યુમાં જીવનને.
પૂર્ણતયા કરાવે પોતાની પીછાન
શુદ્ધિને સાધી અમરતાને અર્પે
ઉપજાવતી એવાં સુપરિણામ
હિતાહિત વિવેકની એ સદ્વિદ્યા જ.
શું શું નથી મેળવતો
સદ્વિદ્યાનો મેળવનારો ?
શું શું નથી સમર્પતો
સદ્વિદ્યાનો સમર્પનારો ?

× × ×

મહિમાવંતાં છે જ્ઞાનનાં દાન
પણ અવલંબતાં એ
ચારે પુરુષાર્થના અવલંબનભૂત
જીવના જીવનના અસ્તિત્વને.
મરણાદિથી ભયભીતોને
ભય રહિત કરવાનાં દાન
મનાયાં અતિ મહાન
દયા ને અહિંસામૂલક
આત્મના આબાદ ઉન્નતિક્રમમાં.
ઊગીને વૃદ્ધિને પામે
ફૂલીને ફલવતી થાય
અભયદાનની એ વેલડી
મૈત્રીની ભાવનાભૂમિમાં;
અને એ શણગારે
પોતાની ભાવનાજનેતાને.
સ્વયં સુંદર રીતે જીવીને
જીવવા દેવું ને જીવાડવું
મનાયો એ મહાધર્મ
મહાપુરુષોના સદાખ્યાનોમાં
પ્રત્યેક જીવતા જીવને
નથી જેવો તેવો ભય
મૃત્યુના મહાભોરીંગનો.
એના ફુંફાડાના ભણકારથીય
કંપી ઊઠે કીડાઓય
દેવેન્દ્ર ઇત્યાદિની જેમ.
સામ્રાજ્ય ને સુરઋદ્ધિથી ય
નમતું મનાય જીવોને
નિજના જીવનનું પલ્લું.
પાણીમાંના પોરાઓને
અને પાણીનાં પોતાના જીવોનેય
જ્યાદા છે જીવનની કિમ્મત
ચક્રવર્તીના કરતાંય.
અણગમતા લાગે ભાવો
મૃત્યુના દુઃખના ને સંક્લેશના
સર્વ જીવોને સરખા જ.
પુણ્યપુરુષોની પ્રજ્ઞાપનાથી
જીવત્વને જાણતા
અને ભયના ભાવોને નિવારતા
અભયના દાતાઓ
સર્જાવે મહાનું સંપૂર્ણતયા

પોતાના આત્મામાં જ અભય.
અભયદાનના સૂરજને
આત્મના આભે આવિર્ભાવવા
વિખેરવાં પડે ને
વેગળાં રાખવાં પડે
વિષય કષાયાદિ
વિધવિધ પ્રમાદનાં વાદળાંઓ.
એ જીવનદાનના પ્રકાશથી
અનુભવાય આત્મામાં
એકતા ને સમતા
વ્યાપકતા–અવ્યાપકતાના વિવેકે
સામાન્ય વિશેષ ભાવથી;
અને એ ઉમદા અનુભવ,
આત્મશુદ્ધિના પુરુષાર્થને–
પુનિત પ્રેરણાનાં પાન કરાવી
ને નિશ્ચયના ભાવને પોષી,
સર્જાવે મહાકલ્યાણ
શીઘ્ર અતિશીઘ્ર સમયે.
શુભાનુબંધી ને શુદ્ધાનુબંધી
એ મહાદાન સમર્પે જીવને
જન્માંતરના વિષે
દીર્ઘાયુ રૂપ લાવણ્યાદિ
કાન્તિ બલ આરોગ્યાદિ
મોંઘેરા માનવભવનાં
અને ભાવિભદ્ર દેવતાના ભવનાં.
ઉપરાંત સુશાતાને ઉપજાવી એ
સમાધિ સધાવે અંતે
આધ્યાત્મિક શુદ્ધ સાધનાથી.
સંસારના જીવોને અર્પેલાં
આ ભવ્ય અભયદાન
ભાવદયાની સુવિશાલ ભાવનાથી
એ દાનના દેનારાને
સમર્પી દે અંતે અભયપદ.
મહા પ્રભાવ છે
મહાવીરના અભયદાનનો !

× ×

એ અભયદાનનાં કરતાંય
વધુ પ્રભાવી ને વધુ અનુગ્રાહક
ધર્મોપગ્રહનાં સત્પાત્રદાન.
દાયકાદિ પંચક શુદ્ધિથી
સામાન્ય વિશેષ ને સુવિશેષ–
ધર્મની અનુકૂલતાઓ અર્પતા
સત્કારે અતીવ અતીવ
એ સામાન્યાદિ ધર્મને.
મહાશયોનો એ ઉદાર સત્કાર
સંસાર સાગરના સુતીર્થને
વહેતું ને સુપ્રસિદ્ધ રાખે.
આત્માર્થની ઉપાદેય બુદ્ધિનું
મુખ્ય અને પ્રાથમિક સલ્લક્ષણ
ગુણવંતોના પ્રતિનો એ સત્કાર
બળવતી બનાવે
આત્માર્થની એ બુદ્ધિને.
જ્ઞાનથી અને ભાવશ્રદ્ધાનથી
તત્ત્વના સમ્યગ્દૃષ્ટાઓ,
સ્થૂલ રીતે પાપની પ્રવૃત્તિથી
સશ્રદ્ધાન વિરમનારાઓ,
આત્માર્થે સર્વથા સમુત્થિત
મોક્ષમાર્ગના પ્રસાધક સાધકો,
ધર્મોપગ્રહદાનનાં
પ્રીતિભક્તિને પાત્ર એ સુપાત્રો.
મનાયાં એ સુપાત્રત્રિક
ઉત્તરોત્તર વધુ ને વધુ
આત્માર્થનાં જનક ને પોષક.
એ છે યથાક્રમે
જઘન્ય મધ્યમ ને ઉત્તમ.
શ્રદ્ધા ને નિરાશંસાથી
ઉદારતાના ખંતીલા ખેડુને
સર્વ શ્રેષ્ઠ સંયમની ભૂમિમાં
યથાવસરે વાવેલાં
ઉમદા અન્નાદિનાં બીજ
નિષ્ફળ નથી જતાં કયારેય.
અતીવ દુર્લભ હોય
સુપાત્રદાનના પ્રસંગો
હેવાં વળી તેથી ય દુર્લભ.

મળે કે ન ય મળે જીવને
ઉત્તમ સત્પાત્રની પ્રાપ્તિ
અને એ સત્પાત્રમાં સમર્પણ
આ પરિભ્રમણશીલ સંસારમાં.
ક્યાંથી મળે એ
મહાનુભાવ સત્પાત્ર સાધકો ?
ઓળખ થવીય અશક્ય
આ છળના સંસારમાં એમની.
હોય એ સત્પાત્રો
પાપના વ્યાપારોથી વિરમેલાં
અને મમતાથી મુકાયલાં.
પાળે એ પ્રવચન માતાને
અને ધારે સર્વ શીલાંગોને.
હોય છે તેઓ
શાન્ત દાન્ત અને સુધીર
નથી હોતા ગારવ એ ગભીરોને.
સમભાવી ને રત્નત્રયધારી
એ વિશુદ્ધ બ્રહ્મચારીઓ
આચરતા સદાય
યથાશક્ય તપજપને.
શુભ ધ્યાનના ધ્યાતાઓ એ
હોય સર્વથા નિર્ગ્રંથ.
સુશીલ અને સંયમી એઓ
આત્મમાં વર્તતા હોય
સદોપયોગે ને સદુપયોગે.
આવાં સત્પાત્રોમાં સમર્પેલાં
સદ્ધર્મનાં ઉપયોગી
અન્નાદિ ને ઉપકરણાદિ,
યોજક પ્રયોજક બને
શીલની આદિ ને સમૃદ્ધિનાં.
આત્માના ઉત્કર્ષનો
પ્રારંભ થતો જીવને પ્રાયઃ
આ મહિમાવંત સુપાત્રદાનથી જ.
જયવંતો વર્તો
સદાય સૃષ્ટિમાં
સુપાત્રદાનનો એ સદ્ધર્મ.

× × ×

સ્વભાવે સુંદર છતાં
ચારિત્રાવરણાદિની મલિનતાથી
અસુંદર બનેલા આત્માને
ઉત્તરોત્તર સુંદર બનાવે
સદાચાર સમાચાર ને શુદ્ધાચાર.
યથાયોગ્ય સદાચારાદિ શીલથી
યશસ્વી ને પૂજનીય બનતા
જાત્યાદિ ગુણવિહીનોય.
આ દુર્જનબહુલી દુનિયામાં
સામાન્ય સદાચાર
એ હોય માનવની માનવતા.
ડરતો રહે લોકાપવાદથી
સદાચારને ચ્હાતો માનવ.
હોય એને અતીવ આદર
દીન હીનોના ઉદ્ધારમાં.
વસેલાં હોય એના હૈયામાં
કૃતજ્ઞતા ને સુદાક્ષિણ્ય.
આચરતો એ
ધર્માદિ અવિરુદ્ધ કુલાચારને.
તજે એ સર્વત્ર નિન્દા
અને વદે સાધુઓનો યશોવાદ.
હોય એ મહાનુભાવ
સંકટમાં સર્વથા અદીન
અને એ રીતે જ સંપદામાં નમ્ર.
બોલતો એ પ્રસ્તાવે
અલ્પ ને સંવાદી વચન.
ન ચુકે પ્રાણ જતાંય એ
કરેલી પ્રતિજ્ઞાનાં પાલન.
ન કરે એ કદીય જીવનમાં
ખાલી ખોટા ખરચા.
આદરે યથાશક્તિ એ
સદાય સન્માર્ગમાં ધનવ્યય.
વિશેષ ફલદાયી કાર્યમાં
રાખે સદાય સદાગ્રહ
સદાચારનો એ સમાસેવક.
પરિહરે એ મદ્યાદિ પ્રમાદને.
હોય એના આચરણમાં

યોગ્ય લોકાચારનું અનુસરણ
અને સર્વત્ર ઔચિત્યનું પાલન.
પ્રાણત્યાગના સંકટમાં ય
હોય એ મહાનુભાવને
નિન્દિત કાર્યમાં અપ્રવૃત્તિ
અને અનિન્દિત કાર્યમાં પ્રવૃત્તિ.
માર્ગાનુસારી સત્પુરુષોનાં
એ સદાચારમૂળ
સુદૃઢ ને સફળ બનાવે
શ્રાદ્ધ સાધુ સમાચારના
સચ્છાયી શીલવૃક્ષને.
પુદ્‌ગલના બધાય ભાવોને
ઇન્દ્રજાલાદિ જેવા માનતા,
વિષયાદિની તૃષ્ણાઓને
આકાશ શી અનંત સમજતા
અને એની ભયંકરતાને
ફણીધરની ફેણશી ગણતા,
વળી અતિ ચપળ લક્ષ્મીને
અલક્ષ્મીની સહિયર લેખતા
સદાચારને આચરનારા એ
આસ્વાદે સાફલ્યનો સુધાસ્વાદ.

× × ×

સદાચારના સંસેવનથી
સમુત્પન્ન થતી
મહામહિમાભરી સદ્‌ગૃહસ્થતા.
મિથ્યા મોહના પરિત્યાગથી
શુશ્રૂષાદિ ગુણવંતી
અને શમાદિ લક્ષણ શ્રદ્ધાવંતી
અતીવ શોભતી એ સદ્‌ગૃહસ્થતા.
ઉગ્ર કષાયોદયથી હીન
એ સદ્‌ગૃહસ્થતામાં હોય
ધર્મના ભાવની અર્થિતા.
એમાં જીવતા સદ્‌ગૃહસ્થો
અમુકાંશે હોય
ચારિત્રમોહના ઘાતક.
નિત્યનાં સત્કૃત્યોમાં પરાયણ
અને યતિધર્મના અનુરાગી
એ મહાત્મા સદ્‌ગૃહસ્થોને
ઓઘથી અને અનવરત સેવાથી
દેશે કરી ભાવશીલતા હોય.
ઓઘથી ભાવાચાર
દ્વાદશ પ્રકારે હોય
દેશવિરતિધારક સદ્‌ગૃહસ્થોને.
સમાચરે શ્રાદ્ધો દેશે કરી
હિંસા જૂઠ ને ચોરી
તથા અબ્રહ્મ ને પરિગ્રહ
એ પંચથી વિરમવાના વ્રતને.
દિશા અને ભોગોપભોગ
તથા અનર્થક ઉપજાવેલો દંડ,
એ ત્રણેના વિરમણથી
વ્રતને ગુણ કરતાં
સમાચરે તેઓ ગુણવ્રત.
સામાયિક ને દેશાવકાશિક
પૌષધ ને અતિથિસંવિભાગ,
એ ચાર હોય છે
શિક્ષાનાં વ્રત એમને.
સમાચરે પ્રશસ્ત જ્ઞાનતપાદિ-
અનવરત સેવાશીલતા
એ દેશ વરતિઓ ભાવથી.

× × ×

સદ્‌ભાવે સર્વથા શીલવંતા
હોય આ સૃષ્ટિમાં
મહાવ્રતોના ધારક મુનિઓ જ.
સર્વથા વિરમે છે એઓ
મન વચન કાયાએ કરી
હિંસાદિ સાવદ્ય વ્યાપારોથી
હોય છે એઓનાં હૈયાં
સ્વભાવથી અલ્પકષાયી
ને ભવસૌખ્યનાં ખાસ વિરાગી.
વિનયાદિ ગુણોના ભંડાર
એ મહાત્મા દુર્લભ
માનતા મોક્ષ જ જીવનનું લક્ષ્ય

અને મથતા સામર્થ્યયોગને મેળવવા.
ક્વચિત્ પ્રમાદથી વિકલ છતાંય
ઇચ્છતા અતીવ શાસ્ત્રાનુસારિતાને,
અને જ્ઞાનના વૃક્ષને ફળવાન બનાવવા
હૈયામાં અતીવ હોંશ રાખતા
એ સુવિહિત સાધુઓ
આચરતા બધાંય અનુષ્ઠાનોને
બહુધા આગમાનુસારે.
એમની વ્યવહારનદીઓ
નિશ્ચયની શુદ્ધતાના સહચારથી
શુદ્ધતામાં પરિણમતી,
અંતે જઈને ભળતી એ
આત્માની શુદ્ધ પરિણતિના
મહામીઠા ક્ષીરસાગરમાં;
અને સર્જાવતી એ છેવટે
મોક્ષનાં મહારવાદી સુખો
બાહ્ય આભ્યંતર તપે સર્જાવેલી
મહાનિર્જરાના સહચારથી.

× × ×

મુક્તિ મેળવવાની મનઃકામનાએ
મધ્યસ્થ મહાનુભાવ મહાત્માઓ
ઔપચારિક યોગદૃષ્ટિથી,
અને વેદ્યસંવેદ્યપદી સમ્યગદૃષ્ટાઓ
વાસ્તવિક યોગદૃષ્ટિથી,
દુ નયાની દૃષ્ટિએ દેખાતા
વિધ વિધ પ્રકારો વડે
ચિત્તાધિકરણાશ્રય કાર્યરૂપ—
તનને તપાવે,
તે છે વ્યવહારથી તપોધર્મ.
નિરાહાર ને ન્યૂનાહારોદરતા
વૃત્તિનો સંક્ષેપ ને રસત્યાગ
કાયાનો ક્લેશ ને અંગાદિસંલીનતા
એ બાહ્યથી તનને તપવાના
પાડયા છે પંડિતોએ ષટ્ પ્રકાર.
આ બાહ્ય તપસ્વીઓનાં
પુણ્યના ઉપચયવંતા
અને કર્મક્ષયથી નિર્મળ
એવાં વિશિષ્ટ સચ્ચિત્ત,
તે છે નિશ્ચયથી તપોધર્મ.
પોષણ કરે આ બાહ્ય તપોધર્મ
શીલાદિ ધર્મને
અને આભ્યંતર તપોધર્મને.
સમર્પે એ વધુ લાઘવ
કર્મથી હળવા થયેલા આત્માને.
પ્રાયશ્ચિત્ત વિનય ને વૈયાવચ્ચ
સ્વાધ્યાય ધ્યાન ને ઉત્સર્ગ
એ છે ષટ્ આભ્યંતર તપોધર્મ.
બાહ્ય તપોધર્મની જ્યમ,
એ આભ્યંતર તપોધર્મેય
કારણ ને કાર્યના ભાવે
ક્રિયા ને ચિત્તરૂપ બનતાં
મપાય છે મહાપ્રામાણિકોથી
વ્યવહાર ને નિશ્ચયના ઉભય નયથી.
અતીવ સુંદર કહ્યાં તનનાં તપવાં.

અક્ષય મનાતાં કર્મોનોય
ક્ષય કરી નાખે એ.
બ્રહ્મચર્યનાં પોષક બને એ
ઇન્દ્રિયોના અશ્વોને દમીને
જ્ઞાનને પાચન કરવામાં
એ છે આત્મની મહાજઠરાગ્નિ
સ્થિરતા પમાડે એ
અતિ ચપળ એવા મનમર્કટને.
અમોલ મહાનિધિરૂપ એ
અપ્રતિપાતી આદિ સદ્ગુણોના.
છતાં સંસારના લાભો મેળવવા
કરાયલાં કે વેચાયલાં
અતિદૂષિત એ તપો
વધારતાં કેવલ સંસારના તાપને જ.
કષાયોથી કરાયલી લાંઘણો
અને શાસ્ત્રોનાં પઠનાદિ
સંસારના ચકે ચડાવી
ભમાવે જીવને નરકાદિ ગતિઓમાં.
ડુબાવી દેતાં જીવને

તિર્યંચોની યોનિમાં ને જીવેદમાં
માયા પ્રપંચોના ભારથી મઢેલાં તપ.
અકામ નિર્જરાના અલ્પ ફળને
આપી ન આપી
નિષ્ફળ જતાં પ્રાય:
અજ્ઞાનીનાં ને આશંસીનાં તપ.
જ્ઞાની જેમ ઊર્મા સુકાવું ય
નથી કામ લાગતું અજ્ઞાનીનું.
દેવતા ય મારગ આપે
એવાં અતીવ આકરાંય તપ
અજ્ઞાનના વિષથી સિંચાયલાં છતાં
અર્થને બદલે
ફળાવે કેવળ અનર્થને જ.
ઊંડા શલ્યથી વીંધાયલાં તપ
આરામને નથી આપતાં ક્યારે ય.
પૂર્ણ સફળતાને પામે એ
પુણ્ય પુરુષોના વચનાનુસારે જ.
સદ્જ્ઞાનનાં સહચારી જ એ
ક્ષય કરતાં કર્મોની રાશિને,
અજ્ઞાનીના ગમે તે ધર્મો કરતાં
ક્રોડ ગણી શીઘ્રતાથી;
અને ઉજળા ધ્યાને આત્માને
અતીવ અતીવ હળવો કરી,
બનાવે મુક્તયોગી યોગીશ્વર
સદ્ભાવના સંચાલનથી એ.

દાનમાં શીલમાં ને તપમાં
કાર્યશક્તિને પોષે
ભાવનાનો સૌશ્રેષ્ઠ ધર્મ.
જ્ઞાનાદિ રત્નત્રયમાં ભક્તિ.
ભક્તિકાર્યમાં સમાચારવૃત્તિ
સદાની શુભૈક ચિન્તા
અને ભવના ભાવોમાં જુગુપ્સા,
આ મહૌષધિઓથી અનુગ્રહિત
એ ભાવનાનો પારદ
દાનાદિના તામ્રને વેધી
સમુત્પન્ન કરે
અષ્ટગુણ સમૃદ્ધિની
અને સંપૂર્ણ શુદ્ધિની
અવર્ણનીય સિદ્ધ સુવર્ણતા.
બનાવી દે જીવનમુક્ત
અને પરમમુક્ત એ જીવને
અંતર્મુહૂર્તના અલ્પ જ કાળમાં.
મોહની સાથેના મહાયુદ્ધમાં
સ્થાપવો જ પડે એ
ભાવનાનો સેનાધિપતિ.
ન ચાલે સુંદર રીતે
દાનાદિ સૈનિકોનાં સંચાલન
એ ભાવનાની વગર.
અપાર ને અનંત મહિમા છે
એ ભાવનાની ભવ્યતાનો.

× × ×

(સંપૂર્ણ)

ખાંડના ઉપયોગ અંગે અગત્યનો ખુલાસો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ના ૧૦મા વર્ષના ૧૨ મા અંક—ક્રમાંક ૧૨૦—ના ૨૯૧ મા પૃષ્ઠ ઉપર છપાયેલ 'પ્રવચન—પ્રશ્નમાલા' લેખના ૯૯ મા પ્રશ્નના ઉત્તર અંગે નીચે મુજબ ખુલાસો જાણવો—

શ્રાદ્ધવિધિ વગેરે ગ્રંથોમાં '**વર્ષાસુ**' એમ કહીને કાચી ખાંડ વગેરેનો નિષેધ કર્યો છે તે ઉપરથી કાર્તિક શુદિ ચૌદશ સુધીના વર્ષાકાલમાં કાચી ખાંડ નહીં વાપરવાનો વ્યવહાર છે.

પૂ. આ. વિજયપદ્મસૂરિજી

અહિંસાના સાઠ પર્યાયો

(લે. પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.)

અહિંસા એ જૈનત્વનો આત્મા છે, અને જૈનધર્મમાં એનું અગ્રગણ્ય સ્થાન છે. આથી તો જૈન આગમમાં અને ઇતર સાહિત્યમાં એનો પુષ્કળ વિચાર કરાયો છે. એ વિચારની એક ધારા તે પણ્હાવાગરણના 'સંવર'દ્વારના પ્રથમ સુત્ત (સૂત્ર)માં નિર્દેશાયેલા એના સાઠ પર્યાયો છે. એ પર્યાયો અકારાદિ ક્રમે અને પ્રથમાન્ત રૂપે હું અહીં રજૂ કરું છું અને સાથે સાથે એનાં સંસ્કૃત રૂપાન્તરો અને અર્થ સૂચવું છું:—

પાઇય	સંસ્કૃત	અર્થ
अणासवो (૩૫)	**अनास्रवः**	આસ્રવનો અભાવ. કર્મના બંધને રોકવાનો ઉપાય અહિંસા છે, એથી એનું આ નામ છે.
अप्पमातो (૪૯)	**अप्रमादः**	પ્રમાદનો અભાવ-ત્યાગ.
अस्सासो (૫૦)	**आश्वासः**	આશ્વાસન.
आयतणं (૪૭)	**आयतनम्**	(ગુણોનું) નિવાસસ્થાન.
उस्सओ (૪૫)	**उच्छ्रयः**	ભાવોની ઉન્નતતા.
कंती (૬)	**कान्तिः**	(મનોહર હોવાને લીધે શોભાનું કારણ હોવાથી) કાંતિ.
कल्लाणं (૨૯)	**कल्याणम्**	(કલ્યાણ અર્થાત્ મોક્ષ મેળવી આપનાર હોવાથી) 'કલ્યાણ'. કલ્ય એટલે આરોગ્ય. એ મેળવી આપે તે કલ્યાણ (જ્ઞા.)[1]
कित्ती (૫)	**कीर्तिः**	(ખ્યાતિનું કારણ હોવાથી) કીર્તિ.
केवलीण ठाणं (૩૬)	**केवलिनां स्थानम्**	સર્વજ્ઞનું સ્થાન; સર્વજ્ઞ અહિંસામાં વ્યવસ્થિત હોય છે (અ)[2], સર્વજ્ઞને અહિંસા જ હોય છે, કેમકે એઓ એમાં વ્યવસ્થિત છે અને યોગનો નિરોધ છે. નહિ તો **आवं च णं आरंभे समारंभे वट्टइ** ઇત્યાદિ સૂત્ર સાથે વિરોધ આવે. આ સંબંધમાં ઘણું કહેવા જેવું છે, પણ અહીં એ કહ્યું નથી. (જ્ઞા.)
खंती (૧૩)	**क्षान्तिः**	ક્ષાન્તિ, ક્ષમા, ક્રોધનો નિગ્રહ. આ કાર્ય અહિંસા કરે છે એથી એનું આ નામ છે (અ). ક્ષાન્તિ વડે અહિંસા ઉત્પન્ન થાય છે માટે એનું નામ 'ક્ષાન્તિ' (જ્ઞા.)

---

1 જ્ઞાનવિમલસૂરિનો અભિપ્રાય. 2 અભયદેવસૂરિનો અભિપ્રાય.

गुत्ती (४३)	गुप्तिः	અશુભ પ્રવૃત્તિઓનો નિરોધ.
चोक्खा[1] (५४)	चोक्षा	ચોક્ખી (ચોક્ખાઈ).
जयणं (४८)	यजनम्, यतनम्	(૧) અભયદાન. (૨) પ્રાણીઓનું રક્ષણ.
जन्नो (४६)	यज्ञः	દેવોની ભાવપૂજા.
ठिती (२२)	स्थितिः	સ્થિતિ; સાદિ અનંત એવી મુક્તિની સ્થિતિના કારણરૂપ અહિંસા છે.
तित्ती (१०)	तृप्तिः	સંતોષ.
दया (११)	दया	દયા, પ્રાણીઓની રક્ષા.
धिती (१८)	धृतिः	ચિત્તની દઢતા.
नंदा (२४)	नन्दा	સમૃદ્ધ બનાવે તે. પોતાને અથવા અન્યને રાજી કરે તે નંદા (જ્ઞા.)
निम्मलतरा	निर्मलकरा; निर्मलतरा	(૧) નિર્મલકરા, જીવને નિર્મળ કરનાર–કર્મરહિત બનાવનાર. (૨) નિર્મલતરા અતિશય નિર્મળ.
निव्वाणं (१)	निर्वाणम्	નિર્વાણ, મોક્ષ. અહિંસા મોક્ષનો હેતુ છે. એથી એનું આ નામ છે.
निव्वुई (२)	निर्वृत्तिः	સ્વસ્થતા, દુર્ધ્યાનથી રહિત હોવાથી સ્વસ્થતા.
पभासा (५८)	प्रभासा	ઉત્તમ પ્રકાશ.
पमोओ (३१)	प्रमोदः	હર્ષ ઉત્પન્ન કરનારી હોવાથી પ્રમોદ.
पवित्ता (५५)	पवित्रा	(૧) પવિત્ર. (૨) વજ્રની પેઠે રક્ષણ કરે તે પવિત્ર (જ્ઞા.)
पुट्ठी (२३)	पुष्टिः	પુણ્યની વૃદ્ધિ (અ). (૧) પુણ્યની વૃદ્ધિ કરતી હોવાથી પુષ્ટિ (જ્ઞા.). (૨) પહેલાના પાપની હાનિની પુષ્ટિ (જ્ઞા.)
पूया (५७)	पूता, पूजा	(૧) પવિત્ર. (૨) દેવોની ભાવપૂજા.

૧ અભયદેવસૂરિ चोक्खपवित्ता એમ એક પર્યાય ગણે છે, નહિ કે બે. એમ ગણતાં ૫૯ પર્યાયો થાય છે. चोक्खपवित्ताथी 'અત્યંત પવિત્ર' એવો અર્થ સમજવાનો છે.

बुद्धी (१७)	बुद्धिः	બુદ્ધિને સફળ કરતી હોવાથી બુદ્ધિ.
बोही (१६)	बोधिः	બોધિ, સર્વજ્ઞના ધર્મની પ્રાપ્તિ; આ પ્રાપ્તિ અહિંસારૂપ હોવાથી અહિંસાને 'બોધિ' કહે છે. અથવા અહિંસા એટલે કે અનુકંપા અને એ અનુકંપા બોધિનું કારણ હોવાથી એને 'બોધિ' કહે છે.
भद्दा (२५)	भद्रा	ભદ્ર, પ્રાણીનું કલ્યાણ કરનાર.
मंगल (३०)	मङ्गलम्	મંગળ. અહિંસા પાપનો નાશ કરે છે માટે એનું આ નામ છે.
महंती (१५)	महन्ती	સર્વ ધાર્મિક અનુષ્ઠાનોમાં–વ્રતોમાં અગ્રેસર હોવાથી મોટી.
रक्खा (३३)	रक्षा	જીવનું રક્ષણ કરવાના સ્વભાવવાળી હોવાથી 'રક્ષા'.
रती (७)	रतिः	રતિના કારણરૂપ હોવાથી રતિ.
रिद्धी (२०)	ऋद्धिः	ઋદ્ધિ. લક્ષ્મીનું કારણ હોવાથી ઋદ્ધિ (ગ્રા.)
लद्धी (२७)	लब्धिः	લબ્ધિ. કેવલજ્ઞાન વગેરે લબ્ધિનું કારણ અહિંસા છે (ગ્રા.)
ववसाओ (४४)	व्यवसायः	વિશિષ્ટ નિશ્ચય.
विद्धी (२१)	वृद्धिः	વૃદ્ધિ. પુણ્યપ્રકૃતિ સંપાદન કરાવનારી હોવાથી વૃદ્ધિ (ગ્રા.)
विभूती (३२)	विभूतिः	સર્વ વિભૂતિઓનું–ઋદ્ધિસંપત્તિઓનું કારણ હોવાથી વિભૂતિ.
विमल (५८)	विमलः	વિમળતા.
विमुत्ती (१२)	विमुक्तिः	વિમુક્તિ. અહિંસા જીવને સકળ બંધનોથી મુક્ત કરે છે માટે 'વિમુક્તિ'.
विरती (८)	विरतिः	વિરતિ, પાપથી નિવૃત્તિ.
विसिट्ठदिट्ठी (२८)	विशिष्टदृष्टिः	વિશિષ્ટ દૃષ્ટિ.
विसुद्धी (२६)	विशुद्धिः	પાપના ક્ષયનો ઉપાય હોવાને લીધે જીવનની નિર્મળતા રૂપ અહિંસા છે.
वीसासो (५१)	विश्वासः	વિશ્વાસ.
सती (४)	शक्तिः; शान्तिः	(૧) શક્તિ આપનાર હોવાથી 'શક્તિ'. (૨) શાન્તિ, પરના દ્રોહથી વિરતિ.
सम्मत्ताराहणा (१४)	सम्यक्त्वाराधना	સમ્યક્ત્વની આરાધના. સ્યાદ્વાદ વિષેના યથાર્થ બોધની આરાધના–સેવન (ગ્રા.).
समाही (३)	समाधिः	સમાધિ, સમતા. અહિંસા સમતાનું કારણ છે.

समिई (३८)	समितिः	સમિતિ, સમ્યક્ પ્રવૃત્તિ. અહિંસા સમિતિરૂપ હોવાથી એને 'સમિતિ' કહે છે.
समिद्धी (१८)	समृद्धिः	સમૃદ્ધિનું કારણ હોવાથી 'સમૃદ્ધિ'. આનંદનું કારણ હોવાથી સમૃદ્ધિ (જ્ઞા).
सव्वस्स वि अमाघाओ (५३)	सर्वस्यापि अमाघातः	બધા યે જીવોને અમારિ.
सिवं (३७)	शिवम्	મોક્ષનું કારણ હોવાથી 'શિવ'. નિરુપદ્રવનું કારણ હોવાથી 'શિવ' (જ્ઞા.).
संजमो (४०)	संयमः	સંયમ, હિંસાથી નિવૃત્તિ.
संवरो (४२)	संवरः	સંવર.
सिद्धावासो (३४)	सिद्धयावासः	મોક્ષનો આવાસ. અહિંસા મોક્ષના આવાસનું કારણ છે.
सील (३९)	शीलम्	શીલ, સમાધાન.
सुयंग (८)	श्रुताङ्गम्	જેનું કારણ શ્રુતજ્ઞાન છે તે શ્રુતાંગ. કહ્યું પણ છે કે પહેલું જ્ઞાન અને પછી દયા.
सूती (५६)	शुचिः	ભાવશુચિ.
सीलपरिघरो	शीलपरिगृहम्	શીલ એટલે સદાચાર અથવા બ્રહ્મચર્ય. એનું ઘર તે શીલપરિગૃહ. ચારિત્રનું સ્થાન એ એનું બીજું નામ છે.

આ પ્રમાણે અહિંસાના જે ૬૦ પર્યાયો છે, એનો હિંસાનાં ત્રીસ ગુણનિષ્પન્ન નામો સાથે વિચાર કરતાં હિંસાથી નિવૃત્ત હોવારૂપ જે અહિંસારૂપી મહાવ્રત છે તે સમજાશે, એને પૂરેપૂરું લક્ષ્યમાં રાખીને સૌ કોઈ એ ભગવતી અહિંસા દેવીના ભક્ત બને; અને યથાર્થ શાન્તિ પામો એ જ અભિલાષા.

ગોપીપુરા, સુરત. તા. ૨૫-૭-૪૫.

મૂર્તિપૂજાનો પ્રભાવ

લેખક—પૂ. મુ. મ. શ્રી ભદ્રંકરવિજયજી [પૂ.આ.મ.શ્રી.વિજયરામચંદ્રસૂરિશિષ્ય]

(ગતાંકથી ચાલુ)

વ્યવહાર માત્રનું બીજ ભેદજ્ઞાન છે. વસ્તુના વ્યવહાર ત્રણ રીતે થાય છે. ત્યાગ, ગ્રહણ, અને અત્યાગગ્રહણ (ત્યાગ નહિ તેમ અત્યાગ પણ નહિ એવો ઉપેક્ષાભાવ). એ ત્રણે પ્રકારનો વ્યવહાર, ભેદજ્ઞાન ઉપર અવલંબે છે. અને એ ભેદજ્ઞાન આકારભેદ ઉપર અવલંબે છે. એક અર્થના વાચક શબ્દ અનેક હોઈ શકે છે, અને એક શબ્દથી વાચ્ય અર્થ અનેક હોઈ શકે છે, પરંતુ એક જ્ઞાન અનેક આકારવાળું હોઈ શકતું નથી. એક જ્ઞાનને એક જ આકાર હોય છે. જો એક જ્ઞાનને અનેક આકાર માનવામાં આવે તો બોધ જ થઈ શકે નહિ. વસ્તુનો નિયત બોધ થવામાં કારણભૂત જ્ઞાનનો નિયત આકાર છે. ક્ષયોપશમાદિના બળથી જ્ઞાન એ વિશિષ્ટ આકારને ધારણ કરે છે, અને એ વિશિષ્ટ આકાર અમુક પ્રકારનો નિયત બોધ કરાવે છે. બોધનું અનંતર કે અંતિમ કારણ શબ્દ કે અર્થ નથી, કિન્તુ ક્ષયોપશમના બળથી ઉત્પન્ન થતો જ્ઞાનનો વિશિષ્ટ આકાર છે. જે લોકો જ્ઞાનના

સાધન તરીકે શબ્દ કે અર્થ (સન્નિકર્ષ)ને માન્ય રાખે છે, તે લોકો (જ્ઞાનના) આકારને માન્ય ન રાખે, એ ચાલે જ કેમ ? શબ્દ કે અર્થ એ જ્ઞાનના પરંપર કારણ છે; અનંતર કારણ તો જ્ઞાનનો આકાર જ છે; એ માન્યા સિવાય ચાલી શકે નહિ.

બોધના અનંતર કારણ તરીકે, જેમ જ્ઞાનનો આકાર છે, તેમ એ જ્ઞાનાકારને ઉત્પન્ન કરનાર અર્થ (નો આકાર) છે. અર્થાકારને છોડીને જ્ઞાનનો અન્ય આકાર એ મિથ્યા બોધ કહેવાય છે. અને અર્થાકાર સમાન જ્ઞાનાકાર, એ સમ્યગ્ બોધ કહેવાય છે. અર્થાકાર સમાન જ્ઞાનાકાર, એ જ જો સમ્યગ્ બોધનું કારણ છે; તો એ અર્થાકારને અમાન્ય ઠરાવવાનું સામર્થ્ય કોનામાં છે ?

અર્થાકાર કહો કે મૂર્તિ કહો, બે એક જ છે. અભિન્ન વસ્તુગત આકાર તે અર્થાકાર કહેવાય છે. અને ભિન્ન વસ્તુગત આકાર તે મૂર્તિ કહેવાય છે. મૂર્તિ, પ્રતિકૃતિ, આકૃતિ એ બધા એક જ અર્થને કહેનારા શબ્દો છે. એ મૂર્તિને નહિ માનવાની વાત અજ્ઞાનમાંથી જન્મેલી છે. અસમાન આકારવાળી (અક્ષર) મૂર્તિઓ પણ જો સમ્યગ્ જ્ઞાનનું કારણ થઈ શકે છે, તો પછી સમાન આકારવાળી મૂર્તિ અર્થબોધનું કારણ થાય, એમાં શંકા જ શી છે ? સમાન અને અસમાન ઉભય આકારવાળી મૂર્તિ સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્ અને મિથ્યાદૃષ્ટિને મિથ્યા બોધનું અનન્ય કારણ છે, એ કારણે, વ્યવહારમાં જેમ જ્ઞાનના સાધન તરીકે સમાન આકારવાળા ચિત્રો (Photos and pictures) ને માનવામાં આવ્યાં છે, તેમ અસમાન આકારવાળા નકશા (Maps and plans)ને પણ સ્વીકારવામાં આવ્યા જ છે.

સમાન આકારવાળાં પ્રતીકોને શાસ્ત્રોમાં તદાકાર સ્થાપના અને અસમાનાકારવાળાં પ્રતિકોને અતદાકાર સ્થાપના તરીકે ઓળખાવવામાં આવેલ છે. એ બન્ને પ્રકારની સ્થાપનાઓનો જ્ઞાનનાં અનન્ય સાધન તરીકે, દરેક દેશ અને દરેક કાળના બુદ્ધિમાન માનવીઓએ સ્વીકાર કરેલ છે.

જ્ઞાનનાં પુસ્તક આદિ અન્ય સાધનો કરતાં સ્થાપનામાં ઘણી વિશેષતાઓ છે. સ્થાપના જ્ઞાનનું સર્વજનસાધારણ કારણ છે. પુસ્તકાદિ એ અમુક વિશેષ બુદ્ધિને વરેલાઓને જ સાધન બને છે. સ્થાપના વિશેષ બુદ્ધિવાળા કે સામાન્યબુદ્ધિવાળા બધાને જ્ઞાનનું સાધન બને છે. પુસ્તકથી થયેલું જ્ઞાન જલદી ભૂલાઈ જાય છે. સ્થાપનાથી સ્થિર જ્ઞાન થાય છે. પુસ્તક એકલું જ્ઞાનનું સાધન છે. સ્થાપના જ્ઞાન અને ધ્યાન ઉભયનું સાધન છે. પુસ્તકની એકલા મનના નિગ્રહમાં સાર્થકતા કે સદુપયોગિતા થાય છે. સ્થાપનાથી મન, તન, ધન અને વચન સર્વનો અનુક્રમે નિગ્રહ, સાર્થકતા અને સદુપયોગાદિ થાય છે. મનથી જ્ઞાન, ધ્યાન, તનથી સેવન, પૂજન, ધનથી મૂર્તિ–મંદિર, અને વચનથી સ્તુતિ સ્તવન તથા નમન–વંદનાદિ સર્વ સ્થાપનાને થઈ શકે છે.

આટલી બધી વિશેષતા છતાં સ્થાપનાને નિરૂપયોગી ઠરાવવા પ્રયત્ન કરવો એ બુદ્ધિનો પ્રમાદ છે, છિદ્રાન્વેષણ દૃષ્ટિ છે, અથવા કુસંસર્ગજનિત એક પ્રકારનો ચિત્તવિભ્રમ છે. એક વિચારક વિદ્વાન કહે છે કે–' અનાર્ય પ્રજાના સંસર્ગથી ભારતની આર્ય પ્રજામાં જે પણ દૂષણો આવ્યાં છે, તે બધામાં સૌથી મોટું દૂષણ એ મૂર્તિપૂજાનો વિરોધ છે.' મૂર્તિપૂજા યુક્તિસિદ્ધ છે, છતાં એ કેવળ તર્કનો વિષય નથી. કિન્તુ તર્કની સાથે જ્ઞાન, ભક્તિ, ભાવના અને શ્રદ્ધાનો વિષય છે. તેની સાચી કિંમત શુષ્ક બુદ્ધિચક્ષુ નહિ પણ શુદ્ધ હૃદયચક્ષુ જ કરી શકે છે. મૂર્તિ એ પરમાત્માની સ્મૃતિ કાયમ અને સ્થિર રાખવાને માટે અધિકમાં અધિક વિકસિત વૈજ્ઞાનિક સ્વરૂપ છે. સંસારમાં સ્મૃતિ માટે સામાન્ય પુરુષોના ફોટા લેવાય છે, અને મહાપુરુષોનાં સ્મૃતિસ્થાન (memorials) અને મંદિરો કરાય છે, તેમ ધાર્મિક

ક્ષેત્રમાં સામાન્ય દેવના પ્રતીક સામાન્ય મંદિર અને દેવાધિદેવના વિશાલ મંદિર અને મૂર્તિઓ બનાવાય છે. ચૈતન્ય શક્તિ અને જીવનનો સ્રોત જેમ આત્મા છે અને આત્માનું નિવાસસ્થાન જેમ દેહ યાને શરીર છે, તેમ ભક્તિ અને મુક્તિનો સ્રોત પરમાત્માના પ્રતિબિમ્બ સ્વરૂપ મૂર્તિ છે, અને મૂર્તિનું નિવાસસ્થાન પ્રભુમંદિર યાને શ્રી જિનચૈત્ય છે.

મૂર્તિને અલંકારો કેમ સજાવાય? ઇત્યાદિ પ્રશ્નો તો મૂર્તિને જડ પથ્થર સ્વરૂપ સમજવાવાળાના છે. મૂર્તિને સાક્ષાત્ દેવસ્વરૂપ માનવાવાળાને એવા પ્રશ્નો કદી ઊઠતા જ નથી. પોતાના પિતાની છબીને કોઈ ફૂલહાર પહેરાવે કે તેને ભાવપૂર્વક કોઈ નમન કરે, તે વખતે કોઈને કાંઈ પણ પ્રશ્ન ઊઠતો નથી. આદર્શ પુરુષના બાવલાની ઉદ્‌ઘાટન ક્રિયા જો કોઈ નામાંકીત પુરુષના હાથથી થાય છે અને તેના ઉપર ફુલના હાર ચઢાવવામાં આવે છે; તો કોઈને પણ તેમાં અસ્વાભાવિકતા લાગતી નથી. પ્રભુપ્રતિમાના પ્રસંગમાં જો ટીકા કે ટિપ્પણી થતી હોય તો માનવું જોઈએ કે આજકાલ ભારતમાં અનેક પ્રકારની બુરાઈઓ પરદેશીઓના સંસર્ગથી પ્રવેશ પામી છે, તેમાંની આ પણ એક છે

ભરત ચક્રવર્તીથી આજ સુધીનો ભારતીય ઇતિહાસ તપાસવાથી માલુમ પડશે કે– ભારતમાં થયેલ એકેએક આદર્શ જીવન જીવનાર વ્યક્તિના સત્ત્વ અને શીલની પાછળ પ્રતિમાપૂજનનો મહિમા ઝળકી રહ્યો છે. ભારતવર્ષમાં જે ધર્મપ્રેમ છે, તે સર્વ પાછળ ૧૦૦ માં ૯૦ ટકા શ્રેયઃ મૂર્તિપૂજાને ઘટે છે, એમ કહેવામાં કાંઈ પણ અત્યુક્તિ નથી.

અષાઢી શ્રાવક, ભરતચક્રી, સતી સીતા, કૃષ્ણ વાસુદેવ, સમ્રાટ સંપ્રતિ, મંત્રી વિમળશા, રાજા કુમારપાળ, વસ્તુપાળ, તેજપાળ, પેથડકુમાર, ઝાંઝણકુમાર, જાવડશા, કર્માશાહ આદિ ધર્મવીરોએ સ્વપર કલ્યાણાર્થે અનુપમ જિનમંદિરો બંધાવી ભારતભૂમિને અલંકૃત કરી છે. મંદિર રહિત ભારતભૂમિની કલ્પના કરીને જોવામાં આવે, તો પોતાની સામે એક ઉજાડ અને વેરાન પ્રાન્ત ખડું થયેલું દેખાશે ભારતીય પ્રજાને પ્રભુપ્રતિમાથી શુભ પ્રેરણાઓ સદા મળતી રહી છે, એટલું જ નહિ પણ પૂર્વજન્મના સંસ્કારાનુસાર અનાર્ય પ્રજાને પણ પુનિત પ્રેરણાઓ મળી છે. તેના દૃષ્ટાંત આર્દ્રકુમાર, બહાદુરશાહ, અકબરાદિનાં પ્રસિદ્ધ છે. આર્ય અનાર્ય માનવ જાત ઉપરાંત દેવ, દાનવ, ઇન્દ્ર, નાગેન્દ્રાદિ દેવજાતિને પણ મૂર્તિપૂજાથી આત્મકલ્યાણનો ભારે લાભ પ્રાપ્ત થઈ રહ્યો છે; તે છતાં તેમાં જે શંકા તે અનાર્ય સંસર્ગના દોષથી જ છે; એમ સમજવું જોઈએ.

કેટલાક પ્રશ્નો અને તેના ખુલાસા

પ્રશ્ન ૧–જડ મૂર્તિ ચેતનને શો ફાયદો કરે ?

ઉત્તર ૧–ચેતન આત્માને જડ ઇન્દ્રિઓ જ દેખવાની શક્તિ આપે છે. સચેતન આંખો જડ દર્પણની સહાયથી જ પોતાને જોઈ શકે છે. અડધો માઈલ પણ દૂર ન દેખી શકનારને જડ દુર્બિન હજારો માઈલ દૂર દેખાડી શકે છે.

પ્રશ્ન ૨–મૂર્તિ બનાવનારે ઈશ્વરને જોયા નથી, તો તેની બનાવેલી મૂર્તિ ઈશ્વરને કેવી રીતે દેખાડી શકે ?

ઉત્તર ૨–પૃથ્વીનો નકશો બનાવનારે પૃથ્વી ઉપર સઘળે સ્થળે ફરીને ગામ નગરાદિ જોયાં નથી, તો પણ તેનો ચિતરેલો નકશો જોનારને ગામ નગરાદિનું જ્ઞાન થઈ શકે છે. જ્ઞાન માટે ઇતિહાસ અને ભૂગોળ બંને સરખાં ઉપકારક છે. ઇતિહાસનું જ્ઞાન જેમ પુસ્તકથી થાય છે, તેમ ભૂગોળનું જ્ઞાન નકશાથી થાય છે. શાસ્ત્રો ઇતિહાસના સ્થાને છે, મૂર્તિ એ (નકશાદિ) ભૂગોળના સ્થાને છે.

પ્રશ્ન ૩–પથ્થરની મૂર્તિને જોવાથી પથ્થર જેવા કેમ ન બનાય!

ઉત્તર ૩–પથ્થરની મૂર્તિને જોવાથી પથ્થર જેવા બનાતું હોય, તો સ્ત્રીચિત્રને જોવાથી સ્ત્રી કેમ ન બનાય? સ્ત્રીને કે સ્ત્રીચિત્રને જોવાથી જેમ સ્ત્રીત્વ આવતું નથી પણ કામવિકાર જાગે છે, તેમ પ્રભુમૂર્તિને જોવાથી જડતા આવતી નથી, પણ (શુભ) ભક્તિભાવ જાગે છે.

પ્રશ્ન ૪–મૂર્તિ માંખી ઉડાડી શકતી નથી, તેને ખંડિત કરનાર કે તેનાં આભૂષણ ચોરનારને શિક્ષા કરી શકતી નથી, તેને પૂજવાથી શો લાભ?

ઉત્તર ૪–સાક્ષાત્ ઈશ્વર પણ તેને નહિ માનનાર કે અનાદર કરનારને શું શિક્ષા કરે છે? ફળ આપનાર ઈશ્વર નથી પણ પોતાના જ શુભાશુભ સંકલ્પ અને તદનુસાર બંધાતાં કર્મ છે.

પ્રશ્ન ૫–નામસ્મરણથી ભક્તિ થઈ શકે છે, તો પછી પ્રતિમાપૂજનની શી જરૂર?

ઉત્તર ૫–નામસ્મરણ માત્રથી દેવની ભક્તિ થઈ શકતી હોય, તો ગુરુભક્તિ પણ માત્ર નામસ્મરણથી કેમ ન થઈ શકે? નામસ્મરણ ઉપરાંત ગુરુ પ્રત્યે જો નમન, વંદન, સત્કાર, સન્માન આદિથી ભક્તિને સ્થાન છે, તો પછી દેવપ્રત્યે વંદન, નમન, સત્કાર, સન્માનાદિ વડે ભક્તિ બતાવવાની જરૂર કેમ નહિ! મંદિર અને મૂર્તિ વિના દેવની હયાતિ કે બીનહયાતિમાં દેવ પ્રત્યે વંદન નમનાદિ અશક્ય છે. સમ્યગ્દૃષ્ટિથી સર્વવિરતિધર પર્યંતના દરેક અધિકારીઓને સક્રિય દેવભક્તિ કરવાનું સાધન મંદિર અને મૂર્તિથી પ્રાપ્ત થાય છે; કેવળ નામસ્મરણ કે ગુણસ્મરણ માત્રથી તે શક્ય નથી.

પ્રશ્ન ૬–કોઈ વ્યક્તિ કેવળ નામસ્મરણ કે ગુણસ્મરણથી જ દેવભક્તિ કરવા ઇચ્છે, તો શું હરકત છે?

ઉત્તર ૬–સર્વ પ્રકારે પૂજનીયની કોઈ એકાદ પ્રકારે પૂજા કરવાનું સ્વીકારી અન્ય પ્રકારોનો નિષેધ કે ઉપેક્ષા એ પૂજનીયની ભક્તિ નહિ પણ એક પ્રકારની આશાતના છે. પ્રતિમા–પૂજા એ પરમાત્માની ભક્તિ કરવાના અનેક પ્રકારોમાંનો એક પ્રકાર છે. સુંદર મૂર્તિ, વિશાળ મંદિર, શ્રેષ્ઠ અલંકારો, પૂજાની ઉત્તમોત્તમ સામગ્રીઓ એ બધા ભાવોદ્દીપનના હેતુ છે. એથી ભાવ વધે છે, મન પવિત્ર થાય છે, અમંગલ નાશ પામે છે, કૃતજ્ઞતા બતાવાય છે. અને એનો નિષેધ કરવાથી કે ઉપેક્ષા દાખવવાથી શુભ ભાવનો નાશ થાય છે, મન મલિન બને છે, અમંગળ વધે છે, તથા કૃતઘ્નતાનું કલંક લાગે છે.

પ્રશ્ન ૭–પરમાત્માની વીતરાગ અવસ્થા પૂજનીય છે, તોપછી સ્નાત્રાદિ અને આભૂષણાદિની શું જરૂર?

ઉત્તર ૭–માતા પૂજનીય છે, તે કેવળ જન્મ આપતી વખતે કે ત્યાર પછી પણ! જન્મ આપનાર માતા જન્મ આપવાના કારણે પૂજનીય છે, તે જેમ કેવળ જન્મ આપતી વખતની અવસ્થામાં નહિ પણ સર્વ અવસ્થામાં પૂજનીય છે, તેમ તીર્થંકર દેવ પણ સર્વ અવસ્થામાં પૂજનીય છે. એમની એક વીતરાગ અવસ્થા પૂજનીય છે, એમ કહેવું એ માતા જન્મ આપતી વખતે પૂજનીય છે પણ તે પહેલાં કે પછી પૂજનીય નથી, એમ કહેવા બરોબર નથી? મૂર્તિ જો કોઈ એક જ આકારે તૈયાર થઈ શકે છે, તો તેને ઘડવામાં એક વીતરાગ આકાર પસંદ કરવો એ જ યોગ્ય છે. પરંતુ તેથી અન્ય અવસ્થાઓ અને તેના આકારો અપૂજનીય ઠરતાં નથી. કોઈ પણ અવસ્થાની પૂજા ન રહી જાય એ માટે સ્નાત્રાદિ વડે જન્માવસ્થા, આભૂષણાદિ વડે રાજ્યાદિ અને શાંતાકારાદિ વડે વીતરાગતાદિ અવસ્થાઓની ભક્તિ શાસ્ત્રવિહિત છે. (ચાલુ)

निर्भ्रान्त डिण्डिम

लेखक—पूज्य मुनिमहाराज श्रीवल्लभविजयजी, बीकानेर

श्वेताम्बरभृतां साधूनां त्रयोदशपञ्चिनाम् ।
नामार्हद्धर्मधर्तृणां दयादानमुमुक्षताम् ॥
अधिकेष्वपि सूत्रेषु द्वात्रिंशत्सूत्रमानिनाम् ।
द्वादशाङ्ग-दुरूहार्थ-तत्त्वपर्व-भ्रान्त-चेतसाम् ॥
कृते निःश्रेयस-पथ-प्रदर्शी युक्तिसंगतः ।
निर्भ्रान्त-डिण्डिमो नाम वल्लभेन प्रणीयते ॥

भारतवर्ष एक ऐसा धर्मप्रिय देश है कि जहां भोलीभाली धर्मभीरु जनता प्रायः एक बार तो किसी भी धर्मोपदेशकके भाषित मन्तव्योंको धर्मके नामपर अंगीकार कर ही लेती है, चाहे वह धर्मोपदेशक निरक्षरभट्टाचार्य ही क्यों न हो, वा नामधारी संन्यासी क्यों न हो। हां, यह दूसरी बात है कि उस धर्मकी वृद्धि या ह्रास यथासंभव शीघ्र या दीर्घ कालमें होता है। यही कारण है कि, यहां जो कोई भी आया, धर्मकी आडमें बाबा बनकर अपना अड्डा जमा लिया। इसी लिये तो यहां सहस्रों सम्प्रदाय चल रहे हैं, संगठनका अभाव है और स्वतंत्रताका दिवाला है। अथवा यों कहिये कि पञ्चम कालका प्रभाव ही ऐसा है कि—ज्यों ज्यों काल बीतता है त्यों त्यों एकके बाद दूसरा, दूसरेके बाद तीसरा....इस तरह धर्मके नाम पर अनेक मत—मतान्तरोंकी रूप—रेखासे अगणित सम्प्रदाय बढ़ते चले जा रहे हैं। फिर भी इस एक ही ऐलानमें सारी ढोंगी दुनिया थर्रा जाती है कि—"सत्यमेव जयति, नानृतम्।"
अर्थात् सत्यकी विजय अवश्य होती है, अतः झूठकी हार भी सुनिश्चित है। ऐसी विजय और पराजय समयकी प्रतीक्षा करती है, यह एक और बात है।

उन निरर्थक बढ़े हुये सम्प्रदायोंसे लाभकी जगह हानि होती है और सामाजिक समस्याके सुलझानेमें उलझनें पैदा होती हैं, राष्ट्रीय समस्यामें अनीतिका आरोपण होता है और देशकी स्वतंत्रतामें—स्वातंत्र्यकार्यक्रममें सुदुःसाध्यता और असंभवता प्रतीत होती है। कारण कि—धर्मोद्देश्यका साधारण अर्थ है आध्यात्मिक भावोंका विकास करना। लेकिन विशेषार्थ दृष्टिसे तो आधिदैविक और आधिभौतिक गुणोंकी सिद्धिमें और मानवजीवनके साफल्यमें यदि हम धर्मको सहायक कहें तो कुछ भी अत्युक्ति नहीं होगी।

धर्मके विषयमें धर्मगुढार्थतत्त्वालोकी प्राचीन पण्डितप्रकाण्डोंके अनेक अमूल्य पद्यरत्न आज भी भारतीय सभ्यसाहित्य—समाजमें चमक रहे हैं, उन्हींमेंसे एक प्रौढ़ कविके हृदयका उद्गार कैसा सरस, सुन्दर और भावुकतापूर्ण है, देखिये—

न जातु कामान्न भयान्न लोभाद्धर्मं जह्याज्जीवितस्यापि हेतोः ।
धर्मो नित्यः सुखदुःखे त्वनित्ये जीवो नित्यो हेतुरस्य त्वनित्यः ॥

भावार्थ यह है कि–कामसे या भयसे अथवा लोभसे, किंवा अपने जीवनोपायके लिये भी धर्मको नहीं छोड़ना चाहिये, कारण कि धर्म नित्य है और सुखदुःख अनित्य हैं, एवं जीव नित्य है और इसका कारण अनित्य है। इसका निचोड़ यह निकला कि धर्मसे विचलित होना बिलकुल पागलपना या निरी मूर्खता है और अपने धर्मका अच्छी तरह पालन करना मानवताकी सफलताका प्रतीक है। धर्मके ऊपर विचार पूर्वक गंभीर दृष्टि डाली जाय तो सहर्ष स्वीकार करना पड़ेगा कि धर्मके ही उत्थान-में देश, समाज और राष्ट्रका अभ्युत्थान है और धर्मके पतनमें देश, समाज एवं राष्ट्रका पतन निहित है। और आत्माके उत्थान–पतनमें धर्मका निकटतम संबन्ध तो प्रत्यक्ष और सर्वविदित ही है। इसलिये धर्मके उद्देश्यको लेकर प्रत्येक व्यक्तिको अपनी श्रद्धा और मान्यताके अनुकूल धर्मको माननेका पूर्ण अधिकार है। मगर इसका तात्पर्य्य यह नहीं कि कोई महादाम्भिक धर्मकी आडमें छिपकर आध्यात्मिकताका पतन करता हो, मानवताका नाश करता हो, नैतिकताकी जड़का समूलोच्छेदन करता हो और स्वार्थान्धताके बीजको अंकुरित करता हो तो उसे कोई न रोके। अर्थात् ऐसे स्वार्थान्धपूर्ण संगठन (प्रचार)का सर्वथा विरोध करना और तथाकथित उन विरोधीय प्रचारोंको यथासंभव शीघ्र धूलमें मिला देना मानवताके प्रत्येक पुजारी और प्रत्येक नीतिनिपुण प्रजावत्सल राजाका परमावश्यक कर्त्तव्य है।

विश्वके कल्याणके चाहनेवाले प्रत्येक प्राचीन और नवीन महापुरुष विश्व–शान्तिके उपायोंका अन्वेषण कर चुके हैं, करते हैं और करेंगे भी। उन प्रातःस्मरणीय दयार्द्रहृदय महापुरुषोंका सैद्धान्तिक उपदेश है कि–दुःखमें एक दूसरेकी सहायता करना, परोपकार करना, परस्पर मैत्रीभाव रखना आदि विश्व–शान्तिके प्रधानतम साधन हैं, और यही मानवताका अप्रतिम प्रतीक है। इन्हीं बातोंको प्राचीन धर्माचार्योंने भावपूर्ण अनवद्य पद्योंमें कैसा सुन्दर बतलाया है, वह देखिये और निष्पक्ष बुद्धिसे विचार किजीए, जैसेः—

> श्रूयतां धर्मसर्वस्वं श्रुत्वा चैवावधार्यताम्।
> आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्॥
> अष्टादशपुराणेषु व्यासस्य वचनद्वयम्।
> परोपकारः पुण्याय पापाय परपीडनम्॥

यह एक सर्वमान्य निर्भ्रान्त सिद्धान्त है, और यह है कारुण्यरसोन्मेषी एक भावुक कविका भव्यभावनाभावित जनताचित्ताकर्षक सरल हृदयका गंभीरार्थक सुन्दर उद्गार। वास्तवमें किसी जीवको दुःख नहीं पहुंचाना, दुःखित जीवोंकी रक्षा करना, असहायकी सहायता करना, भूखेको भोजन देना, प्यासेको पानी देना, मरते हुए जीवोंको बचाना, रोगीको दवा देकर नीरोग करना, और उपकारीके प्रति कृतज्ञता प्रकाश करना........आदि मानवमात्र-

का परम कर्त्तव्य है, इस बातको एसियासे यूरप तक विश्वके सभी सभ्य लोक निःशंक होकर स्वीकार करते हैं। मगर लज्जाके साथ विवश होकर यह लिखना पड़ता है कि धर्मके नाम पर एक ऐसा भी सम्प्रदाय चल रहा है जो पूर्वोक्त दया–दानादि धार्मिक बातोंमें पापको बतलाता है। इस सम्प्रदायका नाम "जैन श्वेताम्बर तेरहपन्थ" है। हमारी समझसे यदि इसका नाम "विचित्र पन्थ" रखा जाता तो बहुत अच्छा (अन्वर्थक) नाम होता, क्योंकि दुनिया जिसे पुण्य मानती है, उसे ये तेरहपन्थी पाप मानते हैं। अधिक क्या? दया, दान, परोपकार, लोकसेवा आदि कल्याणकार्यको विश्वके धार्मिक सिद्धान्तोंमें एवं उच्चतम मानव जीवनमें एकतम लक्ष्य या परम कर्त्तव्य माना जाता है, किन्तु उन सभी धार्मिक सिद्धान्तोंको तेरहपन्थी अधोगतिका कारण मानते हैं। बस, यहाँसे इनकी विदूरदर्शी विवेकदृष्टि(!)का श्रीगणेश होता है, जिससे धार्मिक सिद्धान्तोंके नामपर अधार्मिक शस्त्रका आविष्कार होता है। 'जैनधर्म' दया और जीवरक्षाके विषयमें सबसे आगे बढ़ा हुआ है, किन्तु खेदकी बात है कि—उसी जैनधर्मकी आडमें छिपकर ये तेरहपन्थी उसी (धर्ममूल दयाके सर्वतः पोषक) जैनधर्मके मुख्यतम सिद्धान्त-का समूलोच्छेदन करनेपर कटिबद्ध हैं। अतः प्रत्येक जैन और जैनेतर धर्मबन्धुओंको चाहिये कि वे ऐसे विश्वव्यापी धर्मोंके विरुद्धके प्रचारोंका तन, मन और धनसे प्रबल विरोध करें।

इन तेरहपन्थियोंकी मतिविभ्रमता सार्वदेशिक धर्मसे कितना सम्बन्ध रखती है, यह जैन जनताको जताना आवश्यक है, अतः 'सूची—कटाह' न्यायसे दया—दानके विषय-में तेरहपन्थियोंके माने हुये कुछ सिद्धान्त नीचे दिये जा रहे हैं, जैसे:—

१. गौओंसे भरे हुये बाड़े (गो—गृह)में आग लग जाय और यदि कोई दयालु पुरुष उस बाड़े (गो—गृह)के किवाड़को खोल कर उन पशुओंकी रक्षा करे तो उसको 'एकान्त पाप' लगता है।

२. बोझ (भार) से भरी हुई गाड़ी आ रही है, और उस मार्गमें बालक सो रहा है, यदि कोई दयावान् पुरुष उस बालकको उठाकर उसके प्राणोंकी रक्षा कर देता है तो तेरहपन्थी उसे 'एकान्त पापी' कहते हैं।

३. यदि किसी ऊंचे मकानसे बालक गिर रहा है, और कोई दयावीर बीचमें ही उसके प्राणोंको बचा लेता है, तो तेरहपन्थियोंके सिद्धान्तोंसे वह एकान्त पापी है।

४. किसी सच्चे तपस्वी साधुके गलेमें फांसी देकर कोई हिंसक उसको मारना चाहता है, यदि उस तपस्वीके गलेसे फांसी हटाकर कोई उसकी जानको बचाता है तो तेरहपन्थी उसको एकान्त पापी कहते हैं।

५. असावधानीसे पैरके तले (नीचे) आकर यदि कोई जीव मर रहा है, और उस जीवको यदि कोई बचा दे तो तेरहपन्थी उसे एकान्त पापी कहते हैं।

६. तेरहपन्थी साधुओंके अतिरिक्त संसारके सभी प्राणी कुपात्र हैं, इसलिये तेरह–पन्थि साधुओंके अतिरिक्त किसीको दान देना–उनके जीनेकी चाह करना पाप है।

७. पुत्र अपने मातापिताकी और स्त्री अपने पतिदेवकी सेवा करे तो उसमें भी तेरह–पन्थी एकान्त पाप को कहते हैं और माता–पिताको भोजन देना भी तेरहपन्थियोंके मन्तव्यानुसार एकान्त पाप है।

प्रिय पाठकगण ! मैंने जो कुछ ऊपर लिखा है, वह अपनी तरफसे नहीं किन्तु तेरह–पन्थ मतके आद्य प्रवर्तक और उनके परम्परा अनुगामियोंके सैद्धान्तिक पुस्तकोंसे ही उद्धृत किया है। तेरहपन्थियोंके आद्य आचार्य भिक्खुजी स्वामी हुये हैं। उन्होंने यथाबुद्धि बयोवृद्धसे "अनुकम्पा–ढाल" नामक पुस्तक लिखी है, उसके कुछ उद्धरण नीचे दिये जा रहे हैं, जैसे–

"कोई लायमें बलताने काढ बचायो, वले कूवे पडताने बचायो,
वले तालावमें डूबताने बाहरे काढे, वले ऊंचाथी पडताने झाल लियो तायो,
ओ उपकार संसार तणो छे, संसार तणो उपकार करे छे,
तिणरे निश्चय संसार वधे ते जाण ॥" ढाल ११, पृ. ५२।

भावार्थ–अग्निमें जलते हुये जीवोंको कोई बाहर निकालकर बचावे, कूएमें गिरे हुयेको बचावे, तालावमें डूबते हुयेको बाहर निकाल कर बचावे, अथवा ऊपरसे गिरते हुयेको बीचमें ही झेलकर बचावे, तो ये सबके सब संसारी उपकार हैं, संसारका उपकार करनेसे निश्चय करके संसारकी वृद्धि होती है अर्थात् ऐसे उपकार करनेवालोंको तेरहपन्थी पापी कहते हैं।

"गृहस्थरे लागी लायो घर बारे निकलियो न जावे।
बलता जीव बिल बिल बोले साधु जाय किवाड़ न खोले" ॥ ढाल २, पृ. ५।

भावार्थः–किसी गृहस्थके घरमें आग लग गई हो, यदि घरके लोग बाहर नहीं निकल सकते हों, भीतरके भीतर ही बिलबिला रहे हों तो भी साधु वहां जाकर किवाड़ नहीं खोले।

"लाय लगी जो गृहस्थ देखे तो तुरत बुझावे छ कायाने जीव मारी।
यह सावद्य कर्त्तव्य लोक करे छे तिनमें तो धर्म कहे सांगधारी ॥" ढाल २, पृ.६।

भावार्थः–कहीं आग लगी देखकर गृहस्थ लोग उसे शीघ्र बुझाते हैं और छह कायके जीवोंका घात करते है और सांगधारी (वेशधारी साधु) उसमें भी धर्मको मानते हैं।

"कोई मात पितारी सेवा करे दिनरात, वले मनमाना भोजन त्यांने खवाय।
वले कांवड़ कांधे लिया फिरे त्यारी, वले बेहू टंकोरा स्नान करावे ताई" ॥
ढाल ११ पृ. ५२।

भावार्थः–कोई दिनरात माता–पिताकी सेवा करे, उन्हें मनमानी वस्तु खिलावें, कावड़में बिठाकर उनको कन्धे पर लिये फिरे, दोनों समय उन्हें स्नान करावे तो यह संसार बढानेवाला उपकार है, अर्थात् यह भी तेरहपन्थियोंके मतमें पाप है। और–

"व्याधि अनेक कोढ़ादिक सुणीने, तिन उपर वैद् चलाईने आवे ।
अनुकम्पा आणी साजो कीयो, गोली चूर्ण दे रोग ममावे ॥" ढाल १, पृष्ठ ४

भावार्थः—कोढ़ आदि व्याधिको सुनकर रोगीके लिये वैद्य आये और वह वैद्य सदय होकर उस रोगीको गोली किंवा चूर्ण (दवा) देकर रोगको मिटा देवे तो यह दया सावद्य है, अर्थात् ऐसी दयाको तेरहपन्थी पापपूर्ण समझते हैं। और भी देखिये—

"गृहस्थने भेषज औषध देईने, अनेक उपाय कर जीव बचायो ।
यह संसार तणो उपकार कियामें मुक्तिरो मारग मूढ बतायो,
भेषधारी भूलांरो निर्णय कीजे ॥" ढाल ८, पृ. २८।

भावार्थः—औषध आदिको देकर अथवा किसी अन्य उपायसे गृहस्थोंका जीवन बचाना संसार बढ़ानेवाला उपकार है, मूढ लोग इस उपकारको मुक्तिका मार्ग बतलाते हैं, अतः हे भेषधारी साधुओ ! आप अपनी भूलोंका निर्णय करें। और—

"गृहस्थ भूलो उजाड़ बनमें, अटवीने चले उजड़ जावे,
तिणने मार्ग बतायने घर पहुंचावे, चले थाके हुवो तो कांधे बैठावे,
ओ उपकार संसार तणो छे" ॥ ढाल ११, पृष्ठ ५३ ।

भावार्थः—यदि कोई गृहस्थ उजाड़ वन (घोर जंगल)में रास्ता भूलकर उल्टे रास्तेमें चलने लगे, उस कुपथगामी पथिकको ठीक मार्ग बतलाकर घर पहुंचाना और यदि वह थका हो तो उसे अपने कन्धे पर बैठा लेना संसारका उपकार है, अर्थात् इस उपकारसे संसारमें चक्कर खाना पड़ता है, अतः यह भी तेरहपन्थियोंके मन्तव्यानुसार पाप ही है।

श्रीयुत भिक्खूजी स्वामीके 'अनुकम्पा—ढाल 'का कुछ अंश: नमूनेके तौरपर ऊपर दिया गया है, और उसका भावार्थ भी उसीके नीचे दिया गया है, जिससे सर्वसाधारणको उनके अनुकम्पा विषयक विचार भलीभांति ज्ञात हो जाय। हमारी समझसे श्रीयुत भिक्खूजी स्वामीके "अनुकम्पा ढाल "को यदि निर्दयताका अप्रतिम प्रतीक और अमानुषताका अनुपम दृश्य कहा जाय तो कुछ भी अतिशयोक्ति नहीं।

श्रीयुत भिक्खुजीको चौथी पाटपर श्रीजीतमलजी स्वामी हुए। आपका दूसरा नाम श्री 'जयाचार्य 'भी तेरहपन्थियोंमें प्रसिद्ध है। श्रीजीतमलजीने श्रीभिक्खुस्वामीकी उक्त उत्सूत्र-प्ररूपणाको यथामति खूब बढ़ाचढ़ाकर "भ्रम—विध्वंसन" नामकी एक पुस्तिका लिखी है। इस धर्म—विरुद्ध—प्ररूपणा—युक्त ग्रन्थका समूलोच्छेदन करनेके लिये जैनागम—प्रभाव—पूर्ण तर्क—युक्तिसे भरपूर "निर्भ्रान्त—तत्त्वालोक" नामका मेरा एक ही निबन्ध काफी है।

श्रीयुत भिक्खुजी और श्रीजीतमलजीकी पुस्तकोंसे स्पष्टतया प्रतीत होता है कि तेरह-पन्थी साधुओंके अतिरिक्त संसारके सभी प्राणी कुपात्र हैं, और उनका कहना है कि तेरह-पन्थी साधुओंके अलावा सभी अन्य साधु वेषधारी, गमार और हिंसामें धर्म मानने वाले हैं, जैसे—

" साधुथी अनेरो कुपात्र छे " (भ्रम-विध्वंसन, पृष्ठ ७९ ।)

यानी तेरहपन्थी साधुओंको रायसे वास्तवमें साधु वही है, जो दया, दान आद पुण्यकर्ममें पापका निरूपण करता है । यह है तेरहपन्थियोंके धार्मिक सिद्धान्तोंका एक विचारणीय ज्वलन्त उदाहरण । अथवा अन्य धर्मोंसे यह तेरहपन्थी धर्म उतना ही प्रतिकूल है जैसे धर्मसे पाप, प्रकाशसे अन्धकार और अग्निसे जल । इस तरहका मत किसी भी देश, समाज या राष्ट्रके लिये सर्वथा अहितकर है, क्योंकि जिस किसी भी धर्ममें निर्दयता और स्वार्थान्धताके भाव भरे हों वह धर्म उस समाज, देश और राष्ट्रके उत्थानका प्रतिबन्धक होकर पतनका कारण हो जाता है । अतः प्रत्येक समाजसेवक धर्मशील नरेशोंसे मेरा अनुरोध है कि वे ऐसे समाज-देश राष्ट्र-अहितकर अनार्य धर्मोंका यथासम्भव शीघ्र समूलोच्छेदन करनेके लिये चेष्टा करें । आश्चर्य तो इस बातका है कि मानवसंस्कृतिका महाघातक व निर्दयताका अनुपम चित्रपट, यह " तेरह-पन्थ-धर्म " भगवान् महावीरके नामसे खड़ा हुआ है । जिस महापुरुषका शुभ जन्म पीड़ितोंकी रक्षाके लिये कहा जाता है, या जिन्हें दयाका अवतार सारी दुनिया मानती है, अथवा जिनके जीवनका लक्ष्य दया और अहिंसाका प्रचार था, उन्हीं महापुरुषके नाम पर ऐसे निन्दनीय पापमय धर्मका चलना, क्या पवित्र धर्मवृक्षकी जड़में कुठाराघात नहीं है ?

इस बातकी साक्षी विश्वका इतिहास दे रहा है कि मारे जाते प्राणियोंकी रक्षाके लिये ही भगवान् महावीर और बुद्धने अपने विशाल राज्यको छोड़कर संन्यासको अंगीकार किया था । किन्तु खेद है कि विशेषदर्शी तेरह-पन्थी लोग भगवानके इन दया, दानादि परम पवित्र मानवोचित कार्योंको पाप बतला रहे हैं अतः इससे बढ़कर अधर्म, असत्य तथा विश्ववन्द्य महापुरुषका अपमान क्या हो सकता है ?

केवल दया, दान ही के ऊपर इनका यह कुत्सित विचार नहीं है, किन्तु मानवोचित आत्मकल्याणकारक " मूर्तिपूजा, जिनमन्दिरनिर्माण, धर्मशालाविधान " आदि सर्वजनोपकारी कार्यों पर इनका कुठाराघात हुआ है । हम हैरान हैं कि जब ये ३२ आगमोंको मानते हैं, तो फिर उन आगमोंमें कहे हुये धर्मोंको क्यों नहीं मानते ? क्योंकि प्रकृतिने मानवसमाजके लिये अन्य प्राणियोंकी अपेक्षा विशेष बुद्धि रखी है, अतः प्रत्येक कर्तव्य पर मननशील होकर विचार करना मनुष्यमात्रका कर्त्तव्य है ।

तेरहपन्थियोंका कहना है कि भगवानने ३२ आगमोंमें कहीं भी जैन मन्दिर बनानेको नहीं कहा । हम पूछते हैं कि यह मिथ्या अपलाप कहांतक टिक सकेगा ? आप पक्षपातको छोड़कर विचारिये, हम आपके माने हुये आगमोंका ही प्रमाण देते हैं, प्रमाण यह है कि-

नंदीसूत्र आपके ३२ सूत्रोंमें है, उसी नन्दीसूत्रमें महानिशीथसूत्रका नाम दिया हुआ है, उस महानिशीथसूत्रमें लिखा है कि–" जिनमन्दिर करने वाले बारहवें स्वर्गको जाते हैं।"

अब विचारनेकी बात है कि जो समकीति जीव है वही वैमानिक आयुष्यको बांधता है, इस लिये जिनमन्दिरनिर्माण करानेवाला स्वयं सम्यग्दृष्टि है, ऐसा सिद्ध होता है, अतः इसमें धर्म होनेसे साधुलोग इस बाबतका उपदेश समकिती जीवोंको देते हैं।

और भी तेरहपन्थियोंका कहना है कि–" स्थानांगके दूसरे ठाणमें दो प्रकारका धर्म कहा है, एक सूत्रधर्म और दूसरा चारित्र्यधर्म। सो प्रतिमा पूजनेमें और मन्दिर करानेमें कौनसा धर्म है?"। उत्तरमें हम पूछते हैं कि–' प्रतिमा–पूजन, मन्दिर बनाना, संघ निकालना आदि धर्मकार्योंको भी आप क्यों नहीं मानते? जब कि प्रत्येकका प्रमाण प्रत्यक्ष है; देखोः– ठाणांगके तीसरे ठानमें पृष्ठ ११७ में लिखा है कि–" जिनप्रतिमाकी तरह साधुको भक्तिको करता हुआ जीव शुभ दीर्घायुष्य कर्मको उपार्जन करता है। पाठ यह हैः–

" तिहिं ठाणेहिं जीवा सुहदीहायुअत्ताए कम्मं पगरेंति। तं जहा णो पाणे अइवाइत्ता हवई, णो मुसं वइत्ता हवइ, तहारूवं समणं वा वंदित्ता नमंसित्ता सक्कारेत्ता सम्माणेत्ता **कल्याणं मंगलं देवयं चेइयं** पज्जुवासेत्ता मनुन्नेणं पीइकारएणं असणपाणखाइमसाइमेणं पणिलाभेत्ता हवइ इच्चेएहिं तिहिं ठाणेहिं जीवा सुहदीहायुअत्ताए कम्मं पगरेंति "।

इसका सारांश ऊपर ही दे दिया गया है। इसी तरह और भी तेरहपन्थियोंका भ्रमात्मक निर्मूल कथन है कि–" जिन-प्रतिमाको जिन-समान प्ररूपण करते हो सो ३२ सूत्रोंमें कहांहै? दिखलाओ। उत्तरमें निवेदन है कि " जिनप्रतिमा जिनसमान है " इसका पूर्ण प्रमाण ' रायपसेणी-सूत्र 'के १९० पृष्ठमें " धूवं दाउणं जिनवराणं " ऐसा पाठ है। इसका अभिप्राय यह है कि ' जिनवरको धूप देकरके '। इसमें मूर्तिको जिनवर कहा है, अतः इसीसे सिद्ध होता है कि–जिनप्रतिमा जिनसमान है। इसके अतिरिक्त 'ज्ञातासूत्र'के १२५५ वें पृष्ठमें लिखा है कि–" जेणेव जिणघरे " यहां भी जिनप्रतिमाको जिनघरके समान कहा है। अतः जिन-प्रतिमाको जिनसमान कहना आगमसंमत एवं युक्तियुक्त है। इस तरह मूल आगम पाठोंसे ही ' जिनमन्दिरनिर्माण ' और ' प्रतिमापूजा ' आदिकी सिद्धि हो जाती है और टीका, चूर्णी, भाष्य, निर्युक्ति आदिमें तो इसके परिपुष्टिके प्रमाण दर्जनों भरे पडे हैं। मगर खेद है कि जहां इनको स्वार्थसिद्धियोंमें बाधा पहुंचती है वहां ये अपना मानी हुई बातोंको भी नहीं मानते, अतः ऐसी दुराग्रहताको केवल अविवेकपूर्णता या स्वार्थान्धसाधनता ही कह सकते हैं। क्योंकि तेरह-पन्थी साधु ३२ सूत्रोंको ही मानते हैं और टीका, निर्युक्ति आदिको नहीं। हम पूछते हैं कि ' नन्दीसूत्र ' को तो आप मानते हैं, लेकिन उसी 'नंदीसूत्र'में टीका, निर्युक्ति,

भाष्य आदि बातोंको माननेके लिये कहा गया है तो उसको माननेमें अपनी हैसियत क्यों नहीं मान लेते ? और भगवतीसूत्रके २५ शतक, ३ उद्देश, १६८२ पृष्ठमें कहा है कि—

" सुत्तत्थो खलु पढमो बीओ निज्जुत्तिमीसओ भणिओ ।
तइयो य निरवसेसो एस विही होइ अणुओगे ॥

भावार्थः—प्रथम सूत्रार्थको लेना, अनन्तर निर्युक्ति सहित लेना और तीसरा निरवशेष (संपूर्ण) लेना, यह विधि अनुयोग (अर्थ) करनेकी है ।

श्रीभगवतीसूत्रमें टीका, निर्युक्ति आदिको प्रमाण माननेका साफ साफ लिखा हुआ है, फिर भी अपनी दुराग्रहतासे ये लोग नहीं मानते हैं । इतना ही नहीं, तेरहपन्थियोंका कहना है कि—" भगवान् महावीरने एक बार गोशालकको जलनेसे बचाया था, इस लिये महावीर चूक गये " । बड़े आश्चर्य और खेदकी बात है कि महाज्ञानी भगवान् महावीर चूक गये, और विभीषणभावभाषी भिक्खुजी और जीतमलजीकी विभ्रान्त बुद्धिमें बड़ी चूक भी कोई चूक नहीं ! अस्तु ! हमने इनके प्रत्येक धर्म-प्रतिकूल मन्तव्योंका अपने 'निर्भ्रान्त-तत्त्वालोक'में यथास्थान समुचित उत्तर दिया है । और मूर्त्ति-पूजाके विषयमें "मूर्त्ति-पूजा-तत्त्वालोक" नामका एक ट्रेक्ट अलग लिखा है । उक्त दोनों पुस्तकोंसे पाठकोंको मालूम हो जायगा कि सत्य सत्य ही होकर चिरस्थायी होता है, और असत्य असत्य होनेसे क्षणभंगुर या जलका बुलबुला है । तेरह-पन्थी साधुगण अपनेको पवित्र आचरणवाले मानते हैं, मेरे ख्यालसे तो यह 'अपने मुह मियां मिट्ठु बनना' है । क्योंकि, उनके भीतर घुस कर जिन्होंने देखा है वे भलभांती जानते है कि वहां क्या है ? पर हम इस निन्दित विषयके वक्तव्यमें आगे बढ़ना नहीं चाहते । पर इतना लिखना आवश्यक समझते हैं कि—

तेरह-पन्थी साधुओंका व्याख्यान रातमें होता है, जिसमें स्त्री, पुरुष सभी इकठे होते हैं । रातमें साधुके स्थान पर स्त्रीका जाना शास्त्रमें निषिद्ध (वर्जित) है ।

तेरहपन्थी पूज्यश्रीकी सेवाके लिये आठ राजसतियाँ चुनी जाती हैं, वे पूज्यश्रीको परदेमें भोजन कराती हैं तथा दूसरी सेवायें भी करती हैं । साध्वियोंके द्वारा साधुकी सेवा होना आचरणकी दृष्टिसे कभी अभिनन्दनीय नहीं हो सकता है ।

इसी तरह इनके मार्गकी सेवा और पालन आदि बहुतसी बातें शास्त्र और लोककी दृष्टिसे अनुचित हैं । अब हम अपनी लेखनीको विश्राम देकर अन्तमें एकवार प्रत्येक विचार-शील जनता—हितैषी देश—सेवकों और सद्दृष्टि-ज्ञान-चारित्र्य-धारी साधुओं एवं नीति—निपुण प्रजा-वत्सल सद्धर्मधुरन्धर धराधिपतियोंसे फिर भी अनुरोध करते है कि वे सर्वथा प्रयत्नशील होकर इस धर्मने फैलाए हुए कलङ्क-पङ्कको अच्छी तरह धो डालें ।

" तुष्यन्तु सुजना बुध्वा सदर्थान् मदुदीरितान् ।
अबोधेन हसन्तो मां तोषमेष्यन्ति दुर्जनाः ॥ "

દિગંબર વિદ્વાન્ શ્રીમાન્ નાથુરામ પ્રેમીજીએ સ્વીકારેલી

તત્ત્વાર્થભાષ્યની સ્વોપજ્ઞતા

લેખકઃ–પૂજ્ય મુનિમહારાજ શ્રી-ન્યાયવિજયજી (ત્રિપુટી)

મુંબઈના ભારતીય વિદ્યાભવન તરફથી પ્રગટ થતા 'ભારતીય વિદ્યા'ના થોડા સમય પહેલાં બહાર પડેલ વાર્ષિક અંકમાં "ઉમાસ્વાતિકા તત્ત્વાર્થસૂત્ર ઔર ઉનકા સમ્પ્રદાય" શીર્ષક લેખ પ્રગટ થયો છે, જેના લેખક દિગંબર સમાજના સુપ્રસિદ્ધ સાહિત્યસેવી ઇતિહાસપ્રેમી નાથુરામજી પ્રેમી છે. પ્રેમીજીથી શ્વેતાંબર સમાજનો વિદ્વદ્‌વર્ગ ભાગ્યે જ અપરિચિત હશે એમ હું ધારું છું. એમણે આ લેખમાં પોતાની સંશોધકવૃત્તિ અને નિખાલસતાનો સુંદર પરિચય આપી જિજ્ઞાસુઓમાં નવીન શોધખોળની ભાવના પ્રગટાવી છે.

વાચકવર્ય શ્રીઉમાસ્વાતિજીના તત્ત્વાર્થસૂત્રને શ્વેતાંબરો અને, થોડા ફેરફાર સાથે, દિગંબરો બહુમાન અને આદરથી જુવે છે. શ્વેતાંબરો મૂળ તત્ત્વાર્થસૂત્રને જ નહીં, કિન્તુ એના ભાષ્યને પણ સ્વોપજ્ઞ–અર્થાત્ ઉમાસ્વાતિ વાચકવર્યનું બનાવેલું માને છે, અને એ સિવાયના બીજા ગ્રંથો પણ વાચકવર્ય શ્રીઉમાસ્વાતિજીએ બનાવ્યા છે એમ માને છે, અને તેમના પાંચસો પ્રકરણગ્રંથો પૈકીના 'પ્રશમરતિ પ્રકરણ', 'પૂજા પ્રકરણ' વગેરે ભવ્ય પ્રકરણગ્રંથોને પણ બહુમાનથી માને છે. દિગંબર સમાજ તત્ત્વાર્થસૂત્રને કેટલાંક સૂત્રો ફેરવીને ઉમાસ્વાતિજીકૃત માને છે, પણ તેના ભાષ્યને તો તેઓ સ્વોપજ્ઞ નહોતા માનતા, અને પ્રશમરતિ પ્રકરણ વગેરેને પણ તેમની કૃતિ તરીકે નહોતા સ્વીકારતા. આ લેખમાં શ્રીયુત પ્રેમીજીએ શ્રુતિ અને દલીલોનો પ્રચુરતાથી ઉપયોગ કરી એ સિદ્ધ કર્યું છે કે–આ ભાષ્ય બીજી બધી ટીકાઓ કરતાં પ્રાચીન છે એટલું જ નહીં પણ એ સ્વોપજ્ઞ જ છે, અને એની કારિકાઓનો ઉપયોગ દિગંબર આચાર્યોએ પોતાની ટીકામાં કર્યો છે અને પ્રશમરતિ પ્રકરણના રચયિતા પણ વાચકવર્ય ઉમાસ્વાતિજી જ છે.

પરંતુ આ સાથે જ વાચકવર્ય શ્રીઉમાસ્વાતિજીના સમ્પ્રદાયની ચર્ચા કરતાં, ખૂબ ઊહાપોહ કરી, વાચકવર્ય શ્વેતાંબર નહીં, દિગંબર નહીં, કિન્તુ દિગંબર સંઘઆભાસ જેવી મનાતી તેની જ એક શાખા યાપનીય સંઘના સાધુ હતા એમ સિદ્ધ કરવા પ્રેમજીએ ખૂબ જહેમત ઉઠાવી છે. હું અહીં તેમની આ માન્યતાનો જવાબ આપવા ચાહતો નથી, પરંતુ પ્રેમીજીએ ભાષ્યની સ્વોપજ્ઞતા વગેરે માટે જે પ્રમાણો આપ્યાં છે તેનો જ રસાસ્વાદ વાચકોને કરાવીશ. વાચકવર્ય ક્યા સમ્પ્રદાયના હતા એ સંબંધી વિશેષ ઊહાપોહ કરવાનું, એની શોધખોળ કરવાનું કાર્ય, પૂ. આ. મ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી અને પૂ. મુનિમહારાજ શ્રીદર્શનવિજયજીને સોંપું છું કે જેમણે આ વિષયનો ઊંડો અભ્યાસ કર્યો છે.

શ્રીઉમાસ્વાતિજીની પહેલાંના સાહિત્ય માટે શ્રીપ્રેમીજી લખે છે કે–"इसके पहले प्रायः सारा जैन वाङ्मय अर्धमागधी प्राकृतमें था।" તેમના સમયમાં સંસ્કૃતની પ્રતિષ્ઠા વધતી જતી હતી એટલે "उमास्वातिने प्राकृत आगम साहित्य परसे संग्रह करके तत्त्वार्थाधिगमसूत्र और स्वोपज्ञ भाष्यकी रचना की।" અહીં પ્રેમીજી એક સુંદર સત્યનો સ્વીકાર કરે છેઃ આગમસાહિત્ય ઉપરથી તેમણે તત્ત્વાર્થાધિગમસૂત્ર રચ્યું. આ આગમસાહિત્ય શ્વેતાંબરો પાસે જ છે, અને તત્ત્વાર્થનો સમન્વય જૈનાગમો સાથે થાય છે, એ તો પુરવાર થયેલું જ છે.

પ્રેમીજી લખે છે કે શ્વેતાંબર દિગંબર બન્ને સમાજ તત્ત્વાર્થને માને છે, પરંતુ શ્વેતાંબર સમાજની બધી ટીકાઓ ભાષ્યાનુસારિણી છે, જ્યારે દિગંબર ટીકાઓ **"भाष्यानुसारिणी नहि हैं।"**

શ્વેતાંબરો વાચકવર્યકૃત બીજા ગ્રંથો માને છે જ્યારે દિગંબરો નથી માનતા. પરંતુ પ્રેમીજી વાચકવર્યની પ્રશમરતિને અવશ્ય પ્રાચીન માને છે, તેઓ લખે છે કે **"हाँ 'प्रशमरति' अवश्य प्राचीन ग्रंथ है। उसकी तत्त्वार्थ भाष्यके साथ बहुत समानता भी है × × × इसके सिवाय प्रशमरतिकी एक कारिका (२५ वीं) जयधवलाकारने भी उद्धृत की (पृ. ३६९) है।"**

જયધવલાકારે પ્રશમરતિની કારિકા ઉદ્ધૃત કરી છે માટે જેમ પ્રશમરતિ અવશ્ય પ્રાચીન છે તેમ જો કોઈ દિગંબર ટીકાકારે પૂર્ણ પ્રકરણ, જંબુદ્વીપપ્રમાસ કે ક્ષેત્રવિચારની ગાથા ઉદ્ધૃત કરી હોત તો એ પણ અવશ્ય પ્રાચીન સિદ્ધ થાત ! આવું વિધાન લગાર આશ્ચર્ય જેવું લાગે છે ! ખેર ! એ તો જેમ પ્રશમરતિનાં ભાષા અને ભાવ તત્ત્વાર્થની માફક છે તેમ ઉપર્યુક્ત ગ્રંથોના અભ્યાસથી પણ જણાઈ જ આવે છે કે એ ગ્રંથો પણ પ્રાચીન જ છે.

પછી તો પ્રેમીજી શ્વેતાંબર–દિગંબરમાન્ય સૂત્રોના થોડા ભેદનું નિરીક્ષણ કરી ભાષ્યની પ્રશસ્તિનું છેલ્લું નવનીત આપતાં લખે છેઃ **"भाष्यकी यह प्रशस्ति ग्रंथकर्त्ताका पूरा परिचय देनेवाली और विश्वस्त है। इसमें कोई बनावट नहीं मालूम होती और इससे प्रकट होता है कि मूल सूत्र के कर्ताका ही यह भाष्य है।**

અત્યાર સુધી દિગંબર વિદ્વાનો ભાષ્યને વિશ્વસ્ત–પ્રામાણિક નહોતા માનતા, તેમજ ગ્રંથકારના પરિચયરૂપ આ પ્રશસ્તિને પણ અવિશ્વસનીય જ ઠરાવવા પ્રયત્ન કરતા હતા. પરંતુ જ્યારે ખાસ દિગંબર વિદ્વાનોએ એ મૂળ સૂત્રને શ્વેતાંબર શાસ્ત્રો સાથે સમન્વિત થતું જોયું, ત્યારે તેમના કાન ચમક્યા અને પ્રો. જગદીશચંદ્રજી જેવાએ નિર્ભીકતાપૂર્વક પહેલપહેલું સત્ય લખ્યું કે મૂલ સૂત્ર અને ભાષ્ય બન્ને ઉમાસ્વાતિરચિત અને શ્વેતાંબર છે. હવે બીજા દિગંબર વિદ્વાનોનું આ તરફ લક્ષ્ય ખેંચાયું છે એ ખુશી થવા જેવું છે. શ્રીમાન પ્રેમીજીએ ભાષ્યની પ્રાચીનતા માટે જે દલીલો આપી છે તેમાંની થોડીકનું નિરીક્ષણ કરી લઈએ—

१—सूत्रोंके भाष्य करनेमें कहीं भी खींचातानी नहीं की गई है। सूत्रका अर्थ करनेमें भी कहीं संदेह या विकल्प नहीं किया गया और न किसी दूसरी व्याख्या या टीकाका खयाल रखकर सूत्रार्थ किया गया है। × × ×

२—भाष्यकार सूत्रकारसे भिन्न होते और उनके समक्ष सूत्रकारकी कारिकायें और प्रशस्ति होती तो वे स्वयं भाष्यके प्रारंभमें और अन्तमें मंगल और प्रशस्तिके रूपमें कुछ न कुछ अवश्य लिखते।

૩—રાજવાર્તિકકાર અકલંકદેવ, જેઓ વિક્રમની આઠમી શતાબ્દિના દિગંબર વિદ્વાન છે તેઓ **"वे इस भाष्यसे परिचित थे, क्योंकि उन्होंने अपने ग्रंथके अन्तमें भाष्यान्तकी ३२ कारिकायें 'उक्तं च' कह कर उद्धृत की हैं। इतना ही नहिं उक्त कारिकाओंके साथका भाष्यका गद्यांश भी प्रायः ज्योंका त्यों दे दिया है।"**

"×××राजवार्तिकमें अनेक जगह भाष्यमान्य सूत्रोंका विरोध किया है और भाष्यके मतका भी कई जगह खण्डन किया है।"

શ્રીયુત પ્રેમીજીએ આ વિષયનાં થોડાં પ્રમાણો પણ ફૂટનોટમાં આપ્યાં છે, જે વાંચવા યોગ્ય છે.

૪—આચાર્ય વીરસેન કે જેમણે જયધવલાટીકા વિ. સં. ૮૭૩ માં સમાપ્ત કરી છે તેમણે "इसमें भी भाष्यान्तको उक्त ३२ कारिकायें उद्धृत पाई जाती हैं × × × इसके सिवाय वीरसेनस्वामी उमास्वातिके दूसरे ग्रन्थ 'प्रशमरति' से भी परिचित थे, क्योंकि उन्होंने जयधवला पृ. ३६९ में 'अत्रोपयोगो श्लोकः' कह कर २५ वीं कारिका उद्धृत की हैं।"

ફૂટનોટમાં પ્રેમીજીએ તત્ત્વાર્થસૂત્રના શ્વેતાંબર ટીકાકાર શ્રીસિદ્ધસેનગણિએ પોતાની ટીકામાં અને નિશીથચૂર્ણિકાર જિનદાસગણિમહત્તરે પોતાની ચૂર્ણિમાં પ્રશમરતિની ૧૨ મી કારિકા આપ્યાનું લખ્યું છે. શ્વેતામ્બર વિદ્વાનો ભાષ્યને અને પ્રશમરતિ વગેરેને ઉમાસ્વાતિકૃત જ માને છે એટલે એનું ઉદ્ધરણ આપે એ સ્વાભાવિક જ છે.

૫—આવી જ રીતે આચાર્ય અમૃતચંદ્ર (દિગંબર ટીકાકાર) પણ પોતાના તત્ત્વાર્થ-સારમાં ભાષ્યની બત્રીસ કારિકાઓમાંની ત્રીસ કારિકાઓ, તેના ક્રમમાં પણ ફેરફાર કરી જાણે એ બધી પોતે જ રચી હોય એવી રીતે, આપે છે.

૬—દિગંબરીય ટીકાકારોમાંના સૌથી પ્રાચીન સર્વાર્થસિદ્ધિકારે પણ ભાષ્યનાં પદનાં-પદ ઉતાર્યાં છે. યદ્યપિ તેમના ગ્રંથોમાં ભાષ્યનું ખંડન નથી, પરંતુ બન્ને ગ્રંથો સામે રાખીને જોવાથી બહુ જ સરસ રીતે સમજાય છે કે દેવનંદીની સામે ભાષ્ય છે અને એમના પાઠનો ઉપયોગ પણ થયો છે. પ્રેમીજીએ ફૂટનોટમાં ડૉ. જગદીશચંદ્ર શાસ્ત્રીના લેખના આધારે થોડાં ઉદાહરણ પણ આપ્યાં છે. છઠ્ઠી આગળ દલીલ આપતાં પ્રેમજી લખે છે—

"भाष्यकी लेखनशैली भी सर्वार्थसिद्धिसे प्राचीन मालूम होती है। वह प्रसन्न और गंभीर होते हुए भी दार्शनिक दृष्टिसे कम विकसित और कम परि-शीलित है × × × अर्थ दृष्टिसे भी सर्वार्थसिद्धि अर्वाचीन मालूम होती है। जो बातें भाष्यमें हैं सर्वार्थसिद्धिमें उसको विस्तृत करके और उस पर अधिक चर्चा करके निरूपण किया गया है।"

"इस तरह हम देखते हैं कि भाष्य पूज्यपाद अकलंकदेव, वीरसेन आदि आचार्योंसे पहलेका है, और उससे उक्त सभी आचार्य परिचित थे। उन्होंने उसका किसी न किसी रूपमें उपयोग भी किया है और उसकी यह प्राचीनता स्वोपज्ञताका ही समर्थन करती है।"

આ પછી પ્રેમીજીએ ભાષ્યની સ્વોપજ્ઞતાની બીજી દલીલો મૂકી છે, તેમજ તે સમયના બૌદ્ધ વિદ્વાનો નાગાર્જુન, વસુબન્ધુ વગેરેએ અને વાચકવર્ય પછીના શ્વેતાંબર દિગંબર વિદ્વાનોએ સ્વયં વૃત્તિ ભાષ્ય વગેરે રચ્યાં એમ જણાવ્યું છે. ત્યારપછી પ્રેમીજીએ વાચક-

વર્ષ શ્રી ઉમાસ્વાતિજીની પરંપરા માટે શોધ ચલાવી છે. છેવટ દિગંબર પરંપરામાં તો નથી એમ સિદ્ધ કરી જણાવ્યું છે કે—

શ્વેતાંબર પરંપરામાં પણ કલ્પસૂત્ર સ્થવિરાવલી, નંદિસૂત્ર પટ્ટાવલીમાં તો વાચકવર્યનું નામ નથી, પરંતુ "**गुर्वावली, पट्टावली और शिलालेखों आदिके पूर्वोक्त उल्लेखोंसे मालूम होता है कि उनके रचयिताओंको उमास्वातिका गुरुपरंपराका, नामका और समयका कोई स्पष्ट ज्ञान नहि था और इसी लिये उसमें परस्पर मतभेद और गडबड है।**"

"**पिछले समयकी रची हुई जो अनेक श्वे. पट्टावलियां हैं उनमें अवश्य उमास्वातिका नाम आता है, परन्तु एकवाक्यताका वहां भी अभाव है।**"

પછી તો શ્વે. પરંપરાના મતભેદો દર્શાવ્યા છે, અને લેખકે વાચક ઉમાસ્વાતિજીને યાપનીય સંઘની પરમ્પરાના સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે. ખાસ કરીને જ્યાં મૂલ યા તો ભાષ્યમાં શ્વે. ટીકાકારોએ મતભેદ દર્શાવ્યા છે ત્યા એ જ પાઠોનું સમર્થન યાપનીય સંઘના અપરાજિતસૂરિએ પોતાની વિજયોદયા ટીકામાં કર્યાના પાઠો આપ્યા છે. દિગંબર ટીકાકારોએ પણ મૂલ સૂત્રના અર્થમાં જ ફેરફાર કર્યા છે, નવા પાઠો જ બનાવી દઇ દિગંબર સંસ્કરણ કરી દીધું છે. પ્રેમીજી ઉમાસ્વાતિજીને યાપનીય સંઘના સિદ્ધ કરવા મથે છે, પરંતુ ભગવતીઆરાધના અને વિજયોદયા ટીકા કે જે ઉમાસ્વાતિજી પછી બની છે તેમાં ક્યાંય ઉમાસ્વાતિજીનું નામ નથી એ બહુ જ સૂચક અને વિચારણીય છે. પ્રેમીજીની માન્યતાનુસાર જો દિગંબર યાપનીય સંઘના ઉમાસ્વાતિજી હોત તો તેમની પછી દોઢસો વર્ષ બાદ જ થનાર પ્રથમ દિગંબર ટીકાકારે સર્વાર્થસિદ્ધિમાં એને તદ્દન જુદી જ રીતે રજુ કર્યા હોત, પરન્તુ એ પાઠાન્તરો ઊભા ન કરત. જો યાપનીય સંઘથી સર્વાર્થસિદ્ધિકાર પરિચિત હોવાનું લેખક માને છે તેને માટે જરૂર પૂજ્યપાદ લખી શકત–'ઇતિ યાપનીયૈઃ' વગેરે. પરંતુ નથી તો એક પણ દિગંબર ગ્રંથમાં, પટ્ટાવલીમાં, ગુર્વાવલીમાં કે શિલાલેખમાં આ સંબંધી ઉલ્લેખ કે નથી તો યાપનીય સંઘના કોઈ પણ ગ્રંથમાં વાચકવર્યનો ઉલ્લેખ; જ્યારે ઉચ્ચાનાગરી શાખા અને વાચકવંશનો ઉલ્લેખ તો કલ્પસૂત્ર સ્થવિરાવલી અને નંદીસૂત્રપટ્ટાવલીમાં મળે જ છે. એટલે એમ જ માનવુ પડે છે કે–વાચક ઉમાસ્વાતિજી શ્વેતાંબરીય પરમ્પરાના છે. છતાં યે વિદ્વાન્ શોધકો શોધ કરી સત્ય સિદ્ધ કરે એમ તો ઇચ્છા રાખવી જ રહી. દિગંબર સંપ્રદાયોમાં ઉમાસ્વાતિ નહિ કિન્તુ ઉમાસ્વામી જ માન્ય છે એટલે એ શોધ હજી બાકી જ રહે છે.

ખરેખર, પ્રો. જગદીશચંદ્રજીએ તાત્ત્વાર્થભાષ્યને સ્વોપજ્ઞ સિદ્ધ કરવા લેખો લખી દિગંબર સમાજમાં જે ખળભળાટ મચાવી મૂકયો હતો તેનાં બીજે દિગંબર સમાજમાં જ ફાલીફૂલીને મોટા વૃક્ષરૂપ થવા લાગ્યાં છે એ જોઈ કોને આનંદ નહીં થાય !

શ્રીયુત જુગલકિશોરજી મુખ્તાર હવે પોતાની લેખિની ચલાવી આ સત્ય સ્વીકારે એ ઇચ્છા વધુ પડતી નથી.

જાલોર ચૈત્યપરિપાટીના સંપાદનમાં ભૂલો

લેખક : પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રીકલ્યાણવિજયજી

"જૈન સત્ય પ્રકાશ" માસિકના ૧૦ મા વર્ષના ૬ઠ્ઠા અંકમાં શ્રીયુત અંબાલાલ પ્રેમચંદ શાહે નગાગણિવિરચિત "જાલોરનગર પંચ જિનાલય ચૈત્યપરિપાટી" છપાવી પ્રસિદ્ધ કરી છે અને એના પ્રારંભમાં તેમણે જાલોરનો થોડોક ઇતિહાસ આપવાની ચેષ્ટા કરી છે. એ ઇતિહાસ જે લેખપ્રબંધમાંથી ઉતારી લીધો છે તેનો નામનિર્દેશ ન કરવાની તેમણે પૂરી કાલજી રાખી છે; આ કાળજીનું કારણ એ ઇતિહાસપરિચયને પોતાની શોધખોળના પરિણામરૂપે બતાવવા સિવાય બીજું શું હોઈ શકે?

ઇતિહાસમાં પ્રવેશ કરનાર વિદ્યાર્થીઓ માટે આ ભાવના આત્મઘાતક છે; પૂર્ણ થયા પહેલાં જ પૂર્ણ થયાનો ડોલ કરવો એ તેમને હમેશાને માટે અપૂર્ણ રાખનાર છે, એ વાત સમજાવવાની ભાગ્યે જ જરૂરત હોઈ શકે.

"જૈન શોધ્ય મહોત્સવાંક"માં અમોએ "જૈનતીર્થ સુવર્ણગિરિ" આ શીર્ષક નીચે જે નિબન્ધ છપાવ્યો હતો તેના જ ફકરાઓ અને પ્રતીકો એકત્ર કરીને શાહે આ જાલોરનો પરિચય લખ્યો છે એ કહેવાની ભાગ્યે જ જરૂર રહે છે.

આ વિષયમાં કંઈ પણ લખવાની અમારી ઇચ્છા ન હતી, પણ પરાશ્રિત લેખક સ્વતંત્ર લેખક થવાની ધૂનમાં શિષ્ટાચારને ભૂલી કેટલી હદે નિષ્ફલતામાં અથડાય છે એનું દિગ્દર્શન કરાવવાને ખાતર અહીં થોડીક ભૂલોનું સૂચન કરવાનું ઉચિત ધાર્યું છે—

૧. જૈન સત્ય પ્રકાશ પૃ. ૯૪ પં. ૧૪ માં જાલોરનગરને 'સૂદડી' નદીને કાંઠે વસેલું લખે છે, જ્યારે નદીનું નામ 'સૂકડી' છે નહિ કે સુદડી.

૨. પૃ. ૯૫ પંક્તિ ૬ માં શાહે સોની વંશના શ્રાવકોને સોનગિરા રાજપૂતો હોવાની કલ્પના કરી છે એ પણ નિરાધાર છે. સોનીની અટક સોનીના ધંધાને લઈને પડી છે, સોનગિરિ સાથે એને કશો સંબન્ધ નથી.

પૃ. ૯૬ પં. ૧૮ માં "નવનવઇ લક્ખ" ઇત્યાદિ ગાથા 'વિચારશ્રેણિ'ની હોય એવો ઉલ્લેખ કર્યો છે, પણ એ ગાથા અંચલગચ્છીય આચાર્ય મહેન્દ્રસૂરિકૃત તીર્થમાલા સ્તોત્રની છે, વિચારશ્રેણિમાં એનું 'ઉક્તં ચ' કહીને ઉદ્ધરણ માત્ર કર્યું છે.

૪. એ જ ગાથાના અર્થમાં પં. ૨૪ માં "યક્ષવસતિ" નામના દેશમાં 'ભગવાન મહાવીરની સ્તુતિ કરો', આમ લખ્યું છે, પણ યક્ષવસતિ કોઈ દેશ નથી ચૈત્ય છે એટલે 'દેરાસરમાં' એમ જોઈએ.

૫. એ જ પૃષ્ઠની પં. ૩૦ માં નેમિનાથના મંદિરમાં ૧૪૭૩ પ્રતિમાઓ હોવાનું જણાવ્યું છે, પણ જોઈએ ૪૧૩. મૂલ ગાથામાં પણ "ચઉસય તેડોતર" આવા શબ્દો છે જેનો અર્થ ચારસો તેર થાય છે. સંપાદકે આ શબ્દોનો 'ચૌદસો તહોતેર' (૧૪૭૩) અર્થ કર્યો છે જે અયથાર્થ છે.

એ ઉપરાંત સંપાદન વિષયક સામાન્ય ભૂલોની તો અમો ઉપેક્ષા જ કરીએ છીએ. અને શ્રીયુત શાહ તથા એ પ્રકારના બીજા અભ્યાસી લેખકોને હિતસૂચના કરવી યોગ્ય ધારીએ છીએ કે સ્વતંત્ર લેખકો થતાં પહેલાં પરતંત્ર લેખકો બનો એટલે ધીરે ધીરે સ્વતંત્ર લેખકની યોગ્યતા મેળવી શકશો.

બેડા (મારવાડ), તા. ૧૬-૧૦-૪૫.

વિ. સં. ૧૭૦૩ માં રાજહર્ષગણિવિરચિત

ચતુર્વિંશિતિ જિન-સ્તવન

સંગ્રાહક—પૂજ્ય મુનિમહારાજ શ્રી કાંતિસાગરજી સાહિત્યાલંકાર (રાયપુર સી. પી.)

અહીં આપવામાં આવતું સ્તવન વિ. સં. ૧૭૦૩ માં ગણિવાર શ્રી હીરકીર્તિના શિષ્ય રાજહર્ષ ગણીએ નિર્માણ કર્યું છે. આ સ્તવનની વિશેષતા એ છે કે ચોવીસ જિનેશ્વરનાં માતા, પિતા, નામ, લછન, નગર, આયુષ્ય કાયપ્રમાણ એ સાત બાબતોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આની મૂલ પ્રતિ મારા સંગ્રહમાં છે. આ સ્તવન અન્યત્ર અપ્રકટ હોવાથી અહીં પ્રકટ કરવામાં આવે છે.

પણમી સરસતિ વલિ સગુરુ હીયડઈ ધરી, તવું ચઉવીસ જિન સાત બોલા કરી;
નયર નઇ તાત માતા નામ આવરદા, કાય લંછણ કરી હું નમું સર્વદા. ૧
નયર વિનીતા નાભરાય જાણીયઇ, મરુદેવા કુખિ પ્રભુ રિષભ વખાંણીયઇ;
ધનુષ સય પંચ સમ આઉ લખ ચઉઅસી, વૃષભ લાછન કહ્યું અતિ ઘણું ઉલસી. ૨
અજોધ્યાનાથ જિતશત્રુ રાજા ભલઉ, વિજયા રાણીયા અજિત ઉર હંસલઉ;
સાઢાચ્યાર સય ધનુષ કાયા કહી, આઉ લખ બિહત્તરિ લંછન ગજ સહી. ૩
સહર સાવત્થીય જિતારિ રાય ભોગવઇ, સેના રાણીયાં સંભવ સુત કુવઇ;
ધનુષ સય ચ્યારની કાય વલિ આઉખઉ, સાઠિ પૂરવ લખ લછણ અશ્વ લહઉ. ૪
અજોધ્યારાય સંવર સિદ્ધારથા, કુખિ અભિનંદન સો નહી અન્યથા;
સાઢા ત્રિણ્ડ સય ધનુષ દેહીગિણું, આઉ પચાસ લખ વાનર લાછણું. ૫

ઢાલ

નયર અજોધ્યા અતિ ભલઉ, મેઘરથ મંગલા નારિ રે,
સુમતિ સય કાય ધનુ ત્રિણ્હની, આઉ લખ ચાલ ક્રોંચ વાર રે.
ભવિક જણ જિન નમો ભવસું, જિમ ગમો ભવ તણા પાય રે,
દુરિય દાલિદ દૂરઈ ગમો, સવિ ટલઈ સોગ સંતાપ રે. ભવિક૦ ૬
કૌસંબી શ્રીધર રાય ઈહાં, સુસીમા પદમ પ્રભુ માઈ રે;
કાય સાઢા વીસે ધનુષની, ત્રીસ લખ પંકજ પાઇ રે. ભવિક૦ ૭
શ્રી વણારસી પ્રતિષ્ઠની, પૃથવીય રાણીયા જાસ રે;
સુપાર્શ્વ ધનુષ વિસયતણી, આઉ લખ વીસ સ્વસ્તિ પાસ રે. ભવિક૦ ૮
ચંદ્રપુર મહસેણ લક્ષ્મણા, તસુ સુત ચંદ્રપ્રભુ કાય રે;
દોઢસો ધનુષ વલિ આઉખો, દસ લાખ સસિ રહઇ પાય રે. ભવિક૦ ૯
પુરીય કાકંદી સુગ્રીવની, રાણીય રામાં કુખિ રે;
સુવિધ છઇ કાય સો ધનુષની, દુઈ લખ આઉ મછ સુખ રે. ભવિક૦ ૧૦

ઢાલ

ભદ્દલપુર તિહાં રાઇ, દઢરથ નંદા માઈ,
કાય સીતલ તણી એ, નેઉ ધનુષની એ;
લખ એક પૂરવ આઉ, શ્રીવછ લંછણ સાઉ,
નિરખ્યાં મન હરઈ એ, સવિ જન સુખ કરઈ એ. ૧૧

સિંહપુર સિંહ સમાન, વિષ્ણુ રાજા તિહાં જાણુ,
વિષ્ણુ રાંણી વડી એ, અવર ન એવડી એ;
સુત શ્રેયાંસ કહાય, અસીય ધનુષ જસુ કાય,
વરષ લષ ચઉઅસી એ, ષટ્ગી લંછન વસી એ. ૧૨

ચંપા નગરી સાર, વસુપૂજ રાય ઉદાર,
જયાઇ રાણી તણો એ, વાસુપૂજ સુત ભણો એ;
સિત્તરિ ધનુષ જસુ કાય, બહુત્તરિ વરસ લખ આય,
મહિષ લંછન નમો એ, જિમ ભવ દુઃખ ગમો એ. ૧૩

કપિલપુર કરે કોડ, કૃતવરમ નહી કાય ખોડ,
સ્યામા ઉર સલહીયઇ એ, વિમલ રાણી હીયઇ એ;
ધનુષ સાઠની દેહ, લાખ સાઠ વરસેહ,
સિવપદ પાંમીયો એ, સુયર લંછન કીયો એ. ૧૪

અજોધ્યાપુરીય કહાય, જિહાં થયા બહુ જિનરાય,
સિંહસેન નર વરુ એ, સુજસા મનહરુ એ;
અનંતકુમર મન જાણુ, પચાસ ધનુષ પ્રમાણ,
ત્રીસ લષ આઉષો એ, સીચાણુ લંછણુ અષો એ. ૧૫

રતનપુરી સિણગાર, ભાનુ રાજા ભાનુ સારિષો એ,
સુવ્રત રાંણી પ્યાર, શ્રી ધર્મ કુલસસિ પારિષો એ;
પઇતાલીસ ધનુષા માંન, દસ લખ આઉ પ્રભુ ભોગવીએ,
વજ લંછન ગુણ જાણુ, વંછિત પૂરણ સુરગવી એ. ૧૬

હથિણાપુર સિણગાર, વિશ્વસેન અચિરા જાંણીયઇ એ,
સરણાગત સુખકાર, સાંતિ કુંમર મન આંણીયઇ એ;
ઊંચા ધનુષ ચાલીસ, આઉ લાખ વરષાં તણું એ,
સેવ કરઇ નિસદિસ, મૃગ લંછણુ મતિ અતિ ઘણી એ. ૧૭

ગજપુર નગર ગુણેહ, પૂરો સૂર રાજા ભલોએ,
સિરીયા મન બહુ નેહ, કુંથ કુમર તસુ ગુણનિલો એ;
પઇતીસ ધનુષ જિનરાય, આઉ સહસ પચાણુવૈ એ,
લંછણુ છાગ કહાય, નામે જસુ નવનિધ હવૈ એ. ૧૮

અહિપુર નગર અનોપ, રાજા સુદરસણ દિનમણી એ,
દેવી રાંણી દેવી ઓપ, તસ કુખિ અરજિન બુદ્ધિ ઘણી એ,
કાય ધનુષ વલિ ત્રીસ, આઉ સહસ અસીયો તણી એ,
નંદાવત જગીસ, લંછણુ જસુ મહિમા ઘણો એ. ૧૯

મિથુલા નગરિ મઝારી, કુંભ ધરણિ પરભાવતી એ,
મલ્લિ જનમ્યા જયકાર, દેહ ધનુષ પચીસ હતો એ;

સહસ પંચાવન વરસ, આઉ પાલી મુગતઇ ગયા એ,
લંછણ જાસ કલસ, દરસણે વંછિત ફલ લહ્યા રે. ૨૦

ઢાલ વધાવારી.

રાજગૃહી પુરવર તિહાં, રાય સુમિત્રા હે પદમા ઉરિ અવતાર કે;
મુનિસુવ્રત વીસ ધનુષના, ત્રીસ સહસા એ કાછિમ લંછણ સાર કે. જિનવર૦ ૨૧

મિથુલા નગરી વિજયની, રાણી વિપ્રા હે અંગજ શ્રી નમિનાથ કે;
કાય ધનુષ પનરા ભણી, દસ સહસા એ પદમ લંછણ જસુ હાથ કે. જિન૦ ૨૨

સોરીપુર સમુદ્રવિજયનો, સિવા રાંણી એ નેમજી પ્રાંણઆધાર કે;
ધનુષ દસ કાયા કહી આઉ સહસા એ, વરસ લંછણ સંખ સાર કે. જિન. ૨૩

વણારસી અસસેણની, વામા રાણી હે જનમ્યા જિન પાસજિણંદ કે;
હાથ નવ તનુ હિત કરુ, સો વરસાં હે લંછણ જાસ ફણંદ કે. જિન. ૨૪

કુંડણપુર રાજા કહાં, સિધારથ હે ત્રિશલાસુત મહાવીર કે;
દેહી કર સાંતાં ભણી, બહુત્તરિ હે લંછણ સીંહ સધીર કે. જિન. ૨૫

ભાવ ભગતિ આણી કરી, નિત નમિયૈ હે જિનવર જે ચોવીસ કે;
અહનિસિ આસ્યા પૂરવઈ, વલિ વંછિત હે પૂરઈ મનહિં જગીસ કે. જિન. ૨૬

કલશ

ઇમ તવ્યા જિનવર સયલ સુહકર સમરતાં મંગલ કરો,
વૃષાંક નેત્રાવ્યોમવારિધિચંદ્રમે (૧૭૦૩) સંવત્સરો;
ગણિ હીરકીરત્તિ સીસ સુપરઇ રાજહર્ષ ઇસુ કહઇ,
જે જે નમે નિત ચોવીસ જિનવર સુખ સંપતિ તે લહઇ.

॥ ઇતિ શ્રી ચતુર્વિંશતિ જિનસ્તવનમ્ ॥

वाचनाचार्य श्रीराजहर्षजीगणि तद्भ्रात वाचक श्रीमतिहर्षजीगणि तच्छिष्य हर्षचंद्रेण लिपीकृतम् । बो० रिषभदासवाचनार्थम् ॥

તળાજાની દુર્ઘટના અંગે રાજ્યની જાહેરાત

ભાવનગર રાજ્યના વડા પોલીસ અધિકારી છેલશંકર વ્યાસે તા. ૫-૧૧-૪૫ થી છ મહિનાની અંદર, તળાજાની દુર્ઘટનાના ગુન્હેગારને પકડી આપનારને અથવા પકડી શકાય એવી પાકી માહિતી આપી પકડાવી આપનારને રૂપિયા પાંચ હજારનું ઇનામ આપવાની જાહેરાત કર્યાના સમાચાર મળ્યા છે.

આ સિવાય તળાજાની દુર્ઘટનાના પ્રકરણમાં બીજી કશી જ નોંધપાત્ર પ્રગતિ થઇ શકી નથી, એ રાજ્યને માટે અને જૈન સંઘને માટે ખેદની બિના છે.

નવી મદદ

૧૦૧) પૂ.મુ મ.શ્રી.દર્શનવિજયજીના સદુપદેશથી જૈન સોસાયટી જૈન સંઘ, અમદાવાદ.

પૂ.મુ.મ.શ્રી વલ્લભવિજયજીના સદુપદેશથી બીકાનેરમાંથી નીચે મુજબ મદદ મળી છે:—

૧૦૧) શેઠ ભેરૂદાનજી જુગરાજજી શેઠિયા, બીકાનેર.
૫૧) શેઠ રામલાલજી ભંવરલાલજી કોચર, બીકાનેર.
૫૧) શેઠ કનૈયાલાલજી ગોલેચ્છા, બીકાનેર.
૫૧) શેઠ કનૈયાલાલજી કોચર, બીકાનેર.
૫૧) શેઠ જિનદાસજી કોચર, બીકાનેર.

બીકાનેરમાંથી આ પ્રમાણે મદદ મળી છે અને બીજી મળવાની ઉમેદ છે.

૫૧) પૂ. મુ. મ. શ્રી મેરુસાગરજીના સદુપદેશથી શ્રી સાગર જૈન લાયબ્રેરી, અગાસી.

૫૦) પૂ આ. મ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના સદુપદેશથી શ્રી જૈન શ્વેતાંબર સંઘ, લુધિયાના.

૨૫) પૂ. આ. મ. શ્રી વિજયજંબૂસૂરિજીના સદુપદેશથી જૈનશાળાનો ઉપાશ્રય, ખંભાત.

૨૫) પૂ. આ. મ. શ્રી વિજયલાવણ્યસૂરિજીના સદુપદેશથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, વઢવાણ કેમ્પ.

૨૫) પૂ. આ. મ. શ્રી કીર્તિસાગરસૂરિજીના સદુપદેશથી જૈનસંઘ, નવસારી.

૨૫) પૂ. ઉ. મ. શ્રી. ધર્મવિજયજીના સદુપદેશથી જૈન મહાજનની પેઢી, ઊંઝા.

૨૧) પૂ. મુ. મ. શ્રી ધર્મસાગરજીના સદુપદેશથી જૈન સંઘ, ઉદેપુર.

૧૧) પૂ. પં. મ શ્રી ધર્મવિજયજીના સદુપદેશથી જૈન સોસાયટી જૈન સંઘ, લુણાવા.

૧૦) પૂ. આ. મ શ્રી વિજયઉમંગસૂરિજીના સદુપદેશથી શાહપુર જૈનસંઘ, અમદાવાદ.

૧૦) પૂ આ. મ શ્રી વિજયહર્ષસૂરિજીના સદુપદેશથી લવારની પોળનો ઉપાશ્રય ,,

૫) પૂ આ. મ. શ્રી ઋદ્ધિસાગરજીના સદુપદેશથી શ્રી ચિંતામણિ પાર્શ્વનાથની પેઢી, વીજાપુર.

૫) પૂ. આ. મ. શ્રી વિજયહિમાચલસૂરિજીના સદુપદેશથી જૈન સંઘ, ઘાણેરાવ.

૨) શેઠ નેમરાજજી કસ્તુરચંદજી ઓસવાલ, જમખંડી.

આ મદદના સદુપદેશ માટે અમે પૂ. આચાર્ય મહારાજ આદિ મુનિવરોનો અને મદદ મોકલનાર તે તે જૈન સંઘો અને સદ્દગૃહસ્થોનો આભાર માનીએ છીએ; અને અન્ય ગામોના સંઘોને મદદ મોકલી આપવાની વિનતી કરીએ છીએ. વ્ય.

વિનંતી

હવે ચતુર્માસ પૂર્ણ થયું છે એટલે શેષકાળમાં માસિકનો અંક ગેરવલ્લે ન જતાં નિયમિત મળતો રહે તે માટે પોતાનું સરનામું સમયે સમયે જણાવતાં રહેવાની પૂ. આચાર્ય મહારાજ આદિ સર્વે મુનિવરોને અમે વિનંતી કરીએ છીએ. વ્ય.

દરેકે વસાવવા યોગ્ય

શ્રી જૈન સત્ય પ્રકાશના ત્રણ વિશેષાંકો

(૧) શ્રી મહાવીર નિર્વાણ વિશેષાંક

ભગવાન મહાવીરસ્વામીના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય છ આના (ટપાલખર્ચનો એક આનો વધુ).

(૨) દીપોત્સવી અંક

ભગવાન મહાવીરસ્વામી પછીનાં ૧૦૦૦ વર્ષ પછીના સાતસો વર્ષના જૈન ઇતિહાસને લગતા લેખોથી સમૃદ્ધ સચિત્ર અંક: મૂલ્ય સવા રૂપિયો.

(૩) ક્રમાંક ૧૦૦ : વિક્રમ-વિશેષાંક

સમ્રાટ્ વિક્રમાદિત્ય સંબંધી ઐતિહાસિક ભિન્નભિન્ન લેખોથી સમૃદ્ધ ૨૪૦ પાનાંનો દળદાર સચિત્ર અંક: મૂલ્ય દોઢ રૂપિયો

શ્રી જૈન સત્ય પ્રકાશના બે વિશિષ્ટ અંકો

[૧] ક્રમાંક ૪૩-જૈનદર્શનમાં માંસાહાર હોવાના આક્ષેપોના જવાબરૂપ લેખોથી સમૃદ્ધ અંક: મૂલ્ય ચાર આના

[૨] ક્રમાંક ૪૫-ક. સ. શ્રી હેમચંદ્રાચાર્યના જીવન સંબંધી અનેક લેખોથી સમૃદ્ધ અંક : મૂલ્ય ત્રણ આના

કાચી તથા પાકી ફાઈલો

'શ્રી જૈન સત્ય પ્રકાશ'ની ત્રીજા, ચોથા, પાંચમા, આઠમા, દસમા વર્ષની કાચી તથા પાકી ફાઈલો તૈયાર છે. મૂલ્ય દરેકનું કાચીના બે રૂપિયા, પાકીના અઢી રૂપિયા.

ભગવાન મહાવીરસ્વામીનું ત્રિરંગી ચિત્ર

ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી કનુભાઈ દેસાઈએ દોરેલું સુંદર ચિત્ર. ૧૦"×૧૪"ની સાઈઝ, સોનેરી બોર્ડર. મૂલ્ય ચાર આના (ટપાલ ખર્ચનો દોઢ આનો).

— લખો —

શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ
જેશિંગભાઈની વાડી, ઘીકાંટા, અમદાવાદ.

મુદ્રકઃ-મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ. પો. બો. નં. ૬ શ્રી જૈનસત્યપ્રકાશ કાર્યાલય-અમદાવાદ. પ્રકાશકઃ-ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ-અમદાવાદ.



વર્ષ ૧૧ : અંક ૧] અમદાવાદ : ૧૫-૧૦-૪૫ [ક્રમાંક ૧૨૧

વિષય-દર્શન

લવાજમ-વાર્ષિક બે રૂપિયા : છૂટક ચાલુ અંક-ત્રણ આના

નવી મદદ

ગત શ્રી પર્યુષણા મહાપર્વના નિમિત્તે સમિતિને નીચે મુજબ મદદ મળી છે તે માટે અમે પૂજ્ય આચાર્ય મહારાજ આદિ મુનિવરોનો તેમજ સહાયકોનો આભાર માનીએ છીએ.

૧૫૯) પૂ. મુ. મ. શ્રી. પુણ્યવિજયજી મ. ના સદુપદેશથી લુણસાવાડા, મોટી પોળના જુદા જુદા સદ્‌ગૃહસ્થો તરફથી, અમદાવાદ

૧૫૧) પૂ. આ. મ. શ્રી. વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી શ્રી લાલબાગ જૈન ઉપાશ્રય, મુંબઈ.

૧૦૧) પૂ. આ. મ. શ્રી. વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી શ્રી પાંજરાપોળ જૈન ઉપાશ્રય, અમદાવાદ.

૨૫) પૂ. મુ. મ. શ્રી. પરમપ્રભવિજયજીના સદુપદેશથી શ્વે. જૈનસંઘ, પેટલાદ.

૨૫) પૂ. મુ. મ. શ્રી. અશોકવિજયજીના સદુપદેશથી હરજી જૈનશાળા, જામનગર.

૨૫) પૂ. આ. મ. શ્રી. વિજયભુવનતિલકસૂરિજીના સદુપદેશથી કાશીપુરા વીસાઓસવાલ સંઘ, બોરસદ.

૨૫) પૂ. મુ. મ. શ્રી. ભદ્રંકરવિજયજીના સદુપદેશથી જૈન ઉપાશ્રય, ફોફલીયાવાડ, પાટણ.

૨૫) પૂ. આ. મ. શ્રી. વિજયઅમૃતસૂરિજીના સદુપદેશથી વડવા જૈનસંઘ, ભાવનગર.

૨૫) પૂ. પં. મ. શ્રી. કીર્તિમુનિજીના સદુપદેશથી જૈનસંઘ, માલણ.

૨૧) પૂ. આ. મ. શ્રી. વિજયલક્ષ્મણસૂરિજીના સદુપદેશથી દાદર જૈનસંઘ, મુંબઇ.

૨૧) શેઠ ચીમનલાલ ખેમચંદ તરફથી તેમની પુત્રી બેન ઝીણીબેન નિમિત્તે, વાવ.

૨૦) પૂ. મુ. મ. શ્રી. હંસસાગરજીના સદુપદેશથી વીસાનીમા જૈનસંઘ, વેજલપુર.

૧૫) પૂ. મુ. મ. શ્રી. ચારિત્રવિજયજીના સદુપદેશથી જૈનસંઘ, લુણાવાડા.

૧૫) પૂ. આ. મ. શ્રી વિજયમહેન્દ્રસૂરિજીના સદુપદેશથી જૈનસંઘ, તખતગઢ

૧૧) પૂ. આ. મ. શ્રી, વિજયકુમુદસૂરિજીના સદુપદેશથી જૈનસંઘ, ખેરવા.
(પાંચ વર્ષ માટે.)

૧૦) પૂ. આ. મ. શ્રી. વિજયોદયસૂરિજીના સદુપદેશથી જૈનસંઘ, ચોટીલા.

૧૦) પૂ. પં. મ. શ્રી. લલિતવિજયજીના સદુપદેશથી જૈનસંઘ, ઉમતા.

૧૦) પૂ. મુ. મ. શ્રી. ત્રૈલોક્યસાગરજીના સદુપદેશથી શ્વે. જૈનસંઘ, ડુંગરપુર.

૧૦) પૂ. આ. મ. શ્રી. વિજયભક્તિસૂરિજીના સદુપદેશથી જૈનસંઘ, થરા.

૫) પૂ. આ. મ. શ્રી. દેવગુપ્તસૂરિજીના સદુપદેશથી જૈનસંઘ, સોજત.

૫) શેઠ રાયચંદ ગુલાબચંદ ચોપડા તરફથી તેમના પુત્ર શાંતિલાલના વિવાહ નિમિત્તે.

અન્ય ગામોના સંઘોને મદદ મોકલવાની વિનંતી છે. ૭૫૦

॥ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र

श्री जैन सत्य प्रकाश

जेशींगभाईनी वाडी : घीकांटारोड : अमदावाद (गुजरात)

वर्ष ११	વિક્રમ સં. ૨૦૦૧ : વીરનિ. સં. ૨૪૭૧ : ઈ. સ. ૧૯૪૫	क्रमांक
अंक १	આસો શુદિ ૯ : સોમવાર : ૧૫ મી ઓકટોબર	१२१

૧૧મું વર્ષ [સંપાદકીય]

વિક્રમ-સંવત ૧૯૯૦ : શ્રી રાજનગર-અમદાવાદના આંગણે ધર્મસભાસમું અપૂર્વ મુનિસમ્મેલન ભરાયું. જૈન ઇતિહાસમાં એ કાળ, એ સ્થળ અને એ ઘટના અમર થઈ ગયાં. મુનિસમ્મેલને શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિને જન્મ આપી પરઆક્રમણ સામે આત્મરક્ષણનો દુર્ગ ઊભો કર્યો.

વિક્રમ-સંવત ૧૯૯૧ : પોતાનું કાર્ય પાર પાડવા સમિતિએ 'શ્રી જૈન સત્ય પ્રકાશ' માસિક શરૂ કર્યું. આખાય જૈન (શ્વે. મૂ.) સંઘનો સહકાર ચાહતું અને નાના-મોટા સહુ કોઈનું કૃપાભાજન બનતું 'શ્રી જૈન સત્ય પ્રકાશ' મહિને મહિને મુનિસમ્મેલનનું પવિત્ર સ્મરણ કરાવી જાણે મુનિસમ્મેલનના સંભારણારૂપ બની ગયું.

વિક્રમ-સંવત ૨૦૦૧ : 'શ્રી જૈન સત્ય પ્રકાશ' નો એક દસકો પૂરો થઈ બીજો દસકો શરૂ થયો.

૧૧ મા વર્ષના આ પ્રારંભ પ્રસંગે પૂજ્ય આચાર્ય મહારાજ આદિ મુનિસમુદાય સહિત સમસ્ત જૈન સંઘનો, સમિતિના સહાયકોનો અને માસિકના લેખકોનો અમે નતમસ્તકે આભાર માનીએ છીએ; અને સદાકાળ એ સહુનો સહકાર અમને મળતો રહે એવી પ્રાર્થના કરીએ છીએ.

માસિકના ૧૦ મા-જૂના વર્ષના અંત અને ૧૧ મા-નૂતન વર્ષના પ્રારંભના સંધિકાળે, અમારા દિલમાં અત્યારે તો તીર્થરક્ષાનો મહાન્ પ્રશ્ન ઘોળાઈ રહ્યો છે. અમે ઇચ્છીએ છીએ કે આપણા સમર્થ પૂજ્ય આચાર્ય મહારાજ આદિ મુનિવરો અને આગેવાન જૈન ગૃહસ્થો આ સંબંધી ગંભીર વિચાર કરે, પોતાના વિચારો એકબીજા સમક્ષ રજૂ કરે અને એ બધાયના પરિપાકરૂપે તીર્થરક્ષા માટે કોઇ સંગીન યોજના તૈયાર કરે! આપણા પત્રકાર બંધુઓ પણ આ માટે સતત પ્રચાર કરતા રહી યોગ્ય માર્ગસૂચન આપતા રહે.

સામાન્ય નિયમ છે કે મહાઆપત્તિ મતભેદને મિટાવી દે છે. તળાજાની દુર્ઘટના જેવી આખાય જૈન સંઘ ઉપર આવી પડેલી મહાઆપત્તિ, આપણામાં જાણે-અજાણે પેસી ગયેલ મતભેદ કે મનભેદને મિટાવી દે અને આપણે આપણા પવિત્ર તીર્થોની રક્ષા માટે એકદિલ અને એકબોલ બનીએ-એ આજના યુગની મહાન આવશ્યકતા છે. આપણે સૌ એ આવશ્યકતાને સ્વીકારી ક્રિયાશીલ બનીએ!

ધર્મરક્ષાના આ કાર્યમાં પોતાનો નમ્ર ફાળો આપવાની ભાવના સાથે 'શ્રી જૈન સત્ય પ્રકાશ' પોતાના ૧૧ મા વર્ષમાં પ્રવેશ કરે છે.

શ્રાવણ વદ પાંચમની રાતે
[અંધારી રાત વચ્ચે કરવામાં આવેલ કાળા અત્યાચારની કથા]

તળાજા તીર્થની મૂર્તિખંડનની દુર્ઘટનાને ભાવવાહી શબ્દોમાં વર્ણન કરતી એક રૂપક કથા મુંબઈથી પ્રગટ થતા 'વંદેમાતરમ્' દૈનિકના (ટપાલની આવૃત્તિ) તા. ૧૬–૯–૪૫ ના અંકમાં પ્રગટ થઈ છે તે અક્ષરશઃ અહીં સાભાર આપીએ છીએ, અને આ દુર્ઘટનાનાં મૂળ શોધી કાઢવાની આપણી જવાબદારીમાં આપણે જરાય શિથિલ ન પડીએ એ માટે સમસ્ત જૈનસંઘનું નમ્રભાવે ધ્યાન દોરીએ છીએ. —તંત્રી.

આ કથા

અંધારી રાત હતી. ચારેકોર શૂનકાર હતો અને ત્યારે મુલાયમ હવા વચ્ચે એક કરપીણ અત્યાચાર કરવામાં આવ્યો હતો. રૂપરૂપના અંબાર જેવાં શરીર પરથી બે મસ્તકો ઉડાડવામાં આવ્યાં હતાં. એ અત્યાચાર વેળાએ રુધિરને બદલે કેસરની છાંટ ઊડી હતી. ઊડતાં મસ્તકોમાંથી એકેય ચીસ નીકળી નહિ અને છતાંય આ અત્યારનો અબોલ ચિત્કાર આખા હિંદુસ્તાનની હવા વીંધીને હેરકેર પ્રસરી ગયો.

શ્રાવણ વદ પાંચમની રાત હતી. આકાશમાં વાદળાં હતાં. વરસાદ આવી આવીને અટકી જતો હતો. જમીન પર પાયો નાખવા આવ્યો હોય એ રીતે થાંભલો બનીને અંધકાર ઊતરતો હતો. ગામ સૂતું હતું.

તમરાં ને કંસારીનો અવાજ ગૂંજતો હતો, પણ દેડકાંના એકધારા અવાજમાં તમરાં–કંસારીનો ધ્વનિ ડૂબી જતો હતો. દૂરથી શિયાળાઓનાં લાળી સંભળાવતાં હતાં. ગામના પાદરનું એક વાઘરિયું કૂતરું ભસી રહ્યું હતું. ગરિયો ફરતો ફરતો ઊભો ને ગતિ વિનાનો દેખાય એવી રીતે કાળી રાત હવે ઊંઘી ગઈ હતી. એ ચાલી જવાની ના પાડતી હતી.

ગામ નિદ્રામાં પડયું હતું. રાતે વાળુ કરીને, નવીનોખી વાતું કરીને ખોરડાં મૂંગાં થયાં હતાં. કોઈના ઘરની અંદરના વાળુમાં રોટલો હતો ને રોટલાને પેટમાં ઠેકાણે પાડવા માટે પાણી હતું. રોટલા હારેનાં દૂધ અને છાશ એ તો સપનાની વાત થઈ હતી.

એવી એક મેઘલી રાતે એક ટોળી એ ગામમાં આવી હતી. ટોળીના પગ જમીન પર પડતા હતા, એ પગનો પછાડ કોઈ ઘેર જવા માટેનો લાગતો નહોતો. જાળવી જાળવીને તેઓ પગ માંડતા હતા.

ગુસપુસ વાતો થતી હતી. એ શબ્દોમાં કંપ હતો, ઉશ્કેરાટ હતો, નિર્ણય હતો.

"જો જો હોં, બરાબર કાસળ કાઢવાનું છે."

ટોળીમાં એક જણ હતો. એણે એના ધ્રૂજતા હોઠે કહી દીધું :

"એલા ! તમારી હારે આંહિ સુધી આવ્યો પણ હવે પગ થથરે છે. મારાથી આ કામો નહિ થાય. હું તો હાલ્યો જાઉં છું."

એ બોલી પર એક કડક અવાજ પથરાઈ ગયો :

"હાલ્યો ક્યાં જઈશ? જહાન્નમમાં! ચૂં કે ચાં કર્યું છે તો આ બન્ને છરા તારી છાતી ભેગા થઈ ગયા સમજજે! મને ખબર નૈં કે ટોળીમાં આવો ડરપોક જણ છે. સીધેસીધો ચાલ."

રાત વધુ ઘેરી બનતી ગઈ. આ ટોળીના માણસોનાં પગલાં આછો અવાજ કરી રહ્યાં. કોઈ ભયાનક ખેલ ખેલવા આ માણસો જઈ રહ્યા હતા. તેમનો શ્વાસ બહાર આવતો હતો. એક એક પળ જતી હતી એમ એમ ઉશ્કેરાટ વધતો હતો.

એકાએક ચિબરી બોલી. કાળી રાત પર ચિબરીની એ બોલીએ વધુ કાળો પટ ચડાવી દીધો.

"તારી પાસે હથિયારો છે ને? ધાર તો એવી રાખી છે કે એ બધાંનું કામ કાઢી નાખવું એમાં જરાય વાંધો નહિ આવે."

ગામની બહાર આ ટોળી એનો માર્ગ કાપતી હતી. ને ગામનાં લોકો ઊંઘ ખેંચતાં હતાં. ગામના એક વખતના એક પટેલને સપનું આવતું હતું:

ખેતર હતું. મોલ ઊભા હતા. પંખીઓ મોલ પર ઊડી રહ્યાં હતાં. કોસ ચાલતો હતો. કૂવાનાં પાણીની છોળ થાળામાં પછડાતી હતી. ખેતરનાં ડૂંડાં પર મોતી પાક્યાં હતાં. નાની વહુની અણવરણી કરવાની હતી. એ માટે પટેલે ગામને લહેર કરાવવાની વાત નક્કી રાખી હતી.

પટેલ ઊંઘમાં બોલી રહ્યા હતા.

"સૌ આવજો! એકા કોઈ રહી ન જાય. ગામના બીજા કોઈ ઘરમાં ચૂલો ન થાય હોં."

શ્રાવણ વદ પાંચમની એ રાતે ગામનો આ માનવી આવું શમણું માણી રહ્યો હતો. ઊંઘ એ ગામડાનો આનંદ બની ગઈ હતી. જાગરણ એ ગામડાનું વેરી બની થયું હતું.

પણ એ ગામના પાદરની અંદર શ્રાવણ વદ પાંચમની રાતે જે ટોળી પેઠી એ તો પૂરેપૂરી જાગતી હતી. બરાબર તપાસ કરી રાતને સમગ્રે એ કેડી કાપી રહી હતી.

"સાથે મળીને ખૂન કરવાનું છે. અરેરાટી ન થાય એનું ધ્યાન રાખજો. આપણે મસ્તક જ ઉડાડી દેવાનાં છે. હાય કરી જશો મા. એનાં રૂપ ભારે છે."

ચિબરીએ ચચરાટી કરી. કાળજામાંથી સોંસરો એ ધ્વનિ નીકળી ગયો.

"જુઓ! આપણે હવે પાસે આવી ગયા છીએ. તમને એક વાત સમજાવું. બેનાં તો મારે માથાં જોઈશે. ખૂન કરવા ધસો ત્યારે એ આંખો પર ધ્યાન દેશો નહિ. એ આંખો મોટી છે...ને શરીર! ગોરાં ગોરાં છે."

હવે તો આ ટોળીનાં માણસો લોઢાનાં કાળજાં કરી એ ટેકરી આગળ આવી ગયા, ટૂંક આગળ આવી ગયા.

"આ સુગંધ ક્યાંથી આવતી હતી? કોઈએ સવાલ કર્યો."

"આ જગ્યા તો મ્હેક મ્હેક થાય છે."

"થાય નહિ? આંહિ કોણ રહે છે એ જાણે છે? એમનામાં ફોરમ ભરી છે, ફોરમ."

"તોય આપણે એનાં ખૂન કરવાં છે? એના કરતાં એને જખ્મી કરીએ તો?"

"મૂંગો મર. આ વધ પાછળ તું એમ માને છે કે આપણે શું ધન જોઈએ છે? ના, રે ના! આપણે તો પાણી દેખાડવું છે. આપણે તો ધજાગત તોડવી છે."

અંધારી રાતમાં આ બોલી બોલાણી. ટોળીનાં માણસો પુષ્કળ સામાન સાથે, હથિયાર સાથે ટૂંકની વંડી ટપી ગયા.

ગામ ભરનિંદરમાં પોઢયું હતું. આવી કાળી રાત ક્યારેય ઘૂંટાણી નહોતી. ઉપરની એક ટૂંક આગળ ટોળી આવી પૂગી. દરવાજા સુધી આવી. "પહેલાં દરવાજા તોડી નાખો."

"છીણી લાવ", "હથોડી લાવ";

"કરવત લાવ", "અવાજ ન થાય."

ટોળીનો એક જણ તો હવે રીતસર ધ્રૂજવા લાગ્યો.

"માબાપ, મને આમાંથી બાદ રાખો."

એ બોલનારના પેટ પર એક સખત પાટુ પડી. નાળવાળા જોડાની એ સખત પાટુ હતી. એ બોલનારો બેસી ગયો. મૂંગો મૂંગો ટોળીની અંદર ગૂંથાઈ ગયો.

ખૂનનાં કાવતરાંને ખરું કરવા માટે આખી ટોળી એ જગ્યાએ જઈ પહોંચી. ટોળી અંદર જવા લાગી.

કેસર અને ચંદનની સુવાસ ઊડતી હતી. વાતાવરણમાં મ્હેક હતી.

અવાજ આવ્યો :

"ઉતાવળ કરો. ઘા કરો. બેનાં માથાં ઉતારી લ્યો!"

ખૂનીઓ આગળ વધ્યા. ભયાનક હથિયારોથી તેઓ ધસી ગયા. રૂડા રૂપાળા દેહ પરથી બે માથાં ઉતારવા માટે આખી ટોળી કામે લાગી ગઈ.

માથાં ઉતર્યાં. એ મુખ એવાં ને એવાં રહ્યાં. એ આંખો એવી ને એવી રહી.

બેનાં માથાં મળ્યાં. પણ બાકીનાઓની છાતી પર તેઓ તૂટી પડયા. છાતી ભાંગી નાખવા માટે તેઓનાં બધાં હથિયારો ઉછળી પડયાં.

એ બદમાશ ટોળીએ ચાર ખૂન કર્યાં : સિતમખોરોએ અણુત્રી કરી, સજ્ઞની ધાર ચલાવી, ધડથી મસ્તક જુદાં કર્યાં.

સુવાસિત આવાસમાં એ ટોળીએ એક ભયાનકમાં ભયાનક ગુનો કર્યો. જુલ્મીઓ આ કાળાં કામો કરી ચાલ્યા ગયા.

શ્રાવણ વદ પાંચમની એ રાત માંડ માંડ પૂરી થઈ ને બીજે દિવસે સૂરજ ઊગ્યો.

અને ગામમાં હાહાકાર થઈ ગયો. ખૂન અને હત્યાના ખબર ફેલાઈ ગયા.

ખૂન કરનારાઓ નાસી ગયા હતા, એમની પાછળનું કાળામાં કાળું કામ મૂકીને.

બે હજાર વરસ પહેલાંની બે પ્રતિમાઓનું કરપીણ ખૂન કરવામાં આવ્યું હતું. કેસરભીની એ મૂર્તિઓનાં મસ્તકો ધડથી જુદાં કરવામાં આવ્યાં હતાં.

બે મૂર્તિઓની છાતીઓને ભાંગી નાખવામાં આવી હતી.

શ્રાવણ વદ પાંચમની રાતે તળાજાના ટેકરા પર આ બનાવ બની ગયો. શ્રાવણ વદ પાંચમની એ રાતનાં અંધારાં જનતાનાં હૃદયમાં રોકાઈ રહ્યાં.

એ અંધારાની સામે એક ભયાનકમાં ભયાનક વધનું દૃશ્ય પથરાયું.

રૂપરૂપના અંબાર જેવી મૂર્તિઓનાં ખૂન! એ ખૂન કરનાર કાતિલ છરાને લોહીને બદલે કેસર અડક્યું હતું. એ કેસરની સુવાસ એ ગુનેગારોનાં લમણાંને આજે તો પાગલ બનાવી દેતી હશે.

પણ્હાવાગરણ અને હિંસાનાં ગુણનિષ્પન્ન નામો

લેખક—પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ.

જૈનતત્ત્વનો આત્મા અહિંસા છે, પરંતુ એ આચરણમાં મૂકવા માટે પરિશ્રમ કરવો પડે તેમ છે, જ્યારે હિંસા માટે તેમ નથી, કેમકે એ તો અનાદિ કાળથી સંસારી જીવો દ્વારા સેવાતી આવતી પ્રવૃત્તિ છે. તેમ છતાં અહિંસા એટલે શું તે સમજવા માટે હિંસાનું સ્વરૂપ જાણવું આવશ્યક છે. આ સ્વરૂપનો બોધ કરાવનારું એક સાધન તે એનાં વિવિધ નામોનું જ્ઞાન છે. આ જ્ઞાન આપણને જૈનોના દસમા અંગ તરીકે ઓળખાવાતા પણ્હાવાગરણ (સં. પ્રશ્નવ્યાકરણ) નામના આગમમાંથી મળે છે. આ નામને કેટલાક એકવચન ગણે છે તો કેટલાક બહુવચન, પરંતુ એની જાતિ નાન્યતર છે એ બાબત તો એકવાક્યતા છે. દસમા અંગનું સ્વરૂપ જે સમવાય (સૂ. ૧૪૫) માં તેમજ નંદીમાં નજરે પડે છે તે આ ઉપલબ્ધ આગમમાં નથી એ જાણીતી વાત છે. આમ કેમ છે એ સંબંધમાં વિદ્વાનોએ ઊહાપોહ કર્યો છે. કેટલાકનું કહેવું એ છે કે આ કંઈ સમગ્ર કૃતિ નથી. એમાં વિદ્યાદિને લગતો જે વિષય પહેલાં હતો તે ઇરાદાપૂર્વક આ આગમમાંથી કાઢી લેવાયો છે કે જેથી કોઈ એનો દુરુપયોગ ન કરી શકે. કેટલાકનું માનવું એ છે કે આ તો દસમું અંગ લુપ્ત થયું એટલે એનું સ્થાન આ આગમને અપાયું છે. આપણી સામે જે આ નામનું આગમ છે તે અભયદેવસૂરિના સમય જેટલું તો પ્રાચીન છે જ, કેમકે એ સૂરિએ એના ઉપર ટીકા રચી છે. એ ટીકામાં આ આગમને કેટલાક 'પણ્હાવાગરણદસા' પણ કહે છે એ વાતનો નિર્દેશ છે. વળી આ આગમનાં પુસ્તકો કૂટ છે, એનું શાસ્ત્ર ગંભીર છે અને અમે અજ્ઞ છીએ એમ એ ટીકાના પ્રારંભમાં ઉલ્લેખ છે. આ આગમ ઉપર અભયદેવસૂરિ કરતાં પૂર્વે થઈ ગયેલા કોઈ વિદ્વાનની ટીકા હોય તો તે મળતી નથી, પરંતુ એમના પછી લગભગ ૬૦૦ વર્ષ પછી થયેલા જ્ઞાનવિમલસૂરિએ ટીકા રચી છે અને એ બે ભાગમાં પ્રસિદ્ધ થયેલી છે.

અભયદેવસૂરિ સોળ વર્ષની ઉમ્મરે વિક્રમસંવત્ ૧૦૮૮માં આચાર્ય બન્યા હતા અને તેમણે વિ. સં.૧૧૨૦ માં નાયાધમ્મકહાની વૃત્તિ રચી હતી. બીજાં અંગોની વૃત્તિઓ લગભગ વિ. સં. ૧૧૩૩માં પૂર્ણ કરાઈ હતી એમ જણાય છે. એમનો સ્વર્ગવાસ વિ. સં. ૧૧૩૫માં કપડવંજમાં થયો હતો.

વિ. સં. ૧૭૪૮માં આચાર્ય પદવી મેળવનાર અને તે પૂર્વે 'નયવિમલ'ના નામથી પ્રખ્યાત જ્ઞાનવિમલસૂરિ વિ. સં. ૧૭૮૨માં સ્વર્ગે સંચર્યા એટલે આ દરમ્યાન એમણે ઉપર્યુક્ત ટીકા રચી હોવી જોઈએ. આ ટીકામાં કેટલીક વાર ગુજરાતી શબ્દો અપાયલા છે તે આ ભાષાના અભ્યાસીને ખપના છે.

પણ્હાવાગરણ એ સુધર્મસ્વામીની કૃતિ છે એમ તો મેં ઘણે સ્થળે વાંચ્યું છે.

હાલમાં એમાંના પાંચ આસ્રવ પૂરતો ભાગ ગુજરાતી અનુવાદ સહિત વિ. સં. ૧૯૯૮માં પ્રસિદ્ધ થયેલો મારા જોવામાં આવ્યો. તેમાં પણ્હાવાગરણના કર્તા તરીકે ભદ્રબાહુસ્વામીનું નામ અપાયલું છે. મને તો આ ઉલ્લેખ ભ્રાન્ત જણાય છે; તેમ છતાં જો એમ માનવા માટે કોઈ સબળ કારણ હોય તો તે જણાવવા એના પ્રકાશકાદિને મારી વિજ્ઞપ્તિ છે.

હાલમાં આગમોદ્ધારક જૈનાચાર્ય શ્રી આનંદસાગરસૂરિજી તરફથી જાણવા મળ્યું છે કે મહાનિસીહમાં પણ્હાવાગરણનો ઉલ્લેખ છે.

આ તો પણ્હાવાગરણનાં નામ, સ્વરૂપ, ટીકા અને અનુવાદની વાત થઈ. હવે આ

આગમમાં પ્રથમ સૂત્રમાં હિંસાનું સ્વરૂપ દર્શાવ્યા બાદ એના બીજા સૂત્રમાં એનાં જે ત્રીસ ગુણનિષ્પન્ન નામો અપાયાં છે તે વિચારીશું. તેમ કરવા પૂર્વે એ નોંધીશું કે આ ત્રીસની સંખ્યાનો મૂળમાં ઉલ્લેખ છે, પણ અર્થ વગેરે વિચારતાં એ કરતાં વિશેષ નામો છે. આ દરેક નામ ગુણનિષ્પન્ન છે–ગૌણ છે. આ પ્રત્યેક નામ મૂળમાં પહેલી વિભક્તિમાં રજૂ કરાયેલું છે. હું પણ એમ જ એ અહીં નોંધું છું, પરંતુ ક્રમ અકારાદિ રાખું છું. સાથે સાથે એનો સંસ્કૃત પર્યાય અને એનો અર્થ પણ આપું છું:

હિંસાનાં નામ

પાઇય	સંસ્કૃત	અર્થ
[1]अकिच्चं (५)	अकृत्यम्	ન કરવા લાયક કરવું તે, અકાર્ય.
[2] अणकरो (२४)	ऋणकरः	ઋણ કરનાર, 'ઋણ' એટલે પાપ (અ.)[3] અથવા દુઃખ (જ્ઞા.)[4] ઋણનો અર્થ 'દેવું' થાય છે તો હિંસા ભવ વધારે છે–એથી સંસાર વધે છે એ જોતાં ભવરૂપ દેવું કરનાર એમ અર્થ થઈ શકે.
अवीसंभो (३)	अविश्रम्भः	અવિશ્વાસ, હિંસા કરનારનો કોઈ વિશ્વાસ કરતું નથી એથી હિંસા અવિશ્વાસનું કારણ છે.
असंजमो (१४)	असंयमः	સંયમનો અભાવ
[5]आउयकम्मस्स उवद्दवो (१२)	आयुष्क-कर्मण उपद्रवः	આયુષ્યકર્મને ઉપદ્રવ.
[6] ,, गालणा (१२)	आयुष्ककर्मणो गालना	આયુષ્યકર્મનો નાશ.
[7] ,, निट्ठवण (१२)	,, निष्ठापनम्	આયુષ્યકર્મની સમાપ્તિ, એનો અંત.
[8] ,, भेय (१२)	,, भेद-	આયુષ્યકર્મનો ભેદ–નાશ.
[9] ,, संघट्टग (१२)	आयुष्ककर्मणः संवर्तकः	આયુષ્યકર્મનું અપવર્તન.
[10] ,, संखेवो (१२)	,, सङ्क्षेपः	આયુષ્યકર્મનો સંક્ષેપ.
आरंभसमारंभ (११)	आरम्भसमारम्भः	(૧) જેનો આરંભ કરાય–વિનાશ કરાય તે 'આરંભ' અર્થાત્ 'જીવ'. એનું ઉપમર્દન તે 'આરંભસમારંભ' (અ.).

---

૧ મૂળમાં આની પૂર્વે 'तहा' શબ્દ છે. એને હું સમુચ્ચયાર્થક ગણું છું, જો કે અભયદેવસૂરિ 'તે પ્રકારે' એવો અર્થ કરે છે.

૨ પાઇય શબ્દ अण ના કરજ, શબ્દ, ગમન, કષાય, ગાળ, પાપ, કર્મ અને ગાડું એમ વિવિધ અર્થો છે. પરંતુ એમાંથી કરજ, કષાય, પાપ અને કર્મ એ અર્થો પ્રસ્તુત ગણાય. એવી રીતે સંસ્કૃત શબ્દ ऋणના કરજ, ઉપકાર, કિલ્લો, પાણી, જમીન અને બીજગણિતગત 'negative' સંખ્યા એમ ભિન્ન ભિન્ન અર્થ છે. એ પૈકી 'કરજ' અર્થ જ અભિપ્રેત છે.

૩ અભયદેવસૂરિનો અભિપ્રાય.

૪ જ્ઞાનવિમલસૂરિનો અભિપ્રાય.

૫–૧૦ ઉપદ્રવ વગેરેદ્વારા આયુષ્યનો નાશ થતો હોવાથી આ બધામાંથી ગમે તે એક જ ગણાય તો જ ત્રીસ નામો થઈ શકે; નહિ તો એ સંખ્યા વધે.

		(૨) ખેતી વગેરે પ્રવૃત્તિ તે 'આરંભ'. એ વડે કરાતું જીવનું ઉપમર્દન (અ., ટીL). (૩) 'આરંભ' એટલે જીવને કરાતો ઉપદ્રવ. અને 'સમારંભ' એટલે પરિતાપના. ઉપદ્રવ સાથેની પરિતાપના તે 'આરંભસમારંભ'(અ.). (૪) આરંભ અને સમારંભ મોટે ભાગે સમાન હોવાથી બેમાંથી એક અહીં ગણવો(અ.).
उद्दवणा (९)	उपद्रवणा; अपद्रवणा	જીવોને ઉપદ્રવ કરવો તે.
उम्मूलणा सरीराओ (२)	उन्मूलना शरीरात्	ઝાડને જમીનમાંથી ઉખેડાય તેમ જીવને શરીરમાંથી ઉખેડવો તે.
कडगमद्दणं (१५)	कटकमर्दनम्	(૧) સૈન્ય વડે હુમલો કરી જીવનું મર્દન કરવું તે; (૨) કિલિંજ વડે અર્થાત્ : લીલા લાકડાના પાતળા પાટિયા વડે આક્રમણ કરી જીવનું મર્દન કરવું તે., આવા મર્દનથી જીવનો નાશ થાય છે.
गुणाणं विराहणा(३८)	गुणानां विराधना	જેની હિંસા કરાતી હોય તેના કે હિંસા કરનારના ચારિત્ર વગેરે ગુણોનું ખંડન.
घायणा (६)	घातना	ઘાત કરવો તે; વિનાશ.
छविच्छेओ (२१)	छविच्छेदः	શરીરનું છેદન. એથી દુઃખ ઉત્પન્ન થતું હોવાથી તેમજ એ પ્રસ્તુત પર્યાય યાને અવસ્થાના નાશનું કારણ હોવાથી એ ઉપચારથી પ્રાણવધ છે.
जीवियंतकरणो(२२)	जीवितान्तकरण.	જીવનનો અંત આણનાર.
तिवायणा (१०)	त्रिपातना; [1]अतियातना	(૧) મન, વચન અને કાયાથી રહિત કરવું તે; (૨) આયુષ્ય અને ઇન્દ્રિયથી રહિત કરવું તે, (૩) અતિશય યાતના.
दुग्गतिप्पवाओ (१८)	[2]दुर्गतिप्रपातः	નરક વગેરે દુર્ગતિમાં પાડનાર.
[3]निज्जवणा (२८)	निर्यापना	નિર્યાપના પ્રાણીઓના ખૂબ જતા પ્રાણને નીકળી જવામાં પ્રયોજક તે નિર્યાપના (અ.).
परभवसंकामकारओ(१७)	परभवसंक्रमकारकः	પરભવમાં સંક્રાન્તિ કરાવનાર અર્થાત્ આ ભવ છોડાવી પરભવે લઈ જનાર. પ્રાણોથી વિયુક્ત બનનારાની જ પરભવમાં સંક્રાંતિ સંભવે છે.

૧. અભયદેવસૂરિ, तीत, पिधान વગેરેમાં જેમ अ નો લોપ થાય છે તેમ અહીં अનો લોપ સમજવાનું કહે છે. उद्दवणा શબ્દ આની પૂર્વે છે તો તેમાં अ ભળી ગયેલો મનાય તો કેમ?

૨. સંસ્કૃતમાં આની બે રીતે વ્યાખ્યા અભયદેવસૂરિએ કરી છે, પણ એનું તાત્પર્ય એક જ છે.

૩. અભયદેવસૂરિએ આને બદલે ટીકામાં णिज्जवणा શબ્દનો ઉલ્લેખ કર્યો છે.

परितावणअण्हओ (૨૬)	**परितापनाश्रवः**	(૧) [1]પરિતાપનપૂર્વકનો આસ્રવ. (૨) 'પરિતાપના' નામનો આસ્રવ.
पाणवहं[2] (૧)	**प्राणवधः**	પ્રાણોનો નાશ.
पावकोवो (૧૯)	**पापकोपः**	(૧) અપુણ્ય પ્રકૃતિરૂપ પાપનો વિસ્તાર કરનાર—એને પુષ્ટ કરનાર (અ.). (૨) પાપરૂપ—પાપમય કોપ, કેમકે એ કોપનું કાર્ય છે (અ.).
पावलोभो (૨૦)	**पापलोभः**	(૧) પાપમાં આસક્તિ (અ.). (૨) પાપરૂપ લોભ, કેમકે એ લોભનું કાર્ય છે.
भयंकरो (૨૩)	**भयङ्करः**	ભય ઉત્પન્ન કરનાર.
मच्चू (૧૩)	**मृत्यु**	મરણ નિપજાવવું તે.
मारणा (૭)	**मारणा**	નાશ કરવો તે.
लुंपणा (૨૯)	**लोपना**	પ્રાણોનો નાશ.
[3]**वज्जो** (૨૫)	**वज्रम्, वर्ज्यः**	(૧) વજ્ર. હિંસા વજ્ર સમાન હોવાથી એ કરનાર ઘણો ભારે બની નરકે જાય છે. (૨) સમજૂ જનોને માટે ત્યજવા લાયક
वहणा (૮)	**वधना**	વધ.
विणासो (૨૭)	**विनाशः**	પ્રાણોનો વિનાશ.
वोरमणं (૧૬)	**व्युपरमणम्**	પ્રાણોથી જીવને અલગ કરવો તે.
हिंसविहिंसा (૪)	**हिंस्यविहिंसा; हिंस्रविहिंसा**	(૧) હિંસ્ય જીવોની હિંસા. અજીવનો નાશ કરતાં કેટલીક વાર હિંસા થતી નથી; વાસ્તે અહીં **विहिंसा**નું '**हिंस्य**' એવું વિશેષણ વાપર્યું છે. (૨) હિંસા અને વિહિંસા બંને મોટે ભાગે સમાન હોવાથી બેમાંથી ગમે તે એકનું ગ્રહણ કરવું. (૩) હિંસ્ર અર્થાત્ પ્રમત્ત એવી વ્યક્તિએ વિશેષ રૂપમાં કરેલી હિંસા તે હિંસ્રવિહિંસા.

હિંસાનાં ગુણનિષ્પન્ન નામો જે ક્રમથી મૂળમાં અપાયાં છે તે કાંઈ હેતુપૂર્વક જણાતું નથી. તેમ છતાં કોઈ વિશેષજ્ઞને એ સહેતુક લાગતાં હોય તો તેમને આ દિશામાં સપ્રમાણ પ્રકાશ પાડવા વિનવું છું.

ગોપીપુરા, સુરત, તા. ૨૫-૫-૪૫

---

૧. મૃષાવાદ વગેરે પણ આસ્રવરૂપ છે, પરંતુ એ પ્રાણોનો નાશ નથી. એટલા માટે 'પરિતાપન' એવું વિશેષણ વપરાયું છે.

૨. અહીં **वह** શબ્દ નાન્યતર જાતિનો છે; બાકી એ મોટે ભાગે તો નરજાતિનો છે.

૩. અભયદેવસૂરિ **सावज्जो** એવું પાઠાન્તર નોંધે છે. એનો અર્થ 'સાવદ્ય' એટલે 'પાપસહિત' એવો થાય છે.

પદ્માવતી અને ધારણી

લેખક : શ્રીયુત મોહનલાલ દીપચંદ ચોકસી.

જૈન સાહિત્યના સારા અભ્યાસીઓ પણ કેટલીક વાર પદ્માવતી અને ધારણી એ બે ભિન્ન વ્યક્તિઓને એક માની લેતા અચકાતા નથી. આમ માનવામાં તેઓ નજર સામે ચઢતી નીચેની વાતો પર મદાર બાંધે છે: (પ્રથમ દૃષ્ટિએ એ મદાર ભૂલભર્યો જણાય તેવો નથી.)

૧. ચંપાપતિ દધિવાહન ચેટકરાજાની એક પુત્રીને પરણ્યો હતો.

૨. કૌશાંબીપતિ શતાનિકે એક વાર ચંપાપુરી પર અચાનક છાપો માર્યો. દધિવાહનને ભાગવું પડ્યું, એક સૈનિકના હાથમાં ચંપાપતિ દધિવાહનની રાણી તથા પુત્રી સપડાયા. રાણીનું નામ ધારણી અને પુત્રીનું નામ વસુમતી.

૩. સૈનિકે રાણીને પોતાની ભાર્યા બનાવવાની ઇચ્છા વ્યક્ત કરતાં જ ધારણીએ વીંટીનો હીરો ચૂસી આપઘાત કર્યો. સૈનિક આ બનાવથી ડઘાઈ ગયો અને રાણીની પુત્રીને લઈ, કૌશાંબીના હાટમાં પહોંચ્યો.

૪. એ માર્ગેથી જઈ રહેલા ધનાવહ શેઠે વિક્રય માટે સૈનિક તરફથી ઊભી કરવામાં આવેલી વસુમતીને જોઈ. આવી અભર બાળા કોઈ દુષ્ટના હાથમાં પડી દુઃખ ન પામે એવા શુભ આશયથી એને ખરીદી પૈસા આપીને લાવ્યા. તેથી, તેમ બાળાની આકૃતિ હરકોઈને ચંદન માફક શીતલતા અર્પે તેવી હોવાથી વસુમતી ચંદનબાળા તરીકે મશહૂર થઈ.

૫. પ્રભુ શ્રી મહાવીરને એ બાળાએ બાકુલા વહોરાવ્યા. એ કાળે પાંચ દિવ્ય પ્રગટયાં. એમાં સોનામહોરની વૃષ્ટિ પણ થઈ. એ ધન લેવા રાજવી શતાનિક આવ્યો. એ વેળા ચંદના દધિવાહનની પુત્રી છે એવો પ્રથમ ઉલ્લેખ પ્રભુમુખથી થયો. ત્યારે એ તો મારી ભાણેજ થાય એવો બીજો ઉલ્લેખ શતાનિકની ભાર્યા મૃગાવતીના મુખેથી બહાર પડ્યો.

આ પાંચ ઉલ્લેખો પરથી, એમ માની લેવાનું મન થાય છે કે, મૃગાવતી જેમ ચેટકરાજની પુત્રી હતી, તેમ દધિવાહનની ભાર્યા પણ એ જ રાજવીની પુત્રી હોઈ, એ મૃગાવતીની બહેન થતી હતી. એનું નામ પદ્માવતી કહેવાય છે. એમાં કયાં તો સમજફેર થાય છે અથવા તો પદ્માવતીનું બીજું નામ ધારણી હશે; અથવા ઉપરના ઉલ્લેખ મુજબ હોવું જોઇએ. પણ નીચેની વાત જોતાં આ માન્યતાના ચૂરા થાય છે, અને ઉભય વ્યક્તિઓ જુદી છે એ સાબિત થાય છે.

ચેટકરાજની સાત પુત્રીઓમાં ધારણી નામ છે જ નહીં. પદ્માવતી અને મૃગાવતી નામ જરૂર મળે છે અને એ ખરાં છે.

પદ્માવતીનાં લગ્ન દધિવાહન સાથે થાય છે. એ ચંપાનગરીની મહારાણી બને છે. એના ઉપર દધિવાહનનો પ્રેમ ગાઢ છે. એ જ્યારે ગર્ભવતી થાય છે ત્યારે તેણીને હાથી ઉપર બેસી નગરીમાં થઈ, દાન દેતાં ઉદ્યાનવિહાર કરવાનો દોહલો ઉપજે છે. એની પૂર્તિમાં દધિવાહન અને પદ્માવતી થોડા સંરક્ષકો સહિત ઉદ્યાનક્રીડામાં આગળ વધે છે. દરમ્યાન

હાથી મદે ચઢી ઘણે દૂર નીકળી જાય છે, અંકુશથી વશ થતો નથી, માવતને ફેંકી દે છે. હાથીને કાબુ બહાર ગયેલો જોઈ પતિ-પત્ની સામે આવી રહેલા વડની વડવાઈએ લટકવાનું નક્કી કરે છે. હાથી એ વડ હેઠળ આવે છે ત્યાં દધિવાહન વડવાઈ પકડી લે છે, પણ ગર્ભવતી પદ્માવતી તેમ કરી શકતી નથી. હાથી તેણીને આગળ અરણ્યમાં લઈ જાય છે. એક જગ્યાએ એ પાણી પીવા થોભે છે ત્યાં ધીરે રહી રાણી ઊતરી જાય છે. મહામહેનતે જંગલમાંથી રાણી એક કુલપતિના આશ્રમે આવે છે. ત્યાંથી સમીપના નગરમાં આવે છે, અને ગર્ભની વાત ગૂઢ રાખી, શિયળના સંરક્ષણ અર્થે સાધ્વીજીવન સ્વીકારે છે. એમાં અભ્યાસ પડતાં એની લગની લાગે છે. ગર્ભવૃદ્ધિ પામતાં ગુરુણીજી ઠપકો આપે છે ત્યારે સાચી બીના કહે છે અને યોગ્યકાળે પુત્રને જન્મ આપે છે. એ પુત્રનું નામ કરકંડુ. એ સંબંધી વધુ ઇતિહાસ 'પ્રત્યેકબુદ્ધરાસ' કિંવા 'ચમત્કારિક યોગ' નામક પુસ્તક વાંચવાથી જાણી શકાશે.

દધિવાહનને પોતાની પ્રેયસી પદ્માવતીનો વિરહ ઘણો સાલે છે. શોધ કરાવવા છતાં એનો પત્તો લાગતો નથી. મંત્રીઓ રાજકાર્યમાં ડગલે પગલે રાણીની અગત્યતા જણાતાં રાજાને માંડમાંડ સમજાવી ધારણી નામા ભાયાતકન્યા સાથે પાણીગ્રહણ કરાવે છે. એની પુત્રી તે વસુમતી ઉર્ફે ચંદનબાળા.

પદ્માવતી તો પુત્રને જન્મ આપી કાયમ સાધ્વીજીવનમાં રક્ત બની હોવાથી તેણીને પુનઃ સંસારમાં આવવાપણું સંભવતું જ નથી. અલબત્ત, પુત્ર-પિતા વચ્ચે એટલે કે રાજવી કરકંડુ અને ભૂપ દધિવાહન વચ્ચે રણસંગ્રામ જામે છે ત્યારે સાધ્વીવેશમાં આવી પદ્માવતી સાચી સ્થિતિ સમજાવી ઉભયનાં હથિયાર હેઠાં મૂકાવે છે.

ધારણી તો સૈનિકનો શબ્દ સાંભળતાં જ હીરો ચૂસી આપઘાત કરે છે. આ બન્ને પ્રસંગો જોતાં ઉભય રાણીઓ દધિવાહન ભૂપાલની હતી એ ચોક્કસ વાત, છતાં જૂદી જૂદી હતી એ પણ એટલું જ ચોક્કસ છે. માત્ર નામનો ફેર કહેનારા ઇતિહાસથી અનભિજ્ઞ છે એમ માનવું જ પડે.

વહેવારમાં સગી બહેનને બદલે આવેલી અન્ય કન્યા પણ બહેન રૂપ જ લેખાય છે. એ હિસાબે પદ્માવતીને સ્થાને આવેલી ધારણી, મૃગાવતીની બહેન જ લેખાય; અને એની છોકરી ચંદના એની ભાણેજ થાય.

કૌશાંબીમાં લાંબા સમયથી ચંદનબાળા રહેતી હોવા છતાં ન તો મૃગાવતી તેણીને ઓળખે અથવા તે માસી એવી મૃગાવતીને પિછાણી શકે એ એક આશ્ચર્ય જ ગણાય. પણ ઉપર પ્રમાણે એ જ્યાં પુત્રી જ ધારણીની હતી ત્યાં એને ન તો મૃગાવતીએ જોઈ હતી કે, ન તો પોતે મૃગાવતીને જોઈ હતી એ વાત ઘટી શકે.

આ ઉપરાંત નૃપ દધિવાહનને ત્રીજી અભયા નામે રાણી હોવાનો સંભવ પણ છે. પણ એ વાત આ ચર્ચામાં અપ્રસ્તુત હોવાથી અહીં વિચારવાનું રહેતું નથી. કરકંડુના પિતા દધિવાહન અને માતા પદ્માવતી, ચંદનબાળાના પિતા દધિવાહન અને માતા ધારણી એમ ઉપરના પ્રસંગોથી સ્પષ્ટ સમજાય છે અને એ ધ્યાનમાં રાખીને જ લેખકે 'પ્રત્યેકબુદ્ધચરિત્ર' યાને 'ચમત્કારિક યોગ'માં તેમજ 'પ્રભાવિક પુરુષો' ભાગ ૧ માં એ રીતે જ ઉલ્લેખ કર્યો છે.

જૈન તપ અને અણાહારી વસ્તુઓ

લેખક : શ્રી. વૈદ્યરાજ હિમ્મતલાલ કે. શાહ, બી. એસસી.

જૈનધર્મ તપના પ્રભાવે જગતમાં ઉજળો છે. અને જિનેશ્વરની આજ્ઞાને અનુસરનારા જૈનોમાં અન્ય ધર્મીઓ કરતાં ઉપવાસાદિ તપનો મહિમા ઘણો મોટો દેખાય છે. આ કારણે જૈન ધર્મની મહત્તા જગતમાં પ્રસિદ્ધ છે. "व्रते जैनाः" વગેરે અન્ય મતવાદીઓએ ઉચ્ચારેલ પદ ઉપરોક્ત કથનની સાક્ષી પૂરે છે. ઉપવાસાદિ તપ એટલે કેવળ શરીરને શોષણ કરવાપણું નથી; માનસિક, કાયિક તથા વાચિક અનેક દોષોથી નિવૃત્ત થઈ ગુણપૂર્વક સારી રીતે રહેવું તેમાં જ ઉપવાસ વ્રતની સાર્થકતા છે. ગુણ વગરની અને વિવેક રહિત તપશ્ચર્યા માત્ર કાયાને કલેશ કરવા રૂપ છે. અને તેથી જ તેનું ફળ જોઈએ તેવું મળતું નથી.

ભગવાન મહાવીરના શાસનમાં ઉત્કૃષ્ટ તપ છ મહિનાનો કરવાની શક્યતા છે, છતાં ચંચળ વૃત્તિના મનુષ્યોમાં માનસિક વ્યાપાર સાથે શારીરિક વ્યાપારનો યથાયોગ્ય સંબંધ નહિ રહેવાથી ચાલુ તપ દરમ્યાન ઘણી વખત પ્રકૃતિ બગડવાનો પ્રસંગ આવે છે. તપદ્વારા કર્મ નિર્જરા કરનાર મનુષ્ય માટે આ એક કરુણ પરિસ્થિતિ છે, છતાં તપને બાધા ન આવે અને પચ્ચખ્ખાણનો ભંગ ન થાય તેવા આગારો—અપવાદો જ્ઞાની પુરુષોએ મૂકેલાં છે, જેમાં ઔષધરૂપે અણાહારી વસ્તુઓનો ઉપયોગ મહત્ત્વનો ભાગ ભજવે છે.

તપની શરૂઆતમાં પચ્ચખ્ખાણ લેવાની ગુરુઆજ્ઞા છે અને સદરહુ પચ્ચખ્ખાણની અંદર ચારે પ્રકારના આહાર : અશન, પાન, ખાદિમ, સ્વાદિમનો નિષેધ કરવામાં આવે છે. એટલે બુદ્ધિને વધારે પડતી ખેંચાવવાની ટેવવાળા કેટલાક માણસો કવલાહાર, રોમ આહાર, ઓજ આહાર વગેરેની ચર્ચા કરી, જાણે દૂધમાંથી પોરાં કાઢતાં હોય તેની માફક, ડોક્ટરી ફ્લાજો, ઇન્જેકશનો આદિનો ઉપયોગ કરતા જણાય છે. આવા પ્રકારના ઉપયોગથી તપ અનુષ્ઠાનપૂર્વક આચરી શકાય નહિ. અને તેથી તે પરત્વે લાલ બત્તી ધરવાની જરૂર છે. નહિતર કાળે કરી તપનો મહિમા મામૂલી બની જવા સંભવ છે. પચ્ચખ્ખાણ ત્યાગ ધર્મનું સ્વરૂપ છે અને તે લીધા પછી આત્માનો પુદ્ગળ ભાવ દૂર કરી તેને સમભાવમાં પરોવવાનો છે.

અણાહારી ચીજોનો ઉપયોગ તપશ્ચર્યા કરનાર માટે રાજમાર્ગ નથી; પણ ફક્ત વૈદક દૃષ્ટિએ વ્રત દરમ્યાન આવી પડતી શારીરિક આપત્તિ વખતે કઈ રીતે શરીરને ટકાવી રાખવું, અગર કયા ઉપાયો યોજવા તે માટે અપવાદરૂપે સેવન કરવા માટે છે.

જૈન સાહિત્ય ત્રિકાલાબાધિત છે, અને તેનાથી કોઈ પણ વિજ્ઞાન અજાણ્યું નથી. અન્ય સાહિત્યની માફક ઔષધિશાસ્ત્રમાં પણ જૈન મહર્ષિઓએ અમૂલ્ય ફાળો આપ્યો છે. પણ કાળનો મહિમા એવો વિચિત્ર છે કે પાશ્ચાત્ય દવાઓનાં મોહમાં આપણા દેશમાં થતી ઔષધીઓ આપણને નમાલી લાગે છે. તપ દરમ્યાન થતી અનેક વ્યાધિઓને દબાવવા માટે યોગ્ય આયુર્વેદિક દવાઓ અને દિવ્ય જડીબુટ્ટીઓની યોજના જ્ઞાનીઓએ કરેલી છે.

ઓછામાં ઓછી ઔષધિના ઉપયોગથી લગભગ બધી વ્યાધિઓને અમુક અંશે અંકુશમાં લાવવાની યોજના એ મહર્ષિઓનાં જ્ઞાન માટે પ્રશંસા માગી લ્યે છે. આવી દવાઓના ઉપયોગ તરફ તપશ્ચર્યાના હિમાયતી મનુષ્યો તથા વૈદ-ડોક્ટરનું ધ્યાન ખેંચવું જરૂરી છે. પરંપરાથી વપરાતી અણાહારી ચીજોની વ્યાખ્યા મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ આ રીતે બાંધે છે :—

"વસ્તુ અનિષ્ટ ઇચ્છા વિના, જે મુખમાંહી ધરીજે રે,
ચાર આહારથી બાહીરા, તે અણાહાર કહીજે રે.
એહ જુગતશું જે લહી, વ્રત પચ્ચખ્ખાણ ન ખંડે રે."

ફક્ત જરૂર પડે તો જ, ચાર જાતના આહાર સિવાય, જે વિસ્વાદી વસ્તુ ઇચ્છા રહિતપણે મોમાં રાખી શકાય, તે અણાહાર હોવાથી પચ્ચખ્ખાણનો ભંગ થતો નથી.

અણાહારી ચીજોના વૈદકીય ગુણદોષ જણાવતાં પહેલાં નીચેની સૂચનાઓ જરૂરી છેઃ

૧. અણાહારી ચીજો ગમે તેવા સંજોગો હોય તો પણ જરૂર પડે જ વાપરવી.
૨. " " આચાર્ય મહારાજ અગર ગુરુજનની આજ્ઞાથી જ વાપરવી.
૩, " " થુંક જ વાપરવી અને તે બનતાં સુધી વિસ્વાદી હોય.
૪. " " કામ પત્યા બાદ ગળામાં ઉતારી જવાની જરૂર નથી. બીન જરૂરીઆતે બહાર થૂકી નાખવી.
૫. " " એકલી લેવાય અગર તો ગમે તેટલી અણાહારી ચીજો ભેગી કરી ચૂર્ણ અગર ગુટિકા રૂપે વિશેષ ફાયદા માટે વાપરી શકાય.
૬. " " માત્ર થૂંક મારફત જ ગળામાં ઉતારાય. કોઇ પણ સંજોગોમાં ઉપવાસ દરમ્યાન વપરાતા પીવાના પાણી સાથે લેવાય નહિ.
૭. " " ઉપયોગ કર્યા બાદ ઓછામાં ઓછું બે ઘડી સુધી પાણી પીવાય નહિ.
૮. " " અનુભવી ગુરુજન પાસે ઓળખાવી, નક્કી કર્યા પછી જ વાપરવી.
૯. × આવી ચોકડીની નિશાની કરેલી કેટલીક અણાહારી ચીજોના સ્વાદ અને ઉપયોગ માટે બે મત છે માટે યોગ્યાયોગ્યનો વિચાર કરી યોજના કરવી.

અણાહારી ઔષધો

૧. અગર—તૃષા, મૂર્છા દૂર કરનાર, શીતળ, અપસ્માર અને વાઇ વગેરે માટે.
૨. અફીણ—ગ્રાહી, પીડાશામક, ઊંઘ લાવનાર અને પરસેવો વાળનાર.
અફીણ+કેસર=કોસેરા.
૩. આસંધ (ઘોડાઆશન)—ગ્રાહી, દમ, ઉધરસ, પૌષ્ટિક.
૪, એળીઓ—રેચક, ઋતુ લાવનાર, જ્વરનાશક.
૫. આકડાનું પંચાગ—વાતહર, કફઘ્ન, વામક, ઉલ્ટી કરનાર, પરસેવો વાળનાર.
૬. અંબર—વાયુહર, તરસ, મુઝવણ, પગનો તોડ, અને પૌષ્ટિક.
૭. અતિવિષની કળી—જ્વરઘ્ન, કટુ, પૌષ્ટિક, ગ્રાહી.
૮. ઇન્દ્રવરણાનું મૂળ—રેચક, અજીર્ણ, આમદોષ અને પિત્તનાશક.
૯. ઉપલેટનું લાકડું—વાતહર, તરસ તથા ઉલટી નાશ કરનાર, ઉષ્ણ.
૧૦. કરેણની જડ—જ્વરઘ્ન અને મસ્તકશૂળ.
૧૧. કરીઆતુ—જ્વરઘ્ન, સારક અને અરુચિનાશક.
૧૨. કસ્તુરી—અંગનું ખેંચાવું, આંચકી, વાયુ, તરસ, ઉલ્ટી, શોષનાશક.
૧૩. કડુ—સારક, પાચક અને જ્વરઘ્ન.
૧૪. કથેર મૂળ
×૧૫. કુંવાર—અપચો, રેચક અને ગુલ્મઘ્ન, પિત્તનાશક, બળવૃદ્ધિ.

૧૬. કેશર—કંઠરોગ, મસ્તકશૂળ, ઉલ્ટી, શીતળ, સ્તંભક, પૌષ્ટિક.
૧૭. કીંદરૂ—ઉષ્ણુ, કફઘ્ન, રક્તાતિસાર, જ્વરઘ્ન, સ્વેદલ.
૧૮. કાથો—દાંતમાંથી આવતું લોહી બંધ કરનાર, સ્તંભન, શીતળ.
૧૯ કેરમૂળ—રુચિકારક, શૂળઘ્ન અને વાતહર.
૨૦. ખારો—પેટના દુઃખાવા માટે.
૨૧. ખેરસાર—કફશામક, દાંતને હિતાવહ, ઉધરસ.
૨૨. ખેરનું મૂળ તથા છાલ—રક્તશોધક.
૨૩. ગુગળ—વયસ્થાપક, વાતહર અને શોથઘ્ન.
૨૪. ગળો—જ્વરઘ્ન, શિતળ, પિત્તશામક, મૂત્રલ, તૃષા, દાહ, ભ્રમનાશક.
૨૫. ગૌમૂત્ર—મૂત્રલ, સારક, મળાવરોધ, ઉદરરોગ, રેચક, ચામડીનાં દર્દ.
૨૬. ચિત્રકમૂળ—ઉષ્ણુ, પેટના દુખાવા માટે, દીપન, દંભક, પાચક, વાતહર.
૨૭. ચિમેડ—વાતહર, પૌષ્ટિક અને આંખને હિતકારી.
૨૮. ચીડ-(તેલીઆ દેવદારનું લાકડું)—મૂત્રશોધક, મળાવરોધ, આફરો, હેડકી, મૂર્છા, વાયુહર, દીપન અને પાચક.
૨૯. ચૂનો—શીળસ, અજીર્ણ.
×૩૦, ચોપચીની—તૃષાહર, મુંઝવણ દૂર કરનાર, પૌષ્ટિક અને વાતરોગનાશક.
૩૧. જરદો (તમાકુની જાત)—કફશામક, વાતાનુલોમન, વાતહર.
૩૨. જવખાર—મૂત્રલ, ઉષ્ણુ, દીપન, પાચન.
૩૩. ઝેરી ગોટલી—
૩૪. ઝેરી નાળીએર—પૌષ્ટિક, જ્વરઘ્ન, અપચો, ઝાડા, ચુંક.
૩૫. ટંકણખાર—મૂત્રલ, ઋતુ લાવનાર, વેણુ લાવનાર.
૩૬. ડાભનું મૂળ—અરતીશૂળ, ઉલ્ટી, વાંતીહર, રક્તસ્તંભક, તૃપ્તિકારક.
૩૭. તગર—ઉલ્ટી માટે.
૩૮. તમાકુ (કોઈ પણ પટ વગરની, ખાવાની અગર સુંઘવાની)—સ્નાયુશૈથીલ્યકૃત, હીસ્ટીરીયા, દાંત મજબુત થવા.
૩૯. ત્રિફળા—સારક, પિત્તશામક, દાહ, તૃષ્ણા, મુંઝવણ દૂર કરનાર.
૪૦. થોરનું મૂળ—ઉંઘ દૂર કરનાર, ગુલ્મ, અષ્ઠિલા.
૪૧. દાડમની છાલ—ઉધરસ, કફનાશક, પિત્તશામક, ગ્રાહિ.
૪૨. ધમાસો—ઉલ્ટી, ઉધરસ, તાવ, દાહ, હેડકી દૂર કરનાર, મૂત્રલ.
૪૩. નિર્મળી—મૂત્રલ, શૂળ, ગોળા નાશ કરનાર, રુચિકર.
×૪૪. નર્ઇકંદ—વાંતિકર, સખ્ત, ઉલ્ટી કરનાર, સર્પ વિષ કાઢવા માટે.
૪૫. પાનની જડ—વાતહર, ઉષ્ણુ, રુચિકારક, મોળ આવવી.
૪૬. પુંવાડબીજ—જ્વરઘ્ન, ત્વક્દોષહર.
૪૭. ફટકડી—ગ્રાહી, રક્તસ્તંભક.
૪૮. બુચકણુ-બુચકંદ—પિસ્તાનાં ફૂલ-પીત્તની ઉલ્ટી, વાયુ સંબંધી માથાની પીડા, તૃષાહર.
૪૯. બેડાની છાલ—ઉધરસ, કફનાશક, શીતળ.
૫૦. બોરની છાલ—શ્રમ, શોષનાશક, શામક, ગ્રાહી.

५१. બોરનું મૂળ—જ્વરઘ્ન, કફપિત્તનાશક.
५२. બાવળની છાલ—રક્તાતિસાર, અતિસાર, ખાંસી.
५३. બીમો-બીવલો, કમરકસનું લાકડું—રક્તપિત્તનાશક, રક્તસ્તંભક, ઝાડી.
५४. બોળ (એળીઆની જાત)—સારક, આર્તવ શોધક.
५५. બોરીંગણી—જ્વરઘ્ન, પડખાનું શૂળ, દમ, ઉધરસ, હૃદયરોગ.
५६. મલયાગરૂ—તૃષા, દાહ, જ્વરનાશક, સ્વાદુ, રક્તપિત્તનાશક.
५७. મજીઠ—શૂળ, અર્શ, રક્તાતિસાર, પિત્તશામક.
×५८. મરેઠી—ગળાનો સોજો, મોં આવવું, ઉધરસ.
५९. રાખ (સર્વ જાતની)—દાંત સાફ રાખવા માટે.
६०. રોહની છાલ—વાતહર, પૌષ્ટિક, શોધક.
६१. લીંબડાનું પંચાંગ (છાલ, ડાંખળી, મૂળ, પાન, મહોર)—પૌષ્ટિક, પિત્તશામક, જ્વરઘ્ન, ઉલ્ટી બંધ કરનાર, શિતળ, તૃષાહર, મુંઝવણનાશક.
६२. વખમો—પેટનો દુઃખાવો, આફરો, ભેદક અને વાતહર.
६३. વડગુંદા—ઝાડી, અતિસાર, કોલેરા,
६४. વજ (ગંધીલો)—ઝાડી, ગળાનો શોષ, કફઘ્ન, મળાવરોધ.
६५. સુરોખાર—મૂત્રલ, સ્વેદલ, શિતળ.
६६. સાજીખાર—વાયુહર, દીપન, પાચન.
६७. સુખડની જાત (ચંદન)—શીતળ, પિત્તશામક.
६८. હળદર—અપચાનો નાશ કરનાર, કફઘ્ન, પૌષ્ટિક.
६९. હીમજ—તૃષા, મુંઝવણ દૂર કરનાર.
७०. હરડેની છાલ—આયુષ્યવર્ધક, સારક, શોધક, રસાયણ.
७१. હીરાબોળ—રક્તાતિસાર, કફઘ્ન, ઉષ્ણ, ઋતુ લાવનાર.
७२. ત્રિફળા ચૂર્ણની ગૌમૂત્રમાં બનાવેલી ગોળી—વાયુ, સારક, કબજીઆત

તપશ્ચર્યા દરમ્યાન અણાહારી ચીજોનો ઔષધરૂપે વપરાશ તેની ઉપયોગિતા ઉપર નિર્ભર છે.

ઘણીવાર તપ કરનાર મનુષ્યમાં આત્મસામર્થ્ય અને શ્રદ્ધા પૂરેપૂરી હોય છે તોપણ તપસ્વી માણસની પરિચર્યામાં રહેનાર માણસો પૈકી કોઈ મોહવશ થઈ તપના આરાધનમાં અજાણપણે અયોગ્ય વસ્તુ ન આપી બેસે અગર તો વૈદ, ડાકટરની સલાહ અને ચિકિત્સા માટે નાહક દોડાદોડ ન કરી મૂકે તેમજ કંઈ પણ ઉપસ્થિત થાય તો તેનું સાચું નિદાન કરી સ્વયં ઔષધની યોજના કરી શકે તે હેતુથી ઉપર મુજબ યત્કિંચિત્ ઉલ્લેખ છે.

ઉપરોક્ત અણાહારી ચીજોનાં નામો મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજની અણાહારી ચીજોની સજ્ઝાય અને લઘુ પ્રવચનસારોદ્ધારની નોંધ ઉપરથી લીધેલ છે અને તે પૂ. આ. મહારાજ શ્રી વિજયઉદયસૂરિજી, આ. મહારાજ શ્રી વિજયપ્રતાપસૂરિજી, મુનિરાજશ્રી પુણ્યવિજયજી, મુનિશ્રી દર્શનવિજયજી (ત્રીપુટી) આદિને બતાવીને લખેલ છે.

કોઈ આત્માર્થી મનુષ્યને તપના આરાધનમાં ઉપરોક્ત ચીજોમાંથી કાંઈ પણ ઉપયોગી થશે તો આ પ્રયત્ન સફળ માનીશ.

આ દિ દે વ ના તે ર ભ વ માં નો પ હે લો ભ વ

ધન સાર્થવાહ

લેખકઃ–પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રી સિદ્ધિમુનિજી

[ક્રમાંક ૧૧૯ થી ચાલુ]

[૪] ધર્મઘોષની ધર્મદેશના

સૌ કરે સુખની અભિલાષા,
પણ સાચા સુખને સમજનારાય
વિરલ–અતિ વિરલ જ હોય
આ મોહમત્ત સંસારમાં.
અત્યંત ને અનવરત
લાખો સંતાપોથી સંતપ્ત
મુગ્ધ માનવ મૃગલાંઓ,
વિષયોના ઝાંઝવા જળથી
એ તાપની તૃષાને છીપવવા
મિથ્યા દોડાદોડી કરે
દિલની ને દેહની;
પણ મોહની એ હવામાંથી
શ્રમ ને સંતાપ સિવાય
ન મળે કૈં સુખના સરીખડું
એ બિચારાં પામર પ્રાણીઓને.
સંસારનો સત્કાર કરનારાઓ
હૈયાના અતીવ કૃપણ
અને રળવામાં જ રાજી હોય.
જ્યાં ત્યાં ભયને ભાળે
ઈર્ષ્યાથી બળતા એ બાલિશો.
સદાની વરેલી હોય
દીનતા ને દુર્જનતા
નકામા ઉધામા કરતા એઓને.
સંસારનાં સુખોને જ
મનથી બહુ માનતા
એ ભવાભિનન્દી જીવડાઓનું
ગમે તે પ્રકારનુંય જ્ઞાન
અસત્પરિણતિના યોગે
સુંદર નથી હોતું ક્યારે ય
ઝેરથી મિશ્રિત અન્નની જેમ.
કર્તવ્યમાં અકર્તવ્યની
અને અકર્તવ્યમાં કર્તવ્યની
વિપર્યાસ દૃષ્ટિથી જ દેખતા
હિતાહિતના વિવેકમાં વિકલ એ
સેવતા અતિખેદભર્યો પરિશ્રમ
વિષયોને સ્વાધીન કરવા;
અને મિથ્યા મ્હાલતા તેઓ
ત્યાંની દેખીતી મિઠાશમાં.
જન્મ જરા ને મરણાદિનાં
રોગ શોક ને વિયોગાદિનાં
અસહ્ય દુઃખોથી ભરેલા
આ ભવને ભાળતા છતાંય,
ઉદ્વેગને નથી પામતા
મહામોહની મદિરાથી મુંઝાયલા
અવળી દૃષ્ટિવંતા એ ઉન્મત્તો.
એમની પોતાની જ પ્રવૃત્તિઓ
ફસાવે એમને વધુ ને વધુ
એ ઉપદ્રવોને પ્રસવનારા પાશોમાં.
ધર્મબીજના વાવેતરને માટે
પ્રાયઃ સઘળી સામગ્રીઓ
સમીપમાં આવ્યા છતાંય
નથી કરી શકતા સત્કર્મની કૃષિ
બાળબુદ્ધિના એ બારદાનો.
યથાર્થ રૂપને ન દેખતા
તિમિરાદિ દૃષ્ટિદોષવંતાની જેમ
ગાઢ મલથી મલિન એઓ
નિરખી નથી શકતા
આત્મકલ્યાણનાં આદિ કારણોને.
પાણીમાં પ્રતિબિમ્બ પામેલા
પક્ષીઓના પડછાયાને
પકડવાની પ્રવૃત્તિની જેમ,
અસ્થાન પ્રવૃત્તિ હોય
અસુખમાં સુખાભિમાની
ભાનભૂલ્યા એ ભવાભિનન્દીઓની.

બડીશમાં વળગેલા માંસ સમા
પરિણામે અતિભયંકર વિષયો;
એમાં આસક્ત અજ્ઞાની મત્સ્યો
આચરી નથી શકતાં હિતપ્રવૃત્તિઓ.
મિથ્યાભિમાનથી માનેલા
શોભાના સુખને અર્થે
પોતાના હસ્તમાં જ દંડને ગ્રહી
છત્ર ધરનારા મનસ્વીની જેમ,
મહારાજાનાં મનાતાં સુખોય
ઔત્સુક્યનાં નાશ કરનારાં
અને ક્લેશને જ કેવલ દેનારાં હોય.
શ્રમને હરવાના કરતાં
અતિશ્રમને ઉપજાવવાનું જ
પ્રતિમાશી કાર્ય કરતું એ.
વિષ્ટાના કીડાના જેવાં
નિર્જીવ જીવન જીવી જાણનારાઓ!
અહીં તમારા સુખની
કેવી ને કેટલી કદર કરવી?
સુખની અભિલાષા હોતાંય
દુઃખને જ સમર્પે
મીઠી લાગતી ખરજવાની ખણ.
વિશેષ દુઃખમાં પરિણમે
દુઃખના પ્રતિકારની ક્રિયા
દુઃખનાં જ સાધન સેવનારાઓને.
અતીવ વિરૂપ છે વિષયોની ચળ!
મીઠા નથી હોતા
તલવારની તીખી ધાર પર લેપેલા
મીઠા લાગતા મધના સ્વાદ.
અતીવ પોષાતા અજ પરની ઇર્ષ્યા
પરિણામ પીછાન્યા પછી
પલટી જાય ભયની ભાવનામાં
ઉત્તરાધ્યયનના વાછરડાને.
સળગી ઊઠેલા સ્વસ્થાનમાં
ગ્રહિલોને દિવાળીનાં દર્શન
એ દશા—દુઃખને જ વહેવરાવે
સજ્જનોનાં વિવેકી હૃદયોમાં.
મરણની ભીતિથી ભાગતા

સુખના ચાહનારા સંસારીઓને
મરવાં પડે સત્તર સત્તર વાર
ઘડીની અણુતરીમાં નિગોદે
ત્યાંના અતિ દીર્ઘ સંસારમાં.
લાખો દુઃખના આલેખન મધ્યે
સુખનાં સ્વપ્નનો ય
નથી લખ્યો એકે અક્ષર
સંસારના સંસરણ વેત્તાઓએ
નારકીની નિજ નોંધપોથીમાં.
રડી રહ્યાં છે તિર્યંચો
અને મિથ્યાભિમાની માનવીઓ ય
વિષયની પરિણામે અસુંદરતાનાં
ને મત્સ્યગલાગલ ન્યાયનાં
અરેરાટીભર્યાં અરણ્યરુદન.
પ્રેમના છળથી છળાયાનાં
અને પશ્ચાત્તાપથી પછડાયાનાં
પાતાળમાં પેસી ગયેલાં સુખ
ન પ્રાપ્ત કરી શકે નિભાગ્ય
એ પ્રેમની પાછળ ફના થનારાઓ.
ઓછાં દુઃખદાયી નથી હોતાં
પ્રેમની પાછળનાં ઝૂરવાં.
ગ્રામ કરે પુણ્યયોગે
કોઈક એ કાલ્પનિક સુખને,
પણ તેમાંય હોય કેવલ
સુખના પડછાયાનો પડછાયો જ.
વિશેષ વિચારી બને
વિષયની વિશેષ રસપ્રીલતણી.

× × ×

સુંવાળા સાપના સરખો હોય
ગલગલીયાં કરતો
શ્યામાઓના શરીરનો સ્પર્શ.
વિષને વરસાવે
વિષારી વેલડીનાં ફૂલનાં
લીધાં દીધાં ચુંબનિયાં.
રેલાવે એ રસિકડાં
સંસારની રમરમમાં જાલીમ ઝેરને
નવ નવ જાતિનાં ફૂલફૂલી

નવરંગી એ નારી-વેલડીનાં
સુરંગી સુવૃત્ત ફળો
અને તેની સ્પર્શમર્દનમીઠાશો
સર્જાવે એ સુખને મૃત્યુ
આ સંસારમાં સદાને માટેય.
નિર્વિવેકી નરકીટને
અજ્ઞાનના અંધારામાં
અમૃતથી ભર્યા આભાસતા
વામાઓના વદનાદિ કુંડો
હોય છે અશુચિપૂર્ણ
અને અંતે દારૂણ વિપાકી.
હોય છે એમાંનું કૈં
સૌને બીભત્સ તરીકે સમજાતું
અતીવ શરમજનક સંસારમાં.
ન સમજવા દે સત્યને
શીઘ્રતાથી માયાવી આચ્છાદન.
કુત્સિતનાં જ કુતૂહલ હોય
નિર્વિવેકી માનવતાને
સૂક્ષ્મકંટાળાં ને ખુજલીયાળાં
કામિની-કૌવચનાં આલિંગન
તનતાપને દેનારાં હોય
નરકાદિ દુર્ગતિઓમાં
જીવને જનમોજનમ.

× × ×

પામતી અનંતાં મૃત્યુ
પુરુષોની આકર્ષણ છુરીથી
માનવંતી ય મહિલાઓ.
શણગારથી ય વધારે શોભતી
એ જાતવાનની કુલ મર્યાદાઓ
તોડી ફોડી નાખતાં
કામુકોના મલિન કરનાં દાન.
યારોના ઉરમાંના ભય
અજુગતાં સાહસ આદરાવી
ભાનભૂલેલી એ મહામાયાઓને
પાડતા પાપાનુબંધી
પતિપુત્રાદિની હત્યાના પાપમાં.
વિષય-પ્રપંચની મેલી મીઠાશથી
રગદોળી નાખતા નર પિશાચો
પોતાના પંજામાં પડેલી પ્રમદાઓનું
માનવતાભર્યું સુંદર જીવન.
આર્તધ્યાનની અટવીમાં નાખી
દુર્ગતિના દુર્ગમ પંથે દોરતા
ભમરાઓની માફક ભમતા
નવ નવ નેહી નર નફ્ટો
કૈં કૈં કમનસીબ નારીઓને.
વિષની વેલડીઓના કરતાં
જરાય ઓછાં નથી ઝેરી
નરજાતિનાં ઝાડનાં ઝેર.
અસ્થિર કરી મેલે
બિચારી બાળાઓનાં અંતર
પુરુષોની છુપી ચંચળતા ભરી
અવસરે આછી ઓછી જણાતી
ઇન્દ્રજાલીય સ્થિરતા જ.
સળગાવી દે એ પુરુષો જ
સ્વાભાવિક શરમાળ નારીઓની
ગુણસમૂહની જનેતા
આર્યજનની શી શરમને
નિર્લજ્જ બનાવી એમને
કરાવે નારકીનાં પતન
એઓ જ વિષયના ધૃષ્ટાઓ.
સબળાને નબળી પાડી
નારીજાતની સુસીમતમાં મેલી
તેમને નસાડનારા નરો
નથી નસાડતા, કેવલ કાયાને જ,
પણ નસાડે છે તેમના ચિત્તને ય
દેવગુરુથી દૂર સુદૂર.
પાતિવ્રત્યના કારાગૃહમાં પૂરી
ચૂરી નાખે કયારેક તેમની
ભલેરી ધાર્મિક ભાવનાઓ
એ જ અધાર્મિક સત્તાધારીઓ.
ઇચ્છાએ કે અનિચ્છાએ
ધોલી દે અનર્થની ગર્તામાં
આધીન બનેલી નારીઓને
પુરુષોનાં બલ પરાક્રમો.

માનિનીના મનમર્કટને લોભાવી
નચાવે નરસ્વાર્થીઓ
યથેચ્છાનુસારે સંસારમાં.
અલ્પ કાલમાં જ ઊતરી જાય
સુખની માન્યતાનાં ઘેન એમનાં
યમનાં પગરખાં શી મણુના ક્ષતાં
લાગેલા મન પરના મૂઢ મારથી.
બળતાં ને ઝળતાં
રોતાં ને કકળતાં
સંસાર પૂરા થાય છે
સંસારની એ જાતિઓના.

× ×

સ્નેહના રંગોની અસ્થિરતા
પડઘ પીટી દુનિયાને દર્શાવતી
ખીલી ન ખીલી સૌન્દર્યસંધ્યા
ખેંચી લઈ જાતી માનવીને
મૃત્યુના અંધારા તરફ.
હસતાં ને ફોરમને ફોરતાં
નાજુક નવફૂલડીયાં
ફૂલ્યાં ન ફૂલ્યાં
પામતાં પામર પરિણામ
કરમાવાની કરુણતાનાં
આ અનાદિ સંસારની
અતિવિષમ વિષવાટિકામાં.
સ્નેહમાં ને વત્સલતામાં
પ્રણયમાં ને પ્રણયાનુનયમાં
રમતા હોય સ્વાર્થના સર્પો
રેલાય ના ત્યાંથી સુખનાં અમૃત
મૂર્ખ મમતાળુ આત્મામાં.
અસ્થિર આલેખાયાં
ચક્રવર્તીઓ ને દેવેન્દ્રોનાં સુખ
જગતના શ્રી શ્રેષ્ઠ પુરુષોથી.
જરા ય ઓછા ન્હોતા
ચક્રી સુભૂમ ને બ્રહ્મદત્તના
અતિતૃષ્ણા ને ઈર્ષ્યાદ્વેષભર્યા
અંતર બાળતા બળાપા.
દિવ્ય પુરુષોનાં ય
બળતાં હૈયાં હોય
વૈર વિરોધ ને સેવાભાવથી.
દુઃખના ભંડાર જ ભર્યો છે
સંસારી આત્માના અંતરમાં.
વેદાય ત્યાં શાતાવેદનીયનો
સ્વલ્પ જ ને નામનો જ
અસ્વાધીન સુખાનુભવ ક્યારેક.
કુંભીપાકમાં ખદબદી રહેલાં
કતલના યંત્ર ભણી દોરાવાતાં
ફાંસીના માંચડે મુકાવાતાં
ગર્ભાશયના અંધારામાં ફેંકાવાતા
દીન પરાધીન પ્રાણી
આવતા મહાદુઃખની વ્યાકુલતામાં
ગુમાવી બેસે પોતાની
સુખનાં ફાંફાં મારવાની સમજને ય.
કેવાં દુઃખ ને કેવી વિટંબના!
એની મીમાંસા ય ઉપજાવે
કારુણ્યની કમકમાટી
મહાનુભાવનાં કોમળ હૈયાંને.
દુઃખના ને વિટંબનાના
આ અપાર ને અગાધ દરિયામાં
ક્વચિત્ ક્યાંથીક ટપકતાં
શાતાવેદનીયનાં સુખ બિન્દુડાં
નિશ્ચયથી સુખાભાસ છતાંય
સુખના વ્યવહારે વ્યવહરાય
વ્યવહારના સુવેત્તાઓથી.
પુણ્યોદયથી પમાતાં
એ પૌદ્ગલિક સુખોય
કહેવાયાં છે કામસંગિઓથી
આત્મની સુપ્રવૃત્તિનાં જ પરિણામ.
પણ ન હોય એ સાનુબંધી
અમરભાવતે મહામલત્વથી.
સરિતાના જલપ્રવાહના
દીર્ઘકાલીન સતત ઘર્ષણથી
સહજ સુવૃત્ત બની જતા
પથ્થરગોલકની જેમ,
યથાપ્રવૃત્તિના ઘર્ષણયોગે

કર્મના ભારથી હળવા બનતાને
સામાન્ય શુદ્ધિથી જાગતી
શુભાનુષ્ઠાનની પ્રવૃત્તિ જ
ઉપજાવે પ્રાયઃ સુખના અનુબંધ
ચરમાવર્તના મહોદયકાલમાં.
આત્માની એ સામાન્ય શુદ્ધિ
અને તેનાં એ શુભાનુષ્ઠાન
ઓળખાય અહીં
ધર્મયોગાદિ શબ્દાન્તરથી.
નયકલ્પનાથી કલ્પે તેમાં
અનેકાન્ત કાર્યકારણભાવ
નિશ્ચય ને વ્યવહારના મહાવણિકો.

× × ×

અતીવ દુઃખદાયી ને વિડંબક
આત્માને પ્રતિકૂલ સાધનરૂપી
દુર્ગતિની મહાગર્તાઓમાં
ધકેલાઈ જતા જંતુઓને
ધારણ કરે
અને સુસ્થાનમાં મૂકે
એનું નામ ધર્મ.
યોજે આત્મને મોક્ષમાં
અને મોક્ષને અનુકૂલ સાધનોમાં
એનું નામ યોગ.
એ ધર્મના યોગથી
શું શું નથી સધાતું
શું શું નથી સાંપડતું
એના સમારાધક મહાશયોને,
ઇન્દ્રિયો અને મનને
મોજ આરામ અર્પનારાં
શ્રેષ્ઠતાની પરિસીમા પર્યન્તનાં
બધાય પૌદ્ગલિક તત્ત્વો
પૂર્યાં પાડતો એ
મહાદાની ધર્મવ્યવહારી.
શુભતા ને સિદ્ધિના ક્રયવિક્રયથી
નિશ્ચયની મહાશુદ્ધિ સમર્પતો
મહાકલ્યાણનો પ્રદાતા એ
આસ્વાદ કરાવે આત્મને
મોક્ષસુખોનાં મૂળભૂત
અંતરનાં લોકોત્તર મહાસુખો.
વાસુદેવનાં અને દાનવેન્દ્રનાં
ચક્રવર્તીનાં અને દેવેન્દ્રનાં
પૌદ્ગલિક મહાસુખોને,
અને વળી એથીય ચડતાં
સમત્વના સર્વશ્રેષ્ઠ સુખોને
સમર્પનારા એ ધર્મને
કોણ ના અપનાવે
મહાનુભાવ કૃતજ્ઞ સજ્જન ?
એ કૃપાળુની કૃપાએ જ
અનુકૂળતા મેળવનારા
અને સુખાનુભવ કરનારા
શા માટે સાચવી ન રાખે
સદાય એની સાફ વફાદારી ?
એને બેવફા બનનારાઓ
ન મેળવી શકે ફરી
એ અનુકૂલતા સુખદાયિની
પારમેશ્વરી મહાકૃપા.
ઉપદેશતા મહાનુભાવો એથી જ;
"સમર્પો ને સમાચરો
સુણો તપો ને સુંદર ભાવો
ભાવની મુખ્ય પાચનતાએ
પરસ્પરનાં પોષક બનો
ધર્મનાં એ ભવ્ય અંગો
લઘુકર્મી ભવ્યાત્માઓને" (ચાલુ)

एक अप्रसिद्ध जैन महाकाव्य

लेखकः—श्रीयुत भंवरलालजी नाहटा, बीकानेर

कवि पुण्यकुशलकृत भरतेश्वर—बाहुबलि महाकाव्यकी एक अपूर्ण प्रति तेरापंथी संप्रदाय-के पूज्य श्री तुलसीरामजी महाराजके पास थी। इसका पता हमें कई वर्ष पूर्व तेरापंथी साधुओंद्वारा ही मिला था। उन लोगोंको यह महाकाव्य बहुत पसन्द आया था इससे इसकी

प्रशंसा करते हुए पूर्ण प्रति अन्वेषण करनेकी ओर हमें प्रेरित किया। हमें इस प्रतिको देखनेकी जिज्ञासा हुई और एक वार हम गंगाशहरमें स्थित तेरापंथी संप्रदायके पूज्यजीके पास गये। उन्होंने सहर्ष १६ वीं शतीकी लिखी हुई सुन्दर और अपूर्ण प्रति दिखाई। हमने उसे देखकर कुछ नोट करनेकी इच्छा प्रकट की तो उन्होंने अपने साम्प्रदायिक नियमकी आपत्ति दर्शाई, हमें तो इसीसे सन्तोष हुआ कि एव उच्च कोटिका नवीन महाकाव्य मिला।

गत वर्ष बंबई जाते हुए रेलमें तेरापंथी सभाके कार्यकर्ता गंगाशहरनिवासी भाई श्री नथमलजी बनोटने भरतेश्वर–बाहुबलि महाकाव्यकी प्रति आगराके श्रीविजयधर्मलक्ष्मी ज्ञानमंदिरमें होने व उसकी तेरापंथी समाज द्वारा नकल करवाकर अधूरी प्रतिको पूर्ण करवानेका शुभ संवाद दिया। हमने आगराके श्रीविजयधर्मलक्ष्मी ज्ञानमंदिरमें जा कर देखा तो इस महाकाव्यकी दो प्रतियां मिलीं जिनमें एक संवत् १६५९ की और दूसरी २० वीं शतीकी थी। संभवतः दूसरी प्रति पहलीकी नकल होगी, क्योंकि दोनो प्रतियोंमें ग्रन्थकारकी कोई *प्रशस्ति नहीं है अतः इसका रचनास्थान, रचनाकाल आदिकी तिथि अज्ञात है।*

पहली प्रति संवत् १६५९ के भाद्रवा वदि १३ के दिन लिखी हुई है। इसके पत्र ६६ है, प्रत्येक पृष्ठ में १४ पक्ति और एक एक पंक्तिमें ४३–४४ अक्षर है। दूसरी प्रति १२२ पत्रोंकी और वीसवीं शतीकी लिखी हुई है। वह ग्रंथ १८ सर्गोंमें समाप्त होता है जिनमें क्रमशः ७९, ९६, १०७, ५९, ८१, ७५, ८३, ७५, ७७, ७५, १०५, ७३, ६७, ७८, १३१, ८१, ८९ और ८३ श्लोक हैं। समस्त श्लोक १५३४ हैं, ग्रंथाग्रंथकी संख्या लिखी हुई नहीं है। ग्रंथके आदि और अंतिम श्लोकके साथ साथ प्रत्येक सर्गका अंतिम अंश दिया जाता है, ताकि प्रत्येक सर्गका प्रतिपादित विषय भी ज्ञात हो जाय। इस महाकाव्यके रचयिता कवि पुण्यकुशल तपागच्छीय पं. सोमकुशलके शिष्य थे और यह ग्रंथ श्रीविजयसेनसूरिके राज्यमें अर्थात् संवत १६५२–१६५९ के बीचमें बना है।

आदिः–अर्थार्थिभिर्भारतभूभुजां बलाद् भूनातपत्रः स्वपुरीमुपागतः।

विमृश्य दूतं प्रजिघाय वाग्मिनं ततोजसे तक्षशिलां महाभुजे ।१।

सर्गोंके अंतिम अंशः—

इति श्री पं. सोमकुशलगणिशिष्य–पुण्यकुशलगणिविरचिते भरतबाहुबलिसंवादे महाकाव्ये भरतदूतागमो नाम प्रथमः सर्गः।

इति श्री पं. सोमकुशलशिष्य–पुण्यकुशलविरचिते भरतबाहुबलिसंवादेमहा काव्ये दूत-वाक्योपन्यासवर्णनो नाम द्वितीयसर्गः ॥२॥

इति श्री पं. सोमकुशलशिष्य–पुण्यकुशलविरचिते भरतबाहुबलिमहाकाव्ये दूतप्रत्यागमो नाम तृतीयसर्गः ॥३॥

इति श्री पं. सोमकुशलगणिशिष्य–पुण्यकुशलविरचिते भरतबाहुबलिमहाकाव्ये उन्माद-दीपनो नाम चतुर्थः सर्गः ॥४॥

इति श्री पं. सोमकुशलशिष्य–पुण्यकुशलविरचिते भरतबाहुबलिमहाकाव्ये सेनासज्जीकरणसामग्रीवर्णनो नाम पंचमः सर्गः ॥५॥

इति श्री पं. सोमकुशलशिष्य–पुण्यकुशलविरचिते भरतबाहुबलिमहाकाव्ये प्रथमसेनानिवेशवर्णनो नाम षष्ठः सर्गः ॥६॥

इति श्री पं. सोमकुशलगणिशिष्य पुण्यकुशलविरचिते भरतबाहुबलिमहाकाव्ये वनविहार क्रीडावर्णनो नाम सप्तमः सर्गः ॥७॥

इति श्री सोमकुशलशिष्य–पुण्यकुशलविरचिते भरतबाहुबलिमहाकाव्ये सैन्यप्रस्थान वर्णनो नाम अष्टमः सर्गः ॥८॥

इति श्री पं. सोमकुशलशिष्य–पुण्यकुशलविरचिते भरतबाहुबलिमहाकाव्ये देश-सीमाप्रापणो नाम नवमः सर्गः ॥९॥

इति श्री पं. सोमकुशलशिष्य–पुण्यकुशलविरचिते भरतबाहुबलिमहाकाव्ये सचैत्योद्यानाभिगमो नाम दशमः सर्गः ॥१०॥

इति श्री पं. सोमकुशलशिष्य–पुण्यकुशलविरचिते भरतबाहुबलिमहाकाव्ये चरोक्तिविन्यासवर्णनो नाम एकादशसर्गः ॥११॥

इति श्री पं. सोमकुशलशिष्य–पुण्यकुशलविरचिते भरतबाहुबलिमहाकाव्ये रणोत्साहदीपनो नाम द्वादशः सर्गः ॥१२॥

इति श्री पं. सोमकुशलशिष्य–पुण्यकुशलविरचिते भरतबाहुबलिमहाकाव्ये बाहुबलिसंग्रामभूम्यागमो नाम त्रयोदशः सर्गः ॥१३॥

इति श्री पं. सोमकुशलशिष्य–पुण्यकुशलविरचिते भरतबाहुबलिमहाकाव्ये सैन्यसमागमवर्णनो नाम चतुर्दशः सर्गः ॥१४॥

इति श्रीतपागच्छाधिराजश्रीविजयसेनसूरीश्वरराज्ये पं. श्री सोमकुशलशिष्य–पुण्यकुशलविरचिते बाहुबलिमहाकाव्ये युद्धवर्णनो नाम पंचदशः सर्गः ॥१५॥

इति श्रीतपागच्छाधिराजश्रीविजयसेनसूरीश्वरराज्ये पं. सोमकुशलशिष्य–पुण्यकुशलविरचिते भरतबाहुबलिमहाकाव्ये गीर्वाणवचःस्वीकारकरणो नाम षोडशः सर्गः ॥१६॥

इति श्रीतपागच्छाधिराजश्रीविजयसेनसूरीश्वरराज्ये पं. श्री सोमकुशलशिष्य–पुण्यकुशलविरचिते बाहुबलिमहाकाव्ये भरतबाहुबलिद्वंद्वयुद्धवर्णनो नाम सप्तदशः सर्गः ॥१७॥

पुण्योदयाद्भवति सिद्धिरिहाप्यशेषा, पुण्योदयात्सकलबंधुसमागमश्च ।
पुण्योदयात्सुकुलजन्म विभूतिलाभः पुण्योदयाल्लसति कीर्तिरनुत्तराभाः ॥८३॥

इति श्रीतपागच्छाधिराजश्रीविजयसेनसूरीश्वरराज्ये पंडितश्रीसोमकुशलशिष्य–पुण्यकुशलविरचिते भरतबाहुबलिमहाकाव्ये भरतबाहुबलिकेवलज्ञानोत्पत्तिवर्णनो अष्टादशः सर्गः ॥१८॥

समाप्तश्चायं ग्रंथः ॥ संवत् १६५९ वर्षे भाद्रवा वदि १३ दिने चेली हां (?) लेखत्तं ॥

जैन प्रकाशन संस्थाओंका कर्तव्य है कि ऐसे अप्रसिद्ध ग्रंथोंको शीघ्र ही प्रकाशित करें।

મૂર્તિપૂજાનો પ્રભાવ

લેખક—પૂ. મુ. મ. શ્રી ભદ્રંકરવિજયજી [પૂ.આ.મ.શ્રી.વિજયરામચંદ્રસૂરિશિષ્ય]

કામશાસ્ત્રકાર વાત્સાયન મુનિ કહે છે કે ' જે જ્ઞાન શબ્દોદ્વારા આપી શકાય છે, તે પુસ્તકોમાં હોય છે. પરંતુ, જે સમજ શબ્દોદ્વારા આપી શકાતી નથી, તે કાર્ય ચિત્રોદ્વારા થઈ શકે છે. અંગ્રેજીમાં પણ કહેવત છે કે—"One picture is worth ten thousand words". એક ચિત્ર દશ હજાર શબ્દ બરાબર છે.

જ્ઞાનના ગૂઢતમ રહસ્યો સમજાવવા માટે દરેક દેશના વિદ્વાનોએ સાંકેતિક ચિત્રોવડે, સંકેતો વડે, ગૂઢાક્ષરો (shorthands) વડે, ગૂઢ શબ્દો (codewords) વડે, રૂપકો વડે, તથા કથા (fables) વડે અને મૂર્તિ (models) વડે પ્રયાસ કર્યો છે. પરંતુ એ સર્વમાં મૂર્તિપૂજાના વિધાનમાં સૂક્ષ્મદષ્ટિ અને બુદ્ધિનો જે ચમત્કાર દેખાય છે, તે બીજા કશામાં દેખાતો નથી. જ્ઞાનને જાણવાનું દ્વાર જો મૂર્તિ (Letter) છે, તો પછી જ્ઞાનસ્વરૂપ પરમાત્માને જાણવાનું દ્વાર પણ મૂર્તિ (Image) જ હોય, એમાં આશ્ચર્ય નથી. મૂર્તિ કે તેની પૂજાનું ખંડન કરનારાઓ પણ પોતાના વિચારો બીજાઓ ઉપર ઠસાવવાને માટે અક્ષરાત્મક મૂર્તિઓનો જ આશ્રય લે છે, કારણ કે—તેઓના વિચારોનું પ્રતિપાદન કરનારાં પુસ્તકો નિરાકાર વિચારોને સમજાવનારી એક પ્રકારની મૂર્તિઓ જ છે.

થોડામાં ઘણા અર્થોને બતાવવાનું કાર્ય આકૃતિ કે મૂર્તિવડે જ થઈ શકે છે. મૂર્તિપૂજકો " મૂર્તિ કે તેની આકૃતિને જ ઈશ્વર કે પરમાત્મા માને છે, " એમ નથી, કિન્તુ એ આકૃતિ કે મૂર્તિ દ્વારા જ્ઞાત થતી (જણાતી) કોઈ અન્ય અગમ્ય વસ્તુને જ ઈશ્વર કે પરમાત્મા માને છે. અને તે અગમ્ય ઈશ્વર કે પરમાત્માની જ અર્ચના પૂજના અને ભક્તિ મૂર્તિ મારફત કરે છે. અગમ્ય ઈશ્વરનું જ્ઞાન કે ધ્યાન કરવા મૂર્તિપૂજક મૂર્તિનો આશ્રય લે, એમાં ખોટું પણ શું છે? લાખો માઈલ વિસ્તારવાળી પૃથ્વીનું જ્ઞાન કે ભાન વિદ્યાર્થીઓને શું એક નાની માટલી જેવડા પૃથ્વીના ગોળા વડે કે ત્રણ સાડાત્રણ ફીટ ચોરસ નકશા વડે નથી કરાવી શકાતું? અથવા આકાશમાં ઊગેલા બીજના ચન્દ્રમાને જોવા માટે, શું કોઈ છાપરા ઉપર કે ઝાડની ટોચ ઉપર જોનારની દષ્ટિને આરંભમાં નથી સ્થાપન કરવી પડતી? પડે જ છે. અતિસ્થૂલ કે અતિસૂક્ષ્મ વસ્તુનું જ્ઞાન કરાવવા માટે મધ્યમ સ્થૂલ પદાર્થોનો આશ્રય આ જગતમાં સર્વ બુદ્ધિમાન પુરુષોને જો સર્વત્ર લેવો જ પડે છે, તો પછી સ્થૂલથી પણ સ્થૂલ (જ્ઞાનસ્વરૂપે લોકાલોકવ્યાપી) અને સૂક્ષ્મથી પણ સૂક્ષ્મ (આકૃતિવડે સર્વથા અમૂર્ત) એવા પરમેશ્વર કે પરમાત્માનું જ્ઞાન કરાવવા માટે અને તેમના પ્રત્યે ભક્તિભાવ પ્રગટાવવા માટે શાસ્ત્રકાર મહર્ષિઓને મૂર્તિની યોજના કરવી પડે, તેમાં આશ્ચર્ય શું છે? જે શિક્ષક વિદ્યાર્થીની બુદ્ધિમાં ઉતારવા માટે અનેક પ્રકારના જાણીતા સ્થૂલ દષ્ટાંતો આપી શકે છે, તથા આકૃતિઓ દોરીને વિષય સમજાવી શકે છે, તે શિક્ષક કુશળ શિક્ષક ગણાય છે. જેઓ તેમ કરી શકતા નથી, તેઓ ગમે તેટલા વિદ્વાન છતાં સફળ શિક્ષક થઈ શકતા નથી. પરમેશ્વર કે પરમાત્માનું જ્ઞાન સૌથી વધારે અગમ્ય છે. એ જ્ઞાન આપવા માટે, સ્થૂલ મતિવાળા એવા પ્રતીકો અને મૂર્તિઓની યોજના કરીને આપણા દિવ્યદર્શી મહર્ષિઓએ સાચે જ મોટી કુશળતા બતાવી છે.

ચાર નિક્ષેપનું મહત્ત્વ

કોઈ પણ વસ્તુના ઓછામાં ઓછા ચાર ધર્મ પ્રસિદ્ધ છે: નામ, આકૃતિ, દ્રવ્ય (અતીત, અનાગત ગુણયુક્ત વસ્તુ) અને ભાવ (વર્તમાન વિદ્યમાન ગુણયુક્ત વસ્તુ).

વસ્તુના આકાર અને ગુણરહિત ધર્મ, તે નામ. વસ્તુના ગુણરહિત પણ નામ તથા આકારસહિત ધર્મ, તે આકૃતિ. વર્તમાન ગુણ તથા આકાર સહિત તથા અતીત અનાગત ગુણ સહિત વસ્તુનો ધર્મ તે દ્રવ્ય, અને અતીત અનાગત ગુણરહિત પણ નામ આકાર અને વર્તમાન ગુણસહિત ધર્મ તે ભાવ.

સમાન ગુણવાળા (તીર્થંકરો) નાં ભિન્ન નામો, તથા એકનામ (મહાવીર) વાળાના ભિન્ન ગુણો દેખાય છે. તેમાં એકલો ભાવ નિક્ષેપ, કે એકલો નામ નિક્ષેપ કારણભૂત હોતો નથી, કિન્તુ દ્રવ્યાદિ અન્ય નિક્ષેપ પણ કારણભૂત છે. જગતના પદાર્થોના ત્રણ વિભાગ છે: હેય, જ્ઞેય અને ઉપાદેય. જે પદાર્થો હેય, જ્ઞેય અને ઉપાદેય હોય, તે પદાર્થો ચારેય નિક્ષેપે હેય, જ્ઞેય અને ઉપાદેય બને છે. જેમકે–મુનિઓને સ્ત્રી હેય છે. એટલે સ્ત્રીઓનું વર્તમાન શરીર (ભાવ નિક્ષેપ) જ નહિ પણ સ્ત્રીકથા (નામનિક્ષેપ), સ્ત્રીચિત્ર (સ્થાપનાનિક્ષેપે), તથા સ્ત્રીનું બાલ યા મૃતક શરીર (દ્રવ્યનિક્ષેપ) પણ વર્જ્ય જ છે. 'ભગવાન મહાવીર' ઉપાદેય છે, એટલે ભગવાન મહાવીરનો ભાવનિક્ષેપ (કેવળજ્ઞાન પામ્યા પછી ધર્મદેશના આપવા માટે સમવસરણમાં બિરાજમાન અવસ્થા) જ માનનીય છે, એમ નહિ, પણ ભગવાન મહાવીરનું નામ, આકાર, અને પૂર્વોત્તર અવસ્થા પણ માનનીય છે. ભારતભૂમિ એ જ્ઞેય છે, એટલે ભારતભૂમિનું નામ, તેનો આકાર બતાવનારું ચિત્ર અથવા નકશો, અને એ ભારતભૂમિ ઉપર રહેલ નદીનાળાં, દ્વિપ, સમુદ્ર, પર્વત, અરણ્ય, મનુષ્ય, પશુ, પક્ષી અને અન્ય જંતુઓ વગેરે સઘળું જ્ઞેય છે.

એ રીતે શત્રુ (હેય), મિત્ર (ઉપાદેય) કે અશત્રુમિત્ર (જ્ઞેય) ચારે નિક્ષેપથી હેય, જ્ઞેય કે ઉપાદેય છે, કિન્તુ કોઈ એક જ નિક્ષેપથી નહિ. વસ્તુમાત્રમાં જેમ (નામાદિ) ચાર ધર્મો પ્રસિદ્ધ છે, તેમ બીજા પણ અનેક (ક્રમભાવી, સહભાવી, સાધારણ, અસાધારણાદિ) ધર્મો લોકમાં પ્રસિદ્ધ છે. સત્ત્વ, જ્ઞેયત્વ, પ્રમેયત્વ, દ્રવ્યત્વ, વસ્તુત્વ આદિ પ્રત્યેક વસ્તુના સાધારણ ધર્મો છે, અને ચૈતન્ય, કર્તૃત્વ, ભોક્તૃત્વ, પ્રમાતૃત્વ, જીવત્વ, પુદ્ગલત્વ, ધર્મત્વ, અધર્મત્વ, આકાશત્વ, કાલત્વાદિ વસ્તુઓના અસાધારણ ધર્મો છે. વળી જીવમાં જેમ ચૈતન્ય, કર્તૃત્વાદિ સહભાવી ધર્મો હોય છે, તેમ હર્ષ, વિષાદ, સુખદુઃખાદિ ક્રમભાવી ધર્મો હોય છે. પુદ્ગલમાં જેમ રૂપ, રસ, ગંધ, સ્પર્શાદિ સહભાવી ધર્મો હોય છે, તેમ અણુત્વ, મહત્ત્વ, સંખ્યા, પરિમાણ, સંયોગ, વિભાગાદિ ક્રમભાવી ધર્મો હોય છે. એ રીતે બીજાં દ્રવ્યો માટે પણ સમજી લેવું. એ જ રીતે અસ્તિરૂપે સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવાદિગત ધર્મો અનંત હોય છે, અને એ બધા એક સાથે કહી શકાતા નથી, તેથી વસ્તુમાત્ર (શબ્દ દૃષ્ટિએ) અનિર્વચનીય પણ ગણાય છે. તથા વસ્તુ અને તેના અનંત ધર્મો પ્રત્યેક સમયે પરાવર્તન પામવા છતાં ત્રણેય કાળમાં કદી પણ સર્વથા નાશ પામતા નથી, તેથી વસ્તુમાત્ર (અર્થ દૃષ્ટિએ) 'અખંડ' ગણાય છે. એવી અખંડ અને અનિર્વચનીય વસ્તુને વ્યવહારના ઉપયોગમાં લાવવા માટે તેના ખંડ અને ભેદની કલ્પના કરવી પડે છે. તે સિવાય, તેનું નિર્વચન થઈ શકતું નથી. એ કલ્પનાની વસ્તુને શાસ્ત્રમાં નિક્ષેપ શબ્દથી કહેવામાં આવે છે.

વસ્તુમાત્રનો વ્યવહાર શબ્દ, અર્થ અને જ્ઞાનવડે થાય છે. એટલે વ્યવહાર ત્રણ પ્રકારના છેઃ શાબ્દિક, આર્થિક અને બૌદ્ધિક. શાબ્દિક વ્યવહારનો નિર્વાહ 'નામ' નિક્ષેપથી થાય છે. આર્થિક વ્યવહારનો નિર્વાહ 'દ્રવ્ય' અને 'ભાવ' નિક્ષેપથી થાય છે. તથા બૌદ્ધિક વ્યવહારનો નિર્વાહ 'સ્થાપના' નિક્ષેપથી થાય છે.

જાતિ, ગુણ, ક્રિયા, કે દ્રવ્યાદિ નિમિત્તોની અપેક્ષા રાખ્યા વિના જ વસ્તુને ઓળખવા માટે, ઇચ્છાનુસાર કાંઈ પણ 'સંજ્ઞા' રાખવી, તે વસ્તુનો નામ નિક્ષેપ (Name or negative aspect) છે. જેનું નામ થઈ ચૂક્યું છે, તેવી વસ્તુના સમાન આકારવાળી પ્રતિમા અથવા ચિત્રમાં તે વસ્તુની સ્થાપના કરવી, તે સદ્ભાવ અથવા તદાકાર, તથા ભિન્ન આકારવાળી વસ્તુમાં સ્થાપના કરવી તે અસદ્ભાવ અથવા અતદાકાર સ્થાપના નિક્ષેપ (Representative aspect) છે. ભવિષ્યમાં સાધુ પર્યાય પામવાની યોગ્યતાના કારણે કે ભૂતકાળમાં સાધુ પર્યાયનું પાલન થયું છે, તે કારણે વર્તમાનમાં તેને સાધુ કહેવો, તે દ્રવ્ય નિક્ષેપ (Privative side) છે. અને તત્પર્યાય પ્રાપ્ત વસ્તુમાં 'તત્' વ્યવહારને ભાવ નિક્ષેપ (Model standpoint અથવા positive aspect) કહે છે.

અપ્રસ્તુત અર્થ કે તેના ધર્મનું નિરાકરણ, અને પ્રસ્તુત અર્થ કે તેના ધર્મનું પ્રરૂપણ કરવા માટે નિક્ષેપની જરૂર છે. અવ્યુત્પન્ન શ્રોતાની અપેક્ષાએ અપ્રસ્તુતનું નિરાકરણ, અને વ્યુત્પન્ન શ્રોતાની અપેક્ષાએ પ્રસ્તુતનું પ્રરૂપણ કરવાની જરૂર પડે છે. નિક્ષેપથી વ્યુત્પન્નનો પણ પ્રસ્તુત અર્થવિષયક સંશય કે વિપર્યય નાશ પામે છે.

અખંડ અને અનિર્વચનીય વસ્તુનું જ્ઞાન કરવા માટે તથા જ્ઞાન મુજબ વ્યવહાર કરવા માટે 'નિક્ષેપ'ની અગત્ય છે. તે વિના વસ્તુની ઓળખ, સ્મરણ કે ભક્તિ ઇત્યાદિ થઈ શકતાં નથી. ઓળખ, સ્મરણ કે ભક્તિ ઇત્યાદિ માટે પૂર્વપૂર્વ નિક્ષેપથી ઉત્તર ઉત્તર નિક્ષેપ અધિક અધિક સમર્થ છે. જેમ નામ, તેમ નિર્જીવ સ્થાપના પણ વિનયાદિ ગુણની સિદ્ધિ માટે પૂજનીય છે. દાખલા તરીકે–ગુરુની પાટ, પીઠ અને આસનાદિ પદાર્થો નિર્જીવ છે, છતાં પૂજનીય, માનનીય અને આદરણીય બને છે.

કેટલાક કહે છે, કે–'ભાવ' એ જ વસ્તુ છે; ભાવશૂન્ય નામાદિ ત્રણ એ વસ્તુ નથી. તે સાચું નથી. ભાવ એ વસ્તુનો પર્યાય હોવાથી જેમ વસ્તુ છે, તેમ નામાદિ ત્રણ પણ વસ્તુના જ પર્યાય હોવાથી વસ્તુ છે. 'ઇન્દ્ર' કે 'રાજા' શબ્દ કહેવાથી ઇન્દ્ર અને રાજાના કેવળ ભાવપર્યાયનો નહિ, પણ નામાદિ ચારે પર્યાયોનો ખ્યાલ આવે છે. પછી જે વખતે જે પર્યાયનું પ્રયોજન હોય છે, તે પર્યાય માટે તે શબ્દની યોજના કરવામાં આવે છે. અથવા, નામાદિ ત્રણનો ઉપયોગ ભાવ લાવવા માટે જરૂરી છે. ભાવના અંગ અને કારણ તરીકે તેનો ઉપયોગ છે. જિનેશ્વરનું નામ, જિનેશ્વરની સ્થાપના અને જિનેશ્વરનો સિદ્ધ-શિલાગત આત્મા કે (અરૂપી) આકાર જોવાથી કે ધ્યાવાથી ભાવોલ્લાસનો અનુભવ થાય છે. જેમ જિનેશ્વરનાં તેમ અન્યનાં નામાદિ લેવાથી કે જોવાથી તેવા તેવા પ્રકારનો ભાવ ઉત્પન્ન થાય જ છે. તફાવત એટલો છે કે ભિન્નવસ્તુગત નામાદિ ત્રણ ભાવોલ્લાસના ઐકાન્તિક કે આત્યન્તિક કારણ નથી, કિન્તુ, ભાવ એ ભાવોલ્લાસનું ઐકાન્તિક અને આત્યન્તિક કારણ છે. અભિન્ન વસ્તુગત નામાદિ ત્રણ તો ભાવોલ્લાસના ઐકાન્તિક અને

આત્યન્તિક કારણ છે. કારણકે–ભાવ જેમ વસ્તુધર્મ હોવાથી વસ્તુથી અભિન્ન છે, તેમ અભિન્ન વસ્તુગત નામાદિ ત્રણ પણ વસ્તુધર્મ રૂપ હોવાથી વસ્તુથી અભિન્ન જ છે.

સર્વ વસ્તુઓને પોતપોતાનું કોઈ સ્વતંત્ર નામ હોય છે, તેથી સર્વ વસ્તુઓ નામરૂપ છે. સ્વતંત્ર આકૃતિ હોય છે, તેથી સર્વ વસ્તુઓ સ્થાપનારૂપ છે. સ્વતંત્ર કારણતા હોય છે, તેથી સર્વ વસ્તુઓ દ્રવ્યરૂપ છે અને સ્વતંત્ર કાર્યતા હોય છે, તેથી સર્વ વસ્તુઓ ભાવરૂપ છે. અભિધાન એ નામ છે, આકાર એ સ્થાપના છે, કારણતા એ દ્રવ્ય છે, અને કાર્યતા એ ભાવ છે. જિનેશ્વરનું નામ એ જિનેશ્વરનો ધર્મ ન હોય, તો તે નામના ઉચ્ચારણથી જિનેશ્વરની ઓળખાણ કેમ થાય ? અને તે જ નામથી કોઈ બીજાની ઓળખાણ કેમ ન થાય ? પણ તેમ થતું નથી. જેમ જિનેશ્વરનું નામ તેમ આકાર. જેમ આકાર તેમ દ્રવ્ય, અને જેમ દ્રવ્ય તેમ ભાવ, એ ચારેય જિનેશ્વરને જ ઓળખાવે છે; પણ બીજાને નહિ. તેથી એ ચારેય જિનેશ્વરથી પૃથગ્ભૂત નહિ, પણ અપૃથગ્ભૂત છે, એમ માનવું જોઈએ.

દુનિયાની બધી વસ્તુઓ–પોતાના અભિધાનથી નામાત્મક છે, આકારથી સ્થાપનાત્મક છે. કારણતાથી દ્રવ્યાત્મક છે, અને કાર્યતાથી ભાવાત્મક છે. જેમ ઘટાદિ સ્થૂલ વસ્તુઓ નામાદિ ચાર સ્વરૂપની છે, તેમ શબ્દાદિ સૂક્ષ્મ વસ્તુઓ અને જ્ઞાનાદિ અમૂર્ત વસ્તુઓ પણ નામાદિ ચાર પ્રકારની છે. ઘટને જેમ નામ, આકાર ઇત્યાદિક છે, તેમ શબ્દને અને જ્ઞાનને પણ છે. ઘટને સ્થૂલ આકારાદિ છે, તો શબ્દ અને જ્ઞાનને અનુક્રમે સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમાદિ આકારો છે. જ્ઞાનને રૂપ નથી પણ આકાર અવશ્ય છે. જૈનશાસ્ત્ર મુજબ અમૂર્ત વસ્તુઓને રૂપ (colour) માનેલ નથી, પણ આકાર (form) માનેલ છે.

નામ, સ્થાપના અને દ્રવ્ય; એ ત્રણમાં જોકે ભાવશૂન્યત્વ એ ધર્મ સમાન છે, તો પણ–અન્ય ધર્મોથી પરસ્પર ભેદ પણ છે. એ ભેદ પાડવામાં પણ એ પ્રત્યેકના નામાદિ ચાર ભિન્ન ભિન્ન છે, તેથી જ ભેદ પડે છે, પણ બીજાથી નહિ. મહાવીર શબ્દરૂપ નામને જેમ (૧) નામ છે, તેમ (૨) (અક્ષરોનો) આકાર છે. એ અક્ષરો જે શાહી વગેરેથી બન્યા છે, તે (૩) દ્રવ્ય છે. અને તે અક્ષરોથી જે કાર્ય થાય છે, તે જ તેનો (૪) ભાવ છે. એ જ રીતે સ્થાપનાને પણ નામાદિ ચાર છે, અને દ્રવ્યને પણ નામાદિ ચાર છે. સ્થાપનાનું સ્થાપના એવું (૧) નામ, તેની અમૂક (૨) આકૃતિ, તેનું અમૂક પાષાણાદિ (૩) દ્રવ્ય, અને તેનું અમૂક પ્રકારનું જ્ઞાનાદિ કરાવવા રૂપ કાર્ય એ (૪) ભાવ છે, તથા દ્રવ્યનું દ્રવ્ય એવું (૧) નામ, ઉત્ફણ–વિફણ–કુંડલિતાદિ–આકારથી વિલક્ષણ નિર્વિકાર (૨) આકાર, પૂર્વોત્તરાદિ અવસ્થારૂપ (૩) દ્રવ્ય, અને અમુક પ્રકારના બોધને કરાવવાદિ કાર્ય રૂપ (૪)ભાવ.

એ રીતે નામાદિ ત્રણમાં જેમ પરસ્પર સમાનતા છે, તેમ પરસ્પર ભેદ પણ સિદ્ધ છે, અને તેનું કારણ પ્રત્યેકના નામાદિ ચાર ભિન્ન છે, તે જ છે જેમ દૂધ અને છાસમાં દ્રવ્યત્વ અને શ્વેતત્વ સમાન છે, છતાં બન્નેનાં કારણાદિ, કાર્યાદિ અને સ્વરૂપાદિ જૂદાં છે, તેમ નામાદિ ત્રણમાં ભાવશૂન્યત્વાદિ સમાન છે, તોપણ પરસ્પરના કારણાદિ, કાર્યાદિ અને સ્વરૂપાદિ જૂદાં છે.

૧. નામ, સ્થાપના અને દ્રવ્ય, એ ત્રણનાં ત્રણ જૂદાં નામો છે.

૨. નામ, સ્થાપના અને દ્રવ્ય, એ ત્રણના ત્રણ જૂદા આકારો છે.

૩. નામ, સ્થાપના અને દ્રવ્ય, એ ત્રણુના અનુક્રમે ઉચ્ચારનાર, ઘડનાર અને બનાવનાર જુદા છે.

૪. નામ, સ્થાપના અને દ્રવ્ય, એ ત્રણુને અનુક્રમે સાંભળનાર, બોલાવનાર તથા અનુભવનારની બુદ્ધિઓ જુદી જુદી થાય છે.

૫. નામ, સ્થાપના અને દ્રવ્ય, એ ત્રણુ પ્રત્યે ક્રિયા ભિન્ન ભિન્ન થાય છે. નામનું ઉચ્ચારણુ કે લખાણુ થાય છે. સ્થાપનાનું ઘડતર કે સ્થાપન થાય છે. દ્રવ્યનું ભૂત કે ભાવિ કાળમાં સાક્ષાત્ ભાવરૂપે પરિણુમનાદિ થાય છે. તથા

૬. નામના જાપનું, સ્થાપનાની ભક્તિનું તથા દ્રવ્યની આસેવનાદિનું ફળ પણુ જુદું જુદું મળે છે, તેથી તે ત્રણેમાં પરસ્પર ભેદ પણુ સિદ્ધ છે.

અખંડ અને અનિર્વચનીય વસ્તુને ઓળખવા માટે, ઓળખીને યાદ રાખવા માટે અને યાદ રાખીને તેની ભિન્ન ભિન્ન પ્રકારે આસેવનાદિ કરવા માટે તે વસ્તુના એકલા ભાવ (Positive aspect)થી ચાલી શકતું નથી, કિન્તુ, તે માટે તેનાં નામ (Negative aspect), સ્થાપના (Representative aspect) અને દ્રવ્યાદિ (Privative or potential aspect) ની પણુ જરૂર પડે છે.

નામને વસ્તુની સાથે વાચ્ય–વાચકભાવ સંબંધ છે; સ્થાપનાને વસ્તુની સાથે સ્થાપ્ય-સ્થાપકભાવ સંબંધ છે, દ્રવ્યને વસ્તુની સાથે કાર્યકારણુભાવ સંબંધ છે, અને ભાવને વસ્તુની સાથે તાદાત્મ્યભાવ અથવા અભેદભાવરૂપ સંબંધ છે. એ ચારેય વસ્તુની સાથે જુદા જુદા સંબંધોથી જોડાયેલ છે. એક સંબંધીનું જ્ઞાન અપર સંબંધીનું સ્મારક છે, એ ન્યાયે વસ્તુની સાથે સંબંધ ધરાવતા કોઈ પણુ એક સંબંધીનું જ્ઞાન સમગ્ર વસ્તુનું સ્મારક બને છે. નામ, સ્થાપનાદિ વસ્તુના સંબંધી છે, તેથી તે બધાનું કે તે બધામાંથી કોઈ એકનું જ્ઞાન, વસ્તુનું જ્ઞાન કરાવે છે, છતાં દરેકમાં જ્ઞાન કરાવવાની શક્તિ એક નહિ, પણુ ભિન્ન ભિન્ન છે. નામ વસ્તુનું જ્ઞાન એક રીતે કરાવે છે, સ્થાપના જુદી રીતે, દ્રવ્ય વળી તેથી જુદી રીતે, અને ભાવ વળી તેથી પણુ જુદી રીતે. પોતપોતાના સ્થાનમાં તે દરેકને સરખું મહત્ત્વ છે. તોપણુ સ્થાપનામાં વસ્તુનો બોધ કરાવવાની, તે બોધને ટકાવી રાખવાની, તથા તે બોધનો જીવનમાં સક્રિય અમલ કરવાની, જે વિશેષ શક્તિ રહેલી છે, તે નામાદિ બીજાં ત્રણુમાં નથી.

'મૂર્તિપૂજાનો પ્રભાવ' સમજવા માટે એ વસ્તુને હજુ જરા વધારે સ્પષ્ટપણે સમજવાની આવશ્યકતા છે. આગળ આપણે જોઈ આવ્યા, કે-મૂર્ત વસ્તુઓને તો આકાર છે જ. પણુ-અમૂર્ત વસ્તુઓને પણુ આકાર છે, આકાર રહિત કોઈ ચીજ આ જગતમાં છે જ નહિ. શબ્દને પણુ આકાર છે, અર્થને પણુ આકાર છે, અને જ્ઞાનને પણુ આકાર છે. આકારરહિત શબ્દ, આકારરહિત અર્થ કે આકારરહિત જ્ઞાન શોધવું આ જગતમાં મુશ્કેલ જ નહિ કિન્તુ અશક્ય છે. એક શબ્દ બીજા શબ્દથી, એક અર્થ બીજા અર્થથી અને એક જ્ઞાન બીજા જ્ઞાનથી જે જુદું પડે છે, તેમાં મુખ્યપણે આકારભેદ સિવાય બીજું શું કારણુ છે !

(ચાલુ)

नगरकोटके तीन स्तवन और विशेष ज्ञातव्य

लेखक व संग्राहक—श्रीयुत अगरचंदजी नाहटा, बीकानेर

'श्री जैन सत्य प्रकाश' के क्रमांक ११७ से ११९ में डॉ. बनारसीदासजीका 'जैन इतिहासमें कांगडा' शीर्षक लेख प्रकाशित हुआ है। हमारे संग्रहमें नगरकोटके तीन स्तवन हैं, जिनसे इस सम्बन्धमें कुछ नई जानकारी मिलती है, वे एवं कई अन्य ऐतिहासिक नवीन बातें जो मेरी जानकारीमें हैं, इस लेखमें प्रकाशित की जा रही हैं।

१. जयसागर उपाध्यायने उक्त तीर्थकी यात्रा सं. १४८४ में की थी उस समय चार मंदिरोंका उल्लेख किया गया है, पर इस लेखके साथ दी जानेवाली सं. १४९७ की चैत्यपरिपाटीमें पांच मंदिरोंका उल्लेख किया है वह पांचवां श्रीमाल धिरिया (धीरराज) कारित पासनाथ मंदिर प्रतीत होता है। 'विज्ञप्तित्रिवेणी' में गोपाचलपुरमें धिरराजकारित शांतिनाथ मंदिरका उल्लेख है। संभव है चैत्यपरिपाटिका धिरिया और ये अभिन्न हों।

२. नगरकोटके साधु क्षीमसिंहकारित खरतरविधिचैत्य—शांतिनाथकी प्रतिष्ठा जिनेश्वर-सूरिजीके करनेका उल्लेख 'विज्ञप्तित्रिवेणी' में है, पर उसका संवत् नहीं दिया गया, जबकि 'खरतरगच्छगुर्वावली' जिसे हम श्रीमान् जिनविजयजीके सम्पादकत्वमें सिंघी जैन ग्रन्थमालासे प्रकाशित करवा रहे हैं उसमें उसका निम्नोक्त उल्लेख है—

"सं. १३०९ श्रीप्रह्लादनपुरे मार्गशीर्ष सुदि १२ समाधिशेखर—गुणशेखर—देवशेखर साधुभक्त—वीरवल्लभमुनिनां तथा मुक्तिसुन्दरी साध्वी दीक्षा। तस्मिन्नेव वर्षे माघ सुदि १० श्रीशान्तिनाथ—अजितनाथ—धर्मनाथ—वासुपूज्य—मुनिसुव्रत—सीमंधरस्वामि — पद्मनाथप्रतिमायाः प्रतिष्ठा कारिता च सा. विमलचन्द्रहीरादि समुदायेन। तथाहि साधु विमलचन्द्रेण श्रीशान्ति-नाथो नगरकोटप्रासादस्थो महाद्रव्यव्ययेन प्रतिष्ठापितः, अजितनाथो बहुसाधारणेन, धर्मनाथो विमलचन्द्रपुत्रक्षेमसिंहेन...."

अर्थात् उक्त शांतिनाथमूर्तिकी प्रतिष्ठा बहुत द्रव्यव्ययसे क्षेमसिंहके पिता साधु विमल-चन्द्रने सं. १३०९ के माघ सुदि १० को (प्रह्लादनपुरमें) श्रीजिनेश्वरसूरिजीसे कराई थी।

३. जयसागरजीके पश्चात् ये मन्दिर कबतक विद्यमान थे इसका कोई निश्चित प्रमाण उपलब्ध नहीं था, पर इस लेखमें दिये जानेवाले नं. २—३ के स्तवनोंसे सं. १६३४ या इसके कुछ पीछे तो विद्यमान थे और साधुलोग यात्रार्थ जाते थे, यह सिद्ध है। इसके पश्चात् इनका विनाश कब हुआ यह तो निश्चित नहीं पर सं. १८७४ चैत्र सुदि ७ को श्रीज्ञानसारजीरचित जिनप्रतिमास्थापनग्रन्थके अनुसार, उस समयसे पूर्व ही कांगडेकी प्रतिमा क्षेत्रपालरूपसे पूजी जाने लगी थी यह सिद्ध ह, यथा....

"जिम उत्तर दिशामें कांगडो तीर्थ छे ते सेतुंजाजीना कितरमा एक उद्धारनी प्रतिमाने क्षेत्रपाल करी पूजै छै ते जैनीने वांदवी पूजवी नहीं।"

यहां, यहांकी प्रतिमा शत्रुंजयके कितनवे उद्धारकी कही गई है वह दूरवर्ती प्राचीन

इतिवृत्तकी जानकारीका अभाव ही कारण है। इसका वास्तविक वर्णन कनकसोमरचित स्तवनमें प्राप्त है जो इस लेखके साथ प्रकाशित हो रहा है।

४. मन्दिरोंका विनाश हमारे ख्यालसे सं. १६८३ के लगभग हुआ होगा। उस समय नगरकोट पर जहाँगीर के हुकमसे अलफखांने क्यामखां के साथ घमासान युद्ध किया था, लूट खसोट भी हुई थी। इसका विस्तृत वर्णन हमारे संग्रहके अलफखांके रासा एवं पैडीमें पाया जाता है। अलफखांका पुत्र दौलतखां यहांका सूबेदार रहा था इसका भी उल्लेख उक्त रासेमें है।

श्री नगरकोटचैत्यपरिपाटी (सं. १४९७)

देस **जलंधर** भत्तिभरे वंदिसु जिणवर चंद।
ठामि ठामि कउतिग कलिय विहसिय तरु बहु कंद ॥१॥

पगि पगि सीतल विमल जल सीयल वाय पयार।
गोपाचल सिरि संतिजिण सयलसंति सुहकार ॥२॥

विसमा मारग घाट सवे विसम **गंग** पयाल।
सवालाख पव्वय सिहरे निम्मल नीर विसाल ॥३॥

बाणगंग बहु विमल जल वहइजि बारह मास।
गढ मढ मंदिर वावि सर दीसइ देव निवास ॥४॥

नीला अइगरुआ तरव विहसिय वेलि अपार।
दीसइ बहुपरि फूल फल विकसिइ भार अढार ॥५॥

इय विसमइ गढ **किंगडइ** ए हूं चडिओ चमकंत।
राय **सुसरमा** हिमगिरि आणी मूरति कंत ॥६॥

एक राति प्रासाद वर **अंबाई** किय चंग।
तिह थिर थापिय **आदि** जिण दिनि दिनि हुइ उछरंग ॥७॥

आलिग वसही वंदियइ ए मणिमय बिंब **चउवीस**।
धन्न मुहुरत धन्न दिण धन्न वरस धन्न मास ॥८॥

रायविहारह वीर जिण निम्मल कंचण काय।
निम्मिय देवल अइविमल **रूपचंद** सिरि राय ॥९॥

सिरियमाल थिरिया भवणि पूजउ जिणवर **पास**।
आदिनाथ चउथइ भवणि पणमिय पूरिय आस ॥१०॥

धवलउ ऊचउ पंचमउ ए **खरतर** तणउ प्रासाद।
सोलसमउ सिरि **संति** जिण दीठइ हुइ आणंद ॥११॥

आज मणोरह सवि फलिय आज जनम सुपवित्त।
निम्मल निम्मिय अज्ज मए दंसणनाणचरित्त ॥१२॥

कर जोडी प्रभु वीनवुं ए राखि राखि भव वास ।
देहि बोहि चउवीस जिण सासय सुक्ख निवास ॥१३॥
संवत **चउदसताणवइ** (१४९७) ए जे वंदिय जिणराय ।
चेईहर पडिमा थुणिय भगतिहिं पणमिय पाय ॥१४॥
इय सासय जे देवकुल नंदीसर पायाल
अमर विमाणे बिंब जिण ते वंदउ सविकाल ॥१५॥

॥ इति श्रीनगरकोटचैत्यपरपाटी ॥

कई वर्ष पूर्व आत्मानंद (गुजरांवालासे प्रकाशित) वर्ष ४ अं. १ में हमने ऐसी ही एक नगरकोट विनति प्रकाशित की थी।

कनकसोमरचित नगरकोट-आदीश्वरस्तोत्र

णमवि गुरुचरणकमल निज हाथ जोडी, करिसु तवन श्रीऋषभना मान छोडी ।
जिम सेत्रुंजि तीरथ लाभ लेखइ, तिम **नगरकोटइ** कह्या अति विशेषइ ॥१॥
जिम राउ रुपचंद आगइ विचार, गुरे लाभ अति कह्यो सेत्रुंजि सार ।
महिम सुणिय सिधखेत्रनी रूपचंदइ, लीयउ अभिग्रह अन्न नउ तित्थ वंदइ ॥२॥
कहां देस जालंधर अतिहिं दूरि, कहां सेत्रुंज शिखर मनि भाव पूरि ।
गुरे अंबिका ध्यानि करि निकटि आणी, जिनशासन उन्नति लाभ जाणी ॥३॥
कहइ अंबिका कवण काजइ हकारी, गुरे वात जे कहीय तेहिज सकारी ।
निशि देहरउ करिय प्रतिमा अणाइ, तहां धवलगिरि हती ते अति वगाई ॥४॥
दीयउ दरस सुपिणइ देवो राउ ऊउउ, तुम्ह ऋषभ आदीसर देव तूठउ ।
करीय पूज करि पारणउ देवि भाखइ, जय सबद कुग गुरु विना माम राखइ ॥५॥
तिहां खाल विणु पाणीय रहइ नांही, इसी महिम सुणि यात्र अनेक जाही ।
हूअउ अम्ह मनि भाउ यात्रा कराणी, तिम भवियण सुणउ मीठी कहाणी ॥६॥

॥ ढाल ॥

देस जालंधर देवथानक जगि जाणियइ रे साल ताल देवदारु ।
परघल रे परघल वावि नदी जल पूरियउ जी ।
सतलज महानदी नावा सुखि ऊतरीजी, सवा लाख गिरिराजि ।
मटिया रे मटिया परवत बेलि अकूरियउजी ॥७॥
ठामि ठामि संघ देरादे करि ऊतरइजी, कोईन भंजइ डाल।
तरवर रे तरवर फूल पगर महकी रह्या रे ।
राजपुरा जिहां पवन छत्तीस अंतरि वसइजो, नीझरणेहि निवांण ।
सुखमइ रे सुखमइ संघ सहु तिहकणि वहइ रे ॥८॥

जिहि पातालगंगा खलहल खलहल वहइ रे, लोक करइ तिहां न्हाण।
वाणो रे वाणी कोइल करइ टहूकडाजी।
इक इक थकी ऊकालो चढतां दोहिली रे जिहां विनायक वात।
तिहकणि रे तिहकणि **नगरकोट** देख्या ढूकडा रे ॥९॥
गढ **कांगडा**नगर पेख्यां हरख्यां सहु रे वीर लंकडिया तीरि।
आव्या रे आव्या बाणगंगा पणि वटि तरी रे ॥
पहिरी धोवति उज्जल सब संघ मिली करी रे, फलनालेर चढाइ।
भेट्या रे भेट्या आदीसर चक्केसरी रे ॥१०॥
बइठा पद्मासन भगवंत सुहामना रे, नयणे देख्या स्वामि।
वलिवलि रे वलिवलि दीजइ दान उवारणाइ रे।
संतीसरि महावीर भुवणि पूजा करी रे भावन भावइ संघ।
जइचंद रे जइचंद राजमहल कइ बारगइ रे ॥११॥
तूं जगनायक तूं जगबंधव तूं धणी जी करि सेवकनी सार।
सिवसुख रे सिवसुख दीजइ सामी सासता रे।
पूजा गीत भगति करि देव जुहारिया रे फल्या मनोरथ काम।
सब मनि रे सब मनि पूगी मन महि आसता रे ॥१२॥

॥ कलश ॥

इणिपरइ **आदि** जिणंद भेटी कुशलखेमइ निज घरइ।
सब संघ आवइ ऋद्धि पावइ सुक्ख थावइ बहु परइ।
इम महिमा जाणी भाव आणी करइ यात्रा आदरइ।
सिद्धक्षेत्रनउ ते लाभ पामइ कहइ **कनक** सुविस्तरइ ॥१३॥

॥ इति श्री नगरकोट श्रीआदीश्वरस्तोत्रम् ॥ सं. १६३४ वर्षे कृतं पं. कनकसोमगणिना ॥

साधुसुंदररचित नगरकोटमण्डनश्रीआदीश्वरगीतम्

नाभि भूपाल कुल चंदलउ हंसगति श्री जिनराय रे।
देव नर नाथ प्रणमइ सही भाव करी जेहना पाय रे ॥१॥
नगरकोट प्रभु भेटियइ **आदि** जिणेसर सार रे।
अद्भुत महिमा जेहनी सेवतां थइ भव पार रे ॥ आंकणी ॥
कांगुडइ देहरउ दीपतउ देखतां हुइ आणंद रे।
दुख दारिद दूरइ करइ सुक्ख तरुवरतणउ कंद रे ॥२॥न०॥
नीरनिधि भूरि गंभीरिया धरणिधरसार परि धीर रे।
सोवन वरण सोहामणउ पंचसय धनुष सरीर रे ॥३॥न०॥

મજ્ઝિમિકા શાખાની ઉત્પત્તિનું સ્થાન

લેખક:—પૂજ્ય મુનિમહારાજ શ્રી ન્યાયવિજયજી (ત્રિપુટી)

મુંબઈના ભારતીય વિદ્યાભવન તરફથી "ભારતીય વિદ્યા" નામનું એક ત્રૈમાસિક નીકળે છે. એના સંપાદક છે ભારતીય પુરાતત્ત્વના સમર્થ અભ્યાસી અને જૈન ઇતિહાસ અને સાહિત્યના સમર્થ પંડિત શ્રીજિનવિજયજી. એ ભારતીય વિદ્યાનો હમણાં ત્રીજો ભાગ —એક વાર્ષિક અંક નીકળ્યો છે. આ અંક ખાસ સ્વ. બાબુ શ્રી બહાદુરસિંહજી સિંઘીના સ્મૃતિગ્રંથ રૂપે છે, છતા એમાં બીજા વિષયના મહત્ત્વના લેખો પણ છે.

શ્રીમાન જિનવિજયજી બાબુ બહાદુરસિંહજીનાં સ્મરણો લખતાં ચિત્તોડ નજીક આવેલ "માધ્યમિકાનગર"નો પરિચય આપે છે. આપણા કલ્પસૂત્રમાં આવતી "**मज्झिमसाहा**" (માધ્યમિકાશાખા) આ નગરમાંથી નીકળી એમ તેઓ જણાવે છે.

આ મજ્ઝિમા શાખાનો ઇતિહાસ કલ્પસૂત્રની સ્થવિરાવલીમાં આ પ્રમાણે મળે છે—

"थेराणं सुट्ठियसुप्पडिबुद्धाणं कोडीयकाकंदगाणं वग्घावच्चसगुत्ताणं इमे पंच थेरा अंतेवासी अहावच्चा अभिण्णाया होत्था, तंजहा—थेरे अज्जइंददिन्ने, पियग्गंथे, थेरे विज्जाहरगोवाले कासवगुत्ते णं, थेरे इसिदत्ते, थेरे अरिहदत्ते। थेरेहिंतो णं पियग्गंथेहिंतो इत्थणं मज्झिमासाहा निग्गया...।"

ભાવાર્થ—સ્થવિર સુસ્થિત અને સુપ્રતિબદ્ધ, કે જેમણે ક્રોડવાર સૂરિ મંત્રનો જાપ કર્યો હતો, તેઓ કાકંદી નગરીના હતા અને વ્યાઘ્રાપત્ય ગોત્રના હતા. તેમના પાંચ શિષ્યો સ્થવિર આર્યઇન્દ્રદિન્ન, પ્રિયગ્રંથ, કાશ્યપગોત્રવાળા સ્થવિર વિદ્યાધર ગોવાલ, સ્થવિર ઋષિદત્ત અને સ્થવિર અરિહદત્ત. સ્થવિર પ્રિયગ્રંથથી "મજ્ઝિમા" શાખા નીકળી.

કલ્પસૂત્રની સ્થવિરાવલીના જણાવ્યા મુજબ ઉપર્યુક્ત સ્થવિર સુસ્થિત અને સુપ્રતિબદ્ધ, સમ્રાટ સંપ્રતિપ્રતિબોધક, આર્યસુહસ્તિ સૂરિજીના શિષ્ય હતા. જુઓ એ જ સ્થવિરાવલી—

"थेरस्स णं अज्जसुहत्थिस्स वसिट्ठस्सगुत्तस्स इमे दुवालस थेरा अंतेवासि अहावच्चा अभिण्णाया हुत्था। ભાવાર્થ:—**तंजहा-थेरे अअज्जरोहण १ जसमद्दे २ मेहगणि ३ य कामड्ढी ४ सुट्ठिय ५ सुप्पडिबद्धे ६ रक्खिय ७ तह**

पूजतां पाप नासइ सदा आपदा नावए अंगि रे।
संपदा वेगि आवी मिलइ अहनिसइ उल्लसइ अंगि रे ॥४॥न०॥
आगलइ नाटक नाचियइ धरिय संगीत निज चित्त रे।
उत्तम थानक जाणिनइ वावरे श्रावक वित्त रे ॥५॥न०॥
जननि मरुदेवि उयरे धर्यउ गुणभर्यो सुजस निवास रे।
केवलनाण सूरिज जिसउ काइ त्रिण भुवनि प्रकास रे ॥६॥न०॥
तित्थना सुगुण इण परि भणइ सुगुरु **साधुकित्ति** पास रे।
साधुसुंदर रंगइ करी दरसणइ तोसभर थाइ रे ॥७॥न०॥इति

नगरकोटकी देवीका छंद भी जैन कवियोंका बनाया हुआ उपलब्ध है।

रोहगुत्तेय ८ अ ॥ १ ॥ इसिगुत्ते ९ सिरिगुत्ते १० गणीअ बम्भे ११ गणीय तह सोमे १२ दसदोअ गणहरा खलु एए सीसा सुहत्थिस्स ॥ २ ॥

ઉપર્યુક્ત બાર શિષ્ય આર્યસુહસ્તિસૂરિજીના છે અને તેમાં પાંચમા અને છઠ્ઠા નંબરમાં શ્રી સુસ્થિત અને સુપ્રતિબદ્ધનાં નામ આપણને દષ્ટિગોચર થાય છે. આ સુસ્થિત અને સુપ્રતિબદ્ધ કે જેમણે ક્રોડવાર શ્રીસૂરિમંત્રનો જાપ કર્યો હતો તેથી કૌટિક કહેવાતા અને તેમનાથી આજે વર્તમાન દરેક સાધુસમુદાયનો "કૌટિકગણુ" કહેવાય છે તે નામનો ગણુ (ગચ્છ) નીકળ્યો છે. "**इत्थणं 'कोडियगणे' नामगणे णिग्गये**" આ બન્ને આચાર્ય પહેલાં ભગવાન મહાવીરથી આઠમા પટ્ટધર સુધીનો ગચ્છ નિગ્રંથગચ્છ કહેવાતો. આ બે સૂરિપુંગવોથી કૌટિકગણુ (ગચ્છ) સ્થપાયો છે.

આ સુસ્થિત અને સુપ્રતિબદ્ધના પાંચ શિષ્યો પૈકીના એક શિષ્યરત્ન આચાર્ય પ્રિયગ્રંથથી મજ્ઝિમા શાખા નીકળી છે. આર્યપ્રિયગ્રંથસૂરિજી કોણ હતા તેમનો ટૂંક પરિચય સ્થવિરાવલીની ટીકામાં ઉપાધ્યાયજી વિનયવિજય મહારાજ આ પ્રમાણે આપે છેઃ

અજમેરની નજીકમાં રહેલા હર્ષપુર નગરમાં કે જ્યાં ત્રણસો જિનમંદિરો હતાં, ચારસો લૌકિક મંદિરો હતાં, અઢારસો બ્રાહ્મણોનાં ઘર હતાં, છત્રીસસો વણિકોનાં ઘર હતાં, નવસો બગીચા, સાતસો વાવો, બસો કૂવા અને સાતસો દાનશાલાઓ હતી, અને જે સુભટપાલ રાજાનું હર્ષપુર કહેવાતું હતું, એ હર્ષપુર નગરમાં શ્રી પ્રિયગ્રંથસૂરિજી મહારાજ પધાર્યા હતા. એક વાર બ્રાહ્મણોએ મોટો યજ્ઞ આરંભ્યો અને તેમાં બકરાને હોમવાની—બકરાના બલિદાનની તૈયારી થઈ રહી હતી. આ સમાચાર સાંભળી ત્યાં બિરાજમાન સૂરિપુંગવ શ્રી પ્રિયગ્રંથસૂરિજીએ એને બચાવવાનો નિશ્ચય કરી, વાસક્ષેપ મંત્રીને શ્રાવકોને આપીને કહ્યુંઃ આ વાસક્ષેપ બકરા ઉપર નાખી આવો. શ્રાવકોએ તેમ કર્યું એટલે બલિદાન માટે તૈયાર કરેલો મંત્રબલથી અંબિકાથી અધિષ્ઠિત થયેલ બકરો માનવી ભાષામાં બોલ્યો—

"हनिष्यथ नु मां हुत्यै, वन्हीताऽऽयात मा हत ।
युष्मद्वन्निर्दयः स्यां चेत् तदा हन्मि क्षणेन वः ॥ १ ॥
यत्कृतं रक्षसां द्रंगे कुपितेन हनुमता ।
तत्करोम्येव स्वस्थो वः कृपा चेन्नांतरा भवेत् ॥ २ ॥

ભાવાર્થ—તમે મને બલિદાન આપવા માટે હણો છો. પણ જો હું તમારી જેમ નિર્દય હોત તો એક ક્ષણવારમાં તમારો નાશ કરત. જો મારામાં દયા ન હોત તો ક્રોધાયમાન હનુમાને યુદ્ધમાં રાક્ષસોની જે દશા કરી એવી જ દશા તમારી પણ હું કરત.

कस्त्वं ? प्रकटयात्मानं, तेनोक्तं पावकोऽस्म्यहम् ।
ममैनं वाहनं कस्माज्जिघांसथ पशु वृथा ॥ ३ ॥
इहाऽस्ति श्रीप्रियग्रंथः सूरीन्द्रः समुपागतः ।
तं पृच्छत शुभं धर्मं समाचरत शुद्धितः ॥ ४ ॥
यथा चक्री नरेन्द्राणां धानुष्काणां धनंजयः ।
तथा सुरिस्थितः साधुः स एकः सत्यवादिनाम् ॥ ५ ॥
ततस्ते तथा कृतवंतः

ભાવાર્થ:—તું કોણ છે? તારી જાતને તું પ્રગટ કર! તેણે કહ્યું: હું અગ્નિ છું. અને મારા વાહનરૂપ આ પશુને નિરર્થક શા માટે હણો છો? અહીં પ્રિયગ્રંથ નામના આચાર્ય પધાર્યા છે તેમને સાચો ધર્મ કયો તે પૂછો અને તે પ્રમાણે આચરણ કરો. જેમ રાજાઓમાં ચક્રવર્તી અને ધનુર્ધારીઓમાં અર્જુન છે એ પ્રમાણે એ આચાર્ય સત્યવાદીઓમાં શ્રેષ્ઠ છે. આ પ્રમાણે સાંભળીને એ લોકોએ એ પ્રમાણે કર્યું.

આવી રીતે આ શ્રી પ્રિયગ્રંથસૂરિથી મજ્ઝિમિકાનગરમાંથી મજ્ઝિમિકા× શાખા નીકળી. એમનો સમય વીરનિર્વાણ સંવત્ ૩૦૦ થી ૪૦૦ની વચ્ચેનો લાગે છે કારણકે—

શ્રી આર્યસુહસ્તિસૂરિજી મહારાજ વીરનિર્વાણ સંવત્ ૨૯૧ માં સ્વર્ગે પધાર્યા છે. જુઓ:

"स च आर्यसुहस्ती त्रिंशत् ३० गृहे, चतुर्विंशति २४ व्रते, षट्चत्वारिंशत् ४६ युग प्र० सर्वायुः शतमेकं १०० परिपाल्य श्रीवीरात् एकनवत्यधिकशतद्वये २९१ स्वर्गभाक्। (ઉ. શ્રીધર્મસાગરજીકૃત તપાગચ્છપટ્ટાવલી, પટ્ટાવલીસમુચ્ચય–પૃ ૪૫).

આ આર્યસુહસ્તીસૂરિજી મહારાજની પાટે કૌટિક ગચ્છસ્થાપક શ્રી સુસ્થિત અને સુપ્રતિબદ્ધ આવ્યા અને તેમના શિષ્ય પ્રિયગ્રંથસૂરિજી થયા. એટલે વીરનિર્વાણ સંવત્ ૩૦૦ થી ૪૦૦ની વચમાં જ તેઓ થયા એ નિર્વિવાદ સિદ્ધ થાય છે, અને એ શાખા પણ એ સદીમાં જ નીકળી એ પણ એટલું જ સિદ્ધ થાય જ છે.

ઉપર જે હર્ષપુર નગરનો ઉલ્લેખ થયો છે તે હર્ષપુર નગર આજે પણ વિદ્યમાન છે. અજમેર અને કિસનગઢના ખૂણામાં અજમેરથી છથી સાત ગાઉ ઉપર આવેલું હાંસોટીયું (હાંસોટ) એ જ પુરાણું હર્ષનગર છે. આજે પણ હાંસોટીયાની ચોતરફ જૂનાં ખંડિયેરો અને કૂવા અને વાવો પુષ્કળ છે. તેમજ ચોમાસાની ઋતુમાં જૂના સિક્કા, પ્રાચીન ઇંટો અને બીજાં પણ મહત્ત્વનાં પ્રાચીન સ્થાપત્યો ઉપલબ્ધ થાય છે.

ઉપર્યુક્ત મધ્યમિકા નગર અત્યારે તો ધ્વંસાવશેષ રૂપે જ છે. તેનાં જૂનાં ખંડિયેરો, જૂના પથ્થરો અને મોટી ઇંટો સંબંધીનું વિસ્તૃત વર્ણન–'આર્કિયોલોજીકલ સર્વે'ના રીપોર્ટમાં લેખક મહાશયે વાંચેલું અને તે આધારે આ સ્થળ એ જ છે એમ નક્કી કર્યું છે. લેખક મહાશય એ સ્થાનનો પરિચય આપતાં લખે છે: "અહીં 'હાથીવાડા' નામનું પ્રસિદ્ધ સ્થાન છે, જ્યાં પાંડવોના હાથી બંધાતા. રામચંદ્રજી પણ અહીં આવેલા વગેરે અનેક દંતકથાઓ સંભળાય છે. સિંધીજી તો અહીંથી જૂની મોટી ઈંટો પણ સાથે લઈ ગયા." જૈનસંઘનું કર્તવ્ય છે કે જૈનસંઘની પ્રાચીન જાહોજલાલીસમાં આવાં સ્થાનોની શોધખોળ કરી, ખોદાણકામ કરાવી પ્રાચીન સ્મારકો–સ્થાપત્યો જગત સમક્ષ મૂકે. આ ઐતિહાસિક, વૈજ્ઞાનિક યુગમાં આ અણમૂલ જ્ઞાનધન–આ પ્રાચીન સાહિત્યના પણ ઉપાસક થવાની જરૂર છે

× ભોપાલગઢના જૈનરત્ન વિદ્યાલય તરફથી હિન્દી ભાષામાં પ્રગટ થતા 'જિનવાણી' માસિકના વર્ષ ૩ અંક ૭ના પૃ. ૧૧૬ ઉપર આપેલ '**भगवान महावीरके बादकी आचार्यपरंपरा**' શીર્ષક લેખના પૃ ૧૧૭ ઉપર ભગવાન બુદ્ધના મધ્યમ માર્ગનો જૈનોએ સ્વીકાર કરવાથી આચાર્ય પ્રિયગ્રન્થના સમયમાં "મજ્ઝિમિલ્લા" શાખા નિકળ્યાની જે કાલ્પનિક વાત લખી છે તેનો જવાબ શ્રીમાન જિનવિજયજીના આ મજ્ઝિમિકા નગરવાળા લખાણથી બરાબર મળી રહે છે. આવી આવી કેવળ બુદ્ધિબળવાળી કલ્પનાઓનો આધાર લેવામાં આવે તો તો ગમે તેવી ઇતિહાસસિદ્ધ સાચી ઘટના માટે પણ ગમે તેવી કૂટ કલ્પના કરવી અશક્ય નથી. પણ એથી અર્થ શું સરી શકે?

મુદ્રકઃ-મગનભાઈ છોટાભાઈ દેસાઈ. શ્રી વીરવિજય પ્રીન્ટીંગ પ્રેસ, સલાપોસ ક્રોસરોડ, પો. બો. નં. ૬ શ્રી ભક્તિમાર્ગ કાર્યાલય-અમદાવાદ. પ્રકાશકઃ-ચીમનલાલ ગોકળદાસ શાહ. શ્રી જૈનધર્મ સત્યપ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ-અમદાવાદ.